૧-એ	૮૦૦	૧૬-૦૦	૧૦૦૦	૨૦-૦૦
૧-બી	૮૦૦	૧૬-૦૦	૧૦૦૦	૨૦-૦૦
૪	–	–	૯૦૦	૧૮-૦૦
૪-એ	૮૦૦	૧૬-૦૦	૧૦૦૦	૨૦-૦૦
૪-બી	૮૦૦	૧૬-૦૦	૧૦૦૦	૨૦-૦૦
૪-સી	૮૦૦	૧૬-૦૦	૧૦૦૦	૨૦-૦૦
૫	–	–	૧૦૦૦	૨૦-૦૦
૬	–	–	૯૦૦	૧૮-૦૦
૯	૮૦૦	૧૬-૦૦	૧૦૦૦	૨૦-૦૦
સરકારી પ્રેસ, રાજકોટ.				
૧	૮૦૦	૧૬-૦૦	૭૦૦	૧૪-૦૦
૧-એ	–	–	–	–
૧-બી	૬૦૦	૧૨-૦૦	–	–
૨	૨૫૦	૫-૦૦	૨૫૦	૫-૦૦
૩	–	–	–	–
સરકારી પ્રેસ, વડોદરા.				
૧	૯૦૦	૧૮-૦૦	૧૨૦૦	૨૪-૦૦
૧-એ	૧૦૦૦	૨૦-૦૦	–	–
૧-બી	૧૦૦૦	૨૦-૦૦	–	–
૧-એલ	૧૫૦૦	૩૦-૦૦	૧૦૦૦	૨૦-૦૦

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણાં વિભાગની તારીખ ૨૨-૧૨-૨૦૦૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ભરત ત્રિવેદી,
ઉપસચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ગાંધીનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 20th JANUARY, 2005/PAUSHA 30, 1926 [No. 03

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	51-80	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	17-22
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	**PART - II** Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	63-90
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the District Judge

Read : 1. Hon'ble High Court of Gujarat resolution No. A. 0707 (ii)/2004 Dtd. 30-11-2004.

NOTIFICATION

No. B./UHC/5/2774/of 2004.-In view of the Hon'ble High Court Resolution cited in preamble, the undersigned is pleased to pass the following order regarding sitting arrangement of Link Court, Vadia.

The Civil Judge (J. D.) & J. M. F. C., Bagasara-Vadia, is deputed to hold his sitting at Vadia For 15 days commencing from Mondy after second Saturday of each month w. e. f. December 2004 instead of 6 days in each month, for disposal of Civil and Criminal work.

Amreli, 4th December, 2004.

D. K. BHATT,
District Judge,
Amreli.

ડીસ્ટ્રીકટ જજ દ્વારા

વંચાણે લીધાં : નામદાર ગુજરાતની વડી અદાલતના ઠરાવ નં. એ. ૦૭૦૭ (II)/૨૦૦૪. તા. ૩૦-૧૧-૨૦૦૪.

જાહેરનામું

નં./બી./યુએચસી/૫/૨૭૭૪/૨૦૦૪.-નામદાર ગુજરાતની વડી અદાલતના ઉપરોક્ત ઠરાવને ધ્યાનમાં લેતા, નીચે સહી કરનાર, લીંક કોર્ટ, વડીયાની બેઠક વ્યવસ્થા અંગે નીચે મુજબનો હુકમ કરે છે.

ડીસેમ્બર-૨૦૦૪ થી અમલમાં આવે તે રીતે દરેક મહીનાના ૬ દિવસને બદલે દરેક મહિનાના બીજા શનિવાર પછીના સોમવારથી ૧૫ દિવસ માટે દિવાની તથા ફોજદારી કામોના નિકાલ અર્થે બગસરા-વડીયાના શ્રી સીવીલ જજ (જુ.ડી.) અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસને લીંક કોર્ટ, વડીયા મુકામે તેઓની બેઠક વ્યવસ્થા માટે, આથી નિયુક્ત કરવામાં આવે છે.

અમરેલી, ૪ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

ડી. કે. ભટ્ટ,
ડીસ્ટ્રીકટ જજ,
અમરેલી.

By the District Judge

NOTIFICATION

No. : U.HC\34\B. 8(2)/4936\2004.-In accordance with the provisions contained in Para-625 of Civil Manual, Vol. I, the District Judge, Kachchh at Bhuj is pleased to notify the following holidays to be observed in the year-2005. The District Court, Kachchh at Bhuj and all Subordinate Courts to it in Kachchh District, shall remain closed on these days:

Sr. No.	Name of the Holiday	Date According to Gregorian Calender	Day
1.	Makar Sankranti	14th January, 2005	Friday
2.	Bakri-Id (Id-Ul-Aza)	21st January, 2005	Friday
3.	Republic Day	26th January, 2005	Wednesday
4.	Maha Shivratri	8th March, 2005	Tuesday
5.	Holi-2nd Day (Dhuleti)	26th March, 2005	Saturday
6.	Dr. Baba Saheb Ambedkar's Birthday	14th April, 2005	Thursday
7.	Shri Ram Navmi	18th April, 2005	Monday
8.	Mahavir Jayanti (Janm Kalyanak)	22nd April, 2005	Friday
9.	Independence Day	15th August, 2005	Monday
10.	Raksha Bandhan	19th August, 2005	Friday
11.	Janmashtami	27th August, 2005	Saturday
12.	Samvantsari (Chaturthi Paksha)	7th September, 2005	Wednesday
13.	Dushera	12th October, 2005	Wednesday
14.	Sardar Vallabhbhai Patel's Birthday	31st October, 2005	Monday
15.	Diwali	1st November, 2005	Tuesday
16.	New Year Day	2nd November, 2005	Wednesday
17.	Bhai Bij	3rd November, 2005	Thursday
18.	Ramzan-Id-(Id-Ul-Fitra)	4th November, 2005	Friday
19.	Diwali (Extra)	5th November, 2005	Saturday
20.	Diwali (Extra)	7th November, 2005	Monday
21.	Diwali (Extra)	8th November, 2005	Tuesday
22.	Diwali (Extra)	9th November, 2005	Wednesday

Note : (I) The following days have not been notified as General Holiday as they fall on Sunday :

1.	Muharam	20th February, 2005
2.	Mahatma Gandhi's Birthday	2nd October, 2005
3.	Christmas	25th December, 2005

Note : (2) If any of Muslim Holidays notified above, does not fall on day notified, the Muslim Government Servants may be granted an optional holiday on the day on which the Holiday is actually observed.

Note : (3) In addition to the holidays notified above, Government Servants may avail of maximum of any two holidays on the festival occasions at their option and irrespective of their religious denomination out of the list of optional holidays declared for the year 2005. Permission for availment of those optional holidays should however, be applied for in writing in advance and will normally be granted by the Officer competent to grant Casual Leave with due regard to exigencies of the Court work which should not be affected in any way what so ever. This leave for two days taken by Government Servants at their option on the festival of their choice will not be debited to their Casual Leave Account.

Kachchh Bhuj, 22nd December 2004.

R. D. KOTHARI,
District Judge,
Kachchh Bhuj.

NOTIFICATION

No. : UHC/06/of/2004.-In accordance with the provisions contained in Para-625 of Civil Manual, Volume-I, 1960, the District Judge, Rajkot is pleased to notify the following Holidays to be observed during the year-2005. The District Court, Rajkot and all the Courts subordinate to it in Rajkot District, shall remain closed on these days.

SR. NO.	NAME OF THE HOLIDAYS	DATE ACCORDING TO GREGORIAN CALANDER		DAY
1.	MAKAR SANKRANTI	14TH JANUARY	2005	FRIDAY
2.	BAKRI-ID (ID-UL-AZA)	21ST JANUARY	2005	FRIDAY
3.	REPUBLIC DAY	26TH JANUARY	2005	WEDNESDAY
4.	MAHA SHIVRATRI	8TH MARCH	2005	TUESDAY
5.	HOLI-2ND DAY(DHULETI)	26TH MARCH	2005	SATURDAY
6.	DR. BABA SAHEB AMBEDKAR'S BIRTHDAY	14TH APRIL	2005	THURSDAY
7.	SHRI RAM NAVMI	18TH APRIL	2005	MONDAY
8.	MAHAVIR JAYANTI (JANM KALYANAKA)	22ND APRIL	2005	FRIDAY
9.	INDEPENDENCE DAY	15TH AUGUST	2005	MONDAY
10.	RAKSHA BANDHAN	19TH AUGUST	2005	FRIDAY
11.	JANMASHTAMI	27TH AUGUST	2005	SATURDAY
12.	SAMVANTSARI (CHATURTHI PAKSHA)	7TH SEPTEMBER	2005	WEDNESDAY
13.	DUSSHERA	12TH OCTOBER	2005	WEDNESDAY
14.	DIWALI (EXTRA)	28TH OCTOBER	2005	FRIDAY
15.	DIWALI (EXTRA)	29TH OCTOBER	2005	SATURDAY
16.	SARDAR VALLABHBHAI PATEL'S BIRTHDAY	31ST OCTOBER	2005	MONDAY
17.	DIWALI	1ST NOVEMBER	2005	TUESDAY
18.	DIWALI (NEW YEAR DAY)	2ND NOVEMBER	2005	WEDNESDAY
19.	BHAI BIJ	3RD NOVEMBER	2005	THURSDAY
20.	RAMZAN-ID-(ID-UL-FITRA)	4TH NOVEMBER	2005	FRIDAY
21.	DIWALI (EXTRA)	5TH NOVEMBER	2005	SATUARDAY
22.	DIWALI (EXTRA)	7TH NOVEMBER	2005	MONDAY

Note : 1 THE FOLLOWING DAYS HAVE NOT BEEN NOTIFIED AS PUBLIC GENERAL HOLIDAY AS THEY FALL ON SUNDAY :

1. MUHHARRAM	20TH	FEBRUARY,	2005
2. MAHATMA GANDHI'S BIRTHDAY	2ND	OCTOBER,	2005
3. CHRISTMAS	25TH	DECEMBER,	2005

Note : 2 If any of the MUSLIM HOLIDAYS notified above, does not fall on the day notified, the MUSLIM GOVERNMENT SERVANTS may be granted an OPTIONAL HOLIDAY on the day on which the Holiday is actually observed.

Note : 3 While granting two OPTIONAL HOLIDAYS on the FESTIVAL OCCASIONS as per Government Notification of General Administration Department, No. GS/2004/56/PHD/102004/4100/GH, dated 23rd November 2004, to the Member of the Staff, due regard to the exioencies of the Court work should be taken in to consideration so that the working of the Court is not affected in any way whatsoever and those OPTIONAL HOLIDAYS are not be treated as CASUAL LEAVE, Permission for availment of these OPTIONAL HOLIDAYS should however to applied for in writing in advance.

Rajkot, 22nd December 2004.

R. P. DHOLARIA,
District Judge,
Rajkot.

જિલ્લા ન્યાયાધિશ દ્વારા

જાહેરનામું

નં. : ઉહક/૦૬/૨૦૦૪.-સિવિલ મેન્યુઅલ ભાગ-૧, ૧૯૬૦ નાં પ્રકરણ-૩૧ નાં પારા ૬૨૪ અને ૬૨૫ અન્વયે, આથી જિલ્લા ન્યાયાધિશ, રાજકોટ, સને ૨૦૦૫ની સાલ દરમ્યાન નીચે જણાવેલ તહેવારોની રજા રાખવાનું જાહેર કરે છે તે અનુસાર રાજકોટ જિલ્લાની જિલ્લા ન્યાયાલય તથા તે નીચેની તમામ અદાલતો સદરહું દિવસોએ બંધ રહેશે.

અ. નં.	રજાના દિવસનું નામ	ગ્રેગોરીયન કેલેન્ડર મુજબ તારીખ	દિવસ
૧.	મકરસંક્રાંતી	૧૪મી જાન્યુઆરી–૨૦૦૫	શુક્રવાર
૨.	બકરી ઈદ (ઈદ-ઉલ-અઝા)	૨૧મી જાન્યુઆરી–૨૦૦૫	શુક્રવાર
૩.	પ્રજાસત્તાક દિન	૨૬મી જાન્યુઆરી–૨૦૦૫	બુધવાર
૪.	મહા શિવરાત્રી	૮મી માર્ચ–૨૦૦૫	મંગળવાર
૫.	હોળી બીજો દિવસ (ધુળેટી)	૨૬મી માર્ચ–૨૦૦૫	શનિવાર
૬.	ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મ દિવસ	૧૪મી એપ્રિલ–૨૦૦૫	ગુરૂવાર
૭.	શ્રીરામ નવમી	૧૮મી એપ્રિલ–૨૦૦૫	સોમવાર
૮.	મહાવીર જયંતી (જન્મ કલ્યાણક)	૨૨મી એપ્રિલ–૨૦૦૫	શુક્રવાર
૯.	સ્વાતંત્રદિન	૧૫મી ઓગષ્ટ–૨૦૦૫	સોમવાર

અ. નં.	રજાના દિવસનું નામ	ગ્રેગોરીયન કેલેન્ડર મુજબ તારીખ	દિવસ
૧૦.	રક્ષાબંધન	૧૯મી ઓગષ્ટ–૨૦૦૫	શુક્રવાર
૧૧.	જન્માષ્ટમી	૨૭મી ઓગષ્ટ–૨૦૦૫	શનિવાર
૧૨.	સંવત્સરી (ચતુર્થી પક્ષ)	૦૭મી સપ્ટેમ્બર–૨૦૦૫	બુધવાર
૧૩.	દશેરા	૧૨મી ઓકટોબર–૨૦૦૫	બુધવાર
૧૪.	દિવાળી વધારાની	૨૮મી ઓકટોબર–૨૦૦૫	શુક્રવાર
૧૫.	દિવાળી વધારાની	૨૯મી ઓકટોબર–૨૦૦૫	શનિવાર
૧૬.	સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ દિવસ	૩૧મી ઓકટોબર–૨૦૦૫	સોમવાર
૧૭.	દિવાળી	૧લી નવેમ્બર–૨૦૦૫	મંગળવાર
૧૮.	દિવાળી (નૂતન વર્ષ દિન)	૨જી નવેમ્બર–૨૦૦૫	બુધવાર
૧૯.	ભાઈબીજ	૩જી નવેમ્બર–૨૦૦૫	ગુરૂવાર
૨૦.	રમજાન ઈદ (ઈદ–ઉલ–ફિત્ર)	૪થી નવેમ્બર–૨૦૦૫	શુક્રવાર
૨૧.	દિવાળી વધારાની	૫મી નવેમ્બર–૨૦૦૫	શનિવાર
૨૨.	દિવાળી વધારાની	૭મી નવેમ્બર–૨૦૦૫	સોમવાર

નોંધ : (૧) નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી સામાન્ય રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી.

૧. મોહરમ	૨૦મી ફેબ્રુઆરી, ૨૦૦૫
૨. મહાત્મા ગાંધી જન્મદિન	૨જી ઓકટોબર, ૨૦૦૫
૩. નાતાલ	૨૫મી ડિસેમ્બર, ૨૦૦૫

નોંધ : (૨) ઉપર જાહેર કરેલી મુસ્લીમોની કોઈપણ રજાઓ જાહેર કરેલા દિવસે આવતી ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે સરકારના મુસ્લીમ કર્મચારીઓને મરજીયાત રજા આપી શકાશે.

રાજકોટ, ૨૩ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

આર. પી. ઢોલરિયા,
જિલ્લા ન્યાયાધિશ,
રાજકોટ.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણ : જિલ્લા મેજિસ્ટ્રેટ કચ્છ ભુજના જાહેરનામાં ક્રમાંક મેજિ/ભુજ શહેર ટ્રાફીક નિયંત્રણ/૮૮. તા. ૧૮-૦૮-૮૮

જાહેરનામું

ક્રમાંક : મેજિ/ભુજ શહેર ટ્રાફીક નિયંત્રણ/૨૦૦૪.- મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ અન્વયે ઉપરોક્ત વંચાણમાં જણાવેલ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ જે હાલે અમલમાં છે.

ભુકંપ ૨૦૦૧ બાદ ભુજ શહેરમાં ટાઉનપ્લાનીંગનો અમલ કરવામાં આવે છે. જેમાં ભુજ શહેરમાં આવેલ શાક માર્કેટનું રીનોવેશનની કામગીરી પણ કરવામાં આવેલ છે.

INDEX

અમો, જિલ્લા મેજિસ્ટ્રેટ-કચ્છ તથા ભુજ વિસ્તાર વિકાસ સત્તા મંડળના મુખ્ય કારોબારી અધિકારી સાથે રહી ટ્રાફીક નિયમન અંગે ઉક્ત સ્થળની તા. ૧૬-૧૨-૦૪ના મુલાકાત લેવામાં આવેલ, ત્યાં હાજર શહેરીજનો, દુકાનદારો વિગેરેને રૂબરૂ સાંભળ્યા બાદ જણાવેલ કે ભુજ શહેરની જાહેર જનતા (લોકો)ને નીચેના રસ્તાઓએ વાહનો, હાથલારીઓની અવર-જવર અને માર્કેટ પાસે વાહનો અને હાથલારી ઉભા રાખવામાં આવે છે, જેને કારણે અગવડ થાય છે. જેથી વાહનો રસ્તામાં તથા સાર્વજનિક જગામાં ઉભા રાખવાની શરતોનું તથા વાહનો ઉભા રાખવા માટે રસ્તાના ઉપયોગનું નિયમન કરવા સારૂં આથી હું પ્રદીપ શર્મા, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ કચ્છ ભુજ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (બી) (સી) મુજબ મને મળેલ સત્તાની રૂએ વંચાણમાં દર્શાવેલ જાહેરનામામાં નીચે મુજબનો ફેરફાર કરી અમલ કરવા હુકમ કરૂં છું.

ક્રમ (૩) ભુજ નગરપાલિકાની હદમાં આવેલ રસ્તો કે જે, નાગર ચકલાથી શરૂ થાય છે. તે ચોક ફળીયા થઈ શાક માર્કેટ સુધીના રસ્તા ઉપર વાહનો જઈ શકશે અને પરત આવી શકશે. પરંતુ આ વાહનો શેઠ પ્રાગજી કાનજી શેઠીયા લગ્નવાડીથી આગળ જઈ શકશે નહીં લગ્ન વાડીથી શાકમાર્કેટ થઈ બજાર ચાવડી પોલીસ ચોકી સુધીનો માર્ગ માત્ર રાહદારીઓ માટે ખુલ્લો રહેશે. આ વિસ્તારમાં કોઈપણ વાહન (સાઈકલ, હાથલારી સહિત) પસાર થઈ શકશે નહી, તેમજ આ વિસ્તારમાં હાથલારી પણ ઉભી રાખી શકાશે નહીં.

શાક માર્કેટ સુધી આવતા વાહનોમાં માત્ર સાઈકલ, સ્કુટર (ટુ વ્હીલર) લગ્નવાડીના ખુણામાં નિયત પાકશ્રગ સ્થળે વાહન પાર્ક કરી શકશે. પાર્કીંગ સ્થળે ટુ વ્હીલર સિવાયના અન્ય વાહન તેમજ હાથલારી ઉભા રહી શકશે નહી. તેમજ લગ્નવાડીથી લાખાફળિયા સુધી જતો માર્ગ (શાક માર્કેટની દક્ષિણે) પર કોઈપણ વાહન કે, હાથલારી ઉભી રાખી શકાશે નહીં.

ક્રમ (૪) ભુજ મહાનગરપાલીકાની હદમાં શાક માર્કેટની ઉત્તરે પોલીસ ચાવડીથી ડાંડાબજારથી રીંગરોડ સુધીનો રસ્તો વાહનોને જવા-આવવા માટે ખુલ્લો રહેશે. પરંતુ શાક માર્કેટની આજુબાજુ સાઇકલ, મોટર સાઇકલ, સ્કુટર, હાથલારી સહિતના કોઇપણ વાહન પાર્ક કરી શકાશે નહી.

છઠ્ઠીબારીથી શરૂ થતા રીંગરોડ તરફથી શાક માર્કેટ સુધી આવતા કોઇપણ વાહનો તથા હાથલારીઓ લાખા ફળિયામાં પ્રવેશી શકશે નહી. તેમજ હાથલારી વિગેરે શાક માર્કેટના પૂર્વે (પાછળની ગલી) લાખા ફળિયામાં પ્રવેશી શકશે નહી તથા ઉભી રાખી શકાશે નહીં. આ માર્ગ માત્ર રાહદારીઓ માટે ખુલ્લો રહેશે.

આ હુકમની અંદર વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એક્ટમાં ''વાહનની'' જે વ્યાખ્યા આપી છે. તેમાં તેનો સમાવેશ થાય છે, અને તદઉપરાંત બાઈસીકલ, ટ્રાઈસીકલ અથવા એક અથવા વધારે પૈડાથી ચાલતું કોઈપણ વાહન.

અપવાદ :

શાક માર્કેટમાં શાકભાજી લઈ આવતા ભારે માલવાહક વાહનો સિવાયના વાહનો રાત્રે ૧૦-૦૦ કલાકથી સવારે ૦૮-૦૦ કલાક સુધી શાકભાજી માર્કેટમાં લઈ જઈ શકે તે માટે માર્કેટના ઉત્તરેના દરવાજાઓ એટલે કે, શરાફબજાર રસ્તે આવેલ દરવાજા પાસે ઉભા રાખી શકશે.

તેમજ શાક માર્કેટના પાછળના ભાગે એટલે કે, પૂર્વ બાજુ લાખા ફળિયાના રહેવાસીઓ કે જેઓની અવર-જવરનો માર્ગ લાખા ફળિયામાં પડે છે, માત્ર તેઓના ટુ વ્હીલર, વાહનો ત્યાં જઈ-આવી શકશે.

ઉપર જણાવેલ વિગતે વાહનો પ્રવેશ કરી શકે નહી, કે ઉભા રાખી શકાશે નહી, પરંતુ રાહદારીઓ અવર-જવર કરી શકે તે રીતેની વ્યવસ્થા માટે ભુજ વિસ્તાર વિકાસ સત્તા મંડળે જરૂરી આડાશ ઉભી કરવાની રહેશે. તેમજ સુચિત પાર્કીંગ સ્થળે જરૂરી ફેન્સીંગ કરાવવાનું રહેશે.

વંચાણમાં દર્શાવેલ જાહેરનામાંની અન્ય વિગતો યથાવત રહેશે.

આજ રોજ તારીખ ૧૭-૧૨-૨૦૦૪નાં રોજ મારી સહી, સિક્કાથી બહાર પાડવામાં આવ્યું.

કચ્છ ભુજ, તારીખ ૧૭ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

પ્રદીપ શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી)હેઠળ

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/દામોદર કુંડ/૨૦૦૪.-જુનાગઢ ખાતે દામોદર કુંડની જગા આવેલ છે. આ જગાએ કાયમી ધોરણે મોટા પ્રમાણમાં યાત્રાળુઓ સ્નાન કરવા માટે આવે છે. પવિત્રયાત્રા ધામ ગીરનાર વિકાસ સમિતિ દ્વારા દામોદરકુંડનું સમારકામ થનાર છે. અંદાજે એક માસ સુધી ચાલનાર આ સમારકામ દરમ્યાન લોકો/યાત્રાળુઓ દામોદરકુંડ પર આવે તો સમારકામનાં કારણે લોકોને અકસ્માત થવાનો ભય રહે તેમજ સમારકામ કરવામાં પણ આંતરાય ઉભો થવાની શક્યતાઓ રહે.

ઉપરોક્ત વિગતે દામોદરકુંડના સમારકામ દરમ્યાન આ કુંડ ઉપર આવતા લોકો/યાત્રાળુઓને કોઈ અકસ્માત ન થાય તેમજ સમારકામ કરવામાં કંઈ અડચણ ઉભી ન થાય તે માટે તા. ૨૭-૧૨-૨૦૦૪થી એક માસની મુદત માટે દામોદરકુંડ પર યાત્રાળુઓનાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે. જેથી હું આર. કે. પાઠક આઈ.એ.એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૨૭-૧૨-૨૦૦૪ થી ૨૬-૧-૨૦૦૫ સુધી જુનાગઢના દામોદરકુંડ પર તમામ લોકો/યાત્રાળુઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

સમારકામની કામગીરી સાથે સંકળાયેલી વ્યકિતઓ/અધિકારીશ્રીઓને આ જોગવાઈ લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજ રોજ તા. ૨૭ માહે ડિસેમ્બર ૨૦૦૪નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૭ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

આર. કે. પાઠક,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે રાત્રી કરફ્યુ હુકમ

કરફ્યુ હુકમ જાહેરનામું

નાં. એમએજી/સી/૨૦૧૨/૨૦૦૪.-પોરબંદર જિલ્લો વિશાળ દરિયા કિનારો ધરાવે છે, દરિયા કિનાર ઉપર ઘણા ગામો આવેલા છે. દેશ અને રાજ્યની હાલની પરિસ્થિતિને અનુલક્ષીને તેમજ જુદા જુદા આંતકવાદી સંગઠનોની ધમકીઓને પહોંચી વળવા તેમજ નિષ્ફળ બનાવવા માટે અને શંકાસ્પદ વ્યકિતઓની અવરજવર અટકાવવા તેમજ અસામાજીક પ્રવૃતિ ઉપર સચોટ વોચ રાખવા અને અંકુશમાં લેવા સારૂં આ જિલ્લાના દરિયા કિનારાના વિસ્તારમાં નીચેની વિગતેના દરિયા કાંઠાના ગામોમાં દરિયાકાંઠાથી ૫૦૦ મીટર સુધીના વિસ્તારના દરરોજ રાત્રીનાં ૨૩-૦૦ થી સવારના ૫-૦૦ કલાક સુધી કરફયુ લાદવો જરૂરી જણાય છે. તે મતલબની દરખાસ્ત પોલીસ અધિક્ષકશ્રી પોરબંદર તરફથી થઈ આવેલ છે.

તેથી હું શીલા બેન્જામીન, જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી ફરમાવું છું કે, નીચે આપેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ દરિયાકાંઠાના ગામોએ દરિયાકાંઠાથી ૫૦૦ મીટરનાં વિસ્તારનાં રહેવાશીઓએ તેમાં અવર જવર કરનારઓએ અને પ્રસંગોપાત આવનારાઓને અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તાર પુરતું અનુસુચિમાં દર્શાવેલા સમય દરમ્યાન નીચે જણાવેલા વિસ્તારોની અંદર આવેલ કોઈપણ માર્ગે કે રાહદારી રાજમાર્ગ, શહેરો, ગલી, પેટાગલી, કે મહોલ્લામાં અવર જવર કરવી નહીં. વાહન હંકારવું નહિ. ચાલવું નહિં, ઉભા રહેવું નહિં, રખડવું નહિં, હરવું ફરવું નહિં, અથવા બીજા કોઈ રીતે ઉપયોગ કરવો નહિં.

INDEX

અનુસુચિ

અ.નં.	ગામનું નામ	વિસ્તારનું વર્ણન	તારીખથી સમય સુધી	સમય
૧	૨	૩	૪	૫
૧	મિયાણી	દરિયા કાંઠાથી	૨૦–૧૨–૨૦૦૪	રાત્રીના ૨૩.૦૦થી
૨	ભાવપરા	૫૦૦ મીટરનો	થી	સવારના ૫-૦૦
૩	ટુકડામિયાણી	વિસ્તાર	૧૭–૦૨–૨૦૦૫	કલાક સુધી
૪	વિસાવાડા	,,	,,	,,
૫	પાલખડા	,,	,,	,,
૬	રાતડી	,,	,,	,,
૭	કાંટેલા	,,	,,	,,
૮	કુછડી	,,	,,	,,
૯	ઓડદર	,,	,,	,,
૧૦	ટુકડા-ગોસા	,,	,,	,,
૧૧	ગોસા	,,	,,	,,
૧૨	રાજપર નવાગામ	,,	,,	,,
૧૩	ચિકાસા	,,	,,	,,
૧૪	ગોસાબારા	,,	,,	,,
૧૫	નવી બંદર	,,	,,	,,
૧૬	રાતીયા	,,	,,	,,
૧૭	ઉંટડા	,,	,,	,,
૧૮	બળેજ	,,	,,	,,
૧૯	મોચા	,,	,,	,,
૨૦	ગોરસર	,,	,,	,,
૨૧	ચીંગરીયા	,,	,,	,,
૨૨	પાતા	,,	,,	,,
૨૩	માધવપુર	,,	,,	,,
૨૪	મુળ માધવપુર	,,	,,	,,

નીચે જણાવેલ ક્રમ ૧ થી ૬ માં જણાવેલ કિસ્સાઓમાં ઉપરોક્ત જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

૧ જે લોકોનાં રહેણાંક મકાન, બિનરહેણાંક મકાન, ખેતર પ્રતિબંધીત વિસ્તારમાં આવતાં હોય તેવા લોકોને પોતાના મકાનો, ખેતરોમાં આવવા જવા માટે ઉક્ત કરફ્યુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

૨ મરણનાં કિસ્સામાં સ્મશાનયાત્રામાં જોડાનાર ડાઘુઓને ઉક્ત કરફ્યુ હુકમ/જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં. વિશેષમાં પરવાનગી લીધેલ માન્ય ધાર્મિક પ્રસંગોના ઉત્સવમાં લાગુ પાડી શકાશે નહિં.

૩ પ્રતિબંધીત વિસ્તારમાં આવતા અધિકૃત રોડ ઉપર આવતા જતા વાહનો/મુસાફરોને ઉક્ત કરફ્યુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહીં.

INDEX

૪ પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ આવશ્યક અનિવાર્ય સેવાઓ જેવી કે દવાખાના, પોલીસ ચોકીઓ, એસ.ટી. ડેપો તેમજ રાત્રીના સમયે પણ કાર્યરત રહેતી જાહેર સુવિધા કેન્દ્રો ને ઉક્ત કરફયુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

૫ માચ્છીમારો, કીક પાસ ધરાવતા હોય, તે કીક પાસ સાથે પોતાના માચ્છીમારોનાં ધંધા અર્થે પ્રતિબંધીત વિસ્તારમાંથી નીકરતા માચ્છીમારોને ઉક્ત હુકમ, જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

૬ ફરજ પરનાં પોલીસ, કસ્ટમ, પોર્ટ, કોસ્ટગાર્ડ અને નેવીનાં કર્મચારીઓ, અધિકારીઓ તથા અધિકૃત કરેલ વ્યકિતઓને ઉક્ત કરફયુ હુકમ-જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

આ જાહેરનામા હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫નાં અધિનિયમ)ના કલમ-૧૮૮ અન્વયે છ મહિના સુધીની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીનાં દંડની અથવા તે બન્નેની સજા કરવામાં આવશે.

આ જાહેરનામું હુકમ સક્ષમ અધિકારી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારી પાસેથી પરવાનગી મેળવેલ વ્યકિતઓને લાગુ પડશે નહિં.

આજ તારીખ ૨૦-૧૨-૨૦૦૪નાં રોજ મારી સહી તથા સિકકો કરી બહાર પાડવામાં આવે છે.

પોરબંદર, ૨૦ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

શીલા બેન્જામીન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પોરબંદર.

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે હુકમ

જાહેરનામું

નં. ડીએમ/૧/વશી/૩૩૮૭/૦૪.-ભાવનગર શહેરમાં કાળાનાળા જી.ઇ. બી. સ્ટેશનથી ભીડભંજન ચોક સુધીનો રસ્તો આ કચેરીના જાહેરનામા ડીએમ/૧/૭૯૦૦/૮૮ તારીખ : ૨૧/૧૧/૧૯૮૮ થી ''નો પાર્કીંગ ઝોન'' તેમજ ''સાયલન્ટ ઝોન'' વિસ્તાર જાહેર કરવામાં આવેલ છે. આ રોડ ઉપર રામવાડીના ખૂણે ભીડભંજન મંદીર સામે ૬(છ) રીક્ષાનું સ્ટેન્ડ મહાનગર પાલીકાનાં કારોબારી સમિતીનાં ઠા. સ. નં. ૧૭૦ તા. ૨૮/૭/૭૮ થી મંજુર થયેલ છે. હાલમાં આ રીક્ષા સ્ટેન્ડ છે. ત્યાં રામવાડીનું મોટુ બિલ્ડીંગ બની ગયેલ છે. બિલ્ડીંગની હેઠળ પાર્કીંગની જગ્યા વાડી તરફથી રાખવામાં આવેલ છે. આ રીક્ષા સ્ટેન્ડનાં કારણે આ રસ્તા ઉપર વાહન વ્યવહાર વારંવાર જામ થાય છે. વળી આ રસ્તો નો પાર્કીંગ ઝોન હોઈ રીક્ષા સ્ટેન્ડ ચાલુ રાખી શકાય નહીં. સબબ ટ્રાફીકનું નિયમન જરૂરી જણાંતા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું એ. બી. પંચાલ (આઈ.એ.એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, ભાવનગર શહેરમાં નીચે જણાવેલ અનુસુચીમાં દર્શાવેલ ૬(છ) રીક્ષા ઉભી રાખવાનું સ્ટેન્ડ રદ કરવામાં આવે છે.

અનુસુચી

૧ ભીડભંજન મહાદેવ સામે રામવાડી પાસે આવેલ ૬(છ) રીક્ષાનું સ્ટેન્ડ.

આ હુકમ/જાહેરનામાનો ભંગ અગર ઉલ્લંઘન કરનારને સદરહું અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ નકલ ચોંટાડવી.

''જાહેરનામાનો અમલ તથા તેનાં ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરના કોઈપણ હેડ કોન્સટેબલ તથા તેનેથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આજ તારીખ ૧૯-૧૨-૨૦૦૪ના રોજ મારી સહી સીક્કો કરીને સદરહું હુકમ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, તારીખ ૧૯ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

જિલ્લા કલેકટર દ્વારા

સંદર્ભ :

(૧) ગુજરાત જમીન મહેસુલ નિયમો-૧૯૭૨ના નિયમ-૮૧/૧.

(૨) સરકારશ્રીનાં મ. વિ. નાં જાહેરનામા ક્રમાંક-જીએચએમ/૨૦૦૩/૭૧/એમ/એલઆરસી/૧૦/૨૦૦૨/૧૬૪૦/(૧) કે, તા. ૨૬-૧૨-૨૦૦૩.

(૩) આ કચેરીની અધિસુચના ક્રમાંક/જમીન-૪/૧૯૦૦/૨૦૦૪, તા. ૧૮-૫-૨૦૦૪.

સુધારા અધિસુચના

નં. જમીન-૪/૪૮૦૧/૨૦૦૪.-સરકારશ્રીનાં સંદર્ભ-૨નાં જાહેરનામા અન્વયે ગુજરાત જમીન મહેસુલ નિયમો-૧૯૭૨નાં નિયમ-૮૧/૧ હેઠળ આ કચેરીનાં સંદર્ભ-૧ની અધિસુચનાથી ભાવનગર જિલ્લામાં આવેલ મહાનગરપાલીકા, નગરપાલીકાઓમાં સમાવિષ્ટ સર્વે નંબરોની જમીનોનું ગુજરાત જમીન મહેસુલ નિયમો-૧૯૭૨નાં નિયમ-૮૧ (૧) તથા (૨) થી ઠરાવ્યા મુજબ પરિશિષ્ટ-૨માં દર્શાવ્યા મુજબ બીનખેતી આકાર વસુલ લેવાના હેતુ માટે વર્ગીકરણ કરવામાં આવેલ છે.

આ અધિસુચના સાથેનાં પરિશિષ્ઠ-૨નાં વર્ગ-સી ટેબલમાં મહુવા નગરપાલીકા વિસ્તારમાં વર્ગીકૃત દર્શાવેલ મોજે : મહુવા ગામનાં સર્વે નંબરો પૈકી સર્વે નંબર-૪૩૧ મહુવા નગરપાલીકાનાં મંજુર પુનરાવર્તીત વિકાસ નકશામાં મહુવા નગરપાલીકાની હદ બહાર સ્થિત હોવાનું જાહેર થયેલ હોઇ મોજે : મહુવાના સર્વે નંબર-૪૩૧ આ અધિસુચનાસહનાં પરિશિષ્ઠ-૨નાં વર્ગ-સી ટેબલમાંથી કમી કરવા તથા આ સર્વે નંબર મહુવા નગરપાલીકાની હદ બહારનાં પંચાયત વિસ્તારનો હોવા અંગે આથી સુધારો કરવામાં આવે છે.

આ કચેરીની સંદર્ભ-૨ની અધિસુચનાની અન્ય વિગતો યથાવત રહેશે.

ભાવનગર, ૧૬ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

એ. બી. પંચાલ
કલેકટર,
ભાવનગર જીલ્લો,
ભાવનગર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

મુંબઇ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ (૧) બી હેઠળ

જાહેરનામું

નાં. એમએજી/સી/૬૨૬૧૩/૦૪.-નાયબ પોલીસ મહા-નિરીક્ષકશ્રી અને આચાર્ય પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્રકમાંક : સીબી/૨/ટીઆરએસ/૪૫૩૪/૦૪, તા. ૨૨-૧૨-૦૪ થી તેમના કેન્દ્રમાં હાલ તાલીમ લઇ રહેલ બેંચ નં. ૧૨ ના રીપીટર તાલીમાર્થીઓને ૩૦૩ રાયફલનું ફાયરીંગ તા. ૩-૧-૦૫ તથા ૪-૧-૦૫ના રોજ દિવસ બે માટે પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ હસ્તકના ફાયરીંગ બટ પર લેવાની હોય, તેનું ધોરણસરનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

સબબ ઉપરોકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવરજવર ભયજનક જણાતા હું એ. સી. રાઠોડ, જી. એ. એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩ (૧) (બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૩-૧-૦૫ તથા તા. ૪-૧-૦૫ દિવસ-બે માટે સવારે ૭-૦૦ કલાકથી ૧૮-૦૦ કલાક સુધી ઉકત ફાયરીંગ બટના આજુ બાજુના ૧ કી. મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામું આજ તા. ૨૩ મી ડિસેમ્બર-૦૪ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૩ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

મુંબઇ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ (૧) બી હેઠળ

જાહેરનામું

નાં. એમએજી/સી/ગીરનાર સ્પર્ધા/૭૬૦૬/૦૪.-ગુજરાત સરકારશ્રીના યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને રમત ગમત વિભાગ પ્રેરીત જુનાગઢ જીલ્લા વહીવટીતંત્રના ઉપક્રમે તા. ૯-૧-૦૫ના રોજ ગુજરાત રાજ્યના ૧૪ થી ૩૫ વર્ષની વય ધરાવતા યુવક યુવતીઓ માટેની અખીલ ગુજરાત ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાના કારણે ગીરનાર પર્વત ઉપર જતા યાત્રાળુઓને કારણે આ સ્પર્ધામાં ભાગ લેતા યુવક યુવતીઓની ટુકડીઓને સ્પર્ધામાં અંતરાય કે ખલેલ ઉભી થવાની પુરેપુરી શકયતા રહેલી હોય, એવા સંજોગોમાં ગીરનાર પર્વત ઉપર જતા યાત્રાળુઓના સંભવિત વિક્ષેપને દુર કરવા તેમજ સ્પર્ધામાં ભાગ લેતા યુવક યુવતીઓની ટુકડીઓને સંભવિત ખલેલ નિવારવાના હેતુ માટે આ સ્પર્ધા દરમ્યાન ગીરનાર તળેટીથી અંબાજી તરફ જતાં ગીરનાર પર્વતની સીડીના પગથીયા ઉપર આવવા જવા માટેનું નિયમન કરવાનું મને ઇષ્ટ જણાય છે.

વાસ્તે હું એ. સી. રાઠોડ, જી. એ. એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો, જુનાગઢ સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા. ૯-૧-૦૫ના રોજ ૦૦-૦૦ કલાકથી (શુન્ય કલાકથી) બપોરનાં ૧૨-૦૦ કલાક સુધી ગીરનાર તળેટીથી અંબાજી મંદિર તરફ જતી ગીરનાર પર્વતની સીડીનાં પગથીયા ઉપર સ્પર્ધકો સિવાયના અન્ય વ્યકિત/યાત્રાળુઓ ગીરનાર પર્વતની સીડીના પગથીયા દ્વારા ઉપર જવા કે નીચે ઉતરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું સ્પર્ધાના અધિકૃત અધિકારીશ્રીઓ/ સ્વયંસેવકોને સ્પર્ધા વ્યવસ્થામાં કાયદેસરની ફરજ બજાવનારને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧નાં મુંબઇ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૨૩મી માહે ડિસેમ્બર-૦૪ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૩ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

એ. સી. રાઠોડ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જીલ્લો,
જુનાગઢ.

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ - ૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૨૦૦૪/ પોરબંદર જિલ્લામાં ખેડુતોને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવો મળે તેવી માગણી સબબ તેમજ જુદા જદા રાજકીય પક્ષો તથા અન્ય સંગઠનો સભા સરઘસ ધરણા, દેખાવો, ઉપવાસ વિગેરે જેવા કાર્યક્રમો કરવાની શકયતા રહે છે. આવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે આગામી તારીખ ૨૨-૧૨-૨૦૦૪ થી તારીખ ૨૧-૦૧-૨૦૦૫ સુધીનું મુંબઈ પોલસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ થવા, સભા, સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહિ અને કોઈ અનિચ્છનીય બનવા ન બને ત માટે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી દરખાસ્ત થઈ આવેલ છે, તે જોતાં પોલીસ અધિક્ષકશ્રી પોરબંદર કાર્યક્ષેત્રે વિસ્તારમાં કોઈપણ સભા ભરવી નહિ, સરઘસ કાઢવું નહિ, તેવો મનાઈ હુકમ તા. ૨૭-૧૨-૨૦૦૪ થી તારીખ ૨૫-૦૧-૨૦૦૫ સુધી ફરમાવવાનું ઈષ્ટ જણાય છે, તેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂઈએ હું આઈ. આર. મનસુરી, જી.એ.એસ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૨૭-૧૨-૨૦૦૪ થી તારીખ ૨૫-૧-૨૦૦૫ બન્ને દિવસ સહિતની મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી

૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તે વ્યકિત

૩. કોઈ વરઘોડો

૪. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂ. ૨૦૦/- સીધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ, અથવા રૂ.૨૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂ. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૭-૧૨-૨૦૦૪ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૭ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

આઈ. આર. મનસુરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પોરબંદર.

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા./૪૧૭૬/૨૦૦૪-ભાવનગર શહેરમાં જૈન શ્વેતામ્બર મૂતિપૂજક તપાસંઘ ઉપક્રમે અને દાદાસાહેબ વિભાગ આયોજીત શ્રી જૈનોનાં મહામંગલકારી શ્રી ઉપધાન તપની આરાધનાની પૂર્ણાહુતી તાઃ ૨૦-૧૨-૨૦૦૪ ના રોજ છે. આ પ્રસંગે લગભગ ૧૮,૦૦૦ થી ૨૦,૦૦૦ લોકો ભાગ લેનાર હોય તે માટે તેઓએ ગુલીસ્તા ગ્રાઉન્ડ રાખેલ છે. જેથી આ દિવસે ત્યાંના રસ્તે વાહન વ્યવહાર ચાલું રહે તો અકસ્માત થવાનો તેમજ ટ્રાફીક જામ થઈ જવાનો સંભવ છે. તા. ૨૦-૧૨-૨૦૦૪ના રોજ ટ્રાફીકનું નિયમન કરવાની જરૂર જણાતાં, રસ્તાઓ વન-વે કરવા જરૂરી જણાતાં, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયે હું ડી. બી. વોરા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, ભાવનગર ખાતે તા. ૨૦-૧૨-૨૦૦૪ના રોજ કલાક ૮-૦૦ થી ૧૭-૦૦ કલાક સુધી નીચેના માર્ગો એકમાર્ગીય રહેશે.

(૧) સેન્ટ્રલ સોલ્ટથી આતાભાઈ જવા માટે પ્રવેશ ખુલ્લો.

(૨) આતાભાઈ થી સેન્ટ્રલ સોલ્ટ તરફ આવવા માટે પ્રવેશ બંધ.

આ જાહેરનામાનું ઉલ્લંઘન થયેથી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થઈ શકશે.

"જાહેરનામાનો અમલ તથા તેનાં ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનેથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે."

વર્તમાનપત્રો મારફત તેમજ ઉપરના સ્થળોએ આ જાહેરનામાની નકલો ચોટાડીને તેની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તારીખ. ૧૮-૧૨-૨૦૦૪ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

ભાવનગર, ૧૮ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી) અન્વયે હુકમ

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા. ૨૪૨/૦૪-ભાવનગરમાં દાદા સાહેબ જૈન દેરાસર ખાતે તારીખઃ ૨૦-૧૨-૨૦૦૪ના રોજ સંઘસ્વામી વાત્સલ્ય(જમણવાર)નો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં આશરે ૨૦,૦૦૦ થી ૨૨,૦૦૦ શ્રાવકો એકત્રીત થનાર છે. જેથી આ દિવસે ત્યાંના રસ્તે વાહન વ્યવહાર ચાલું રહે તો અકસ્માત થવાનો તેમજ ટ્રાફીક જામ થઈ જવાનો સંભવ છે. સબબ ટ્રાફીકનું નિયમન કરવાનું જરૂરી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું ડી. બી. વોરા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, ભાવનગર શહેરના નીચે જણાવેલ રસ્તાઓ ઉપર તારીખઃ ૨૦-૧૨-૨૦૦૪ના રોજ સવારના કલાક ૧૦-૩૦ થી ૩-૩૦ કલાક સુધી કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રકારના વાહન સાથે પ્રવેશ કરવો નહી.

રસ્તાનું નામ :

(૧) ન્યુ માફક પાન સેન્ટરથી સર. ટી. હોસ્પીટલના પહેલા દરવાજા સુધીનો રસ્તો.

(૨) કાળાનાળા શ્રી ત્રિભોવન ભાણજીના બંગલાથી દાદાસાહેબ જૈન દેરાસર તરફનો રસ્તો.

(૩) તાલુકા પંચાયત કચેરી બાહુબલી કોમ્પલેક્ષ તરફથી દાદા સાહેબ દેરાસર આવતો રસ્તો.

(૪) જેઈલ રોડ સર. ટી. હોસ્પીટલથી દાદા સાહેબ દેરાસર તરફ આવતો રસ્તો.

આ જાહેરનામાની જોગવાઈઓમાંથી હોસ્પીટલને સંબંધીત પોલીસ, મહેસુલ વિભાગના તેમજ જાહેર સુખાકારી માટે મહાનગરપાલીકાએ મોકલેલા વાહનોને મુક્તી આપવામાં આવે છે.

આ જાહેરનામાની અવધિ દરમ્યાન વૃધ્ધ, અશક્ત યાત્રીકોને લાવવા/લઈ જવા માટે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ભાવનગર વાહનોના ઉપયોગની પરવાનગી આપી શકશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને તેમજ સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખઃ ૧૬-૧૨-૨૦૦૪ના રોજ મારી સહી સિક્કો કરીને સદરહું હુકમ/જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૬મી માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા.૪૧૭૮/૨૦૦૪-ભાવનગર જિલ્લામાં આગામી તા. ૨૫-૧૨-૨૦૦૪ થી તા. ૫-૧-૨૦૦૫ સુધી નાતાલ તહેવાર તેમજ તા. ૧૪-૧-૨૦૦૫ના રોજ મકરસંક્રાંતી તહેવાર તથા ૨૧-૧-૨૦૦૫ના રોજ બકરી ઈદનો તહેવાર ઉજવવાનાર હોય ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતીપૂર્વક જળવાય રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથીયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેરશાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું ડી. બી. વોરા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર. આથી જાહેરશાંતી અને સલામતી જાળવવા સારૂ ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૩-૧૨-૨૦૦૪ થી તા. ૨૧-૧-૨૦૦૫ સુધી(બન્ને દિવસો સુધ્ધાં)

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, તલવાર, ગુપ્તી, સોટા, બંધુક, છરી, કુહાડી, ધારીયા, લોખંડના પાઈપ, લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહી.

(ખ) કોઈપણ ભયકારી, ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહીં.

INDEX

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહી, અથવા ટોળામાં ફરવું નહી.

(છ) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ઠા કરવી નહી, તેવા ચિત્રો, પત્રીકાઓ,પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ ક-ખ-ગ-ઘ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજહોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસુચિઃ

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

"જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને અધિકાર રહેશે."

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોટાડીને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ. ૧૮-૧૨-૨૦૦૪ના રોજ મારી સહી તથા સિક્કો માર્યો.

ભાવનગર, ૧૮ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (એસ) નીચે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા.૪૨૨૯/૨૦૦૪-ભાવનગર જિલ્લાના શિહોર ગામની બાજુમાં આવેલ ટાણા રોડની દક્ષિણ દિશાએ સર્વે નં. ૨૮૨ની જમીન જે પોલીસ ખાતાએ ફાયરીંગ બટ માટે પસંદ કરેલ છે. જેનો ઉપયોગ પોલીસ તંત્ર ફાયરીંગ બટ માટે કરે છે. આ ફાયરીંગ બટમાં સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર, દરબાર ગઢ શાખા, ભાવનગર દ્વારા વાર્ષિક ફાયરીંગ તા. ૩૧-૧૨-૨૦૦૪ના રોજ રાખેલ છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(એસ)થી મળેલ અધિકારની રૂઈએ હું ડી. બી. વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ અડધો માઈલના વિસ્તારમા તા. ૩૧-૧૨-૨૦૦૪ના રોજ કોઈપણ શખ્સે જવું નહી તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી. જાહેરનામાનો ભંગ બદલના પગલા લેવા કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનેથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

મે આજ તારીખ. ૨૭-૧૨-૨૦૦૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવ્યો.

ભાવનગર, ૨૭ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

ડી. બી. વોરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

સીટી મામલતદાર દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૫(૧) હેઠળનું

જાહેરનામું

એડીએમ/વર્ક/૨૮૨૨/૨૦૦૪.-આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, પોલીસ ઈન્સ્પેકટરશ્રી, 'ડી' ડીવીઝન પોલીસ સ્ટેશન, ભાવનગર શહેર તરફથી નીચે જણાવેલ વિગતેનો મુદામાલ બિનવારસી તરીકે મળી આવતા સદરહું મુદામાલ, બિનવારસી હોવાના કારણે સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૩ (૨) અન્વયે આ મુદામાલનો નિકાલ કરવા આ કચેરીને જણાવવામાં આવેલ છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૮૫ (૧) અન્વયે જાહેર જાહેર

કરવામાં આવે છે કે, આ સાથે નીચે મુજબની અનુસૂચિ મુજબનો મુદ્દામાલ મિલ્કતનો જો કોઈ ઈસમ/શખ્સ માલિક હોવાનો દાવો ધરાવતા હોઈ તેઓને આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસની અંદર સદરહું મુદ્દામાલનાં માલિકીનાં આધાર સાથે આ કચેરીએ રૂબરૂ હાજર થવું. સદરહું મુદત દરમ્યાન નીચે જણાવેલ મુદ્દામાલનાં માલિક હાજર થશે નહી તો આ મુદ્દામાલનો મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૮૭ અન્વયે નિકાલ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

અનુસૂચિ

ભાવનગર શહેરનાં "ડી" ડિવીઝન પોલીસ સ્ટેશનમાં રહેલ બિનવારસી મુદ્દામાલની વિગત.

અ.નં.	મુદ્દામાલની વિગત	અંદાજીત કિંમત
(૧)	કાળા રંગનું લ્યુનાં એન્જિન નં. ૯૮ એ ૧૩૦૦ ૪૬૬૮ ચેસીસ નં. ૯૮એ૦૩૦૦૧૮૮૬	રૂા. ૨૫૦૦/-

ઉપર જણાવેલ અનુક્રમઃ- ૧ સુધીનો બિનવારસી મુદ્દામાલ, ભાવનગર શહેરનાં "ડી" ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જોઈ શકાય તે રીતે રાખવામાં આવેલ હોઈ, સદરહુ મુદ્દામાલ જોવા માટે સદરહુ પોલીસ સ્ટેશનમાં સક્ષમ અધિકારીશ્રીનો સંપર્ક કરવા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

ભાવનગર, ૩૦ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

(સહી) અવાચ્ય,
સીટી મામલતદાર, અને
એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

પોલીસ કમિશ્નર દ્વારા,

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૪૦૯૦/૨૦૦૪-રાજકોટ શહેરની વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી છે. તેમજ રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નિચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગનાં તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ.અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે. જેમા રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, નાયમ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૦૧-૦૧-૨૦૦૫ કલાક ૦૦-૦૦ થી તા. ૨૮-૦૨-૨૦૦૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર તથા ચપ્પા જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડે થી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખીને ફરવાની મનાઈ ફરમાવું છું.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) બીજા શસ્ત્રો લઈ જવાની.

(ઘ) સરઘસ સાથે સળગતી મશાલ રાખવાની.

(ચ) વ્યક્તિઓના પૂતળા બાળવાની.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

(૧) સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીઓએ આવી કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નક્લો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ ૨૪ માહે ડિસેમ્બર-૨૦૦૪ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

ફોજદારી કાર્યરીતી અધિનીયમન ૧૯૭૩ની
કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૪૦૯૧/૨૦૦૪-રાજકોટ શહેરની વર્તમાન પરિસ્થિતીને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી છે. તેમજ રાજકોટ શહેરમાં કોઈ પણ પ્રકારના સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હુકમત હેઠળના વિસ્તારોમાં કોઈ પણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા પર, કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/ એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનીયમન ૧૯૭૩ની કલમ ૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નં. જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને સુપ્રી. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૦૧-૦૧-૨૦૦૫ કલાક ૦૦-૦૦ થી તા. ૨૮-૦૨-૨૦૦૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્ય કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) ચાર કરતા વધારે માણસોના ભેગા થવા પર, કોઈ સભા બોલાવવાનું કે સરઘસ કાઢવા ઉપર.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

અપવાદ

જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેવો તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનીયમન ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ ૨૪ માહે ડિસેમ્બર ૨૦૦૪ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની
કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૪૦૯૨/૨૦૦૪-રાજકોટ શહેરમાં તાજેતર માં ચાલુ વાહન ઉપર વાહન ચાલક મોબાઈલ ફોનથી વાત કરતા ફેટલ અકસ્માત અને બીજા અકસ્માતના બનાવો બનવા પામેલ છે આ રીતે ચાલુ વાહને વાહન ચાલક મોબાઈલ ફોન થી વાત કરે તે હીતાવહ નથી આથી જાહેર જનતાની સલામતી જોખમાય છે આથી જાહેર જનતાની સલામતી જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂરત જણાય છે.

વાસ્તે, હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ગુજરાત સરકારશ્રીના ગૃહવિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/ સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ, અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નં. જીજી/૬/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ માં થયેલ છે. જેમાં રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને સુપ્રી. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી) ને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૦૧-૦૧-૨૦૦૫ કલાક ૦૦-૦૦ થી તા. ૨૮-૦૨-૨૦૦૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

પેટ્રોલ/ડીઝલથી સંચાલીત તમામ પ્રકારના વાહનો ચલાવતી વખતે વાહન ચાલકે ચાલુ વાહને મોબાઈલ ફોન ઉપર વાત કરવા માટે પ્રતિબંધ ફરમાવું છું

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ ફોજદારી ગુન્હાના આરોપી ઠરશે અને શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ ૨૪ માહે ડિસેમ્બર ૨૦૦૪ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ડિસમ્બર, સને ૨૦૦૪.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૪૦૯૩/૨૦૦૪.-ગુટખાનું સેવન કરવું એ મનુષ્યના આરોગ્ય માટે હાનીકારક છે. અને ખાસ કરીને શૈક્ષણીક સંસ્થાઓની આજુબાજુના ૧૦૦ મીટરમાં વેચાતા ગુટખાના કારણે શૈક્ષણીક સંસ્થાઓમાં અભ્યાસ કરતા કુમળી વયના બાળકોના માનસપર તેની વિપરીત અસર પડે છે. અને પ્રલોભન પણ થવાની શક્યતા રહે છે. જેથી શૈક્ષણીક સંસ્થાઓની ૧૦૦મીટરના આજુબાજુના વિસ્તારમાં ગુટખાના વેચાણ કરવા ઉપર પ્રતિબંધ મુકવા બાબતે કમિશ્નરશ્રી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્ય ગાંધીનગરના પત્ર નં. પીએફએ/ ૧૦૯૭/૫૪૫૩૫ તા. ૩૦-૯-૯૭ તથા ગૃહ વિભાગ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર નં. પરચ/૨૯૯૩/૧૦૪૫૦/ડ, તા. ૧૦-૧૦-૯૭થી પરીપત્રો બહાર પાડેલા છે.

ઉપરોક્ત સરકારશ્રીના પરિપત્રને કાયદાના સ્વરૂપે અમલમાં લાવવા, જરૂરી પ્રક્રિયામાંથી પસાર થવામાં સમય લાગે તેમ છે અને હાલમાં શૈક્ષણીક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આવા ગુટખાઓનું ખુબજ પ્રમાણમાં સેવન કરતા હોવાનું જણાવયેલ છે. જે આરોગ્યને નુકશાન કરતા હોય, તેને અંકુશમાં લાવવા, ચોક્કસ પ્રતિબંધ રાખવો જરૂરી બને છે. જેથી આ બાબતે કાયદાકીય જોગવાઈ કર્યેથી જાહેર હિત તેમજ જાહેર આરોગ્યની સલામતી જાળવવામાં સહાય રૂપ થાય તેમ છે.

વાસ્તે હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિમય ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નં. જીજી/૬/ફકઅ/ ૧૦૮૮/૬૭૫૦/મ, માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને સુપ્રી. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ) ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૦૧-૦૧-૨૦૦૫ કલાક ૦૦-૦૦ થી તા. ૨૮-૦૨-૨૦૦૫ ક. ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

શૈક્ષણીક સંસ્થાઓમાં તથા તેની ૧૦૦ મીટરની આજુબાજુના વિસ્તારમાં ગુટખાના વેચાણ કરવા, રાખવા તથા તેનું સેવન કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળ આવતી શૈક્ષણીક સંસ્થાઓ તથા તેની ૧૦૦મીટરની આજુબાજુનો વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમન ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ ૨૪ માહે ડિસેમ્બર ૨૦૦૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૪ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

સંજય શ્રીવાસ્તવ,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર,
રાજકોટ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના અંતિમ આદેશ ક્રમાંક:-ફડચ/ઝ/૨૮૩-૦૩ તા:-૧૪/૮/૦૩.

(૨) ગુ. સ. મં. અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૮(૪).

(૩) જનરલ મેનેજર ક.જી.મ.સહ.બેન્ક.લી. ભુજના તા:-૨૩/૧૨/૦૪ના પત્ર ક્રમાંક : ૪૬/૧૬૫૨.

સુધારા હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ઝ/૨૦૦૪.-ઉક્ત વંચાણ ક્રમ-૧ વાળા આદેશથી શ્રી જયનગર કો. ઓ. હા. સોસા. લી. ભુજ, તા. ભુજને કાયમી ફડચામાં લઈ જવામાં આવેલ અને તેના ફડચા અધિકારી તરીકે જનરલ મેનેજરશ્રી ક.જિ.મ.સહ.બેન્ક.લી. ભુજની નિમણુંક કરવામાં આવેલ. જે વંચાણે ક્રમ-૨,૩ અન્વયે આથી સુધારો કરવામાં આવે છે અને મંડળીના ફડચા અધિકારી તરીકે બ્રાન્ચ મેનેજરશ્રી ક.જિ.મ.સહ.બેન્ક.લી ભીડશાખાની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ આ મંડળીની ફડચાની કામગીરી કાયદા-કાનુનની જોગવાઈ અન્વયે નિયત સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

ભુજ, — માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

વાય. એ. બલોચ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૧૯૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ-૨૪-૯૧-ડીડીસી-૧૧૬૮-પ૨૦૪-જે.

(૨) આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ-ક-૪-૧૪૮૪૦-૨૦૯૭-૨૧૦૬-૦૨ તારીખ : ૨૧-૧૦-૨૦૦૨.

(૩) શ્રી કે. જે. કાનાણી, સહકારી અધિકારી (ફ-૨) કચેરીમાં, જામનગરનાં તારીખ : ૧૩-૧૨-૨૦૦૪નાં પત્ર ક્રમાંક : ફડચ-ફ-૨-૩૪૩-૨૦૦૪ થી રજુ થયેલ દરખાસ્ત.

(૪) શ્રી પી. એન. આંબલીયા, સબ ઓડીટર (લીરી) સ. મં. જામનગરનાં તા. ૧૩-૧૨-૦૪નાં પત્ર ક્રમાંક : અષણ-૨૭૪-૨૦૦૪થી રજુ થયેલ સંસ્થાના તા. ૧-૬-૯૮ થી ૧૩-૧૨-૦૪ સુધીનાં અંતિમ ઓડિટની ઓડિટનોંધ.

હુકમ

ક્રમાંક : ફડચ/ક/૪/૨૩૭૯/૧૦૩૭૬/૮૮/૨૦૦૪.-આથી હું, એમ. એસ. લોખંડે, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ શ્રી કંડોરણા તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. : કંડોરણા, તા. : ખંભાલીયા, જિલ્લો : જામનગર જે નોંધણી નંબર : ૬૩૦૭ તા. ૫-૭-૮૩ થી નોંધાયેલ છે. તેને કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચા અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ થતાં, સહકારી કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે નોંધણી રદ કરૂં છું.

જામનગર, ૨૦ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૧૯૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ-૨૪-૯૧-ડીડીસી-૧૧૬૮-પ૨૦૪-જે.

(૨) આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ-ક-૪-૧૪૮૫૧-૨૩૮૭-૯૪-૨૦૦૨ તારીખ : ૧૬-૧૧-૨૦૦૨.

(૩) શ્રી કે. જે. કાનાણી, સહકારી અધિકારી (ફ-૨) કચેરીમાં, જામનગરનાં તારીખ : ૨૮-૧૨-૨૦૦૪નાં પત્ર ક્રમાંક : ફડચ-ફ-૨-૩૪૯-૨૦૦૪ થી રજુ થયેલ દરખાસ્ત.

(૪) શ્રી પી. એન. આંબલીયા, સબ ઓડીટર (લી.રી) સ. મં. જામનગરનાં પત્ર ક્રમાંક : અષણ-૨૭૫-૨૦૦૪ તા. ૨૮-૧૨-૨૦૦૪થી સંસ્થાના તા. ૧-૪-૨૦૦૧ થી તા. ૨૬-૧૨-૨૦૦૪ના અંતિમ ઓડિટ અહેવાલનો મોકલેલ ઓડિટમેમો.

હુકમ

ક્રમાંક : ફડચ/ક/૪/૨૪૧૧/૧૦૫૨૦/૨૦/૨૦૦૪.-આથી હું, એમ. એસ. લોખંડે, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ શ્રી વાંકીયા તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. : વાંકીયા, તા. : ધ્રોલ, જિલ્લો : જામનગર જે નોંધણી નંબર : ૧૯૨૧૨ તા. ૬-૬-૮૧ થી નોંધાયેલ છે. તેને કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચા અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ થતાં, સહકારી કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે નોંધણી રદ કરૂં છું.

જામનગર, ૩૦ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૧૯૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૬૮/પ૨૦૪/જે.

(૨) આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/૧૨૯૨૯/૨૮૫ થી ૨૯૨/૨૦૦૨ તા. ૧૧-૦૨-૨૦૦૨.

(૩) શ્રી સહકારી અધિકારી (ફ-૧) કચેરીમાં, જામનગરનાં તા. ૩૧-૧૨-૨૦૦૪નાં પત્ર ક્રમાંક : ફડચ/૦૧/૧૧૫/ ૨૦૦૪થી રજુ થયેલ દરખાસ્ત.

(૪) શ્રી પી. એન. આંબલીયા, સબ ઓડીટર, (લી. રી.) સ. મં. જામનગર તરફથી તારીખ ૧-૪-૦૧ થી ૩૧-૧૨-૨૦૦૪ સુધીના સમયનું કરવામાં આવેલ અંતિમ ઓડિટનો ઓડીટ અહેવાલ.

હુકમ

ક્રમાંક : ફડચ/ક-૪/૨૪૮૮/૯૭/૨૦૦૪.-આથી હું એમ. એસ. લોખંડે, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ શ્રી હડમતીયા તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. હડમતીયા તા. જામનગર, જિ. જામનગર, જે નોંધણી નંબર-૬૨૩૨, તા. ૨૪-૧૦-૮૧થી નોંધાયેલ છે. તેને કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચાની કામગીરી તમામ કાર્યવાહી પૂર્ણ થતાં, સહકારી કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે નોંધણી રદ કરૂં છું.

જામનગર, ૩૧ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૧૯૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/ ૧૧૬૮/૫૨૦૪/જે.

(૨) આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/૧૨૧૬૭/ ૨૮૪ /૯૩/૨૦૦૦ તા. ૨-૦૩-૨૦૦૦.

(૩) શ્રી કે. જે. કાનાણી, સહકારી અધિકારી (ફ-૨) કચેરીમાં, જામનગરનાં તા. ૨૮-૧૨-૨૦૦૪નાં પત્ર ક્રમાંક : ફડચ/ ફ-૨/૩૪૮/૨૦૦૪થી રજુ થયેલ દરખાસ્ત.

(૪) શ્રી પી. એન. આંબલીયા, સબ ઓડીટર, (લી. રી.) સ. મં. જામનગરનાં પત્ર ક્રમાંક : અષણ/૨૭૬/૨૦૦૪, તારીખ ૨૬-૧૨-૨૦૦૪ થી સંસ્થાના તા. ૧-૭-૯૯થી તા. ૨૬-૧૨-૦૪નાં અંતિમ ઓડિટ અહેવાલનો મોકલેલ ઓડિટમેમો.

હુકમ

ક્રમાંક : ફડચ/ક-૪/૨૪૨૧/૩૦/૧૦૫૩૦/૨૦૦૪.-આથી હું એમ. એસ. લોખંડે, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ શ્રી સડોદર તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. સડોદર, તા. જામજોધપુર, જિ. જામનગર, જે નોંધણી નંબર-૨૦૫૭૨, તા. ૧૩-૫-૮૭થી નોંધાયેલ છે. તેને કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચાની કામગીરી તમામ કાર્યવાહી પૂર્ણ થતાં, સહકારી કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે નોંધણી રદ કરૂં છું.

જામનગર, ૩૦ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૧૯૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/ ૧૧૬૮/૫૨૦૪/જે.

(૨) આ કચેરીનાં ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/ ક-૪/૨૧૭૬/૨૦૦૪, તા. ૨૬-૧૦-૨૦૦૪.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૫૩૮૨/૨૪૫૭ થી ૨૪૬૬/૧૦૫૭૦/ ૦૪.-આથી હું એમ. એસ. લોખંડે, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, અમોને મળેલ અધિકારની રૂએ શ્રી ગોલીટા સેવા સહકારી મંડળી લી. મુ. ગોલીટા, તા. ધ્રોલ, જિ. જામનગર, જે નોંધણી નંબર-એ-૨૫૩૩૧, તા. ૧૮-૬-૦૧થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની પેટા કલમ૧(અ)(ક)(૨)(૪) તથા પેટા કલમ-૩ અન્વયે ફડચામાં લઈ જતાં વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂં છું.

સદરહું અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફ-૨)ની નિમણુંક છે. તે ફડચાની કાર્યવાહી નિયત સમયમર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૩૧ માહે ડિસેમ્બર, સને ૨૦૦૪.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૧૯૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/ ૧૧૬૮/૫૨૦૪/જે.

(૨) આ કચેરીનાં ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/ ક-૪/૨૨૯૮/૨૩૦૨/૨૦૦૪, તા. ૨૨-૧૧-૨૦૦૪.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૫૩૮૧/૨૪૪૭ થી ૨૪૫૬/૧૦૫૫૯/ ૦૪.-આથી હું એમ. એસ. લોખંડે, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી

ક્રમાંક : ફડચ-ક-૪-૮૬ થી ૯૫-૨૦૦૫.—આથી હું, એમ. એસ. લોખંડે, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ શ્રી કુન્નડ તેલીબીંયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કુન્નડ, તા. જોડીયા, જિલ્લો : જામનગર, જે નોધંણી નંબર-૧૮૨૦૫, તા. ૭-૫-૮૧ થી નોંધાયેલ છે. તેને કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચા અંગેની તમામ કાર્યવાહી પુર્ણ થતા સહકારી કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે નોંધણી રદ કરૂં છું.

જામનગર, ૨૭ માહે જાન્યુઆરી સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૧૯૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ-૨૪-૯૧-ડીડીસી-૧૧૬૮-૫૨૦૪-જે.

૨. આ કચેરીનાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ-ક-૪-૧૨૬૩૦-૨૦૬૭-૭૫-૨૦૦૦, તારીખ ૨૩-૧૦-૨૦૦૦.

૩. શ્રી એમ. આર. બાટી, સહકારી અધિકારી (ફ-૧) કચેરીમાં જામનગરનાં તા. ૨૦/૨૪-૧-૨૦૦૫નાં પત્ર ક્રમાંક ફડચ-૦૧-૫-૨૦૦૫થી રજુ થયેલ દરખાસ્ત.

૪. શ્રી પી.એન.આંબલીયા સબ ઓડિટર (લીરી) સ. મં. જામનગર દ્વારા તારીખ ૧-૭-૯૯ થી ૧૯-૧-૨૦૦૫ સુધીના સમયના અંતિમ ઓડિટની મોકલેલ ઓડિટ નોંધ.

હુકમ

ક્રમાંક : ફડચ-ક-૪-૯૬ થી ૧૦૫-૨૦૦૫.—આથી હું, એમ. એસ. લોખંડે, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ શ્રી ખારવા તેલીબીંયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ખારવા, તા. ધ્રોલ, જિલ્લો : જામનગર, જે નોધંણી નંબર-૬૩૪૭ તા. ૧૧-૫-૮૪ થી નોંધાયેલ છે. તેને કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચા અંગેની તમામ કાર્યવાહી પુર્ણ થતા સહકારી કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે નોધંણી રદ કરૂં છું.

જામનગર, ૨૭ માહે જાન્યુઆરી સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નથણ/ક-૩/૬૮-૭૨/'૦૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર આથી જાહેર કરે છે કે, શ્રી આવળકૃપા મજૂર બાંધકામ સ. મં. લી., સ્થળ : પાટણ, તા. : જામજોધપુર, જિ. જામનગર, સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે. જેના નોંધણી નં. : ઉ. ૧૨૭૩૬ છે.

જામનગર, ૨૪ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

એમ. એસ. લોખંડે,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ઘખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

હુકમ

જા. નં. : ફડચ/ખ-૪/૧૧૦૪/૧૫૩૫/૦૫.-હું વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે મળેલ સત્તા અધિકારીની રૂએ નીચે જણાવેલ સંસ્થાઓમાં ફડચા અધિકારીની નિમણુંક કરેલ તે રદ કરી તેની જગ્યાએ આ કચેરીના મદદનીશ સહકારી અધિકારી (ચ-જ શાખા)ની નિમણુંક કરૂં છું. હુકમની અન્ય શરતો યથાવત રહેશે.

ક્રમ	મંડળીનું નામ	તાલુકો	હુકમની તારીખ
(૧)	શ્રી રાણપુર દુધ ઉત્પાદક સહ. મં. લી.	ભેસાણ	૪-૬-૨૦૦૧
(૨)	શ્રી સરદારગઢ દુધ ઉત્પાદક સહ. મં. લી.	માણાવદર	૧૯-૩-૨૦૦૧
(૩)	શ્રી ભંડુરી દુધ ઉત્પાદક સહ. મં. લી.	માળીયા	૨૮-૩-૨૦૦૧
(૪)	શ્રી મંડોરી તેલી. ઉત્પાદક સ. મં. લી.	વેરાવળ	૩૦-૯-૨૦૦૩

INDEX

ક્રમ	મંડળીનું નામ	તાલુકો	હુકમની તારીખ
(૫)	શ્રી ભેટાળી જુથ સામુદાયિક ખેતી સ. મં. લી.	વેરાવળ	૨૪-૧૨-૦૩
(૬)	શ્રી મિત્યાજ દુધ ઉત્પાદક સહ. મં. લી.	કોડીનાર	૪-૬-૨૦૦૧

જુનાગઢ, ૨૪ માહે જાન્યુઆરી સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ખ-૩/ઉ-૧૨૭૯૩/૦૫.-આથી જાહેર કરે છે કે, શ્રી મટાણા મજુર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મટાણા, તા. : સુત્રાપાડા, જિ. જુનાગઢ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૦ માહે જાન્યુઆરી સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ખ-૩/ઉ-૧૨૭૯૧/૦૫.-આથી જાહેર કરે છે કે, શ્રી ગાયત્રી મજુર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : પ્રશ્નાવડા, તા. : સુત્રાપાડા, જિ. જુનાગઢ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૦ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ખ-૩/ઉ-૧૨૭૯૨/૦૫.-આથી જાહેર કરે છે કે, શ્રી સાંઇકૃપા મજુર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : તાલાળા, તાલુકો : તાલાળા, જીલ્લો. જુનાગઢ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૦ માહે જાન્યુઆરી સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ખ-૩/ઉ-૧૨૭૮૭/૦૫.-આથી જાહેર કરે છે કે, શ્રી નિકીતા મજુર બાંધકામ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : વેરાવળ, તાલુકો : વેરાવળ, જીલ્લો. જુનાગઢ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૭ માહે જાન્યુઆરી સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ખ-૩/ઉ-૧૨૭૮૮/૭૬/૦૫.-આથી જાહેર કરે છે કે, શ્રી કોડીનાર તાલુકા ડુંગળી ઉત્પાદકોની સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : કોડીનાર, તાલુકો : કોડીનાર, જીલ્લો. જુનાગઢ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૭ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

વી. એમ. મહેતા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/નસબ/૧૨/૨૦૦૩/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪.

(૨) આ કચેરીના તા. ૨૨-૧૧-૦૪ ના હુકમ નં. ફડચ/૦૧/ખ-૪/૧૪૩૩/૦૪નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૬૨૦૭/ખ-૪/૧૮/૨૦૦૫.-ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭-૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, યુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ભાવનગર. શ્રી જુનાજાળીયા મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. જુનાજાળીયા, તા. સિહોર, જિ. ભાવનગર સદરહું સંસ્થાને માટે તા. ૨૨-૧૧-૯૪ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮-૧ અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિ. ફ. નં. ૩ ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૧૯ માહે જાન્યુઆરી સને ૨૦૦૫.

યુ. એમ. વાસણાવાળા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

વંચાણે લીધા :

(૧) સરકારીશ્રીના ખેતી સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૯૩૭/ ૨૦૦૪, તા. ૧૫-૧૨-૨૦૦૪.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૮૦/૨૦૦૫.-શ્રી ગણેશ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. પાટડી, તા. દસાડા, જિલ્લો સુ.નગર જે નોંધણી નંબર-૪૭૨૦, તા. ૪-૨-૮૦થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨ વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ જે અન્વયે મંડળી તરફથી કોઈ રજુઆત આવેલ ન હોય ઉપર્યુક્ત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૫ માહે જાન્યુઆરી સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારીશ્રીના ખેતી સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૯૧૯/ ૨૦૦૪, તા. ૩૦-૧૧-૨૦૦૪.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૫૮/૨૦૦૫.-શ્રી અલંકાર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. સુરેન્દ્રનગર, તા. વઢવાણ, જિલ્લો સુ.નગર જે નોંધણી નંબર-૨૭૧, સને ૧૯૮૨થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨ વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ જે અન્વયે મંડળી તરફથી કોઈ રજુઆત આવેલ ન હોય ઉપર્યુક્ત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૫ માહે જાન્યુઆરી સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારીશ્રીના ખેતી સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૯૨૦/ ૨૦૦૪, તા. ૩૦-૧૧-૨૦૦૪.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૪૭/૨૦૦૫.-શ્રી તૃપ્તિ ગ્રાહક સહકારી ભંડાર લી., મુ. ભલગામડા, તા. લીંબડી, જિલ્લો સુ.નગર જે નોંધણી નંબર-ભં-૧૩૯૪, તા. ૨૭-૫-૯૯થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨ વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ જે અન્વયે મંડળી તરફથી કોઈ રજુઆત આવેલ ન હોય ઉપર્યુક્ત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૫ માહે જાન્યુઆરી સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારીશ્રીના ખેતી સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૯૩૯/ ૨૦૦૪, તા. ૧૫-૧૨-૨૦૦૪.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૬૯/૨૦૦૫.-શ્રી નર નારાયણ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. માલણીયાદ, તા. હળવદ, જિલ્લો સુ.નગર જે નોંધણી નંબર-૨૪૫૦, તા. ૨-૬-૭૧થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨ વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ જે અન્વયે મંડળી તરફથી કોઈ રજુઆત આવેલ ન હોય ઉપર્યુક્ત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૫ માહે જાન્યુઆરી સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારીશ્રીના ખેતી સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૯૩૮/ ૨૦૦૪, તા. ૧૫-૧૨-૨૦૦૪.

(૩) મંડળીના પ્રમુખશ્રીનો તા. ૧૮-૧૨-૨૦૦૪નો પત્ર.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૯૩/૨૦૦૫.-શ્રી આદરીયાણા મજુર સહકારી મંડળી લી., મુ. આદરીયાણા, તા. દસાડા, જિલ્લો સુ.નગર જે નોંધણી નંબર-૮૮૭૪, તા. ૧૯-૧૦-૮૨થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨ વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ જે અન્વયે મંડળીના પ્રમુખશ્રીએ તા. ૧૮-૧૨-૨૦૦૪થી રજુઆત કરેલ પરંતુ માત્ર શાબ્દીક રજુઆત હોઈ, કોઈ આધાર પુરાવા સાથે રજુઆત કરેલ ન હોઈ મંડળીની રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ ન હોઈ ઉપર્યુકત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૫ માહે જાન્યુઆરી સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નં. ૩૧૨૪૬/સને-૨૦૦૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સ. મ., જિ. પં., જુનાગઢ શ્રી શેખપૂર સેવા સહકારી મંડળી લી., શેખપૂર, તા. : શેખપૂર, જિ. : જુનાગઢને સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ ૧૦મા ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધણી કરેલ છે.

જુનાગઢ, ૧૦ માહે જાન્યુઆરી સને ૨૦૦૫.

ડી. એન. ચિત્રોડા,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સ. મં., જિ. પં.,
જુનાગઢ.

મેનેજર (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજ્યનાં સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજ્યનાં ખેતી સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામાં ક્રમાંક : જી. એચ. કે. એચ./૨૪૯૧/ ડીડીસી/૧૧૮૮/પ૨૦૪/જે. તા. ૩૦-૩-૯૧.

(૩) અત્રેની કચેરીની તા. ૩૦-૧૦-૦૪ની ફડચા અંગેની કારણદર્શક નોટિસ તથા ૧-૧૨-૦૪ની ઓડીટ પૂર્ણ કરાવવાની નોટિસ.

(૪) અત્રેની કચેરીના ફડચાના વચગાળાના આદેશ નં. જીઉકે/ જુના/કુટીર/ફડચ/૧૩૦૨/૦૪ તા. ૧૮-૧૨-૦૪.

(૫) શ્રી ખોડીયાર પથ્થરખાણ ઉત્પાદક કારીગર સ.મં.લી., ચાંચકવડ, તા. ઉનાનો તા. ૧૪-૧૨-૦૪નો પત્ર.

અંતિમ આદેશ

નં. : જીઉકે/જુના/કુટીર/ફડચ/૭૯/૧૪૩૦/૨૦૦૫.-આથી હું, શ્રી એન. ડી. પંચાલ, મેનેજર (કે. વી. સી. આઈ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ), જુનાગઢ મને મળેલ અધિકારોની રૂએ શ્રી ખોડીયાર પથ્થરખાણ ઉત્પાદક કારીગર સ. મં. લી. મુ. ચાંચકવડ, તા. ઉના, જિ. જુનાગઢ જેના નોંધણી નં. ૧૦૮૮૫, તા. ૨૬-૬-૯૬થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (૧) અન્વયે ફડચામાં લઈ જવા અને તેજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે તા. ૧૮-૧૨-૦૪ના આદેશથી નિમવામાં આવેલ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચો લગત અત્રેની કચેરીની નિમણુંક કાયમી કરી ફડચાની કામગીરી નિયત સમયમાં પુર્ણ કરવા આદેશ કરવામાં આવે છે.

ફડચા અધિકારીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી સહકારી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૨૭ માહે જાન્યુઆરી સને ૨૦૦૫.

એન. ડી. પંચાલ,
મેનેજર (કે.વી.સી.આઈ.) અને,
જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ
(ઉદ્યોગ), જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
જુનાગઢ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 24th FEBRUARY, 2005/PHALGUNA 5, 1926 [No. 08

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	129-138	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	44-49
		PART - II Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	183-206
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

District Judge

NOTIFICATION

No. UHC/1/B/32/295/of 2005.-The following are the results of the Departmental Examination held on 5th and 6th July, 2004, in the District Court, Amreli.

(1) HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION-2004

The Following candidates are declared successful at the Higher standard departmental examination held on 5th and 6th July, 2004, and their names are arranged on merit.

(1) Kum. P. D. Dixit

(2) Shri M. C. Thakar

(3) Shri A. A. Vyas

(2) LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION-2004

The Following candidates are declared successful at the Lower standard departmental examination held on 5th and 6th July, 2004, and their names are arranged on merit.

(1) Shri D. M. Kale

(2) Shri P. K. Hathinarayan.

Amreli, 31st January, 2005.

D. K. BHATT,
District Judge,
Amreli.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. યુએચસી/૧/બી/૩૨/૨૯૫/૨૦૦૫.-અમરેલી જીલ્લા અદાલતમાં તારીખ પાંચમી તથા છઠ્ઠી જુલાઈ, ૨૦૦૪ના રોજ લેવાયેલ ખાતાકીય પરીક્ષાઓના પરીણામો નીચે મુજબ છે.

(૧) ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષા-૨૦૦૪

તારીખ પાંચમી તથા છઠ્ઠી જુલાઈ, ૨૦૦૪ના રોજ લેવાયેલ ઉચ્ચ શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં નીચેના ઉમેદવાર સફળ થયેલ હોય તેવું જાહેર કરવામાં આવે છે. અને તેઓના નામ તેઓએ મેળવેલ ગુણાંક પ્રમાણે ગોઠવેલ છે.

(૧) કુ. પી. ડી. દીક્ષીત

(૨) શ્રી એમ. સી. ઠાકર

(૩) શ્રી એ. એ. વ્યાસ

(૨) નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષા-૨૦૦૪

તારીખ પાંચમી તથા છઠ્ઠી જુલાઈ, ૨૦૦૪ના રોજ લેવાયેલ નિમ્ન શ્રેણીની ખાતાકીય પરીક્ષામાં નીચે દર્શાવેલ ઉમેદવારોને સફળ થયેલ હોય તેવું જાહેર કરવામાં આવે છે. અને તેઓના નામ તેઓએ મેળવેલ ગુણાંક પ્રમાણે ગોઠવેલ છે.

(૧) શ્રી ડી. એમ. કાલે

(૨) શ્રી પી. કે. હઠીનારાયણ

અમરેલી, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

ડી. કે. ભટ્ટ,
ડીસ્ટ્રીક્ટ જજ,
અમરેલી.

Read :

(1) Notification No. GK/2004/10/SPC/102003/U.O. 329/D, dated 21-06-04 of Legal Department.

(2) Letter No. A. 727/2003 dtd. 14-09-04 of the Hon. High Court.

(3) Office Order No. Adm/A-14/4544/2004 dtd. 27-09-2004 of District Court, Surendranagar.

OFFICE ORDER

No. Adm./A. 14/577/2005.-As the Government in Legal Department, has, vide its Notification

dated 21-06-04, referred to above, constituted a Special Court for each District consisting of Additional District and Sessions Judge and for the City of Ahmedabad consisting of City Civil and Sessions Judge for the purpose of providing speedy trial of offences referred to in Sections 135 to 139 of the Electricity Act, 2003 (36 of 2003), and as the Hon'ble High Court, has vide its letter dated 14-09-04, referred to above, directed this office to nominate anyone Joint District Judge and Addl. Sessions Judge, working in this District to preside over such Court, my predecessor-in-office was pleased to issue the order referred at Sr. No. 3 nominating Mr. M. I. G. Mansuri, Joint District Judge and Additional Sessions Judge, 3rd Fast Track Court, Surendranagar to preside over such Special Court, but as Mr. M. I. G. Mansuri is already been transferred, the undersigned is pleased to issue the following order :-

The undersigned is pleased to nominate, Mr. A. P. Bhojak, Joint District Judge and Addl. Sessions Judge, Surendranagar, to preside over such Special Court upto 19-06-2005 with immediate effect.

Surendranagar, 31st January 2005.

K. M. BHUT,
District Judge,
Surendranagar.

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૨૨માંની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

જાહેરનામું

નં. મેજી/પોલ/જાહેરનામું-૩૩(૧)૧/૨૦૦૫, તા. ૩૧-૧-૨૦૦૫-વિશ્વબેંક સહાયીત યોજના હેઠળ અર્થકવેક ઈમરજન્સી રીકન્ટ્રકશન પ્રોગ્રામ ફેઝ-૨ અંતર્ગત રાજ્યમાર્ગ યોજના વિભાગ ગાંધીનગર હસ્તક ફતેહગઢથી આડેસર(વાયા મોડા, ખાંડેક) સુધીનો રોડનું કામ હાલમાં ચાલુમાં છે. આ રસ્તા ઉપર ડામર કામ તેમજ અન્ય કામગીરી કરવા માટે ચાર માસ જેટલો સમય થાય તેમ છે. જે રસ્તે વાહનોની અવર-જવર રહે છે. જેના અનુસંધાને કાયદો વ્યવસ્થા અને વાહન વ્યવહાર જાળવવાના હેતુસર આ રસ્તો તા. ૦૧-૦૨-૦૫ થી તા. ૩૧-૦૫-૦૫ સુધી વાહનો લઈ જવા અને લાવવા માટે બંધ કરવાનું ઈષ્ટ જણાય છે. આ રસ્તેથી પસાર થતા વાહનો નીચે અનુસુચિમાં બતાવેલ રસ્તેથી અવર-જવર કરી શકાશે.

જેથી હું, એફ. એ. સુવેરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨ માંની કલમ–૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, ફતેહગઢથી-આડેસર (વાયા મોડા, ખાંડેક) સુધીનો રસ્તો તા. ૦૧-૦૨-૦૫ થી તા. ૩૧-૦૫-૦૫ સુધી વાહનોના વાહન વ્યવહાર માટે સદંતર બંધ રાખવા ફરમાવું છું અને અનુસુચિના ક્રમ નં. (૧) થી (૫)માં દર્શાવેલ રસ્તેથી વાહન વ્યવહાર માટે લઈ જવા લાવવા માટે નક્કી કરૂં છું.

આ હુકમની અંદર વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં જે વ્યાખ્યા આપી છે તેનો સમાવેશ થાય છે.

અનુસુચિ :

(૧) ફતેહગઢથી હમીરપર થઈ ભીમાસર.

(૨) ફતેહગઢથી હમીરપર-ઉમૈયા પ્રાગપર-રાપર.

(૩) ભીમાસરથી આડેસર.

(૪) સેલારીથી ઉમૈયાથી પ્રાગપર-આડેસર.

(૫) સેલારી-ઉમૈયા-હમીરપર-ભીમાસર.

ઉપરોક્ત જાહેરનામાથી નીચે જણાવેલ વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

૧. રસ્તા,અંગેની કામગીરી માટે રોકવામાં આવેલ વાહનો.

૨. અન્ય સરકારી ફરજ પરના વાહનો.

આજરોજ તારીખ ૩૧-૦૧-૨૦૦૫ નાં મારી સહી તથા સિક્કો મારી આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૩૧ માહે જાન્યુઆરી, ૨૦૦૫.

એફ. એ. સુવેરા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ હેઠળ વાહનો માટે રસ્તો કામચલાઉ બંધ કરવા બાબત

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/વ/૮૧૦/૨૦૦૫.-સુરેન્દ્રનગરથી લીંબડી જવા માટે વઢવાણ સીટીમાંથી પસાર થતો રસ્તો અવારનવાર તુટી જતો હોઈ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ,

સુરેન્દ્રનગર દ્વારા આગામી દિવસોમાં આ રસ્તાને ખાસ મરામતના કામમાં સમાવેશ કરી સી. સી. રોડ બનાવવાનું કામ તાજેતરમાં શરૂ કરવામાં આવનાર હોવાનું અને કામ આશરે (૬) મહીના સુધી ચાલવાનું હોવાનું કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સુરેન્દ્રનગર એ તેમના તા. ૨૪-૦૧-૨૦૦૫ના પત્રથી જણાવેલ છે.

વઢવાણસીટીમાંથી લીંબડી જવા માટે પસાર થતા રસ્તાને સી. સી. રોડ બનાવવાની કામગીરી સરળતાપુર્વક અને સત્વરે પૂર્ણ થઈ શકે તે માટે તેમજ વાહનવ્યવહારને કોઈ મુશ્કેલી ન પડે તે હેતુથી તા. ૩૧-૦૧-૦૫ થી સી.સી. રોડ બનાવવાનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધીના સમય દરમ્યાન આ રસ્તા ઉપરથી વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણતાં હું, એસ. એલ. અમરાણી,અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, જિલ્લો સુરેન્દ્રનગર મને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) થી મળેલ સત્તાની રૂએ તા. ૨૪-૦૧-૨૦૦૫થી સદરહું રસ્તાનું સી.સી. રોડ બનાવવાનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ પ્રકારના વાહનોને આ રસ્તા ઉપરથી પસાર થવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

(૧) અમદાવાદ-વિરમગામથી આવતા અને વાયા વઢવાણ થી લીંબડી જતા વાહનોએ ધોળીપોળથી ખાંડીપોળથી લાખુપોળ થી દાજીપરાથી ખારવાની પોળ થી ગંગાવાવથી લીંબડી જવાનું રહેશે. લીંબડીથી આવતા અને વિરમગામ-અમદાવાદ તરફ જતા વાહનોએ પણ આ રસ્તેથી પરત જવાનું રહેશે.

(૨) રાજકોટથી આવતા અને વાયા વઢવાણથી લીંબડી જતા વાહનોએ રતનપર થી જોરાવરનગર થી ઘરશાળા થી ધરમતળાવ થી દાજીપરા થી ખારવાની પોળ થી ગંગાવાવથી લીંબડી જવાનું રહેશે. લીંબડીથી આવતા અને રાજકોટ તરફ જતા વાહનોએ પણ આ રસ્તેથી પરત જવાનું રહેશે.

(૩) ધ્રાંગધ્રા-પાટડી તરફથી આવતા અને વાયા વઢવાણથી લીંબડી જતા વાહનોએ સુરેન્દ્રનગર ૮૦ (એંશી) ફુટના રસ્તાથી સુરેન્દ્રનગર ડેરીથી ભોગાવો પુલ ઉપરથી ઘરશાળા થી ધરમતળાવ તરફ જતા રસ્તા ઉપરથી દાજીપરા થી ખારવાની પોળ થી ગંગાવાવથી લીંબડી જવાનું રહેશે; લીંબડીથી આવતા અને ધ્રાંગધ્રા-પાટડી તરફ જતા વાહનોએ પણ આ રસ્તેથી પરત જવાનું રહેશે.

આ હુકમનો ભંગ કરનાર કે તેમ કરવામાં મદદગારી કરનાર ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૭ (૩) હેઠળ

જાહેરનામું

ક્રમાંક :- મજસ/૩/સભા સરઘસ બંધી/૨ થી ૧૫/૨/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા બરાબર જળવાઈ રહે તેમાટે, પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જાહેર વ્યવસ્થાના હેતુ માટે મને જરૂરી જણાવેલ છે.

વાસ્તે હું. એસ. એલ. અમરાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મને મળેલ અધિકારની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ–૩૭ (૩) હેઠળ સુરેન્દ્રનગર જિલ્લાના સમસ્ત વિસ્તારમાં તા. ૦૨-૦૨-૨૦૦૫ થી તા. ૧૫-૦૨-૨૦૦૫ સુધી (બંને તારીખો સહીત) ના સમયગાળા દરમ્યાન સંબંધિત એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું. આ પ્રતિબંધ કલેકટર કચેરીના મુખ્ય દરવાજા પાસે જમણી બાજુએ ફુટપાથ તરફ દરવાજાથી પાંચ મીટરનું અંતર રાખીને ત્યારબાદની પચાસ મીટર સુધીની ફુટપાથ ઉપરની જગ્યાના વિસ્તારને લાગુ પડશે નહી.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, ભંગ કરવામાં મદદગારી કરશે તો મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ–૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્રે થશે.

આ જાહેરનામું ઉક્ત વિસ્તારમાં સહેલાઈથી વાંચી શકાય, જોઈ શકયા તેવી જગ્યાએ, તેને ચોંટાડી પ્રસિધ્ધ કરવુ, તેમજ ધ્વનિવર્ધક પંત્રો દ્વાર ઢંઢેરો કે દાંડી પિટાવી પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

બોમ્બે પોલીસ એકટ - ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) નું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી/૫/૨-૧૫/૨/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા હથિયાર બંધી જરૂરી જણાય છે, વાસ્તે હું એસ. એલ. અમરાણી, જી.એ.એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જીલ્લો, સુરેન્દ્રનગર મુંબઈ પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ના ૨૨ માંની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકાર ની રૂએ સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તા. ૦૨-૦૨-૨૦૦૫ થી તા. ૧૫-૦૨-૨૦૦૫ સુધી (બન્ને તારીખો સહીત) ના સમય દરમ્યાન પોલીસ

અધિક્ષકશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતે ના કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છે.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, લાકડી અને લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શેક તેવા બીજા કોઈ પણ સાધનો સાથે લઈ જવા નહી.

૨. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ ફેંકવાની કે ધેકલવા ના પંત્રો અથવા સાધનો લઈ જવા નહી.

૩. વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી તથા તૈયાર કરવા નહી.

૪. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

૫. જેનાથી સુરુચિનો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેનું ભાષણ કરવું નહી, તેવી ચેષ્ઠા કરવી નહી, તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

૬. બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાધ્ય વગાડવાની તેમજ

૭. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવા નહી, અથવા ટોળામાં ફરવું નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧ સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવુ કોઈ પણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ પણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યકિત.

૨ પોલીસ અધિક્ષકશ્રી એ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિત ના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

જો કોઈ પણ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે તો, કરવામાં મદદગારી કરશે તો, મુંબઈ પોલીસ અધિનિયમ હેઠળ તથા ફોજદારી ધારા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં ધ્વનીવર્ધક પંત્રો, ઢંડોરો, દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છે.

આજ તારીખ ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩૧, માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩-વ-જાહેરનામું-ધ્રુ.પા.નિ./૨/૨૦૦૫.-

૧. ધુમ્રપાન એ મનુષ્યના આરોગ્ય માટે હાનીકારક છે. ભારતભરમાં ધુમ્રપાનને કારણે હજારો લોકોના મોત થાય છે. જે બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં એક જાહેર હીતની અરજી (રીટ પીટીશન સિવિલ) નં. ૩૧૬-૧૯૯૯ થી (શ્રી મુરલી એસ.દેવરા વિરુધ્ધ યુનિયન બેક ઓફ ઈન્ડીયા) દાખલ થયેલ જે અન્વયે નામદાર સુપ્રિમ કોર્ટે ચુકાદો આપી જાહેર જગ્યાઓએ જે લોકો બીડી, સીગારેટનું ધુમ્રપાન કરે છે. તેને કારણે અન્ય લોકો જેઓ બીડી સીગારેટનું ધુમ્રપાન કરતા નથી, તેઓ જુદા જુદા રોગના ભોગ બને છે. જેથી જાહેર સ્થળો અને જાહેર પરિવહનના સાધનોમાં ધુમ્રપાન પર પ્રતિબંધ ફરમાવેલ છે.

૨ ઉપરોકત નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાને કાયદા સ્વરૂપે અમલમાં લાવવા જરૂરી પ્રક્રિયામાંથી પસાર થવામાં સમય લાગે તેમ છે.હાલમાં જાહેર પ્રદુષણ ઘણું વધારે છે, જાહેર આરોગ્યને નુકશાન કરતા કાર્યો, ધુમ્રપાન વ્યાજબી અંકુશમાં લાવા ચોક્કસ પ્રતિબંધ રાખવો અનિવાર્ય અને તાત્કાલિક જરૂરિયાત બનેલ છે જેથી આ બાબતને કાયદાકીય જોગવાઈ કર્યેથી જાહેર હીત તેમજ જાહેર આરોગ્યની સલામતી જાળવવામાં સહાયરૂપ થાય તેમ છે.

૩ વાસ્તે હું એસ. એલ. અમરાણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો સુરેન્દ્રનગર ગુજરાત સરકારના ગૃહવિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફિકેશન નં. જીજી/૪૨૨/સી.આર.સી. ૧૦૮૨-૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા- કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામાં નં. જીજી-૬-ફકઅ-૧૦૮૮-૬૭૫૦-મ. માં થયેલ છે. જેમાં સુરેન્દ્રનગર જિલ્લાનાં કલેકટરશ્રી, અધિક કલેકટરશ્રી, નાયબ કલેકટરશ્રી અને મામલતદારશ્રીઓને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓ ને ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૦૧-૦૨-૨૦૦૫ થી તા. ૨૮-૦૨-૨૦૦૫ બન્ને તારીખો સહીત નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) કૃત્યો :

નીચે જણાવ્યા મુજબના જાહેર સ્થળો જે બિલ્ડીંગો છે, અને જ્યાં નાગરીકો એકત્રિત થાય છે તેવી જાહેર જગ્યાઓએ બીડી તથા સીગારેટનું ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૫) સ્થળો :

(૧) સરકારી/અર્ધસરકારી અને જાહેર સંસ્થાઓની બિલ્ડીંગોમાં

(૨) સિનેમાઘરોની બિલ્ડીંગોમાં.

(૩) શાળા, કોલેજ શિક્ષણ સંસ્થાઓની ઈમારતોમાં.

(૪) તબીબી સારવારની સંસ્થાઓના બિલ્ડીંગોમાં.

(૫) પુસ્તકાલય બિલ્ડીંગોમાં.

(૬) ન્યાયાલય બિલ્ડીંગોમાં.

(૭) નાટ્યગૃહ/સિનેમાગૃહ બિલ્ડીંગોમાં.

(૮) એસ.ટી.બસ/સીટી બસ/ખાનગી લકઝરી બસોમાં.

(૬) વિસ્તાર :

સુરેન્દ્રનગર જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

આ હુકમનો ભંગ કરનાર કે તેમ કરવામાં મદદગારી કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરવી.

આજ તા. ૩૧, માહે જાન્યુઆરી, સને ૨૦૦૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

સુરેન્દ્રનગર, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

એસ. એલ. અમરાણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૧ (૧) મુજબનું

જાહેરનામું

નં. : બીનવારસી/કેસ-રજિ. નં. : ૧-૦૪.આ કોર્ટનાં બીનવારસી કેસ નં. આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે, પોલીસ ઈન્સ્પેકટરશ્રી સીટી/રૂરલ પોલીસ સ્ટેશન સાવરકુંડલાનાં જાવક નં. : ૧૮૬૫/૦૪ તારીખ ૨૯-૯-૨૦૦૪ થી નીચે જણાવેલ મુદ્દામાલ બિનવારસી હોવાથી સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૩ (૨) અન્વયે જાહેર કરવામાં આવે છે કે, નીચે જણાવેલ મુદ્દામાલ મિલ્કતનો જે કોઈ શખ્સ જેની માલીકી હોવાનો દાવો ધરાવતાં હોય તેણે આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસની અંદર પુરાવા સહીત આ કચેરીએ અમારા રૂબરૂ હાજર થવું. સદરહું મુદતની અંદર જો કોઈપણ શખ્સ/માલીક તરીકે હાજર થશે નહી તો સદરહું ધારા/કાયદાની કલમ-૮૭ અન્વયે આ માલીકી અંગે પુરાવો તપાસી ને મુદ્દામાલનો નિકાલ કરી નાખવામાં આવશે જેની આથી નોંધ લેવી.

મુદ્દામાલની વિગત.	કિંમત
એક કાળા કલરનું હીરો હોન્ડા સ્પેલેન્ડર મો. સા. નં. જી. જે. ૧૧કે ૫૩૯, એન્જીન નં. -૦૧૧૩૭૮૦૯૯ એચ. ૧૭ ઈ તથા મસીન નં. ૯૯એચ. ૧૯ એફ ૧૪૦૪ છે.	૧૯૦૦૦/-

આજ તારીખ ૨૫-૧-૨૦૦૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે કરવામાં આવ્યો.

સાવરકુંડલા, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૧ (૧) મુજબનું

જાહેરનામું

નં. : બીનવારસી/કેસ-રજિ./નં. : ૨-૦૪.-આ કોર્ટનાં બીનવારસી કેસ નં. આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે, પોલીસ ઈન્સ્પેકટરશ્રી સીટી/રૂરલ પોલીસ સ્ટેશન સાવરકુંડલાનાં જાવક નં. : ૧૮૬૫/૦૪ તારીખ ૨૯-૯-૨૦૦૪ થી નીચે જણાવેલ મુદ્દામાલ બિનવારસી હોવાથી સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૩ (૨) અન્વયે જાહેર કરવામાં આવે છે કે, નીચે જણાવેલ મુદ્દામાલ મિલ્કતનો જે કોઈ શખ્સ જેની માલીકી હોવાનો દાવો ધરાવતાં હોય તેણે આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસની અંદર પુરાવા સહીત આ કચેરીએ અમારા રૂબરૂ હાજર થવું. સદરહું મુદતની અંદર જો કોઈપણ શખ્સ/માલીક તરીકે હાજર થશે નહી તો સદરહું ધારા/કાયદાની કલમ-૮૭ અન્વયે આ માલીકી અંગે પુરાવો તપાસી ને મુદ્દામાલનો નિકાલ કરી નાખવામાં આવશે જેની આથી નોંધ લેવી.

મુદ્દામાલની વિગત.	કિંમત
એક મોટર સાયકલ કાળા કલર સ્પેલેન્ડર હીરો હોન્ડા જેની પ્લેટ નંબર નથી, જેના એન્જીન નં. -૯૮ એચ ૧૭ એમ. ઓ. -૧/૯૭૪ ચેસીસ નં. ૯૮ એચ ૧૯ સીઓ/ ૬૬૩૭નું છે તે જુના જેવું છે.	૨૨૦૦૦/-

આજ તારીખ ૨૫-૧-૨૦૦૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે કરવામાં આવ્યો.

સાવરકુંડલા, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૮૧ (૧) મુજબનું

જાહેરનામું

નં. : બીનવારસી/કેસ-રજિ./નં. : ૪-૦૪.-આ કોર્ટનાં બીનવારસી કેસ નં. ૪/૦૪ આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે, પોલીસ ઈન્સ્પેકટરશ્રી સીટી/રૂરલ પોલીસ સ્ટેશન સાવરકુંડલાનાં જાવક નં. : — તારીખ ૩૦-૬-૨૦૦૪ થી નીચે જણાવેલ મુદ્દામાલ બિનવારસી હોવાથી સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૩ (૨) અન્વયે જાહેર કરવામાં આવે છે કે, નીચે જણાવેલ મુદ્દામાલ મિલ્કતનો જે કોઈ શખ્સ જેની માલીકી હોવાનો દાવો ધરાવતાં હોય તેણે આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસની અંદર પુરાવા સહીત આ કચેરીએ અમારા રૂબરૂ હાજર થવું. સદરહું મુદતની અંદર જો કોઈપણ શખ્સ/માલીક તરીકે હાજર થશે નહી તો સદરહું ધારા/કાયદાની કલમ-૮૭ અન્વયે આ માલીકી અંગે પુરાવો તપાસી ને મુદ્દામાલનો નિકાલ કરી નાખવામાં આવશે જેની આથી નોંધ લેવી.

મુદ્દામાલની વિગત.	કિંમત
હિરો હોન્ડા સી. ડી. ૧૦૦ એ.નં.ડી.આઈ.ઓ.ઈ. ૨૧૦૭૨૯ ચે.નં.ડી.ટી.ઓ.એફ.૨૧૦૯૨૯	૨૦,૦૦૦/-

આજ તારીખ ૨૫-૧-૨૦૦૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે કરવામાં આવ્યો.

સાવરકુંડલા, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૮૧ (૧) મુજબનું

જાહેરનામું

નં. : બીનવારસી/કેસ-રજિ./નં. : ૫-૦૪.-આ કોર્ટનાં બીનવારસી કેસ નં. ૫/૦૪ આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે, પોલીસ ઈન્સ્પેકટરશ્રી સીટી/રૂરલ પોલીસ સ્ટેશન સાવરકુંડલાનાં જાવક નં. : તારીખ ૩૦-૬-૨૦૦૪ થી નીચે જણાવેલ મુદ્દામાલ બિનવારસી હોવાથી સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૩ (૨) અન્વયે જાહેર કરવામાં આવે છે કે, નીચે જણાવેલ મુદ્દામાલ મિલ્કતનો જે કોઈ શખ્સ જેની માલીકી હોવાનો દાવો ધરાવતાં હોય તેણે આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસની અંદર પુરાવા સહીત આ કચેરીએ અમારા રૂબરૂ હાજર થવું. સદરહું મુદતની અંદર જો કોઈપણ શખ્સ/માલીક તરીકે હાજર થશે નહી તો સદરહું ધારા/કાયદાની કલમ-૮૭ અન્વયે આ માલીકી અંગે પુરાવો તપાસી ને મુદ્દામાલનો નિકાલ કરી નાખવામાં આવશે જેની આથી નોંધ લેવી.

મુદ્દામાલની વિગત.	કિંમત
કાવાસાકી બજાજ ચે.નં.૩૧ એફ.૯૬ ડી. ૮૦૯૧૪	૧૫,૦૦૦/-

આજ તારીખ ૨૫-૧-૨૦૦૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે કરવામાં આવ્યો.

સાવરકુંડલા, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૮૧ (૧) મુજબનું

જાહેરનામું

નં. : બીનવારસી/કેસ-રજિ./નં. : ૬-૦૪.-આ કોર્ટનાં બીનવારસી કેસ નં. ૬/૦૪ આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે, પોલીસ ઈન્સ્પેકટરશ્રી સીટી/રૂરલ પોલીસ સ્ટેશન સાવરકુંડલાનાં જાવક નં. : તારીખ ૩૦-૬-૨૦૦૪ થી નીચે જણાવેલ મુદ્દામાલ બિનવારસી હોવાથી સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૩ (૨) અન્વયે જાહેર કરવામાં આવે છે કે, નીચે જણાવેલ મુદ્દામાલ મિલ્કતનો જે કોઈ શખ્સ જેની માલીકી હોવાનો દાવો ધરાવતાં હોય તેણે આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસની અંદર પુરાવા સહીત આ કચેરીએ અમારા રૂબરૂ હાજર થવું. સદરહું મુદતની અંદર જો કોઈપણ શખ્સ/માલીક તરીકે હાજર થશે નહી તો સદરહું ધારા/કાયદાની કલમ-૮૭ અન્વયે આ માલીકી અંગે પુરાવો તપાસી ને મુદ્દામાલનો નિકાલ કરી નાખવામાં આવશે જેની આથી નોંધ લેવી.

મુદ્દામાલની વિગત.	કિંમત
બજાજ મો. સા. જી. બી. એસ. ૭૮૨૬	૬૦૦૦/-

આજ તારીખ ૨૫-૧-૨૦૦૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે કરવામાં આવ્યો.

સાવરકુંડલા, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૮૧ (૧) મુજબનું

જાહેરનામું

નં. : બીનવારસી/કેસ-રજિ./નં. : ૭-૦૪.-આ કોર્ટનાં બીનવારસી કેસ નં. ૭/૪૦ આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે, પોલીસ ઈન્સ્પેકટરશ્રી સીટી/રૂરલ પોલીસ સ્ટેશન સાવરકુંડલાનાં જાવક નં. : તારીખ ૩૦-૬-૨૦૦૪ થી નીચે જણાવેલ મુદ્દામાલ બિનવારસી હોવાથી સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૩ (૨) અન્વયે જાહેર કરવામાં આવે છે કે, નીચે જણાવેલ મુદ્દામાલ મિલ્કતનો જે કોઈ શખ્સ જેની માલીકી હોવાનો દાવો ધરાવતાં હોય તેણે આ જાહેરનામાની

તારીખથી ૬ (છ) માસની અંદર પુરાવા સહીત આ કચેરીએ અમારા રૂબરૂ હાજર થવું. સદરહું મુદતની અંદર જો કોઈપણ શખ્સ/માલીક તરીકે હાજર થશે નહી તો સદરહું ધારા/કાયદાની કલમ-૮૭ અન્વયે આ માલીકી અંગે પુરાવો તપાસી ને મુદ્દામાલનો નિકાલ કરી નાખવામાં આવશે જેની આથી નોંધ લેવી.

મુદ્દામાલની વિગત.	કિંમત
હિરો હોન્ડા સ્પ્લેન્ડર નં. જીજે ૧૧ કે ૫૩૯	૧૯૦૦૦/-

આજ તારીખ ૨૫-૧-૨૦૦૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે કરવામાં આવ્યો.

સાવરકુંડલા, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૧ (૧) મુજબનું

જાહેરનામું

નં. : બીનવારસી/કિસ-રજિ./નં. : ૮-૦૪.-આ કોર્ટનાં બીનવારસી કેસ નં. ૮/૦૪ આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે, પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી સીટી/રૂરલ પોલીસ સ્ટેશન સાવરકુંડલાનાં જાવક નં. : તારીખ ૩૦-૬-૨૦૦૪ થી નીચે જણાવેલ મુદ્દામાલ બિનવારસી હોવાથી સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૩ (૨) અન્વયે જાહેર કરવામાં આવે છે કે, નીચે જણાવેલ મુદ્દામાલ મિલ્કતનો જે કોઈ શખ્સ જેની માલીકી હોવાનો દાવો ધરાવતાં હોય તેણે આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસની અંદર પુરાવા સહીત આ કચેરીએ અમારા રૂબરૂ હાજર થવું. સદરહું મુદતની અંદર જો કોઈપણ શખ્સ/માલીક તરીકે હાજર થશે નહી તો સદરહું ધારા/કાયદાની કલમ-૮૭ અન્વયે આ માલીકી અંગે પુરાવો તપાસી ને મુદ્દામાલનો નિકાલ કરી નાખવામાં આવશે જેની આથી નોંધ લેવી.

મુદ્દામાલની વિગત.	કિંમત
લ્યુના નં. જી. જે ૧૪-૧૦૬૨	૩૦૦૦/-

આજ તારીખ -૧-૨૦૦૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે કરવામાં આવ્યો.

સાવરકુંડલા, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૧ (૧) મુજબનું

જાહેરનામું

નં. : બીનવારસી/કિસ-રજિ./નં. : ૯-૦૪.-આ કોર્ટનાં બીનવારસી કેસ નં. ૯/૦૪ આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે, પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી સીટી/રૂરલ પોલીસ સ્ટેશન સાવરકુંડલાનાં જાવક નં. : તારીખ ૩૦-૬-૨૦૦૪ થી નીચે જણાવેલ મુદ્દામાલ બિનવારસી હોવાથી સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૩ (૨) અન્વયે જાહેર કરવામાં આવે છે કે, નીચે જણાવેલ મુદ્દામાલ મિલ્કતનો જે કોઈ શખ્સ જેની માલીકી હોવાનો દાવો ધરાવતાં હોય તેણે આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસની અંદર પુરાવા સહીત આ કચેરીએ અમારા રૂબરૂ હાજર થવું. સદરહું મુદતની અંદર જો કોઈપણ શખ્સ/માલીક તરીકે હાજર થશે નહી તો સદરહું ધારા/કાયદાની કલમ-૮૭ અન્વયે આ માલીકી અંગે પુરાવો તપાસી ને મુદ્દામાલનો નિકાલ કરી નાખવામાં આવશે જેની આથી નોંધ લેવી.

મુદ્દામાલની વિગત.	કિંમત
હિરો હોન્ડા નંબર વગરનું ચે.નં. ૯૮ એચ ૧૭ એમઓ ૧૧૯૭૪	૨૨૦૦૦/-

આજ તારીખ ૨૫-૧-૨૦૦૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે કરવામાં આવ્યો.

સાવરકુંડલા, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૧ (૧) મુજબનું

જાહેરનામું

નં. : બીનવારસી/કિસ-રજિ./નં. : ૧૦-૦૪.-આ કોર્ટનાં બીનવારસી કેસ નં. ૧૦/૦૪ આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે, પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી સીટી/રૂરલ પોલીસ સ્ટેશન સાવરકુંડલાનાં જાવક નં. : તારીખ ૩૦-૬-૨૦૦૪ થી નીચે જણાવેલ મુદ્દામાલ બિનવારસી હોવાથી સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૩ (૨) અન્વયે જાહેર કરવામાં આવે છે કે, નીચે જણાવેલ મુદ્દામાલ મિલ્કતનો જે કોઈ શખ્સ જેની માલીકી હોવાનો દાવો ધરાવતાં હોય તેણે આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસની અંદર પુરાવા સહીત આ કચેરીએ અમારા રૂબરૂ હાજર થવું. સદરહું મુદતની અંદર જો કોઈપણ શખ્સ/માલીક તરીકે હાજર થશે નહી તો સદરહું ધારા/કાયદાની કલમ-૮૭ અન્વયે આ માલીકી અંગે પુરાવો તપાસી ને મુદ્દામાલનો નિકાલ કરી નાખવામાં આવશે જેની આથી નોંધ લેવી.

મુદ્દામાલની વિગત.	કિંમત
બોક્સર જી. જે. ૪ સી. ૯૧૩૧	૧૫૦૦૦/-

આજ તારીખ ૨૫-૧-૨૦૦૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે કરવામાં આવ્યો.

સાવરકુંડલા, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
સાવરકુંડલા.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક જી. એચ. કે. એચ./૧૬-૨૦૦૩/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક ફડચ/ગ-૨/૩૫૩/૨૦૦૪, તા. ૧૪-૦૫-૨૦૦૪.

(૩) ફડચા અધિકારીની તા. ૨૭-૧-૨૦૦૫ની દરખાસ્ત.

આદેશ

જા. નં. ફડચ ગ-૨/૪૪૩/૧૫૮/૨૦૦૫.-શ્રી ગુરૂકૃપા મરઘા-બતક ઉછેર અને વેચાણ સહકારી મંડળી લિ. મું. કારોલ, તા. લીંબડી જિલ્લો : સુરેન્દ્રનગર કે જે નોંધણી નંબર-૧૮૬૩૦, તા. ૭-૨-૧૯૯૮ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેને વંચાણે લીધાં ક્રમાંક-૨ ના આદેશથી કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવામાં આવેલ છે. જેની ફડચા કામગીરી મંડળીના ફડચા અધિકારીએ પૂર્ણ કરી વંચાણે લીધા ક્રમાંક-૩ થી મંડળીની નોંધણી રદ કરવા અને ફડચા કામગીરી સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ ઉપર્યુક્ત વિગતો ધ્યાને લઇ ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ અન્વયે મંડળીની ફડચા કામગીરી સમાપ્ત કરવામાં આવે છે. અને કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક જી. એચ. કે. એચ./૧૬-૨૦૦૩/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક ફડચ/ગ-૨/૩૮/૨૦૦૪ તા. ૧૭-૦૧-૨૦૦૪.

(૩) ફડચા અધિકારીની તા. ૨૭-૧-૨૦૦૫ની દરખાસ્ત.

આદેશ

જા. નં. ફડચ ગ-૨/૩૪૦/૧૬૭/૨૦૦૫.-શ્રી અભય વૃક્ષ ઉછેર સહકારી મંડળી લિ. મું. ખોડુ તા. વઢવાણ જિલ્લો : સુરેન્દ્રનગર કે જે નોંધણી નંબર-૨૨૮૬૪ તા. ૨૦-૫-૧૯૮૭ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેને વંચાણે લીધાં ક્રમાંક-૨ ના આદેશથી કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવામાં આવેલ છે. જેની ફડચા કામગીરી મંડળીના ફડચા અધિકારીએ પૂર્ણ કરી વંચાણે લીધા ક્રમાંક-૩ થી મંડળીની નોંધણી રદ કરવા અને ફડચા કામગીરી સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ ઉપર્યુક્ત વિગતો ધ્યાને લઇ ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ અન્વયે મંડળીની ફડચા કામગીરી સમાપ્ત કરવામાં આવે છે. અને કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

મેનેજર, (કે. વી. સી. આઇ.) અને જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ તથા ૧૧૫ની જોગવાઈઓ.

(૨) ગુજરાત રાજ્યના ખેતી સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ-૨૪૯૧/ ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જે. તા. ૩૦-૩-૯૧.

(૩) અત્રેની કચેરીના હુકમ નં. : જીઉકે/જુના/કુટીર/ફડચ/ ૧૧૨૭ તા. ૩૧-૮-૯૬.

(૪) ફડચા અધિકારીશ્રી, શ્રી સુથારી-લુહારી અને નાના કારીગરોની સહકારી મંડળી લી., (ફ) શાપુર અને જુનાગઢ જિલ્લા સહકારી બેંક લી., વંથલી-વહીવટ ફડચો વિ. ૬નો ક્રમાંક : વ/ફ/૦૪-૦૫/૬૧૪ તા. ૧૩-૧૨-૦૪નો પત્ર.

આદેશ

નં. : જીઉકે/જુના/કુટીર/ફડચ/૮૫/૧૪૫૩/૨૦૦૫.-આથી હું શ્રી એન. ડી. પંચાલ, જિલ્લા રજિસ્ટ્રાર અને મેનેજર (કે. વી. સી. આઈ.), જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જુનાગઢને વંચાણે લીધા ક્રમ-૧ તથા ક્રમ-૨ મુજબ મળેલ અધિકારની રૂએ શ્રી સુથારી-લુહારી નાના કારીગરોની ઔદ્યો. સહકારી મંડળી લી., (ફ) શાપુર તા. : વંથલી, જિ. : જુનાગઢ કે જેનો નોંધણી નંબર : ૭૪૨૨, તા. ૨૮-૯-૧૯૭૮થી નોંધાયેલ સહકારી સંસ્થાની ફડચા કામગીરી સમાપ્ત થયાનું આથી જાહેર કરૂં છું. તેમજ તેના ટ્રસ્ટી પ્રતિનિધિ તરીકે શ્રી ખાસ અધિકારી વહીવટ ફડચો વિ. ૬, જુનાગઢ જિલ્લા સહકારી બેંક લી., મુ. : વંથલી, શાખાની નિમણૂંક કરવામાં આવે છે. તેમણે ઉપર મુજબની કામગીરી (સરવૈયા મુજબની) પુર્ણ કરવાની રહેશે અને વધારાની રકમ નીચે સહી કરનારના પી. એલ. એ. એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે.

જુનાગઢ, ૨૯ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) અત્રેની કચેરીના ફડચાના અંતિમ હુકમ ક્રમાંક : જીઉકે/જુના/કુટીર/ફડચ/૧૭૫૮ તા. ૨૧-૧૦-૯૫.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) ની તથા કલમ-૨૦ (૧)ની જોગવાઈઓ.

(૩) સરકારશ્રીના કૃષિ અને સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના નોટીફીકેશન નંબર ઘખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જે. તા. ૩૦-૩-૯૧.

(૪) ફડચા અધિકારીનો તા. ૨૩-૧૨-૦૪નો પત્ર.

હુકમ

નં. : જીઉકે/જુના/કુટીર/ફડચ/૮૪/૧૪૫૫/૨૦૦૫.-શ્રી આંબેડકર ચર્મોદ્યોગ અને બોન ઉત્પાદક સ. મં. લી., કોબ. તા. : ઉના, જિ. : જુનાગઢનો વંચાણે લીધેલ ક્રમાંક નં. : ૧ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

૧. સદરહું મંડળી નોંધણી નંબર ઉ-૯૭૧૫ તા. ૭-૨-૯૦થી નોંધાયેલ છે.

૩. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) તથા ૨૦ (૧) તથા વંચાણે લીધેલ ક્રમાંક નં. ૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી આંબેડકર ચર્મોદ્યોગ અને બોન ઉત્પાદક સ. મં. લી., મુ. કોબ તા. : ઉના, જિ. : જુનાગઢની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું. તેમજ આજ કાયદાની કલમ-૨૦ (૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂં છું.

જુનાગઢ, ૨૯ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
મેનેજર, (કે. વી. સી. આઈ.) અને
જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ),
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
જુનાગઢ.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક: ઘખ/૧૪૮/૮૨/ડીડીસી(૧)/૮૨/૭૪૨૫ તા. ૨૧-૭-૮૨.

(૨) જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરેન્દ્રનગરના હુકમ ક્રમાંક: ફડચ/ગ-૪/૧૩૧/તા. ૨૯-૬-૧૯૯૮.

(૩) ફડચા અધિકારીશ્રીના તા. ૨૫-૧-૨૦૦૫ના પત્ર ક્રમાંક: ફડચ/ગ-૩/૧૫-૦૫.

હુકમ

ક્રમાંક: ફડચ/ગ-૪/૨૭/૨૦૦૫.-શ્રી એછવાડા એરવાડા જુથ વણકર સ. મં. લી., મુ. એછવાડા તા. દસાડા જિ. સુરેન્દ્રનગર કે જેની નોંધણી નંબર ઉ-૧૦૬૮૨ તા. ૧૧-૯-૧૯૯૧થી સહકારી કાયદા અન્વયે કરવામાં આવેલ હતી. અને સદરહું મંડળીને જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (ઉદ્યોગ) સુરેન્દ્રનગરના હુકમ ક્રમાંક : ફડચ/ ગ-૪/૧૩૧/૧૯૯૮ તા. ૨૯-૬-૧૯૯૮થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થઈ જતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ-૧૧૪(૨) અન્વયે સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. અને તે જ અધિનિયમની કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક: ઘખ/૧૪૮/૮૨/ડીડીસી(૧)/૮૨/૭૪૨૫ તા. ૨૧-૭-૮૨.

(૨) જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ (ઉદ્યોગ) સુરેન્દ્રનગરના હુકમ ક્રમાંક ફડચ/ગ-૪/૧૩૨/૯૮, તા. ૨૯-૬-૧૯૯૮.

(૩) ફડચા અધિકારીશ્રીના તા. ૨૫-૧-૨૦૦૫ના પત્ર ક્રમાંક: ફડચ/ગ-૪/૧૪/૯૮.

હુકમ

ક્રમાંક: ફડચ/ગ-૪/૨૮/૨૦૦૫.-શ્રી ખારાપાટ વણકર સ. મં. લી., મુ. ગવાણા તા. દસાડા જિ. સુરેન્દ્રનગર કે જેની નોંધણી નંબર ઉ-૧૦૬૮૦ તા. ૩૦-૮-૧૯૯૧થી સહકારી કાયદા અન્વયે કરવામાં આવેલ હતી. અને સદરહું મંડળીને જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં. (ઉદ્યોગ) સુરેન્દ્રનગરના હુકમ ક્રમાંક : ફડચ/ગ-૪/૧૩૨/૧૯૯૮, તા. ૨૯-૬-૧૯૯૮થી ફડચામાં લઈ જવામાં આવેલ હતી. સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી પૂર્ણ થઈ જતા સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ કલમ-૧૧૪(૨) અન્વયે સદરહું મંડળીની ફડચાની કાર્યવાહી સમાપ્ત કરવામાં આવે છે. અને તે જ અધિનિયમની કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (ઉદ્યોગ),
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
સુરેન્દ્રનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 3rd MARCH, 2005/PHALGUNA 12, 1926 [No. 09

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	139-158	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	50-55
		PART - II	
		Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	207-230
PART - I - A		**PART - III**	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

કલેક્ટર દ્વારા

વંચાણે લીધા :

(૧) અરજદારશ્રી લખુભાઈ હાથીયાભાઈ અને વાઘજીભાઈ કાળુભાઈ રે. સદામડાની ક્વોરીલીઝની અરજી તા. ૧૯-૧-૧૯૯૧.

(૨) અત્રેની કચેરીના મંજૂરી હુકમ નં. : એજીસુ/ક્યુએલ/૧૦૭૮/૧૪૦ થી ૧૪૬ તા. ૧૭-૧-૧૯૯૨.

જાહેરનામું

નં. : એજીસુ/ક્યુએલ/૧૦૭૮/૫૪૩.-ગુજરાત ગૌણ ખનીજ નિયમો ૧૯૬૬નાં નિયમ-૧૧ અન્વયે અરજદારશ્રી લખુભાઈ હાથીયાભાઈ અને વાઘજીભાઈ કાળુભાઈ રે. સુદામડાને વંચાણે લીધા-૨ થી નીચેની વિગતે મંજૂરી હુકમ આપવામાં આવેલ.

ગામ	તાલુકો	સ.નં.	ખનીજ	વિસ્તાર
સુદામડા	સાયલા	૯૪૬ પૈકી	બ્લેકટ્રેપ	૨-૦૦.૦૦ હે.

કરારખતની શરતોનાં ભાગ બદલ સદરહું ક્વોરીલીઝ આ કચેરીનાં હુકમ નં. : એજીસુ/ક્યુએલ/૫-૨૪૦ તા. ૧૯-૭-૧૯૯૪થી રદ કરવામાં આવેલ છે.

સબબ ગુજરાત ગૌણ ખનીજ નિયમો ૧૯૬૬નાં નિયમ તા. ૧૮(૧) (સી) મુજબ આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી-૩૦ દિવસ બાદ સદર વિસ્તાર જાહેર જનતા ખુલ્લો મુકવામાં આવે છે.

સુરેન્દ્રનગર ૨૦ માહે જાન્યુઆરી સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
કલેક્ટર,
સુરેન્દ્રનગર જિલ્લો,
સુરેન્દ્રનગર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળનું

જાહેરનામું

નં. : ડીએમ/ડીસીએચ/૩૨/૧/૦૫.-દ્વારકા તાલુકાના સુરજ કરાડી ગામે એસ. ટી. બસ સ્ટેશનની આજુબાજુના વિસ્તારમાં કેટલીક ખાનગી બસો, પીકઅપવાન સ્ટેશન વેગન, જીપ, મેટાડોર, છકડારીક્ષા, ટેક્ષીકાર, પ્રાઈવેટકાર વિગેરે વાહનો દ્વારા મુસાફરોની ગેરકાયદે હેરાફેરી કરતા હોવાનું પોલીસ અધિક્ષકશ્રી જામનગર દ્વારા જણાવવામાં આવેલ છે. અને આ પ્રવૃત્તિ અટકાવવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રીએ દરખાસ્ત કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્તની ચકાસણી કરતા બસ સ્ટેશનની આજૂબાજુનાં પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં ઉપર જણાવેલ વાહનો માટે નો પાર્કિંગ ઝોન જાહેર કરવાનું ઉચીત જણાય છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયે નીચે જણાવેલ જાહેરનામાના મુસદો લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ જાહેરનામાં સામે કોઈએ વાંધા અગર સુચનો રજુ કરવાના હોય તો તેઓએ તેમના વાંધા અગર સુચનો લેખિત સ્વરૂપમાં આ મુસદા ગુજરાત રાજ્યનાં ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૨૧ દિવસમાં આ કચેરીએ રજુ કરવા જાણ કરવામાં આવે છે. મુદતમાં રજુ થયેલ હશે તેવા વાંધા કે સુચનો ધ્યાને લેવામાં આવશે, મુદત બહાર રજુ થયેલ વાંધા કે સુચનો ધ્યાને લેવામાં આવશે નહી.

મુસદ્દો

સુરજ કરાડી એસ. ટી. બસ સ્ટેશનની આજુબાજુમાં નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં ખાનગી બસ, પીકઅપ વાન, સ્ટેશન વેગન, જીપ, મેટાડોર, છકડા રીક્ષા, ટેક્ષીકાર વિગેરે પ્રકારનાં વાહનોને ઉભા રાખવા નહી.

પરિશિષ્ટ

૧. એસ. ટી. બસ સ્ટેશનથી ઉત્તરે ૧૦૦ મીટરનાં અંતરે આવેલ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા સુધી.

૨. દક્ષિણે શ્રી જેન્તીલાલ નાનજી રામાણીની દુકાન સુધી.

૩. પુર્વે ઉદ્યોગનગર રોડ ઉપર આવેલ વિનોદ મેડીકલ સ્ટોર સુધી.

૪. પશ્ચિમે પંચાયત ઓફીસ પાછળના રહેણાંક વિસ્તાર સુધી

અપવાદ

૧. આ જાહેરનામુ આ કચેરીએથી માન્ય કરવામાં આવેલ પાર્કીંગ સ્ટેન્ડમાં ઉભા રહેતા વાહનોને લાગુ પડશે નહી.

૨. સરકારી વાહનો તેમજ લોકોની સુખાકારી અને સુવિધા માટે સરકારી એજન્સીઓ મારફત ચલાવવામાં આવતા વાહનો.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ સામે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ નીચે પગલા લેવામાં આવશે.

આજ તા. ૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫ના મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

જામનગર, ૪ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) હેઠળનું

જાહેરનામું

નં. : ડીએમ/ડીસીએચ/૩૨/૦૫.-દ્વારકા તાલુકાના મીઠાપુર ગામે એસ. ટી. બસ સ્ટેશનની આજુબાજુના વિસ્તારમાં કેટલીક ખાનગી બસો, પીકઅપવાન, સ્ટેશન વેગન, જીપ, મેટાડોર, છકડારીક્ષા, ટેક્ષીકાર, પ્રાઈવેટકાર વિગેરે વાહનો દ્વારા મુસાફરોની ગેરકાયદે હેરાફેરી કરતા હોવાનું પોલીસ અધિક્ષકશ્રી જામનગર દ્વારા જણાવવામાં આવેલ છે. અને આ પ્રવૃત્તિ અટકાવવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) હેઠળ જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રીએ દરખાસ્ત કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્તની ચકાસણી કરતા બસ સ્ટેશનની આજુબાજુનાં પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં ઉપર જણાવેલ વાહનો માટે નો પાર્કીંગ ઝોન જાહેર કરવાનું ઉચીત જણાય છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયે નીચે જણાવેલ જાહેરનામાનો મુસદ્દો લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ જાહેરનામાં સામે કોઈએ વાંધા અગર સુચનો રજુ કરવાના હોય તો તેઓએ તેમના વાંધા અગર સુચનો લેખિત સ્વરૂપમાં આ મુસદ્દો ગુજરાત રાજ્યનાં ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૨૧ દિવસમાં આ કચેરીએ રજુ કરવા જાણ કરવામાં આવે છે. મુદતમાં રજુ થયેલ હશે તેવા વાંધા કે સુચનો ધ્યાને લેવામાં આવશે, મુદત બહાર રજુ થયેલ વાંધા કે સુચનો ધ્યાને લેવામાં આવશે નહીં.

મુસદ્દો

મીઠાપુર એસ. ટી. બસ સ્ટેશનની આજુબાજુમાં નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં ખાનગી બસ, પીકઅપ વાન, સ્ટેશન વેગન, જીપ, મેટાડોર, છકડા રીક્ષા, ટેક્ષીકાર વિગેરે પ્રકારનાં વાહનોને ઉભા રાખવા નહીં.

પરિશિષ્ટ

૧. એસ. ટી. બસ સ્ટેશનથી ઉત્તરે ૫૦ મીટરનાં અંતરે આવેલ ઓખા તરફ જતો હાઈવે રોડ

૨. દક્ષિણે ટાટા કંપની મીઠાપુરના મેઈન ગેઈટ સુધી

૩. બસ સ્ટેશનથી પુર્વે ટાટા કંપની મીઠાપુર ગ્રાઉન્ડ સુધી

૪. એસ. ટી. બસસ્ટેશનથી પશ્ચિમ રેલ્વે સ્ટેશન વિસ્તાર સુધી

અપવાદ

૧. આ જાહેરનામુ આ કચેરીએથી માન્ય કરવામાં આવેલ પાર્કીંગ સ્ટેન્ડમાં ઉભા રહેતા વાહનોને લાગુ પડશે નહી.

૨. સરકારી વાહનો તેમજ લોકોની સુખાકારી અને સુવિધા માટે સરકારી એજન્સીઓ મારફત ચલાવવામાં આવતા વાહનો.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ સામે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ નીચે પગલા લેવામાં આવશે.

આજ તા. ૪ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૫ના મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

જામનગર ૪ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૫.

ટી. નટરાજન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
જામનગર.

INDEX

મુંબઈ પોલીસ (સને-૧૯૫૧ના-૨૨માં) અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧) (સી) અન્વયે સુધારા

જાહેરનામું

નં. : એમએજી/સી/૩૩ (૧) (બી)/૦૪-૦૫.-મુંબઈ પોલીસ (સને-૧૯૫૧ના ૨૨મો) અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧) (સી)ની જોગવાઈ હેઠળ આ જિલ્લાના એસ. ટી. સ્ટેન્ડની આસપાસ ખાનગી વાહનો ઉભા ન રાખવાના સંદર્ભે "નો પાર્કીંગ ઝોન"નું જાહેરનામું અમલમાં મુકવામાં આવેલ છે.

કોડીનાર તાલુકાનો સમાવેશ જુનાગઢ જિલ્લામાં થતો હોય, ઉક્ત જાહેરનામામાં કોડીનારનો સમાવેશ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં પત્ર નં. : સીબી-૪/૧૩૯/જાહેરનામું સુધારો/૨૦૦૫, તા. ૨૦-૧-૦૫થી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોક્ત વિગતે આ કચેરીના સરખા ક્રમાંકવાળા તા. ૪-૮-૧૯૯૩નાં જાહેરનામામાં નીચેના વિસ્તારનો "નો પાર્કીંગ ઝોન"માં સમાવેશ કરવામાં આવે છે.

ક્રમ	ડેપો	"નો પાર્કીંગ ઝોન"નું સ્થળ	અંતર
૧	કોડીનાર	એસ.ટી.સ્ટેન્ડથી આસપાસનો વિસ્તાર	૧ કિ. મી.

ઉપરોક્ત વિસ્તારમાં, આ કચેરીના ઉપરોક્ત તા. ૪-૮-૯૩ના જાહેરનામાની અમલવારી કરવાની રહેશે.

જુનાગઢ, ૪ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા ૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/૩/વશી/૧૪૨૮ થી ૧૪૭૭/૨૦૦૫.-(૧) આગામી દિવસોમાં "મોહરમ"નો તહેવાર હોય, જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવાપુરતા કારણો છે તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, એસ. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૧૦-૨-૨૦૦૫ થી તા. ૨૪-૨-૨૦૦૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા સોટા, બંદુક,ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોચાડવા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ પણ ચીજ વસ્તું સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહી. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીઅને બુમો પાડવી નહી તથા સુત્રોચાર કરવા નહી.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમ ગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધસરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિના કારણે લાકડી તથા લાઠી લઈને ફરવું જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ ૧૦-૨-૨૦૦૫ થી તારીખ ૨૪-૨-૨૦૦૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારની અંદર સંબંધિત તાલુકા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/ પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવું છું.

(૭) ઉપરોક્ત પેરા-૬ (છ)માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નના વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ મુંબઈપોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

(૯) આજ તારીખ ૯મી માહે ફેબ્રુઆરી-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૯ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૫.

એસ. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમરેલી.

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૨૨માંની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/જાહેરનામું/૩૭(૧)૦૨/૨૦૦૫.-જીલ્લામાં તા. ૪-૨-૦૫ થી તા. ૫-૨-૦૫ સુધી નિરોણા, તા. નખત્રાણા મધ્યે ફુલપીરદાદાનો મેળો, તા. ૧૯-૨-૦૫ થી તા.૨૦-૨-૦૫ સુધી સાંઘારા તા. ભુજ મધ્યે નાગેશાપીરનો મેળો, તા. ૨૦-૨-૨૦૦૫ના મહોરમ તાજીયા પર્વ, તા. ૨૬-૨-૦૫ થી નારાયણ સરોવર મધ્યે યોજાનાર રામ પરાયણ કથા તેમજ તા. ૨૮-૨-૦૫ના ગાંધીધામ મધ્યે શ્રી ધણીમાતંગ દેવ જયંતી વિગેર પર્વો યોજાનાર છે. જેને અનુલક્ષીને જીલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે માટે સુલેહ શાંતિ અને સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે:

આથી હું, એફ. એ. સુવેરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ–૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા. ૪-૨-૨૦૦૫ થી તા. ૨૮-૨-૨૦૦૫ સુધી નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) અપમાન કરવાના કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં. તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો, પ્લેકાર્ડો, પત્રિકાઓ અથવા બીજા કોઈ પદાર્થ, વસ્તુ તૈયાર કરવી નહીં. અગર અપમાન કરવાના ઈરાદાથી કોઈ નનામી બાળવી નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરે તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસુચિ :

"સમગ્ર કચ્છ જીલ્લાનો વિસ્તાર"

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત મુંબઈ પોલીસ અધિનિયમ–૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આજરોજ તારીખ ૩-૨-૨૦૦૫ નાં રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩ માહે ફેબ્રુઆરી, ૨૦૦૫.

એફ. એ. સુવેરા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ (૧) અન્વયે

જાહેરનામું

નાં. એમએજી/સી/૬૦૯૪ (૩)/૨૦૦૫.-આગામી તારીખ ૨૦-૨-૨૦૦૫નાં રોજ મુસલમાન ભાઈઓનો તહેવાર મહોરમ (તાજીયા) આવે છે. તેથી સદરહું તહેવારને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અને સુલેહશાંતિ અર્થે સાવચેતીનાં પગલા લેવાનું ઈષ્ટ જણાંતાં તા. ૧૨-૨-૦૫ થી તા. ૨૧-૨-૦૫ સુધી (બંન્ને દિવસો સહીત) ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (સને ૧૯૭૪ અધિનિયમ નંબર-૨)ની કલમ-૧૪૪ હેઠળ કોઈપણ ઢોર પશુઓની કતલખાના બહાર જાહેર જગ્યાઓએ કે શેરીઓમાં કતલ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં તા. ૧૦-૨-૦૪નાં પત્રથી દરખાસ્ત રજુ થયેલ છે.

સબબ, ઉપરોક્ત દર્શાવેલ દિવસોએ કોઈપણ કતલખાનાની બહાર જાહેર ખાનગી સ્થળે પાડા, ભેંસની કતલને કારણે તેમજ કોઈ શેરીમાં કે સ્થળોએ દેખાઈ આવે તે રીતે અન્ય કોઈ પણ પશુની કેતલને કારણે જાહેર સુલેહશાંતીનો ભંગ થાય તેમ હોઈ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (સને-૧૯૭૪નો અધિનિયમ નંબર-૨) ની કલમ-૧૪૪(૧)ની હેઠળ પગલાં લેવાનું પુરતુ કારણ છે. અને તે તાત્કાલિક અટકાવવું ઈચ્છનીય છે.

તેથી હું એ. સી. રાઠોડ, જી. એસ. એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ ફોજદારી કાર્યરિતિ અધિનિયમ-૧૯૭૩ સને-૧૯૭૪ના અધિનિયમ નં. ૨ની કલમ-૧૪૪ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી મનાઈ હુકમ ફરમાવું છું. કે, જુનાગઢ જિલ્લાના તમામ તાલુકાના શહેરો

કે કસ્બાઓ તથા ગામડાઓના વિસ્તારમાં કોઈ વ્યક્તિએ તા. ૧૨-૦૨-૦૫ થી તા. ૨૧-૨-૦૫ સુધી બંને દિવસો સહીત કતલખાનાની બહારના કોઈ જાહેર કે ખાનગી સ્થળે, આખલો, પાડા, ભેંસ, કે અન્ય કોઈ પશુઓની કતલ કરવી નહી. અથવા કોઈ શેરીમાં અથવા જાહેર સ્થળોએ દેખાઈ આવે તે રીતે કોઈ પશુની કલત કરવી નહી.

આ જાહેરનામાના ભંગ કરનાર ઈ.પી.કો. કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખ ૦૪ માહે ફેબ્રુઆરી-૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને જાહેર જનતાને જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૪ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૩૩ (૧) એન અને ઓ અન્વયેનું

જાહેરનામું

નં. : એમએજી/સી/૬૦૯૪(૧)૨૦૦૫.-આગામી તા. ૨૦-૨-૦૫નાં રોજ મોહરમ (તાજીયાના) તહેવાર આવે છે. મહોરમના દિવસો દરમ્યાન જુનાગઢ જિલ્લામાં તાજીયાના સરઘસ વિગેરેનું નિયમન કરવાનું અને તે અંગે જાહેર શુલેહશાંતિ તથા જાહેર વ્યવસ્થા જળવાય તે માટે સાવચેતીના પગલાં લેવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) એન અને ઓ અન્વયે જાહેરનામું સમગ્ર જુનાગઢ જિલ્લાના વિસ્તાર માટે પ્રસિધ્ધ કરવાની પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં તા. ૨-૨-૦૫નાં પત્રથી અત્રે દરખાસ્ત રજુ થઈ છે.

ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય, એ. સી. રાઠોડ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨ની કલમ-૩૩ (૧) એન. અને ઓ. અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ નીચે મુજબ ફરમાવું છું.

(૧) તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા ફેરવવા માટે સંબંધકર્તા વિભાગનાં સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી પાસેથી ઠરાવેલ મુદતમાં પરવાનગી અગાઉથી મેળવવી પડશે. આવી પરવાનગી મેળવવા માટે જાહેર વ્યવસ્થા જાળવવા પુરતી ખાત્રી અને રૂપિયા પાંચસોના જાતમુચરકા તથા તેટલીજ રકમના જામીન રજુ કરવાના રહેશે.

(૨) આવી પરવાનગી પરાપૂર્વથી ફેરવવામાં આવતાં તાજીયા માટે અગર માનતાના તાજીયા માટે મુસ્લીમ કોમનાં કોઈપણ શખ્સને ઉપરોક્ત શરત નંબર એકમાં જણાવેલ શરતનું પાલન થયે આપવામાં આવશે. પરવાનગી મેળવનાર શખ્સોએ જ્યારે કોઈપણ મેજિસ્ટ્રેટ કે પોલીસ અધિક્ષકશ્રી પરવાનગી જોવા માગે ત્યારે રજુ કરવી પડશે.

(૩) પરવાનગી મેળવનાર શખ્સ પોતે તેમના તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા, સાથે ફરતી મંડળીના સરઘસના કારણે ફરતાં માણસોની વર્તણુંક અને સુલેહશાંતિ ભરી રસમો માટે તે પોતે તેમજ તેના જામીન જવાબદાર રહેશે. કોઈપણ શખ્સ અગર મંડળી અથવા આવા સરઘસની વર્તણુંકને અવ્યવસ્થિત અથવા સુલેહ શાંતિ માટે જોખમકારક જણાયે ફરજ બજાવતાં પોલીસ અધિક્ષકશ્રીએ આપેલ પરવાનગી રદ કરવામાં આવશે.

(૪) જે તે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી દ્વારા અપાયેલ પરવાનગીમાં દર્શાવેલ માર્ગને આધિન રહીને પરવાનગી મેળવનાર શખ્સ પોતાના તાજીયા, પંજો, ડોળી, હાથી, ઘોડા સરઘસમાં ફેરવી શકશે. પરવાનગીમાં મુકરર કરેલ સ્થળે વાજીંત્ર વગાડી શકશે.

(૫) જાહેર રસ્તા આગળ સ્થળો ઉપર ઢોલ અથવા બીજા કોઈપણ વાજીંત્રો વગાડવા માટેની પરવાનગી તારીખ ૧૨-૨-૨૦૦૫ થી તારીખ ૨૧-૨-૨૦૦૫ સુધી આપવામાં આવશે.

(૬) શહાદતની રાત્રે સાંજના ૫-૦૦(પાંચ) અને બીજા દિવસની સવારનાં ૨-૦૦ (બે) વાગ્યા સમય દરમ્યાન સરઘસ ફેરવવાના રહેશે. તાજીયા દરમ્યાન દફન અને ઠંડા કરવાના દિવસે બપોરના ૨-૩૦થી રાત્રીના બીજા દિવસેનાં સવારનાં ૬-૦૦ કલાક સુધીમાં સરઘસ અને તાજીયાની ક્રિયા પુરી કરવી પડશે આ હુકમનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૭) રસ્તા ઉપર તાજીયા અગર મંડળી વિગેરેની લાંબા સમય સુધી એક રસ્તા ઉપર રાખવા દેવા માટે કે થોભવા દેવામાં આવશે નહીં સ્થળ ઉપર હાજર રહેલા પોલીસ અધિક્ષકશ્રીઓનાં હુકમને આધિન રહી વધુમાં વધુ પાંચ મિનીટમાં તાજીયા અગર તેની ડોળી મંડળને ચોકારીને આગળ વધવું પડશે.

(૮) પરાપૂર્વથી ચાલતાં આવેલા અને પરવાનગીમાં બતાવ્યા ક્રમ પ્રમાણે તાજીયા સાર્વજનિક રસ્તા ઉપર એક પછી એક લઈ જવા પોલીસ ઈન્સ્પેકટર અને પોલીસ સબ ઈન્સ્પેકટર દ્વારા દર સાલનાં આધારે આપેલ અનુક્રમ નંબર એક પછી એક લાઈનમાં ચલાવવા અને જયારે સામસામા તાજીયા આવે ત્યાર પછી દરેક તાજીયા અગર મંડળીઓ તેમની ડાબી બાજુએ રહીને સામેથી આવનાર તાજીયાને રસ્તો આપવો. ગાડી અગર ઘોડા ઉપર સવાર તથા માણસ મળે તો તાજીયા સામે જનાર શખ્સોએ તે વાજીંત્ર બંધ કરી ડાબી બાજુએથી તાજીયા વિગેરે લઈને આગળ વધવું અને તાજીયા એક એક પાછળ બીજો આવે

તે રીતે પોત પોતાની ગલી આવતી હોઈ તે ગલીના નાકે થોભવું અને જયારે પોતાનો નંબર આવે ત્યાર પછી પાછળ દાખલ થઈ જવું, સામેલ થઈ જવું.

(૯) કોઈપમ શખ્સે તલવાર, ખંજર, સોટી, લાકડી, ચપ્પુઓ કે ભાલા કે તેવા પ્રકારના કોઈપણ હથિયાર તથા બીજા કોઈપણ પ્રકારના હથિયાર લઈને ફરવું નહીં.

(૧૦) રમત-ગમત માટે જે શખ્સોએ પરવાનગી મેળવેલ હોય એ શખ્સોને જે રમત ગમતનાં સઘળાં સાધનો અગર હથિયાર પોલીસની દેખરેખ નીચે લઈ જવા દેવામાં આવશે.

(૧૧) મહોરમમાં ભાગ લેનાર શખ્સોએ બીજા કોમના સ્વાંગ, વેષો કાઢવા નહીં ઈત્તર કોમના ધર્મની લાગણી દુભાય દુશ્મનાવટ ઉભી થાય અગર તો સુલેહશાંતિનો ભંગ થાય તેવા કૃત્યો કરવા નહીં.

(૧૨) આ જાહેરનામું તારીખ : ૧૨-૨-૨૦૦૫ થી તારીખ : ૨૧-૦૨-૨૦૦૫ સુધી (બન્ને) દિવસો સહિત અમલમાં રહેશે.

(૧૩) આ જાહેરનામું પોલીસ ખાતાના સભ્યો, હોમગાર્ડસનાં સભ્યો તથા જેઓને પોતાની ફરજની રૂએ હથિયાર ધારણ કરવાનું હોય તેને લાગું પડશે નહીં.

(૧૪) હથિયાર બંધીનું તથા સભા-સરઘસ બંધીનું જાહેરનામું જે અમલમાં હોય તેની અમલવારી ચાલુ રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને-૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૪૧ તથા ૧૩૫માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખ : ૪થી માહે ફેબ્રુઆરી સને ૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જુનાગઢ, ૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ઓ) નીચે

જાહેરનામું.

નાં. એમએજી/સી/મહોરમ/૬૦૯૪(૨)/૨૦૦૫.-આગામી તા. ૨૦-૨-૨૦૦૫નાં રોજ મહોરમ તાજીયાના તહેવારો આવે છે. આ તહેવારો દરમ્યાન જાહેર શાંતિ અને સલામતીની જાળવણી સારૂ જુનાગઢ જિલ્લાના પ્રભાસ પાટણમાં આવેલ સોમનાથ મંદિર નજીકના નાનીખેલ ''મલેકવાડાના નામે'' જયાં તાજીયા બેસે છે તે માતમના ચકલે વાજીંત્ર વગાડવાની સાથે ચોકારો લેવામાં આવે તો સુલેહભંગ થાય તેમ હોવાથી સદરહું સ્થળે વાજીંત્ર વગાડવાની અને ચોકારો લેવાની મનાઈ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં તા. ૨-૨-૦૫નાં પત્રથી દરખાસ્ત રજુ થયેલ છે.

સબબ હું, એ. સી. રાઠોડ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની પેટા કલમ-(૧)ના ફકરાં ''ઓ'' હેઠળ પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ તા. ૧૨-૨-૦૫ થી તા. ૨૧-૨-૦૫(બન્ને દિવસ સહીત) સુધીના દિવસો દરમ્યાન પ્રભાસપાટણ નાની ખેલ, મલેકવાડાના નાકે જયાં તાજીયા બેસે છે તે માતમના ચકલે ચોકારો લેવા તેમજ તાજીયા આવે ત્યારે વાજીંત્રો વગાડવા માટે મનાઈ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષા તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબની શિક્ષાપાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખ ૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીનાં સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જુનાગઢ, ૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

અડચણ હુલ્લડ વિગેરે અટકાવવા અંગેનો મેજિસ્ટ્રેટનો હુકમ

(જુઓ સી.આર.પી. સી. કલમ-૧૪૪)

નંબર : એમએજી/સી/૬૦૯૪(૪)/૨૦૦૫.-તા. ૦૨-૦૨-૨૦૦૫નાં પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢનાં રીપોર્ટ મુજબ એવું જાણવા મળેલ છે કે,

રાજકોટ જિલ્લાનાં જેતપુર શહેરના તાજીયાઓ સુન્ની મુસ્લીમ જમાત દ્વારા તાજીયા ટાઢા કરવા બાબતે માંગરોળ બારામાં લઈ જનાર છે. માંગરોળ શહેરમાં મુસ્લીમ કોમ્યુનિટિમાં તબલીક અને બીનતબલીક વચ્ચે ઘર્ષણ ચાલે છે. અને માંગરોળ બંદર વિસ્તારમાં હિન્દુ ખારવા અને મુસ્લીમ ખારવા કોમ વચ્ચે મનદુઃખ ચાલે છે, અને આમ માંગરોળ શહેરનું વાતાવરણ સુમેળભર્યું નથી. અને તેથી માંગરોળ બારામાં જેતપુરના તાજીયા ચાલુ સાલે ટાઢા કરવા અમોને વ્યાજબી અને સુમેળભર્યું જણાતુ નથી જેથી આ હુકમથી હું ઉકત સુન્ની મુસ્લીમ જમાત જેતપુરને જણાવું છું કે,

ચાલુ સાલે તારીખ ૧૨-૦૨-૨૦૦૫થી તારીખ ૨૧-૦૨-૨૦૦૫ સુધીના સમય દરમ્યાન માંગરોળ બારામાં જેતપુરના તાજીયા ટાઢા કરવા જવું નહીં.

આમ કરવા સારૂ આથી જેતપુર તાલુકાની સમસ્ત મુસ્લીમ જનતાને/પ્રજાને સુચના અને જાણ કરવામાં આવે છે.

(૧) આ તાજીયા જેતપુરથી જુનાગઢ જિલ્લાની ચોકી સોરઠથી શરૂ થી હદમાં હાઈ-વે ઉપર કે માર્ગે લઈ જવા પ્રવેશવું નહી તેમજ ધોરાજી થી જુનાગઢના રોડ ઉપર પણ જુનાગઢ જિલ્લાની ઝાલણસરથી શરૂ થતી હદમાં પ્રવેશવું નહી.

(૨) જુનાગઢ જિલ્લાનાં માંગરોળ બારામાં આ તાજીયા ટાઢા કરવા અન્યે કોઈ માર્ગે પણ જુનાગઢ જિલ્લામાં પ્રવેશવું નહી.

આજ તારીખ ૪ માહે ફેબ્રુઆરી ૨૦૦૫નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા સાથે આ હુકમ બહાર પાડવામાં આવ્યો.

જુનાગઢ, ૦૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

એ. સી. રાઠોડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે

જાહેરનામુ

નં. એમએજી/સી/૩૭૧/૯૨/૨૦૦૫.-પોરબંદર જિલ્લામાં આગામી મહાશિવરાત્રી તેમજ મહોરમ જેવા ધાર્મિક તહેવારોની ઉજવણી થનાર હોય, તેમજ હાલમાં પોરબંદર જિલ્લામાં ક્રીમીનલ ગેંગોનું અસ્તિત્વ હોય પરંતુ પોલીસની કડક નીતિના કારણે ફાયર આર્મ્સ જેવાં હથિયારોનો ઉપયોગ થતો ન હોય જેથી લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજિક તત્ત્વો દ્વારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા. ૯-૨-૨૦૦૫ થી તા. ૮-૩-૨૦૦૫ સુધી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ દરખાસ્ત અત્રે તા. ૯-૨-૨૦૦૫નાં રોજ કરેલ છે.

સબબ પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું, આઈ. આર. મનસુરી, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૯-૨-૨૦૦૫ થી તા. ૮-૩-૨૦૦૫ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવી નહિ.

(૨) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

(૩) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામા ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહીં, એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં.

(૪) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(૫) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહિ.

(૬) લોકોએ બૂમો પાડવી નહીં, વધુ અવાજથી ગીતો ગાવા નહીં તથા વાદ્ય વગાડવા નહિ.

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાના તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ :

(૧) સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય.

(૨) પોલીસ અધિક્ષકશ્રીએ શારિરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

(૩) પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતાં હોય તેવા ખેડૂતો.

આ જાહેરનામાં કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિતને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડસહિતાની કલમ-૧૮૮ મુજબ જે વ્યકિતઓના ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ શકે છે. એને આ હૂકમની અનગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હૂલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિતને ૬(છ)માસની સપરિશ્રમ અથવા સખ્ત કેદ અથવા રૂા. ૧૦૦૦/-એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૯ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

આઈ. આર. મનસુરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પોરબંદર.

સંદર્ભ :

૧. પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર જિલ્લાનો તા. ૩-૨-૨૦૦૫નો પત્ર ક્રમાંક નં. વહટ/૧/ફા.બટ/૪૩૦૩/૨૫૧/૦૫.

હુકમ

ક્રમાંક/મજસ/૨/વ/૩૦૫ થી ૩૨૦/૨૦૦૫.-કેમ્પ કમાન્ડન્ટ અને જિલ્લા કમાન્ડન્ટ, હોમગાર્ડઝ અમદાવાદ ગ્રામ્યનાં ૨૫૦ સભ્યોનો કેમ્પ ચાલતો હોય ફાયરીંગ પ્રેકટીસ માટે તા. ૭-૨-૨૦૦૫ થી તા. ૮-૨-૨૦૦૫ સુધીનાં દિવસો દરમ્યાન ધોળીધજા પોલીસ ફાયરીંગ બટ ઉપર ૦.૩૦૩ રાયફલ ફાયરીંગ પ્રેકટીસ કરવામાં આવનાર છે. આ ફાયરીંગ બટની આજુબાજુ ખેરાળી, ખમીસણા, દુધરેજ તથા રતનપરની ખેતીની સીમ જમીનો તથા ધોળી ધજા ડેમનાં સુરેન્દ્રનગર તરફના ભાગે આવેલ વેસ્ટ વિયરની બાજુમાં મહાદેવનું મંદિર સદરહુ વિસ્તારમાં આવેલ છે, તેમજ વીરમગામ-રાજકોટ રાજય ધોરી માર્ગ વિસ્તારમાં પણ ગોળીબારથી ઈજા થવાનો સંભવ છે. જેથી આ વિસ્તારમાં ચાલતા માણસો, ખાનગી તથા ગુજરાત-રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ હસ્તકની એસ.ટી. બસો, ખાનગીબસો, ટ્રાવેલ્સ, મેટાડોર્સ, ભારવાહક ખટારાઓ (ગુડઝ ટ્રકસ) માલવાહક-છકડો-રિક્ષા, પેસેન્જર રિક્ષા વિગેરે તમામ પ્રકારના વાહનો તથા ઢોર ઢાંખરને ગોળીબારથી ઈજા થવાનો સંભવ હોય તે અટકાવવું જરૂરી જણાતા સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ એક્ષટેનસન એમેડમેન્ટ એકટ-૧૯૫૬ની કલમ-૨ સાથે વાંચતા મને મળેલ અધિકારની રૂએ હું, એસ. એલ. અમરાણી, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર આથી ફરમાવું છું કે, તા. ૭-૨-૨૦૦૫ થી તા. ૮-૨-૨૦૦૫ સુધીનાં દિવસો દરમ્યાન સવારના ૬-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધીનાં સમય દરમ્યાન સદરહું ફાયરીંગ બટની નજીક અને તેની આજુબાજુનાં ફરતા એક માઈલના વિસ્તારમાં કોઈએ હરવું-ફરવું નહીં કે વાહન લઈને નિકળવું નહીં, તેમજ પોતાના ઢોર-ઢાંખર ચારવા/ચરાવવા નહીં કે છુટા ફરવા દેવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ અનુસાર શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ હુકમ જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

સુરેન્દ્રનગર, ૬ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૫.

એસ. એલ. અમરાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામુ

નાં. : બીનવારસી કેસ નં. : ૧/૨૦૦૪.-જુનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકાના પ્રભાસપાટણ પોલીસ સ્ટેશનના તા. ૧૨-૧૦-૦૪ના રીપોર્ટથી નીચે વિગતેનો બીનવારસી મુદ્દામાલ રજુ થયેલ છે. જેથી મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૨ મુજબ વ્યવસ્થા કરવાની થાય છે. સબબ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, સદરહું મુદ્દામાલ જે કોઈ શખ્સનો હોય તેણે આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૬ (છ) માસની અંદર આધાર પુરાવા સાથે માલીકી હક્ક સાબીત કરી આપવાનો રહેશે. અન્યથા સદરહું મુદ્દામાલ સરકાર ખાલસા ગણી જાહેર હરરાજીથી નિકાલ કરવામાં આવશે.

અનુ. નંબર	મુદ્દામાલની વિગત	અંદાજીત કિંમત
૧	લાલ કલરનું બજાજ મોટર સાઈકલ જુના જેવું એન્જિન નં. ૧૫-ઈ ૦૫૬૯૩૩ ચેસીસ નં. ૧૫૦૦-૫૬૯૫૦ નં. જીજે-૪૭૦૭	૬,૦૦૦/- (છ હજાર)

વેરાવળ, ૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
વેરાવળ.

બોમ્બે પોલીસ એક્ટ-૧૯૫૧ ની કલમ-૮૫ (૨) ૮૫ (૧) અન્વયે

સુધારા જાહેરનામું

અત્રેના તા. ૧૧-૧-૦૫ના જાહેરનામા ક્રમાંક : એમએજી/સુધારા/જાહેરનામું/૨૫૫/૦૫ અને નીચે મુજબની વિગતના સુધારા જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

મુદ્દામાલની વિગત

અનું.	બી.વા. કેસ નં.	માલની વિગત	સંખ્યામાં	કિંમત
૧	૨/૦૧	બજાજ સુપર સ્કુટર નં. જીજે-૩ એચ-૫૧૧૫ ગ્રે કલરનુ એન્જિન તથા પાછળના વીલ વગરનું	૧	૨,૦૦૦/-

ઉક્ત વિગતેના સુધારા જાહેરનામું બહાર પાડવામાં આવે છે. તેમજ મુળ જાહેરનામામાં દર્શાવેલ વિગતો/શરતો યથાવત રહેશે.

જુનાગઢ, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
જુનાગઢ.

નાયબ વેચાણવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું : નાયબ વેચાણવેરા કમિશ્નરશ્રી, વર્તુળ-૧૬ સુરતની દરખાસ્ત ક્રમાંક/સ. ક. શ્રી/વ-૧૬ સુરત/આ.શા-૨/ધારાકીય ફોર્મ રદ દરખાસ્ત/૨૦૦૪–૦૫/જા. ૫૦૮૬/તા. ૧-૨-૦૫.

આદેશ

ક્રમાંક : સ. ક. શ્રી/વિ.-૫,/વવટ-૧/ધારાકીય ફોર્મ રદ/૨૦૦૪-૦૫/જા-૮૮૨૩/૩૮/૦૫.-ઉપરોક્ત વંચાણમાં લીધેલ નાયબ વેચાણવેરા કમિશ્નર વર્તુળ-૧૬ સુરતની તાબાની કચેરી ઘટક-૮ને ફાળવેલ ધારાકીય ફાર્મ સી ફોર્મ બુક ૩૧૮૬૦૦૧ થી ૩૧૮૬૦૨૫ માં પાના નંબર ૩૧૮૬૦૨૦ થી ૩૧૮૬૦૨૪ નંબરના પાના ફાટેલ છે. આથી સદર પાના રદ કરવા અંગે કરેલ દરખાસ્ત અન્વયે હું, આર. જે. પરમાર સંયુક્ત વેચાણવેરા કમિશ્નર વિભાગ-૫, સુરત સદર સી ફોર્મ નંગ-૪ આથી રદ કરવા ઠરાવું છું.

અ. નં.	કચેરીનું નામ	રદ કરવાપાત્ર સી ફોર્મ	રદ કરવાપાત્ર ફોર્મ્સની સંખ્યા	રદ કરવાનું કારણ
૧	૨	૩	૪	૫
૧	સ. વેવે. કશ્રી ઘટક-૮ સુરત	૩૧૮૬૦૨૦ થી ૩૧૮૬૦૨૪	૫	પાના ફાટેલ હોવાથી

સુરત, ૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
નાયબ વેચાણવેરા કમિશ્નર,
વિભાગ-૫, સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ, ગાંધીનગરના હુકમ ક્રમાંક : હ/૨૮/૮૪-ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ/તા. ૨૨-૩-૮૪.

(૨) આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ઝ/૨૭૨/૦૩.

(૩) ફડચા અધિકારીના પત્ર નં. : સકક/૦૧/ત/તા. ૭-૨-૦૫વાળી દરખાસ્ત.

(૪) સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૯ ની જોગવાઈ.

હુકમ

ક્રમાંક : ફડચ/ઝ/૨૭/૨૦૦૫.-ઉક્ત વંચાણ ક્રમ-૨ વાળા હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી સહયોગી કો. ઓપ. હા. સોસા. લી., મુ. : આદિપુર હાલ ફડચામાં વંચાણ ક્રમ-૩ વાળા પત્રથી થયેલ દરખાસ્ત મુજબ શ્રી સહયોગી કો. ઓપ. હા. સોસા. મુ. : આદિપુર-કચ્છ ને વંચાણ ક્રમાંક : ૪ વાળા કાયદાની કલમ-૧૯ (૧) અન્વયે આથી પુર્ન જીવીત કરવામાં આવે છે.

(૧) સદરહું સંસ્થાના નોંધણી નંબર : ૧૩૮૪૨/૯૦-૯૧ તથા મંડળીનું નામ તથા પેટાનિયમ અગાઉ થયેલ નોંધણી પ્રમાણે યથાવત રહેશે.

(૨) સંસ્થાને સહકારી કાયદા કાનુન અને પેટાનિયમોના ઉદ્દેશો મુજબ કામગીરી કરવાની રહેશે.

(૩) હોદ્દેદારોએ નિયમિત ઓડિટ કરાવવાનું રહેશે.

(૪) જિલ્લા રજિસ્ટ્રારશ્રીની કચેરી દ્વારા આપવામાં આવતી સુચનાનું પાલન કરવાનું રહેશે.

(૫) સંસ્થાએ નિયમિત વાર્ષિક સાધારણ સભાં તથા કમિટિ બેઠકો બોલાવવાની રહેશે.

(૬) ફડચા અધિકારીશ્રીએ એક માસની અંદર ખાસ સાધારણ સભા બોલાવી નવા હોદ્દેદારોને ચાર્જ સુપ્રત કરવાનો રહેશે.

ભુજ-કચ્છ, ૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/છ/૫૬/૦૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી ઘનશ્યામ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી, મર્યાદિત સ્થળ : ગાંધીધામ, તા. : ગાંધીધામ, જિલ્લો : કચ્છ સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભુજ-કચ્છ, ૨૫ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા. ૩૦-૩-૯૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૪૯૧/ડીડીસી/૧૧૬૮/૫૨૦૪/જે.

(૨) આ કચેરીના ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/૨૪૮૪-૮૭/૨૦૦૪, તા. ૩૧-૧૨-૨૦૦૪.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૫૩૮૩/૧૮૪/૯૩/૦૫.-આથી હું, એમ. એસ. લોખંડે, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ શ્રી જી.ઈ.બી. કન્ઝયુમર્સ કો. ઓપરેટીવ સ્ટોર્સ લી., મુ. સિક્કા, તા. જામનગર, જી. જામનગર જે નોંધણી નંબર : ૩૦૫૭, તારીખ : ૧૬-૬-૮૭ થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની પેટા કલમ-૧(અ)(ક) (૨) (૪) તથા પેટા કલમ-૩ અન્વયે ફડચામાં લઈ જતાં વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂ છું.

સદરહુ અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફ-૧) ની નિમણુંક છે. તે ફડચાની કાર્યવાહી નિયત સમયમર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : નધણ/ક-૩/૧૦૯-૧૧૨/૦૫.-જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી બાલાંભડી દૂધ ઉત્પાદકોની સહકારી મંડળી લી., સ્થળ : બાલાંભડી, તા. : કાલાવડ, જીલ્લો : જામનગર સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે. જેના નોંધણી નં. : સે-૩૫૩૭૫ છે.

જામનગર, ૭ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : નધણ/ક-૩/૧૦૩-૦૮/૦૫.-જીલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ જામનગર, આથી જાહેર કરે છે કે, શ્રી મોરલીધર ગ્રાહક સહકારી ભંડાર લી., સ્થળ : જામખંભાલીયા, તા. : જામખંભાલીયા, જીલ્લો : જામનગર સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે. જેના નોંધણી નં. : ભં–૫૩૦૯ છે.

જામનગર, ૭ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૫.

એમ. એસ. લોખંડે,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઈ

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ

(૩) અત્રેની કચેરીનો તા. ૩-૧-૦૫નો ફડચાનો અંતિમ આદેશ નં. ઉખસ/ફડચ/૧૬૦૮૮/ખ-૪/૮૦/૦૫

(૪) ફડચા અધિકારીશ્રી છારાતેલી. ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. છારા, તાલુકો કોડીનારની નોંધણી રદની તા. ૨-૨-૦૫ ના રોજની દરખાસ્ત.

આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૧૧૦૫/૨૦૦૫.-આથી હું, વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી છારાતેલી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. છારા, તાલુકો કોડીનાર, જીલ્લો જુનાગઢ કે જેનો નોંધણી નંબર ૮૯૪૦ છે, અને સને ૧૯૮૧ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પૂર્ણ થતા મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ (૧) હેઠળ રદ કરૂ છું.

જુનાગઢ, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ની જોગવાઇ

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ

(૩) અત્રેની કચેરીનો તા. ૧૯-૪-૦૩નો ફડચાનો અંતિમ આદેશ નં. ઉખસ/ફડચ/૧૪૧૫૪/ખ-૪/૩૯૧/૦૩

(૪) ફડચા અધિકારીશ્રી પ્રાસલીતેલી. ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પ્રાસલી તાલુકો કેશોદની નોંધણી રદની તા. ૨-૨-૦૫ ના રોજની દરખાસ્ત.

આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૧૧૧૦/૨૦૦૫.-આથી હું, વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી પ્રાસલી તેલી. ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. પ્રાસલી, તાલુકો કેશોદ, જીલ્લો જુનાગઢ કે જેનો નોંધણી નંબર ૧૨૭૪૯ છે, અને તા. ૨૭-૯-૮૪ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પૂર્ણ થતા મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ (૧) હેઠળ રદ કરૂ છું.

જુનાગઢ, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નઘણ/ખ-૩/ઉ.૧૨૭૯૪/૧૫૦/સને ૦૫.-આથી જાહેર કરે છે કે શ્રી ધનવંતરી મજુર સહકારી મંડળી લી. મર્યાદીત સ્થળ નાની ધણેજ તાલુકો માળીયા હાટીના જીલ્લો જુનાગઢ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નઘણ/ખ-૩/ઉ.૧૨૭૯૫/૧૫૭/સને ૦૫.-આથી જાહેર કરે છે કે શ્રી માલદેવ બાંધ. મજુર સહકારી મંડળી લી. મર્યાદીત સ્થળ ઉંબા તાલુકો વેરાવળ જીલ્લો જુનાગઢ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નઘણ/ખ-૩/ઉ.૧૨૭૯૬/૧૫૯/સને ૦૫.-આથી જાહેર કરે છે કે શ્રી કાર્તિક મજુર સહકારી મંડળી લી. મર્યાદીત સ્થળ લોએજ તાલુકો માંગરોળ જીલ્લો જુનાગઢ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નઘણ/ખ-૩/ઉ.૧૨૮૦૦/૧૬૭/સને ૦૫.-આથી જાહેર કરે છે કે શ્રી ભાગ્યોદય બાંધ. મજુર સહકારી મંડળી લી. મર્યાદીત સ્થળ દેદા તાલુકો વેરાવળ જીલ્લો જુનાગઢ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નઘણ/ખ-૩/ઉ.૧૨૮૦૨/૧૮૦/સને ૦૫.-આથી જાહેર કરે છે કે શ્રી ભગીરથ મજુર અને બાંધકામ સહકારી મંડળી લી. મર્યાદીત સ્થળ બીજ તાલુકો વેરાવળ જીલ્લો જુનાગઢ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નઘણ/ખ-૩/ઉ.૧૨૭૯૯/૧૬૫/સને ૦૫.-આથી જાહેર કરે છે કે શ્રી બંસીધર મજુર સહકારી મંડળી લી. મર્યાદીત સ્થળ તાલાળા તાલુકો તાલાળા જીલ્લો જુનાગઢ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નઘણ/ખ-૩/ઉ.૧૨૭૯૭/૧૬૧/સને ૦૫.-આથી જાહેર કરે છે કે શ્રી સાગર મજુર સહકારી મંડળી લી. મર્યાદીત સ્થળ તાલાળા તાલુકો તાલાળા જીલ્લો જુનાગઢ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નઘણ/ખ-૩/ઉ.૧૨૭૯૮/૧૬૩/સને ૦૫.-આથી જાહેર કરે છે કે શ્રી ન્યુ. મુરલીધર બાંધકામ મજુર સહકારી મંડળી લી. મર્યાદીત સ્થળ બાબરા (ગીર) તાલુકો માળીયા હાટીના જીલ્લો જુનાગઢ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નઘણ/ખ-૩/ઉ.૧૨૮૦૧/૧૭૮/સને ૦૫.-આથી જાહેર કરે છે કે શ્રી શકિત મજુર સહકારી મંડળી લી. મર્યાદીત સ્થળ પ્રાંસલી તાલુકો સુત્રાપાડા જીલ્લો જુનાગઢ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વિ. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ વિભાગ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર તારીખ ૩૦-૦૫-૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક જી.એન.કે.એમ./૪૧/૦૧/સીડીઈ ૧૦૯૭/૧૫૩ કે,

(૩) અત્રેની કચેરીના તા. ૨૦-૧-૦૪નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળનો અંતિમ આદેશ.

(૪) શ્રી સહકારી અધિકારી નં-૨ લગત કચેરી અને ફડચા અધિકારી શ્રી દેઓદર દુધ ઉત્પા. સ. મં. લીં. મું. દેઓદર ની તારીખ ૩૧-૧૨-૦૪ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : સકક/ફડચ/ચ/૩૦/૨૯૩/૨૦૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર કે જે મને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ સત્તા/અધિકારીની રૂએ શ્રી દેઓદર દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મું. દેઓદર, તા. પોરબંદર જી. પોરબંદર કે જેનો નોંધણી નં. ૨૬૩૬૫ છે. અને તા. ૧૬-૨-૯૩ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરૂં છું.

પોરબંદર, ૮/૧૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ વિભાગ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર તારીખ ૩૦-૦૫-૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક જી.એન.કે.એમ./૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩ કે,

(૩) અત્રેની કચેરીના તા. ૯-૨-૦૪નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળનો અંતિમ આદેશ.

(૪) શ્રી સહકારી અધિકારી નં-૨ લગત આ કચેરી અને ફડચા અધિકારી શ્રી ખોડીયાર દુધ ઉત્પા. સ. મં. લીં. મું. રાતિયા ની તારીખ ૫-૧-૦૫ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : સકક/ફડચ/ચ/૩૧/૨૯૪/૨૦૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ,

પોરબંદર કે જે મને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ સત્તા/અધિકારીની રૂએ શ્રી ખોડીયાર દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મું. રાતિયા, તા. પોરબંદર, જી. પોરબંદર કે જેનો નોંધણી નં. ૨૫૨૮૦ છે. અને તા. ૨૮-૬-૯૧ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરૂં છું.

પોરબંદર, ૮/૧૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ વિભાગ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર તારીખ ૩૦-૦૫-૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક જી.એન.કે.એમ./૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩ કે,

(૩) અત્રેની કચેરીના તા. ૬-૨-૦૪નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળનો અંતિમ આદેશ.

(૪) શ્રી સહકારી અધિકારી નં-૨ લગત કચેરી અને ફડચા અધિકારી શ્રી શિંગડા દુધ ઉત્પા. સ. મં. લીં. મું. શિંગડા ની તારીખ ૩૧-૧૨-૦૪ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : સકક/ફડચ/ચ/૩૨/૨૯૫/૨૦૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર કે જે મને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ સત્તા/અધિકારીની રૂએ શ્રી શિંગડા દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મું. શિંગડા, તા. પોરબંદર જી. પોરબંદર કે જેનો નોંધણી નં. ૨૬૩૩૬ છે. અને તા. ૧૦-૭-૯૨ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરૂં છું.

પોરબંદર, ૮/૧૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ વિભાગ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર તારીખ ૩૦-૦૫-૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક જી.એન.કે.એમ./૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩ કે,

(૩) અત્રેની કચેરીના તા. ૯-૨-૦૪નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળનો અંતિમ આદેશ.

(૪) શ્રી સહકારી અધિકારી નં-૨ લગત કચેરી અને ફડચા અધિકારી શ્રી બખરલા દુધ ઉત્પા. સ. મં. લીં. મું. બખરલા ની તારીખ ૩૧-૧૨-૦૪ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : સકક/ફડચ/ચ/૩૩/૨૯૬/૨૦૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર કે જે મને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ સત્તા/અધિકારીની રૂએ શ્રી બખરલા દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મું. બખરલા, તા. પોરબંદર જી. પોરબંદર કે જેનો નોંધણી નં. ૨૧૮૪૩ છે. અને તા. ૩૧-૩-૮૭ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરૂં છું.

પોરબંદર, ૮/૧૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ વિભાગ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર તારીખ ૩૦-૦૫-૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક જી.એન.કે.એમ./૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩ કે,

(૩) અત્રેની કચેરીના તા. ૨૦-૧-૦૪નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળનો અંતિમ આદેશ.

(૪) શ્રી સહકારી અધિકારી નં-૨ લગત આ કચેરી અને ફડચા અધિકારી શ્રી બળેજ દુધ ઉત્પા. સ. મં. લીં. મું. બળેજ ની તારીખ ૩-૧-૦૫ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : સકક/ફડચ/ચ/૩૬/૨૯૭/૨૦૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર કે જે મને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ સત્તા/અધિકારીની રૂએ શ્રી બળેજ દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મું. બળેજ, તા. પોરબંદર જી. પોરબંદર કે જેનો નોંધણી નં. ૧૭૮૫૬ છે. અને તા. ૨૦-૩-૮૧ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરૂં છું.

પોરબંદર, ૮/૧૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ વિભાગ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર તારીખ ૩૦-૦૫-૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક જી.એન.કે.એમ./૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩/કે.

(૩) અત્રેની કચેરીના તા. ૬-૨-૦૪નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળનો અંતિમ આદેશ.

(૪) શ્રી સહકારી અધિકારી નં-૨ લગત આ કચેરી અને ફડચા અધિકારી શ્રી કુળવદર દુધ ઉત્પા. સહ. મં. લીં. મું. કુળવદરની તારીખ ૩-૧-૦૫ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : સકક/ફડચ/ચ/૩૫/૨૯૮/૨૦૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર કે જે મને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ સત્તા/અધિકારીની રૂએ શ્રી કુળવદર દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મું. કુળવદર, તા. પોરબંદર જી. પોરબંદર કે જેનો નોંધણી નં. ૨૨૭૯૩ છે. અને તા. ૫-૫-૯૦ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરૂં છું.

પોરબંદર, ૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ વિભાગ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર તારીખ ૩૦-૦૫-૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક જી.એન.કે.એમ./૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩/કે.

(૩) અત્રેની કચેરીના તા. ૨૧-૧-૦૪નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળનો અંતિમ આદેશ.

(૪) શ્રી સહકારી અધિકારી નં-૨ લગત આ કચેરી અને ફડચા અધિકારી શ્રી ગરેજ દુધ ઉત્પાદક સ. મં. લી., મું. ગરેજ ની તારીખ ૩૧-૧૨-૦૪ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : સકક/ફડચ/ચ/૩૪/૨૯૯/૨૦૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર કે જે મને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ સત્તા/અધિકારીની રૂએ શ્રી ગરેજ દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મું. ગરેજ, તા. પોરબંદર જી. પોરબંદર કે જેનો નોંધણી નં. ૨૧૮૪૭ છે. અને તા. ૩૧-૩-૧૯૮૭ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરૂં છું.

પોરબંદર, ૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ વિભાગ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર તારીખ ૩૦-૦૫-૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક જી.એન.કે.એમ./૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩/કે.

(૩) અત્રેની કચેરીના તા. ૨૦-૧-૨૦૦૪નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળનો અંતિમ આદેશ.

(૪) શ્રી સહકારી અધિકારી નં-૨ લગત આ કચેરી અને ફડચા અધિકારી શ્રી નટવરનગર દુધ ઉત્પા. સ. મં. લીં. મું. નટવરનગરની તારીખ ૩૧-૧૨-૦૪ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : સકક/ફડચ/ચ/૩૭/૩૦૦/૨૦૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર કે જે મને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ સત્તા/અધિકારીની રૂએ શ્રી નટવરનગર દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મું. નટવરનગર, તા. પોરબંદર જી. પોરબંદર કે જેનો નોંધણી નં. ૨૬૯૧૮ છે. અને તા. ૧૩-૯-૯૩ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરૂં છું.

પોરબંદર, ૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ વિભાગ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર તારીખ ૩૦-૦૫-૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક જી.એન.કે.એમ./૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩/કે.

INDEX

(૩) અત્રેની કચેરીના તા. ૬-૨-૨૦૦૪નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળનો અંતિમ આદેશ.

(૪) શ્રી સહકારી અધિકારી નં-૨ લગત આ કચેરી અને ફડચા અધિકારી શ્રી બગવદર દુધ ઉત્પા. સ. મં. લી. બગવદર, મું. બગવદરની તારીખ ૩-૧-૦૫ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : સકક/ફડચ/ઝ/૩૮/૩૦૧/૨૦૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર કે જે મને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ સત્તા/અધિકારીની રૂએ શ્રી બગવદર દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મું. બગવદર, તા. પોરબંદર જી. પોરબંદર કે જેનો નોંધણી નં. ૨૬૩૨૬ છે. અને તા. ૨૪-૨-૯૨ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરૂં છું.

પોરબંદર, ૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ વિભાગ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર તારીખ ૩૦-૦૫-૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક જી.એન.કે.એમ./૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩/કે.

(૩) અત્રેની કચેરીના તા. ૬-૨-૨૦૦૪નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળનો અંતિમ આદેશ.

(૪) શ્રી સહકારી અધિકારી નં-૨ લગત આ કચેરી અને ફડચા અધિકારી શ્રી ખિસ્ત્રી દુધ ઉત્પા. સ. મં. લી., મું. ખિસ્ત્રી ની તારીખ ૧૨-૧-૦૫ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : સકક/ફડચ/ચ/૩૯/૩૦૨/૨૦૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર કે જે મને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ સત્તા/અધિકારીની રૂએ શ્રી ખિસ્ત્રી દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મું. ખિસ્ત્રી, તા. પોરબંદર જી. પોરબંદર કે જેનો નોંધણી નં. ૨૩૧૩૯ છે. અને તા. ૬-૧-૮૮ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરૂં છું.

પોરબંદર, ૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ વિભાગ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર તારીખ ૩૦-૦૫-૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક જી.એન.કે.એમ./૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩/કે.

(૩) અત્રેની કચેરીના તા. ૯-૨-૨૦૦૪નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળનો અંતિમ આદેશ.

(૪) શ્રી સહકારી અધિકારી નં-૨ લગત આ કચેરી અને ફડચા અધિકારી શ્રી એરડા દુધ ઉત્પા. સ. મં. લીં., મું. એરડાની તારીખ ૫-૧-૦૫ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : સકક/ફડચ/ચ/૪૦/૩૦૩/૨૦૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર કે જે મને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ સત્તા/અધિકારીની રૂએ શ્રી એરડા દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મું. એરડા, તા. પોરબંદર જી. પોરબંદર કે જેનો નોંધણી નં. ૨૭૧૩૫ છે. અને તા. ૨૯-૮-૯૫ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરૂં છું.

પોરબંદર, ૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ વિભાગ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર તારીખ ૩૦-૦૫-૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક જી.એન.કે.એમ./૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩/કે.

(૩) અત્રેની કચેરીના તા. ૯-૨-૨૦૦૪નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળનો અંતિમ આદેશ.

(૪) શ્રી સહકારી અધિકારી નં-૨ લગત આ કચેરી અને ફડચા અધિકારી શ્રી મજીવાણા દુધ ઉત્પા. સ. મં. લીં., મું. મજીવાણાની તારીખ ૧૨-૧-૦૫ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક : સકક/ફડચ/ચ/૪૧/૩૦૪/૨૦૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર કે જે મને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ સત્તા/અધિકારીની રૂએ શ્રી મજીવાણા દુધ ઉત્પા. સહકારી મંડળી લી., મું. મજીવાણા, તા. પોરબંદર જી. પોરબંદર કે જેનો નોંધણી નં. ૧૪૦૫૦ છે. અને તા. ૧૨-૩-૭૯ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરૂં છું.

પોરબંદર, ૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

એમ. કે. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામાં ક્રમાંક : ઘખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જ. તા. ૩૦-૩-૯૧.

(૨) કચેરીનાં ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ઘ-૨/૪૬૮/૦૪. તા. ૩૦-૬-૦૪.

(૩) ફડચા અધિકારીશ્રીની તા, ૨૭-૧-૨૦૦૫ની દરખાસ્ત.

(૪) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા ૨૦ (૧) હેઠળની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૯/૨૦૦૫.-આથી હું, જે. એમ. કટારા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાંથી મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી જાંબુડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. : જાંબુડી, તા. : જેતપુર, જિ. : રાજકોટ. (નોંધણી નં. : ૧૯૯૨૪ તા. ૨૯-૩-૧૯૮૩)ની ફડચાની કાર્યવાહી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું તેમજ તેજ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદરહું મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરૂં છું.

રાજકોટ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

INDEX

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામાં ક્રમાંક : ઘખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જ. તા. ૩૦-૩-૯૧.

(૨) કચેરીનાં ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ઘ-૨/૫૨૭/૦૪. તા. ૩૧-૮-૦૪.

(૩) ફડચા અધિકારીશ્રીની તા, ૩૧-૧-૨૦૦૫ની દરખાસ્ત.

(૪) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા ૨૦ (૧) હેઠળની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૫૦/૨૦૦૫.-આથી હું, જે. એમ. કટારા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાંથી મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી કોલકી તેલીબિયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. : કોલકી, તા. : ઉપલેટા, જિ. : રાજકોટ. (નોંધણી નં. : સેતે-૨૬૧૭૫, તા. ૨૯-૨-૧૯૯૨)ની ફડચાની કાર્યવાહી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું તેમજ તેજ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદરહું મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરૂં છું.

રાજકોટ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામાં ક્રમાંક : ઘખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જ. તા. ૩૦-૩-૯૧.

(૨) કચેરીનાં ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૬૮૭/૦૪. તા. ૨૪-૧૨-૦૪.

(૩) ફડચા અધિકારીશ્રીની તા, ૩૧-૧-૨૦૦૫ની દરખાસ્ત.

(૪) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા ૨૦ (૧) હેઠળની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૫૧/૨૦૦૫.-આથી હું, જે. એમ. કટારા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાંથી મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી રાજકોટ બ્લડ બેંકનાં કર્મ.ની ધિરાણ અને

ગ્રા. સહકારી મંડળી લી., મુ. : રાજકોટ, તા. : રાજકોટ, જિ. : રાજકોટ. (નોંધણી નં. : સે-૨૭૧૭૦, તા. ૯-૨-૧૯૯૪)ની ફડચાની કાર્યવાહી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું તેમજ તેજ કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે સદરહું મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરૂં છું.

રાજકોટ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક:ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/ ૫૨૦૪/જ, તા. ૩૦-૩-૯૧.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક :- ફડચ/ધ-૨/૪૨૧/૦૪, તા. ૩૦-૧૦-૦૪થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક:-ફડચ/ગ-૨/૪૮/૨૦૦૫-આથી હું, જે. એમ. કટારા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે(૧)વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી સેવકનગર સરકારી કર્મચારી હાઉસીંગ સહકારી મંડળી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટ. (નોંધણી નં. ઘ-૧૨૪૪૦, તારીખ :- ૩૧-૩-૧૯૯૩)ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાના આદેશને, આ જ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવી.

રાજકોટ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક:ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/ ૫૨૦૪/જ, તા. ૩૦-૩-૯૧.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક:- ફડચ/ધ-૨/૨૪૨/૦૪, તા. ૩૧-૩-૦૪થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક:-ફડચ/ગ-૨/૪૪/૨૦૦૫-આથી હું, જે. એમ. કટારા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે(૧)વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી ચેતના ગ્રાહક સહકારી ભંડાર લી., રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટ. (નોંધણી નં. ૨૪૨૪, તારીખ :- ૨-૪-૧૯૮૧)ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાના આદેશને, આ જ કાયદાની કલમ–૧૦૮ (૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવી.

રાજકોટ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક:ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/ ૫૨૦૪/જ, તા. ૩૦-૩-૯૧.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક:- ફડચ/ધ-૨/૪૨૫/૦૪, તા. ૩૦-૬-૦૪થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૫/૨૦૦૫-આથી હું, જે. એમ. કટારા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે(૧)વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી ભાવના મજુર બાંધકામ સહકારી મંડળી લી. ભાવપર, તા. માળિયા મિયાણાં, જિ. રાજકોટ. (નોંધણી નં. ઉ-૫૨૩૭, તારીખ :- ૨૦-૧૦-૧૯૯૩)ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાના આદેશને, આ જ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવી.

રાજકોટ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક:ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/ ૫૨૦૪/જ, તા. ૩૦-૩-૯૧.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક:- ફડચ/ધ-૨/૪૬૧/૦૪, તા. ૩૦-૬-૦૪થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૬/૨૦૦૫-આથી હું, જે. એમ. કટારા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે(૧)વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી જયકૃષ્ણ મજુર બાંધકામ સહકારી મંડળી લી., હરબટીયાળી, તા. ટંકારા, જિ. રાજકોટ. (નોંધણી નં. ૭-૭૯૭૨, તારીખ :- ૨૦-૬-૧૯૮૦)ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાના આદેશને, આ જ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવી.

રાજકોટ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક:ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/ ૫૨૦૪/જ, તા. ૩૦-૩-૯૧.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક:- ફડચ/ધ-૨/૪૮૪/૦૪, તા. ૩૧-૮-૦૪થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૭/૨૦૦૫-આથી હું, જે. એમ. કટારા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે(૧)વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી જય ખોડિયાર મજુર બાંધકામ સહકારી મંડળી લી., ધોરાજી, તા. ધોરાજી જિ. રાજકોટ. (નોંધણી નં. ૭-૩૨૬, તારીખ : ૨૩-૭-૧૯૭૩)ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાના આદેશને, આ જ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવી.

રાજકોટ, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : ઘખ/૧૬૨૦૦૩/નસબ/ ૧૨/૨૦૦૨, ૩૦૧૨/ચ, તા. ૧૭-૪-૦૪.

(૨) અત્રેની કચેરીનો મંડળીનો ફડચાનો અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ધ-૨/૩૯૨/૯૮, તા. ૧૫-૧૦-૯૮.

(૩) અત્રેની કચેરીના હુકમ નં. ફડચ/ધ-૨/૬૮/૦૩, તા. ૨૪-૩-૦૩.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૬૦/સને ૨૦૦૫.-હું, જે. એમ. કટારા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ અને ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ હેઠળની જોગવાઈઓને આધીન આથી શ્રી મોરબી મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડાર લી., મું. મોરબી, તા. મોરબી, જિ. રાજકોટ ને ફડચામાં લઈ જવા અત્રેથી વંચાણે (૪) ના આદેશથી સદરહું મંડળીના નિયુક્ત ફડચાધિકારી મેનેજર, શ્રી રાજકોટ નાગરિક સહકારી બેન્ક લી. મોરબી શાખાની નિયુક્તિ રદ કરી તેમના સ્થાને સદર મંડળીની ફડચા કામગીરી કરવા અત્રેની કચેરીના સહકારી અધિકારી ફડચો નંબર–૧ ની નિમણુંક કરૂં છું. જેઓએ સદર મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૫ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૫.

જે. એમ. કટારા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

વંચાણે લીધા :

(૧) સરકારીશ્રીના ખેતી, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૦૪/૨૦૦૫, તા. ૧-૧-૨૦૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૧૨૨/૨૦૦૫.-શ્રી પ્રગતી મજુર સહકારી મંડળી લી., મું. ધ્રાંગધ્રા, તા. ધ્રાંગધ્રા, જિલ્લો સુ.નગર જે નોંધણી નંબર-૯-૨૦૧૦, તા. ૨૫-૨-૧૯૮૦ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨ વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ પરંતુ મંડળી તરફથી જણાવેલ સમય મર્યાદામાં કોઈ આધાર-પુરાવા સાથે રજુઆત કરેલ ન હોઈ ઉપર્યુક્ત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૩ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારીશ્રીના ખેતી, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચ/કેએચ/૧૬/૨૦૦૩ એનએસબી/ ૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૦૩/૨૦૦૫, તા. ૧-૧-૨૦૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૧૩૩/૨૦૦૫.-શ્રી ચિરોડા (ભા) ગોપાલક સહકારી મંડળી લી., મું. ચિરોડા (ભા), તા. ચોટીલા, જિલ્લો સુ.નગર જે નોંધણી નંબર-૧૭૫૮૨, તા. ૨૦-૨-૧૯૮૧ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨ વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ પરંતુ મંડળી તરફથી જણાવેલ સમય મર્યાદામાં કોઈ આધાર-પુરાવા સાથે રજુઆત કરેલ ન હોઈ ઉપર્યુક્ત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૩ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારીશ્રીના ખેતી, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૦૫/૨૦૦૫, તા. ૧-૧-૨૦૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૧૪૪/૨૦૦૫.-શ્રી આહાર જુથ ગ્રાહક સહકારી ભંડાર લી., મું. પાટડી, તા. દસાડા, જિલ્લો સુ.નગર જે નોંધણી નંબર-૧૩૩૫, તા. ૧૪-૦૯-૨૦૦૧ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨ વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ પરંતુ મંડળી તરફથી જણાવેલ સમય મર્યાદામાં કોઈ આધાર-પુરાવા સાથે રજુઆત કરેલ ન હોઈ ઉપર્યુક્ત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૩ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ
જીલ્લા પંચાયત દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. જી.પ./સહ/૫૪૯૪/સને-૨૦૦૫.-મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જી. પં. જુનાગઢ શ્રી ગોપાલ ગ્રાહક સહકારી ભંડાર લી., ચિરોડા, તાલુકે : મેંદરડા, જિલ્લે : જુનાગઢ, જુનાગઢને સને ૧૯૬૨ ના ગુજરાત અધિનિયમ–૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ ની કલમ–૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધણી કરેલ છે.

જુનાગઢ, ૨૭ માહે જાન્યુઆરી સને ૨૦૦૫.

ડી. એન. ચિત્રોડા,
મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જીલ્લા પંચાયત,
જુનાગઢ.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 10Th MARCH, 2005/PHALGUNA 19, 1926 [No. 10

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	159-178	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	56-69
		PART - II Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	231-254
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ-૩૩ના પેટા કલમ-(૧)સી અન્વયે જાહેરનામું

જાહેરનામું

નં. નાચિ/પલસ/૨/વશી/૧૪૯૪ થી ૧૫૪૪/૨૦૦૫.-મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯૫૧ (૧) સને–૧૯૫૧ ના મુંબઈના ૨૨ માની કલમ–૩૩ની પેટા કલમ–(૧) સી હેઠળ કાઢવા ધારેલ જાહેરનામાનો નીચેનો ખરડો તેનાથી અસર થવાનો સંભવ હોયને તમામ જાહેર જનતાની જાણ સારૂ સદરહું કલમ–૩૩ની પેટા કલમ–૬ થી ફરમાવ્યા મુજબ પ્રસિધ્ધ કર્યો છે. અને આથી નોટિસ આપવામાં આવે છે કે સદરહું ખરડો રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી એક મહિનો પુરો થયા પછી જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલી વિચારમાં લેશે.

૨. ઉપરોક્ત મુદત પુરી થયા પહેલા સદરહું ખરડાના સબંધમાં કોઈ વ્યક્તિ/જાહેરજનતા તરફથી જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલીને જે કંઈ વાંધા અથવા સુચનો મળશે તેના ઉપર તેઓ વિચાર કરશે.

જાહેરનામાનો ખરડો

અમરેલી જિલ્લામાં આવેલ એસ. ટી. સ્ટેન્ડની આજુબાજુના (પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણેના) વિસ્તારોમાં વાહનોના નિયમન માટે મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧)ની કલમ-સી થી મળેલ અધિકારની રૂઈએ હું પી. કે. ગઢવી (આઈએએસ) જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલી નીચે પ્રમાણે પ્રાથમિક ખરડો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરૂં છું.

પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણે એસ. ટી. સ્ટેન્ડ (બસ સ્ટેશનોની આજુબાજુના વિસ્તારમાં ખાનગી બસો, જીપો, મેટાડોર) ખાનગી ટેક્સીઓ ખાનગી વાહનો વિગેરે ઉભા રાખી શકશે નહીં. અને તે વિસ્તારને પ્રતિબંધ “નો પાર્કિંગ ઝોન” જાહેર કરવામાં આવે છે.

નીચે જણાવેલ વાહનોને “નો પાર્કિંગ” પ્રતિબંધ લાગુ પડશે નહીં.

(૧) સરકારી વાહનો તેમજ જનતાની સુખાકારી અને સુવિધા માટે સરકારી એજન્સીઓ મારફત ચલાવવામાં આવતા વાહનો.

(૨) ઉપરોક્ત જણાવેલ એસ. ટી. સ્ટેન્ડ (બસ સ્ટેન્ડ)ની આજુબાજુ જે ટેક્સીઓ તથા રીક્ષા માટે કાયદેસર સ્ટેન્ડ મંજુર કરવામાં આવેલ હશે. તેવા કાયદેસર સ્ટેન્ડ ઉપર ઉભી રહેતી ટેક્સી અને રીક્ષાઓને લાગુ પડશે નહીં.

આજ તારીખ ૯મી ફેબ્રુઆરી ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પરિશિષ્ટ

ક્રમ	ડેપો	નો પાર્કિંગ માટેનું સ્થળ	બસ સ્ટેન્ડથી અંદાજીત અંતર	રીમાર્કસ
૧	૨	૩	૪	૫
૧	સાવરકુંડલા	(૧) નવા બસ સ્ટેશનથી મહુવા રોડ તરફ દક્ષિણે ૧૦૦ મીટર કલ્યાણેશ્વર મહાદેવના મંદિર સુધીથી શહેર તરફ ઉત્તરે સરસ્વતી ટીમ્બર માર્ટની દુકાન સુધી તેમજ એસ. ટી. ડેપોના ૧૦૦ મીટરની ત્રિજ્યા સુધીનો વિસ્તાર.	૧૦૦ મીટર	–

૧	૨	૩	૪	૫
૧	સાવરકુંડલા	(૨) જુના બસ સ્ટેશનથી પૂર્વ તરફ સરકારી દવાખાનાના પૂર્વ ખુણા સુધી તથા જુના એસ. ટી. ડેપોથી પશ્ચિમે નાવલી પોલીસ ચોકી તરફ ઉજાલા ઈલેક્ટ્રીકલ્સ સુધી તેમજ જુના ડેપોના ૧૦૦ મીટના ત્રિજ્યા સુધીનો વિસ્તાર.	૧૦૦ મીટર	–
૨	ખાંભા	(૧) ખાંભા ખાતે બંધાયેલ નવા બસ સ્ટેશનનો કન્ટ્રોલ પોઈન્ટ તરીકે ઉપયોગ થાય છે. તે વિસ્તારના ૧૦૦ મીટરના ત્રિજ્યા સુધીનો વિસ્તાર.	૧૦૦ મીટર	-
		(૨) ખાંભા ગામમાં જુના બસ સ્ટેન્ડની ચારેય બાજુના ૧૦૦ મીટના ત્રિજ્યાનો વિસ્તાર.		

અમરેલી, ૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

પી. કે. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમરેલી.

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ના ખંડ બી. મુજબનું

પ્રાથમિક જાહેરનામું

નં. મેજી-પોલ-જાહેરનામું-૩૩-(૧) ૨-૨૦૦૫.-કચ્છ જિલ્લાના દયાપર શહેરનાં એસ.ટી. બસ સ્ટેશનની આજુબાજુ વિસ્તારમાં કેટલીક ખાનગી બસો, પીકઅપ વાહન, સ્ટેશન વેગન, જીપ, મેટાડોર, પ્રાઈવેટ કાર, ટેક્ષીઓ વિગેરે વાહનોના માલિકો મુસાફરોની ગેર કાયદેસર હેરાફેરી કરતાં હોવાનું માલુમ પડેલ છે. જેના કારણે એસ.ટી. કોર્પોરેશન તથા સરકારશ્રીને આર્થિક નુકશાન ભોગવવું પડતું હોઈ, તથા ખાનગી સંચાલકો દ્વારા આર્થિક લાભ અર્થેની આંધળી દોટના કારણે મનુષ્યની જીંદગી જોખમમાં મુકાય તે રીતે બેદરકારી અને લાપરવાહી દ્વારા વાહનો ચલાવી અકસ્માતો દ્વારા થતી જાન હાની રોકવાના આશય સબબ નીચે જણાવેલ વિસ્તારને ઉપર જણાવ્યા મુજબના વાહનો માટે "નો પાર્કિંગ ઝોન" જાહેર કરવા માટેનું ઈષ્ટ જણાતા હું, પ્રદીપ શર્મા, જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ અમોને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ–૩૩ (૧) બી. થી મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારને "નો પાર્કિંગ ઝોન" જાહેર કરવા હુકમ કરવા વિચારૂં છું.

રસ્તો અને સ્થળ :

દયાપર બસ સ્ટેશનનો નીચેની વિગતેનો વિસ્તાર

૧ દયાપર એસ.ટી. બસ સ્ટેશનથી ઉત્તરે લગોલગ હાઈવે રોડથી દયાપર ગામ તરફ જતા રસ્તાની આજુબાજુના ૨૫ મીટરના વિસ્તાર સુધી.

૨ દયાપર એસ.ટી. બસ સ્ટોપથી દક્ષિણ દયાપર હાઈવે રોડથી દયાપર ગામમાં દયાપર તળાવ પાસેથી જતો રસ્તાની આજુબાજુના ૨૫ મીટરના વિસ્તાર સુધી.

૩ દયાપર એસ.ટી. બસ સ્ટોપથી દક્ષિણ-ઉત્તર આવેલ ભુજ વર્માનગર હાઈવેના બન્ને બાજુના ૨૫ મીટરના વિસ્તાર સુધી.

આ હુકમ સામે કોઈ શખ્સોને વાંધો કે સુચન હોય તેમને આ પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થવાની તારીખથી ૧૫ દિવસમાં આ કચેરીને મળી જાય તે રીતે મોકલવાના રહેશે ત્યારબાદ આવેલ વાંધા કે સુચનો ધ્યાને લેવામાં આવશે નહી અને આખરી જાહેરનામું બહાર પાડવામાં આવશે.

આજ તા. ૭-૨-૨૦૦૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવ્યું.

ભુજ, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ની પેટા કલમ ૧ના ખંડ બી. મુજબનું

પ્રાથમિક જાહેરનામું

નં. મેજી-પોલ-જાહેરનામું-૩૩-(૧) ૨-૨૦૦૫.-કચ્છ જિલ્લાના આદિપુર શહેરનાં એસ.ટી. બસ સ્ટેશનની આજુબાજુ વિસ્તારમાં કેટલીક ખાનગી બસો, પીકઅપ વાહન, સ્ટેશન વેગન, જીપ, મેટાડોર, પ્રાઈવેટ કાર, ટેક્ષીઓ વિગેરે વાહનોના માલિકો મુસાફરોની ગેર કાયદેસર હેરાફેરી કરતાં હોવાનું માલુમ પડેલ છે.

જેના કારણે એસ.ટી. કોર્પોરેશન તથા સરકારશ્રીને આર્થિક નુકશાન ભોગવવું પડતું હોઈ, તથા ખાનગી સંચાલકો દ્વારા આર્થિક લાભ અર્થેની આંધળી દોટના કારણે મનુષ્યની જીંદગી જોખમમાં મુકાય તે રીતે બેદરકારી અને લાપરવાહી દ્વારા વાહનો ચલાવી અકસ્માતો દ્વારા થતી જાન હાની રોકવાના આશય સબબ નીચે જણાવેલ વિસ્તારને ઉપર જણાવ્યા મુજબના વાહનો માટે "નો પાર્કિંગ ઝોન" જાહેર કરવા માટેનું ઈષ્ટ જણાતા હું, પ્રદીપ શર્મા, જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ અમોને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) બી. થી મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારને "નો પાર્કિંગ ઝોન" જાહેર કરવા હુકમ કરવા વિચારૂં છું.

રસ્તો અને સ્થળ :

આદિપુર બસ સ્ટેશનનો નીચેની વિગતેનો વિસ્તાર

૧ આદિપુર મધ્યે મદનસિંહ સર્કલથી પશ્ચિમ તરફ એસ.ટી. તેમજ લકઝરી બસો માટેનું સ્ટેશન આવેલ છે. જે રસ્તે મદનસિંહ ચોકથી ૮૦ બજાર બસ સ્ટેશન રોડ પરના ૧૦૦ મીટરના વિસ્તાર.

૨ મદનસિંહ ચોકથી પૂર્વ તરફ જતા રોડ ઉપર ૬૪ બજાર વાળા રોડ ઉપર ૧૦૦ મીટરના વિસ્તાર.

૩ મદનસિંહ સર્કલથી ઉત્તરે આદિપુરનું સીટી બસો માટેનું સ્ટેશન છે. જે વિસ્તાર યુ. ટી. આઈ. બેંકનું એટીએમ આવેલ છે. તે બેંક સુધીના વિસ્તારનો અંદાજે ૫૦ મીટરનો વિસ્તાર.

૪ મદનસિંહ સર્કલથી દક્ષિણ તરફ જતો રોડ જે ગાંધીધામ તરફ જતા હાઈવે રોડને ટચ થાય છે. જે રોડ ઉપર સંતોષી માતાજીનું મંદિર આવેલ છે. જે જગ્યા સુધીનો મદનસિંહ ચોકથી ૫૦ મીટર સુધીનો વિસ્તાર.

આ હુકમ સામે કોઈ શખ્સોને વાંધો કે સુચન હોય તેમને આ પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં આ કચેરીને મળી જાય તે રીતે મોકલવાના રહેશે ત્યારબાદ આવેલ વાંધા કે સુચનનો ધ્યાને લેવામાં આવશે નહી અને આખરી જાહેરનામું બહાર પાડવામાં આવશે.

આજ તા. ૭-૨-૨૦૦૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવ્યું

ભુજ, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

પ્રદીપ શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૩ની પેટા કલમ (૧)(સી) અન્વયેનું

સુધારા જાહેરનામું

નં.એમ.એ.જી/સી/૩૩(૧)(બી)/૬૫૯/૦૫.-મુંબઈ પોલીસ (સને-૧૯૫૧ના ૨૨મો) અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ (૧) (સી)ની જોગવાઈ હેઠળ આ જિલ્લાનાં એસ.ટી. બસ સ્ટેન્ડની આસપાસ ખાનગી વાહનો ઉભા ન રાખવાનાં સંદર્ભે " નો પાર્કિંગ ઝોન"નું જાહેરનામું અમલમાં મુકવામાં આવેલ છે.

ઉક્ત જાહેરનામામાં બીલખાનો સમાવેશ કરવા વિભાગીય નિયામકશ્રી એસ.ટી. જુનાગઢના પત્ર નં. વિજિ/જુના/પરિ/સંચા/૪૫/૦૫, તા. ૭-૨-૦૫થી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોક્ત વિગતે આ કચેરીના સરખા ક્રમાંકવાળા તા. ૪-૮-૧૯૯૩ના જાહેરનામાં નીચેના વિસ્તારનો "નો પાર્કીંગ ઝોન" માં સમાવેશ કરવામાં આવે છે.

ક્રમ	ડેપો	નો પાર્કિંગ ઝોનનું સ્થળ	અંતર
૧	બિલખા	એસ.ટી. સ્ટેન્ડથી આસપાસનો વિસ્તાર	૧/૨ કિ.મી.

ઉપરોક્ત વિસ્તારમાં આ કચેરીના ઉપરોકત તા. ૪-૮-૯૩ના જાહેરનામાની અમલવારી કરવાની રહેશે.

જુનાગઢ, ૧૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

કલેક્ટર દ્વારા

જાહેરનામું

નાં. : જીકે./ક્યુએલ/૪૪૬૯/૧૪૬૩/૦૫.-ગુજરાત ગૌણ ખનિજ ૧૯૬૬, શ્રી કચ્છ માઈન્સ એન્ડ મીનરલ્સ, માંડવીને બેન્ટોનાઈટ ખનિજ માટે પાંચ વર્ષ સુધી ઉત્ખનન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીના હુકમ નંબર : જીકે/ક્યુએલ/૪૪૬૯/૩૦૯૧ થી ૩૦૯૫/તા. ૧૮-૬-૧૯૯૧ થી મંજુર કરવામાં આવેલ. તાલુકો : માંડવી, ગામ : વાંઢ, સ. નાં. ૪૧૮ પૈકી વિસ્તાર : ૦૦.૬૬ હેક્ટર. સદરહું ઉત્ખનન પટ્ટો તારીખ : ૨૪-૧૧-૧૯૯૧ ના રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૧) સદરહું લીઝની મુદત પુરી થતા અને ઉત્ખનન પટ્ટો તાજો કરવા માટેની પટ્ટેદારે અરજી કરેલ ન હોતાં.

INDEX

(૨) સદરહું લીઝ પટ્ટો મંજુરી હુકમથી ૯૦ દિવસથી કાર્યાન્વિત કરાવેલ ન હોતાં.

(૩) સદરહું લીઝનાં સરકારી લેણા ભરપાઈ કરવામાં પટ્ટેદાર નિષ્ફળ જતાં.

(૪) પટ્ટેદાર તરફથી સરન્ડર કરવામાં આવતાં.

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા : ૧૯૬૬ નાં નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજૂર/કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજૂર કરવા માટે તારીખ : ૦૯-૦૩-૨૦૦૫ થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

ભુજ-કચ્છ, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
કલેક્ટર,
કચ્છ-ભુજ.

ઈન્ડીયન ટ્રેઝર ટોવ એક્ટ-૧૮૭૮ ની કલમ-૫ હેઠળનું

પ્રાથમિક જાહેરનામું

નાં. : જન-૫વડી-૧૭૯-૦૫.-આથી રાજકોટ જિલ્લાની જાહેર જનતાને તથા રસ ધરાવનાર સંબંધકર્તા તમામ વ્યક્તિઓને જાણ કરવામાં આવે છે કે, આ જિલ્લાના રાજકોટ શહેરમાં નવા રેલ્વે સ્ટેશન ભવનના નિર્માણ માટે ખોદકામ કરતાં તા. ૧૦-૭-૦૪ ના રોજ માટીની હાંડલી સહીત ચાંદીના ૨૭૨ સિક્કાઓ જમીનમાંથી મળી આવેલ છે. જે હાલમાં જિલ્લા તિજોરી કચેરી, રાજકોટ હસ્તકના સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવેલ છે. સદર ૨૭૨ ચાંદીના સિક્કાઓ પૈકી,

(૧) ૧ રૂપિયાની કિંમતના-૨૫૧ નંગ સિક્કા માપ ૩.૧ સે. મી.

(૨) ૫૦ પૈસાના-૧૯ નંગ સિક્કા માપ ૨.૪ સે. મી.

(૩) ૨૫ પૈસાના-૨ નંગ સિક્કા માપ ૨.૦ સે. મી.

જેનું કુલ વજન અંદાજે ૩ કિલો, ૧૦૦ ગ્રામ છે. આ સિક્કાઓ ૧. જ્યોર્જ-૫ ના ૨. રાણી વિક્ટોરીયા તથા ૩. એડવર્ડ-૭ ના રાજ્યકાળ દરમ્યાન બહાર પાડવામાં આવેલ છે.

આ ચાંદીના સિક્કાઓ પૈકી ૧૦૦ વર્ષથી વધુ પ્રાચીન હોય તેવા વિક્ટોરીયા એમ્પ્રેસ રાજ્યકર્તાના નામવાળા ૫૫ (પંચાવન), વિક્ટોરીયા ક્વીન રાજ્યકર્તાના નામવાળા ૧૨ (બાર), એડવર્ડ-VII કીંગ એન્ડ એમ્પરર રાજ્યકર્તાના નામવાળા-૧૧ સિક્કાઓ છે. જ્યારે ૫૦ પૈસાના વિક્ટોરીયા ક્વીન રાજ્યકર્તાના નામવાળા ૩ (ત્રણ) તથા ૨૫ પૈસાના એડવર્ડ-VII રાજ્યકર્તાના નામવાળા-૮૨ (બ્યાસી) સિક્કાઓ છે. જ્યારે બાકી રહેતા સિક્કાઓ ૧૦૦ વર્ષથી ઓછા પ્રાચીન છે. જેમાં જ્યોર્જ-VII ના સિક્કાઓનો પણ સમાવેશ થાય છે. જેમાં ૧૯૨૮ સાલ સુધીનો સમાવેશ થાય છે.

આમ, ઉપર્યુક્ત વિગતે કુલ-૨૭૨ સિક્કાઓ પૈકી ૮૨ સિક્કાઓ ૧૦૦ વર્ષથી વધુ પ્રાચીન હોઈ ભારત ભુમિગત ધન અધિનિયમ હેઠળ સંપ્રાપ્ત કરવાના થાય છે. જ્યારે બાકીના ૧૯૦ સિક્કા કે જે ૧૦૦ વર્ષથી ઓછા પ્રાચીન હોઈ સંપ્રાપ્ત કરવાના રહેતા નથી અને મુંબઈ ભુમિગત ધન નિયમો-૧૯૫૯ની કલમ-૮ મુજબ વેચાણથી આપવા પાત્ર છે. તેવો અભિપ્રાય સહ દરખાસ્ત અધિક્ષક પુરાતત્વવિદ પશ્ચિમ વર્તુળ, રાજકોટની કચેરીએથી આવેલ છે.

પુરાતત્વ નિયામકશ્રી, ગાંધીનગર તરફથી થઈ આવેલ અભિપ્રાયની વિગતે ૮૨ સિક્કાઓ ભુમિગત ધન અધિનિયમ હેઠળ સંપ્રાપ્ત કરવાના હોઈ તેમજ બાકીના ૧૯૦ સિક્કાઓ કલમ-૮ મુજબ વેચાણથી આપવાપાત્ર હોઈ હું, મહેશ વી. જોશી, આઈ.એ.એસ., કલેક્ટર, રાજકોટ જિલ્લા, રાજકોટ ભારત ભુમિગત ધન અધિનિયમ ૧૮૭૮ ની કલમ-૫ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ રાજ્ય સરકારશ્રીની પૂર્વ મંજુરી મેળવીને સરકાર સંપ્રાપ્ત કરવા તથા વેચાણ કરવા માંગું છું. સદરહું મળી આવેલ તમામ શિલ્પો જિલ્લા તિજોરી કચેરી, રાજકોટના સ્ટ્રોંગરૂમમાં રાખેલ છે.

ઉપર્યુક્ત વર્ણનવાળા તમામ સિક્કાઓ અંગે જે કોઈ વ્યક્તિ માલીકી હક્કનો દાવો કરતી હોય, તેણે આ પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થવાની તારીખથી છ માસની અંદર આધાર-પુરાવા સાથે પોતે જાતે અગર કાયદેસરના એજન્ટ મારફત નીચે સહી કરનારને ઉદેશીને મોકલી શકશે. મુદત બહાર આવેલ કોઈ હક્ક દાવા ધ્યાને લેવામાં આવશે નહિં. જો મુદતમાં કોઈ તરફથી હક્કદાવા રજૂ કરવામાં નહીં આવે તો ઈન્ડીયન ટ્રેઝર ટોવ એક્ટ-૧૮૭૮ની જોગવાઈઓ અનુલક્ષીને સદરહું મળી આવેલ સિક્કાઓ સરકાર સંપ્રાપ્ત કરવામાં આવશે. જેથી સર્વેએ નોંધ લેવી.

આ જાહેરનામું આજ તા. ૧૪-૨-૦૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યું.

રાજકોટ, ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

એમ. વી. જોશી,
કલેક્ટર,
રાજકોટ જિલ્લા.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૩૭ (૩) અન્વયે

જાહેરનામું

નાં. : એમએજી/સી/૬૩૩/૦૫.-હાલમાં વિજળીની અનિયમિતતા, એસ. ટી. બસની અનિયમિતતા, સરકારી જમીનમાં

દબાણ તેમજ ઉદ્યોગો અંગેના વિવિધ મુદ્દાઓ તથા સરકારી અર્ધસરકારી કર્મચારીઓના વિવિધ મુદ્દાઓ તેમજ ઉદ્યોગ-કારખાના-સંસ્થાઓના કર્મચારીઓ (કામદારો)ના મુદ્દાઓ તથા રાજકીય બીન રાજકીય પક્ષો દ્વારા સભાઓ, સરઘસો વિગેરે જુદા જુદા કાર્યક્રમો થવા સંભાવના હોય તથા મહોરમનો તહેવાર આવતો હોય જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં તારીખ : ૭-૨-૨૦૦૫નાં પત્રથી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી રજુ થયેલ ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં આંક-૨૨ ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂઈએ હું, એ. સી. રાઠોડ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૨-૨-૨૦૦૫ નાં રોજથી તા. ૨૫-૨-૨૦૦૫ (બંન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીએ.

૨. સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યક્તિને.

૩. કોઈ લગ્નના વરઘોડાને

૪. સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યક્તિઓને

૫. **સક્ષમ અધિકારીશ્રીઓની કાયદેસર પરવાનગી** લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮, મુજબનો ગુનો સાબીત થયેથી જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ વગર બંન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણના માનવજીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને ૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહીત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૧ મી ફેબ્રુઆરી, સને ૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ (૧) અન્વયે

જાહેરનામું

નાં. : એમએજીસી/૬૦૮૬/૨૦૦૫.-હાલમાં જનતા દ્વારા તેઓની વિવિધ માંગણીઓ તથા કારખાના, સંસ્થાઓ તેમજ રાજકીય બીન રાજકીય પક્ષો દ્વારા તથા સરકારી અર્ધસરકારી કર્મચારીઓ તરફથી ધરણા-સભાઓ, સરઘસો, રેલીઓ સંમેલનો વિગેરે પ્રવૃત્તિઓ થવા સંભાવનાં હોય તથા વીજળીની અનિયમિતતા તથા એસ. ટી. બસનાં પ્રશ્નો તથા જમીનની પેશકદમી વિગેરેનાં પ્રશ્નો હોય તથા ગીરનાર પર્વત પર ગુરૂ દત્તાત્રેયની જગ્યામાં વિવાદ ચાલુ હોય તથા મહોરમ અને મહાશીવરાત્રીનાં તહેવારો આવતા હોય, તેમજ સોમનાથ મંદિર આતંકવાદીઓના કેન્દ્ર બિંદુમાં હોય, તેના સુરક્ષાનાં હેતુ માટે કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ શાંતિ જાળવવા સારૂ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના તા. ૨-૨-૨૦૦૫નાં પત્રથી અત્રે દરખાસ્ત રજુ થઈ છે.

ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતાં સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનિય બનાવ બને નહી સોમનાથ મંદિરની સુરક્ષા જળવાઈ રહે તે માટે હું, એ. સી. રાઠોડ, અધિકિ જિલ્લા મેજિસ્ટ્રેટ જુનાગઢ જિલ્લો જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની આંક-૨૨ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તારીખ ૯-૨-૨૦૦૫ થી ૯-૩-૨૦૦૫ બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈ પણ વ્યક્તિ.

(ક) **શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ,** લાકડી **અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં** ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહી. તેમજ આવા સ્ફોટક પદાર્થ કે પદાર્થ જેવા લઈ જઈ શકાય તેવી ચીજો જેવી કે, મોબાઈલ, શ્રીફળ, કેમેરા વિ. જેવી ચીજો સોમનાથ મંદિરમાં લઈ જવી નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવા નહીં.

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃત્તિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી અસ્લીલ ગીતો ગાવા નહીં.

(૭) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લે કાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહીં.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેનાં ઉપરી અધિકારીઓને ફરજ ઉપર હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતી કામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ એક વર્ષની મુદત સુધીમાં કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબિત થવાથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવજ્ઞાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યક્તિને ૬ માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- નો દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૫મી ફેબ્રુઆરી-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

મુંબઇ પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૩૩ (૧) બી હેઠળ

જાહેરનામું

નાં. : એમએજી/સી/૩૩(૧)(બી)/૨૦૦૫.-નાયબ પોલીસ મહાનિરીક્ષક અને આચાર્યશ્રી પોલીસ તાલીમ વિદ્યાલય, જુનાગઢનાં પત્ર ક્રમાંક : સીબી/૨/ટીઆરજી/૬૭૨/૦૫ તા. ૧૪-૨-૦૫ થી તેમના તાલીમ કેન્દ્રમાં હાલ તાલીમ લઈ રહેલ બેચ નં. ૧૩ નાં તાલીમાર્થીઓને ૩૦૩ રાયફલનું ફાયરીંગ તથા બેચ નં. ૧૪ નાં તાલીમાર્થીઓનું પોઈન્ટ ૦૨૨નું ફાયરીંગ તા. ૨૫-૨-/૦૫થી તા. ૨૭-૨-૦૫ દિવસ ત્રણ માટે પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ હસ્તકના ફાયરીંગ બટ પર લેવાનું હોય, તેનું ધોરણસરનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજૂ થયેલ છે.

સબબ, ઉપરોક્ત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતાં હું, એ. સી. રાઠોડ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની આંક-૨૨ ની કલમ-૩૩ (૧) (બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૨૫-૨-૦૫ થી તા. ૨૭-૨-૦૫ સુધી દિવસ-ત્રણ માટે સવારે ૭-૦૦ કલાકથી ૧૮-૦૦ કલાક સુધી ઉક્ત ફાયરીંગ બટના આજુબાજુના ૧ કી. મી. ના વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનાં ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજરોજ તા. મી માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીનાં સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

એ. સી. રાઠોડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩/૧ એન. અને ઓ. અન્વયેનું

જાહેરનામું

નાં. : એમએજી/સી/મહોરમ/૫૪૧/૨૦૦૫.-આગામી તા. ૧૯/૨૦-૨-૨૦૦૫નાં રોજ મહોરમ તાજીયાના તહેવાર આવે છે. મહોરમના દિવસો દરમ્યાન જિલ્લાના તાજીયાના સરઘસ વિગેરેનું નિયમન કરવાનું અને જે અંગે જાહેર સુલેહશાંતિ તથા જાહેર વ્યવસ્થા જાળવવા સાવચેતીનાં પગલાં લેવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩/૧ એન. અને ઓ. અન્વયે જાહેરનામું સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તાર સહિત સમગ્ર પોરબંદર જિલ્લાના વિસ્તાર માટે પ્રસિધ્ધ કરવાનું ઈષ્ટ જણાય છે.

સબબ હું, આઈ. આર. મનસુરી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૩૩/૧ એન. અને ઓ. અન્વયે પ્રાપ્ત થયેલ સત્તાની રૂઈએ નીચે મુજબ ફરમાવું છું.

૧. તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા ફેરવવા માટે સંબંધકર્તા વિભાગના સબ ડીવીઝનના મેજિસ્ટ્રેટશ્રી પાસેથી ઠરાવેલ મુદતમાં પરવાનગી અગાઉથી મેળવવી પડશે. આવી પરવાનગી મેળવવા માટે જાહેર વ્યવસ્થા જાળવવા પુરતી ખાત્રી અને રૂ. પાંચસોનાં જાતમુચરકા તથા તેટલી જ રકમના જામીન રજુ કરવાના રહેશે.

૨. આવી પરવાનગી પરાપર્વથી ફેરવવામાં આવતા તાજીયા માટે અગર તો મતવાનાં તાજીયા માટે મુસ્લીમ કોમના કોઈપણ શખ્સને ઉપરોક્ત શરત નંબર-એકમાં જણાવેલ શરતનું પાલન થયે આપવામાં આવશે. પરવાનગી મેળવનાર શખ્સોએ જ્યારે કોઈપણ મેજિસ્ટ્રેટ કે પોલીસ અધિકારીશ્રી પરવાનગી જોવા માંગે ત્યારે રજુ કરવી પડશે.

૩. પરવાનગી મેળવનાર શખ્સ પોતે તેમના તાજીયા, પંજો, ડોલી, હાથી, ઘોડા સાથે ફરતી મંડળીમાં સરઘસના કારણે ફરતા માણસોની વર્તણુંક અને સુલેહશાંતિભરી રસમો માટે તે પોતે તેમજ તેના જામીન જવાબદારી રહેશે. કોઈપણ શખ્સ અગર મંડળી અથવા આવા સરઘસની વર્તણુંકને અવ્યવસ્થિત અથવા સુલેહશાંતિ માટે જોખમકારક જણાયે ફરજ બજાવતાં પોલીસ અધિકારીશ્રીએ સોંપેલ પરવાનગી રદ કરવામાં આવશે.

૪. જે તે સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી દ્વારા અપાયેલ પરવાનગીમાં દર્શાવેલ માંગને આધીન રહીને પરવાનગી મેળવનાર શખ્સ પોતાના તાજીયા પંજો, ડોલી, હાથી, ઘોડા, સરઘસ ફેરવી શકશે. પરવાનગીમાં મુકરર કરેલ સ્થળે વાંજિત્ર વગાડી શકશે.

૫. જાહેર રસ્તા અગર સ્થળો ઉપર ઢોલ અથવા બીજા કોઈપણ વાંજિત્રો વગાડવા માટેની પરવાનગી તા. ૧૯-૨-૦૫ થી તા. ૨૦-૨-૨૦૦૫ સુધી આપવામાં આવશે.

૬. શાહદત્તની રાત્રી સાંજના ૧૭-૦૦ કલાકથી રાત્રીનાં ૨-૦૦ વાગ્યાનાં સમય દરમ્યાન સરઘસ ફેરવવાના રહેશે. તાજીયા દરમ્યાન દફન અને ઠંડા કરવાના દિવસે બપોરનાં ૧૫-૦૦ કલાકથી રાત્રીનાં ૨-૦૦ કલાક સુધીમાં સરઘસ અને તાજીયાની ક્રિયા પુરી કરવી પડશે. આ હુકમનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૭. રસ્તા ઉપર તાજીયા અગર મંડળી વિગેરેની લાંબા સમય સુધી એક રસ્તા ઉપર રાખવા દેવા માટે કે થોભવા દેવામાં આવશે નહિ. સ્થળ ઉપર હાજર રહેલા પોલીસ અધિ. શ્રીઓના હુકમને આધીન રહીને વધુમાં વધુ પાંચ મિનિટમાં તાજીયા અગર તો જેની ડોલી મંડળીને ચકાસીને આગળ વધવું પડશે.

૮. પરાપર્વથી ચાલતી આવેલા અને પરવાનગીમાં જણાવ્યા ક્રમ પ્રમાણે તાજીયા સાર્વજનિક રસ્તા ઉપર એક પછી એક લઈ જવા પોલીસ ઈન્સ.શ્રી અને પો. સબ ઈન્સ.શ્રી દ્વારા દર સાલના આધારે આપેલ અનુક્રમ નંબર એક પછી એક લાઈનમાં ચલાવવા અને જ્યારે સામસામા તાજીયા આવે ત્યારપછી દરેક તાજીયા અગર મંડળીઓ તેમની ડાબી બાજુએ રહીને સામેથી આવનાર તાજીયાને રસ્તો આપવો, ગાડી અગર ઘોડા ઉપર સવાર તથા માણસ મળે તો તાજીયા સામે જનાર શખ્સોનું વાજિંત્ર બંધ કરી ડાબી બાજુએથી તાજીયા વગેરે લઈને આગળ વધવું અને તાજીયા એકએક પાછળ બીજા આવે તે રીતે પોતપોતાની ગલી આવતી હોઈ તે ગલીમાં નાકે થોભવું અને જ્યારે પોતાનો નંબર આવે ત્યારે પાછા દાખલ થઈ જવું સામેલ થઈ જવું.

૯. કોઈપણ શખ્સે તલવાર, ખંજર, સોટી, લાકડી, ચપ્પુઓ કે ભાલા કે તેવા પ્રકારનાં કોઈપણ હથિયાર તથા બીજા કોઈપણ પ્રકારના હથિયાર લઈને ફરવું નહિ.

૧૦. રમત-ગમત માટે જે શખ્સોએ પરવાનગી મેળવેલી હોય તે શખ્સોને રમતગમતના સઘળાં સાધનો અગર હથિયાર પોલીસની દેખરેખ નીચે લઈ જવા દેવામાં આવશે.

૧૧. મહોરમમાં ભાગ લેનાર શખ્સોએ બીજા કોઈના સ્વાંગ વેશો કાઢવા નહી, ઈતરકોમનાં ધર્મની લાગણી દુભાઈ દુશ્મનાવટ ઉભી થાય અગર તો સુલેહશાંતિનો ભંગ થાય તેવા કૃત્યો કરવા નહિ.

૧૨. આ જાહેરનામું તા. ૧૯-૨-૦૫ થી તા. ૨૧-૨-૦૫ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

૧૩. આ જાહેરનામું પોલીસખાતાના સભ્યો, હોમગાર્ડઝના સભ્યો તથા જેઓને પોતાની ફરજની રૂઈએ હથિયાર ધારણ કરવાનું હોય તેને લાગુ પડશે નહિ.

૧૪. હથિયારબંધીનું તથા સભા સરઘસબંધીનું જાહેરનામું અમલમાં હોય તેની અમલવારી ચાલુ રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૪૧ તથા ૧૩૫માં દર્શાવેલ શિક્ષાને તથા ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૯-૨-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

પોરબંદર, ૧૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

INDEX

ફોજદારી કાર્યવાહી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ (૧) અન્વયે

જાહેરનામું

નાં. : એમએજી/સી/૯૪૨/૨૦૦૫.-આગામી તા. ૧૯-૨૦/૨/૨૦૦૫નાં રોજ મુસ્લીમ લોકોના મહોરમ તાજીયાના તહેવાર આવે છે. તેથી સદરહું તહેવારને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અને જાહેર સુલેહ શાંતિ જાળવવા અર્થે સાવચેતીના પગલાં લેવાનું ઈષ્ટ જણાતાં તા. ૧૯-૨-૨૦૦૫ થી તા. ૨૧-૨-૨૦૦૫ સુધી બંને દિવસો સહિત-૩ (ત્રણ) દિવસ માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ અને ૧૯૭૪ના અધિનિયમ નંબર-૨ની કલમ-૧૪૪ (૧) હેઠળ કોઈપણ ઢોર, પશુઓની કતલખાના બહાર જાહેર જગ્યાએ કે શેરીઓમાં કતલ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, ઉપરમાં દર્શાવેલ દિવસોએ કોઈપણ કતલખાનાની બહાર જાહેર કે ખાનગી સ્થળે ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, વાછરડા અને વાછરડીના કતલને કારણે તેમજ કોઈ શેરીમાં કે સ્થળમાં દેખાઈ તે રીતે અન્ય કોઈપણ પશુની કતલને કારણે જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ છે અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ અને ૧૯૭૪ના અધિનિયમ નં. ૨ ની કલમ-૧૪૪ (૧) હેઠળ પગલાં લેવા માટેનું પુરતું કારણ છે અને તે તાત્કાલિક અટકાવવું ઈચ્છનીય છે અને તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું ઈષ્ટ જણાય છે.

તેથી હું, આઈ. આર. મનસુરી, જી. એ. એસ.,અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પોરબંદર જિલ્લો, પોરબંદર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ અને ૧૯૭૪ની અધિ. નં. ૨ ની કલમ-૧૪૪(૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, પોરબંદર જિલ્લા પોલીસ જિલ્લાના તમામ તાલુકાના શહેરો કે કસ્બાઓ તથા ગામડાઓના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ તા. ૧૯-૨-૨૦૦૫ થી તા. ૨૧-૨-૨૦૦૫ સુધી બંને દિવસો સહિત કતલખાનાની બહારના કોઈપણ જાહેર જગ્યાએ કે શેરીઓમાં ગાય, આખલા, બળદ, પાડા, ભેંસ, વાછરડા અને વાછરડીની કતલ કરવી નહીં અથવા જાહેર સ્થળમાં દેખાઈ તે રીતે કોઈપણ પશુની કતલ કરવી નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈ.પી.કો.ક. ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામું આજરોજ તા. ૧૯-૨-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

આઈ. આર. મનસુરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પોરબંદર.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો

હુકમ

નં. : ડીએમ/૧ ફા./૫૬૭/૨૦૦૫.-ભાવનગર જિલ્લામાં આગામી તા. ૮-૩-૨૦૦૫ના રોજ મહાશિવરાત્રીનો તહેવાર ઉજવવાનાર હોય ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂં આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતિપૂર્વક જળવાઈ રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેરશાંતિ અને સલામતી જાળવવા સારૂં બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, ડી. બી. વોરા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી જાહેરશાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૧-૨-૨૦૦૫ થી તા. ૨૨-૩-૨૦૦૫ સુધી (બન્ને દિવસો સુધ્ધાં).

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ગુપ્તી, સોટા, બંધુક, છરી, કુહાડી, ધારીયા, લોખંડના પાઈપ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહી.

(ખ) કોઈપણ ભયકારી, ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી, અથવા ટોળામાં ફરવું નહી.

(છ) જેનાથી સુરૂચી અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, તેવા ચિત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ ક-ખ-ગ-ઘ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેના શારિરીક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથિયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસૂચિ :

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનેથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ ૧૫-૨-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો માર્યો.

ભાવનગર, ૧૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

જાહેરનામું

નં. : ડીએમ/૧/૫૬૬/૨૦૦૫.-આગામી તા. ૧૯-૨-૨૦૦૫ તથા ૨૦-૨-૨૦૦૫ના રોજ મહોરમ-તાજીયાના તહેવાર નિમિતે ભાવનગર શહેરમાં તાજીયાના ઝુલુસ નીકળવાના હોઈ તેના અનુસંધાને ટ્રાફીકનું નિયમન કરવાની જરૂર જણાતાં હું, ડી. બી. વોરા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ ભાવનગર શહેરમાંની નીચે જણાવેલ રસ્તાઓને તા. ૧૯-૨-૨૦૦૫ના કલાક ૧૯-૦૦ થી તા. ૨૦-૨-૨૦૦૫ સવારે ૦૫-૦૦ કલાક દરમ્યાન એકમાર્ગીય જાહેર કરૂં છું. આ રસ્તાઓ ઉપર બન્ને તરફથી પ્રવેશબંધી રહેશે.

(૧) હેરીસ રોડના નાકાથી શેલારશા ચોક, સંઘેડીયા બઝાર થઈને અલકા ટોકીઝ સુધી,

(૨) અલકા ટોકીઝથી વડવા તલાવડી થઈ ચાવડી ગેઈટથી બાપુની વાડી, પાવર હાઉસ સુધી.

(૩) વાસણઘાટથી શેલારશા ચોક અને મીનીગેસ્ટ હાઉસ સુધી.

(૪) ખાર ગેટચોકથી મામાકોઠા અને બાર્ટન ચોકથી હલુરીયા ચોક સુધી.

(૫) સંત કંવરરામ ચોકથી કેસરબાઈની મસ્જીદ થઈ હલુરીયા ચોક સુધી.

(૬) ડી. એસ. પી. કચેરી સામે રોડથી રણવીર, હનુમાનજી મંદિર થઈ મનહરકુંવરબા રાજપુત છાત્રાલય સુધી.

(૭) જોગીવાડની ટાંકીથી રૂવાપરી રોડ બાર્ટન ચોક સુધી.

(૮) ખડપીઠ મોર્ડન સર્વિસ સ્ટેશનથી નવાપરા ચોકથી ડી. એસ. પી. કચેરી રોડ રણવીર હનુમાનજી સુધી.

(૯) પારસીની અગીયારીથી મનહરકુંવરબા છાત્રાલય સુધી.

(૧૦) દિપકચોકથી વીમાના દવાખાના સુધી તાજીયાના રૂટ પર સામેની મોટા વાહનો ચાલે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજા થઈ શકે છે.

જાહેરનામાના અમલ અને તેના ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરના હેડકોન્સટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

મહેસુલ, પંચાયત, હોસ્પિટલ, વીજળી વિગેરે આવશ્યક સેવાઓના સંબંધિત સ્ટાફને આ જાહેરનામું લાગુ પડતું નથી.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં જાહેરનામાની નકલો ચોંટાડીને અને વર્તમાનપત્રો મારફતે તેની બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આજ તા. ૧૫-૨-૨૦૦૫ના રોજ મારી સહી સિક્કો કરીને સદરહું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૧૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-૩૩ (એસ) નીચે કાઢેલો

હુકમ

નં. : ડી.એમ./૧/ફા. ૫૨૪/૨૦૦૫.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની બાજુમાં આવેલ ટાગોર રોડની દક્ષિણ દિશાએ સર્વે નં. ૨૮૨ની જમીન જે પોલીસ ખાતાએ ફાયરીંગ બટ માટે પસંદ

કરેલ છે. જેનો ઉપયોગ પોલીસતંત્ર ફાયરીંગ બટ માટે કરે છે. આ ફાયરીંગ બટમાં જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટશ્રી, ભાવનગર દ્વારા હોમગાર્ડ જવાનોનાં ફાયરીંગ તા. ૨૫-૨-૨૦૦૫ થી તા. ૩-૩-૨૦૦૫ સુધી રાખેલ છે.

સબબ, જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (એસ) થી મળેલ અધિકારની રૂઈએ હું, ડી. બી. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ અડધો માઈલના વિસ્તારમાં તા. ૨૫-૨-૨૦૦૫ થી તા. ૩-૩-૨૦૦૫ સુધી કોઈપણ શખ્સે જવું નહી તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી. જાહેરનામાનો ભંગ બદલના પગલા લેવા કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનેથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

મેં, આજ તારીખ ૯-૨-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવ્યો.

ભાવનગર, ૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

ડી. બી. વોરા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/વ/૨/૨૦૦૫.-સુરેન્દ્રનગર-દુધરેજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ દુધરેજ વડવાળાદેવના મંદિર ખાતે તા. ૧૫-૦૨-૨૦૦૫ થી તા. ૨૪-૦૨-૨૦૦૫ સુધી પુ. મોરારીબાપુની રામકથા તેમજ સુવર્ણકળશ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાજ્યમાં તેમજ રાજ્ય બહારથી મોટી સંખ્યામાં જનમેદની એકત્ર થનાર હોઈ ટ્રાફીક સમસ્યા ઉપસ્થિત ન થાય તે માટે જાહેરનામું બહાર પાડવા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, ટ્રાફીક, સુરેન્દ્રનગર તરફથી દરખાસ્ત થઈ આવેલ છે.

દુધરેજ વડવાળાદેવના મંદિર ખાતે તા. ૧૫-૦૨-૨૦૦૫ થી તા. ૨૪-૦૨-૨૦૦૫ સુધી પુ. મોરારીબાપુની રામકથા તેમજ સુવર્ણકળશ મહોત્સવનું આયોજન પ્રસંગે દર્શનાર્થે આવતા નાગરીકોને આવવા જવામાં તેમજ આ માર્ગ ઉપરથી પસાર થતા વાહનવ્યવહારને કોઈ મુશ્કેલી ન પડે અને ટ્રાફીક સમસ્યા ન સર્જાય તે માટે તા. ૧૫-૦૨-૨૦૦૫ થી તા., ૨૪-૦૨-૨૦૦૫ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ વિગતે જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે, વાસ્તે હું, એસ. એલ. અમરાણી,અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) થી મળેલ સત્તાની રૂએ તા. ૧૫-૦૨-૨૦૦૫ થી ૨૪-૦૨-૨૦૦૫ સુધી ધર્મસ્થળે આવતા તમામ પ્રકારના વાહનોને નીચે જણાવ્યા મુજબના રૂટ ઉપરથી પસાર થવા તેમજ નીચે જણાવેલ સ્થળે પાર્કિંગ કરવા ફરમાવું છું.

૧. લીંબડી, ભાવનગર, અમરેલી તેમજ વઢવાણ તરફથી ધર્મસ્થળે આવતા વાહનોએ વઢવાણ દુધની ડેરી ચાર રસ્તા થઈ રાજકોટ બાયપાસ થઈ નવા સરકીટ હાઉસ થઈ જિલ્લા પંચાયત થઈ કલેકટર ઓફીસ થઈ મીલના બંગલા થઈ દાળમીલ રોડ થઈ ખમીયાણા રોડ થઈ ખોડીયાર મંદિરે સામે કાચા રસ્તા ઉપર થઈ જી.ઈ.બી. સબસ્ટેશન થઈ રેલ્વે ટ્રેક ક્રોસ કરી જવાનું રહેશે તેમજ રસ્તાની ડાબી તરફ નિયત કરાયેલા સ્થળે વાહનોનું પાર્કિંગ કરવાનું રહેશે.

૨. મુળી, સાયલા તેમજ રાજકોટ તરફથી ધર્મસ્થળે આવતા વાહનોને સરકીટ હાઉસ થઈ જિલ્લા પંચાયત થઈ કલેકટર ઓફીસ થઈ મીલના બંગલા થઈ દાળમીલ રોડ થઈ ખમીયાણા રોડ થઈ ખોડીયાર મંદિર સામે કાચા રસ્તા ઉપર જી.ઈ.બી. સબસ્ટેશન થઈ રેલ્વે ટ્રેક ક્રોસ કરી જવાનું રહેશે તેમજ રસ્તાની ડાબી તરફ નિયત કરાયેલા સ્થળે વાહનોનું પાર્કિંગ કરવાનું રહેશે.

૩. ખોડુ તરફથી ધર્મસ્થળે આવતા વાહનોનું પાર્કિંગ દુધરેજ, ચામરજ રોડ ઉપર આવેલ દુધરેજ મંદિરના સેવકો માટે કરેલ ઉતારાની વ્યવસ્થાની બાજુમાં આવેલ નિયત કરાયેલ સ્થળે પાર્કિંગ કરવાનું રહેશે.

૪. ખોડુ, વેળાવદર **તરફથી** સુરેન્દ્રનગર તરફ જતા વાહનોએ **ચમારજ બસસ્ટેન્ડથી** જમણી તરફ આવેલ ખમીયાણા રોડ **ઉપરથી સુરેન્દ્રનગર, વઢવાણ તરફ જવાનું રહેશે.**

૫. હળવદ, ધ્રાંગધ્રા તરફથી ધર્મસ્થળે આવતા વાહનો દુધરેજથી માલવણ તરફ જતા રસ્તા પહેલા ડાબી બાજુ નિયત કરાયેલા સ્થળે પાર્કિંગ કરવાનું રહેશે.

૬. અમદાવાદ, વિરમગામ તરફથી ધર્મસ્થળે આવતા વાહનોએ લખતર બસસ્ટેન્ડ પાસેના ચાર રસ્તાથી જમણી તરફ વળીને બજરંગપુરા, અણીન્દ્રા, બાકરથળી થઈને દુધરેજ ગામ પાસેના ત્રણ રસ્તાથી ડાબી બાજુ નિયત કરાયેલા સ્થળે પાર્કિંગ કરવાનું રહેશે.

૭. પાટડી તેમજ ઉત્તર ગુજરાત તરફથી ધર્મસ્થળે આવતા વાહનોએ પણ દુધરેજ ગામ પાસેના ત્રણ રસ્તાની ડાબી બાજુ નિયત કરાયેલા સ્થળે પાર્કિંગ કરવાનું રહેશે.

૮. સુરેન્દ્રનગર, વઢવાણ, રતનપર, જોરાવરનગર તરફથી ધર્મસ્થળે આવતા ટુ વ્હીલર્સ તેમજ મોટરકાર જેવા વાહનોએ રેલ્વે ઓવરબ્રીજ પસાર કરી ડાબી બાજુ નિયત

કરાયેલ સ્થળે પાર્કિંગ કરવાનું રહેશે, તેમજ રીક્ષા, ટેમ્પો, ટ્રેક્ટર જેવા વાહનો ટી.બી. હોસ્પીટલની સામેના ભાગે નિયત કરાયેલા સ્થળે પાર્કિંગ કરવાનું રહેશે.

૯. ધ્રાંગધ્રા, પાટડી તરફથી સુરેન્દ્રનગર તેમજ અન્ય જગ્યાએ જતા વાહનો એસ.ટી. બસ, ટ્રક જેવા ભારે વાહનો સિવાયના અન્ય વાહનો ટી.બી. હોસ્પીટલ સામે મીત્રમંડળ સોસાયટી પાસે થઈ જંકશન રોડ થઈ દેરાસરથી આગળ થઈ પસાર થવાનું રહેશે.

૧૦. વઢવાણ તેમજ આજુબાજુના વિસ્તારમાંથી ધર્મસ્થળે જતા નાના વાહનો માટે વઢવાણ દુધની ડેરી ચાર રસ્તાથી જમણી તરફ વળી ૮૦ ફુટના રસ્તાથી નવા ફાટક થઈ અંબા મીકેનીક થઈ ધર્મસ્થળે જવાનું રહેશે.

૧૧. તા. ૧૫-૦૨-૨૦૦૫ થી તા. ૨૪-૦૨-૨૦૦૫ સુધી સુરેન્દ્રનગરથી પાટડી, ધ્રાંગધ્રા તરફ આવતી તેમજ જતી એસ.ટી. બસો સુરેન્દ્રનગર બસસ્ટેન્ડ થઈ વિજય ટ્રાન્સપોર્ટ પાસેથી જમણી તરફ મેઘાણી રોડ ઉપર થઈ ૮૦ ફુટ રોડ ઉપર થઈ અંબા મીકેનીક પાસેથી પાટડી-ધ્રાગધ્રા તરફ જવાનું રહેશે.

આ જાહેરનામું તા. ૧૫-૦૨-૨૦૦૫ થી તા. ૨૪-૦૨-૨૦૦૫ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર કે તેમ કરવામાં મદદગારી કરનાર ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૪ માહે, ફેબ્રુઆરી સને ૨૦૦૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/સભા સરઘસબંધી/૧૭ થી ૨૮/૨/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા બરાબર જળવાઈ રહે તે માટે, પાંચ કે વધુ માણસો એકડા થવા તથા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જાહેર વ્યવસ્થાના હેતુ માટે મને જરૂરી જણાયેલ છે. વાસ્તે હું, એસ. એલ. અમરાણી, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, મને મળેલ અધિકારની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ–૩૭ (૩) હેઠળ સુરેન્દ્રનગર જિલ્લાના સમસ્ત વિસ્તારમાં તા. ૧૭-૦૨-૨૦૦૫ થી તા. ૨૮-૦૨-૨૦૦૫ સુધી (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન સંબંધિત એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું. આ પ્રતિબંધ કલેક્ટર કચેરીના મુખ્ય દરવાજા પાસે જમણી બાજુએ ફુટપાથ તરફ દરવાજાથી પાંચ મીટરનું અંતર રાખીને ત્યારબાદની પચાસ મીટર સુધીની ફુટપાથ ઉપરની જગ્યાના વિસ્તારને લાગુ પડશે નહીં.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, ભંગ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું ઉક્ત વિસ્તારમાં સહેલાઈથી વાંચી શકાય, જોઈ શકાય તેવી જગ્યાએ, તેને ચોંટાડી પ્રસિધ્ધ કરવું, તેમજ ધ્વનિવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો કે દાંડી પિટાવી પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૧૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

બોમ્બે પોલીસ એક્ટ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) નું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી/વ/૧૭-૨૮/૨/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા હથિયારબંધી જરૂરી જણાય છે. વાસ્તે હું, એસ. એલ. અમરાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭ (૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧૭-૦૨-૨૦૦૫ થી તા. ૨૮-૦૨-૨૦૦૫ સુધી (બંને તારીખો સહીત) ના સમય દરમ્યાન પોલીસ અધિક્ષકશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદૂક, લાકડી અને લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારિરીક ઈજા પહોંચાડી શકે તેવા બીજા કોઈપણ સાધનો સાથે લઈ જવા નહીં.

૨. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ ફેકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી.

૩. વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી તથા તૈયાર કરવા નહીં.

૪. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

૫. જેનાથી સુરુચિનો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવી ચેષ્ઠા કરવી નહીં, તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

૬. બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાધ્ય વગાડવાની તેમજ.

INDEX

૭. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહી અથવા ટોળામાં ફરવું નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવુ કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) પોલીસ અધિક્ષકશ્રીએ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

જો કોઈપણ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ તથા ફોજદારી ધારા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામુ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો, ઢંઢેરો, દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ તારીખ ૧૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

એસ. એલ. અમરાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. એમએજી/બી/વા.કેસ/૨/૨૦૦૪.-જુનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકાના તાલાલા (ગીર) પોલીસ સ્ટેશનના તારીખ ૨૮-૪-૨૦૦૪ના રિપોર્ટથી નીચેની વિગતનાં બિનવારસી મુદ્દામાલ રજુ થયેલ છે. જેથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ઉક્ત મુદ્દામાલ જે કોઈ શખ્સનો હોય તેણે આ જાહેરનામું પ્રસિધ્ધી થયાની તારીખથી ૬(છ) માસની અંદર આધાર પુરાવા સાથે માલીકી હક્ક સાબીત કરી આપવાનો રહેશે. અન્યથા સદરહું મુદ્દામાલ સરકાર ખાલસા ગણી જાહેર હરરાજીથી નિકાલ કરવામાં આવશે.

ક્રમ	મુદ્દામાલની વિગત	અંદાજીત કિંમત
(૧)	એક હિરોહોન્ડા સ્પ્લેન્ડર લાલ કલરનું જેના નંબર જી. જે. ૧૧ જે. ૭૪૮ એન્જીન નં. ૯૭ જે-૧૭ ઈ ૦૦૩૬૨ તથા ચેસીજ નં. ૯૭ જે ૧૯ એફ ૦૦૬૭૦ બંધ હાલતમાં છે.	૧૫૦૦૦/- (રૂપિયા પંદર હજાર પુરા)

તલાલા, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
તલાલા.

શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

૧. ગુજરાત રાજયનાં સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ

૨. સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં નોટીફીકેશન, જી. એચ. કે. એચ.૨૪/૯૧ ડી. સી. ૧૧૮૯ ૫૨૦૪ જે તા. ૩૦-૩-૯૧

૩. સબ ઓડીટર, ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ અમરેલી તા............ ૨૦૦ નો અહેવાલ.

૪. આ કચેરીના વચગાળાનો ફડચા આદેશ નં. ફડચ/ગ-૩/૨૩૫૭ થી ૨૩૬૪ તા. ૧૯/૮/૨૦૦૪.

અંતિમ આદેશ

જાવક નં. ફડચ/ગ-૩/૧૦૮/૨૦૦૫, આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, મને મળેલ અધિકારની રૂએ શ્રી ગરણેશ્વર સેવા સહકારી મંડળી લી., મુ. ગરણી, તાલુકો : બાબરા. જિલ્લો : અમરેલી જેની નોંધણી ૩૩૪૩, સને-૧૯૯૧થી નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ગ-૨ અન્વયેથી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે અન્વયે આ ફડચાનાં અંતિમ આદેશ કરવામાં આવે છે અને આ આદેશ ફડચાઅધિકારી તરીકે શ્રી અ. જી. મ. સ. બેન્ક લી.ની નિમણૂંક કાયમ કરી ફડચા કામગીરી નીયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઈ ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફી નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૧૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત રાજયનાં સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨. સરકારશ્રી નાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં નોટીફીકેશન, જી. એચ. કે. એચ.૨૪/૯૧ ડી. સી. ૧૧૮૯ ૫૨૦૪ જે તા. ૩૦-૩-૯૧

૩. સબ ઓડીટર, ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ અમરેલી તા............ ૨૦૦ નો અહેવાલ.

૪. આ કચેરીનો વચગાળાનો ફડચા આદેશ નં. ફડચ/ગ-૩/૦૩૧/૨૭૨૦ થી ૨૭૩૦ તા. ૪/૧૧/૨૦૦૪.

૫. અધિક રજીસ્ટ્રાર (અપીલ) સ. મં. ગુ. રા. ગાંધીનગર હુકમ ક્રમાંક સક્ક/૮૫૨૯/ક/૫૩/ તા. ૧૩-૨-૦૫

અંતિમ આદેશ

જાવક નં.-ફડચ/ગ-૩/૧૩૫/૨૦૦૫, આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, મને મળેલ અધિકારની રૂએ શ્રી ધારી તાલુકા ફળ, શાકભાજી ઉત્પાદક સેવા સહકારી મંડળી લી., મુ. ધારી, તાલુકો : ધારી. જિલ્લો : અમરેલી, જેની નોંધણી ૨૯૦૦૧, તા : સને-૧૯૯૯ નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ગ-૨ અન્વયેથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે અન્વયે આ ફડચાનાં અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ આદેશ ફડચાઅધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા)ની નિમણૂંક કાયમ કરી ફડચા કામગીરી નીયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઈ ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફી નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત રાજયના સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨. સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટિફીકેશન, જી.એચ.કે.એચ. ૨૪/૯૧ ડી.સી.-૧૧૮૯-૫૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧.

૩. સબ ઓડીટર-ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ અમરેલી તા. ———૨૦૦ નો અહેવાલ.

૪. આ કચેરીનો વચગાળાનો ફડચા આદેશ નં. ફડચ/ગ-૩/૨૭૫૮ થી ૨૭૬૫/૪૦, તા. ૧૧-૧૦-૨૦૦૪.

૫. અધિક રજિસ્ટ્રાર (અપીલ) સામં. ગુ-રા. ગાંધીનગર હુકમ ક્રમાંક/૫૨૮/૬/૫૪/૦૫, તા. ૧૬-૨-૦૫.

અંતિમ આદેશ

જાવક નં. ફડચ/ગ-૩/૧૨૬/૨૦૦૫.-આથી હું વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, મને મળેલ અધિકારની રૂએ શ્રી રોકડીયા મહાદેવ બિયારણ ઉત્પા. સહકારી મંડળી લિ., મું. અમરેલી, તાલુકા : અમરેલી, જિલ્લા : અમરેલી જેની નોંધણી ૩/૧૬૩૯/૮૭, તા. ૧-૭-૮૭ નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ગ-૨ અન્વયે થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે અન્વયે આ ફડચાનાં અંતિમ આદેશ કરવામાં આવે છે અને આ આદેશ ફડચા અધિકાર તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ની નિમણૂંક કાયમ કરી ફડચા કામગીરી નીયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે. અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઇ ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફી નીયત ધોરણે આકરણી કરી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત રાજયના સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઇઓ.

૨. સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટિફીકેશન, જી.એચ.કે.એચ. ૨૪/૯૧ ડી.સી.-૧૧૮૯-૫૨૦૪/જે, તા. ૩૦-૩-૯૧.

૩. સબ ઓડીટર, ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ અમરેલી તા. ———૨૦૦ નો અહેવાલ.

૪. આ કચેરીનો વચગાળાનો ફડચા આદેશ નં. ફડચ/ગ-૩/૦૩૫/૨૭૩૧ થી ૨૭૩૯, તા. ૪-૧૦-૨૦૦૪.

૫. અધિક રજિસ્ટ્રાર (અપીલ) સ. મં. ગુ. રા. ગાંધીનગર હુકમ ક્રમાંક સક્ક/૮૫૨૭/ક/૫૨, તા. ૧૬-૨-૦૫.

અંતિમ આદેશ

જાવક નં. ફડચ/ગ-૩/૧૧૭/૨૦૦૫.-આથી હું વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી મને મળેલ અધિકારની રૂએ શ્રી સા. કુંડલા તાલુકા કોટન જીનીંગ પ્રેસીંગ સેવા સહકારી મંડળી લિ. મું. સા. કુંડલા, તાલુકા : સા. કુંડલા, જિલ્લા : અમરેલી જેની નોંધણી ૧૮૯૬ તા. ૧૪-૧૧-૧૯૭૩ નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ગ-૨ અન્વયે થી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે અન્વયે આ ફડચાનાં

અંતિમ આદેશ કરવામાં આવે છે અને આ આદેશ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ની નિમણૂંક કાયમ કરી ફડચા કામગીરી નીયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે. અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઇ ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફી નીયત ધોરણે આકરણી કરી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૧૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નધણ/ચ/સે-શ/૩૨૬૮૯.- જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી આથી જાહેર કરે છે કે શ્રી ગૃહલક્ષ્મી મહિલા બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી, સ્થળ-ધારી, તાલુકો- ધારી, જિલ્લો અમરેલી ને નોંધણી નં. સે. શં. ૩૨૬૮૯, તા. ૧૦-૦૨-૨૦૦૫ થી સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૧૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નધણ/ચ/સે/૩૨૬૯૦/૧૧૩/૨૦૦૫.- જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, આથી જાહેર કરે છે કે શ્રી તરવડા વિભાગીય કોટન જીનીંગ પ્રેસીંગ એન્ડ પ્રોસેસીંગ કો. ઓપ. સોસાયટી લીમીટેડ, સ્થળ તરવડા, તાલુકો અમરેલી, જિલ્લો અમરેલી ને નોંધણી નં. સે. ૩૨૬૯૦ તા. ૧૦-૦૨-૨૦૦૫ થી સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૧૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ધ, તા. ૧૭-૪-૦૪.

(૩) ચિત્રકુટ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. ના પ્રમુખશ્રીના તા. ૧૩-૧૨-૦૪ના પત્રથી વહીવટ હેઠળ જવા રજુ થયેલ પત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે તારીખ ૧૮-૧-૦૫ની કારણદર્શક નોટીસ ક્રમાંક : સવન/ખ-૨/૭૦ થી ૭૫/૦૫.

હુકમ

જા. નં. સવન/ખ-૨/૧૪૬ થી ૧૫૭/૦૫.- હું વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે પ્રાપ્ત થતા અધિકારની રૂએ ચિત્રકુટ કો. ઓપ. હા. સો. લી. જુનાગઢ કે જેની નોંધણી નંબર : ૯૯૩૭ છે અને તા. ૨૩-૧૧-૮૨ ના રોજ નોંધાયેલ છે, જેને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૮૧ અન્વયે હુકમની તારીખથી બે વર્ષ માટે વહિવટમાં લઈ જઈ વહિવટદાર તરીકે ધી ગુજરાત સ્ટેટ કો. ઓપ. હા. ફા. કોર્પો. લી. અમદાવાદની નિમણુંક કરવામાં આવે છે.

જુનાગઢ, ૧૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નધણ/ખ-૩/૧૯૨-ઉ. ૧૨૮૦૪/સને ૦૫.- આથી જાહેર કરે છે કે શ્રી ઉદય મજુર બાંધકામ સહકારી મંડળી લી., મર્યાદીત સ્થળ-ધુસીયા, તાલુકો તાલાળા, જિલ્લો જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નધણ/ખ-૩/૧૯૪-ઉ. ૧૨૮૦૩/સને ૦૫.- આથી જાહેર કરે છે કે શ્રી પરિશ્રમ મજુર બાંધકામ સહકારી મંડળી લી., મર્યાદીત સ્થળ-ટીંબડી, તાલુકો સુત્રાપાડા, જિલ્લો જુનાગઢ.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વિ. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
અમરેલી.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/હસબ/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪.

(૨) આ કચેરીના તા. ૨૨-૧૧-૨૦૦૪ ના હુકમ નં. ફડચ/ખ-૪/ ૧૪૪૦નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૬૩૧૫/ખ-૪/૧૦૩/૨૦૦૫.- શ્રી રજાવળ ઢુંઢસર પિયત સહકારી મંડળી લીં., મું. ઢુંઢસર, તા. સિહોર, જિ. ભાવનગરની નોંધણી નં. ૧૯૯૪, તા. ૨૩-૩-૯૪થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, યુ. એમ. વાસણાવાળા, જીલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ભાવનગર. સદરહુ સંસ્થાને માટે તા. ૨૨-૧૧-૦૪ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૩, ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/હસબ/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪.

(૨) આ કચેરીના તા. ૨૨-૧૧-૨૦૦૪ ના હુકમ નં. ફડચ/ખ-૪/૧૪૩૮નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૬૩૧૪/ખ-૪/૧૦૨/૨૦૦૫.- શ્રી મારૂતી પ્રાથ. ગ્રાહક સહ. ભંડાર લી., મું. ગારીયાધાર, તા. ગારીયાધાર, જિ. ભાવનગરની નોંધણી નં. ૨૬૩૫ તા. ૧૩-૩-૮૯ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, યુ. એમ. વાસણાવાળા, જીલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ભાવનગર. સદરહુ સંસ્થાને માટે તા. ૨૨-૧૧-૦૪ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૩, ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/હસબ/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪.

(૨) આ કચેરીના તા. ૨૨-૧૧-૨૦૦૪ ના હુકમ નં. ફડચ/ખ-૪/૧૪૪૧નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૬૩૧૩/ખ-૪/૧૦૧/૨૦૦૫.- રતનવાવ જુથ તેલી. ઉત્પા. સહકારી મંડળી લી., મું. રતનવાવ, તા. ગારીયાધાર, જિ. ભાવનગરની નોંધણી નં. ૧૭૧૫૬ તા. ૧૦-૩-૮૯ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, યુ. એમ. વાસણાવાળા, જીલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહુ સંસ્થાને માટે તા. ૨૨-૧૧-૨૦૦૪ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં.-૩, ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/હસબ/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪.

(૨) આ કચેરીના તા. ૧૦-૧૨-૨૦૦૪ ના હુકમ નં. ફડચ/ખ-૪/૧૫૭૨નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૦૦૦/ખ-૪/૧૧૨/૨૦૦૫.-શ્રી રામ પ્રાથમીક ગ્રાહક સહ. ભંડાર લી., મું. ગઢડીયા, તા. બોટાદ, જિ. ભાવનગરની નોંધણી નં. ભં.-૪૮૭૩, તા. ૨૯-૯-૨૦૦૧ થી

નોંધાયેલ સહકારી સંસ્થા છે.ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, યુ. એમ. વાસણાવાળા, જીલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહુ સંસ્થાને માટે તા. ૧૦-૧૨-૨૦૦૪ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં.-૩, ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/હસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪.

(૨) આ કચેરીના તા. ૩-૧૨-૨૦૦૪ ના હુકમ નં. ફડચ/ખ-૪/૧૫૦૯નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૬૩૦૧/ખ-૪/૮૯/૨૦૦૫.-શ્રી પાદરી (ગો) ડુંગળી ઉત્પાદક સહકારી મંડળી લી., મું. પાદરી (ગો), તા. તળાજા, જિ. ભાવનગરની નોંધણી નં. ૨૨૪૫૩ તા. ૧૩-૧૦-૮૮ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે.ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, યુ. એમ. વાસણાવાળા, જીલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ભાવનગર, સદરહુ સંસ્થાને માટે તા. ૩-૧૨-૨૦૦૪ના રોજનો કરવામાં આવેલ ફડચાનો વચગાળાનો આદેશ કાયમી કરૂં છું.

તેમજ આ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે સદરહું સંસ્થાના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી, ફડચા નં.-૪, ભાવનગરની આથી નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/હસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪.

(૨) આ કચેરીના તા. ૩-૧૨-૨૦૦૪ ના હુકમ નં. ફડચ/ખ-૪/૧૫૧૨નો સંસ્થાનો ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

આદેશ
આમ કામના કાગળો નજરે આદિપુર શહેરના એસ. ટી. બસ સ્ટેન્ડની આસપાસ ખાનગી બસો, જીપો, મેટાડોર, ટેક્ષીઓ, પાર્ક કરવામાં આવે છે અને અનઅધિકૃત રીતે મુસાફરો હેરફેર કરવામાં આવે છે. જેના કારણે ટ્રાફીકને અડચણ થાય છે. જેથી આદિપુર શહેરના એસ. ટી. બસ સ્ટેન્ડની આસપાસના નીચે જણાવેલ વિસ્તારમાં મુસાફરોની હેરાફેરી કરતી ખાનગી બસો, પીક અપ વાહન, સ્ટેશન વેગન, જીપ, મેટાડોર, ટેક્ષી, છકડો, પ્રાઈવેટ કારને ઉભા રાખવા માટે પ્રતિબંધ જાહેર કરવામાં આવે છે તથા નીચેના વિસ્તાર ''નો પાર્કિંગ ઝોન'' જાહેર કરવામાં આવે છે.

રસ્તો અને સ્થળ

૧ આદિપુર મધ્યે મદનસિંહ સર્કલથી પશ્ચિમ તરફ એસ. ટી. સ્ટેન્ડ તેમજ લકઝરી બસો માટેનું સ્ટેશન આવેલ છે જે રસ્તે મદનસિંહ ચોકથી ૮૦ બજાર બસ સ્ટેન્ડ રોડ પરના ૧૦૦ મીટરના વિસ્તાર.

૨ મદનસિંહ ચોકથી પુર્વ તરફ જતા ૬૪ બજાર વાળા રોડ ઉપર ૧૦૦ મીટરના વિસ્તાર.

૩ મદનસિંહ સર્કલથી ઉત્તરે આદિપુરનું સીટી બસો માટેનું સ્ટેશન છે. જે વિસ્તાર યુ. ટી. આઈ. બેંકનું એટીએમ આવેલ છે. તે બેંક સુધીનો અંદાજે ૫૦ મીટરનો વિસ્તાર.

૪ મદનસિંહ સર્કલથી દક્ષિણ તરફ જતો રોડ જે ગાંધીધામ તરફ જતા હાઈવે રોડને ટચ થાય છે. જે રોડ ઉપર સંતોષી માતાજીનું મંદિર આવેલ છે. જે જગ્યા સુધીનો મદનસિંહ સર્કલથી ૫૦ મીટર સુધીનો રસ્તો.

આ હુકમ નીચેના વાહનોને લાગુ પડશે નહીં.

(૧) સરકારી વાહનો તેમજ પબ્લીકની સુખાકારી અને સુવિધા માટે સરકારી એજન્સીઓ દ્વારા ચલાવવામાં આવતા વાહનો.

(૨) એસ. ટી. સ્ટેન્ડ તથા પ્રતિબંધીત વિસ્તારના એરિયામાં કાયદેસર રીતે મંજુર કરવામાં આવેલ ટેક્ષી સ્ટેન્ડ રીક્ષા, છકડા સ્ટેન્ડ પર ઉભી રહેતી રીક્ષાઓ, છકડાઓ, ટેક્ષીઓને.

આ હુકમના ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ પગલાં લેવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ તા. ૦૩-૦૩-૨૦૦૫થી કરવાનો રહેશે.

આજ રોજ તા. ૦૨-૦૩-૨૦૦૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવ્યું.

ભુજ, ૦૨ માહે માર્ચ, સને ૨૦૦૫.

પ્રદીપ શર્મા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે

હુકમ

નં. ડીએમ/ડીસીએચ/૯/૩/૨૦૦૪.- આગામી તા. ૧૪-૩-૨૦૦૫થી એસ. એસ. સી.ની અને એચ. એસ. સી.ની પરીક્ષાઓ શરૂ થનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમાનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીંઈગ મશીન દ્વારા તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેજસ્વી વિદ્યાર્થી કે જેઓ માધ્યમીક શિક્ષણ બોર્ડના નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેઓને માનસીક પરિતાપ થવાની સંભાવના રહે છે અને તેથી સદરહુ પરીક્ષાઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જામનગર તરફથી દરખાસ્ત મળેલ છે. તેમની દરખાસ્ત મુજબ પગલા લેવા પુરતુ કારણ છે અને એમ થતું અટકાવવાનું ઈચ્છનીય છે, એવો મારો અભિપ્રાય છે.

તેથી હું ટી. નટરાજન, આઈ. એ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રુએ ફરમાવુ છુ કે જામનગર શહેર સહિત જિલ્લામાં એસ. એસ. સી. તથા એચ. એસ. સી. પરીક્ષા માટે નક્કી કરાયેલા જુદા જુદા કેન્દ્રો ઉપર એસ. એસ. સી. તથા એચ. એસ. સી.ની પરીક્ષા લેવાનાર છે. તે પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૨૦૦ મી.ના વિસ્તારની હદમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા સરકારી કે જાહેર સાહસો સિવાયના કોપીંઈગ મશીન ધારકોને તારીખ ૧૪-૩-૨૦૦૫ થી ૨૯-૩-૨૦૦૫ સુધી (બન્ને દિવસો સહિત જાહેરરજા સિવાયના દિવસોમાં) સવારના ૧૦-૩૦ થી ૧૮-૦૦ સુધી તેઓના કોપીંઈગ મશીનો ચાલુ રાખવા નહી કે કોઈપણ પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહીં.

આજ તા. ૧૦ માહે માર્ચ-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી આ હુકમ બહાર પાડયો.

જામનગર, ૧૦ માહે માર્ચ, સને ૨૦૦૫.

ટી. નટરાજન,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે

રાત્રી કરફ્યુ હુકમ જાહેરનામું

નાં. એમએજી/સી/૬૪૦/૨૦૦૫.- પોરબંદર જિલ્લો વિશાળ દરિયા કિનારો ધરાવે છે, દરિયા કિનારા ઉપર ઘણા ગામો આવેલા છે. દેશ અને રાજ્યની હાલની પરિસ્થિતિને અનુલક્ષીને તેમજ જુદા જુદા આંતકવાદી સંગઠનોની ધમકીઓને પહોંચી વળવા તેમજ નિષ્ફળ બનાવવા માટે અને શંકાસ્પદ વ્યક્તિઓની અવરજવર અટકાવવા તેમજ અસામાજીક પ્રવૃતિ ઉપર સચોટ વોચ રાખવા અને અંકુશમાં લેવા સારૂં આ જિલ્લાના દરિયા કિનારાના વિસ્તારમાં નીચેની વિગતેના દરિયા કાંઠાના ગામોમાં દરિયાકાંઠાથી ૫૦૦ મીટર સુધીના વિસ્તારના દરરોજ રાત્રીનાં ૨૩:૦૦ થી સવારના ૫:૦૦ કલાક સુધી રાત્રી કરફ્યુ લાદવો જરૂરી જણાય છે. તે મતલબની દરખાસ્ત પોલીસ અધિક્ષકશ્રી પોરબંદર તરફથી થઈ આવેલ છે.

તેથી હું, એ. એમ. પરમાર, જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી ફરમાવું છું કે, નીચે આપેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ દરિયાકાંઠાના ગામોએ દરિયાકાંઠાથી ૫૦૦ મીટરનાં વિસ્તારનાં રહેવાશીઓએ તેમાં અવર જવર કરનારાઓએ અને પ્રસંગોપાત આવનારાઓને અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તાર પુરતું અનુસુચિમાં દર્શાવેલા સમય દરમ્યાન નીચે જણાવેલા વિસ્તારોની અંદર આવેલ કોઈપણ માર્ગે કે રાહદારી રસ્તા, રાજમાર્ગ, શહેરો, ગલી, પેટાગલી, કે મહોલ્લામાં અવર જવર કરવી નહિં, વાહન હંકારવું નહિ, ચાલવું નહિં, ઉભા રહેવું નહિ, રખડવું નહિં, હરવું ફરવું નહિં, અથવા બીજી કોઈ રીતે ઉપયોગ કરવો નહિં.

અનુસૂચિ

અ.નં.	ગામનું નામ	વિસ્તારનું વર્ણન	તારીખથી તારીખ સુધી	સમય
૧	૨	૩	૪	૫
૧	મિયાણી	દરિયાય કાંઠાથી	૦૭-૦૩-૨૦૦૫	રાત્રીના ૨૩-૦૦થી
૨	ભાવપરા	૫૦૦ મીટરનો	થી	સવારના ૫-૦૦
૩	ટુકાડામિયાણી	વિસ્તાર	૦૫-૦૫-૨૦૦૫	કલાક સુધી
૪	વિસાવાડા	,,	,,	,,

અ.નં.	ગામનું નામ	વિસ્તારનું વર્ણન	તારીખથી તારીખ સુધી	સમય
૧	૨	૩	૪	૫
૫	પાલખડા	દરિયાય કાંઠાથી	૦૭-૦૩-૨૦૦૫	રાત્રીના ૨૩-૦૦થી
૬	રાતડી	૫૦૦ મીટરનો	થી	સવારના ૫-૦૦
૭	કાંટેલા	વિસ્તાર	૦૫-૦૫-૨૦૦૫	કલાક સુધી
૮	કુછડી	”	”	”
૯	ઓડદર	”	”	”
૧૦	ટુકડા-ગોસા	”	”	”
૧૧	ગોસા	”	”	”
૧૨	રાજપર-નવાગામ	”	”	”
૧૩	ચિકાસા	”	”	”
૧૪	ગોસાબારા	”	”	”
૧૫	નવી બંદર	”	”	”
૧૬	રાતીયા	”	”	”
૧૭	ઉંટડા	”	”	”
૧૮	બળેજ	”	”	”
૧૯	મોચા	”	”	”
૨૦	ગોરસર	”	”	”
૨૧	ચીંગરીયા	”	”	”
૨૨	પાતા	”	”	”
૨૩	માધવપુર	”	”	”
૨૪	મુળ માધવપુર	”	”	”

નીચે જણાવેલ ક્રમ-૧ થી ૬ માં જણાવેલ કિસ્સાઓમાં ઉપરોક્ત જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

૧. જે લોકોના રહેણાંક મકાન, બિનરહેણાંક મકાન, ખેતર પ્રતિબંધીત વિસ્તારમાં આવતાં હોય તેવા લોકોને પોતાના મકાનો, ખેતરોમાં આવવા જવા માટે કરફ્યુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

૨. મરણનાં કિસ્સામાં સ્મશાનયાત્રામાં જોડાનાર ડાઘુઓને ઉક્ત કરફ્યુ હુકમ/જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.
વિશેષમાં પરવાનગી લીધેલ માન્ય ધાર્મિક પ્રસંગોના ઉત્સવમાં લાગુ પાડી શકાશે નહિં.

૩. પ્રતિબંધીત વિસ્તારમાં આવતા અધિકૃત રોડ ઉપર આવતા જતા વાહનો/મુસાફરોને ઉક્ત કરફ્યુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહીં.

૪. પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ આવશ્યક અનિવાર્ય સેવાઓ જેવી કે દવાખાના, પોલીસ ચોકીઓ, એસ. ટી. ડેપો તેમજ રાત્રીના સમયે પણ કાર્યરત રહેતી જાહેર સુવિધા કેન્દ્રોને ઉક્ત કરફ્યુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

૫. માચ્છીમારો, ક્રીક પાસ ધરાવતા હોય, તે ક્રીક પાસ સાથે પોતાના માચ્છીમારીના ધંધા અર્થે પ્રતિબંધીત વિસ્તારમાંથી નીકરતા માચ્છીમારોને ઉક્ત હુકમ, જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

૬. ફરજ પરનાં પોલીસ, કસ્ટમ, પોર્ટ, કોસ્ટગાર્ડ અને નેવીનાં કર્મચારીઓ, અધિકારીઓ તથા અધિકૃત કરેલ વ્યક્તિઓને ઉક્ત કરફ્યુ હુકમ-જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

આ જાહેરનામા હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫નાં અધિનિયમ)ના કલમ-૧૮૮ અન્વયે છ મહિના સુધીની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા તે બન્નેની સજા કરવામાં આવશે.

આ જાહેરનામું હુકમ સક્ષમ અધિકારી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારી પાસેથી પરવાનગી મેળવેલ વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આજ તારીખ : ૦૭-૦૩-૨૦૦૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડવામાં આવે છે.

પોરબંદર, ૭મી, માહે માર્ચ સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૧૦૩/૨૦૦૫.-પોરબંદર જિલ્લામાં આગામી દિવસોમાં હોળી-ધૂળેટી તેમજ ગુડ ફ્રાઈડે જેવા ધાર્મિક તહેવારોની ઉજવણી થનાર હોય. તેમજ હાલમાં પોરબંદર જિલ્લામાં ક્રિમીનલ ગેંગોનું અસ્તિત્વ હોય પરંતુ પોલીસની કડક નીતિના કારણે ફાયર આર્મ્સ જેવા હથિયારોનો ઉપયોગ થતો ન હોય જેથી લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજિક તત્વો દ્વારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા. ૯-૩-૨૦૦૫ થી તા. ૮-૪-૨૦૦૫ સુધી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ દરખાસ્ત અત્રે તા. ૯-૩-૨૦૦૫નાં રોજ કરેલ છે.

સબબ પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ શાંથિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું એ. એમ. પરમાર આઈ. એ. એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૧૦-૩-૨૦૦૫ થી તા. ૮-૪-૨૦૦૫ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી ચીજ લઈ જવી નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી. એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહિ.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાદ્ય વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરિક અશક્તિના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતો.

આ જાહેરનામાં કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ જે વ્યક્તિઓના ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ શકે છે. અને આ હૂકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હૂલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યક્તિને ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૦-૩-૨૦૦૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૦મી, માહે માર્ચ સને ૨૦૦૫.

એ. એમ. પરમાર,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પોરબંદર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૨૨ની કલમ ૩૩ની પેટા કલમ-૧ ખંડ-એન તથા આર (૩) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/૩૩(૧)/૩/૨૦૦૫.-જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, કચ્છ-ભુજના તા. ૨-૨-૧૯૬૯ના નં. એમએજી/પોલ/લા/સ્પીકર/૬૮ અનુસાર અધિકૃત કરેલા કોઈ અધિકારીએ આપેલા લાયસન્સની શરતો અન્વયે કે તે અનુસાર હોય તે સિવાય કોઈ જાહેર સ્થળ કે કોઈપણ સ્થળ કે જાહેર મનોરંજન સ્થળમાં કોઈપણ શખ્સ ધ્વનિ વર્ધક યંત્ર (લાઉડ સ્પીકર) વગાડી શકશે નહીં. તે ચલાવી કે તેના ઉપયોગ કરવાની કે ચલાવવાની છુટ આપી શકાશે નહી તે માટે નિયમો બહાર પાડવામાં આવેલ છે. તેમજ નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કન્ટ્રોલ) રૂલ્સ ૨૦૦૦થી પણ લાઉડ સ્પીકરનાં ઉપયોગ પરત્વે નિયમો બહાર પાડવામાં આવેલ છે.

કચ્છ જિલ્લામાં તા. ૧૪-૩-૨૦૦૫ થી ૨૯-૩-૨૦૦૫ દરમ્યાન એસ. એસ. સી. તથા એચ. એસ. સી.ની પરીક્ષાઓ યોજાનાર છે. પરીક્ષાને અનુલક્ષીને વિદ્યાર્થીઓ મોડી રાત સુધી વાંચન કરતા હોય છે. વાજીંત્ર વગાવડા, બીજા સાધનો વગાડવા અને લાઉડ સ્પીકરનો ઉપયોગથી પાડોશના રહેવાસીઓ અને વિદ્યાર્થીઓને હરકત, અગવડ, નુકશાન થતું અટકાવવું ઈષ્ટ જણાય છે.

જેથી હું, એફ. એ. સુવેરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧નાં મુંબઈના ૨૨માની કલમ–૩૩ (૧) એન તથા આર (૩) અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ અનુસુચિમાંનાં વિસ્તારમાં તા. ૧૪-૩-૨૦૦૫ થી તા. ૨૯-૩-૨૦૦૫ સુધી કોઈપણ જાહેર સ્થળ, કોઈપણ સ્થળ કે જાહેર મનોરંજનના સ્થળમાં રાત્રે ૧૦-૦૦ કલાકથી સવારના ૬-૦૦ કલાક દરમ્યાન કોઈપ વાજીંત્ર વગાડવા નહીં, બીજા સાધન વગાડવા નહી તથા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહીં.

આ જાહેરનામાનો અમલ તા. ૧૪-૩-૨૦૦૫ થી તા. ૨૯-૩-૨૦૦૫ સુધી કરવાનો રહેશે.

અનુસુચિ.

સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર.

આ હુકમનો કોઈપણ ભંગ અથવા ઉલ્લંઘંન કરનારને સદરહુ અધિનિયમની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૪ માહે માર્ચ સને ૨૦૦૫ના મારી સહી તથા કચેરીનો સિક્કો મારી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

કચ્છ-ભુજ, ૪ માહે માર્ચ, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈનાં ૨૨માનો કલમ ૩૦ની પેટા કલમ (૩) હેઠળનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું ૩૭(૩) તા. ૦૪-૦૩-૨૦૦૫.-આગામી એસ. એસ. સી.ની માર્ચ ૨૦૦૫માં લેવાનાર પરીક્ષાઓ તા. ૧૪-૦૩-૨૦૦૫થી શરૂ થનાર છે. આ સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ઉપર જાહેર વ્યવસ્થા જાળવવાનાં હેતુ માટે નીચે દર્શાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારો જેમાં હવે પછી સદરહુ વિસ્તાર તરીક ઉલ્લેખ કર્યો છે. તેમાં વ્યક્તિઓની કોઈ મંડળી અને સભા-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ હું એફ. એ. સુવેરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ નીચેની અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ ચો. મી. ત્રિજયાનાં વિસ્તારમાં તા. ૧૪-૦૩-૨૦૦૫ થી તા. ૨૯-૦૩-૨૦૦૫ સુધી કોઈ સભા-સરઘસ તેમજ મંડળી માટે મનાઈ ફરમાવું છું.

વધુમાં આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તેવી વ્યક્તિઓને.

૨. ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

૩. કોઈ લગ્નનાં વરઘોડાને.

૪. કોઈ સ્મશાન યાત્રાને.

અનુસુચિ

એસ. એસ. સી. પરીક્ષા-૨૦૦૫

નીચેનાં પરીક્ષા કેન્દ્રોની આજુબાજુ ૨૦૦ ચો. મી. ની ત્રિજયાનો વિસ્તાર :

અ. નાં.	કેન્દ્ર નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળ
૧	૬૦૧	આદિપુર	શ્રી આર. પી. પટેલ ગુજ. વિદ્યાલય
૨			શ્રી કન્યા મહા વિદ્યાલય
૩			શ્રી મૈત્રી મહા વિદ્યાલય
૪	૬૦૨	અંજાર	શેઠ ડી. વી. હાઈસ્કુલ, અંજાર
૫			શ્રી કે. કે. એમ. ગર્લ્સ હાઈસ્કુલ, અંજાર
૬			શ્રી સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, અંજાર
૭	૬૧૦	ભુજ	શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ, ભુજ
૮			શ્રી ઓલ્ફ્રેડ હાઈસ્કુલ, ભુજ
૯			શ્રી શેઠ વી. ડી. હાઈસ્કુલ, ભુજ
૧૦			શ્રી સ્વામીનારાયણ વિદ્યાલય, ભુજ
૧૧			શ્રી માતૃછાયા ગર્લ્સ હાઈસ્કુલ, ભુજ
૧૨			શ્રી લેવા પટેલ કન્યા વિદ્યાલય, ભુજ
૧૩			શ્રી સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ, ભુજ
૧૪			શ્રી પી. સી. વી. મહેતા હાઈસ્કુલ, ભુજ
૧૫			શ્રી જૈનાચાર્ય અજરામરજી હાઈસ્કુલ, ભુજ

અ. નાં.	કેન્દ્ર નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળ
૧૬	૬૧૦	ભુજ	શ્રી મુસ્લિમ એજયુકેશન હાઈસ્કુલ, ભુજ
૧૭			માતૃશ્રી આર. ડી. વરસાણી હાઈસ્કુલ ભુજ
૧૮	૬૩૦	માંડવી	શેઠ જી. ટી. હાઈસ્કુલ, માંડવી.
૧૯			શેઠ જી. એચ. ટી. વિ. હાઈસ્કુલ માંડવી.
૨૦			શેઠ રામકૃષ્ણ હાઈસ્કુલ, માંડવી.
૨૧			શ્રી કે. આર. કન્યા વિદ્યાલય
૨૨	૬૩૬	નખત્રાણા	શ્રી ટી. ડી. વેલાણી કન્યા વિદ્યાલય, નખત્રાણા
૨૩			શ્રી પંચાયતી પ્રાથમીક કન્યા શાળા, નખત્રાણા
૨૪	૬૬૬	કોઠારા	શ્રી શેઠ જી. ટી. એમ. હાઈસ્કુલ, કોઠારા
૨૫	૬૭૨	મુંદરા	શેઠ આર. ડી. હાઈસ્કુલ, મુંદરા
૨૬			શ્રી સી. કે. એમ. કન્યા હાઈસ્કુલ, મુંદરા
૨૭	૬૭૩	ભચાઉ	શ્રી સરસ્વતી વિદ્યાલય, ભચાઉ
૨૮			શ્રી સાર્વજનિક હાઈસ્કુલ, ભચાઉ
૨૯			શ્રી સરકારી હાઈસ્કુલ, ભચાઉ
૩૦	૬૯૦	ગાંધીધામ	શ્રી સ. વ. પ. ગુજરાત વિદ્યાલય, ગાંધીધામ
૩૧			શ્રી જે. એસ. આદર્શ કન્યા વિદ્યાલય, ગાંધીધામ
૩૨			શ્રી એમ. પી. પટેલ કન્યા વિદ્યાલય, ગાંધીધામ
૩૩			શ્રી આદર્શ મહા વિદ્યાલય, ગાંધીધામ
૩૪			શ્રી ડો. સી. જી. હાઈસ્કુલ, ગાંધીધામ
૩૫	૬૯૧	ગઢશીશા	શ્રી ગઢશીશા હાઈસ્કુલ, ગઢશીશા
૩૬	૬૯૨	દયાપર	શ્રી સારસ્વતમ સંચાલિત હાઈસ્કુલ, દયાપર
૩૭	૬૯૩	નલીયા	શ્રી વી. એલ. હાઈસ્કુલ, નલીયા
૩૮			શ્રી સારસ્વતમ સંચાલિત કન્યા વિદ્યાલય, નલીયા
૩૯	૬૯૪	રાપર	શ્રી સરસ્વતી કન્યા વિદ્યાલય, રાપર
૪૦			શ્રી સરકારી ઉ. મા, હાઈસ્કુલ, રાપર
		કુલ કેન્દ્ર : ૧૩	

આ હુકમનો કોઈપણ ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ની કલમ (૩) અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ સને ૧૮૬૦નો અધિનિયમ ક્રમાંક ૪૫માંની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૦૪-૦૩-૨૦૦૫નાં મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવ્યું.

કચ્છ-ભુજ, ૪ માહે માર્ચ, સને ૨૦૦૫.

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઇનાં ૨૨માનો કલમ-૩૦ ની પેટા કલમ (૩) હેઠળનું

જાહેરનામું

નાં. મેજિ./પોલ/જાહેરનામું ૩૭(૩) તા. ૪-૩-૨૦૦૫.-આગામી ઉચ્ચતર માધ્યમિક એસ. એસ. સી. ની માર્ચ ૨૦૦૫ માં લેવાનાર પરીક્ષાઓ તા.૧૪-૩-૨૦૦૫ થી શરૂ થનાર છે. આ સમય દરમ્યાન પરિક્ષા કેન્દ્રો ઉપર જાહેર વ્યવસ્થા જાળવવાનાં હેતુ માટે નીચે દર્શાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારો જેમા હવે પછી સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કર્યો છે. તેમાં વ્યક્તિઓની કોઇપણ મંડળી અને સભા સરઘસની મનાઇ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ હું એફ. એ. સુવેરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ નીચેની અનુસુચિમાં દર્શાવેલ એચ. એસ. સી. પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ ચો. મી. ત્રિજ્યાની વિસ્તારમાં તા.૧૪-૩-૨૦૦૫ થી તા. ૨૯-૩-૨૦૦૫ સુધી કોઇ સભા-સરઘસ તેમજ મંડળી માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં આદેશ કરૂં છું કે, આ હુકમ નિચેનાને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તેવી વ્યક્તિઓને.

૨. ફરજપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

૩. કોઇ લગ્નના વરઘોડાને.

૪. કોઇ સ્મશાન યાત્રાને.

અનુસુચિ

એચ. એસ. સી. પરીક્ષા-૨૦૦૫

નીચેનાં પરીક્ષા કેન્દ્રોની આજુબાજુ ૨૦૦ ચો. મી. ની ત્રિજ્યાનો વિસ્તાર :

અ. નાં.	કેન્દ્ર નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળ
૧	૦૧૨	ભુજ	શ્રી માતૃછાયા કન્યા હાઇસ્કુલ, ભુજ
૨			શ્રી આર. ડી. વરસાણી હાઇસ્કુલ, ભુજ
૩			શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યાલય, ભુજ
૪			શ્રી સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કુલ, ભુજ
૫			શ્રી ઓલફેડ હાઇસ્કુલ, ભુજ
૬			શ્રી ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઈસ્કુલ, ભુજ
૭			શેઠ વી. ડી. હાઇસ્કુલ. ભુજ
૮	૦૧૨	ભચાઉ	શ્રી સરકારી ઉ. મા. હાઇસ્કુલ, ભચાઉ
૯	૦૩૦	ગાંધીધામ	શ્રી ઓમ વિદ્યા મંદિર ગાંધીધામ
૧૦			શ્રી જે. એસ. આદર્શ કન્યા મહા વિદ્યા, ગાંધીધામ
૧૧			શ્રી સરસ્વતી વિદ્યાલય, ગાંધીધામ

અ. નાં.	કેન્દ્ર નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળ
૧૨	૦૩	ગાંધીધામ	ડો. સી. જી.હાઈસ્કુલ, ગાંધીધામ
૧૩			શ્રી આદર્શ મહાવિદ્યાલય ગાંધીધામ
૧૪	૦૫૩	માંડવી	શ્રી કે. આર. કન્યા વિદ્યાલય, માંડવી
૧૫			શેઠ જી. ટી. હાઈસ્કુલ, માંડવી
૧૬			શેટ જી. એચ. ટી.વી. હાઈસ્કુલ, માંડવી
૧૭			શેઠ રામકૃષ્ણ હાઈસ્કુલ, માંડવી
૧૮	૧૫૬	અંજાર	શ્રી સ્વામી વિવેકાનંદ હાઈસ્કુલ, અંજાર
૧૯	૨૦૧	રાપર	શ્રી સરકારી ઉ. મા. હાઈસ્કુલ, રાપર
૨૦	૨૦૨	નખત્રાણા	શ્રી પંચાયતી પ્રાથમિક કન્યા શાળા, નખત્રાણા
૨૧			કુ. ટી. ડી. વેલાણી કન્યા વિદ્યાલય, નખત્રાણા
૨૨	૨૦૫	મુંદરા	શેઠ આર. ડી. હાઈસ્કુલ, મુંદરા

આ હુકમનો કોઈપણ ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ ની કલમ (૩) અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ સને ૧૮૬૦ નો અધિનિયમ ક્રમાંક ૪૫ માંની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા.૪-૩-૨૦૦૫નાં મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવ્યું.

કચ્છ–ભુજ, ૪ માહે માર્ચ, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે

જાહેરનામું

નાં. મેજી/જાહેરનામું/૩૭(૧)૦૩/૨૦૦૫, તા. ૦૩-૦૩-૨૦૦૫, જિલ્લામાં નારાયણ સરોવર મધ્યે રામપારાયણ કથા, તા. ૬-૩-૦૫ થી તા. ૭-૩-૦૫ સુધી મોટી અરલ તા. નખત્રાણા ધીણોધર ડુંગર મધ્યે ધોરમનાથદાદાનો ઉત્સવ, તા. ૮-૩-૦૫ના મહાશીવરાત્રી તહેવાર, તા. ૨૫-૩-૦૫ના રોજ હોળી તથા તા. ૨૬-૩-૦૫ના ધુળેટી પર્વની ઉજવણી, વિગેરેને અનુલક્ષીને જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે માટે સુલેહ શાંતી અને સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું એફ. એ. સુવેરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૪-૦૩-૨૦૦૫ થીતા. ૩૧-૦૩-૨૦૦૫ સુધી નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાલ, ભાલા, ધોકા, છરી બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહી.

(ગ) અપમાન કરવાના કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી. તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પ્લેકાર્ડો, પત્રિકાઓ અથવા બીજા કોઈ પદાર્થ, વસ્તુ તૈયાર કરવી નહી. અગર અપમાન કરવાના ઈરાદાથી કોઈ નનામી બાળવી નહીં.

આ હુકમ નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યકિત એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

(ગ) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરે તેવી બીજા કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ :

"સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર"

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ

એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત મુંબઈ પોલીસ અધિનિયમ ૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૦૩-૦૩-૨૦૦૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩ માહે માર્ચ, સને ૨૦૦૫.

એફ. એ. સુવેરા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નાં. એમ.એજી/સી/૧૧૬૦૭/૨૦૦૫.-હાલમાં જનતા દ્વારા તેઓની વિવિધ માંગણીઓ તથા કારખાના, સંસ્થાઓ તેમજ રાજકીય બીનરાજકીય પક્ષો દ્વારા તથા સરકારી અર્ધ સરકારી કર્મચારીઓ તરફથી ધરણા-સભાઓ, સરઘસો, રેલીઓ સંમેલનો વિગેરે પ્રવૃતિઓ થવા સંભાવના હોય તથા વીજળીની અનિયમિતતા તથા એસ.ટી. બસનાં પ્રશ્નો તથા જમીનની પેશકદમી વિગેરેનાં પ્રશ્નો હોય તથા ગીરનાર પર્વત પર ગુરૂ દતાત્રેયની જગ્યામાં વિવાદ ચાલુ હોય તેમજ સોમનાથ મંદિર આતંકવાદીઓના કેન્દ્રબિંદુમાં હોય, તેના સુરક્ષાના હેતુ માટે કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં જાહેરનામુ પ્રસિધ્ધ કરવાપોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના તા. ૦૫-૩-૨૦૦૫નાં પત્રથી અત્રે દરખાસ્ત રજુ થઈ છે.

(૨) ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતાં સુલેહશાંતિ જાળવવા સારૂ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તથા સોમનાથ મંદિરની સુરક્ષા જળવાઈ રહે તે માટે હું એ. સી. રાઠોડ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તારીખ ૧૧-૩-૨૦૦૫ થી ૦૮-૪-૨૦૦૫ બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈ પણ વ્યકિત

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહી.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહી. તેમજ આવા સ્ફોટક પદાર્થ કે પદાર્થ જેવા લઈ જઈ શકાય તેવી ચીજો જેવી કે, મોબાઈલ, શ્રીફળ, કેમેરા વિ. જેવી ચીજો સોમનાથ મંદિરમાં લઈ વી નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવા નહી.

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી અસ્લીલ હીતો ગાવા નહી.

(છ) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહીં.

(૩) આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેનાં ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશકિતને કારણે લાઠી લઈ જવા અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાના કોઈ ખંડના ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિતને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીમાં કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યકિતનો ગુનો સાબીત થવાથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/-નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવજ્ઞાથી માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને ૬ માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- નો દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૯મી માર્ચ ૨૦૦૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનાતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૯ માહે માર્ચ, સને ૨૦૦૫.

એ. સી. રાઠોડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો

હુકમ

નં. ડીએમ/૧/ફા. ૯૫૨/૨૦૦૫.-ભાવનગર શહેર તથા જિલ્લામાં તા. ૧૪-૩-૨૦૦૫ થી તા. ૨૯-૩-૨૦૦૫ દરમ્યાન એસ. એસ. સી. ની પરીક્ષાઓ લેવાનાર છે. તે દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષાઓ આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડા તત્વો એકઠા થઇ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહી. કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે જાહેર હિતમાં હું ડી. બી. વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઇએ ફરમાવું છું કે, તા. ૧૪-૩-૨૦૦૫ થી તા. ૨૯-૩-૨૦૦૫ સુધી દરરોજ સવારના કલાક ૧૦-૩૦ થી બપોરના કલાક ૧૩-૩૦ (૧-૩૦) દરમ્યાન નીચેની અનુસૂચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રની ચારે તરફની દિશાઓમાં ૧૫૦ મીટર સુધીના વિસ્તારોમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવું નહી.

અનુસૂચિ :

૧. શ્રી એમ. જે. જમોડ હાઇસ્કુલ, પીલ ગાર્ડન પાસે, ભાવનગર.

૨. શ્રી આર. કે. ઘરશાળા વિદ્યામંદીર, યુનીટ-૨, વાઘાવાડી રોડ, ભાવનગર.

૩. શ્રી દક્ષિણામૂર્તિ વિનય મંદીર, યુનીટ-૨, વાઘાવાડી રોડ, ભાવનગર.

૪. શ્રી વિશુધ્ધાનંદ વિદ્યામંદીર, વિદ્યાનગર, ભાવનગર.

૫. શ્રી એકતા હાઇસ્કુલ, રામમંત્ર મંદીર, ભાવનગર.

૬. શ્રી કે. પી. ઇ. એસ. હાઇસ્કુલ, કાળીયાબીડ, ભાવનગર.

૭. શ્રી બી. એન. વીરાણી હાઇસ્કુલ, કાળીયાબીડ, ભાવનગર.

૮. શ્રી સીલ્વર બેલ્સ હાઇસ્કુલ, કાળીયાબીડ, ભાવનગર.

૯. શ્રી. એલ. જે. કાકડીયા હાઇસ્કુલ

૧૦. શ્રી સનાતન ધર્મ હાઇસ્કુલ, વડવા, ભાવનગર.

૧૧. શ્રી સેન્ટ ઝેવીયર્સ હાઇસ્કુલ, જેલ રોડ, ભાવનગર.

૧૨. શ્રી નંદકુંવરબા કન્યા વિદ્યાલય, નિલમબાગ, ભાવનગર.

૧૩. શ્રી કુમારશાળા, નિલમબાગ, ભાવનગર.

૧૪. શ્રી દોલત અંનત વળીયા હાઇસ્કુલ, શાસ્ત્રીનગર, ભાવનગર.

૧૫. શ્રી પ્રણવબક્ષી વિનય મંદીર, શિશુવિહાર, ભાવનગર.

૧૬. શ્રી બી. એમ. કોમર્સ હાઇસ્કુલ, ઘોઘાસર્કલ, યુનીટ-૨, ભાવનગર.

૧૭. શ્રી સ્વામીનારાયણ હાઇસ્કુલ, સરદારનગર, ભાવનગર.

૧૮. શ્રી ફાતીમા કોન્વેન્ટ હાઇસ્કુલ, ઘોઘા રોડ, ભાવનગર.

૧૯. શ્રી સહજાનંદ વિદ્યાલય, ઘોઘા રોડ, ભાવનગર.

૨૦. શ્રી ટી. બી. જૈન ગર્લ્સ હાઇસ્કુલ, ઘોઘા ગેઇટ, ભાવનગર.

૨૧. શ્રી મુકતાલક્ષ્મી મહીલા વિદ્યાલય, ક્રેસન્ટ રોડ, ભાવનગર.

૨૨. શ્રી શાંતીલાલ શાહ હાઇસ્કુલ, હલુરીયાચોક, ભાવનગર.

૨૩. શ્રી માજીરાજ ગર્લ્સ હાઇસ્કુલ, હલુરીયાચોક, ભાવનગર.

૨૪. શ્રી સ્વામીનારાયણ હાઇસ્કુલ, જી. આઇ. ડી. સી. ચિત્રા, ભાવનગર.

૨૫. શ્રી સ્વામીનારાયણ માધ્યમિક શાળા, નિર્ભય સોસાયટી, ભાવનગર.

૨૬. શ્રી વિદ્યા-વિહાર માધ્યમિક શાળા, ચિત્રા, ભાવનગર.

૨૭. શ્રી માધ્યમિક શાળા, વાળુકડ.

૨૮. શ્રી સરકારી હાઇસ્કુલ, બોટાદ.

૨૯. શ્રી એલ. જે. શાહ ગર્લ્સ હાઇસ્કુલ, યુનીટ-૨, બોટાદ.

૩૦. શ્રી એમ. ડી. શાહ વિદ્યાલય, બોટાદ.

૩૧. શ્રી આર. સી. એ. શાહ હાઇસ્કુલ, બોટાદ.

૩૨. શ્રી પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ હાઇસ્કુલ, બોટાદ.

૩૩. શ્રી ક. ર. વિ. ગો. વિદ્યાલય, ગઢડા.

૩૪. શ્રી એમ. એમ. હાઇસ્કુલ, ગઢડા.

૩૫. શ્રી ઢસા ગામ માધ્યમિક શાળા, ઢસાગામ, યુનીટ-૨, ઢસાગામ.

૩૬. શ્રી આર. જે. એચ. હાઇસ્કુલ, ગઢડા.

૩૭. શ્રી એમ. આર. દવે ગર્લ્સ હાઇસ્કુલ, વલ્લભીપુર.

૩૮. શ્રી સરકારી ગંભીરસિંહજી હાઇસ્કુલ, વલ્લભીપુર.

૩૯. શ્રી પી. એમ. સર્વોદય હાઇસ્કુલ, ઉમરાળા.

૪૦. શ્રી ગુરૂકુળ મિત્ર મંડળ હાઇસ્કુલ, પાલીતાણા.

૪૧. શ્રી ચ. મો. વિદ્યાલય, પાલીતાણા.

૪૨. શ્રી પાલીતાણા હાઇસ્કુલ, પાલીતાણા.

૪૩. શ્રી એમ. એમ. હાઇસ્કુલ કન્યા વિદ્યાલય, યુનીટ-૧, પાલીતાણા.

૪૪. શ્રી એમ. એમ. ગર્લ્સ વિદ્યાલય, યુનીટ-૨, પાલીતાણા.

૪૫. શ્રી મુકિત વિદ્યાલય, પાલીતાણા.

૪૬. શ્રી બ. ગો. મહેતા હાઇસ્કુલ, જેસર.

૪૭. શ્રી એમ. ડી. પટેલ હાઇસ્કુલ, યુનીટ-૧, ગારીયાધાર.

૪૮. શ્રી એમ. ડી. પટેલ હાઇસ્કુલ, યુનીટ-૨, ગારીયાધાર.

૪૯. શ્રી આર. એમ. શાહ કન્યા વિદ્યાલય, ગારીયાધાર.

૫૦. શ્રી વાલમ પ્રાથમિક શાળા, ગારીયાધાર.

૫૧. શ્રી એલ. ડી. મુની હાઇસ્કુલ, યુનીટ-૧, શિહોર.

૫૨. શ્રી એલ. ડી. મુની હાઇસ્કુલ, યુનીટ-૨, શિહોર.

૫૩. શ્રી જે. જે. મહેતા ગર્લ્સ હાઇસ્કુલ, શિહોર.

૫૪. શ્રી નંદલાલ ભુતા હાઇસ્કુલ, શિહોર.

૫૫. શ્રી ગુરૂકુલ વિદ્યામંદિર હાઇસ્કુલ, સોનગઢ.

૫૬. શ્રી જે. પી. પારેખ હાઇસ્કુલ, યુનીટ-૧, મહુવા.

૫૭. શ્રી જે. પી. પારેખ હાઇસ્કુલ, યુનીટ-૨, મહુવા.

૫૮. શ્રી કે. જી. મહેતા કન્યા વિદ્યાલય, યુનીટ-૧, મહુવા.

૫૯. શ્રી કે. જી. મહેતા કન્યા વિદ્યાલય, યુનીટ-૨, મહુવા.

૬૦. શ્રી શેઠ એમ. એન. હાઇસ્કુલ, મહુવા.

૬૧. શ્રી જાફરી ઇંગ્લીશ સ્કુલ, મહુવા.

૬૨. શ્રી સેન્ટ થોમસ હાઇસ્કુલ, મહુવા.

૬૩. શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ હાઇસ્કુલ, મહુવા.

૬૪. શ્રી નવકારમંત્ર ગર્લ્સ હાઇસ્કુલ, યુનીટ-૧, તળાજા.

૬૫. શ્રી નવકારમંત્ર ગર્લ્સ હાઇસ્કુલ, યુનીટ-૨, તળાજા.

૬૬. શ્રી એમ. જે. દોશી હાઇસ્કુલ, તળાજા.

૬૭. શ્રી શાળા નં. ૩, તળાજા C/o. એમ. જે. દોશી, તળાજા.

૬૮. શ્રી સત્યનારાયણ વિદ્યાલય, યુનીટ-૧, સથરા.

૬૯. શ્રી સત્યનારાયણ વિદ્યાલય, યુનીટ-૨, સથરા.

૭૦. શ્રી કેન્દ્રવર્તીશાળા, સથરા.

સદરહું હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫ માં અધિનિયમ) ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ ૯-૩-૨૦૦૫ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૯ માહે માર્ચ સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં. ડીએમ/૧/ફા. ૯૫૧/૨૦૦૫.-ભાવનગર શહેર તથા જિલ્લામાં તા. ૧૪-૩-૨૦૦૫ થી તા. ૨૯-૩-૨૦૦૫ દરમ્યાન એચ. એસ. સી. ની પરીક્ષાઓ લેવાનાર છે. તે દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષાઓ આપી શકે, પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડા તત્વો એકઠા થઇ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહી. કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે જાહેર હિતમાં હું ડી. બી. વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨ જો) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઇએ ફરમાવું છું કે, તા. ૧૪-૩-૨૦૦૫ થી તા. ૨૯-૩-૨૦૦૫ સુધી દરરોજ સવારના કલાક ૧૫-૦૦ થી સાંજના કલાક ૧૮-૩૦ દરમ્યાન નીચેની અનુસૂચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રની ચારે તરફની દિશાઓમાં ૧૫૦ મીટર સુધીના વિસ્તારોમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવું નહી.

અનુસૂચિ :

૧. શ્રી દક્ષિણામૂર્તિ વિનય મંદીર, વાઘાવાડી રોડ, ભાવનગર.

૨. શ્રી આર. કે. ઘરશાળા વિદ્યામંદીર, વાઘાવાડી રોડ, ભાવનગર.

૩. શ્રી સનાતન ધર્મ હાઇસ્કુલ, વડવા, ભાવનગર.

૪. શ્રી સેન્ટ ઝેવીયર્સ હાઇસ્કુલ, ભાવનગર.

૫. શ્રી દોલત અનંત વળીયા હાઇસ્કુલ, ભાવનગર.

૬. શ્રી એકતા હાઇસ્કુલ, ભાવનગર.

૭. શ્રી બી. એમ. કોમર્સ હાઇસ્કુલ, ઘોઘાસર્કલ, ભાવનગર.

૮. શ્રી પ્રણવબક્ષી વિનય મંદીર, શિશુવિહાર, ભાવનગર.

૯. શ્રી સ્વામીનારાયણ હાઇસ્કુલ, સરદારનગર, ભાવનગર.

૧૦. શ્રી સેન્ટ મેરી હાઇસ્કુલ, ભાવનગર.

૧૧. શ્રી મુકતાલક્ષ્મી મહિલા વિદ્યાલય, ભાવનગર.
૧૨. શ્રી ટી. બી. જૈન ગર્લ્સ હાઈસ્કુલ, ઘોઘાગેઈટ, ભાવનગર.
૧૩. શ્રી શાન્તીલાલ શાહ હાઈસ્કુલ, ભાવનગર.
૧૪. શ્રી એલ. જે. શાહ ગર્લ્સ હાઈસ્કુલ, બોટાદ.
૧૫. શ્રી આર. સી. એ. બોયઝ હાઈસ્કુલ, બોટાદ.
૧૬. શ્રી એમ. ડી. શાહ હાઈસ્કુલ, બોટાદ.
૧૭. શ્રી એમ. એમ. હાઈસ્કુલ, ગઢડા.
૧૮. શ્રી પાલીતાણા હાઈસ્કુલ, પાલીતાણા.
૧૯. શ્રી એમ. એમ. કન્યા વિદ્યાલય, યુનીટ-૧, પાલીતાણા.
૨૦. શ્રી એમ. એમ. કન્યા વિદ્યાલય, યુનીટ-૨, પાલીતાણા.
૨૧. શ્રી એલ. ડી. મુની હાઈસ્કુલ, યુનીટ-૧, શિહોર.
૨૨. શ્રી એલ. ડી. મુની હાઈસ્કુલ, યુનીટ-૨, શિહોર.
૨૩. શ્રી કે. જી. મહેતા કન્યા વિદ્યાલય, મહુવા.
૨૪. શ્રી જે. પી. પારેખ હાઈસ્કુલ, મહુવા.
૨૫. શ્રી એમ. જે. દોશી હાઈસ્કુલ, તળાજા.
૨૬. શ્રી ગર્લ્સ હાઈસ્કુલ, તળાજા.

વિજ્ઞાનપ્રવાહ અનુસૂચિ :

૧. શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય, નીલમબાગ ચોક, ભાવનગર.
૨. શ્રી વિશુધ્ધાનંદ વિદ્યામંદીર, વિદ્યાનગર, ભાવનગર.
૩. શ્રી ફાતીમા કોન્વેન્ટ હાઈસ્કુલ, ઘોઘા રોડ, ભાવનગર.
૪. શ્રી કે. પી. ઈ. એસ. હાઈસ્કુલ, કાળીયાબીડ, ભાવનગર.
૫. શ્રી શેઠ એમ. એન. હાઈસ્કુલ, મહુવા.

સદરહું હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ ના ૪૫ માં અધિનિયમ) ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ ૯-૩-૨૦૦૫ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૯ માહે માર્ચ સને ૨૦૦૫.

ડી. બી. વોરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

સંદર્ભ : ૧. પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર જિલ્લાનો તા. ૨૮-૨-૨૦૦૫નો પત્ર ક્રમાંક નં. : વહટ/૧/ફા. બટ/૭૫૫૪/૨૦૦૫.

હુકમ

ક્રમાંક નં. : મજસ/૨/વ/૪૭૦ થી ૪૯૦/૨૦૦૫.-કેમ્પ કમાન્ડન્ટ અને જિલ્લા કમાન્ડન્ટ, હોમગાર્ડઝ અમદાવાદ ગ્રામ્યનાં સભ્યોનો કેમ્પ ચાલતો હોય ફાયરીંગ પ્રેકટીસ માટે તા. ૫-૩-૨૦૦૫થી તા. ૬-૩-૦૦૫ સુધીનાં દિવસો દરમ્યાન ધોળીધજા પોલીસ ફાયરીંગ બટ ઉપર ફાયરીંગ પ્રેકટીસ કરવામાં આવનાર છે. આ ફાયરીંગ બટની આજુબાજુ ખેરાળી, ખમીસણા, દૂધરેજ તથા રતનપરની ખેતીની સીમ જમીનો તથા ધોળી ધજા ડેમનાં સુરેન્દ્રનગર તરફના ભાગે આવેલ વેસ્ટ વિયરની બાજુમાં મહાદેવનું મંદિર સદરહુ વિસ્તારમાં આવેલ છે, તેમજ વીરમગામ-રાજકોટ રાજ્ય ધોરી માર્ગ વિસ્તારમાં પણ ગોળીબારથી ઈજા થવાનો સંભવ છે. જેથી આ વિસ્તારમાં ચાલતા માણસો, ખાનગી તથા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ હસ્તકની એસ. ટી. બસો, ખાનગી બસો, ટ્રાવેલ્સ, મેટાડોર્સ, ભારવાહક ખટારાઓ (ગુડઝ ટ્રકસ) માલવાહક છકડો, રિક્ષા, પેસેન્જર રિક્ષા વિગેરે તમામ પ્રકારનાં વાહનો તથા ઢોર ઢાંખરને ગોળીબારથી ઈજા થવાનો સંભવ હોય તે અટકાવવું જરૂરી જણાતા સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ એક્ષટેનસન એમેડમેન્ટ એકટ-૧૯૫૬ની કલમ-૨ સાથે વાંચતા મને મળેલ અધિકારની રૂઈએ હું, એસ. એલ. અમરાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર આથી ફરમાવું છું કે, તા. ૫-૩-૨૦૦૫ થી તા. ૬-૩-૨૦૦૫ સુધીનાં દિવસો દરમ્યાન સવારના ૬-૦૦ કલાક થી સાંજના ૧૮-૦૦ કલાક સુધીનાં સમય દરમ્યાન સદરહુ ફાયરીંગ બટની નજીક અને તેની આજુબાજુના ફરતા એક માઈલના વિસ્તારમાં કોઈએ હરવું-ફરવું નહી કે વાહન લઈને નીકળવું નહી, તેમજ પોતાના ઢોર-ઢાંખર ચારવા/ચરાવવા નહી કે છુટા ફરવા દેવા નહી.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૬ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ અનુસાર શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨ માહે માર્ચ, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ હુકમ જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

સુરેન્દ્રનગર, ૨ માહે માર્ચ, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩-એસએસસી/એચએસસી પરીક્ષા/લાઉડ સ્પીકર/પ્રતિબંધ જાહેરનામું/૩/૨૦૦૫.-(૧) આગામી માર્ચ-૨૦૦૫માં લેવાનાર એસ. એસ. સી. તથા એચ. એસ. સી.ની પરીક્ષાઓ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનાર છે. વિદ્યાર્થીઓ શાંત અને સ્વસ્થ ચિત્તે વાંચન કરી શકે તે માટે તા. ૧૪-૩-૨૦૦૫ થી તા. ૨૯-૩-૨૦૦૫ના સમયગાળા દરમ્યાન રાત્રીના ૨૧-૦૦ કલાક પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર તેમજ ઘોંઘાટ કરે તેવા વાજીંત્ર કે સ્પીકરના ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

(૨) પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને વિક્ષેપ ન પડે તે હેતુથી આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ સ્થળોની ૨૦૦ મિટરની ત્રિજયામાં તા. ૧૪-૩-૨૦૦૫ થી તા. ૨૯-૩-૨૦૦૫ના દિવસો દરમ્યાન સવારના ૯-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાકના સમય સુધી ઘોંઘાટ કરે તેવા ભારે વાહનો લઈ જવા ઉપર તેમજ પરીક્ષાકેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની મર્યાદામાં વાહનો પાર્ક કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

(૩) વાસ્તે હું, એસ. એલ. અમરાણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફિકેશન નં. : જીજી/૪૨૨/સી. આર. સી. ૧૦૮૨-૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નં. : જીજી-૬-ફકઅ-૧૦૮૮-૬૭૫૦-મ.માં થયેલ છે. જેમાં સુરેન્દ્રનગર જિલ્લાનાં કલેકટરશ્રી, અધિક કલેકટરશ્રી, નાયબ કલેકટરશ્રી અને મામલતદારશ્રીઓને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂઈએ તા. ૧૪-૩-૨૦૦૫ થી તા. ૨૯-૩-૨૦૦૫ના દિવસો દરમ્યાન રાત્રીના ૨૧-૦૦ કલાક પછી લાઉડ સ્પીકર વગાડવા તથા ઘોંઘાટ કરે તેવા વાજીંત્રોના ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું. તેમજ તા. ૧૪-૩-૨૦૦૫ થી તા. ૨૯-૩-૨૦૦૫ના દિવસો દરમ્યાન ભારે વાહનો આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટરની ત્રિજયામાં સવારના ૯-૦૦ થી સાંજના ૧૮-૦૦ કલાક સુધી ઘોંઘાટ કરે તેવા વાહનો તેમજ ભારે વાહનો લઈ જવા ઉપર તથા પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની મર્યાદામાં વાહનો પાર્ક કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પરિશિષ્ટ

ક્રમ	તાલુકો	કેન્દ્ર	પરીક્ષા સ્થળનું નામ
૧.	ધ્રાંગધ્રા	ધ્રાંગધ્રા	૧. શેઠ એમ. એમ. વિદ્યાલય, ધ્રાંગધ્રા,
			૨. એમ. ડી. એમ. કન્યા વિદ્યાલય, ધ્રાંગધ્રા
			૩. મહિલા મંડળ સંચાલિત માધ્યમિક શાળા, ધ્રાંગધ્રા
			૪. સ્વામિનારાયણ ગુરૂકુલ, ધ્રાંગધ્રા
			૫. એમ. એમ. શાહ શીશુકુંજ, ધ્રાંગધ્રા
			૬. સર એ. હાઈસ્કુલ, ધ્રાંગધ્રા
૨	લીંબડી	લીંબડી	૧. જી. એસ. કુમાર વિદ્યાલય, લીંબડી
			૨. જી. કે. મંડળ હાઈસ્કુલ, લીંબડી
			૩. શિવાંગી કન્યા વિદ્યાલય, લીંબડી
			૪. શ્રી એન. એમ. હાઉસ્કુલ, લીંબડી
			૫. સર જે. હાઈસ્કુલ, લીંબડી
			૬. બી. એ. કન્યા વિદ્યાલય, લીંબડી

ક્રમ	તાલુકો	કેન્દ્ર	પરીક્ષા સ્થળનું નામ
૩	ચુડા	ચુડા	૧. સી. ડી. કપાસી વિદ્યાલય, ચુડા
૪	સુરેન્દ્રનગર	સુરેન્દ્રનગર	૧. ડી. એન. ટી. હાઈસ્કુલ, જોરાવરનગર
			૨. પી. જી. એન. એમ. એસ. હાઈસ્કુલ, જોરાવરનગર
			૩. સી. યુ. શાહ વિદ્યાલય, સુરેન્દ્રનગર
			૪. દયામયી મહેતા ઈંગ્લીશ હાઈસ્કુલ, સુરેન્દ્રનગર
			૫. સી. પી. ઓઝા હાઈસ્કુલ, સુરેન્દ્રનગર
			૬. આર. પી. પી. ગર્લ્સ હાઈસ્કુલ, સુરેન્દ્રનગર
			૭. જે. એન. વી. વિદ્યાલય, સુરેન્દ્રનગર
			૮. ન્યુ ઈંગ્લીસ હાઈસ્કુલ (એન. ડી. આર.), સુરેન્દ્રનગર
			૯. જી. સી. શાહ, સ્વામિનારાયણ ગુરૂકુળ, સુરેન્દ્રનગર
૫	વઢવાણ	વઢવાણ	૧. શેઠ એમ. ટી. દોશી હાઈસ્કુલ, વઢવાણ
			૨. એમ. યુ. શેઠ ગર્લ્સ હાઈસ્કુલ, વઢવાણ
			૩. દાજીરાજ હાઈસ્કુલ, વઢવાણ
			૪. શ્રીમતિ એમ. એમ. શેઠ ગર્લ્સ હાઈસ્કુલ, વઢવાણ
			૫. ન્યાલકરણ વિદ્યામંદિર, વઢવાણ
			૬. આર. એ. પટેલ બોયઝ હાઈસ્કુલ, વઢવાણ
			૭. કે. પી. ગર્લ્સ હાઈસ્કુલ, વઢવાણ
			૮. સી. યુ. શાહ ઈંગ્લીસ હાઈસ્કુલ, વઢવાણ
૬	લખતર	લખતર	૧. એ. વી. ઓઝા સંસ્કારતીર્થ વિદ્યાલય, લખતર
૭	લખતર	વણા	૧. શાહ એમ. વી. ટી. હાયર સેકન્ડરી સ્કુલ, વણા
૮	પાટડી	પાટડી	૧. સુરજમલજી હાઈસ્કુલ, પાટડી (યુ. ૧)
			૨. સુરજમલજી હાઈસ્કુલ, પાટડી (યુ. ૨)
૯	હળવદ	હળવદ	૧. એલ. એન. મહેતા ગર્લ્સ હાઈસ્કુલ, હળવદ
			૨. રાજોધરજી હાઈસ્કુલ, હળવદ
			૩. સંસ્કાર માધ્યમિક શાળા, હળવદ
			૪. નવનિર્માણ વિદ્યાલય, હળવદ
			૫. એન. જે. દવે વિવિધલક્ષી વિદ્યાલય, હળવદ
			૬. સરસ્વતી વિદ્યાલય, હળવદ

ક્રમ	તાલુકો	કેન્દ્ર	પરીક્ષા સ્થળનું સ્થળ
૧૦	ચોટીલા	થાનગઢ	૧. મ્યુનિ. હાઈસ્કુલ, થાનગઢ (૧)
			૨. મ્યુનિ. હાઈસ્કુલ, થાનગઢ (૨)
			૩. શ્રીમતિ એમએલ મા. સરસ્વતિ મંદિર, થાનગઢ
૧૧	મુળી	મુળી	૧. બોયઝ હાઈસ્કુલ, મુળી
			૨. એમ. ડી. આર. કન્યા વિદ્યાલય, મુળી
			૩. પ્રાયમરી કન્યાશાળા મુળી
			૪. શ્રી પ્રાયમરી પે સેન્ટર શાળા-૧
૧૨	સાયલા	સાયલા	૧. સાર્વજનિક વિદ્યાલય, સાયલા
			૨. લા. મા. વોરા કન્યા વિદ્યાલય, સાયલા
			૩. સ્વામિનારાયણ ગુરૂકુળ હાઈસ્કુલ, સાયલા.

જો કોઈ ઈસમ આ જાહેરનામાનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ફોજદારી કાયદાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૩ માહે માર્ચ, સને-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩ માહે માર્ચ, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/વ/૨૨૦૦/૨૦૦૫.-વઢવાણ એસ. ટી. સ્ટેન્ડ પાસે રીક્ષા, છકડોરીક્ષા, ખાનગી ટ્રાવેલ્સ બસ જેવા ખાનગી વાહનો આડેધડ પાર્ક કરવામાં આવે છે, જેના કારણે વઢવાણ બસ સ્ટેન્ડમાં આવતી એસ. ટી. બસો, મુસાફરો, તેમજ જાહેરજનતાને આવવા જવામાં ઘણીજ અડચણ પડે છે, જેથી વઢવાણ બસ સ્ટેન્ડ થી ૧૦૦ (સો) મીટરની ત્રીજયામાં ખાનગી વાહનોના પાર્કીંગ કરવા ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

આ અંગે તાત્કાલીક કાર્યવાહી કરવી જરૂરી હોઈ હું, એસ. એલ. અમરાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર સને ૧૯૫૧ની કલમ-૩૩(૧) ની જોગવાઈ હેઠળ વઢવાણ બસ સ્ટેન્ડથી ૧૦૦ (સો) મીટરની ત્રીજયાના વિસ્તારને ''નો પાર્કીંગ ઝોન'' ગણી આ વિસ્તારમાં એસ. ટી. બસ સિવાયના ખાનગી પેસેન્જર વાહન, સ્કુટર, મોટરસાયકલ, રીક્ષા, છકડો રીક્ષા, મેટાડોર, ડીલીવરી વાન, ટેક્ષી, યુટીલીટી, મીનીબસ, ટ્રક, જેવા વાહનો માટે પાર્કીંગ કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર કે તેમ કરવામાં મદદગારી કરનાર ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૪ માહે માર્ચ સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૪ માહે માર્ચ સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબનું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/વ/એસએસસી-એચએસસી/પરીક્ષા/માર્ચ/૨૦૦૫.-(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ચાલુ વર્ષે માર્ચ-૨૦૦૫ના માસ દરમ્યાન એસ. એસ. સી., એચ. એસ. સી. પરીક્ષાઓ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનારી છે. સબબ જિલ્લાના તમામ પરિક્ષા કેન્દ્રો ઉપર વિદ્યાર્થીઓને પરીક્ષા આપવામાં ખલેલ ન પડે તેમજ શાંત અને સ્વસ્થ ચિત્તે પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષાના સરળ સંચાલન માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરેન્દ્રનગર તરફથી કરવામાં આવેલ રજુઆત અન્વયે આ અંગે પ્રતિબંધ મુકવાનું મને જરૂરી જણાય છે.

(૨) વાસ્તે હું, એસ. એલ. અમરાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મને મળેલ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળના અધિકારની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના આ સાથે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં તેની સામે દર્શાવેલ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓ શાંતીપૂર્વક પરીક્ષા આપી શકે તે માટે જે તે પરીક્ષા કેન્દ્રની ચો-તરફ (ચારેબાજુ) ૨૦૦ (બસો) મીટરનાં વિસ્તારમાં પરીક્ષાર્થીઓ તેમજ પરિક્ષાનું સંચાલન કરનાર અધિકૃત અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનું ઓળખપત્ર (આઈડેન્ટી કાર્ડ) ધરાવતી વ્યક્તિઓ સિવાય પરીક્ષા કેન્દ્ર ઉપર ફરજ પર હોય તે વ્યક્તિઓ સિવાય અન્ય ઈસમોએ તા. ૧૪-૩-૨૦૦૫ થી તા. ૨૯-૩-૨૦૦૫ સુધીના દિવસોમાં પ્રવેશ માટે મનાઈ ફરમાવું છું.

(૩) તેમજ ઉક્ત દિવસો દરમ્યાન સવારના કલાક ૧૦:૩૦ થી ૧૩:૩૦ તેમજ કલાક ૧૫:૦૦ થી સાંજના ૧૮:૦૦ કલાક સુધીના સમય માટે (૧) હળવદ (૨) થાનગઢ (૩) પાટડી (૪) ચુડા (૫) લીંબડી (૬) લખતર (૭) ધ્રાંગધ્રા (૮) વણા (૯) સાયલા (૧૦) મુળી (૧૧) જોરાવરનગર (૧૨) વઢવાણ અને (૧૩) સુરેન્દ્રનગરમાં આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રો (સ્થળ)ની આજુબાજુમાં આવેલી તમામ ઝેરોક્ષ મશીનોની દુકાનોના સંચાલકો દ્વારા પરીક્ષા સમય દરમ્યાન થતી ગેરરીતીઓ અટકાવવા સારૂ તમામ ઝેરોક્ષ મશીનનોનો દર્શાવવામાં આવેલ સમય સુધી તેની ઝેરોક્ષ નકલ કાઢવા, ઉપયોગ નહી કરવા તેમજ પરીક્ષા સ્થળોની આજુબાજુના એક કિલોમીટરના વિસ્તારમાંની તમામ ઝેરોક્ષની દુકાનો બંધ રાખવા ફરમાવવામાં આવે છે.

ક્રમ	તાલુકો	કેન્દ્ર	પરીક્ષા સ્થળ નું નામ
૧.	ધ્રાંગધ્રા	ધ્રાંગધ્રા	૧. શેઠ એમ. એમ. વિદ્યાલય, ધ્રાંગધ્રા,
			૨. એમ. ડી. એમ. કન્યા વિદ્યાલય, ધ્રાંગધ્રા
			૩. મહિલા મંડળ સંચાલિત માધ્યમિક શાળા, ધ્રાંગધ્રા
			૪. સ્વામિનારાયણ ગુરૂકુલ, ધ્રાંગધ્રા
			૫. એમ. એમ. શાહ શીશુકુંજ, ધ્રાંગધ્રા
			૬. સર એ. હાઈસ્કુલ, ધ્રાંગધ્રા
૨	લીંબડી	લીંબડી	૧. જી. એસ. કુમાર વિદ્યાલય, લીંબડી
			૨. જી. કે. મંડળ હાઈસ્કુલ, લીંબડી
			૩. શિવાંગી કન્યા વિદ્યાલય, લીંબડી
			૪. શ્રી એન. એમ. હાઉસ્કુલ, લીંબડી
			૫. સર જે. હાઈસ્કુલ, લીંબડી
			૬. બી. એ. કન્યા વિદ્યાલય, લીંબડી
૩	ચુડા	ચુડા	૧. સી. ડી. કપાસી વિદ્યાલય, ચુડા

INDEX

ક્રમ	તાલુકો	કેન્દ્ર	પરીક્ષા સ્થળ નું નામ
૪	સુરેન્દ્રનગર	સુરેન્દ્રનગર	૧. ડી. એન. ટી. હાઈસ્કુલ, જોરાવરનગર
			૨. પી. જી. એન. એમ. એસ. હાઈસ્કુલ, જોરાવરનગર
			૩. સી. યુ. શાહ વિદ્યાલય, સુરેન્દ્રનગર
			૪. દયામયી મહેતા ઈંગ્લીશ હાઈસ્કુલ, સુરેન્દ્રનગર
			૫. સી. પી. ઓઝા હાઈસ્કુલ, સુરેન્દ્રનગર
			૬. આર. પી. પી. ગર્લ્સ હાઈસ્કુલ, સુરેન્દ્રનગર
			૭. જે. એન. વી. વિદ્યાલય, સુરેન્દ્રનગર
			૮. ન્યુ ઈંગ્લીસ હાઈસ્કુલ (એન. ડી. આર.), સુરેન્દ્રનગર
			૯. જી. સી. શાહ, સ્વામિનારાયણ ગુરૂકુળ, સુરેન્દ્રનગર
૫	વઢવાણ	વઢવાણ	૧. શેઠ એમ. ટી. દોશી હાઈસ્કુલ, વઢવાણ
			૨. એમ. યુ. શેઠ ગર્લ્સ હાઈસ્કુલ, વઢવાણ
			૩. દાજીરાજ હાઈસ્કુલ, વઢવાણ
			૪. શ્રીમતિ એમ. એમ. શેઠ ગર્લ્સ હાઈસ્કુલ, વઢવાણ
			૫. ન્યાલકરણ વિદ્યામંદિર, વઢવાણ
			૬. આર. એ. પટેલ બોયઝ હાઈસ્કુલ, વઢવાણ
			૭. કે. પી. ગર્લ્સ હાઈસ્કુલ, વઢવાણ
			૮. સી. યુ. શાહ ઈંગ્લીસ હાઈસ્કુલ, વઢવાણ
૬	લખતર	લખતર	૧. એ. વી. ઓઝા સંસ્કારતીર્થ વિદ્યાલય, લખતર
૭	લખતર	વણા	૧. શાહ એમ. વી. ટી. હાયર સેકન્ડરી સ્કુલ, વણા
૮	પાટડી	પાટડી	૧. સુરજમલજી હાઈસ્કુલ, પાટડી (યુ. ૧)
			૨. સુરજમલજી હાઈસ્કુલ, પાટડી (યુ. ૨)
૯	હળવદ	હળવદ	૧. એલ. એન. મહેતા ગર્લ્સ હાઈસ્કુલ, હળવદ
			૨. રાજોધરજી હાઈસ્કુલ, હળવદ
			૩. સંસ્કાર માધ્યમિક શાળા, હળવદ
			૪. નવનિર્માણ વિદ્યાલય, હળવદ
			૫. એન. જે. દવે વિવિધલક્ષી વિદ્યાલય, હળવદ
			૬. સરસ્વતી વિદ્યાલય, હળવદ
૧૦	ચોટીલા	થાનગઢ	૧. મ્યુનિ. હાઈસ્કુલ, થાનગઢ (૧)
			૨. મ્યુનિ. હાઈસ્કુલ, થાનગઢ (૨)
			૩. શ્રીમતિ એમએલ મા. સરસ્વતિ મંદિર, થાનગઢ

ક્રમ	તાલુકો	કેન્દ્ર	પરીક્ષા સ્થળ નું નામ
૧૧	મુળી	મુળી	૧. બોયઝ હાઈસ્કુલ, મુળી
			૨. એમ. ડી. આર. કન્યા વિદ્યાલય, મુળી
			૩. પ્રાયમરી કન્યાશાળા મુળી
			૪. શ્રી પ્રાયમરી પે સેન્ટર શાળા-૧
૧૨	સાયલા	સાયલા	૧. સાર્વજનિક વિદ્યાલય, સાયલા
			૨. લા. મા. વોરા કન્યા વિદ્યાલય, સાયલા
			૩. સ્વામિનારાયણ ગુરૂકુળ હાઈસ્કુલ, સાયલા.

જો કોઈ ઈસમ આ જાહેરનામાનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો ભારતીય ફોજદારી કાયદાની કલમ-૧૮૮ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૩ માહે માર્ચ, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩ માહે માર્ચ, સને ૨૦૦૫.

એસ. એલ. અમરાણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.
સુરેન્દ્રનગર.

તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર : મેજિ/મહોરમ/ભુજગ્રામ્ય.-ચાલુ વર્ષે દરમ્યાન મહોરમના તહેવારોના સંદર્ભમાં ધી મુંબઈ પોલિસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧) અન્વયે જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ, કચ્છ-ભુજના નાં. મેજી/મહોરમ/'૯૯ તા. ૨૧-૪-૯૯ના જાહેરનામાથી મને મળેલ અધિકારની રૂએ હું, બી. એસ. અવલાણી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ભુજ આથી ભુજ તાલુકાના આ સાથે પાછળ અનુસુચિમાં જણાવેલ ગ્રામ્ય વિસ્તારમાં અને તે અનુસુચિની કોલમ-૩માં જણાવેલ આગેવાનની રાહબારી તળે કોલમ-૪માં જણાવેલ રૂટ મુજબ તા. ૧૯-૨-૦૫ના રાત્રે ૧૦-૦૦ વાગ્યા સુધી તથા ૨૦-૨-૦૫ બપોરે ૩-૦૦ થી રાત્રે ૧૦-૦૦ કલાક દરમ્યાન તાજીયા ફેરવવા અને ઠંડા કરવાના રહેશે.

ઉપર જણાવ્યા મુજબ જે સ્થળ રસ્તા ઉપરથી તાજીયા-ઘોડા-સેજ પસાર થાય ત્યાં હંમેશા મુકરર કરેલ ધોરણ મુજબ વાર્જિંત્રો વગાડવાનું બંધ કરવું અને તે મુજબ અમલ કરવા માટે ધારા ધોરણ મુજબ કોઈપણ પોલિસ અધિકારીશ્રી કાયદેસર જે હુકમ કરશે, તેનો અમલ કરવાનો રહેશે.

ઉપરની તમામ શરતો પૈકી કોઈપણ શરતનો જો કોઈપણ શખ્સ ભંગ કરશે કે, કરાવશે અથવા ગેરકાયદેસર વર્તન કરશે કે કરાવશે તેવી કોઈપણ વ્યકિત સને ૧૯૫૧ના મુંબઈ પોલિસ અધિનિયમ ૧૯૫૧ના મુંબઈના અધિનિયમ-૨૨માં ના કલમ ૧૩૧ અન્વયે શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૯-૨-૦૫ના રોજ મારી સહી સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભુજ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નીકળતા તાજીયા, સેજ, તાબુત, ઘોડાનું પત્રક

અનુ.	ગામનું નામ	માતામીનું નામ	તાજીયા/ઘોડા, સેજ ફેરવવાનો રૂટ	રૂટનો સમય તથા લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી સમય
૧	ભારાપર	લોઢીયા લતીફ ઓસમાણ	ઈમામ ચોક જામા મસ્જીદથી સરઘર પાછુ ચોકમાં તાજીયો	તા. ૧૯-૨-૦૫ના રાત્રે ૮-૦૦થી ૧૦-૦૦ વાગ્યા સુધી
૨	ઝુરા	સૈયદ અબ્દુલ આમદશા	ઈમામ ચોકથી દરગાહ સુધી-સેજ	તા. ૨૦-૨-૦૫ના બપોરે ૨-૦૦થી રાત્રે ૧૦-૦૦ વાગ્યા સુધી
૩	આણંદસર	કોરેજા અલી હુશેન	ઉમર ખમીશાના ઘરેથી બસ સ્ટેશન, ઘેબશાપીરની દરગાહથી હાતીમચોક-નેજો	
૪	લોડાઈ	હુશેન સુલેમાન કુંભાર	મસ્જીદથી બસ સ્ટેશન ચોકમાં પરત મસ્જીદમાં-સેજ	
૫	કેરા	સમેજા સાલેમામદ હુશેન	નાના માતમથી ગુલામ અલીશાની દરગાહ, જમીનશા પીર પર ઠંડા થશે.-તાજીયા	
૬	ગજોડ	હોડા રમજાન મામદ	ઈમામખાનાથી ગામમાં ફેરવી પરત મસ્જીદ તથા ઈમામ ખાના–તાજીયા	
૭	કેરા	લઘાં યુસુફ ફકીરમામદ	૧૯-૨-૦૫ના સેજાવાલા માતમથી ઈમામ-ખાનાથી જમીલશાની દરગાહથી પરત ઈમામખાના ૨૦-૨-૦૫ના નાના માતમથી ગુલામ અલીશાથી પરત ઈમામખાના-તાજીયા	
૮	કેરા	સમા સીરાજ ઈબ્રાહીમ	૧૯-૨-૦૫ના મોટા માતમથી ઈમામખાનાથી બુખારી પીર મસ્જીદથી ઈમામખાના ૨૦-૨-૦૫ના ઈમામખાનાથી ગુલામ અલીશાપીર દરગાહ પરત ઈમામખાના-તાજીયા અને ઘોડો	
૯	ભુજ જી.આઈ.ડી.સી.	ભટી રમજાન ઈશાક	૧૯-૨-૦૫ના જી. આઈ. ડી. સી. થી રેલ્વે ફાટક ૨૦-૨-૦૫ના દીનદયાલ નગરથી સેજવાલા માતમ ભીડચોક-ઘોડો	
૧૦	ભુજ જી.આઈ.ડી.સી.	આરબ અનવર અબ્દુલા	૧૯-૨-૦૫ માતમ રેલ્વે ફાટક, આવાસ ફરી જી.આઈ.ડી.સી. ૨૦-૨-૦૫નાં જી.આઈ.ડી.સી. રેલ્વે ફાટકથી ભીડનાકા જી.આઈ.ડી.સી.-સેજ.	
૧૧	મોટા રેહા	અનવર હુશેન અહમદ થેબા	૧૯-૨-૦૫ મોટા માતમથી વથાણ ચોકથી નાના માતમથી પરત ૨૦-૨-૦૫ના વથાણ ચોક નાના માતમ સુધી ચકી કારખાના થઈ ભારાપર રોડ વથાણ ચોક બસ સ્ટેશન રાજાશા પીરની દરગાહ પાસે ઠંડા કરવામાં આવશે.-સેજ	
૧૨	ગઢેર	રમજુ હઘુ મીંઢા	૧૯-૨-૦૫ના રૂચાવાસ થી મણકાવાસ, મણકાવાસથી સીયારીવાસ ૨૦-૨-૦૫ના રૂચાવાસથી મણકાવાસ, મણકાવાસથી સીયારીવાસ	

અનુ.	ગામનું નામ	માતામીનું નામ	તાજીયા/ઘોડા, સેજ ફેરવવાનો રૂટ	રૂટનો સમય તથા લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી સમય
૧૩	ચુબડક	જુમા આમદ પારા	તા. ૧૯-૨-૦૫ના પારાવાસથી ચંગલ વાસ ત્યાથી ખારવાડ ૨૦-૨-૦૫ના પારાવાસથી ચંગલવાસ ત્યાથી ખારવાડ-તાજીયા	તા. ૧૯-૨-૦૫ના રોજ રાત્રે ૮-૦૦ થી૧૦-૦૦ વગ્યા સુધી તા. ૨૦-૨-૦૫ના બપોરે ૨-૦૦ થી રાત્રે ૧૦-૦૦ વાગ્યા સુધી
૧૪	સુમરાશરશેખ •	રમજુ નારી શેખ	૧૯-૨-૦૫ શેખ ફળીયાથી ચોક શેખ ફળીયા ૨૦-૨-૦૫ શેખ ફળીયાથી ચોક શેખ ફળીયા-સેજ	
૧૫	થરાવડા મોટા	કેવર મામદ જુમા	૧૯-૨-૦૫ના તથા ૨૦-૨-૦૫ના માતમથી ગામની શેરી વથાણ ચોક માતમ-તાબુત તથા સેજ	
૧૬	જાબુંડી	હુશેન દાઉદ કુંભાર	૧૯-૨-૦૫ં તથા ૨૦-૨-૦૫ના જાબુંડી ગામનાં માતમ થી ગામની શેરીમાં થઈ માતમ-સેજ	
૧૭	માધાપર	હાસમ જુસબ મુગલ	૧૯-૨-૦૫ના મસ્જીદ કમ્પાઉડથી વથાણા ચોક પીપળા શેરી ઈમામ ઓટલા સુધી તથા ૨૦-૨-૦૫ મસ્જીદ વથાણ વીજયગેટ પંચાયત ઓફીસ જુનાવાસના ગેટના હાઈવે સુધી	
૧૮	માનકુવા	જીએજા અલીમામદ પીરમામદ	૧૯-૨-૦૫ના માતમ ચોકથી વથાણ મેઈન બજાર ઠાકર મંદિર માતમ ચોક ૨૦-૨-૦૫ના ક. માતમ ચોકથી વથાણ થઈ મસ્જીદ-સેજ, ઘોડો	
૧૯	બળદીયા	ઈસ્માઈલ જુમા મમણ	૧૯-૨-૦૫ના માતમ ચોકથી ખોજા ફળીયા બસ સ્ટેશન પુરેશ્વર મહાદેવ નુરાની મસ્જીદ માતમ ૨૦-૨-૦૫ના માતમ ચોકથી ખોજા ફળીયા બસ સ્ટેશન પુરેશ્વર મહાદેવ નુરાની મસ્જીદ માતમ-ઘોડો, સેજ	
૨૦	ધાણેટી	ઈસ્માઈલ ઈબ્રાહીમ કુંભાર	૧૯-૨-૦૫ના મસ્જીદથી માતમ ઠાકર મંદિર દરબાર ચોક માતમ ૨૦-૨-૦૫ના મસ્જીદથી માતમ ઠાકર મંદિર દરબાર ચોક માતમ-સેજ	
૨૧	દેશલપર	સાડ અનવર હાજી ઉર્ફે અબ્રદ્રેમાન	૧૯-૨-૦૫ના ઈદગાહથી વાઢાય રોડ મેઈન બજાર બસ સ્ટેશન ઈદગાહ પરત ૨૦-૨-૦૫ના ઈદગાહથી વાઢાય રોડ મેઈન બજાર બસ સ્ટેશન ઈદગાહ પરત-તાજીયા	
૨૨	વરલી	છુંછીયા બાબુ બાવલા	૧૯-૨-૦૫ના મસ્જીદના ચોકથી વથાણમાં ઈમામના ઓટા પરત ૨૦-૨-૦૫ના મસ્જીદના ચોકથી વથાણમાં ઈમામના ઓટા પરત-ઘોડા	

અનુ.	ગામનું નામ	માતામીનું નામ	તાજીયા/ઘોડા, સેજ ફેરવવાનો રૂટ	રૂટનો સમય તથા લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી સમય
૨૩	સુખપર મોચીરાઈ	હાસમ મીઠુ નોતીયાર	૧૯-૨-૦૫ના ઈમામ ચોકથી મસ્જીદ ગરબી ચોક માતમ વથાણ પરત ૨૦-૨-૦૫ના ઈમામ ચોકથી મસ્જીદ ગરબી ચોક માતમ વથાણ પરત-તાબુત	તા. ૧૯-૨-૦૫ના રાત્રે ૮-૦૦થી ૧૦-૦૦ વાગ્યા સુધી તા. ૨૦-૨-૦૫ના બપોરે ૨-૦૦થી રાત્રે ૧૦-૦૦ વાગ્યા સુધી
૨૪	પધ્ધર	ફકીર મામદ મુસા માજોઠી	૧૯-૨-૦૫ના મસ્જીદથી મંદિર પાસે થઈ પરત મસ્જીદ ૨૦-૨-૦૫ના મસ્જીદથી મંદિર પાસે થઈ પરત મસ્જીદ-સેજ	
૨૫	નાગીયારી	ઈલીયાસ મેરૂ બાફણ	૧૯-૨-૦૫ના મેઈન ચોકથી નીકળી પંચાયત ઘર મામદ હુશેનના ઘર પાસે થી પરત ૨૦-૨-૦૫ના મેઈન ચોકથી નીકળી પંચાયત ઘર મામદ હુશેનના ઘર પાસેથી પરત-તાજીયા	
૨૬	ઢોરી	કુંઢા ઉરસ હોથી	૧૯-૨-૦૫ના માતમી ચોકથી બસ સ્ટેશન ચોક ચબુતરા વથાણ માતમ થઈ પરત ૨૦-૨-૦૫ના માતામી ચોકથી બસ સ્ટેશન ચોક ચબુતરા વથાણ માતમ થઈ પરત-સેજ	
૨૭	સુખપર	ઈશા લાલમામદ નોતીયાર	૧૯-૨-૦૫ના વથાણ ચોકથી હાજીપીરથી વથાણ ચોક પરત ૨૦-૨-૦૫ના વથાણ ચોકથી હાજીપીરથી વથાણ ચોક પરત-તાજીયા	
૨૮	જી.આઈ.ડી.સી.	જુસબ ઈબ્રાહીમ લુહાર		
૨૯	દહીસરા	સીધીક હાસમ જુણેજા	૧૯-૨-૦૫ના મેમણ કાસમ અબ્દુલાના ઘરેથી ઈમામ પીરના ઓટથી કેરા રોડથી મસ્જીદ ૨૦-૨-૦૫ના મસ્જીદથી માંડવી રોડ કરશન જાદવાના મકાન પાસે તથા ધનજી કુવરંજીના મકાન પાસે કેરા રોડથી કન્યા શાળા પાસે-તાજીયા	
૩૦	કુકમા	સના જુમા ઈબ્રાહીમ	તા. ૧૯-૨-૦૫ તથા ૨૦-૨-૦૫ મસ્જીદ ચોક સુધી.	

ભુજ-કચ્છ, ૧૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

બી. એસ. અવલાણી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
ભુજ-કચ્છ.

પોલીસ કમીશ્નર દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે

કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૬૧૩/૨૦૦૫.-રાજકોટ શહેરમાં ચાલુ માસ માર્ચ-૨૦૦૫માં એસ.એસ.સી./એચ.એસ.સી.ની પરીક્ષાઓ તા. ૧૪-૩-૦૫ થી તા. ૨૯-૩-૦૫ સુધી શહેરની જુદીજુદી શાળાઓમાં લેવાનાર છે.

પરીક્ષાર્થીઓ આ પરીક્ષાઓ કોઈ પણ જાતના ખલેલ વિના શાંત વાતાવરણમાં આપી શકે તે માટે તેમજ બહારના તોફાની તત્વો આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચાડે તથા અન્ય ગેરકાયદેસરની પ્રવૃતિ પરીક્ષા દરમ્યાન ન આચરે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

રાજકોટ શહેરમાં ચાલુ માસ માર્ચ-૨૦૦૫માં એસ.એસ.સી./એચ.એસ.સી. ની પરીક્ષાઓ તા. ૧૪-૩-૦૫ થી

તા. ૨૯-૩-૦૫ સુધી શહેરના જે જે પરીક્ષા કેન્દ્રો (શાળાઓ)માં લેવાનાર છે. તે કેન્દ્રો (શાળાઓ)ના કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુની ત્રિજીયામાં ૨૦૦ મીટરના વિસ્તારમાં તા. ૧૪-૩-૦૫ થી તા. ૨૯-૪-૦૪ સુધી સવારના કલાક ૯-૦૦ થી સાંજના કલાક ૧૯-૦૦ સુધી પરીક્ષાર્થીઓને ખલેલ ન પડે તે માટે કોઇપણ અનઅધિકૃત વ્યક્તિઓ એકત્રીત થશે નહી કે શાળાઓ (કેન્દ્રો)માં પ્રવેશ કરશે નહી કે વાહન લઇ જઇ શકશે નહી કે લાવશે નહી કે ચારથી વધુ માણસો ભેગા થશે નહી કે વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાં મોબાઇલ ફોન લાવશે નહી તે ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. નિત્યાનંદમ પોલીસ કમિશ્નર રાજકોટ શહેર ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ, અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાઓ નંબર જીજી//૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને સુપ્રી. ઓફ પોલીસ (મદનીશ પોલીસ કમિશ્નર)ને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે. તે અધિકારની રૂએ નિચે જણારવેલ વિસ્તારોમાં તા. ૧૪-૩-૦૫ થી તા. ૨૯-૩-૦૫ સુધી સવારના કલાક ૯-૦૦ થી સાંજના કલાક ૧૯-૦૦ સુધી નિચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

રાજકોટ શહેરમાં જે જે કેન્દ્રો (શાળાઓ) માં જ્યાં આગામી એસ. એસ. સી./એચ. એસ. સી. ની પરીક્ષાઓ લેવાનાર છે. તે કેન્દ્રોના કંપાઉન્ડમાં તેમજ તેમની ચારેબાજુની ત્રિજ્યામાં ૨૦૦ મીટરના વિસ્તારમાં અનઅધિકૃત વ્યક્તિઓ એકત્રીત થશે નહી કે શાળાઓમાં (કેન્દ્રોમાં) પ્રવેશી શકશે નહી કે વાહનો લઇ જઇ શકશે નહી કે લાવશે નહી કે ચાર કે તેથી વધારે માણસો ભેગા થશે નહી. કે વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાં મોબાઇલ ફોન લાવશે નહી.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રો.

અપવાદ

આ હુકમમાંથી જણાવેલ વ્યક્તિઓને મુક્તિ આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યક્તિ કે વ્યક્તિ સમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ તેમજ ઓળખપત્ર ધરાવતા પરીક્ષાર્થીઓ (પરીક્ષાર્થીઓ મોબાઇલ ફોન સાથે લઇ જઇ શકશે નહી.)

(૨) કોઇ લગ્નના વરઘોડાને.

(૩) કોઇ સ્મશાન યાત્રાને.

(૪) ફરજ પરના પોલીસ/એસ.આર.પી./હોમગાર્ડના અધિકારી તથા જવાનો

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શીક્ષાને પાત્ર થશે.

હું, આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને લાઇડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી કરવી.

આજ તા. ૭ માહે માર્ચ-૨૦૦૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

કે. નિત્યાનંદમ,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર,
રાજકોટ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણ પત્ર

નધણ : ૧૨૦૮/ચ/ઉ-૬૧૨૦/ચ/૧૯૧/૨૦૦૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી આથી જાહેર કરે છે કે, શ્રી સીતારામ મજુર બાંધકામ સહકારી મંડળી લી., સ્થળ : ભેરાઈ, તા. : રાજુલા, જિ. : અમરેલીને નોંધણી નં. : ઉ-૬૧૨૦, તા. ૧૧-૩-૨૦૦૫થી સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૧૧ માહે માર્ચ સને ૨૦૦૫.

વિ. એમ. મહેતા,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઈઓ.

(૩) આ કચેરીનો તા. ૯-૧-૨૦૦૪ની હુકમ ક્રમાંક : વહટ/ખ-૧/૭૮-૮૪/સને ૨૦૦૪.

(૪) આ કચેરીનો તા. ૧૩-૯-૦૪નો હુકમ ક્રમાંક : વહટ/ખ-૧/૮૭૨/સને ૨૦૦૪.

(૫) આ કચેરીનો તા. ૩-૧૧-૦૪નો હુકમ ક્રમાંક : વહટ/ખ-૧/૧૦૦૩-૯/સને ૨૦૦૪

(૬) જનરલ મેનેજર, જામનગર જિલ્લા સહકારી બેંક લી., જામનગર તા. ૨-૩-૦૫ના પત્ર ક્રમાંક : આઈઆર/૪૬/૧૯૫૭.

હુકમ

ક્રમાંક : વહટ/ખ-૧/૧૩૨-૩૯/૨૦૦૫.-આ કચેરીના વંચાણે લીધેલ આંક-૩ પરના હુકમથી શ્રી બાલવા સેવા સહકારી મંડળી લી., મુ. : બાલવા, તા. : જામજોધપુર, જિ. : જામનગરને સહકારી કાયદાની કલમ-૮૧ નીચે વહીવટદાર હેઠળ મુકવામાં આવેલ છે અને વહીવટદાર તરીકે છેલ્લે વંચાણે લીધા આંક-૫થી શ્રી બ્રાન્ચ મેનેજર, જામનગર જિલ્લા સહકારી બેંક લી., જામજોધપુરની વહીવટદાર તરીકે નિમણુંક કરવામાં આવેલ હતી. જેમાં બેંકના વંચાણે લીધા આંક-૬ પરના પત્રથી થયેલ રજુઆત ધ્યાને લઈ વહીવટદાર નિમણુંકમાં ફેરફાર કરીને વહીવટદાર તરીકે શ્રી કે. આઈ. ઓઝા, આસી. ઈન્સ્પેકટર, જામનગર જિલ્લા સહકારી બેંક લી., મુખ્ય કચેરી, જામનગરની આથી નિમણુંક કરવામાં આવે છે. વહીવટદારની નિમણુંક કરતા આ કચેરીના તા. ૯-૧-૦૪ હુકમની અન્ય બાબતો યથાવત રહેશે.

જામનગર, ૫ માહે માર્ચ સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૪૯૧/ડીડીસી/૧૧૬૮/૫૨૦૪/જે.

(૨) આ કચેરીનાં ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/૧૩-૧૬/૨૦૦૫/તારીખ ૦૪-૦૧-૨૦૦૫.

આદેશ

સદરપત્રમાં નિર્દેશ કરેલ વિગતે રજુઆત માટે દિન-૩૦ની મુદત આપવામાં આવેલ આ મુદત દરમ્યાન સંસ્થા તરફથી રૂબરૂ તેમજ લેખિત થયેલ રજુઆત ગ્રાહ્ય રાખવાપાત્ર નથી. જે કારણોસર ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ તે આદેશને બહાલી આપતો નીચે મુજબ અંતિમ આદેશ કરવામાં આવે છે. જેનું અંતિમ ઓડીટ તા. ૩૧-૩-૦૪ સુધીનું થયેલ છે.

અંતિમ આદેશ

ક્રમાંક: ફડચ/ક-૪/૧૫૩૮૪/૩૧૫ થી ૩૨૪/૦૫.-આથી હું, એમ. એસ. લોખંડે, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર. અમોને મળેલ અધિકારની રૂએ શ્રી સડોદર સેવા સહકારી મંડળી લી. મુ. સડોદર, તાલુકો જામજોધપુર, જિ. જામનગર જે નોંધણી નંબર-૬૨૫૪ તારીખ ૨૨-૪-૬૫થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની પેટા કલમ-૧(અ)(ક)૨/૪ તથા પેટા કલમ-૩ અન્વયે ફડચામાં લઈ જતાં વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂ છું.

સદરહું અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે ધી જામનગર જિલ્લા સહકારી બેન્ક લી. જામનગરની નિમણુંક છે. તે ફડચાની કાર્યવાહી નિયમ સમય મર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૧૧ માહે માર્ચ સને ૨૦૦૫.

એમ. એસ. લોખંડે,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારીમંડળીઓ,
જામનગર.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈ

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ઘખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ : ૩-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૧૧૨/સને ૦૫.

અંતિમ આદેશ

જા.નં. ઉખસ/ફડચ/૧૬૦૯૩/ખ-૪/૧૪૧૫/સને ૦૫.-આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ થી મળેલ અધિકારની રૂએ શ્રી સાંગોદ્રા દુધ

ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. સાંગોદ્રા, તા. તાલાળા, જિ. જુનાગઢ, તા. ૧૬-૪-૯૩ના રોજ નોંધણી નંબર ૨૬૯૦૭થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો) ની નિમણુંક કાયમ કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૦ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈ

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ : ૬-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૬૮૯/સને ૦૫.

અંતિમ આદેશ

જા.નં. ઉખસ/ફડચ/૧૬૦૯૧/ખ-૪/૧૪૧૧/સને ૦૫.- આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી મળેલ અધિકારની રૂએ શ્રી સૌરાષ્ટ્ર કપાસ અને રૂ ખ. વે. સહકારી મંડળી લી. મુ. માણાવદર, તા. માણાવદર, જિ. જુનાગઢ, તા. ૨૨-૫-૯૮ના રોજ નોંધણી નંબર ૩૧૧૮થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો) ની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૦ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈ

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ : ૪-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૩૪૪/સને ૦૫.

અંતિમ આદેશ

જા.નં. ઉખસ/ફડચ/૧૬૦૯૨/ખ-૪/૧૪૦૬/સને ૦૫.- આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ થી મળેલ અધિકારની રૂએ શ્રી મહોબતપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. મહોબતપુર, તા. વંથલી, જિ. જુનાગઢ, તા. ૫-૩-૮૮ના રોજ નોંધણી નંબર ૨૩૪૦૪થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો) ની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૦ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈ

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ : ૫-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૫૩૧/સને ૦૫.

અંતિમ આદેશ

જા.નં. ઉખસ/ફડચ/૧૬૦૯૪/ખ-૪/૧૪૨૦/સને ૦૫.- આથી હું. વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ થી મળેલ અધિકારની રૂએ શ્રી ભાટીયા તેલી. ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ભાટીયા, તા. વંથલી, જિ. જુનાગઢ, તા. ૩૦-૬-૮૧ના રોજ નોંધણી નંબર ૧૭૮૬૫થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અનેતેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો) ની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૦ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૧૭-૪-૨૦૦૪

(૩) મંડળીના તા. ૨૯-૨-૦૫ની લેખીત રજુઆત.

વચગાળાનો આદેશ

જા. નં. ફડચ/ખ-૪/૧૪૩૬/૨૦૦૫.-આથી હું. વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને સહકારી મંડળીઓના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી મોરારીનગર એપા. કો.ઓ.હા.સો. લી. જુનાગઢ, તાલુકો : જુનાગઢ, જિલ્લો : જુનાગઢ કે જે નોંધણી નંબર : ૧૩૪૯ તા. ૧૯-૧૦-૮૧થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા હુકમ કરૂં છું. તથા તેજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે તેના ફડચા અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું.

નોંધ :

આ આદેશ સામે મંડળીને કે સભ્યોને વાંધો કે રજુઆત કરવી હોય તો તે આ આદેશની તારીખથી દિન-૩૦ની અંદર અમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખીત રજુઆત કરવાની રહેશે. મુદત દરમ્યાન કાંઈ રજુઆત થશે નહી તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.

જુનાગઢ, ૧૦ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈએ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૧૭-૪-૨૦૦૪

(૩) મંડળીના તા. ૧-૬-૦૫ની લેખીત રજુઆત.

વચગાળાનો આદેશ

જા. નં. ફડચ/ખ-૪/૧૪૩૧/૨૦૦૫.-આથી હું. વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને સહકારી મંડળીઓના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી યદુનંદન કો.ઓ.હા.સો. લી. ટીંબાવાડી, તાલુકો : જુનાગઢ, જિલ્લો : જુનાગઢ કે જે નોંધણી નંબર : ૬૨૯૫ તા. ૨૯-૧૧-૭૭થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા હુકમ કરૂં છું. તથા તેજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે તેના ફડચા અધિકારી શ્રી સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું.

નોંધ :

આ આદેશ સામે મંડળીને વાંધો કે રજુઆત કરવી હોય તો તે આ આદેશની તારીખથી દિન-૩૦ની અંદર અમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખીત રજુઆત કરવાની રહેશે. મુદત દરમ્યાન કાંઈ રજુઆત થશે નહી તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

જુનાગઢ, ૧૦ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈએ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૧૭-૪-૨૦૦૪

(૩) મંડળીના તા. ૧૮-૨-૦૫ની લેખીત રજુઆત.

વચગાળાનો આદેશ

જા. નં. ફડચ/ખ-૪/૧૪૨૫/૨૦૦૫.-આથી હું. વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને સહકારી મંડળીઓના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી કૈલાસનગર

કો.ઓ.હા.સો. લી. જોષીપરા, તાલુકો : જુનાગઢ, જિલ્લો : જુનાગઢ કે જે નોંધણી નંબર : ૧૦૫૯૪ તા. ૨૮-૧૧-૮૩થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા હુકમ કરૂં છું. તથા તેજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું.

નોંધ :

આ આદેશ સામે મંડળીને વાંધો કે રજુઆત કરવી હોય તો તે આ આદેશની તારીખથી દિન-૩૦ની અંદર અમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખીત રજુઆત કરવાની રહેશે. મુદત દરમ્યાન કાંઈ રજુઆત થશે નહી તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની નોંધ લેવી.

જુનાગઢ, ૧૦ માહે માર્ચ, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નધણ/ખ-૩/ઉ/૧૨૮૧૦/૨૮૮/સને ૦૫.- આથી જાહેર કરે છે કે શ્રી ગુરૂકૃપા મજુર સહકારી મંડ્ળી લી. મર્યાદિત સ્થળ : કેશોદ, તાલુકો : કેશોદ, જિલ્લો : જુનાગઢ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૩ માહે માર્ચ, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નધણ/ખ-૩/ઉ/૧૨૮૪૫/૩૦૯/સને ૦૫.- આથી જાહેર કરે છે કે શ્રી જય ઝુંડ ભવાની મજુર સહકારી મંડ્ળી લી. મર્યાદિત સ્થળ : જુનાગઢ, તાલુકો : જુનાગઢ, જિલ્લો : જુનાગઢ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૦ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈ

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ : ૪-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૨૮૮/સને ૦૫.

અંતિમ આદેશ

જા.નં. ઉખસ/ફડચ/૧૬૧૦૦/ખ-૪/૧૪૭૫/સને ૦૫.- આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી મળેલ અધિકારની રૂએ શ્રી નાનાકોટડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નાનાકોટડા, તા. વિસાવદર, જી. જુનાગઢ, તા. ૨૫-૧-૯૪ના રોજ નોંધણી નંબર : ૨૬૯૪૪થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીમાંની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈ

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ : ૪-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૩૬૩/સને ૦૫.

અંતિમ આદેશ

જા.નં. ઉખસ/ફડચ/૧૬૧૦૧/ખ-૪/૧૪૮૧/સને ૦૫.- આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ- ૧૯૬૧ની કલમ-૧૦૭ થી મળેલ અધિકારની રૂએ શ્રી મુળિયાસા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. મુળિયાસા, તા. કેશોદ, જી. જુનાગઢ, તા. ૧૫-૫-૮૩ ના રોજ નોંધણી નંબર : ૩૦૬૨થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીમાંની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈ

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ : ૩-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૨૨૦/સને ૦૫.

અંતિમ આદેશ

જા.નં. ઉખસ/ફડચ/૧૬૦૯૯/ખ-૪/૧૪૬૪/સને ૦૫.-આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી મળેલ અધિકારની રૂએ શ્રી આંબલીયાળા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. આંબલીયાળા, તા. વેરાવળ, જી. જુનાગઢ, તા. ૧૧-૬-૮૭ ના રોજ નોંધણી નંબર : ૨૨૫૫૮થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીમાંની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ : ૩-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૨૪૪/સને ૦૫.

અંતિમ આદેશ

જા.નં. ઉખસ/ફડચ/૧૬૦૯૮/ખ-૪/૧૪૩૯/સને ૦૫.-આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી મળેલ અધિકારની રૂએ શ્રી નાખડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નાખડા, તા. વેરાવળ, જી. જુનાગઢ, તા. ૨૦-૯-૮૫ ના રોજ નોંધણી નંબર : ૨૧૮૦૧થી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીમાંની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ : ૬-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૭૪૦/સને ૦૫.

અંતિમ આદેશ

જા.નં. ઉખસ/ફડચ/૧૬૦૯૭/ખ-૪/૧૪૫૮/સને ૦૫.-આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી મળેલ અધિકારની રૂએ શ્રી માલધારી ગોપાલક સહકારી મંડળી લી., મુ. જલંધર, તા. માળિયા, જી. જુનાગઢ, તા. ૧૦-૯-૦૧ ના રોજ નોંધણી નંબર : ૨૬૪૧ થી

નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અનેતેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીમાંની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વિ. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

---

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંકઃધખ/૧૬૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪.

(૨) કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંકઃ ફડચ/ઘ-૨/૪૦૨/૦૪ તા. ૩૦-૬-૦૪

(૩) ફડચા અધિકારીશ્રીના તા. ૨૫-૨-૨૦૦૫ની દરખાસ્ત.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક ફડચ/ગ-૨/૧૦૭/૨૦૦૫.-આથી હું, જે. એમ. કટારા, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી વરજાંગજાળીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. વરજાંગજાલીયા તા. ઉપલેટા જિ. રાજકોટ (નોંધણી નંબર : ૨૩૩૫૫ તા. ૩૦-૬-૧૯૮૮) ની ફડચાની કાર્યવાહી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદરહું મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરૂં છું.

રાજકોટ, ૨૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

જે. એમ. કટારા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૧૬-૨૦૦૩/એન. એસ. બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક ફડચ/ગ-૨/૩૫/૨૦૦૪ તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) ફડચા અધિકારીની તા. ૧૯-૨-૨૦૦૫ ની દરખાસ્ત.

આદેશ

જા. નં. ફડચ ગ-૨/૩૪૦/૧૦૮/૨૦૦૫.-શ્રી ખિંટલા પિયત સહકારી મંડળી લિ. મુ. ખિંટલા તા. ચોટીલા જિલ્લો સુરેન્દ્રનગર કે જે નોંધણી નંબર-૪૦૭૦ તા. ૨૪-૬-૧૯૯૯ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેને વંચાણે લીધા ક્રમાંક-૨ ના આદેશથી કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવામાં આવેલ છે. જેની ફડચા કામગીરી મંડળીના ફડચા અધિકારીએ પૂર્ણ કરી વંચાણે લીધાં ક્રમાંક-૩ થી મંડળીની નોંધણી રદ કરવા અને ફડચા કામગીરી સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ ઉપયુક્ત વિગતો ધ્યાને લઇ ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ અન્વયે મંડળીની ફડચા કામગીરી સમાપ્ત કરવામાં આવે છે. અને કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૮ માહે ફેબ્રુઆરી સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

૧ સરકારશ્રીના ખેતી સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/તા. ૧૭-૦૪-૨૦૦૪.

૨ અત્રેની તા. ૩૧-૧-૨૦૦૫ની કારણ દર્શક નોટીસ.

વચગાળાનો આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૪૯૨/૧૮૮/૨૦૦૫.-શ્રી પ્રભાત કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. મુ. સુરેન્દ્રનગર તા. વઢવાણને ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને તેજ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો નં-૨) અત્રેની કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

આ અંગે મંડળી કોઇ રજુઆત કરવા માગતી હોય તો આદેશની તારીખથી માસ એકમાં આધાર પુરાવા સાથે રજુઆત

કરવી અન્યથા આ વચગાળાના આદેશને કાયમી કરવામાં આવશે.

સુરેન્દ્રનગર, ૧૯ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નંબર ડી. પી./સહ/નધણ/ખે-૬૦૬૫/સને ૨૦૦૫.-થી જિલ્લા પંચાયત-ભાવનગર આથી જાહેર કરે છે કે શ્રી જલજ્યોત નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી. સ્થળ મું. પાટણા (ભાલ) તાલુકો વલભીપુર જિ. ભાવનગર, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભાવનગર, ૧૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નંબર ડી. પી./સહ/નધણ/ખે-૬૦૬૬/૦૫.-થી જિલ્લા પંચાયત-ભાવનગર આથી જાહેર કરે છે કે શ્રી સરદાર નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી. સ્થળ મું. શાહપુર તાલુકો વલભીપુર જિ. ભાવનગર, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભાવનગર, ૧૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નંબર ડી. પી./સહ/નધણ/ખે-૬૦૬૪/૦૫.-થી જિલ્લા પંચાયત-ભાવનગર આથી જાહેર કરે છે કે શ્રી જલદીપ નર્મદા સિંચાઈ સહકારી મંડળી લી. સ્થળ મું. પાટણા (ભાલ) તાલુકો : વલભીપુર જિ. ભાવનગર, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભાવનગર, ૧૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

ડી. જી. લાંબા,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જિલ્લા પંચાયત,
ભાવનગર.

મેનેજર કે.વી.સી.આઈ. અને જિ.ર.સ.મં. ઉદ્યોગ દ્વારા

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીના ખેતિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામાં ક્રમાંક જી.એચ.કે.એસ./૨૪૯૧-ડીડીસી-૧૧૮૮-૫૨૦૪-જે, તા. ૩૦-૩-૯૧

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક ફડચ/ગ-૪/૧૨૯૦/ તા.૨૦-૯-૨૦૦૪.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૪/૬૩/૨૦૦૫.-શ્રી અહેમદગઢ મીઠા ઉત્પાદક સહકારી મંડળી લિ., મુ. અહેમદગઢ તા. દસાડા (પાટડી) જિ. સુરેન્દ્રનગર જે નોંધણી નં. ઉ-૮૦૦૩, તા. ૨૩-૭-૧૯૭૯થી નોંધાયેલી સહકારી મંડળી છે. જે તે વંચાણે લીધેલ ક્રમાંક-૨ વાળા વચગાળાના આદેશથી ફડચામાં લઇ જવા આદેશ કરવામાં આવેલ, અને તે આદેશ અન્વયે કોઇ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧ માં કરવા જણાવેલ, પરંતુ મંડળી તરફથી કોઇ રજુઆત કરવામાં આવેલ નથી, કરવામાં આવેલ રજુઆત ગ્રાહ્ય રાકી શકાય તેમ ન હોઇ, સહકારી કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે વંચાણે લીધેલ ક્રમ-૨ નાં વચગાળાના આદેશને બહાલ રાખી મંડળીને ફડચામાં લઇ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે.

આ મંડળીના ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી ગ્રેડ-૨ (ફડચો) અંત્રેની કચેરીએ ફડચાની કામગીરી આદેશની તારીખથી નિયત-સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

સુરેન્દ્રનગર, ૨૮/૨ માહે ફેબ્રુઆરી/માર્ચ, સને ૨૦૦૫.

(સહી), અવાચ્ય,
મેનેજર (કે. વી. સી. આઇ.) અને
જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ),
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
સુરેન્દ્રનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 7th APRIL, 2005/CAITRA 17, 1927 [No. 14

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	259-278	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	102-125
		PART - II Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	311-330
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports; Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી દ્વારા

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૭ (૩) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી૩૭(૩)/૦૫.-હાલમાં વિજળીની અનિયમિતતા, એસ.ટી. બસની અનિયમિતતા, સરકારી જમીનમાં દબાણ તેમજ ઉદ્યોગો અંગેના વિવિધ મુદ્દાઓ તથા સરકારી અર્ધસરકારી કર્મચારીઓનાં વિવિધ મુદ્દાઓ તેમજ ઉદ્યોગ, કારખાના, સંસ્થાઓના કર્મચારીઓ (કામદારો) ના મુદ્દાઓ તથા રાજકીય બીન રાજકીય પક્ષો દવારા સભાઓ, સરઘસો વિગેરે જુદા જુદા કાર્યક્રમો થવા સંભવના હોય તથા હોળી-ધુળેટીનાં તહેવારો આવતા હોય જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂં સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહીં. તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના તારીખ ૧૦-૩-૨૦૦૫નાં પત્રથી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢ તરફથી રજુ થયેલ ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ નાં આંક-૨૨ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મને મળેલ અધિકારની રૂઈએ હું. એ. સી. રાઠોડ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૪-૩-૨૦૦૫નાં રોજથી તા.૨૭-૩-૦૫ (બંન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું, આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીએ.

૨. સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

૩. કોઈ લગ્નના વરઘોડાને.

૪. સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

૫. સક્ષમ અધિકારીશ્રીઓની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબીત થયેથી જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણના માનવજીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને -૬(છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહીત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૧૪મી માર્ચ સને ૨૦૦૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૪ માહે માર્ચ, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૧૧૭૦/૨૦૦૫.-સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દવારા તારીખ ૧૦-૩-૦૫થી તારીખ ૨૧-૩-૦૫ દરમ્યાન જુનાગઢ જિલ્લામાં પરીક્ષા લેવાનાર છે. આ પરિક્ષાઓ દરમ્યાન ચોરીઓના દુષણનાં કારણે તેજસ્વી વિદ્યાર્થીઓના ભાવી ઉપર અસર પડવાની સંભાવના હોય તે સંજોગોમાં કોપીરાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીઈંગ મશીન ધ્વારા પરિક્ષાખંડોમાં પહોચાડવાની પુરેપુરી શક્યતા રહેતી હોય અને સંભવ હોય તેમજ પરિક્ષાર્થીઓને માનસીક પરિતાપ ન થાય. અને પરીક્ષાઓ ચોરીઓના દુષણ વગર શાંતિ અને એખલાસભર્યા વાતાવરણમાં યોજાય તે હેતુથી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવાનું પુરતુ કારણ છે. અને તેમ થતું અટકાવવા ઉપાય યોજવાનું ઈષ્ટ જણાય છે.

તેથી હું, એ. સી. રાઠોડ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢના કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં સમાવિષ્ટ થતાં આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની આસપાસ પાંચ કી.મી. વિસ્તારની હદમાં કોપીઈંગ મશીન ધ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ/ મશીનધારકોને તારીખ ૧૦-૩-૨૦૦૫ થી તારીખ ૨૧-૩-૨૦૦૫

સુધી (બંન્ને દિવસો સહીત) સવારના ૧૦-૦૦ થી ૧૩-૩૦ કલાક સુધી તથા બપોરના ૧૫-૦૦ થી ૧૮-૦૦ કલાક સુધી ઉકત ધંધાર્થીઓ/મશીન ધારકોએ તેઓના કોપીંગ મશીન ચલાવવા નહી કે કોઈપણ પત્રો, દસ્તાવેજો કાગળોની નકલો કાઢવી નહી. તેમજ આ સમયગાળા દરમ્યાન આ સાથેના પિરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટર વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર કે ચોકમાં ગલીઓમાં પાંચ કરતા વધારે લોકોએ એકઠા થવું નહી,સરઘસો કાઢવા નહી તેમજ સુત્રો પોકારવા નહી. તેમજ કોઈપણ બીનઅધિકૃત વ્યકિતએ કેન્દ્રની ૨૦૦ મીટરનાં વિસ્તારમાં પ્રવેશ કરવો નહી.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી

૧. પોતાના અંગત ઉપયોગ માટે કોપીઈંગ મશીનનો વપરાશ કરતી વ્યકિતઓને.

૨. ફરજની રૂએ જે કર્મચારીઓને મુકિત આપવામાં આવી હોય તેવી વ્યકિતઓને એકત્રીત થવાની જોગવાઈ લાગુ પડશે નહી,

આ હુકમનો કોઈપણ શખ્સ ભંગ કરે તો કાયદેસરના પગલા લેવામાં આવશે.

આ હુકમ આજરોજ તારીખ ૧૦મી માહે માર્ચ, ૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

આ કચેરીનાં જાહેરનામાં ક્રમાંક : એમએજી/સી-૧૧૭૦/૦૫ તા. ૩-૦૫ સાથેનું પરિશિષ્ટ

ક્રમ	કોલેજનું નામ	ગામનું નામ
૧	બહાઉદીન આર્ટસ કોલેજ	જુનાગઢ
૨	જે.સી. એજ્યુ. ટ્રસ્ટ સંચાલીત કોમર્સ કોલેજ, બીલખા રોડ	જુનાગઢ
૩	એમ.એમ.ઘોડાસરા મહિલા આર્ટસ/ કોમર્સ કોલેજ	જુનાગઢ
૪	ડો. સુભાષ મહિલા આર્ટસ/કોમર્સ કોલેજ	જુનાગઢ
૫	મહિલા આર્ટસ કોમર્સ કોલેજ જોષીપુરા	જુનાગઢ
૬	સૌરાષ્ટ્ર એજ્યુ. ટ્રસ્ટ સંચાલિત મહિલા આર્ટસ કોમર્સ કોલેજ	જુનાગઢ
૭	સરદાર પટેલ મહિલા બી.બી.એ. કોલેજ	જુનાગઢ
૮	જુનાગઢ કેળવણી મંડળ સંચાલિત કોમર્સ બી.બી.એ. કોલેજ	જુનાગઢ
૯	શ્રી પટેલ કેળવણી મંડળ સંચાલિત કોલેજ ઓફ ઈન્ફો. ટેક.	જુનાગઢ
૧૦	એન.પી. આટર્સ અને કોમર્સ કોલેજ	કેશોદ
૧૧	યુ.કે. વાછાણી મહિલા આટર્સ અને હોમ-સાયન્સ કોલેજ	કેશોદ
૧૨	જે. એસ.પરમાર આટર્સ/કોમર્સ કોલેજ	કોડીનાર
૧૩	મહિલા આટર્સ અને હોમ સાયન્સ કોલેજ	કોડીનાર
૧૪	નગરપાલિકા સંચાલિત મહિલા આટર્સ અને કોમર્સ કોલેજ	કોડીનાર
૧૫	એચ. એમ. વી. આટર્સ/કોમર્સ કોલેજ	ઉના
૧૬	મહિલા આટર્સ કોલેજ	ઉના
૧૭	શ્રી દેવમણી આટર્સ અને કોમર્સ કોલેજ	વિસાવદર
૧૮	આટર્સ અને કોમર્સ કોલેજ	બરવાળા
૧૯	આટર્સ અને કોમર્સ કોલેજ	મેંદરડા
૨૦	શ્રી ગાર્ડી આટર્સ અને કોમર્સ કોલેજ	માળીયા-હાટીના
૨૧	શ્રી ચોકસી આટર્સ અને કોમર્સ કોલેજ	વેરાવળ
૨૨	મહિલા આટર્સ અને કોમર્સ કોલેજ	વેરાવળ
૨૩	મહિલા આટર્સ કોલેજ સિમાર	વેરાવળ
૨૪	આટર્સ અને કોમર્સ કોલેજ-ઘુસિયા	તાલાળા
૨૫	એમ. બી. બારડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત આટર્સ અને કોમર્સ કોલેજ	સુત્રાપાડા

જુનાગઢ, ૧૦ માહે માર્ચ, ૨૦૦૫

એ. સી. રાઠોડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં : ડી. એમ./૧/૯૮૯/૨૦૦૫.-આગામી તા. ૧૪-૩-૨૦૦૫ થી તા. ૨૯-૩-૨૦૦૫ દરમ્યાન ભાવનગર શહેર તથા જિલ્લાના વલ્લભીપુર, ઉમરાળા, બોટાદ, મહુવા, પાલીતાણા, શિહોર, ગારીયાધાર, ઢસાગામ, ગઢડા, તળાજા, સથરા, સોનગઢ, જેસર, વાળુકુંડ ખાતે એસ. એસ. સી.તથા એચ. એસ. સી. ની પરીક્ષાઓ

યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પ્રશ્નપત્રો તેમજ તેમા જણાવેલ પ્રશ્નોના ઉત્તરોની ઝેરોક્ષ કોપીઓ કરાવી ગેરરીતી આચરવામાં આવે નહી તેમજ તે અંગે વિદ્યાર્થીઓને અડચણ અને ત્રાસ દુર કરવાના હેતુથી જેરોક્ષ મશીનવાળા વેપારીઓ જેરોક્ષ મશીનનો ઉપયોગ ન કરે અને સુલેહશાંતી જળવાય રહે તે માટે નીચે જણાવેલ સમય સુધી ઝેરોક્ષ મશીનના દુકાનદારો ઝેરોક્ષ મશીન બંધ રાખે તે માટે ઝડપી ઉપાય યોજવા જાહેર હિતમાં હું, ડી. બી. વોરા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ હું ફરમાવું છુ કે, ભાવનગર શહેર, બોટાદ, મહુવા, પાલીતાણા શિહોર ગારીયાધાર સઘરા, ઢસા, સોનગઢ, જેસર, વલ્લભીપુર, ઉમરાળા, ગઢડા, તળાજા, વાળુકુંડ ગામ ખાતે ઝેરોક્ષના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ અને ગૃહ ઉદ્યોગ તરીકે ઝેરોક્ષ મશીન પોતાના ઘરે રાખેલ હોય તો તેમણે પણ તા. ૧૪-૩-૨૦૦૫ થી તા. ૨૯-૩-૨૦૦૫ સુધી દરરોજ સવારના ૧૦-૩૦ કલાકથી સાંજ તા. ૧૮-૦૦ કલાક સુધી તેમના ઝેરોક્ષ બંધ રાખવા.

ઉપરોક્ત તારીખે અને સમયે સદરહું હુકમમાં અપાયેલી સુચનાઓનો ભંગ કે ઉલ્લંઘન કરનારનું ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

હું આથી ફરમાવું છું કે, ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોટાડીને લાઉડ સ્પીકર વાહન દ્વારા અને સ્થાનીક વર્તમાનપત્રો દવારા તેની બહોળી પ્રસિધ્ધી કરીને આ હુકમ પ્રસિધ્ધ કરવો.

મેં આજ તા. ૧૦-૩-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડયો.

ભાવનગર, ૧૦ માહે માર્ચ સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) હેઠળ

જાહેરનામું

નં. ડી.એમ./૧/૧૦૪૮/૨૦૦૫.-પાલીતાણા શહેરમાં આગામી તા. ૨૩-૩-૨૦૦૫ના રોજ ફાગણ શુદ-૧૩ (ઢેબરા તેરસ)નો જૈન ઢેબરીયો મેળો યોજાનાર હોય જેમાં વાહનો મોટી સંખ્યામાં આવતા હોય છે. જેથી વાહન વ્યવહાર સ્થગિત ન થાય તેમજ અકસ્માત નિવારી શકાય તે માટે ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું ડી. બી. વોરા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો ભાવનગર આથી પાલીતાણા શહેરમાં નીચેના રસ્તાઓને તા. ૨૨-૩-૨૦૦૫ના ક. ૮-૦૦થી તથા તા. ૨૩-૩-૨૦૦૫ ક. ૨૪-૦૦ સુધી એકમાર્ગીય રસ્તો જાહેર કરૂં છું.

રસ્તાનું નામ :

(૧) ભાવનગરથી પાલીતાણા, ગારીયાધાર, ઘેટી, આદપુર, તરફ જતા વાહનોને ભાવનગર રોડ રેલ્વે ક્રોસીંગથી જમણી બાજુ જતા બાયપાસ રોડ થઈ, સરદારનગર ચોકડી થઈ, ગારીયાધાર રોડ, ત્રણ રસ્તા થઈ સિંધી કેમ્પ, મહાવીર પેટ્રોલ પંપ થઈને છેલ્લા ચકલા પાલીતાણા હાઈસ્કુલથી પાર્કીંગ સ્થળ સુધી.

(૨) પાલીતાણા શહેરમાં પ્રવેશના વાહનો માટે પાલીતાણા ભૈરવનાથ ચોકથી મહાવીર પેટ્રોલ પંપ, માનસિંહજી હોસ્પીટલ, છેલ્લા ચકલા થી હાઉસ્કુલ.

(૩) પાલીતાણા થી આદપુર જવા માટે વાયા સર્વોદય સોસાયટી થઈ આદપુર પાલનાં સ્થળે.

(૪) પાલીતાણા હાઈસ્કુલથી ફુવારા ત્યાંથી સિધ્ધગીરી ભોજનાલય, દયાળભાઈની વાડી ભીલવાડા થઈ ખારા નદીમાંથી કાઢેલ ડાયવર્ઝન રોડથી હાથિયાધાર નાયબ પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, મામલતદારશ્રીની કચેરી, પાસે સીધા જ બજરંગદાસ બાપા ચોકી થઈને બહાર જવાનું રહેશે.

(૫) પાલીતાણા હાઈસ્કુલથી છેલ્લા ચકલા સુધી કોઈ વાહન પાછું આવી શકશે નહી.

(૬) આ જાહેરનામાની જોગવાઈમાંથી પોલીસ વિભાગના, મહેસુલ વિભાગના તેમજ જાહેર સુખાકારી માટે નગર પાલીકાએ મુકેલા વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

(૭) આ જાહેરનામાની અવધિ દરમ્યાન વૃદ્ધ, અશક્ત, યાત્રીકોને લાવવા/લઈ જવા માટે વાહનોના ઉપયોગની પરવાનગી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, પાલીતાણા આપી શકશે. આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને તેમજ સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટવીને પ્રસિધ્ધ કરવાનું હું ફરમાવું છું.

મેં આજરોજ તા. ૧૭-૩-૨૦૦૫ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

ભાવનગર, ૧૭ માહે માર્ચ સને ૨૦૦૫.

જાહેરનામું

નં. : ડી. એમ./૧/૧૦૪૯/૨૦૦૫.-પાલીતાણા શહેરમાં આગામી તા. ૨૩-૩-૨૦૦૫ના રોજ ફાગણ શૂદ-૧૩ (ઢેબરા તેરસ) નો જૈન ઢેબરીયો મેળો ભરાનાર છે જેમાં વાહનો મોટી સંખ્યામાં આવતા હોય છે. જેથી વાહન વ્યવહાર સ્થગીત ન થાય તેમજ અકસ્માત નિવારી શકાય તે માટે ટ્રાફીક નિયમન કરવાનું જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું, ડી. બી. વોરા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી પાલીતાણા શહેરમાં છેલ્લા ચકલાથી તળેટી સુધીનાં જાહેર માર્ગ ઉપરની બન્ને બાજુએ વાહનો પાર્કીંગ ન કરવા "નો પાર્કીંગ ઝોન" તા. ૨૨-૩-૨૦૦૫થી તા. ૨૩-૩-૨૦૦૫ (બન્ને દિવસો સુધ્ધા) સુધી જાહેર કરૂં છું.

" જાહેરનામાનો અમલ તથા તેનાં ભંગ બદલ પગલા લેવા માટે ફરજં ઉપરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહશે".

સદરહું હુકમનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થશે.

મેં આજરોજ તા. ૧૭-૩-૨૦૦૫ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

ભાવનગર, ૧૭ માહે માર્ચ સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧નાં મુંબઈ અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે

જાહેરનામું

નં. : ડીએમ/૧/ફા/૧૦૧૨/૨૦૦૫.-ભાવનગર જિલ્લામાં આગામી તા. ૨૫-૩-૨૦૦૫ના રોજ હોળી, ગુડફાઈડે તથા તા. ૨૬-૩-૨૦૦૫ના ધુળેટી તથા તા. ૯-૪-૨૦૦૫ના ચેટીચાંદ તથા તા. ૧૪-૪-૨૦૦૫ના ડૉ. આંબેડકર જયંતી તથા તા. ૧૮-૪-૨૦૦૫ના રામનવમીનો તહેવાર ઉજવવાનાર હોય ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂં આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતિપૂર્વક જળવાય રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથીયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી તે માટે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું જાહેરશાંતિ અને સલામતી જાળવવા સારૂં બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, ડી. બી. વોરા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી જાહેરશાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૩-૩-૨૦૦૫ થી તા. ૨૧-૪-૨૦૦૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા)

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, તલવાર, ગુપ્તી, સોટા, બંદુક, છરી, કુહાડી, ધારીયા, લોખંડના પાઈપ, લાકડી, અથવા લાઠી, અથવા શારિરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજુ કોઈ પણ સાધનો સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ ભયકારી ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજીવસ્તુઓ સાથે લઈ જવી નહી એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહી.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી, અથવા ટોળામાં ફરવું નહી.

(છ) જેનાથી સુરુચિ અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ઠા કરવી નહી, તેવા ચિત્રો-પત્રિકાઓ-પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ ક-ખ-ગ-ઘ નીચે ની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસૂચિ :

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનેથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે''.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોટાડીને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ ૧૫-૩-૨૦૦૫ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

ડી. બી. વોરા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) હેઠળ

જાહેરનામું

ક્રમાંકઃ- મજસ/૩/સભા સરઘસ બંધી/૧૭-૩૧/૩/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા બરાબર જળવાઈ રહે તે માટે, પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જાહેર વ્યવસ્થાના હેતુ માટે મને જરૂરી જણાયેલ છે.

વાસ્તે હું એસ. એલ. અમરાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મને મળેલ અધિકારની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭ (૩) હેઠળ સુરેન્દ્રનગર જિલ્લાના સમસ્ત વિસ્તારમાં તા. ૧૬-૦૩-૨૦૦૫ થી તા. ૩૧-૦૩-૨૦૦૫ સુધી (બંને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન સંબંધિત એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું. આ પ્રતિબંધ કલેક્ટર કચેરીના મુખ્ય દરવાજા પાસે જમણી બાજુએ ફુટપાથ તરફ દરવાજાથી પાંચ મીટરનું અંતર રાખીને ત્યારબાદની પચાસ મીટર સુધીની ફુટપાથ ઉપરની જગ્યાના વિસ્તારને લાગુ પડશે નહીં.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, ભંગ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું ઉક્ત વિસ્તારમાં સહેલાઈથી વાંચી શકાય, જોઈ શકાય તેવી જગ્યાએ, તેને ચોંટાડી પ્રસિધ્ધ કરવુ, તેમજ ધ્વનિવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો કે દાંડી પિટાવી પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૧૫, માહે માર્ચ, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર ૧૫, માહે માર્ચ, સને ૨૦૦૫.

બોમ્બે પોલીસ એક્ટ-૧૯૫૧ની કલમ ૩૭(૧)નું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી/વ/૧૭-૩૧/૩/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા હથિયાર બંધી જરૂરી જણાય છે, વાસ્તે હું એસ. એલ. અમરાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માંની કલમ-૩૭ (૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧૬-૦૩-૨૦૦૫ થી તા. ૩૧-૦૩-૨૦૦૫ સુધી (બન્ને તારીખો સહીત)ના સમય દરમ્યાન પોલીસ અધિક્ષકશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, લાકડી અને લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા બીજા કોઈ પણ સાધનો સાથે લઈ જવા નહીં.

૨. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહીં.

૩. વ્યક્તિઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી તથા તૈયાર કરવા નહીં.

૪. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

૫. જેનાથી સુરુચિનો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવી ચેષ્ઠા કરવી નહીં, તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, અથવા તેનો ફેલાવો કરવો નહીં.

૬. બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાધ્ય વગાડવાની તેમજ.

૭. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવા નહીં, અથવાં ટોળામાં ફરવું નહીં.

INDEX

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિ કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈ પણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ પણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યક્તિ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી એ અથવા તેઓએ કે જેને શારીરીક અશક્તિના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

જો કોઈ પણ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ તથા ફોજદારી ધારા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો, ઢંઢેરો, દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ તારીખ ૧૫, માહે માર્ચ, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર ૧૫, માહે માર્ચ, સને ૨૦૦૫.

સંદર્ભ :

૧. પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર જિલ્લાનો તા. ૧૧-૦૩-૨૦૦૫નો પત્ર ક્રમાંક નં. ૨૪૬/ગ્રા. ૨. દ/ ફા. મ/૯૯૩૧/૨૦૦૫.

હુકમ

ક્રમાંક : મજસ/૨/વ/૫૯૦ થી ૬૧૦/૨૦૦૫.-વઢવાણ તાલુકાનાં ગ્રામ્યરક્ષકદળ ગુંદીયાળા ખાતે ૨૨-નવા સભ્યોનો કેમ્પ યોજાનાર હોય ફાયરીંગ પ્રેકટીસ માટે તા. ૨૧-૦૩-૨૦૦૫નાં દિવસ દરમ્યાન ધોળીધજા પોલીસ ફાયરીંગ બટ ઉપર ફાયરીંગ પ્રેકટીસ કરવામાં આવનાર છે. આ ફાયરીંગ બટની આજુ બાજુ ખેરાળી, ખમીસણા, દૂધરેજ તથા રતનપરની ખેતીની સીમ જમીનો તથા ધોળી ધજા ડેમનાં સુરેન્દ્રનગર તરફના ભાગે આવેલ વેસ્ટ વિયરની બાજુમાં મહાદેવનું મંદિર સદરહું વિસ્તારમાં આવેલ છે, તેમજ વિરમગામ-રાજકોટ રાજ્ય ધોરી માર્ગ વિસ્તારમાં પણ ગોળીબારથી ઈજા થવાનો સંભવ છે. જેથી આ વિસ્તારમાં ચાલતા માણસો, ખાનગી તથા ગુજરાત-રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ હસ્તકની એસ. ટી. બસો, ખાનગીબસો, ટ્રાવેલ્સ, મેટાડોર્સ, ભારવાહક ખટારાઓ (ગુડઝ ટ્રકસ) માલવાહક- છકડો- રિક્ષા, પેસેન્જર રિક્ષા વિગેરે તમામ પ્રકારનાં વાહનો તથા ઢોર ઢાંખરને ગોળીબારથી ઈજા થવાનો સંભવ હોય તે અટકાવવું જરૂરી જણાતા સને. ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ એક્ષટેનસન એમેડમેન્ટ એક્ટ-૧૯૫૬ની કલમ-૨ સાથે વાંચતા મને મળેલ અધિકારની રૂઈએ હું એસ. એલ. અમરાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર આથી ફરમાવું છું કે, તા. ૨૧-૦૩-૨૦૦૫નાં દિવસો દરમ્યાન સવારના ૬-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધીનાં સમય દરમ્યાન સદરહું ફાયરીંગ બટની નજીક અને તેની આજુ-બાજુના ફરતા એક માઈલના વિસ્તારમાં કોઈએ હરવું-ફરવું નહીં કે વાહન લઈને નિકળવું નહી, તેમજ પોતાના ઢોર-ઢાંખર ચારવા/ચરાવવા નહી કે છુટા ફરવા દેવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ અનુસાર શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૫, માહે માર્ચ, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ હુકમ જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

સુરેન્દ્રનગર ૧૫, માહે માર્ચ, સને ૨૦૦૫.

સંદર્ભ :

૧ પોલીસ અધિક્ષકશ્રી, , સુરેન્દ્રનગર જિલ્લાનો તા. ૧૫-૦૩-૨૦૦૫નો પત્ર ક્રમાંક નં. વહટ/-૧/ફા. બટ/ ૧૦૪૮૮/૨૦૦૫.-

હુકમ

ક્રમાંક : મજસ/૨/વ/૬૨૧ થી ૬૪૦/૨૦૦૫.-જિલ્લા કમાન્ડન્ટશ્રી, હોમગાર્ડઝ, અમદાવાદ રૂરલનો તાલીમ કેમ્પ સાણંદ તાલુકાનાં માધવનગર ગામે ચાલુ હોય સદર હોમગાર્ડના જવાનોને ફાયરીંગ પ્રેકટીસ માટે તા. ૧૯-૦૩-૨૦૦૫ થી તા. ૨૦-૦૩-૨૦૦૫નાં દિવસ દરમ્યાન ધોળીધજા પોલીસ ફાયરીંગ બટ ઉપર "લાઈન પોઝીશનથી" ફાયરીંગ પ્રેકટીસ કરવામાં આવનાર છે. આ ફાયરીંગ બટની આજુ બાજુ ખેરાળી, ખમીસણા, દૂધરેજ તથા રતનપરની ખેતીની સીમ જમીનો તથા ધોળી ધજા ડેમનાં સુરેન્દ્રનગર તરફના ભાગે આવેલ વેસ્ટ વિયરની બાજુમાં મહાદેવનું મંદિર સદરહું વિસ્તારમાં આવેલ છે, તેમજ વીરમગામ-રાજકોટ રાજ્ય ધોરી માર્ગ વિસ્તારમાં પણ ગોળીબારથી ઈજા થવાનો સંભવ છે. જેથી આ વિસ્તારમાં ચાલતા માણસો, ખાનગી તથા ગુજરાત-રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ હસ્તકની એસ. ટી. બસો, ખાનગીબસો, ટ્રાવેલ્સ, મેટાડોર્સ, ભારવાહક ખટારાઓ (ગુડઝ ટ્રકસ) માલવાહક-છકડો-રિક્ષા, પેસેન્જર રિક્ષા વિગેરે તમામ પ્રકારનાં વાહનો તથા ઢોર ઢાંખરને ગોળીબારથી ઈજા થવાનો સંભવ હોય તે અટકાવવુ જરૂરી જણાતા સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ એક્ષટેનસન એમેડમેન્ટ એક્ટ-૧૯૫૬ની કલમ-૨ સાથે વાંચતા મને મળેલ અધિકારની રૂઈ એ હું, એસ. એલ. અમરાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,

સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર આથી ફરમાવું છું કે, તા. ૧૯-૦૩-૨૦૦૫ થી તા. ૨૦-૦૩-૨૦૦૫નાં દિવસો દરમ્યાન સવારના ૬-૦૦ કલાક થી સાંજના ૧૮-૦૦ કલાક સુધીનાં સમય દરમ્યાન સદરહું ફાયરીંગ બટની નજીક અને તેની આજુ-બાજુના ફરતા એક માઈલના વિસ્તારમાં કોઈએ હરવું-ફરવું નહી કે વાહન લઈને નિકળવું નહી, તેમજ પોતાના ઢોર-ઢાંખર ચારવા/ચરાવવા નહી કે છુટા ફરવા દેવા નહી.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ અનુસાર શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૭, માહે માર્ચ, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ હુકમ જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

સુરેન્દ્રનગર, ૧૭, માહે માર્ચ, સને ૨૦૦૫.

એસ. એલ. અમરાણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૮૫ (૧) મુજબનું

જાહેરનામું

નાં. વહવ-બીનવારસુ-૭૯૯-૧૮૧-૨૯-૩૪૨-૬૦૮, નાં. વહવ-બીનવારસુ-૫૦૦-૩૯૮/-૪-૨૫/૦૫.-આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે પોલીસ ઇન્સ્પેકટરશ્રી, સીટી-એડિવીઝન પોલીસ સ્ટેશન જામનગરના જાવક નં. ૭૯૯, તા. ૨૦-૩-૦૪ થી નીચે જણાવેલ મુદ્દામાલ બીનવારસુ હોય અને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૮૩ (૧) અન્વયે નિકાલ થવા આ કાર્ટને દરખાસ્ત આવેલ છે. સબબ સદરહુ અધિનિયમની કલમ-૮૫ (૧) અન્વયે જાહેર કરવામાં આવે છે કેનીચે જણાવેલ મુદ્દામાલ મિલ્કતનો જે કોઇ શખ્સ તેના માલીક હોવાનો દાવો ધરાવતો હોય તો તેણે આ જાહેરનામાની તારીખથી છ માસની અંદર આ કચેરીએ રૂબરૂ હાજર થવું. સદરહુ મુદત દરમ્યાન જો કોઇપણ માલીક હાજર થશે નહિ તો સદરહુ અધિનિયમની કલમ-૮૭ અન્વયે મુદ્દામાલનો નિકાલ કરવામાં આવશે જેની સર્વે લોકોએ નોંધ લેવી.

અ. નં.	મુદ્દામાલની વિગત	મુ. પા.નં. તારીખ	સ્ટે. ડાટરી એન્ટ્રી નં. તારીખ	અંદાજી તારીખ

પત્રક સામેલ છે.

જામનગર સીટી 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પેન્ડીંગ બિનવારસુ મુદ્દામાલનું પત્રક

અ. નં.	મુદ્દામાલની પાવતી નંબર તારીખ	વિગત	કિંમત
૧	૫ ૧-૩-૯૧	(૧) લ્યુના મોપેડ નંબર GRI–૫૬૨૧નું ચેસીસ નંબર ૧૧૦૮૨૧૦૪ એન્જીન નં. ૧૧૧૦૪૯૫૫	૩૦૦૦/-
૨	૮ ૬-૯-૯૨	(૧) લ્યુના મોપેડ નંબર GBI-૬૮૧૮	૪૦૦૦/-
૩	૭ ૨૬-૧૧-૯૫	(૧) હીરો હોન્ડા કાળા કલરનું નં. GCI ૩૫૬૮ એન્જીન નં. CPE ૭૦૫૬૯૮, ચેસીસ નંબર છેકેલ છે.	૧૫૦૦૦/-
૪	૯ ૧૪-૧૨-૯૫	(૧) સુટકેસ એક જુની	૧૫૦/-
		(૨) એક ટુવાલ જુનો	૧૫/-
		(૩) સફેદ લેંગો જુનો	૧૦/-
		(૪) અંડરવેર જુનુ	૩/-
		(૫) સફેદ ગંજી એક જુનુ	૨/-
		(૬) લોખંડની કાતર એક	૫/-
		(૭) સફેદ કોથળી એક	૨/-
		(૮) ફોટા સ્ટેન્ડ એક	૫/-
		(૯) દાંતીયો એક	૨/-

INDEX

અ. નં.	મુદ્દામાલની પાવતી નંબર તારીખ	વિગત	કિંમત
૫	૨ ૧૫-૨-૯૭	(૧) કબુતરી કલરની સુટકેસ એક (૨) નાની મોટી ડીસમીસ નં. ૯ લીલા હાથાવાળી (૩) કોફી કલરના પ્લાસ્ટીકના કવરમાં ફીટ શેટ નંગ-૫ (૪) બ્લુ કલરની બોલપેન (૫) પ્લાસ્ટીકના કવરમાં બી મેકેનીકલ વર્કસ પ્રાઇઝ લીસ્ટ વેલ્ડીંગનું પ્રાઇમ લીસ્ટ (૬) કોફી કલરની ડાયરી એક ક્રાઉન ઇન્ડસ્ટ્રીઝના કેસ મેમો બુક	૨૫/- ૨૦૦/- ૧૨૫/- ૨/-
૬	૪ ૮-૩-૯૭	(૧) એક લ્યુના મોપેડ કાયનેટીક નંબર પ્લેટ વગરનું એન્જીન નં. ૪૨૭૩૪૧ ચેસીસ નં. ૯૫ B ૦૩૦૦૪૩૬૧	૪૦૦૦/-
૭	૫ ૧૦-૬-૯૭	(૧) એક લ્યુના મોપેડ નંબર GCG ૮૨૨૧ એન્જીન નં. ૧૧૦૪૧૮૭૧ ચેસીસ નં. ૧૧૦૧૦૮૬૬	૪૦૦૦/-
૮	૬ ૧૩-૯-૯૭	(૧) એક સુટકેસ જુની (૨) કપડા જેમાં ત્રણ પેન્ટ જેમાં એક બદામી કલરનું તથા સફેદ કલરનું તથા જીન્સનું એક તથા એક ટી-શર્ટ તથા કાબર ચીતરૂ કલરનું શર્ટ એક તથા જુના સ્લીપર જોડી એક	૫૦/- ૫૦/-
૯	૨ ૪-૪-૯૮	હીરો મેજીસ્ટીક મોપેડ નં.GRI ૬૦૯૨ એન્જીન વગરનું જેના ચેસીસ નં. ૩૨૦૨૧ કાળા કલરનું	૧૦૦૦/-
૧૦	૩ ૧૪-૭-૯૮	(૧) લ્યુના મોપેડની ફ્રેમના ટુકડા નં.-૨ ફ્રેમ નં. ૦૩૦૦૮૭૫૯૯ (૨) લ્યુના મોપેડની ફ્રેમના ટુકડા નં.-૨ ફ્રેમ નં. ૯૫ ડીઆઇ-૦૩૦૧૦૩૪૭ બ્લુ કલરનો	૫૦/- ૫૦/-
૧૧	૪ ૨૦-૮-૯૮	(૧) લ્યુના મોપેડની ચેસીસ દુધીયા કલરની ચેસીસ નં. GYH ૦૩૦૨૭૩૬૩ ની ચેસીસ પર કાઈનેટીક લખેલ છે.	૧૦૦૦/-
૧૨	૧ ૨-૨-૯૯	(૧) લ્યુના મોપેડ નં. GJ-૩-Q-૫૦ ચેસીસ નં. ૯૬૧૨૦૩૦૦૨૧૮૫ એન્જીન નં. ૯૬૧૨૧૩૧૦૪૧૬૩	૬૦૦૦/-
૧૩	૪ ૧૫-૩-૯૯	(૧) લ્યુના મોપેડ ટીએફઆર નં. GJ-૧૦-H-૮૫૫૮ એન્જીન નં. ૯૫૧૧૩૦૮૦૧૦ ચેસીસ નં. ૯૨૯૮૦૩૦૩૬૬૮	૯૦૦૦/-
૧૪	૪ ૧૫-૩-૯૯	(૧) લ્યુના મોપેડ ટીએફઆર નંબર નથી. એન્જીન નં. ૭૭૭૫૫૨૨૬ ચેસીસ નં. જોવામાં આવતા નથી.	૪૦૦૦/-
૧૫	૪ ૧૫-૩-૯૯	સફારી કાયનેટીક નંબર પ્લેટ વગરનું ચેસીસ નં. ૯૬ M-૧૮૦૧૫૨૭૭ એન્જીન નં. ૯૬ M-૧૮૦૦૫૬૬૬	૧૦૦૦૦/-
૧૬	૮ ૨૯-૬-૯૯	(૧) એક સાયકલ કાળા કલરની એ-વન કું. AB ૩૧૦ ફ્રેમ નં. y-૦૬૧૫૮૭ ૨૨" સાઇઝની	૩૦૦/-
૧૭	૯ ૧૪-૭-૯૯	(૧) નેશનલ પેનાસોનીક કાળા કલરનું આગળ બે સાઉન્ડવાળું જેમા મોરા ઉપર સોનેરી કેસરી કલરનું ટેપ રેકોર્ડ બંધ હાલતમાં (૨) ફીલીપ્સ કું. નો કાલા કલરનો રેડીયો વાયરના દોરડા સાથે એક સાઉન્ડ ગોળ આકારનું	૪૦૦/- ૩૦૦/-
૧૮	૧૪ ૧૮-૯-૯૯	(૧) લ્યુના મોપેડ કાળા કલરનું ચેસીસ નંબર ઘસી નાખેલ છે એન્જીન નં. ૯૭૦૧૩૦૧૬૬૯૯	૩૦૦૦/-

અ. નં.	મુદ્દામાલની પાવતી નંબર તારીખ		વિગત	કિંમત
૧૯	૧૫ ૧૯-૯-૯૯		એક સાયકલ BSA SLR-લાલ કલરની જેના ફ્રેમ નં. XC-29333 જુના જેવી	૨૦૦/-
૨૦	૨ ૧૨-૩-૨૦૦૦	(૧)	લ્યુના મોપેડ બ્લુ કલરનું બંધ હાલતનું નંબર પ્લેટ વગરનું ચેસીસ નંબર નથી. એન્જીન નં. KI-698 909 પ્લગ તથા પેટ્રોલ કોક વગરનું	૧૫૦૦/-
૨૧	૬ ૨૨-૧૧-૨૦૦૦	(૧)	એક સાયકલ એટલાસ કું. ની ગોલ્ડ લાઈન સુપર કું. કાળા કલરની તેના પરની ફ્રેમ નં. ૪૬૬૪૫૪૭	૨૫૦/-
		(૨)	એક સાયકલ હરકયુલસ કું. ની ગોલ્ડન કલરના ફ્રેમવાળી કેરીયરવાળી	૨૫૦/-
૨૨	૧ ૪-૧-૨૦૦૧	(૧)	સની મોપેડ નં. GJ-10-B-4505 એન્જીન નં. ૯8/m/93-H-33354 બંધ હાલતનું નંબર પ્લેટ નીચે અંગ્રજીમાં DAWANAND લખેલ છે જે સની મોપેડ	૪૦૦૦/-
૨૩	૨ ૬-૧-૨૦૦૧	(૧)	એક તલવાર લોખંડની તેના હાથાના ભાગે છેડા ઉપર પ્લાસ્ટીક છે. તેમજ ચામડાથી હાથાનો ભાગ મઢેલ છે. જે તલવાર આશરે સવાફૂટની લંબાઈની મ્યાન વગરની.	૫૦/-
૨૪	૩ ૬-૧-૨૦૦૧	(૧)	બજાજ વાસ્પા સ્કુટર સફેદ ક્રીમ કલરનું બજાજ ૧૫૦ બનાવટનું જેના નં. GJP-9462 એન્જીન નંબર તથા ચેસીસ નંબર વગરનું	૫૦૦૦/-
૨૫	૫ ૪-૫-૨૦૦૧	(૧)	કાયનેટિક સ્પાર્ક મોપેડ નં. GUP-3564 જેનું આગળનું વ્હીલ નથી	૧૫૦૦/-
૨૬	૧ ૧૮-૨-૨૦૦૩	(૧)	રીક્ષા છકડાનું એન્જીન ગેર બોકસ સાથે જેમાં અંગ્રેજીમાં ગ્રેવીનટેન્ડ લખેલ છે જેના એન્જીન નં. A12117139649 છે તે	૧૦૦૦૦/-
	”	(૨)	છકડા ડીઝલની ટાંકી જુના જેવી એક	૧૦૦/-
	”	(૩)	છકડાનું ફોગ બે પાઈપ વાળી ટી છે તે.	૫૦/-
	”	(૪)	છકડાનું જુનું હેન્ડલ એક	૧૦/-
	”	(૫)	સેફટીબાર એક	૫૦/-
	”	(૬)	ચેન કાઉન્ટર એક	૧૦/-
	”	(૭)	છકડાની સીટ જુની એક	૨૫/-
	”	(૮)	છકડાના ઠાઠાની સ્પ્રીંગ નંગ-૨	૨૦/-
	”	(૯)	છકડાનું સાયલન્સર બે ભાગનું જુનું એક	૧૦/-
	”	(૧૦)	જુના છકડાના ચેઈન નંગ-૨	૨૦/-
	”	(૧૧)	છકડાની કીકનું પગું	૧૦/-
૨૭	૪ ૨-૭-૨૦૦૩		લ્યુના ટી એફ આર મોપેડ જેના ચેસીસ નં. 98-B-0300423 93 તથા એન્જીન નંબર નથી તેની આગળની સીટ ટુટેલ છે વચ્ચેના ભાગે ચેસીસ તતા લોખંડનું કેરીયર ફીટ કરેલ છે.	૧૨૦૦/-
૨૮	૫ ૨-૭-૨૦૦૩		યામાહા મોટર સાયકલ નં. GJ-10-L-5088 ચેસીસ નં. L 98 D 1 N 3019437 એન્જીન નં. 1 L-3079487 લાલ કલરનું	૭૦૦૦/-
૨૯	૧ ૧૨-૧-૨૦૦૪	(૧)	સુટકેસ એક રેગ્જીનની ચેનવાળી રાજધાની ડીલકસ ગુજરાત બોટલીંગના માર્કાવાળી	૨૫/-
		(૨)	બારોટ હેમતલાલ લાલજીના જી. જી. હોસ્પીટલના સારવારના કાગળો	૦/-
	”	(૩)	વિકલાંગ ઓળખ કાર્ડ બારોટ હેમતલાલ લાલજીના રે. ખાખરા મોટી, ભુજપુર, તા મુન્દ્રા	૦/-
	”	(૪)	એક લીલા કલરની શાલ	૫/-
	”	(૫)	દવાની ગોળીઓ	૦/-

INDEX

અ. નં.	મુદ્દામાલની પાવતી નંબર તારીખ	વિગત	કિંમત
૩૦	૩ ૬-૪-૨૦૦૪	હીરો હોન્ડા નં. GJ-3-JJ-9210 એન્જીન નં. OIG 18 E 39813 ચેસીસ નંબર OIG 20F 39475	૨૫૦૦૦/-
૩૧	૪ ૨૧-૪-૨૦૦૪	બજાજ સુપર કબુતરી કલરનું નં. GAB-2333 એન્જીન નંબર-05E 0981778107 ચેસીસ નંબર જોવામાં આવતા નથી.	૩૦૦૦/-
૩૨	૭ ૨૭-૮-૨૦૦૪	હીરોહોન્ડા CD 100 નં.GJ-7-C-3574 એન્જીન નંબર-97-C-10E-08949 ચેસીસ નંબર 97 C 10F 02818	૧૦૦૦૦/-
૩૩	૧૦ ૧૦-૧૦-૨૦૦૪	યામાહા મોટર સાયકલ નંબર વગરનું એન્જીન નં. 1L 1365265 ચેસીસ નં. 1L 1365265	૮૦૦૦/-

જામનગર, ૧૯ માહે માર્ચ સને ૨૦૦૫.

જે. વી. ભટ્ટ,
મામલતદાર,
જામનગર (શહેર),
જામનગર.

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જાના/૨૭૦/૨૦૦૫/૯૦૫.-રાજકોટ શહેરમાં આવેલ રેસકોર્ષ ફરતેનો રીંગરોડ એ શહેરની વચ્ચો વચ્ચ મધ્યભાગે આવેલ ફોરટ્રેક રોડ છે. આ રોડ વહેલી સવારનાં હજારોની સંખ્યામાં રાજકોટ શહેરના તમામ વર્ગના નાગરીકો ચાલવા (મોર્નીંગ વોક) માટે સવારના લગભગ કલાક ૫-૩૦ થી કલાક ૭-૩૦ વાગ્યાના સમયે નીકળે છે. સામાન્ય રીતે જોવામાં આવે તો આવી રીતે સવારના મોર્નીંગ વોક માટે ચાલનારાઓની સંખ્યામાં ઉત્તરોતર વધારો થતો જાય છે જે સંજોગે આ પ્રકારે પગે ચાલનાર નાગરીકો સાથે વાહન ચાલકો દ્વારા અકસ્માત થવાની પુરેપુરી શક્યતાઓ રહેલી છે. વધુમાં જે નાગરીકો સવારના મોર્નીંગ વોક માટે નીકળે છે તે વર્ગ શારિરીક કસરત અને માનસીક શાંતિ મેળવવા માટે સવારના ભાગે ચાલવા નીકળતા હોય છે. જે સંજોગોમાં તે જ રોડ પર વાહન વ્યવહાર ટ્રાફીક ચાલુ હોય તો સ્વાભાવિક રીતે તેઓ નિશ્ચિત પણે સલામત રીતે ચાલી શકતા નથી. તેમજ આ રીંગ રોડ ઉપર વાહનોના ધુમાડા દ્વારા ફેલાતાં પ્રદુષણનો ભોગ બનતા હોય છે જેના કારણે આ નાગરીકો તરફથી આ બાબતે અકસ્માતની સંભાવનાઓ ઘટે તેમજ પ્રદુષણમાં પણ ઘટાડો થાય તે માટે યોગ્ય પગલા ભરવા અવાર-નવાર રજુઆત કરવામાં આવે છે.

(૨) રાજકોટ શહેરમાં રેસકોર્ષ ફરતે સવારના ભાગે પગે ચાલી મોર્નીંગ વોક માટે નીકળતા નાગરીકો સલામતિ અનુભવે અને પ્રદુષણનો ભોગ ન બને તે માટે રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ તમામ પ્રકારના વાહનો માટે એક માર્ગીય (વન-વે) જાહેર કરવાની આવશ્કતા જણાય છે.

(૩) આથી હું, કે. નિત્યાનંદમ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી અને સી થી મને મળેલ સતાની રૂઈએ નીચે જણાવેલ રસ્તાઓને તેમાં જણાવેલ વિગતે તમામ પ્રકારના વાહનો માટે તા. ૧૧-૩-૦૫થી તા. ૧૦-૪-૦૫ સુધી પ્રાયોગીક ધોરણે એક માર્ગીય (વન-વે) કરવા હુકમ કરૂં છું. આ હુકમ સવારના કલાક ૦૫-૩૦ થી કલાક ૦૭-૧૫ સુધી તમામ પ્રકારના વાહનો માટે લાગુ પડશે.

રેસકોર્ષ રીંગ રોડ :

રેસકોર્ષ રીંગ રોડને એક માર્ગીય (વન-વે) કરવામાં આવે છે. જે મુજબ રેસ કોર્ષ રીંગ રોડનો ફક્ત બહારના ભાગે આવેલ રોડ એક તરફી "કલોક વાઈઝ" જાહેર કરવામાં આવે છે એટલે કે જિલ્લા પંચાયત ચોકથી એ. જી. ઓફીસ, કીસાનપરા સર્કલ, મેયરશ્રીનો બંગલો, બીગ બાઈટ આઈસ્ક્રીમ, જુની એન. સી. સી. ઓફીસ, પોલીસ હેડ કર્વાટર સર્કલ, બહુમાળી ભવન, ગેલેકસી સિનેમાથી પોલીસ કમિશ્નર કચેરી થઈ જિલ્લા પંચાયત ચોકમાં થઈ તે રીતે તમામ પ્રકારના વાહનો માટે એક તરફી રસ્તો ચાલુ રહેશે.

આ ફોરટ્રેક રીંગ રોડનો અંદરનો જે રસ્તો છે તે રોડ ઉપર સવારના કલાક ૦૫-૩૦થી કલાક ૭-૧૫ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ રહે છે અને ફક્ત પગે ચાલી મોર્નીંગ વોક કરવા માટે નીકળેલ નાગરીકો માટે જ આ રસ્તો ચાલુ રહેશે.

(૪) અત્રેના જાહેરનામાં ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જાના/૧૫૮૩/૨૦૦૪ તા. ૧૦-૧૨-૦૪ અન્વયે એક માસ માટે પ્રાયોગિક ધોરણે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જે

અન્વયે જાહેરનામાને રાજકોટ શહેરના નારગીકો તરફથી સારો પ્રતિસાદ મળેલ હોય જેથી તે જાહેરનામું વધુ લંબાવવાની જરૂરીયાત જણાતા પ્રાયોગિક ધોરણે એક માસ માટે વધુ લંબાવેલ છે.

(૫) આ જાહેરનામું ફરજપરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રીગેડના વાહનોને આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહી.

(૬) આ હુકમના ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમો ૧૯૫૧ની કલમ-૧૩૧ અને આઈ. પી. સી. કલમ-૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે.

આજરોજના તારીખ -૩-૨૦૦૫ના રોજ મારી સહી સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૧૧ માહે માર્ચ સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

નંબર : એસબી/જાહેરનામું/૭૨૪/૨૦૦૫.-હાલમાં હોળી તથા ધુળેટીનો તહેવાર નજીકમાં આવતો હોય કેટલાક લોકો તથા જુવાનીયાઓ અને બાળકો જાહેર રસ્તાઓ ઉપર તથા શેરીઓ/ગલીઓમાં દોડા દોડી કરી જાહેરમાં ચાલતા ટાફીકને અડચણ રૂપ બને છે અને લોકોની તેમજ પોતાની સલમતી જોખમાય તેમજ કોમી લાગણી ઉશ્કેરાય તેવી રીતનો વર્તન વ્યવહાર કરે છે જે અટકાવવાનું ખુબ જ જરૂરી જણાય છે તેમજ રાજકોટ શહેરની વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતી અને સલામતી જાળવવા તથા કોમી એખલાસ જળવાઈ રહે તે માટે તકેદારીના પગલા લેવા જરૂરી જણાય છે. ઉપરાંત રાજકોટ શહેરમાં કોઈ પણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય અને લોકોના જાન માલની સલામતી તથા ટ્રાફીક નીયમન જળવાઈ રહે તે સારૂ કોઈ પણ ઈસમ અથવા ઈસમોએ જાહેર રસ્તા ઉપર કોરા રંગ (પાવડર) અથવા રંગ મિશ્રિત પાણી અથવા તેવા કોઈ પણ પ્રકારના પ્રવાહીઓ ફેંકવા પર અને તે માટેના સાધનો લઈ જાહેર રસ્તાઓ ઉપર દોડવા પર, પોતાના હાથમાં રાખવા પર, કે અન્ય કોમની લાગણી દુભાય તેવી રીતેનું વર્તન કરવા પર, કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય, કે અકસ્માત કે કોઈને કે પોતાને ઈજા કે હાની થાય તેવી કોઈ પણ પ્રવૃત્તિથી ટ્રાફીકને અડચણ કરી વાહન વ્યવહારના નીયમનમાં અડચણ કરવા ઉપર પ્રતિબંધ મુકવાની આવશ્યતા જણાય છે.

વાસ્તે હું, કે. નિત્યાનંદમ્ પોલીસ કમિશ્નર રાજકોટ શહેર ગુજરાત સરકારના ગૃહ વિભાગનાં તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગનાં તા. ૭-૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાઓ નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રી. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નર)ને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૨૫-૩-૨૦૦૫ના કલાક ૦૦:૦૦ થી તા. ૨૭-૩-૨૦૦૫ના કલાક ૨૪:૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) કોઈપણ ઈસમ અથવા ઈસમોએ જાહેર રસ્તા ઉપર કોરા રંગ (પાવડર) અથવા રંગ મિશ્રિત પાણી કે રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગા જેવી વસ્તુઓ અથવા તેવા કોઈ પણ પ્રકારના પ્રવાહીઓ રાહદારીઓ કે વાહન ચાલકો ઉપર કે વાહનો ઉપર ફેંકવા નહી અને તે માટેના સાધનો લઈ જાહેર રસ્તાઓ ઉપર દોડવું નહી, પોતાના હાથમાં રાખવા નહી કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય કે અકસ્માત સર્જાય કે કોઈને કે પોતાને ઈજા કે હાની થાય તેવી કોઈ પણ પ્રવૃત્તિથી ટ્રાફીકને અડચણ કરી વાહન વ્યવહારના નીયમનમાં અવરોધ કરવો નહી તેમજ અન્ય કોમની લાગણી દુભાય તેવી રીતનું વર્તન કરવું નહી.

વિસ્તાર

(૨) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમન-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું, આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવ જગ્યાઓએ તેની નકલો ચોટાડીને લાઉડ સ્પીકર વાહનો દ્વારા તેમજ સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરવી.

આજ તા. ૧૭ માહે માર્ચ-૨૦૦૫ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૭ માહે માર્ચ સને ૨૦૦૫.

કે. નિત્યાનંદમ્,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર,
રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/પેનિ./૨૯૦/ન-છ/૨૦૦૫.-આથી જાહેર કરે છે કે, શ્રી ગ્રામીણ ડાક સેવક કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., ભુજ, મર્યાદિત સ્થળ : ભુજ, તા. : ભુજ, જિ. : કચ્છ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભુજ, ૧૦ માહે માર્ચ, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/પેનિ./૨૯૧/૨૦૦૫.-આથી જાહેર કરે છે કે, જયભારત ગ્રાહક સહકારી ભંડાર લી., મર્યાદિત સ્થળ : ભુજ, તા. : ભુજ, જિ. : કચ્છ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભુજ, ૧૦ માહે માર્ચ, સને ૨૦૦૫.

વાય. એ. બ્લોચ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામાં ક્રમાક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ ૬-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. /ફડચ/ખ-૪/૭૪૪/સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૧૬૧૦૫/ખ-૪/૧૫૦૬/સને ૦૫.-આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી મોમાઈ ગોપાલક વિ. કાર્યકારી સહકારી મંડળી લી. મુ. ચોટલીવીડી, તા. માંગરોળ, જિ. જુનાગઢ, તા. ૧૫-૩-૦૦ના રોજ નોંધણી નંબર : ૨૬૪૦થી નોંધાયેલ છે તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો)ની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામાં ક્રમાક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ ૩-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. /ફડચ/ખ-૪/૧૩૨/સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૧૬૧૦૪/ખ-૪/૧૫૦૨/સને ૦૫.-આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી સીતાણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સીતાણા, તા. માણાવદર, જિ. જુનાગઢ, તા. ૨૬-૩-૯૦ના રોજ નોંધણી નંબર : ૨૩૭૮૨થી નોંધાયેલ છે તેને અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો)ની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામાં ક્રમાક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ ૫-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. /ફડચ/ખ-૪/૫૨૬/સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૧૬૧૦૩/ખ-૪/૧૪૯૩/સને ૦૫.- આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી સમઢીયાળા તેલી ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. સમઢીયાળા, તા. મેંદરડા, જિ. જુનાગઢ, તા. ૧૯-૧૦-૮૧ના રોજ નોંધણી નંબર : ૧૯૦૨૩થી નોંધાયેલ છે તેને અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો)ની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામાં ક્રમાક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ ૬-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. /ફડચ/ખ-૪/૭૫૬/સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૧૬૧૦૨/ખ-૪/૧૪૮૭/સને ૦૫.- આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી સત્યમ સામુ. ખેતી સહકારી મંડળી લી. મુ. શેરીયાજ, તા. માંગરોળ, જિ. જુનાગઢ, તા. ૧૧-૧-૮૮ના રોજ નોંધણી નંબર : ૨૧૧૭થી નોંધાયેલ છે તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું અને તેના ફડચા અધિકારી તરીકે જુનાગઢ જિલ્લા સહકારી બેંક લી. જુનાગઢની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક: ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ : ૬-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૬૭૭/સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૧૬૦૯૩/ખ-૪/૧૪૫૨/સને-૦૫.- આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી ઉંબરી ફળ શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ઉંબરી, તા. સુત્રાપાડા, જિ. જુનાગઢ, તા. ૩૧-૧૨-૯૯ના રોજ નોંધણી નંબર: ૧૧૬૨૮થી નોંધાયેલ છે તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું. અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીમાંની નિમણુંક કરૂ છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ–૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ : ૬-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૮૧૬/સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૧૬૦૯૫/ખ-૪/૧૪૪૫/સને-૦૫.- આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી ગીરવન સીદી આદીવાસી વન ઔષધિ વિ. અને ઉછેર સહકારી મંડળી લી. મુ. શીરવાણ, તા. તાલાલા, જિ. જુનાગઢ, તા. ૨૭-૫-૯૯ના રોજ નોંધણી નંબર: ૩૬૩૮થી નોંધાયેલ છે તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું. અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો) ની નિમણુંક કરૂ છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ–૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ : ૫-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૩૯૭/સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૧૬૧૦૭/ખ-૪/૧૫૧૩/સને-૦૫.- આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી ભાટ સીમરોલી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ભાટ સીમરોલી, તા. કેશોદ, જિ. જુનાગઢ, તા. ૩૦-૬-૯૧ના રોજ નોંધણી નંબર : ૨૫૨૮૦થી નોંધાયેલ છે તેને અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું. અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો) ની નિમણુંક કરૂ છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ–૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખ : ૬-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૭૨૮/સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૧૬૧૦૬/ખ-૪/૧૫૧૯/સને-૦૫.- આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી આશિષ મરઘા ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. વડોદર, તા. કેશોદ, જિ. જુનાગઢ, તા. ૨૫-૫-૮૩ના રોજ નોંધણી નંબરઃ ૫૨૯૭થી નોંધાયેલ છે તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું. અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો)ની નિમણુંક કરૂ છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તા. ૧૯-૬-૨૦૦૦નો ફડચાનો અંતિમ આદેશ નં. ઉખસ/ફડચ/૧૨૨૬૬/ખ-૪/૨૯૬/૨૦૦૦.

(૪) ફડચા અધિકારીશ્રી બરવાળા તેલી. ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. બરવાળા, તા. ભેસાણની નોંધણી રદની તા. ૧૦-૩-૦૫ના રોજની દરખાસ્ત.

આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૧૫૬૨/૨૦૦૫.-આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી બરવાળા તેલી. ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. બરવાળા, તાલુકો-ભેસાણ, જિલ્લો જુનાગઢ કે જેનો નોંધણી નંબરઃ ૨૨૧૭૧ છે, અને તારીખ : ૨૫-૧૧-૯૧ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ (૧) હેઠળ રદ કરૂ છું.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તા. ૩-૧-૦૩નો ફડચાનો અંતિમ આદેશ નં. ઉખસ/ફડચ/૧૪૧૧૯/ખ-૪/૩૨/૦૩.

(૪) ફડચા અધિકારીશ્રી પરબવાવડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પરબવાવડી, તા. ભેસાણની નોંધણી રદની તા. ૧૦-૩-૦૫ના રોજની દરખાસ્ત.

આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૧૫૬૬/૨૦૦૫.-આથી હું, વી. એમ. મહેતા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી પરબવાવડી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. પરબવાવડી, તાલુકો-ભેસાણ, જિલ્લો જુનાગઢ કે જેનો નોંધણી નંબર : ૨૩૭૭૨ છે, અને તારીખ : ૨૧-૧-૯૦ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦(૧) હેઠળ રદ કરૂ છું.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તા. ૧૯-૬-૨૦૦૦નો ફડચાનો અંતિમ આદેશ નં. ઉખસ/ફડચ/૧૨૧૫૦/ખ-૪/૧૯૮/૨૦૦૦.

(૪) ફડચા અધિકારીશ્રી ભુતડી તેલી. ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ભુતડી, તા. વિસાવદરની નોંધણી રદની તા. ૧૦-૩-૦૫ના રોજની દરખાસ્ત.

આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૧૫૫૮/૨૦૦૫.-આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી ભુતડી તેલી. ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ભુતડી, તાલુકો-વિસાવદર, જિલ્લો જુનાગઢ કે જેનો નોંધણી નંબર : ૧૯૯૯૦ છે અને તારીખ : ૨૩-૧-૯૨ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ (૧) હેઠળ રદ કરૂ છું.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તા. ૧૧-૭-૦૧નો ફડચાનો અંતિમ આદેશ નં. ઉખસ/ફડચ/૧૨૪૦૭/ખ-૪/૭૮૪૪/૦૧.

(૪) ફડચા અધિકારીશ્રી બરવાળા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. બરવાળા, તા. મેંદરડાની નોંધણી રદની તા. ૧૦-૩-૦૫ના રોજની દરખાસ્ત.

આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૧૫૫૦/૨૦૦૫.-આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી બરવાળા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. બરવાળા, તાલુકો-મેંદરડા, જિલ્લો જુનાગઢ કે જેનો નોંધણી નંબર : ૧૩૩૭૭ છે અને સને : ૭૫/૭૬થી નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ (૧) હેઠળ રદ કરૂ છું.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૨-૭-૧૯૯૯નો ફડચાનો અંતિમ આદેશ નં. ઉખસ/ફડચ/૧૧૭૬૯/ખ-૪/૧૭૪/૯૯.

(૪) ફડચા અધિકારીશ્રી ઈશ્વરીયા માંડાવડ તેલી. ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ઈશ્વરીયા માંડાવડ, તા. વિસાવદરની નોંધણી રદની તા. ૧૦-૩-૦૫ના રોજની દરખાસ્ત.

આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૧૫૪૬/૨૦૦૫.-આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી ઈશ્વરીયા માંડાવડ તેલી. ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ઈશ્વરીયા માંડાવડ, તાલુકો-વિસાવદર, જિલ્લો જુનાગઢ કે જેનો નોંધણી નંબર : ૨૨૧૫૮ છે અને તારીખ: ૨-૩-૯૧ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ (૧) હેઠળ રદ કરૂ છું.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ–૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૩-૭-૦૨નો ફડચાનો અંતિમ આદેશ નં. ઉખસ/ફડચ/૧૨૫૨૯/ખ-૪/૧૬૦૧/૦૨.

(૪) ફડચા અધિકારીશ્રી સુડાવડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સુડાવડ, તા. વિસાવદરની નોંધણી રદની તા. ૧૦-૩-૦૫ના રોજની દરખાસ્ત.

આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૧૫૪૨/૨૦૦૫.-આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી સુડાવડ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. સુડાવડ, તાલુકો-વિસાવદર, જિલ્લો જુનાગઢ કે જેનો નોંધણી નંબર : ૨૫૨૯૪ છે અને તારીખ: ૨૫-૨-૯૨ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતા મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦(૧) હેઠળ રદ કરૂ છું.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ ,વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તા. ૭-૬-૯૯નો ફડચાનો અંતિમ આદેશ નં. ઉખસ/ફડચ/૧૧૪૫૦૭/ખ-૪/૧૩૦/૯૯.

(૪) ફડચા અધિકારીશ્રી રાવણી મુંડીયા તેલી. ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. રાવણી મુંડીયા, તા. વિસાવદરની નોંધણી રદની તા. ૧૦-૩-૦૫ના રોજની દરખાસ્ત.

આદેશ

જા. નં. ઉખસ/ફડચ/ખ-૪/૧૫૫૪/૨૦૦૫.-આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી રાવણી મુંડીયા તેલી. ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. રાવણી મુંડીયા, તાલુકો-વિસાવદર, જિલ્લો જુનાગઢ કે જેનો નોંધણી નંબર : ૨૨૧૮૩ છે અને તારીખ : ૨૩-૧-૯૨ના રોજ નોંધાયેલ છે તેની ફડચાની કામગીરી પુર્ણ થતા મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ (૧) હેઠળ રદ કરૂ છું.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ખ-૩/ઉ. ૧૨૮૪૭/૩૨૭/સને ૦૫.-આથી જાહેર કરે છે કે, શ્રી પુરૂષાર્થ મજુર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મહોબતપુર, તાલુકો : વંથલી, જિલ્લો : જુનાગઢ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૫ માહે માર્ચ, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ખ-૩/ઉ. ૧૨૮૪૬/૩૧૩/સને ૦૫ આથી જાહેર કરે છે કે, શ્રી મંગલેશ્વર બાંધકામ મજૂર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : આંબળાશ, તાલુકો : તાલાળા, જિલ્લો : જુનાગઢ. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ ૧૧ માહે માર્ચ, સને ૨૦૦૫.

વિ. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજ્યનાં સને ૧૯૬૧નાં સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર વિભાગ સચિવાલય-ગાંધીનગરના તા. ૩૦-૩-૧૯૯૧નો જાહેરનામાં ક્રમાંક : ઘખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જ.

(૩) સબ. ઓડીટર સં. મં. પોરબંદરનો ખાસ અહેવાલ પેટા ક્રમાંક : અષણ/૨૫૬/૨૦૦૪. તા. ૧-૧-૦૫.

(૪) આ કચેરીની કારણદર્શક નોટીસ પત્રક્રમાંક : સકક/ફડચ/ચ-૧૮/૨૦૦૫. તા. ૧૩-૧-૨૦૦૫.

વચગાળાનો આદેશ

ક્રમાંક : ઉખસ/ફડચ/ચ-૬૩-૪૧૦/૨૦૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર, મને સહકારી મંડળીઓના કાયદાની મળેલ અધિકારની રૂએ શ્રી કુણવદર તેલી. ઉત્પા. સહકારી મંડળી લી., મુ. : કુણવદર, તા. : પોરબંદર, જિ. : પોરબંદર કે જે નોંધણી નં. : ૨૨૧૪૬,

તા. ૨૮-૯-૯૦થી નોંધાયેલ છે તેને ગુજરાત રાજ્યમાં સને ૧૯૬૧ સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (સી) (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા તથા તે જ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી વી. એમ. પરમાર, લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :

આ આદેશ સામે મંડળીને વાંધા કે રજુઆત કરવાની હોય તો આ આદેશની તારીખથી દિવસ ૧૫ની અંદર અમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખિતમાં રજુઆત કરવાની રહેશે. મુદત દરમ્યાન કાંઈ રજુઆત થશે નહી તો મંડળીને ફડચામાં લઈ જવાનોઅંતિમ આદેશ કરવામાં આવશે, જેની નોંધ લેશો.

પોરબંદર, ૭ માહે માર્ચ, સને ૨૦૦૫.

એમ. કે. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ જાહેરનામાથી મળેલ સત્તાઓ.

(૨) ફડચા અધિકારીશ્રી ભાટીકડા દુધ ઉત્પાદક સ. મં. લી., અને શ્રી સહકારી અમી નં. ૪ ભાવનગર તા. ૧૪-૨-૦૫નો અહેવાલ.

આદેશ

ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૧૭૭/૨૦૦૫.-શ્રી ભાટીકડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. : ભાટીકડા, તા. : મહુવા, જિ. : ભાવનગર જે સહકારી કાયદા અન્વયે નોંધણી નં. : ૨૮૬૮૩ તા. ૩૧-૩-૯૬થી નોંધાયેલ છે જેને આ કચેરીના હુકમ ક્રમાંક સરખા તા. ૨૮-૭-૨૦૦૦થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે. અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીનાં તા. ૭-૨-૦૫ના સરખા ક્રમાંક્ના આદેશથી પૂર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ છે.

સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે હું, યુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર સદરહું મંડળીની નોંધણી રદ કરૂં છું.

મંડળી ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫માં આ કચેરીની ફડચા શાખામાં સોંપી દેવું.

ભાવનગર, ૨૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

૨. સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના, જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪.

૩. અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૧૪૩૨/૦૪ તા. ૨૨-૧૧-૦૪થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

૪. મંડળી તરફથી તા. ૨૫-૧-૦૫ તથા ૧૭-૨-૦૫ના રોજ કરવામાં આવેલ લેખીત રજુઆત.

હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ-૧૬૩૫૩/ખ-૪/૨૩૨/૦૫.-હું યુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ભાવનગર ઉક્ત વંચાણે લીધા ક્રમ (૧)ની જોગવાઈ તથા ક્રમ (૨)ના જોહેરનામાથી મળેલ સત્તાની રુઈએ શ્રી પીપળ સેવા સહકારી મંડળીઓ લી., મુ. : પીપળ, તા. : ગઢડા, જિલ્લો : ભાવનગર કે જેનો નોંધણી નં. ૨૩૮૯૧, તા. ૪-૨-૯૩ છે તેનો વંચાણે લીધા ક્રમ ૩ના હુકમથી કરવામાં આવેલ વચગાળાના આદેશને બહાલી આપુ છું. અને તેને કાયમી કરુ છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં. (૩)ની નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૧૦ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

૨. સરકારશ્રીના કૃષિ અને સહકારી વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૧૬/૨૦૦૩/એમ.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ. તા. ૧૭-૪-૦૪.

૩. અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૭૮/૦૦ તા. ૭-૨-૦૫ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

૪. મંડળી તરફથી તા. ૧૫-૨-૦૫ ના રોજ કરવામાં આવેલ લેખીત રજુઆત.

હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/૧૬૩૫૧/ખ-૪/૨૧૨/૦૫.-હું, યુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,

ભાવનગર ઉક્ત વંચાણે લીધા ક્રમ (૧) ની જોગવાઈ તથા ક્રમ (૨) ના જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી ઘોઘા કુડા પીયત સ. મં. લી., મુ. તા. ઘોઘા, જિ. ભાવનગર કે જેનો નોંધણી નં. ૯૩૯, તા. ૨૩-૨-૯૨ છે. તેનો વંચાણે લીધા ક્રમ (૩) ના હુકમથી કરવામાં આવેલ વચગાળાના આદેશને બહાલી આપું છું અને તેને કાયમી કરૂં છું અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં. ૩ની નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૭ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

૨. સરકારશ્રીના કૃષિ અને સહકારી વિભાગના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ. તા. ૧૭-૪-૦૪.

૩. કચેરીના ઓડીટ ઘ.૧ શાખાની તા. ૨૦-૨-૦૫ નોંધ.

હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/૧૬૩૫૨/ખ-૪/૨૧૧/૦૫.- હું, યુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગરે શ્રી તગડી સેવા સહકારી મંડળી લી., મુ. તગડી, તા. ઘોઘા, જિ. ભાવનગર કે જેનો નોંધણી નં. સે.૬૮૧૧, તા. ૧૪-૬-૬૫ છે. તેને ઉક્ત વંચાણે લીધા ક્રમ (૧) ની જોગવાઈ તથા ક્રમ (૨)ના જાહેરનામાથી મળેલ સત્તાની રૂઈએ ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી ભાવનગર જિલ્લા સહકારી બેંક લી.ની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) ની જોગવાઈ મુજબ મંડળીને આટોપી લેવાની કાર્યવાહી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તથા દર ત્રણ માસે પ્રગતિ અહેવાલ કરવાનો રહેશે.

ભાવનગર, ૭ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈ.

૨. સરકારશ્રીના કૃષિ અને સહકારી વિભાગના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ. તા. ૧૭-૪-૦૪.

૩. કચેરીના ઓડીટ ઘ.૧ શાખાની તા. ૧-૩-૦૫ની નોંધ.

હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/૧૬૩૪૭/ખ-૪/૨૧૬/૦૫.- હું, યુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર શ્રી રાજપરા (ચોક) સેવા સહકારી મંડળી લી., મુ. રાજપરા (ચોક), તા. પાલીતાણા, જિ. ભાવનગર કે જેનો નોંધણી નં. સે.૬૭૫૪, તા. ૩૦-૧૨-૬૩ છે. તેને ઉક્ત વંચાણે લીધા ક્રમ (૧) ની જોગવાઈ તથા ક્રમ (૨)ના જાહેરનામાથી મળેલ સત્તાની રૂઈએ ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી ભાવનગર જિલ્લા સહકારી બેંક લી.ની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ (૧) ની જોગવાઈ મુજબ મંડળીને આટોપી લેવાની કાર્યવાહી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે. તથા દર ત્રણ માસે પ્રગતિ અહેવાલ કરવાનો રહેશે.

ભાવનગર, ૭ માહે માર્ચ, સને ૨૦૦૫.

યુ. એમ. વાસણાવાળા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 14th APRIL, 2005/CAITRA 24, 1927 [No. 15

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	279-298	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	126-145
		PART - II	
		Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	327-346
PART - I - A		**PART - III**	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧)સી અન્વયે

આખરી જાહેરનામું

નં. : નાચિ/પલસ/૨/વશી/૨૭૭૨ થી ૨૮૨૨/૨૦૦૫.-મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૧) સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માના કલમ-૩૩ની પેટા કલમ-(૧)સી મુજબ અત્રેના જાહેરનામા ક્રમાંક : નાચિ/પલસ/૨/વશી/૧૪૯૪ થી ૧૫૪૪/૨૦૦૫ તારીખ ૯-૨-૨૦૦૫ થી પ્રાથમિક જાહેરનામાનો ખરડો ઉક્ત કલમ-૩૩ની પેટા કલમ-૬ મુજબ તેનાથી અસર પહોંચાડવાનો સંભવ હોય, તે માટે તમામ જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થવાની તારીખથી આજ સુધીમાં ઉક્ત પ્રાથમિક જાહેરનામાના ખરડા સંબંધમાં કોઈ પણ વ્યક્તિના વાંધા કે સુચનો અત્રે મળેલ નથી. ઉક્તજાહેરનામાનો ખરડો આખરી બહાર પાડવાનું મને ઈષ્ટ જણાય છે.

સબબ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૧) સને-૧૯૫૧નાં મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧)ની કલમ-સી થી મળેલ અધિકારની રૂઈએ હું, પી. કે. ગઢવી (આઈએએસ) જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલી, અમરેલી, જિલ્લામાં આવેલા એસ. ટી. સ્ટેન્ડની આજુબાજુનાં (પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણેના) વિસ્તારોમાં વાહનોના નિયમન માટે નીચે પ્રમાણે હુકમ કરૂં છું.

પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણે એસ. ટી. સ્ટેન્ડ (બસ સ્ટેશનોની આજુબાજુના વિસ્તારમાં ખાનગી બસો, જીપો, મેટાડોર) ખાનગી ટેકસીઓ ખાનગી વાહનો વિગેરે ઉભા રાખી શકશે નહીં. અને તે વિસ્તારને પ્રતિબંધ ''નો પાર્કિંગ ઝોન'' જાહેર કરવામાં આવે છે.

નીચે જણાવેલ વાહનોને ''નો પાર્કિંગ'' પ્રતિબંધ લાગુ પડશે નહિ.

(૧) સરકારી વાહનો તેમજ જનતાની સુખાકારી અને સુવિધા માટે સરકારી એજન્સીઓ મારફત ચલાવવામાં આવતા વાહનો.

(૨) ઉપરોક્ત જણાવેલ એસ. ટી. સ્ટેન્ડ (બસ સ્ટેન્ડ)ની આજુબાજુ જે ટેક્સીઓ તથા રીક્ષા માટે કાયદેસર સ્ટેન્ડ મંજુર કરવામાં આવેલ હશે તેવા કાયદેસર સ્ટેન્ડ ઉપર ઉભી રહેતી ટેક્સી અને રીક્ષાઓને લાગુ પડશે નહી.

આજ, તારીખ ૧૭મી માર્ચ ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પરિશિષ્ટ

ક્રમ	ડેપો		નો પાર્કિંગ માટેનું સ્થળ	બસ સ્ટેન્ડથી અંદાજીત અંતર	રિમાર્કસ
૧	૨		૩	૪	૫
૧	સાવરકુંડલા	(૧)	નવા બસ સ્ટેશનથી મહુવા રોડ તરફ દક્ષિણે ૧૦૦ મીટર કલ્યાણેશ્વર મહાદેવના મંદિર સુધી તથા શહેર તરફ ઉત્તરે સરસ્વતી ટીમ્બર માર્ટની દુકાન સુધી તેમજ એસ. ટી. ડેપોના ૧૦૦ મીટરની ત્રિજ્યા સુધીનો વિસ્તાર.	૧૦૦ મીટર	—
		(૨)	જુના બસ સ્ટેશન થી પૂર્વે તરફ સરકારી દવાખાનાના પૂર્વ ખુણા સુધી તથા જુના એસ. ડી. ડેપોથી પશ્ચિમે નાવલી પોલીસ ચોકી તરફ ઉજાલા ઈલેક્ટ્રીકલ્સ સુધી તેમજ જુના ડેપોના ૧૦૦ મીટરના ત્રિજ્યા સુધીનો વિસ્તાર.		
૨	ખાંભા	(૧)	ખાંભા ખાતે બંધાયેલ નવા બસ સ્ટેશનનો કન્ટ્રોલ પોઈન્ટ તરીકે ઉપયોગ થાય છે. તે વિસ્તારના ૧૦૦ મીટરના ત્રિજ્યા સુધીનો વિસ્તાર.	૧૦૦ મીટર	—
		(૨)	ખાંભા ગામમાં જુના બસ સ્ટેન્ડની ચારેય બાજુના ૧૦૦ મીટરના ત્રિજ્યાનો વિસ્તાર.		

અમરેલી, ૧૭ માહે માર્ચ સને ૨૦૦૫.

પી. કે. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમરેલી.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણ-૧ : જિલ્લા મેજિસ્ટ્રેટ કચ્છ ભુજના જાહેરનામા ક્રમાંક મેજિ./ભુજ/શહેર/રીક્ષા સ્ટેન્ડ/૮૮ તા. ૧૮-૮-૮૮.

વંચાણ-૨ : પોલીસ અધિક્ષકશ્રી કચ્છ-ભુજના પત્ર નં. : એલસીબી/ભુજ/ટેકસી ટેકસી સ્ટેન્ડ/ફેરબદલ/નવી દરખાસ્ત/૨૫૧/૦૫/તા. ૪-૩-૨૦૦૫.

જાહેરનામું

ક્રમાંક : મેજિ./કારપાર્કિંગ સ્ટેન્ડ/ ફેરબદલ/ભુજ શહેર ટ્રાફીક/ નિયંત્રણ/૨૦૦૫, તા. ૧૯-૩-૦૫.-મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ અન્વયે ઉપરોક્ત વંચાણ-૧માં જણાવેલ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ જેમાં કાર પાર્કિંગ સ્ટેન્ડ નક્કી કરવામાં આવેલ જે પૈકી ક્રમ નં.-૧-૫૨ ભાડુતી કાર પાર્કિંગ માટે જુનુ ૨૫ (પચ્ચીસ) ટેક્ષીનું પાર્કિંગ સ્ટેન્ડ એસ. ટી. સ્ટેશનની સામે મીડલ સ્કુલની દિવાલને અડીને આવેલ છે ત્યાં મીડલ સ્કુલના એસ. ટી. સ્ટેન્ડ તરફના પ્રવેશદ્વારના દરવાજાથી લગતાં ૨૫ (પચ્ચીસ) ટેક્ષી માટેનું સ્ટેન્ડ નક્કી કરવામાં આવેલ.

વંચાણ-૨ના પત્ર મુજબ ઉકત કાર પાર્કિંગ સ્ટેન્ડ ટ્રાફીક નિયમન માટે અન્યત્ર ખસેડવા માટે તેમજ નવું સ્ટેન્ડ નક્કી કરવા માટે તા. ૧૪-૨-૦૫ના રોજ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ તેમજ ટેક્ષી યુનિયનના પ્રમુખ, ઉપપ્રમુખશ્રી તેમજ હોદ્દેદારો અગ્રેસરો સાથે ભાડાની કચેરીમાં સંયુક્ત મીટીંગ યોજાયેલ હતી જેમાં ઉક્ત કાર પાર્કિંગ સ્ટેન્ડ (૨૫) ત્યાંથી ખસેડી કાર પાર્કિંગ સ્ટેન્ડ માટે નવી જગ્યા ભુજ મધ્યે વાણિયાવાડ ટ્રાફીક પોલીસ ચોકી પાછળ જ્યાં શાકભાજીની લારીઓ લાઈનસર ઉભી રહે છે અને તે લારીઓ સામે લોકો વાહનો પાર્ક કરે છે. જેથી ટ્રાફીકને અડચણરૂપ થાય છે. જે લારીઓ અન્યત્ર ખસેડી તે જગ્યાએ ૨૫ (પચ્ચીસ) કાર પાર્કિંગ માટે નક્કી કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

હું, પ્રદિપ શર્મા, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ વંચાણ-૧માં દર્શાવેલ જાહેરનામામાં કાર પાર્કિંગ સ્ટેન્ડમાં ક્રમ-૧માં નીચે મુજબનો ફેરફાર કરી અમલ કરવા હુકમ કરૂં છું.

ભાડુતી કારપાર્કિંગ માટે જુનું ૨૫ (પચ્ચીસ) ટેક્ષીનું પાર્કિંગ સ્ટેન્ડ, એસ. ટી. બસ સ્ટેશનની સામે મીડલ સ્કુલની દિવાલને અડીને આવેલ છે, ત્યાં મીડલ સ્કુલના એસ. ટી. સ્ટેન્ડ તરફના પ્રવેશ દ્વારના દરવાજાથી લગતાં ૨૫ (પચ્ચીસ) ટેક્ષી માટેનું પાર્કિંગ સ્ટેન્ડ રદ કરવામાં આવે છે. તેની જગ્યાએ નીચે મુજબ ક્રમ (૧) માં દર્શાવેલ સ્થળે કારપાર્કિંગ સ્ટેન્ડ નક્કી કરવામાં આવે છે.

કારપાર્કિંગ :

ક્રમ (૧) ભુજ શહેર મધ્યે વાણિયાવાડ ટ્રાફીક પોલીસ ચોકી પાછળ ૨૫ (પચ્ચીસ) ટેક્ષી માટે પાર્કિંગ સ્ટેન્ડ નક્કી કરવામાં આવે છે.

વંચાણમાં દર્શાવેલ જાહેરનામાંની અન્ય વિગતો યથાવત રહેશે.

આજરોજ, તારીખ ૧૯-૩-૨૦૦૫નાં રોજ મારી સહી, સિક્કાથી બહાર પાડવામાં આવ્યું.

કચ્છ-ભુજ, ૧૯ માહે માર્ચ સને ૨૦૦૫.

પ્રદીપ શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

જિલ્લા કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ૧૯૬૬

નાં. જીકે./કયુએલ/૩૯૮૨.-શ્રી લક્ષ્મીક્રશ મેટલ ઈન્ડસ્ટ્રીઝ પ્રો: ભીમજી રવજી હીરાણી ને બ્લેકટ્રેપ ખનિજ માટે દશ વર્ષ સુધી ઉત્ખનન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીના હુકમ નંબર : જીકે/ કયુએલ/૩૯૮૨/૮૦૫૩ થી ૮૦૫૭ તા. ૨૭/૧૨/૧૯૯૦ થી મંજુર કરવામાં આવેલ. અને રીન્યુઅલ હુકમ નં. જીકે/કયુએલ-૩૯૮૨/૭૨૮૫ થી ૭૨૯૧, તા. ૧૭/૯/૨૦૦૪.

તાલુકો ભુજ ગામ ભારાપર અને વડઝર સ. નાં. ૩૩૯ અને ૧૫૩ પૈકી વિસ્તાર ૩-૦૦ હેકટર.

સદરહુ ઉત્ખનન પટ્ટો તારીખ ૧૮-૩-૧૯૯૧ અને રીન્યુઅલ કરારખત તા. ૬-૧૨-૨૦૦૪ના રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૧) સદરહુ લીઝની મુદત પુરી થતા અને ઉત્ખનન પટ્ટો તાજો કરવા માટેની પટ્ટેદારે અરજી કરેલ ન હોતાં.

(૨) સદરહુ લીઝ પટ્ટો મંજુરી હુકમ થી ૯૦ દિવસમાં કાર્યાન્વિત કરાવેલ ન હોતાં.

(૩) સદરહુ લીઝનાં સરકારી લેણા ભરપાઈ કરવામાં પટ્ટેદાર નિષ્ફળ જતાં.

(૪) પટ્ટેદાર તરફથી સરન્ડર કરવામાં આવતાં.

વડઝર - ૧૫૩ - ૦-૬૩-૨૪ હેકટર

ભારાપર - ૩૩૯ - ૧-૩૬-૭૬ હેકટર

કુલ્લ - ૨-૦૦-૦૦ હેકટર

INDEX

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬ નાં નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજુર/કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ : ૧૬-૪-૨૦૦૫ થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ગુજરાત રાજયપાલશ્રીનાં હુકમથી અને તેમનાં નામે,

કચ્છ-ભુજ, ૧૭ માહે માર્ચ, સને ૨૦૦૫.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ૧૯૬૬,

નાં. જીકે./કયુએલ/૫૪૪૫.-શ્રી ઘનશ્યામ ઓધવજી કંસારાને ભુજ ખનિજ માટે પાંચ વર્ષ સુધી ઉત્ખનન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીના હુકમ નંબર : જીકે/કયુએલ/ ૫૪૪૫/૧૪૯૬૪ થી ૧૪૯૬૯ તા. ૬-૧૨-૧૯૯૫થી મંજૂર કરવામાં આવેલ.

તાલુકો : માંડવી ગામ : હમલા, સ. નાં. ૧૮૩ પૈકી વિસ્તાર ૦૦-૮૦-૦૦ હેકટર.

સદરહુ ઉત્ખનન પટ્ટો તારીખ : ૧૪-૩-૧૯૯૬ના રોજ કાર્યાન્વિત કરી, આપવામાં આવેલ.

(૧) સદરહુ લીઝની મુદત પુરી થતાં અને ઉત્ખનન પટ્ટો તાજો કરવા માટેની પટ્ટેદારે અરજી કરેલ ન હોતાં.

(૨) સદરહુ લીઝ પટ્ટો મંજુરી હુકમથી ૯૦ દિવસમાં કાર્યાન્વિત કરાવેલ ન હોતાં.

(૩) સદરહુ લીઝના સરકારી લેણા ભરપાઈ કરવામાં પટ્ટેદાર નિષ્ફળ જતાં.

(૪) પટ્ટેદાર તરફથી સરન્ડર કરવામાં આવતાં.

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા : ૧૯૬૬નાં નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજુર/કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ : ૧૬-૪-૨૦૦૫થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

કચ્છ-ભુજ, ૧૭ માહે માર્ચ, સને ૨૦૦૫.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ૧૯૬૬,

નાં. જીકે./કયુએલ/૬૧૧૧.-શ્રી મે. ગાયત્રી માઈન્સ C/o. અમૃતલાલ દામજી સેંધાણી ને બેન્ટોનાઈટ ખનીજ માટે પાંચ વર્ષ સુધી ઉત્ખનન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીના હુકમ નંબર : જીકે/કયુએલ/૬૧૧૧/૪૫૭૨ થી ૪૫૭૭ તા. ૧૧-૬-૧૯૯૬થી મંજૂર કરવામાં આવેલ.

તાલુકો : માંડવી, ગામ : વાંઢ, સ. નાં. ૪૧૮ પૈકી વિસ્તાર ૧-૦૦ હેકટર.

સદરહુ ઉત્ખનન પટ્ટો તારીખ : ૧૫-૧-૧૯૯૭ના રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૧) સદરહુ લીઝની મુદત પુરી થતા અને ઉત્ખનન પટ્ટો તાજો કરવા માટેની પટ્ટેદારે અરજી કરેલ ન હોતાં.

(૨) સદરહુ લીઝ પટ્ટો મંજુરી હુકમથી ૯૦ દિવસમાં કાર્યાન્વિત કરાવેલ ન હોતાં.

(૩) સદરહુ લીઝના સરકારી લેણા ભરપાઈ કરવામાં પટ્ટેદાર નિષ્ફળ જતાં.

(૪) પટ્ટેદાર તરફથી સરન્ડર કરવામાં આવતાં.

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા : ૧૯૬૬ નાં નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજુર/કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ : ૧૬-૪-૨૦૦૫થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

કચ્છ-ભુજ, ૧૭ માહે માર્ચ, સને ૨૦૦૫.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ૧૯૬૬,

નાં. જીકે./કયુએલ/૫૫૭૪.-શ્રી ઘનશ્યામ ઓધવજી બારમેડાને ભુજ ખનિજ માટે પાંચ વર્ષ સુધી ઉત્ખનન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીના હુકમ નંબર : જીકે/કયુએલ/ ૫૫૭૪/૫૯૧૮ થી ૫૯૨૨ તા. ૨૩-૭-૧૯૯૬થી મંજૂર કરવામાં આવેલ.

તાલુકો : હમલા ગામ : માંડવી, સ. નાં. ૧૮૩ પૈકી વિસ્તાર ૦૦-૫૫-૮૧ હેકટર.

સદરહુ ઉત્ખનન પટ્ટો તારીખ : ૧૬-૦૯-૧૯૬૬ના રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૧) સદરહુ લીઝની મુદત પુરી થતા અને ઉત્ખનન પટ્ટો સમાપ્ત જાહેર કરેલ હોતાં.

(૨) સદરહુ લીઝ પટ્ટો મંજુરી હુકમથી ૯૦ દિવસમાં કાર્યાન્વિત કરાવેલ ન હોતાં.

(૩) સદરહુ લીઝના સરકારી લેણા ભરપાઈ કરવામાં પટ્ટેદાર નિષ્ફળ જતાં.

(૪) પટ્ટેદાર તરફથી સરન્ડર કરવામાં આવતાં.

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા : ૧૯૬૬નાં નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજુર/કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ : ૧૬-૪-૨૦૦૫થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(સહી) અવાચ્ય,
કલેક્ટર,
કચ્છ-ભુજ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા ૩ અન્વયે

જાહેરનામું

ન. નાચિ/પલસ/૩/વશી/૨૬૯૯ થી ૨૭૫૦/૨૦૦૫.-
(૧) આગામી દિવસોમાં "હોળી ધુળેટી તથા તાજેતરમાં બોર્ડની પરીક્ષાઓ ચાલતી હોય, જિલ્લામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું એસ. એમ. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા :- ૧૮-૦૩-૨૦૦૫ થી તા :-૩૧-૦૩-૨૦૦૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં અને બુમો પાડવી નહીં તથા સુત્રોચ્ચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધસરકારી કર્મચારી તથા અધિકારીઓને.

(બ) શારિરીક અશક્તિના કારણે લાકડી તથા લાઠી લઈને ફરવું જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ, તારીખ :- ૧૮-૦૩-૨૦૦૫થી તારીખ :- ૩૧-૦૩-૨૦૦૫ **(બંને દિવસો સહિત)** અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સબંધિત તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજુરી/ પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવું છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ)માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

(૯) આજ તારીખ :- ૧૭મી માહે :- માર્ચ-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડ્યો.

અમરેલી ૧૭, માહે માર્ચ, સને ૨૦૦૫.

એસ. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો

હુકમ

નં/ડીએમ/૧/વશી/૧૧૪૭/૨૦૦૫.-આ કચેરીના હુકમ ક્રમાંક ડીએમ-૧-૯૮૯-૨૦૦૫ તા. ૧૦-૩-૨૦૦૫થી ભાવનગર શહેર તથા જિલ્લામાં ઝેરોક્ષની ગેરરીતીઓ અટકાવવાના હેતુથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ તા. ૧૪-૩-૨૦૦૫થી તારીખ ૨૯-૩-૨૦૦૫ સુધી દરરોજ સવારનાં ૧૦-૩૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી ઝેરોક્ષ બંધ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભાવનગરના તા. ૨૧-૩-૨૦૦૫ના પત્રથી થઈ આવેલ દરખાસ્ત અન્વયે ઉક્ત આ કચેરીના તા. ૧૦-૩-૦૫ના હુકમમાં પરીક્ષાના કાર્યક્રમને ધ્યાને લેતા ભાવનગર જિલ્લામાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ નીચે પ્રમાણે તારીખ અને સમયે ઉક્ત જાહેરનામાની જોગવાઈઓમાં અંશતઃ ફેરફાર કરી છુટછાટ આપવામાં આવે છે.

૧ : તા. ૨૫,૨૬, ૨૭-૩-૨૦૦૫ના રોજ જાહેર રજાઓ હોઈ ભાવનગર શહેર તથા જિલ્લામાં ઝેરોક્ષ મશીન સાથે સંકળાયેલ ઝેરોક્ષના વેપારીઓ પોતાના ધંધા/વેપાર શરૂ રાખી શકશે.

૨ : તા. ૨૧-૩-૦૫ થી ૨૯-૩-૦૫ સુધી જેસર, ગારીયાધાર, ઢસા, સથરા, પાલીતાણા, વાળુકડ, વલ્લભીપુર, ઉમરાળા, સોનગઢ ખાતે બપોર બાદ પરીક્ષાઓ જે તે કેન્દ્રો ઉપર ન હોય ઝેરોક્ષ સાથે સંકળાયેલ દુકાનદારો પોતાના ઝેરોક્ષ મશીન સવારે ૧૦-૩૦ ક. થી ૧૩-૩૦ ક. સુધીના સમય સિવાય શરૂ રાખી શકશે.

ઉપરોક્ત તારીખ અને સમયે સદરહુ હુકમમાં અપાયેલ સુચનાઓનો ભંગ કે ઉલ્લંઘન કરનારનું ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ના ૪૫મા અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલાં લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

મેં, આજ તારીખ ૨૧-૩-૨૦૦૫ના મારી સહી કરી કચેરીની મહોર લગાવી હુકમ બહાર પાડયો.

ભાવનગર, ૨૧ માહે માર્ચ, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-33 (૧) હેઠળ કાઢેલો

જાહેરનામું

નં. ડીએમ/૧/૧૧૦૯/૨૦૦૫.-આગામી તા. ૨૫/૨૬-૩-૨૦૦૪ના હોળી ધૂળેટીના તહેવારની ઉજવણી થશે. ધૂળેટી દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપરથી પસાર થતા લોકોને અટકાવીને ઘેરૈયાઓ તેમની પાસે ગોઠ માંગે છે. તેઓ ગોઠ આપે નહી તો તેમની ઉપર રંગ છાંટી ત્રાસ આપે છે, પરેશાન કરે છે જેથી અકસ્માત, તકરારો થવાની શક્યતાઓ હોઈ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું ડી. બી. વોરા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર જાહેર હીતમાં ફરમાવું છું, કે સમગ્ર ભાવનગર જિલ્લામાં તા. ૨૫-૩-૨૦૦૫ થી તા. ૨૬-૩-૨૦૦૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) ઘેરૈયાઓએ લોકો પાસેથી ગોઠ માંગવી નહીં તેમજ તેમને રંગ છાંટીને પરેશાન કરવા નહીં.

સદરહું હુકમનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થશે.

" જાહેરનામાનો ભંગ તેમજ તેના અમલ બદલ પગલાં લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ, તા. ૧૯-૩-૨૦૦૫ના રોજ મારી સહી સિક્કો કરેલ છે.

ભાવનગર ૧૯, માહે માર્ચ, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-33 (૧) (સી) અન્વયે

જાહેરનામું

નં. ડીએમ/૧/૧૧૦૭/૨૦૦૫.-પાલીતાણા શહેરમાં આગામી તા. ૨૩-૩-૨૦૦૫ના રોજ જૈન લોકોનો ઢેબરા તેરસનો મેળો ભરાનાર છે. જેમાં મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે. તેઓ ગમે ત્યાં કચરો નાખે છે. કેટલીક સેવન ન કરવા જેવી વસ્તુઓ વાપરે છે જેવી કે પાણીના પાઉચ, દુધના પાઉચ, બોટલો, પ્લાસ્ટીકની ખાલી કોથળીઓ, બીડી, સીગારેટ, પાન મસાલા, ગુટકા અને તમાકુનો વેચાણ તથા ઉપયોગ કરે છે. જેનાથી જાહેર આરોગ્ય ઉપર વિપરીત અસર પડે છે. તેને નિયમન કરવું જરૂરી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું, ડી. બી. વોરા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી પાલીતાણા શહેરમાં તા. ૨૩-૩-૨૦૦૫ના દિન-૧ના રોજ યોજાનારા મેળાની છ ગાઉના રસ્તે કોઈએ કચરો નાંખવો નહીં, પાણીના પાઉચ, દુધના પાઉચ, બોટલો, પ્લાસ્ટીકની ખાલી કોથળીઓ નાખવી નહી, તેમજ બીડી, સીગારેટ, પાન મસાલા, ગુટકા, તમાકુનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

" જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલાં લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે."

સદરહું હુકમનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થશે.

મેં, આજ રોજ તા. ૧૯-૩-૨૦૦૫ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

ભાવનગર ૧૯, માહે માર્ચ, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની
કલમ-33(એસ) નીચે કાઢેલો

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા. ૧૧૮૯/૨૦૦૫.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની બાજુમાં આવેલ ટાણા રોડની દક્ષિણ દિશાએ સર્વે નં. ૨૮૨ની જમીન જે પોલીસ ખાતાએ ફાયરીંગ બટ માટે પસંદ કરેલ છે. જેનો ઉપયોગ પોલીસ તંત્ર ફાયરીંગ બટ માટે કરે છે. આ ફાયરીંગ બટમાં સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર, દરબારગઢ શાખા સીક્યુરીટી વિભાગ દ્વારા ફાયરીંગ તા : ૨૪-૩-૨૦૦૫ના રોજ રાખેલ છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (એસ)થી મળેલ અધિકારની રૂઈએ હું, ડી. બી. વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, શિહોર ગામના

સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ અડધો માઈલના વિસ્તારમાં તા : ૨૪-૩-૨૦૦૫ના રોજ કોઈપણ શખ્સે જવું નહીં તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહીં. જાહેરનામાનો ભંગ બદલના પગલાં લેવા કોઈપણ હેડ કોન્સ્ટેબલનને તથા તેનેથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

મેં, આજ તારીખઃ ૨૩-૩-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવ્યો.

ભાવનગર ૨૩, માહે માર્ચ, સને ૨૦૦૫.

ડી. બી. વોરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૫(૧) મુજબનું

જાહેરનામું

નાં. વહવ-બીનવારસુ-.આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સીટી-બી ડિવીઝન પોલીસ સ્ટેશન જામનગરના જાવક નં. ૩૪૧, તા. ૧-૩-૦૫થી નીચે જણાવેલ મુદ્દામાલ બીનવારસુ હોઈ અને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૩(૧) અન્વયે નિકાલ થવા આ કોર્ટને દરખાસ્ત આવેલ છે. સબબ સદરહુ અધિનિયમની કલમ-૮૫(૧) અન્વયે જાહેર કરવામાં આવે છે કે નીચે જણાવેલ મુદ્દામાલ મિલ્કતનો જે કોઈ શખ્સ તેના માલિક હોવાનો દાવો ધરાવતો હોય તો તેણે આ જાહેરનામાની તારીખથી છ માસની અંદર આ કચેરીએ રૂબરૂ હાજર થવું. સદરહું મુદત દરમ્યાન જો કોઈપણ માલીક હાજર થશે નહિ તો સદહુ અધિનિયમની કલમ-૮૭ અન્વયે મુદ્દામાલનો નિકાલ કરવામાં આવશે જેની સર્વે લોકોએ નોંધ લેવી.

જામનગર સીટી 'એ' ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પેન્ડીંગ બિનવારસુ મુદ્દામાલનું પત્રક

અ. નં.	મુદ્દામાલની પાવતી નંબર તારીખ	વિગત	કિંમત
૧	૧/૯૦	વાસ્પા રીક્ષા એન્જીન નં. X-22E705059694 નંબર પ્લેટ વગરની	૫૦૦૦/-
૨	૫/૯૩	એક ગેસનો નાની સાઈઝનો જુના જેવો લાલ કલરનો ખાલી બાટલો જેના ઉપર અંગ્રેજીમાં GAZCO(8) તથા SOMEC TEHAYRE 1980 NO. H. 1 8099 TRPL 10/M BURECA 2882 P. E. 176-89 લખેલ છે તે	૨૦૦/-
૩	૭/૯૩	શણના કોથળા નંગ-૪૪	૨૨૦/-
૪	૧૦/૯૩	હીરો કું.ની સાયકલ, કાળા કલરની ફ્રેમ નં. AF 909322 ની સાઈઝની	૧૦૦/-
૫	૨/૯૪	હીરો હોન્ડા મોટર સાઈકલ નંબર પ્લેટ વગરનું ચેસીસ નં. A10F007588 એન્જીન નં. A10E007657	૨૦૦૦૦/-
૬	૭/૯૪	(૧) રૂા. ૨૧૯૭/- ની જુદા જુદા દરની ચલણી નોટો (૨) કાંડા ઘડીયાલ રીકો ઈન્ડીયા કું. ની સ્ટેનલેસ સ્ટીલના પટાવાળું	૧૦૦/-
૭	૩/૯૫	એક સફેદ કલરની આગળ પાછળ નંબર પ્લેટ વગરની પ્રીમીયરની તથા ડીલક્સ BE તથા BE 347814 તથા એન્જીન નં.264750 તથા મેન્યુ. પ્રીમીયર ઓટોમોબાઈલ્સ બોમ્બે	૯૦૦૦૦/-
૮	૮/૯૫	(૧) સ્ટીલની થાળી-૨ (૨) સ્ટીલના ગ્લાસ-૨ (૩) સ્ટીલનો વાટકો-૧ (૪) ટીફીનનું ઢાંકણાવાળું ખાનુ-૧ (૫) લોખંડના છાવડા નંગ-૨ (૬) લોખંડનું ૧૦૦ ગ્રામનું તોલું-૧ (૭) પતરાની ચટણી-૧ (૮) લોખંડનો નાનો પાર્ટ-૧	૧૦૨/-

INDEX

અ. નં.	મુદ્દામાલની પાવતી નંબર તારીખ	વિગત	કિંમત
૯	૧૭/૯૫	એક લ્યુના મોપેડ કોફી કલરનું ડબલ સીટવાળું બંધ હાલતનું ચેસીસ નં. K 3008538 તથા એન્જીન નં. 31024213A છે તે	૫૦૦૦/-
૧૦	૧૬/૯૫	(૧) સુટકેશ લીલા કલરની-૧ (૨) સાડી લીલા કલરની-૧ (૩) સાડી પીળા કલરની-૧ (૪) શર્ટ બ્લુ પીળી ડીઝાઈનનું-૧ (૫) ચણીયો પીળા કલરનો-૧ (૬) કાળો લેડીજ જાંગીયો-૧ (૭) લેડીઝ ચંપલ કાળા કલરના-૧ (૮) કંકુની ડબી-૧ (૯) પ્લાસ્ટીકની બંગડીનું બંડલ-૧ (૧૦) ઓડીયો કેસેટ-૨ (૧૧) કાળા કલરનો કવોલીટી ટ્રાવેલ્સ માર્કાનો થેલો-૧ (૧૨) લેડીઝ બકલ-૨ (૧૩) ચાંદલાના પેકેટ-૪ (૧૪) ચાંદીની વીટી ડી-માર્કાની-૧ (૧૫) પગની માછલી-૨ (૧૬) જુનું ચાંદીનું સાંકળુ-૧ (૧૭) જુનું ચાંદીનું સાંકળુ-૧	૮૯૧/-
૧૧	૮/૯૭	સાયકલ હીરો કું. ની કાળા કલરની શીટવાળી ક્રમ નંબર AH 74965ની છે તે	૧૦૦/-
૧૨	૧૩/૯૭	યઝદી મોટર સાયકલ કાળા કલરનું GJ-V-1726 તથા એન્જીન નં. IJB-25015 1866નું છે તે	૫૦૦૦/-
૧૩	૧૪/૯૭	(૧) એટલાસ કું. ની કાળા કલરની જુના જેવી સાયકલ હેન્ડલ ઉપર યાસીન મજીદ બજરીયા જામનગર લખેલ છે તે (૨) હીરોજેટ કું. ની કાળા કલરની સાયકલ ક્રમ નંબર વાંચી શકાતા નથી તે	૧૭૫/-
૧૪	૩/૯૮	હીરોપુક કાળા કલરનું ચેસીસ નં. MD-396 FIBP TC- 442873 તથા એન્જીન નં. B-435953 આગળ પાછળ નંબર પ્લેટ વગરનું	5000/-
૧૫	૬/૯૮	(૧) કાળા કલરની નાની સાયકલ (ચકો)-૧ (૨) લાલ કલરની નાની સાયકલ ફ્રેમ નં. CI-396907	૨૦૦/-
૧૬	૯/૯૮	(૧) મોટા લક્સ સાબુ નંગ-૯ (૨) ૫૦૧-સુપર કપડા ધોવાના સાબુ નંગ-૬ (૩) હોટ જામની કાચની નાની બોટલ નંગ-૩ (૪) અથાણાની ૫૦૦ ગ્રામની કાચની નાની બોટલ નંગ-૩ (૫) નાની ટીન જેના ઉપર મેરીગોલા લખેલ છે તે ૩૯૭-ગ્રામ-૪ (૬) નાના ડબા જેના ઉપર ક્રાફટ લખેલ છે તે લીલા કલરના ચીઝ લખેલ નંગ-૨ (૭) કપડા ધોવાના સાગર પાવડરની ૫૦૦ ગ્રામની ૫ થેલી (૮) ૧ પ્લાસ્ટીકની થેલી જેમા તજ લવીંગ એલચી-જાયફળ વિગેરે ૫૦૦ ગ્રામ ભરેલ છે તે. (૯) એક કોટન જરશી-૧ બ્રાઉન કલરની (૧૦) પ્લાસ્ટીકની કોથળીમાં ૧૪ મીટરની સફેદ મેટીનું કાપડ છે તે (૧૧) લાઈનીંગવાળા અલગ-અલગ કલરના આખી બાંયના બુશર્ટ નંગ-૫	૧૪૬૯/-

અ. નં.	મુદ્દામાલની પાવતી નંબર તારીખ	વિગત	કિંમત
૧૬	૯/૯૮	(૧૨) સ્ટીલનો બેઠા ઘાટનો ડબરો-૧ (૧૩) પ્લાસ્ટીકની થેલીમાં તજ લવીંગ જાયફળ વિગેરે ૫૦૦ ગ્રામ છે તે (૧૪) એક કોરી બુક-૧ (૧૫) એક ખાખી કલરનું કવર જેના ઉપર અંગ્રેજીમાં છગન પી. પટેલ, સુરત લખેલ છે તે (૧૬) એક કાળા કલરનો થેલો	૧૪૬૯/-
૧૭	૨/૯૯	પત્થર માટીનો આશરે દોઢ ટેકટર જેટલો ઢગલો	૨૦૦/-
૧૮	૩/૯૯	લ્યુના મોપેડ નં. GJ-10-B-8155 કાળા કલરનું હેડ લાઈટ વગરનું ચેસીસ નં. 94813950414 એન્જીન નંબર વંચાતા નથી. તે	૧૫૦૦/-
૧૯	૬/૯૯	આછા દુધીયા કલરની ફીયાટ કાર નં. GAR-9191	૨૦૦૦૦/-
આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૯માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૫મી માહે એપ્રિલ-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૫ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

આઈ. આર. મનસુરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પોરબંદર.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે

જાહેરનામું

નં. ડીએમ/૧/વશી/૧૩૩૬/૨૦૦૫.-અલંગ-સોસીયા વિસ્તારમાં ઘણો જ ટ્રાફીક રહે છે. આ વિસ્તારમાં ટ્રાફીકનું નિયમન કરવું જરૂરી છે. અવારનવાર થતાં અકસ્માતો નિવારવા તેમજ બીનઅધિકૃત પાર્કીંગ નિવારવાનાં હેતુથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું, ડી. બી. વોરા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર. આથી અલંગ-સોસીયા વિસ્તારમાં નીચે દર્શાવેલ વિસ્તારને "નો પાર્કીંગ ઝોન" તરીકે તા. ૧૫-૪-૨૦૦૫થી જાહેર કરૂં છું.

(૧) અલંગ-સોસીયાનો એપ્રોચ રોડ.

(૨) અલંગ સર્કલથી દક્ષિણ બાજુ તાલીમ સંકુલ સુધીનો રોડ.

(૩) અલંગ સર્કલથી ઉત્તર બાજુ રેડ ક્રોસ સોસાયટી સુધીનો વિસ્તાર.

ઉપરોક્ત "નો પાર્કીંગ ઝોન" જાહેર કરવાના કારણે અંલગ-સોસીયા વિસ્તારમાં નીચે પ્રમાણેની જગ્યા "પાર્કીંગ" માટે જાહેર કરવામાં આવે છે.

અલંગ

(૧) અલંગ શીપ બ્રેકીંગ યાર્ડનાં પ્લોટ નં. ૩૪ થી ૫૧ સામેના સર્વીસ રોડમાં આવેલ જગ્યા અંલગ ઉત્તર બાજુ.

(૨) અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ પ્લોટ નં. ૬૪ થી ૭૧ની સામેની સર્વીસ રોડની જગ્યા અલંગ દક્ષીણ બાજુ.

(૩) અલંગ શીપ યાર્ડ સર્વે નં. ૩૨૫/૧/૩ની એલ. પી. જી. ગોડાઉનવાળી જગ્યા.

INDEX

સોસીયા

(૧) સોસીયા શીપ યાર્ડ એપ્રોચ રોડની એક બાજુએ.

(૨) સોસીયા શીપ યાર્ડ પ્લોટ નં. ૧૪૫ થી ૧૬૨ સુધી સોસીયા સર્વીસ રોડની જગ્યામાં.

(૩) સોસીયા શીપ યાર્ડ પ્લોટ નં. વીએલસીસી નં. ૨ થી ૪ સુધી.

"જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરનાં કોઈપણ હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રી અધિકૃત રહેશે."

સદરહું હુકમ/જાહેરનામું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થશે.

મેં, આજરોજ તા. ૧૧-૪-૨૦૦૫ના રોજ મારી સહી કરી સીક્કો કરેલ છે.

ભાવનગર, ૧૧ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

ડી. બી. વોરા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

બોમ્બે પોલીસ એકટ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી/વ/૧૭-૩૦/૪/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા હથિયાર બંધી જરૂરી જણાય છે, વાસ્તે હું, એસ. એલ. અમરાણી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો સુરેન્દ્રનગર. મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨ માંની કલમ-૩૭ (૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧૭-૦૪-૨૦૦૫ થી તા. ૩૦-૦૪-૨૦૦૫ સુધી (બન્ને તારીખો સહીત) ના સમય દરમ્યાન પોલીસ અધિક્ષકશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતોના કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંધુક, લાકડી અને લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારિરીક ઈજા પહોંચાડી શકે તેવા બીજા કોઈપણ સાધનો સાથે લઈ જવા નહીં.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહીં.

(૩) વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં, તથા તૈયાર કરવા નહીં.

(૪) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થો સાથે લઈ જવા નહીં.

(૫) જેનાથી સુરુચિનો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવી ચેષ્ઠા કરવી નહીં, તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, અથવા તેનો ફેલાવો કરવો નહીં.

(૬) બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાધ્ય વગાડવાની તેમજ

(૭) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા નહીં અશ્લીલ ગીતો ગાવા નહીં, અથવા ટોળામાં ફરવું નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈ પણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ પણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) પોલીસ અધિક્ષકશ્રીએ અથવા તેઓએ કે જેને શારિરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

જો કોઈપણ ઈસમ ઉપરોકત હકુમતનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ તથા ફોજદારી ધારા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો, ઢંઢેરો, દાંડી પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ તારીખ ૧૫ માહે એપ્રિલ, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૫ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) હેઠળ

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/સભા સરઘસ બંધી/૧૭-૩૦/૪/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા બરાબર જળવાઈ રહે તે માટે, પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જાહેર વ્યવસ્થાના હેતુ માટે મને જરૂરી જણાયેલ છે.

વાસ્તે હું, એસ. એલ. અમરાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મને મળેલ અધિકારીની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની

કલમ–૩૭ (૩) હેઠળ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૭-૦૪-૨૦૦૫ થી તા. ૩૦-૦૪-૨૦૦૫ સુધી (બન્ને તારીખો સહીત) ના સમયગાળા દરમ્યાન સબંધિત એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું. આ પ્રતિબંધ કલેકટર કચેરીના મુખ્ય દરવાજા પાસે જમણી બાજુએ ફુટપાથ તરફ દરવાજાથી પાંચ મીટરનું અંતર રાખીને ત્યારબાદની પચાસ મીટર સુધીની ફુટપાથ ઉપરની જગ્યાના વિસ્તારને લાગુ પડશે નહીં.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, ભંગ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું ઉક્ત વિસ્તારમાં સહેલાઈથી વાંચી શકાય, જોઈ શકાય તેવી જગ્યાએ, તેને ચોંટાડી પ્રસિધ્ધ કરવું, તેમજ ધ્વનિવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો કે દાંડી પિટાવી પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ ૧૫ માહે એપ્રિલ, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૫ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

એસ. એલ. અમરાણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો,
સુરેન્દ્રનગર.

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેરનામું

ક્રમાંકઃ-રાજ/સીપી/એલબી-૨/ટ્રાફિક/જાના/૧૨૬૧/૨૦૦૫.-રાજકોટ શહેરમાં આવેલ રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ એ શહેરની વચ્ચો વચ્ચ મધ્યભાગે આવેલ ફોર ટ્રેક રોડ છે. આ રોડ વહેલી સવારના હજારોની સંખ્યામાં રાજકોટ શહેરના તમામ વર્ગના નાગરિકો ચાલવા (મોર્નીંગ વોક) માટે સવારના લગભગ કલાક ૫-૩૦ થી કલાક ૭-૩૦ વાગ્યાના સમયે નીકળે છે. સામાન્ય રીતે જોવામાં આવે તો આવી રીતે સવારના મોર્નીંગ વોક માટે ચાલનારાઓની સંખ્યામાં ઉત્તરોતર વધારો થતો જાય છે. જે સંજોગે આ પ્રકારે પગે ચાલનાર નાગરિકો સાથે વાહન ચાલકો દ્વારા અકસ્માત થવાની પુરે પુરી શક્યતાઓ રહેલી છે. વધુમાં જે નાગરિકો સવારના મોર્નીંગ વોક માટે નીકળે છે. તે વર્ગ શારિરીક કસરત અને માનસીક શાંતિ મેળવવા માટે સવારના ભાગે ચાલવા નીકળતા હોય છે. જે સંજોગોમાં તે જ રોડ પર વાહન વ્યવહાર ટ્રાફિક ચાલુ હોય તો સ્વાભાવિક રીતે તેઓ નિશ્ચિત પણે સલામત રીતે ચાલી શકતા નથી. તેમજ આ રીંગ રોડ ઉપર વાહનોના ધુમાડા દ્વારા ફેલાતાં પ્રદુષણનો ભોગ બનતા હોય છે જેના કારણે આ નાગરિકો તરફથી આ બાબતે અકસ્માતની સંભાવનાઓ ઘટે તેમજ પ્રદુષણમાં પણ ઘટાડો થાય તે માટે યોગ્ય પગલા ભરવા અવાર-નવાર રજુઆત કરવામાં આવે છે.

૨. રાજકોટ શહેરમાં રેસકોર્ષ ફરતે સવારના ભાગે પગે ચાલી મોર્નીંગ વોક માટે નીકળતા નાગરિકો સલામતિ અનુભવે અને પ્રદુષણનો ભોગ ન બને તે માટે રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ તમામ પ્રકારના વાહનો માટે એક માર્ગીય (વન-વે) જાહેર કરવાની આવશ્કતા જણાય છે.

૩. આથી હું, કે. નિત્યાનંદમ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)બી અને સી થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રસ્તાઓને તેમાં જણાવેલ વિગતે તમામ પ્રકારના વાહનો માટે તા. ૧૧-૪-૦૫ થી તા. ૧૦-૫-૦૫ સુધી પ્રાયોગીક ધોરણે એક માર્ગીય (તન-વે) કરવા હુકમ કરૂં છું. આ હુકમ સવારના કલાક ૦૫-૩૦ થી કલાક ૦૭-૧૫ સુધી તમામ પ્રકારના વાહનો માટે લાગુ પડશે.

રેસકોર્ષ રીંગ રોડ :

રેસકોર્ષ રીંગ રોડને એક માર્ગીય (વન-વે) કરવામાં આવે છે. જે મુજબ રેસકોર્ષ રીંગ રોડ રોડનો ફક્ત બહારના ભાગે આવેલ રોડ એક તરફી "ક્લોક વાઈઝ" જાહેર કરવામાં આવે છે. એટલે કે જિલ્લા પંચાયત ચોકથી એ. જી. ઓફીસ, કીસાનપરા સર્કલ, મેયરશ્રીનો બંગલો, બીગ બાઈટ આઈસ્કીમ, જુની એન. સી. સી. ઓફીસ, પોલીસ હેડ ક્વાર્ટર સર્કલ, બહુમાળી ભવન, ગેલેક્સી સિનેમા થી પોલીસ કમિશ્નર કચેરી થઈ જિલ્લા પંચાયત ચોકમાં થઈ તે રીતે તમામ પ્રકારના વાહનો માટે એક તરફી રસ્તો ચાલુ રહેશે.

આ ફોરટ્રેક રીંગ રોડનો અંદરનો જે રસ્તો છે તે રોડ ઉપર સવારના કલાક ૦૫-૩૦ થી કલાક ૦૭-૧૫ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ રહે છે. અને ફક્ત પગે ચાલી મોર્નીંગ વોક કરવા માટે નીકળેલ નાગરિકો માટે જ આ રસ્તો ચાલુ રહેશે.

૪. અત્રેના જાહેરનામા ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જાના/૯૦૫/૨૦૦૫ તા. ૧૧-૩-૦૫ અન્વયે એક માસ માટે પ્રાયોગિક ધોરણે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે અન્વયે જાહેરનામાને રાજકોટ શહેરના નાગરિકો તરફથી સારો પ્રતિસાદ મળેલ હોય જેથી તે જાહેરનામું વધુ લંબાવવાની જરૂરિયાત જણાતા પ્રાયોગિક ધોરણે એક માસ માટે વધુ લંબાવેલ છે.

૫. આ જાહેરનામું ફરજપરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રીગેડના વાહનોને આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહીં.

૬. આ હુકમના ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને આઈ. પી. સી. કલમ-૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે.

આજ રોજના તારીખ ૧૧-૪-૨૦૦૫ના રોજ મારી સહી સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૧૧ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

કે. નિત્યાનંદમ,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર,
રાજકોટ.

સંયુક્ત વેચાણવેરા કમિશ્નર દ્વારા

વંચાણમાં લીધું :

૧. નાયબ વેચાણવેરા કમિશ્નરશ્રી, વ-૨૨, રાજકોટના પત્ર ક્રમાંકઃ ૧.જા. ૩૧૯૬, તા. ૧૩-૧૦-૦૪ ૨. ૧ તા. ૧-૪-૦૫.

૨. નાયબ વેચાણવેરા કમિશ્નરશ્રી, વ-૨૩, રાજકોટના પત્ર ક્રમાંકઃ ૧. જા. ૩૦૫૭, તા. ૫-૮-૦૪.

૩. નાયબ વેચાણવેરા કમિશ્નરશ્રી, વ-૨૪, ગાંધીધામના જા. ૪૩૦૧ તા. ૨૧-૨-૦૩, જા. ૬૪૫૮-૫૯ તા. ૩૧-૩-૦૫ જા. ૩૬૪૫ તા. ૧૧-૧૦-૦૪.

૪. વેચાણવેરા અધિકારી(૫), મોરબીના જા. ૬૮૨૬-૨૭ તા. ૧૮-૨-૦૪.

૫. વેચાણવેરા અધિકારી(૩), ઘ-૩, જામનગરના જા. ૯૪૮૦ તા. ૧૯-૧૨-૦૩.

જાહેરનામું

(કેન્દ્રીય વેચાણવેરા (ગુજરાત) નિયમો-૧૯૭૦ના નિયમ-૪Aના પેટા નિયમ-૭ અન્વયે.)

ક્રમાંક : વવટ/ધારાકીય ફોર્મ્સ રદ/૦૪-૦૫/જા. ૬૪/૯૦ તા. ૧૨-૪-૦૫.-ઉપરોક્ત વંચાણમાં લીધેલ સંયુક્ત વેચાણવેરા કમિશ્નરશ્રીઓ તથા અધિકારીશ્રીઓની દરખાસ્ત અન્વયે વેપારીશ્રીઓને આપવામાં આવેલ સી-ફોર્મ તથા એફ, ઈ-૧, તથા એચ-ફોર્મ વહનમાર્ગે તથા વેપારીશ્રી પાસેથી ગુમ થયેલ છે. આથી નીચે દર્શાવેલ ફોર્મ્સ તેની સામે દર્શાવેલ કારણોસર રદ (Invalid) કરવા ઠરાવું છું. આ ફોર્મ્સ આકારણીમાં બાદ આપવાના રહેશે નહીં.

ક્રમ	ફોર્મ્સનો પ્રકાર	ફોર્મ્સ નંબર	સંખ્યા	જેમને કચેરીએ ફોર્મ ઈસ્યુ કર્યા તે વેપારી	રદનું કારણ	કચેરી
૧.	F	૦૩/૮૯૧૧૨૬ થી ૮૯૧૧૩૭	૧૨	મિતુલ એજન્સી, ભુજ	ખોવાય જતાં	ભુજ.
૨.	C	૧૨૪૭૬૧૦૧ થી ૧૨૪૭૬૧૨૫	૨૫	હિન્દુસ્તાન માઈકો	ખોવાય જતાં	ઘ-૩, જામનગર.
૩.	C	૧૧૨૮૩૦૨૬ થી ૧૧૨૮૩૦૫૦	૨૫	ડુ મીટ	ખોવાય જતાં	વેવેઅ-૪, ઘ-૧, રાજકોટ.
૪.	C	૪૫૬૦૭૬ થી ૪૫૬૧૦૦	૨૫	રવિ મશીન પ્રોડ.	ખોવાય જતાં	વેવેઅ-૫, ઘ-૨, રાજકોટ.
૫.	E-1	૦૦૫૯૦૧ થી ૦૦૫૯૨૫	૨૫	રવિ મશીન પ્રોડક્ટસ	ખોવાય જતાં	વેવેઅ-૫, ઘ-૨, રાજકોટ.

ક્રમ	ફોર્મ્સનો પ્રકાર	ફોર્મ્સ નંબર	સંખ્યા	જેમને કચેરીએ ફોર્મ ઈસ્યુ કર્યા તે વેપારી	રદનું કારણ	કચેરી
૬.	C	૨૦૪૩૩૪૨ થી ૨૦૪૩૩૪૩	૨	પનારા માર્બલ એન્ડ કોટાસ્ટોન	ખોવાય જતાં	મોરબી.
૭.	C	૧૬૨૪૪૨૬ ૧૬૨૪૪૪૫	૨	રાજકોટ જિલ્લાં સહ. દૂધ ઉત્પાદક સંઘ લી.	વહનમાર્ગે ગૂમ	વેવેઅ-૧, ઘ-૪, રાજકોટ.
૮.	C	૨૯૮૬૪૯૬	૧	---	મિસ પ્રીન્ટ	ઘ-૨, જામનગર.
૯.	C	૨૧૨૪૪૪૬	૧	---	ક્ષતિવાળુ	જામખંભાળીયા
૧૦	C	૨૧૨૪૪૫૨	૧	---	"	"
૧૧	C	૨૧૨૪૪૫૬	૧	---	"	"
૧૨	C	૨૧૨૪૪૯૮	૧	---	"	"
૧૩	C	૧૫૨૮૭૦૭૬ થી ૧૫૨૮૭૧૦૦	૨૫	---	મિસ પ્રીન્ટ	વ-૨૩, રાજકોટ જા. ૨૮૮૩ તા. ૨૬-૯-૦૩
૧૪	C	૨૧૨૬૪૭૬ થી ૨૧૨૬૫૦૦	૨૫	---		-"-
૧૫	C	૨૧૨૬૫૦૧ થી ૨૧૨૬૫૨૫	૨૫	---		-"-
૧૬	C	૧૮૦૮૦૭૬ થી ૧૮૦૮૧૦૦	૨૫	---	બુકમાં પૂરા પાના ન હોવાથી	-"-
૧૭	C	૧૫૮૪૮૦૭૬ થી ૧૫૮૪૮૧૦૦	૨૫	---	-"-	-"-
૧૮	C	૧૫૮૪૮૧૦૧ થી ૧૫૮૪૧૨૫	૨૫	---	-"-	-"-
૧૯	C	૧૬૨૧૫૨૬ થી ૧૬૨૧૫૫૦	૨૫	---	-"-	-"-
૨૦	C	૧૯૧૫૮૨૬ થી ૧૯૧૫૮૫૦	૨૫	---	-"-	-"-
૨૧	H	૧૩૨૪૦૨ થી ૧૩૨૪૨૫	૨૫	---	-"-	-"-
૨૨	C	૧૫૯૭૮૬૨૬ થી ૧૫૯૭૮૬૫૦	૨૫	---	-"-	-"-
૨૩	F	૫૨૨૫૭૬ થી ૫૨૨૬૦૦	૨૫	---	ફાટેલ પાના	-"-
૨૪	E-૧	૪૧૩૪૫૧ થી ૪૧૩૪૭૫	૨૫	---	બંને બાજુ પાના છાપેલ છે.	-"-
૨૫	E-૨	૧૯૦૯૭૬ થી ૧૯૧૦૦૦	૨૫	---	ફાટેલ પાના	-"-

INDEX

ક્રમ	ફોર્મ્સનો પ્રકાર	ફોર્મ્સ નંબર	સંખ્યા	જેમને કચેરીએ ફોર્મ ઈસ્યુ કર્યા તે વેપારી	રદ્દનું કારણ	કચેરી
૨૬	C	૧૦૮૧૯૩૨૬ થી ૧૦૮૧૯૩૫૦	૨૫	—	બુકમાં ઓછા પાના	-”-
૨૭	C	૧૧૦૨૬૩૨૬ થી ૧૧૦૨૬૩૫૦	૨૫	—	ડબલ પાના	-”-
૨૮	C	૧૧૦૨૬૨૦૧ થી ૧૧૦૨૬૨૨૫	૨૫	—	વધારે પાના	-”-
૨૯	C	૨૧૩૧૯૪૭	૧	—	ઓછા પાના	-”-
૩૦	C	૧૩૧૩૯૮૨૬ થી ૧૩૧૩૯૮૫૦	૨૫	—	ઓછા પાના	-”-
૩૧	C	૧૯૭૨૧૫૧ થી ૧૯૭૨૧૭૫	૨૫	—	મિસ પ્રિન્ટ	-”-
૩૨	C	૧૯૭૩૯૫૧ થી ૧૯૭૪૦૦૦	૫૦	—	બુક વચ્ચે કાણા	-”-
૩૩	C	૨૨૪૩૨૭૬ થી ૨૨૪૩૩૦૦	૨૫	—	ઓછા પાના	-”-
૩૪	C	૨૨૪૩૫૦૧ થી ૨૨૪૩૫૨૫	૨૫	—	વધારે પાના	-”-
૩૫	C	૨૪૮૫૦૦૧ થી ૨૪૮૫૦૨૫	૨૫	—	ઓછા પાના	૭-૨૩, રાજકોટ જા. ૩૨૮૮ તા. ૩૦-૧૦-૦૩

આથી હું, એન. આર. સાબલે, સંયુક્ત વેચાણવેરા કમિશ્નર, વિભાગ-૭, રાજકોટ કેન્દ્રીય વેચાણવેરા(ગુજરાત) નિયમો-૧૯૭૦ના નિયમ-૪Aના પેટા નિયમ-૭ અન્વયે મળેલ સત્તાની રૂએ ઉક્ત દર્શાવેલ ફોર્મ્સ રદબાતલ જાહેર કરૂં છું.

ક્રમાંક-૮ થી ૩૫માં દર્શાવેલ ફોર્મ્સનો મા. કમિશ્નરશ્રીએ ઠરાવેલ પધ્ધતિ મુજબ વેચાણવેરા અધિકારી/નાયબ વેચાણવેરા કમિશ્નરશ્રીએ નાશ કરવો. વર્તુળના નાયબ વેચાણવેરા કમિશ્નરશ્રીએ નિયંત્રણ રાખવું.

રાજકોટ, ૧૧ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

એન. આર. સાબલે,
સંયુક્ત વેચાણવેરા કમિશ્નર,
વિભાગ-૭, રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધાં :

૧ ગુજરાત રાજ્યનાં સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ ૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨ સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટીફીકેશ,જી.એચ.કે.એચ. ૨૪/૯૧ ડી.સી.૧૧૮૯-૫૨૦૪ જે, તા. ૩૦-૩-૯૧.

૩ સબ ઓડીટર-ઓડીટર ગ્રેડ-૧, સહકારી મંડળીઓ અમરેલી તા. ૧૮-૧૨-૦૩નો અહેવાલ

૪ આ કચેરીનો વચગાળાનો ફડચા આદેશ નં. ફડચ/ગ-૩/૩૯૫ થી ૪૦૪/૦૪ તા. ૧૬-૧-૨૦૦૪

૫ સંસ્થાના હોદેદારોની રજૂઆત તા. ૧૬-૮-૦૪

અંતિમ આદેશ

જાવક નં. ફડચ/ગ-૩/૩૯૩/૨૦૦૫.-આથી હું, વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, અમરેલી મને મળેલ અધિકારની રૂએ, શ્રી નુતન ગૃહ નિર્માણ હાઉસીંગ સહકારી મંડળી લિ., મુ. અમરેલી, તા. અમરેલી, જિ. અમરેલી

જેની નોંધણી ઘ/૪૮૮ તા. ૮-૧-૧૯૬૧ નોંધાયેલ છે તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમની કલમ ૧૦૭ (૧) ગ-૨ અન્વયેથી ફડચામાં લઇ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે અન્વયે આ ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે અને આ આદેશ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા)ની નિમણુંક કાયમ કરી ફડચા કામગીરી નિયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે. અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઇ ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફી નીયત ધોરણે આકરણી કરી કાયદાની કલમ ૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૧૫ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

વિ. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
અમરેલી.

વંચાણે લીધાં :

૧ અત્રેની કચેરીનો તારીખ ૧૪-૮-૨૦૦૩ હુકમ ક્રમાંક સકક/૦૧/ત/૫૯૦ થી નોંધણી રદનો હુકમ.

૨ અધિક રજિસ્ટ્રાર(અપીલ) સહકારી મંડળીઓ ગુ. રા. ગાંધીનગર રી. અ. નં. ૧૦૬/૦૪ ક્રમાંક સકક/૮૪૯૪/ક/૭૫ તા. ૧-૩-૦૫ અન્વયેનો હુકમ.

૩ અત્રેની રજી. એ. ડી. નોટિસ ક્રમાંક : સકક/૦૧/ત/૧૩૩/૦૫ તારીખ ૧૭-૩-૨૦૦૫.

૪ કચેરીના ઓડીટ વિભાગનો તારીખ ૨૮-૩-૨૦૦૫ પત્ર ક્રમાંક અષણ/જ-૧/૮૧૭/૦૫.

૫ મંડળીના પ્રમુખશ્રીની તારીખ ૨૮-૩-૨૦૦૫ની રૂબરૂ રજુઆત.

આદેશ

ક્રમાંક : સકક/ત/૦૧/૧૮૨/૦૫.-આથી હું શ્રી વાય. એ. બલોચ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ અત્રેની કચેરીના તારીખ ૧૪-૮-૨૦૦૩ હુકમ ક્રમાંક સકક/૦૧/ત/૫૯૦/૦૩ ક્રમ નં. ૧૮ થી કંડલા પોર્ટ એમ્પ્લોઈઝ કન્ઝયુમર્સ કો. ઓ. સો. લી. ગોપાલપુરી, ગાંધીધામની સહકારી કાયદાની કલમ-૨૦ (૧) નીચે નોંધણી રદ કરતો હુકમ ક્રમ નં.-૧૮ સદરહું મંડળી પુરતો એનેક્ષર-એ ની શરતોને આધીન રદ કરવામાં આવે છે.

તારીખ, ૧૧ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ ની જોગવાઈઓ.

(૨) સબ-ઓડીટર સહકારી મંડળીઓ અંજારનો તા. ૨૯-૩-૨૦૦૫નો પત્ર.

હુકમ

ક્રમાંક : સકક/૦૧/ત/૧૭૨/૨૦૦૫.-આથી હું વાય. એ. બલોચ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ. ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે અમોને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ શ્રી ખેતી સિંચાઈ સહકારી મં. લી., મુ. પ્રાગપર, તા. મુન્દ્રા, જિ. કચ્છ જેના નોંધણી નં. ૩૧૭૨ તા. ૨૯-૧-૦૩ છે. તે સહકારી મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂં છું.

ભુજ-કચ્છ, ૩૧ માહે માર્ચ, સને ૨૦૦૫.

વાય. એ. બલોચ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમ નં. નધણ/ખ-૩/૪૨૨/ઉ-૧૨૮૫૫/૦૫.-આથી જાહેર કરે છે કે, શ્રી ભગીરથ મજુર બાંધકામ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : તાલાળા, તાલુકો : તાલાળા, જિલ્લો : જુનાગઢ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૩ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમ નં. નધણ/ખ-૩/૪૨૧/ઉ-૧૨૮૫૪/૦૫.-આથી જાહેર કરે છે કે, શ્રી સાગર મજુર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : શાપુર, તાલુકો : વંથલી, જિલ્લો : જુનાગઢ , સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)નીકલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૩ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમ નં. નધણ/ખ-૩/૪૨૩/ઉ-૧૨૮૫૬/૦૫.-આથી જાહેર કરે છે કે, શ્રી જય ચામુંડા મજુર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : છોડવડી, તાલુકો : ભેંસાણ, જિલ્લો : જુનાગઢ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૩ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

વી. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમ નં. નધણ/ચ/સા. ૩૩૩૫/૭૫/૫૨૭/૦૫.-આથી જાહેર કરે છે કે શ્રી વિકાસ ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ કો. ઓપ. સો. લી., મર્યાદિત સ્થળ : છાયા, તાલુકો : પોરબંદર, જિલ્લો : પોરબંદર, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૪ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

એમ. કે. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૪૬૦/૦૪, તા. ૩૦-૬-૦૪થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જાગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૭૭/૨૦૦૫.-અથી હું, જે. એમ. કટારા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી સિધ્ધાર્થ ગ્રાહક સહકારી ભંડાર લી., મુ. જેતપુર, તા. જેતપુર, જિ. રાજકોટ (નોંધણી નં. ભ-૩૪૦૨, તા. ૩૦-૩-૧૯૯૫)ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાના આદેશને, આ જ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવી.

રાજકોટ, ૩૧ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૮૭/૦૫, તા. ૨૫-૨-૦૫થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જાગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૮૧/૨૦૦૫.-આથી હું, જે. એમ. કટારા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી સત્યવિજય મજુર બાંધકામ સહકારી મંડળી લી., મુ. મઘરવાડા, તા. રાજકોટ, જિ. રાજકોટ (નોંધણી નં. ૭૫૦૧ તા. ૨૫-૬-૧૯૭૭)ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાના આદેશને, આ જ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવી.

રાજકોટ, ૩૧ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તા. ૧૭-૪-૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૪૫૯/૦૪, તા. ૩૦-૬-૦૪થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૭૯/૨૦૦૫.-આથી હું, જે. એમ. કટારા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી પાટણવાવ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પાટણવાવ, તા. ધોરાજી, જિ. રાજકોટ (નોંધણી નં. સેદુ-૨૩૩૭૫, તા. ૯-૧૨-૧૯૮૮)ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮ અન્વયે ફડચામાં લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાના આદેશને, આ જ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવી.

રાજકોટ, ૩૧ માહે માર્ચ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૪૧/૦૫, તા. ૩૧-૧-૦૫થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૭૮/૨૦૦૫.-આથી હું, જે. એમ. કટારા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી જયશંકર મજુર બાંધકામ સહકારી ભંડાર લી., મુ. મોટીમારડ, તા. ધોરાજી, જિ. રાજકોટ (નોંધણી નં. ૭૯૫૩ તા. ૧૮-૫-૧૯૭૯)ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાના આદેશને, આ જ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવી.

રાજકોટ, ૩૧ માહે માર્ચ, સને ૨૦૦૫.

જે. એમ. કટારા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના ખેતી અને સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૯૭/૨૦૦૫ તા. ૧૯-૦૨-૨૦૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૧૯૮/૨૦૦૫.-શ્રી વિશ્વકર્મા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. સુરેન્દ્રનગ, તા. વઢવાણ, જિલ્લો : સુરેન્દ્રનગર જે નોંધણી નંબર-૮૨૨૧ સને ૧૯૮૧થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨ વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ પરંતુ મંડળી તરફથી જણાવેલ સમય મર્યાદામાં કોઈ આધાર પુરાવા સાથે રજુઆત કરેલ ન હોઈ ઉપર્યુક્ત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૧ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના ખેતી અને સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૪૭૯/૮૮૩/૨૦૦૫, તા. ૮-૧૧-૨૦૦૪.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૨૦૯/૨૦૦૫.-શ્રી કિશાન કૃષિ અને વેચાણ સહકારી મંડળી લી., મુ. આદરીયાણા, તા. દશાડા, જિલ્લો : સુરેન્દ્રનગર જે નોંધણી નંબર-૩૨૨૨૦ તા. ૧૩-૦૬-૨૦૦૨ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨ વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ પરંતુ મંડળી તરફથી જણાવેલ સમય મર્યાદામાં કોઈ આધાર પુરાવા સાથે રજુઆત કરેલ ન હોઈ ઉપર્યુક્ત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે આથી કાયમી કરવમાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૧ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 12th MAY, 2005/VAISAKHA 22, 1927 [No. 19

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	359-378	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	208-219
		PART - II Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	407-422
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

BY THE DISTRICT JUDGE

***Read :** High letter No. C. 2103/2005, dated : 08-04-2005.*

NOTIFICATION

No. : UHC/B./7 of 2005.-Under the powers vested in him under paragraph 629, Chapter XXXI, Civil Manual, Volume-I, 1960, the District, Judge, Junagadh, with the previous permission of the High Court, directs the closing of all the Civil Courts in the Judicial District of Junagadh for the ensuing Annual Summer Vacation for Five Weeks commencing from Monday 9th of May, 2005 to Sunday, 12th of June, 2005. (both days inclusive)

The District Judge, Junagadh, further directs the closing of all the Civil Courts of the Judicial District of Junagadh for the remaining period of Annual Summer Vacation commencing from Tuesday, 8th of November, 2005 to Monday, 14th of November, 2005 (both days inclusive), suffixing of Diwali Holidays.

The Offices of the Nazir and the Records Keeper District Court, Junagadh and the Nazirs of all the Civil Courts in the District shall remain open during the aforesaid period of vacation on working days.

Junagadh, 8th April, 2005.

S. J. SOLANKI,
(Incharge), District Judge,
Junagadh.

જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧) સી અન્વયે

જાહેરનામું

નં. : નાચિ/પલસ/૨/વશી/૩૩૮૮ થી ૩૪૩૮/૨૦૦૫.-મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(૧) સને-૧૯૫૧નાં મુંબઈના ૨૨માના કલમ-૩૩ની પેટા કલમ-(૧) સી હેઠળ કાઢવા ધારેલ જાહેરનામાનો નીચેનો ખરડો તેનાથી અસર થવાનો સંભવ હોયને તમામ જાહેરજનતાની જાણ સારૂ સદરહું કલમ-૩૩ની પેટા કલમ-૬થી ફરમાવ્યા મુજબ પ્રસિદ્ધ કર્યો છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે, સદરહું ખરડો રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી એક મહિનો પુરો થયા પછી જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલી વિચારમાં લેશે.

૨. ઉપરોક્ત મુદત પુરી થયા પહેલા સદરહું ખરડાના સંબંધમાં કોઈ વ્યક્તિ/જાહેર જનતા તરફથી જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલીને જે કંઈ વાંધા અથવા સુચનો મળશે તેના ઉપર તેઓ વિચાર કરશે.

જાહેરનામાનો ખરડો

અમરેલી જિલ્લામાં આવેલ એસ. ટી. સ્ટેન્ડની આજુબાજુનાં (પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણેના) વિસ્તારોમાં વાહનોના નિયમન માટે મુંબઈ પોલીસ (સને ૧૯૫૧ના ૨૨ માં) અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧)ની કલમ-સી થી મળેલ અધિકારીની રૂઈએ હું, પી. કે ગઢવી (આઈ. એ. એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી નીચે પ્રમાણે પ્રાથમિક ખરડો જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરૂં છું.

પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણે એસ. ટી. સ્ટેન્ડ (બસ સ્ટેશનોની આજુબાજુના વિસ્તારમાં ખાનગી બસો, જીપો, મેટાડોર) ખાનગી ટેક્સીઓ, ખાનગી વાહનો વિગેરે ઉભા રાખી શકશે નહીં અને તે વિસ્તારને પ્રતિબંધ ''નો પાર્કિંગ ઝોન'' જાહેર કરવામાં આવે છે.

નીચે જણાવેલ વાહનોને **''નો પાર્કિંગ ઝોન''** પ્રતિબંધ લાગુ પડશે નહિ.

(૧) સરકારી વાહનો તેમજ જનતાની સુખાકારી અને સુવિધા માટે સરકારી એજન્સીઓ મારફત ચલાવવામાં આવતા વાહનો.

(૨) ઉપરોક્ત જણાવેલ એસ. ટી. સ્ટેન્ડ (બસ સ્ટન્ડ)ની આજુબાજુ જે ટેક્સીઓ તથા રીક્ષા માટે કાયદેસર સ્ટેન્ડ મંજુર કરવામાં આવેલ હશે તેવા કાયદેસર સ્ટેન્ડ ઉપર ઉભી રહેતી ટેક્સી અને રીક્ષાઓને લાગુ પડશે નહીં.

આજ તારીખ ૭મી એપ્રિલ ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પરિશિષ્ટ

ક્રમ	ડેપો	નો પાર્કિંગ માટેનું સ્થળ	બસ સ્ટેન્ડથી અંદાજીત અંતર	રિમાર્ક્સ
૧	૨	૩	૪	૫
૧.	વડીયા	(૧) વડીયા ખાતે કન્ટ્રોલ પોઈન્ટ તરીકે ઉપયોગ થાય છે તે વિસ્તારના ૧૦૦ મીટરના ત્રિજ્યા સુધીનો વિસ્તાર.	૧૦૦ મીટર	–
૨.	કુંકાવાવ	(૧) કુંકાવાવ ખાતે બસ સ્ટેશન તરીકે ઉપયોગ થાય છે તે વિસ્તારનાં ૧૦૦ મીટરના ત્રિજ્યા સુધીનો વિસ્તાર.	૧૦૦ મીટર	–
૩.	મોટા લીલીયા	(૧) મોટાલીલીયા ખાતે બસ સ્ટોપ તરીકે ઉપયોગ થાય છે તે વિસ્તારના ૧૦૦ મીટરના ત્રિજ્યા સુધીનો વિસ્તાર.	૧૦૦ મીટર	–
૪.	અમરાપરા, બસ સ્ટેશન, બાબરા	(૧) અમરાપરા ખાતે બસ સ્ટોપ તરીકે ઉપયોગ થાય છે તે વિસ્તારનાં ૧૦૦ મીટરના ત્રિજ્યા સુધીનો વિસ્તાર.	૧૦૦ મીટર	–
૫.	બગસરા	(૧) બગસરા ખાતે કુંકાવાવ જકાતનાકા વિસ્તારના ૧૦૦ મીટરના ત્રિજ્યા સુધીનો વિસ્તાર.	૧૦૦ મીટર	–

અમરેલી, ૭ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

પી. કે. ગઢવી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમરેલી.

INDEX

સને-૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩ (૧) (સી) હેઠળનું

જાહેરનામું

નં. : એમએજી/સી/૧૬૨૨/૨૦૦૫.-જુનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં ટ્રાફીકનું આયોજન સરળ રીતે થાય તથા ખાસ કરીને વાહનો ગમે તે જગ્યાએ જાહેર રસ્તા ઉપર ઉભા ન રહે તથા ટ્રાફીકને નડતરરૂપ ન થાય તે હેતુને લક્ષમાં રાખી જુનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં ઓટો રીક્ષા તથા ટેક્સીના સ્ટેન્ડ નક્કી કરવા માટેની દરખાસ્ત મને પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢના પત્ર ક્રમાંક : આરબી/ટ્રાફીક/૧૨૯૦/૦૫, તા. ૫-૪-૦૫થી મળેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી મળેલ ઉક્ત દરખાસ્ત અમોને વ્યાજબી જણાય છે. જેથી હું, આર. કે. પાઠક, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લા, જુનાગઢ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ (૧) (સી)થી મને મળેલ અધિકારની રૂએ જુનાગઢ મહાનગરપાલિકાના આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારમાં વાહનો ઉભા રહેવા માટે (પાર્કિંગ માટે)ની જગ્યા નક્કી કરવાનું ફરમાન કરૂં છું.

આ જાહેરનામું તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

આ જાહેરનામાનો કે તેના કોઈ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખ ૨૬ માહે એપ્રિલ સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા સાથે અમલવારી માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

આ કચેરીના ક્રમાંક એમએજી/સી/૧૬૨૨/૦૫, તા. ૨૬-૪-૦૫ સાથેનું ટુ વ્હીલર તથા ફોર વ્હીલર પાર્કિંગના સ્થળો નક્કી કરવાનું

પરિશિષ્ટ

ક્રમ	પાર્કિંગનું સ્થળ	વાહનનો પ્રકાર	વાહનની સંખ્યા
૧	(૧) લીમડા ચોક, મામલતદાર ઓફિસ નીચેના ભાગ	ટુ વ્હીલર	૨૦૦
	(૨) રોડની બન્ને સાઈડ કલેકટર કચેરી દરવાજાથી લાલજી મુળજી ગોડાઉન સુધી	ફોર વ્હીલર	૩૦
૨	કલેકટર કચેરી ગેઈટથી ડાબી બાજુ ઈન્ડીયન બેંકની દિવાલ સુધી	ટુ વ્હીલર	૫૦
૩	જિલ્લા માહિતી કેન્દ્ર સામેનો ભાગ	ટુ વ્હીલર	૬૦
૪	એસ.પી.કચેરીની સીડીની બાજુનો ભાગ ઈન્ડીયન બેંકની સામે પોલીસ વાહન પાર્કિંગ	ટુ વ્હીલર	૩૦
૫	એસ.પી. કચેરીની સામે મ્યુઝીયમની દિવાલ પાસે તથા તેની સામેનો ભાગ સબસ્ટેશન સુધી	૧. ફોર વ્હીલર જમણી સાઈડ	૧૫
		૨. ફોર વ્હીલર ડાબી સાઈડ	૧૫
૬	એસ.બી.એસ. ની ગલી મ્યુઝીયમની પાછળનો ભાગ	ટુ વ્હીલર	૧૫૦
૭	દિવાન ચોક, છાયા બજાર, હવેલી ગલી અને માલીવાડા રોડનું પાર્કિંગ રંગમહેલ ડેલામાં	ટુ વ્હીલર	૫૦૦
૮	સર્કલ ચોક, સોની બજારનું પાર્કિંગઝોન સર્કલ ચોકના બન્ને રાઉન્ડમાં	ટુ વ્હીલર	૧૫૦
૯	પંચહાટડી તથા દાણાપીઠનું પાર્કિંગ ખોજાવાડમાં	ટુ વ્હીલર	૩૦૦
૧૦	જનાના હોસ્પિટલ, આઝાદ ચોક તેમજ આઝાદ ચોક સુધીનું પાર્કિંગ જનાના હોસ્પિટલની દિવાલ પાસે	ટુ વ્હીલર	૫૦૦

ક્રમ	પાર્કિંગનું સ્થળ	વાહનનો પ્રકાર	વાહનની સંખ્યા
૧૧	સરકારી હોસ્પિટલ રોડ પરનું પાર્કિંગ ડો. બકુલ બુચની હોસ્પિટલ સામેના ભાગે	ટુ વ્હીલર	૫૦
૧૨	ખાદી ભંડારનો રસ્તો મુકતા લાઈબ્રેરી તથા પોસ્ટ ઓફિસ જલારામ મંદિર સામે	ટુ વ્હીલર	૨૦૦
૧૩	ખાદી ભંડારનો રસ્તો મુકતા એ-ડીવીઝન પોલીસ ચોકી સામેનો ભાગ	ફોર વ્હીલર	૧૫
૧૪	"સંવાદ" કોમ્પલેક્ષનો પાછળનો ભાગ ડો. મુર્તીના દવાખાના સુધી	ટુ વ્હીલર	૩૫૦
૧૫	તળાવ દરવાજા શાક માર્કેટ ગલી શેરી નં. ૨ મસ્જીદથી ડાબી બાજુ	ટુ વ્હીલર	૧૫૦
૧૬	તળાવ દરવાજા શાક માર્કેટ ગલી શેરી નં. ૬ હરીઓમ પેંડાવાળાની પાછળના ભાગે	ટુ વ્હીલર	૬૦
૧૭	મધુવંતી ગેસ્ટ હાઉસવાળી ગલી શિતળાકુંડ સુધી તથા મહિલા પોલીસ ચોકી, કાળવા ચોક વિસ્તારનું પાર્કિંગ	ટુ વ્હીલર	૩૫૦
૧૮	ડો. બાબાસાહેબ આંબેડકરના પૂતળાના સામેના ભાગે પાણીના પરબની બાજુમાં	ટુ વ્હીલર	૬૦
૧૯	પોલીસ હેડક્વાંટરથી પ્રતીભા એપા. ની ડાબી બાજુ	ટુ વ્હીલર	૧૫૦
૨૦	પુનિત શોપીંગ સેન્ટરની સામેના ભાગમાં (જે હાલમાં છે તે)	ટુ વ્હીલર	૧૦૦
૨૧	શ્યામ ચેમ્બરવાળી ગલી શ્રી હેમાબેન આચાર્યના મકાન સુધી દાતાર રોડ જતા ડાબી બાજુના ભાગે	ટુ વ્હીલર	૫૦૦
૨૨	માંડવી ચોકથી સંઘેડીયા બજાર, મોચીબજાર ચારાપીઠનું પાર્કિંગ	ટુ વ્હીલર	૩૫૦
૨૩	સુખનાથ ચોક વિસ્તારનું પાર્કિંગ મહાનગરપાલિકા ડેલા નંબર-૧ની સામે	ટુ વ્હીલર	૧૩૦
૨૪	નરસિંહ મહેતાના ચોરા પાસે શો-મીલ લાઈનથી આગળના ભાગ	ટુ વ્હીલર	૧૨૫
૨૫	મનોરંજન સર્કિટ હાઉસ સામે દુકાનોનું પાર્કિંગ તથા ચિલ્ડ્રન પાર્કનું પાર્કિંગ મનોરંજનના દરવાજાથી આગાખાન તરફ ડાબી બાજુ	ટુ વ્હીલર	૧૦૦
૨૬	જગત પેટ્રોલ પંપની સામે મનોરંજન સર્કિટ હાઉસની દિવાલે ભુતનાથ રોડ તરફ જતા ગાંધીગ્રામના વળાંકના ભાગ સુધી	ટુ વ્હીલર	૩૦૦
૨૭	ભુતનાથ મંદિરનુ પાર્કિંગ ઈનકમટેક્સ ઓફીસની નીચેના ભાગે તેમજ કોલેજ રોડની સામેનો ભાગે કલ્યાણ નગર તરફ રસ્તાની સાઈડે	ટુ વ્હીલર	૩૦૦
૨૮	મોતીબાગથી આગળ એગ્રીકલ્ચર દરવાજા નંબર-૨ની બાજુમાં તથા કનેરીયા સ્કુલની દિવાલ પાસેની ખુલ્લી જગ્યા રોડની સાઈડે	ટુ વ્હીલર ટુ વ્હીલર	૨૦૦ ૨૦૦
૨૯	સરદારબાગ દરવાજા નં. ૧ તથા ૨ની વચ્ચેનો ભાગ બગીચાની સામે પાર્કિંગ	ટુ વ્હીલર	૨૫૦
૩૦	દ્વારકાધીશ માર્કેટની સામેના ભાગે હવેલીની વાડીની દિવાલ સરદારબાગ જતા રસ્તે	ટુ વ્હીલર	૨૫૦
૩૧	ડો. ચીખલીયા સાહેબના દવાખાનાની સામે તળાવની સાઈડમાં પેટ્રોલ પંપથી જમણી બાજુમાં સંકલ્પ કોમ્પલેક્ષની સામે (જમણી બાજુ)	ટુ વ્હીલર	૨૫૦
૩૨	રવિ કલર લેબથી સંકલ્પ કોમ્પલેક્ષની નીચેના ભાગે	ટુ વ્હીલર	૨૫૦
૩૩	શ્રી રામ ગેસ્ટ હાઉસથી એસ.ટી. ના બીજા ગેઈટ સુધી	ટુ વ્હીલર	૧૦૦
૩૪	નરસિંહ વિદ્યા મંદિરની દિવાલ	ટુ વ્હીલર	૧૦૦
૩૫	ચિતાખાના ચોકનું પાર્કિંગ ગાંધીચોક સહીત ડો. કાજીની હોસ્પિટલવાળી ગલીથી હાલની મટન માર્કેટ સુધી	ટુ વ્હીલર	૩૦૦

ક્રમ	પાર્કિંગનું સ્થળ	વાહનનો પ્રકાર	વાહનની સંખ્યા
૩૬	માંડવી ચોકથી ઢાલરોડ હાલની મચ્છી માર્કેટમાં	ટુ વ્હીલર	૭૦
૩૭	મોટી શાક માર્કેટથી ઉપરકોટ સુધી જૈન ધર્મશાળાની બાજુની જગ્યા	ટુ વ્હીલર	૧૭૫
૩૮	અંબિકા ચોક સ્વામીનારાયણ મંદિરના પાછળના ભાગે	ટુ વ્હીલર	૧૦૦
૩૯	સેજના ઓટાથી હાટકેશ્વરવાળી ગલીમાં ડાબી બાજુ	ટુ વ્હીલર	૧૫૦
૪૦	ગીરનાર રોડ લુહાણા મહાજન વાડીની બાજુમાં તથા સામેની બાજુ	ટુ વ્હીલર	૨૦૦
૪૧	મયારામ આશ્રમથી ગીરનાર દરવાજાની ડાબી બાજુ	ફોર વ્હીલર	૩૦
૪૨	જોષીપુરા વિસ્તારમાં આંબાવાડી હીરામાર્કેટ (રીઝર્વ પ્લોટવાળી જગ્યા) પે એન્ડ યુઝની બાજુમાં	ટુ વ્હીલર	૭૫
૪૩	માધવરત્ન કોમ્પલેક્ષની સામે જોષીપુરા	ટુ વ્હીલર	૪૦૦
૪૪	સરદાર પટેલ કો. હાઉસીંગ સોસાયટી સામેના ભાગે હીરા ઉદ્યોગની રીક્ષાઓ માટે	રીક્ષા	૪૦
૪૫	જોષીપરા શાકમાર્કેટની બાજુમાં જુની ગૌશાળાવાળી જગ્યા	ટુ વ્હીલર	૩૦૦
૪૬	ગાંધીગ્રામ હેડ પોસ્ટ ઓફિસની સાઈડમાં	ટુ વ્હીલર	૩૦૦
૪૭	કોન્વેટ સ્કુલ, ગાંધીગ્રામ બન્ને સાઈડ	ટુ વ્હીલર	૨૦૦
૪૮	કાળવા ચોકથી માંગનાથ તરફ જતા જવાહર સાયકલ સ્ટોરના સામેના ભાગે	ટુ વ્હીલર	૧૦૦
૪૯	જેનેલી શોપીંગ સેન્ટર સામેના ભાગે વડલાવાળી જગ્યા	ટુ વ્હીલર	૫૦
૫૦	વણઝારી ચોક શ્રધ્ધા કેમીકલની સામેના ભાગે	ટુ વ્હીલર	૭૫
૫૧	તળાવ દરવાજા શહીદ સ્મારકની સાઈડમાં તથા વિવેકાનંદ સ્મૃતિ ભવનની દિવાલે	ટુ વ્હીલર	૧૦૦
૫૨	રેલ્વે સ્ટેશન સર્કલની સામે	ટુ વ્હીલર	૩૦૦
૫૩	નીચલા દાતારની જગ્યાની ડાબી બાજુની ખુલ્લી જગ્યામાં (**નોંધ** : દાતારનો ઉર્ષ દરમ્યાન પાર્કિંગની આ જગ્યા ખાલી રાખવાની રહેશે.)	ફોર વ્હીલર	૫૦
૫૪	ઈગલ મારબલ (શ્રી ગણેશજીના મંદિર પાસે) ઈગલ મારબલની દિવાલ	ટુ વ્હીલર થ્રી વ્હીલર તથા ફોર વ્હીલર	૨૦૦ ૫૦

જુનાગઢ, ૨૬ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

આર. કે. પાઠક
જિલ્લા મેજિસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

INDEX

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા-કલમ-૧ તથા ૩ અન્વયે હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૩૬૨૮ થી ૩૬૮૫/૨૦૦૫.-(૧) આગામી દિવસોમાં "રામનવમી", "મહાવીર જયંતિ" તથા ઈદેમિલાદના તહેવાર આવનાર હોય, જિલ્લામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ અને જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, એસ. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૧૬-૦૪-૨૦૦૫ થી તા. ૩૦-૦૪-૨૦૦૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડા અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવું નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી અને બુમો પાડવી નહી તથા સુત્રોચ્ચાર કરવા નહી.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમ ગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધ સરકારી કર્મચારી તથા અધિકારીઓને.

(બ) શારિરીક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈને ફરવું જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ ૧૬-૦૪-૨૦૦૫ થી તારીખ ૩૦-૦૪-૨૦૦૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સબંધિત તાલુકા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવું છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ)માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નના વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી માહે એપ્રિલ, ૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૫ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

એસ. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નાં. મેજિ/જાહેરનામું/૩૭(૧)૦૪/૨૦૦૫.-તા. ૧૦-૪-૦૫ થી તા. ૩૦-૪-૦૫ સુધીના સમયગાળા દરમ્યાન કચ્છ જિલ્લામાં યોજાનાર વિવિધ ઉર્ષ તથા મેળાઓ તેમજ ચેટીચાંદ અને રામનવમી જેવા ધાર્મીક તહેવારો નજરે આ સમયગાળા દરમ્યાન જિલ્લામાં કાયદો વ્યવસ્થા જોખમાય નહી તેમજ જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું એચ. એસ. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભૂજ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા. ૧૦-૦૪-૨૦૦૫ થી તા. ૩૦-૦૪-૨૦૦૫ સુધી નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) અપમાન કરવાના કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી. તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો પ્લેકાર્ડો, પત્રિકાઓ અથવા બીજા કોઈ પદાર્થ, વસ્તુ તૈયાર કરવા નહી, અગર અપમાન કરવાના ઈરાદાથી કોઈ નનામી બાળવી નહી.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા સબડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરે તેવી બીજા કોઈ વ્યકિતઓને.

અનુસૂચિ :

"સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર"

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત મુંબઈ પોલીસ અધિનિયમ–૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને, તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૦૫-૦૪-૨૦૦૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૫ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

એચ. એસ. મહેતા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના મુંબઇ અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા./૧૪૭૩/૨૦૦૫.-ભાવનગર જિલ્લામાં આગામી તા. ૨૨-૪-૨૦૦૫ના રોજ મહાવીર જયંતી અને ઇદ-એ-મીલાદ, તા. ૨૪-૪-૨૦૦૫ના હનુમાન જયંતી તથા તા. ૧૦-૫-૨૦૦૫ના પરશુરામ જયંતીનો તહેવાર ઉજવનાર હોય ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂં આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા સુલેહ શાંતિપૂર્વક જળવાય રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતીને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડલીવાળી લાકડીઓ, લોખંડના પાઇપ, ભાલા, વિગેરે જેવા પ્રાણઘાતક હથીયારો લઇને હરે ફરે નહીં તે માટે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવુ જરૂરી છે.

સબબ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના મુંબઇના ૨૨ માં અધિનિમયમની કલમ–૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, ડી. બી. વોરા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો ભાવનગર આથી જાહેરશાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવુ છું કે, કોઇએ નિચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૨-૪-૨૦૦૫ થી તા. ૨૧-૫-૨૦૦૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા)

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, ધારીયા, તલવાર, ગુપ્તી, સોટા, બંદુક છરી, કુહાડી, લાકડી અથવા લાઠી અથવા શારિરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહી.

(ખ) કોઈપણ ભયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવા નહી, અથવા ટોળામાં ફરવું નહી.

(છ) જેનાથી સુરૂચીનો અથવા તો નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ઠા કરવી નહી. તેવા ચિત્રો-પત્રિકાઓ-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવી નહીં, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ ક, ખ, ગ, ઘ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યક્તિને કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવુ કોઈ પણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ પણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશક્તિને કારણે લાકડી આથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઇ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસુચિ :

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર,

આ જાહેરનામાનો કોઇ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

"જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઇપણ હેડ કોન્સ્ટેબલે તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે."

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોટાડીને સદરહું વિસ્તારમાં ધ્વની વર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું, ફરમાવું છું.

આજ તારીખ ૨૦-૪-૨૦૦૫ ના રોજ મારી સહી તથા સિક્કો માર્યો.

ભાવનગર, ૨૦ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

જાહેરનામું

નં. ડીએમ/૧/૧૬૯૮/૨૦૦૫.-તા. ૨૨-૪-૨૦૦૫ના રોજ ઇદ એ મિલાદનો તહેવાર છે. આ તહેવારના દિવસે ભાવનગર શહેરમાં ચાવડીગેટ પાસે મહંમદશા બાપુની વાડીએથી એક ઝુલુસ નીકળનાર છે. આ ઝુલુસમાં ઘોડાગાડી, બગી, ઘોડા, ઉંટ ગાડી, રીક્ષાઓ, ટ્રક, મોટર વાહન મોટા પ્રમાણમાં જોડાનાર છે. જે વાહનોમાં ઝુલુસનાં માણસો અંદર બેસીને નીકળે છે. જેથી વાહનવ્યવહાર સ્થગીત થાય નહી અને ટ્રાફીકનું નિયમન થાય તે માટે મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઇએ હું, ડી. બી. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર નીચે જણાવેલ રસ્તાઓને તા. ૨૨-૪-૨૦૦૫ના રોજ સવારના કલાક ૧૦-૦૦ થી કલાક ૧૪-૦૦ સુધી એકમાર્ગીય જાહેર કરૂં છું.

(૧) ભાવનગર શહેરમાં વોરાબજાર, મહેતા પેંડાવાળાની દુકાનના નાકાથી બાર્ટન લાયબ્રેરી તરફ જતા રસ્તાપર રુવાપરી ગેટથી વોરા બજારમાં કોઇ વાહનો પ્રવેશ કરી શકશે નહી.

(૨) બાર્ટન લાઇબ્રેરીથી હલુરીયા ચોક સુધી જતા હલુરીયા ચોકથી રૂવાપરી ગેઇટ બાર્ટન લાયબ્રેરી તરફ કોઇ વાહન આવશે નહી.

(૩) હલુરીયા ચોકથી ઘોઘાગેટ ચોક સુધી જતા, ઘોઘાગેટથી હલુરીયા ચોક તરફ કોઇ વાહનો જશે નહી.

આ જાહેરનામું આવશ્યક સેવાઓને લગતા વાહનોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થઇ શકશે. આ જાહેરનામાની ઉપર જણાવેલ સ્થળે નકલો ચોટાડીને અને વર્તમાનપત્રો મારફત બહોળી પ્રસિધ્ધ કરાવવી.

આજ તા. ૨૧-૪-૨૦૦૫ ના રોજ મારી સહી સીક્કો કરીને પ્રસિધ્ધ કર્યું.

ભાવનગર, ૨૧ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

ડી. બી. વોરા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (એમ) હેઠળ

હુકમ

ક્રમાંક : મજસ/૩/વ/નર્મદા કેનાલ/૪/૨૦૦૫.-ગુજરાત રાજ્યના રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની જરૂરીયાતને અનુલક્ષીને નર્મદા કેનાલ મારફતે સૌરાષ્ટ્ર કેનાલમાંથી પાણી છોડવાનું આયોજન થયેલ છે, આ પાણી ઢાંકી ખાતે (કી.મી. ૬૮) પહોંચે ત્યાંથી પમ્પીંગ કરીને માળીયા કેનાલમાં નાખવામાં આવે છે, માળીયા કેનાલ સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના લીલાપુર, ઈંગરોડી થઈ દસાડા તાલુકાના ગેડીયા, સેડલા, માલવણ, પીંપળી તથા ધ્રાંગધ્રા તાલુકાના ધ્રુમઠ, ભરાડા, વસાવડા, મોટી માલવણ, સજ્જનપુર, જેસડા, વિરેન્દ્રગઢ, નરાલી, જશમતપુર તથા હળવદ તાલુકાના રણમલપુર, એંજાર, ઘણાદ, માલણીયાદ, ઈશનપુર, નવા અમરાપા, મયાપુર, ઈંગરોળા, ખોડ, અજીતગઢ, માનગઢ, ટીકર, નવાઘાટીલા થઈ માળીયા તાલુકામાં પ્રવેશે છે, જે ત્યાં થઈને ખીરાઈ સુધી જાય છે, આ અતિ મહત્વની માળીયા કેનાલમાં અનધિકૃત રીતે પંપસેટ ગોઠવી પાણી ઉપાડવામાં આવતું અટકાવવા માટે અને પાણી પુરવઠો નિયમીત જળવાઈ રહે તે માટે આ કેનાલ વિસ્તાર પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવા માટે કાર્યપાલકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સુરેન્દ્રનગર તરફથી દરખાસ્ત મળેલ છે.

સબબ ઉપરોક્ત યોજના હેઠળ મેળવવામાં આવતા પીવાના પાણીના જથ્થાનું યોગ્ય વિતરણ થઈ શકે તેમજ પાણીની ચોરી અથવા બગાડ થતો અટકાવી શકાય, તેમજ પીવાના પાણીની વ્યવસ્થામાં ભાંગફોડ ઉભી કરી પાણીની વિતરણ વ્યવસ્થા ઉપર વિપરીત અસર પહોંચે તેવા કૃત્યો અટકાવવા અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે નીચે મુજબનો હુકમ બહાર પાડવો અમોને જરૂરી જણાય છે.

આથી હું, એસ. એલ. અમરાણી, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મને મળેલ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(એમ)થી મળેલ સત્તાની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના નીચે જણાવેલ વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવાનો હુકમ કરૂ છું.

પ્રતિબંધિત વિસ્તાર :

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના લીલાપુર, ઈંગરોડી થઈ દસાડા તાલુકાના ગેડીયા, સેડલા, માલવણ, પીંપળી તથા ધ્રાંગધ્રા તાલુકાના ધ્રુમઠ, ભરાડા, વસાવડા, મોટી માલવણ, સજ્જનપુર, જેસડા, વિરેન્દ્રગઢ, નરાલી, જશમતપુર તથા હળવદ તાલુકાના રણમલપુર, એંજાર, ઘણાદ, માલણીયાદ, ઈશનપુર, નવા અમરાપા, મયાપુર, ઈંગરોળા, ખોડ, અજીતગઢ, માનગઢ, ટીકર, નવાઘાટીલાને આવરી લેતો માળીયા કેનાલનો વિસ્તાર.

આ હુકમ અન્વયે ઉક્ત પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ અનધિકૃત વ્યક્તિ/ઈસમ પ્રવેશ કરી શકશે નહી તેમજ પાણી વિતરણની વ્યવસ્થા ખોરવાઈ જાય તેવું કૃત્ય કરી શકશે નહી.

ઉપરોક્ત યોજનામાંથી જે શહેરો/ગામોને પીવાના પાણીની તકલીફને કારણે ટેન્કર અગર અન્ય સાધનો દ્વારા પાણી પહોંચાડવા માટે સક્ષમ અધિકારી તરફથી મંજુરી આપવામાં આવેલ હોય તેવા વાહનો તેમજ સરકારી સેવામાં રોકાયેલ હોય તેવી વ્યક્તિઓ કે વાહનોને આ હુકમ લાગુ પડશે નહી.

આ હુકમ ઉપરોક્ત જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ નકલ ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્ર મારફતે તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કે તેમ કરવામાં મદદગારી કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૬ માહે એપ્રિલ સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

સુરેન્દ્રનગર, ૧૬ માહે અપ્રિલ, સને ૨૦૦૫.

એસ. એલ. અમરાણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો,
સુરેન્દ્રનગર.

પોલીસ કમિશનર દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમન ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે

હુકમ

ક્રમાંક : એસ.બી/જાહેરનામું/૧૧૪૬/૨૦૦૫.-રાજકોટ શહેરની વર્તમાન પરિસ્થિતીને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી છે. તેમજ રાજકોટ શહેરમાં કોઈ પણ પ્રકારના સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

રાજકોટ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારોમાં કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા પર, કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. નિત્યાનંદમ, પોલીસ કમિશનર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નં. જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રી. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ)ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૦૧-૦૫-૨૦૦૫ કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૦૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) ચાર કરતા વધારે માણસોના ભેગા થવા પર, કોઈ સભા બોલાવવાનું કે સરઘસ કાઢવા ઉપર.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેવો તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમન ૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર છે.

હું, આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ ૨૭ માહે એપ્રિલ ૨૦૦૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૧૧૪૭/૨૦૦૫.-રાજકોટ શહેરમાં તાજેતરમાં ચાલુ વાહન ઉપર વાહન ચાલક મોબાઈલ ફોનથી

વાત કરતાં ફેટલ અકસ્માત અને બીજા અકસ્માતના બનાવો બનવા પામેલ છે. આ રીતે ચાલુ વાહને વાહન ચાલક મોબાઈલ ફોનથી વાત કરે તે હીતાવહ નથી. આથી જાહેર જનતાની સલામતી જોખમાય છે. આથી જાહેર જનતાની સલામતી જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂરત જણાય છે.

વાસ્તે, હું કે. નિત્યાનંદમ, પોલીસ કમિશનર, રાજકોટ શહેર, રાજકોટ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૧૯૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦/એમ, અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગનાતા. ૭-૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નં. જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, માં થયેલ છે. જેમાં રાજકોટ શહેર પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રી. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રી)ને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રીમીનલ પ્રોસીઝર કોડ કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૦૧-૦૫-૨૦૦૫ કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૦૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

પેટ્રોલ/ડીઝલથી સંચાલીત તમામ પ્રકારના વાહનો ચલાવતી વખતે વાહન ચાલકે ચાલુ વાહને મોબાઈલ ફોન ઉપર વાત કરવા માટે પ્રતિબંધ ફરમાવું છું.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશનરની હુકમત હેઠળનો વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ ફોજદારી ગુન્હાના આરોપી ઠરશે અને શિક્ષાને પાત્ર થશે.

હું, આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ ૨૭ માહે એપ્રિલ-૨૦૦૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસબી/જાહેરનામું/૧૧૪૮/૨૦૦૫.-ગુટખાનું સેવન કરવું એ મનુષ્યના આરોગ્ય માટે હાનીકારક છે. અને ખાસ કરીને શૈક્ષણીક સંસ્થાઓની આજુબાજુના ૧૦૦ મીટરમાં વેચાતા ગુટખાના કારણે શૈક્ષણીક સંસ્થાઓમાં અભ્યાસ કરતા કુમળી વયના બાળકોના માનસપર તેની વિપરીત અસર પડે છે. અને પ્રલોભન પણ થવાની શક્યતા રહે છે. જેથી શૈક્ષણીક સંસ્થાઓની ૧૦૦ મીટરની આજુબાજુના વિસ્તારમાં ગુટખાના વેચાણ કરવા ઉપર પ્રતિબંધ મુકવા બાબતે કમિશનરશ્રી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્ય ગાંધીનગરના પત્ર નં. પીએફએ/૧૦૯૭/૫૪૫૩૫, તા. ૩૦-૯-૯૭ તથા ગૃહ વિભાગ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર નં. પરચ/૨૯૯૩/૧૦૪૫૦/ડ, તા. ૧૦-૧૦-૯૭થી પરીપત્રો બહાર પાડેલા છે.

ઉપરોક્ત સરકારશ્રીના પરિપત્રને કાયદાના સ્વરૂપે અમલમાં લાવવા, જરૂરી પ્રક્રિયામાંથી પસાર થવામાં સમય લાગે તેમ છે અને હાલમાં શૈક્ષણીક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આવા ગુટકાઓનું ખુજબ પ્રમાણમાં સેવન કરતા હોવાનું જણાવાયેલ છે. જે આરોગ્યને નુકશાન કરતા હોય, તેને અંકુશમાં લાવવા, ચોક્કસ પ્રતિબંધ રાખવો જરૂરી બને છે. જેથી આ બાબતે કાયદાકીય જોગવાઈ કર્યેથી જાહેર હિત તેમજ જાહેર આરોગ્યની સલામતી જાળવામાં સહાયરુપ થાય તેમ છે.

વાસ્તે હું, કે. નિત્યાનંદમ, પોલીસ કમિશનર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નં. જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી અને સુપ્રી. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ)ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે. તે અધિકારીની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૦૧-૦૫-૨૦૦૫ કલાક ૦૦-૦૦ થી તા. ૩૦-૦૬-૨૦૦૫ ક. ૨૪-૦૦ સુધી નીચેનાં કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

શૈક્ષણીક સંસ્થાઓમાં તથા તેની ૧૦૦ મીટરની આજુબાજુના વિસ્તારમાં ગુટખાના વેચાણ કરવા પર, રાખવા તથા તેનુ સેવન કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

વિસ્તાર

નં. જિ.પં./સહ/નધણ/પુન:જીવીત/નરવાઈ માતાજી/૬૨૧/૨૦૦૫.-પોરબંદર જિલ્લાની પોરબંદર તાલુકાની શ્રી નરવાઈ માતાજી સેવા સહકારી મંડળી લી. મુકામ રાજપર(નવાગામ) ને ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ના કાયદાની કલમ-૧૦૭ અન્વયે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, પોરબંદર તરફથી તા. ૧૭-૧૨-૦૩ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે. આ સંસ્થાને ફડચા અધિકારીશ્રી નરવાઈ માતાજી સેવા સહકારી મંડળી લી. રાજપર(નવાગામ)

તા. જી. પોરબંદર અને ખાસ અધિકારી વહીવટ અને ફડચો વિભાગ-૫ પોરબંદર લગત જુનાગઢ જિલ્લા સહકારી બેંક લી. પોરબંદર તરફથી ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમાંક-૩ વાળા થી સહકારી કાયદાની કલમ-૧૯ હેઠળ પુનઃજીવીત કરવા દરખાસ્ત રજુ કરેલ, જે જિલ્લા પંચાયત પોરબંદરની તા. ૧૧-૩-૦૫ની કારોબારી સમિતિની બેઠકમાં રજુ થતા ચર્ચા વિચારણા અંતે મુદ્દા નં. ૮ ઠરાવ નં. ૧૫૦ થી ઉક્ત શ્રી નરવાઈ માતાજી સેવા સહકારી મંડળી લી. મુકામ રાજપર(નવાગામ) તા. જિ. પોરબંદરને ગુજરાત સહકારી મંડળીઓ સને ૧૯૬૧ના કાયદાની કલમ-૧૯ તથા નિયમ-૧૦ ની જોગવાઈ અન્વયે મંડળીના સંચાલનમાં તમામ સભ્યો કાર્યરત થઈ મંડળીના સંચાલન બાબતે પુરો રસ દાખવવા તથા વ્યવસ્થાપક સમિતિએ સંસ્થાનો વહીવટ સહકારી કાયદો કાનુન અને પેટા નિયમોને આધારે વહીવટ કરવા જણાવી પુનઃજીવીત કરવાનો આથી આદેશ કરવામાં આવે છે.

પોરબંદર, ૫ માહે મે, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
જિલ્લા વિકાસ અધિકારી,
જિલ્લા પંચાયત,
પોરબંદર.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (જિ. પં.) દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નધણ/સહ/વશી/૩૬૨/૨૦૦૫.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (જિલ્લા પંચાયત) રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ઈશ્વરીયા સેવા સહકારી મંડળી લી., મુ. ઈશ્વરીયા, તા., જામકંડોરણા, જિલ્લો : રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦)ની કલમ-૯(૧)(ખ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નં. સે. ૩૫૦૩૩ છે.

રાજકોટ, ૩૦ માહે મે, સને ૨૦૦૫.

પી. એમ. સોની,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (જિ. પં.),
રાજકોટ.

સંયુક્ત નિયામક (ટેક્ષટાઈલ), કુટીર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજ્ય દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : જીઉકે/ભુજ/નધણ/થ-૨/૨૨/૧૬૭/ઉ-૬૫૮૧/૦૫.- આથી જાહેર કરે છે કે શ્રી ડિઝાયર ફેબ્રીકેશન ઔદ્યોગિક ઉત્પાદન સહકારી મંડળી લી., ન્યુ ભારતનગર, મર્યાદિત સ્થળ : ગાંધીધામ, તાલુકો : ગાંધીધામ, જીલ્લો : કચ્છ.

સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ--૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નોંધ : આ મંડળીને અગાઉ ફાળવેલ નોંધણી નંબર :ઉ-૫૮૯૬ આથી રદ કરવામાં આવે છે.

ગાંધીનગર, ૨૧/૩૦ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
સંયુક્ત નિયામક (ટેક્ષટાઈલ),
કુટીર અને ગ્રામોદ્યોગ,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 23rd JUNE, 2005/ASHADHA 2, 1927 [No. 25

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	449-464	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	282-289
		PART - II Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	513-530
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

BY THE INCHARGE PRINCIPAL DISTRICT JUDGE

NOTIFICATION

Read : (1) Govt. Resolution. Social Justice & Empowerment Dept., Sachivalaya. Gandhinagar No.. G/L/16/JJA/1597/2425/836 (01)/CHH. I. dated 9th August. 2001.

(2) Hon'ble High Court Letter No. C. 1801/2001. dated : 12/09/2001.

(3) Notification No. Judi/111/2002. dated : 04/04/2002 of this Court.

(4) High Court Notification No. A. 2622/96(III). dated : 19/5/2005.

(5) High Court Notification No. 0705/2005(II). dated : 19/5/2005.

No. Judi/2947/2005.-(1) Consequent upon the merger and convertion of the post of Assistant Judges and Extra Assistant Judges. Surendranagar into Senior Civil Judges, under the Notification referred to above, at Sr. No. 4 and in view of the constitution of the Juvenile Justice Boards by the Government vide Notification read in the preamble at Sr. No. 1. it is hereby notified for the general information of all concern that, the Principal District Judge, Surendranagar is pleased to appoint 2nd Additional Senior Civil Judge & Judicial Magistrate First Class. Surendranagar as the Chairman of the Juvenile Justice Board for the area comprising whole of Surendranagar District u/s. 4 of the Juvenile Justice (care & protection) Act. 2000 with immediate effect.

(2) In view of the aforesaid appointment, the undersigned is further pleased to transfer all the Cases under the Act (Juvenile Justice Board) pending with the 4th Additional Senior Civil Judge & J.M.F.C.. Surendranagar are hereby ordered to be transferred to the Court of 2nd Additional Senior Civil Judge & J.M.F.C.. Surendranagar.

(3) It is also hereby ordered that the Staff viz one Assistant attached to Juvenile Justice Board. Surendranagar is ordered to work in the Court of 2nd Additional Senior Civil Judge & J.M.F.C.. Surendranagar until further order.

Surendranagar, 30th May, 2005.

Read : 1. The Gujarat Civil Courts Act, 2005.

2. The Hon'ble High Court of Gujarat Noti. No. A. 2622/1996(III), Dated 19-5-2005.

3. The Hon'ble High Court of Gujarat Noti. No. A. 0705/2005, Dated 19-05-2005.

No.ADM/3011/2005.-Consequent upon coming into force of the Gujarat Civil Courts Act, 2005 and the Gujarat State Judicial Service Rules, 2005 the undersigned is pleased to order that the cadres/posts specified below in column No. 3 stands re-designated with immediate effect as the cadres/posts specified in the corresponding entries in column No. 4 :

Sr. No.	Name of Officer	Existing Posts	Re-designated Posts
1	2	3	4
1	MR. K. M. BHUT	DISTRICT JUDGE	PRINCIPAL DISTRICT JUDGE
2	MR. A. P. BHOJAK	JT. DISTRICT JUDGE	ADDL. DISTRICT JUDGE
3	MR. K. M. SHAIKH	JT. DIST. JUDGE 1-FTC	PRESI. OFFICER, FTC NO. 1
4	MR. I. M. SHAIKH	JT. DIST. JUDGE 3-FTC	PRESI. OFFICER, FTC NO. 3
5	MR. H. P. PATEL	2ND JT. DIST. JUDGE	2ND ADDL. DISTRICT JUDGE
6	MR. M. M. SONI	JT. DIST. JUDGE 2-FTC	PRESI. OFFICER, FTC NO. 2
7	MR. J. K. JANI	CIVIL JUDGE (S.D.)	PRINCIPAL SENIOR C. J.
8	MR. K. K. MERIA	ASSISTANT JUDGE	C.J.M. & ADDL. SENIOR C. J.
9	MR. L. S. RABARI	EXTRA ASSI. JUDGE,	2ND ADD. SENIOR C. J.
10	MR. J. H. CHAMPAVAT	CHIEF JUDI. MAGI.	3RD ADDL. SENOR C. J.
11	MR. C. R. BAROT	2ND JT. C. J. (S.D.)	4TH ADDL. SENIOR C. J.
12	MR. P. V. SHRIVASTAV	3RD JT. C. J. (S.D.)	5TH ADDL. SENIOR C. J.
13	MR. R. L. THAKKAR	4TH JT. C. J. (S.D.)	6TH ADDL. SENIOR C. J.
14	MR. J. B. PARIKH	5TH JT. C. J. (S.D.)	7TH ADDL. SENIOR C. J.
15	MR. K. B. MEHTA	CIVIL JUDGE (S.D.)	PRICIPAL SENIOR C. J.
16	MR. N. P. MEHTA	JT. CIVIL JUDGE (S.D.)	ADDL. SENIOR C. J.
17	MR. D. C. TRIVEDI	JT. C. J. (J.D.)	ADDL. CIVIL JUDGE
18	MR. H. G. VAGHELA	2ND JT. C. J. (J.D.)	2ND ADDL. CIVIL JUDGE
19	MR. M. M. SHAIKH	3RD JT. C. J. (J.D.)	3RD ADDL. CIVIL JUDGE
20	MR. K. A. ANJARIYA	4TH JT. C. J. (J.D.)	4TH ADDL. CIVIL JUDGE
21	MR. K. H. DHORE	5TH JT. C. J. (J.D.)	5TH ADDL. CIVIL JUDGE
22	MR. I. I. PATHAN	6TH JT. C. J. (J.D.)	6TH ADDL. CIVIL JUDGE
23	MR. G. R. SONI	7TH JT. C. J. (J.D.)	7TH ADDL. CIVIL JUDGE
24	MR. D. J. MEHTA	8TH JT. C. J. (J.D.)	8TH ADDL. CIVIL JUDGE
25	MR. M. S. BAQUI	9TH JT. C. J. (J.D.)	9TH ADDL. CIVIL JUDGE
26	MR. G. H. DESAI	CIVIL JUDGE (J.D.)	PRINCIPAL CIVIL JUDGE
27	MR. H. P. BHATT	CIVIL JUDGE (J.D.)	PRINCIPAL CIVIL JUDGE
28	MR. B. J. GANATRA	CIVIL JUDGE (J.D.)	PRINCIPAL CIVIL JUDGE
29	MR. H. A. SHAH	CIVIL JUDGE (S.D.)	PRINCIPAL CIVIL JUDGE
30	MR. Y. G. MANSURI	CIVIL JUDGE (J.D.)	PRINCIPAL CIVIL JUDGE
31	MR. R. R. ZIMBA	JT. C. J. (J.D.)	ADDL. CIVIL JUDGE

Surendranagar, 14th June, 2005.

A. P. BHOJAK,
I/c. Pricipal District Judge,
Surendranagar.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/૩૬/૨૦૦૫.-નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત, જામનગરના પત્ર નં. એ.એચ.ટેક/એન્થ્રકેસ/રોગચાળો/૩૭૨/૨૦૦૫, તા. ૩-૬-૨૦૦૫થી જામનગર જિલ્લામાં જોડીયા તાલુકનાં બાદનપર (જો) ગામે ઘેટા-બકરા વર્ગના પશુઓમાં એન્થ્રકેસના ચેપી રોગોનો ઉપદ્રવ ચાલતો હોઈ સદરહું વિસ્તાર ''કાળીયા તાવગ્રસ્ત વિસ્તાર'' તરીકે જાહેર કરવા દરખાસ્ત કરેલ છે.

ઉપરોક્ત દરખાસ્ત વિચારણામાં લઈને બોમ્બે પોલીસ એક્ટ-કલમ-૩૩(૧)ઢ, અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ટી. નટરાજન, આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર જિલ્લા, જામનગર નીચે દર્શાવેલ પરિશિષ્ટના કોલમ-૨માં જણાવ્યા મુજબના વિસ્તારને ''કાળિયા તાવગ્રસ્ત વિસ્તાર'' તથા કોલમ નં. ૩ માં જણાવેલ વિસ્તારને ''કાળીયા તાવ ભયગ્રસ્ત વિસ્તાર'' તરીકે જાહેર કરું છું તથા કોલમ નં. ૪ માં જણાવેલ અધિકારીને આ બાબતે જરૂરી ઉપચારાત્મક પગલા લેવા નિમણુંક કરું છું.

અનું. નં.	કાળીયા તાવ (એન્થેકસ) ગ્રસ્ત વિસ્તાર	કાળીયા તાવ ભય ગ્રસ્ત વિસ્તાર	નિમણુંક કરેલ અધિકારીશ્રી
૧.	બાદનપર (જો) તા. જોડીયા જિ. જામનગર.	જોડીયા, કુન્નડ, તા. જોડીયા, જિ. જામનગર	૧. પશુ ચીકીત્સા અધિકારી, પશુ દવાખાના જોડિયા ૨. નાયબ પશુ પાલન નિયામક, જિલ્લા પંચાયત જામનગર

આ સાથે જોડીયા તાલુકાના બાદનપર(જો) ગામના પશુઓ રાખનાર લોકોને જણાવવાનું કે, આ રોગ અતિ ભયંકર છે અને પશુઓમાંથી માણસોમાં પણ ફેલાવો થઈ શકે તેમ છે. કાળજી ન લેવામાં આવે તો માણસોમાં પણ રોગ થવા સંભવ છે.આથી બાદનપર (જો.) વિસ્તારના પશુપાલકોને નીચે જણાવ્યા મુજબના સાવધાનીના પગલા લેવા જણાવવામાં આવે છે.

૧. રોગીષ્ટ પશુઓમાં આ રોગમાં તાવ આવે, ધ્રુજારી આવે તથા નાક, કાન, ગુદા વિગેરે કુદરતી દ્વારોમાંથી કાળું લોહી નિકળતું હોય છે. જે લોહી જામતું નથી હોતુ. આ લોહી કેરોસીન કે લાકડાનો ઉપયોગ કરી બાળીને નાશ કરવો.

૨. કાળીયો તાવ જેવા ચિન્હો ધરાવનાર પશુને તંદુરસ્ત પ્રાણીથી અલગ રાખવું તથા તેના શરીરના ભાગમાંથી નીકળતું લોહી માણસ તથા બીજા તંદુરસ્ત પશુના સંપર્કમાં ન આવે તેની કાળજી રાખવી.

૩. આ રોગથી મરણ પામેલા જાનવરોની ચીરફાડ કરવી નહી. ચામડું ઉતારવું નહી તથા ઘેટાના ઉનનો ઉપયોગ કરવો નહી અને મૃત પશુને જમીનમાં ઉંડો ખાડો કરી, મીઠું અને ચુના સાથે દાટી દેવા ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે.

૪. આ રોગથી સપડાયેલ પશુને જોડીયા, મુકામે પશુ દવાખાનાનો સંપર્ક કરી સારવાર કરાવવી તથા તંદુરસ્ત પશુઓને રસી મુકાવવી. રસીકરણ પશુપાલન ખાતા દ્વારા મફત કરવામાં આવે છે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની ત્રણ માસ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૬-૦૬-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મહોર સાથે બહાર પાડયું.

જામનગર, ૯ માહે જૂન, સને ૨૦૦૫.

ટી. નટરાજન,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નાં. એમએજી/સી/૨૫૯૭/૨૦૦૫.-તાજેતરમાં વિસાવદર ખાતે એક હિન્દુના થયેલ ખુન અન્વયે તનાવભરી પરિસ્થિતિ પ્રવર્તતી હોય જિલ્લામાં જમીનની પેશકદમી દુર કરવાની કાર્યવાહી ચાલુ હોય, વેરાવળ પ્ર. પાટણ સંવેદનશીલ હોય તથા ગીરનાર પર્વત પર ગુરુ દતાત્રેયની જગ્યામાં વિવાદ ચાલુ હોય કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારું પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના તા. ૪-૬-૨૦૦૫ના પત્રથી અત્રે દરખાસ્ત રજુ થઈ છે.

(૨) ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતાં સુલેહશાંતિ જાળવવા સારું અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનિય બનાવ બને નહી તે માટે હું, એ. સી. રાઠોડ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રુએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તારીખ : ૯-૬-૨૦૦૫ થી ૭-૭-૨૦૦૫ બન્ને દિવસો સહીત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈ પણ વ્યક્તિ.

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહી.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવા નહી.

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અસ્લીલ ગીતો ગાવા નહી.

(છ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવુ નહી, તેવા હાવ ભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજ કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(૩) આ હુકમ નીચની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી હોય વ્યક્તિ કે જેનાં ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તેઓ રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાના કોઈ ખંડના ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને મુંબઈ પોલીસ અધિનિયમ, કલમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીમાં કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિઓ ગુનો સાબીત થવાથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/-નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવજ્ઞાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યક્તિને ૬ માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/-નો દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૦૭મી જૂન-૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૭મી માહે જૂન, સને ૨૦૦૫.

એ. સી. રાઠોડ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૬૬/૨૦૦૫.-પોરબંદર જિલ્લામાં પોરબંદર નગરપાલિકાને કોર્પોરેશન બનાવવના વિરોધમાં વેપારી આગેવાનો દ્વારા કાર્યક્રમો કરવાની શકયતા છે, તેમજ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી લાલકૃષ્ણ અડવાણીની પાકિસ્તાન મુલાકાત દરમ્યાન કરેલ કહેવાતા નિવેદનનાં વિરોધમાં ભાજપ તથા તેની ભગીની સંસ્થાઓ જેવી કે વિહિપ, આર. એસ. એસ., બજરંગદળ વિગેરે કહેવાતા નિવેદનના વિરોધમાં આગામી દિવસોમાં પ્રત્યાઘાતના ભાગ રૂપે દેખાવો સુત્રોચાર વિગેરે કાર્યક્રમોનું આયોજન કરે તેવી શકયતા છે. તેમજ પાણીના પ્રશ્ને પોરબંદર જિલ્લામાં રાજકીય પક્ષો તથા અન્ય સંગઠનો દ્વારા સભા સરઘસ ધરણા, દેખાવો, ઉપવાસ વિગરે જેવા કાર્યક્રમો કરવાની શકયતા રહે છે. આવા કાર્યક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે આગામી તારીખ ૫/૬/૨૦૦૫ થી તારીખ ૪/૦૭/૨૦૦૫ સુધીનું મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ થવા, સભા, સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહિ અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી દરખાસ્ત થઈ આવેલ છે, તે જોતાં પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરના કાર્યક્ષેત્ર વિસ્તારમાં કોઈપણ સભા ભરવી નહિ, સરઘસ કાઢવું નહિ, તેવો મનાઈ હુકમ તા.૦૬/૦૬/૨૦૦૫થી તારીખ ૫/૦૭/૨૦૦૫ સુધી ફરમાવવાનું ઈષ્ટ જણાય છે. તેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂઈએ હું આઈ. આર. મનસુરી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી સમગ્ર પોરબંદર જિલ્લો વિસ્તારમાં તા. ૦૬/૦૬/૨૦૦૫થી તારીખ : ૫/૦૭/૨૦૦૫ બન્ને દિવસ સહિતની મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી

૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તે વ્યકિત

૩. કોઈ વરઘોડો

૪. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન નકરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા.૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકતિને એક માસની સાદી કેદ, અથવા રૂા.૨૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂ.૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા.૦૬/૦૬/૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

તારીખ, ૬ માહે જૂન સને, ૨૦૦૫

આઇ. આર. મનસુરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પોરબંદર.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩-વ-જાહેરનામું-ધ્રુ. પા. નિ./૬/૨૦૦૫.- (૧) ધુમ્રપાન એ મનુષ્યના આરોગ્ય માટે હાનીકારક છે. ભારતભરમાં ધુમ્રપાનને કારણે હજારો લોકોના મોત થાય છે. જે બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં એક જાહેર હીતની અરજી-(રીટ પીટીશન સિવિલ)નં.૩૧૬-૧૯૯૯ થી (શ્રી મુરલી એસ.દેવરા વિરુધ્ધ યુનિયન બેંક ઓફ ઈન્ડીયા) દાખલ થયેલ જે અન્વયે નામદાર સુપ્રિમ કોર્ટ ચુકાદો આપી જાહેર જગ્યાઓએ જે લોકો બીડી, સીગારેટનું ધુમ્રપાન કરે છે. તેને કારણે અન્ય લોકો જેઓ બીડી સીગારેટનું ધુમ્રપાન કરતા નથી, તેઓ જુદા જુદા રોગના ભોગ બને છે, જેથી જાહેર સ્થળોએને જાહેર પરિવહનના સાધનોમાં ધુમ્રપાન પર પ્રતિબંધ ફરમાવેલ છે.

(૨) ઉપરોકત નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાને કાયદા સ્વરૂપે અમલમાં લાવવા જરૂરી પ્રક્રિયામાંથી પસાર થવામાં સમય લાગે તેમ છે. હાલમાં જાહેર પ્રદુષણ ઘણું વધારે છે, જાહેર આરોગ્યને નુકશાન કરતા કાર્યો, ધુમ્રપાન વ્યાજબી અંકુશમાં લાવવા ચોક્કસ પ્રતિબંધ રાખવો અનિવાર્ય અને તાત્કાલિક જરૂરિયાત બનેલ છે. જેથી આ બાબતને કાયદાકીય જોગવાઈ કર્યેથી જાહેર હીત તેમજ જાહેર આરોગ્યની સલામતી જાળવવામાં સહાયરૂપ થાય તેમ છે.

(૩) વાસ્તે હું, એસ. એલ. અમરાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લા, સુરેન્દ્રનગર ગુજરાત સરકારના ગૃહવિભાગના તા. ૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફિકેશન નં. જીજી/૪૨૨/સી. આર. સી. ૧૦૮૨–૧૦૮૦/ એમ. અન્વયે જે

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા-કલમ(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૭/૧/૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામાં નં. જીજી-૬-ફકઅ-૧૦૮૮-૬૭૫૦-મ. માં થયેલ છે. જેમાં સુરેન્દ્રનગર જિલ્લાનાં કલેક્ટરશ્રી, અધિક કલેક્ટરશ્રી,નાયબ કલેક્ટરશ્રી અને મામલતદારશ્રીઓને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ તરીક જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓ ને ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા.૦૧/૦૬/૨૦૦૫ થી તા. ૩૦/૦૬/૨૦૦૫ બન્ને તારીખો સહીત નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છે.

(૪) કૃત્યો :-

નીચે જણાવ્યા મુજબના જાહેર સ્થળો જે બિલ્ડીગો છે, અને જયાં નાગરીકો એકત્રિત થાય છે. તેવી જાહેર જગ્યાઓએ બીડી તથા સીગારેટનું ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૫) સ્થળોઃ-

(૧) સરકારી/અર્ધસરકારી અને જાહેર સંસ્થાઓની બિલ્ડીગોમાં.

(૨) સિનેમાઘરોની બિલ્ડીગોમાં.

(૩) શાળા, કોલેજ શિક્ષણ સંસ્થાઓની ઈમારતોમાં.

(૪) તબીબી સારવારની સંસ્થાઓના બિલ્ડીગોમાં.

(૫) પુસ્તકાલય બિલ્ડીગોમાં.

(૬) ન્યાયાલય બિલ્ડીગોમાં.

(૭) નાટયગૃહ/સિનેમાંગૃહ બિલ્ડીગોમાં.

(૮) એસ. ટી. બસ./સીટી બસ/ખાનગી લક્ઝરી બસોમાં.

(૬) વિસ્તારઃ-

સુરેન્દ્રનગર જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર આ હુકમનો ભંગ કરનાર કે તેમ કરવામાં મદદગારી કરનાર ઈસમ ભારતના ફોજદારી અધિનિયન-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાનેપાત્ર થશે.

હું, આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને લાઉડસ્પીકર વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરવી.

આજ તા. ૦૧, માહે :- જૂન, સને ૨૦૦૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

સુરેન્દ્રનગર, ૧ માહે જૂન સને ૨૦૦૫.

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) હેઠળ

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/સભા સરઘસબંધી/૨-૧૫/૬/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા કાયમી જળવાઈ રહે તે માટે, પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૩૦-૪-૨૦૦૫ ના પત્ર નંબર-એલઆઈ/જા. પ્ર./૫૦૭/૦૫ થી દરખાસ્ત થઈ આવેલ છે, તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું મને જરૂરી જણાયેલ છે.

વાસ્તે હું, એસ. એલ. અમરાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મને મળેલ અધિકારની રૂએ મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૩) હેઠળ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨-૬-૨૦૦૫ થી તા. ૧૫-૬-૨૦૦૫ સુધી (બન્ને તારીખો સહીત) ના સમય ગાળા દરમ્યાન સબંધિત એજ્યુકેટીવ મેજિસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ કાઢવાની મનાઇ ફરમાવું છું.

આ પ્રતિબંધ કલેક્ટર કચેરીના મુખ્ય દરવાજા પાસે જમણી બાજુએ ફૂટપાટ તરફ દરવાજાથી પાંચ મીટરનું અંતર રાખીને ત્યાર બાદની પચાસ મીટર સુધીની ફૂટપાથ ઉપરની જગ્યાના વિસ્તારને તેમજ લગ્નના વરઘોડાને કે સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, ભંગ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પિકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો મારફતે તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૩૦ માહે એપ્રિલ, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાતે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧ માહે જૂન, સને ૨૦૦૫.

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) હેઠળ

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયાર બંધી/વ/૨-૧૫/૬/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા

INDEX

હથિયાર બંધી ફરમાવવા પોલસિ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર ના તા. ૨૮-૫-૨૦૦૫ ના પત્ર નં. એલ. આઈ. બી./જા. પ્ર. /૬૦૪/૦૫થી દરખાસ્થ થઇ આવેલ છે, તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લામાં હથિયાર બંધી ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું, એસ. એલ. અમરાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨મા ની કલમ-૩૭ (૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૨-૬-૨૦૦૫ થી તા. ૧૫-૬-૨૦૦૫ સુધી (બન્ને તારીખો સહીત) ના સમય દરમ્યાન પોલીસ અધિક્ષકશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નિચેની વિગતેના કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

૧ શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક લાકડી અને લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવા બીજા કોઈપણ સાધનો સાથે લઈ જવા નહીં.

૨ પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવા ના યંત્રો અથવા સાધનો લઈ જવા નહીં.

૩ વ્યક્તિઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં તથા તૈયાર કરવા નહીં.

૪ કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

૫ જેનાથી સુરૂચિનો ભંગ થાય અથવા તો નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવી ચેષ્ટા કરવી નહી, તેવા ચિત્રો, પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

૬ બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની તેમજ.

૭ અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ શબ્દો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવા નહી, અથવા ટોળામાં ફરવું નહીં.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિ કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથીયાર લઈજવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યક્તિ.

(૨) પોલીસ અધિક્ષકશ્રીએ અથવા તેઓએ કે જેને શારિરીક અશક્તિના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિ.

જો કોઈપણ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઇ પોલીસ અધિનિયમ તથા ફોજદારી ધારા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામુ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડસ્પીકર વાહનો દ્વારા, સ્તાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ ૧ માહે જુન, સને ૨૦૦૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧ માહે જૂન, સને ૨૦૦૫.

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/વ/ટ્રાફીક/સુરેન્દ્રનગર/૫/૨૦૦૫.-સુરેન્દ્રનગર શહેરમાં દિન પ્રતીદિન ટ્રાફીક વધતો જાયે છે. સ્કુટર, મોટર સાઈકલ, રીક્ષા જેવા વાહનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. આ વાહનોના પાર્કીંગ માટે કોઈ જગ્યા મુકરર કરવામાં આવેલ નહી હોવાના કારણે રસ્તાઓ ઉપર ગમે તે જગ્યાએ આવા વાહનો ઉભા રહે છે, જેના કારણે રાહદારીઓની અવરજવરમાં મુશ્કેલી ઉભી થાય છે, અને અકસ્માત સર્જાવાનો ભય રહે છે, જેથી ટ્રાફીકની સમસ્યા હળવી થાય અને હારદારીઓને અવર-જવરમાં મુશ્કેલી ન પડે તે માટે ઓટોરીક્ષા સ્ટેન્ડની જગ્યા મુકરર કરવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું, એસ. એલ. અમરાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર ટ્રાફીકના નિયમન માટે આ અગાઉ રીક્ષા સ્ટેન્ડ નક્કી કરી આપતા જે હુકમો થયેલ છે તે રદ કરીને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) બી. સી.ની જોગવાઈ હેઠળ વઢવાણ, સુરેન્દ્રનગર અને જોરાવરનગર શહેરમાં આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ સ્થળો ઉપર નક્કી કરેલી સંખ્યા મુજબ ઓટોરીક્ષા ઉભી રાખવા ફરમાવું છું.

આ સાથેના પરિશિષ્ટમાં જે જે સ્થળ રીક્ષા સ્ટેન્ડ તરીકે નક્કી કરવામાં આવેલ છે તે સ્થળ જગ્યા સિવાય બાકી રહેતી તમામ જગ્યા - સ્થળ "નો પાર્કીંગ" તરીકે પણ આથી જાહેર કરવામાં આવે છે.

જો કોઈ પણ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ તથા ફોજદારી ધારા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૦૧, માહે જૂન, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પરિશિષ્ટ

સુરેન્દ્રનગર શહેરી વિસ્તાર

૧.	એસ. ટી. સ્ટેન્ડ સામે, ગાંધી હોસ્પીટલની દિવાલ પાસે	૨૦ રીક્ષા
૨.	મીલન સીનેમા પાસે	૫ રીક્ષા
૩.	આંબેડકર ચોક, પ્રદિપ પેટ્રોલ પમ્પ પાસે	૮ રીક્ષા
૪.	હર્ષદ ગેસ્ટ હાઉસ પાસે	૬ રીક્ષા
૫.	સટ્ટાહોલ પાસે	૮ રીક્ષા
૬.	ટાંકી ચોક કેરી બજાર પાસે	૬ રીક્ષા
૭.	દેરાસર ચોક, ડીલાઈટ પાન પાસે	૬ રીક્ષા
૮.	જવાહર ચોક	૬ રીક્ષા
૯.	કલેક્ટર કચેરીથી જિલ્લા પંચાયત તરફ જવાના રસ્તા પાસે	૨ રીક્ષા
૧૦.	જિલ્લા પંચાયત પાસે	૫ રીક્ષા
૧૧.	જેલ ચોક, સી. પી. આઈ. કચેરી સામેના ભાગે	૩ રીક્ષા
૧૨.	વાદીપરા ચોક	૮ રીક્ષા
૧૩.	એન. ટી. એમ. હાઈસ્કુલ પાસે	૬ રીક્ષા
૧૪.	મલ્હાર ચોક	૫ રીક્ષા
૧૫.	સી. જે. હોસ્પીટલ પાસે	૬ રીક્ષા
૧૬.	ટી. બી. હોસ્પીટલ પાસે	૮ રીક્ષા
૧૭.	રેલ્વે સ્ટેશન	૨૦ રીક્ષા
૧૮.	અલકા ચોક	૬ રીક્ષા
૧૯.	રેલ્વે સ્ટેશન જતા દેરાસર પાસે	૬ રીક્ષા
૨૦.	અંબા મીકેનીક પાસે	૮ રીક્ષા
૨૧.	જીનતાનરોડ વંદના રેસ્ટોરન્ટ પાસે	૬ રીક્ષા
૨૨.	દાળમીલ રોડ, મીલના બંગલા પાસે	૫ રીક્ષા
૨૩.	દાળમીલ રોડ, મનીષ માર્કેટ પાસે	૫ રીક્ષા
૨૪.	દુધરેજ પીકઅપ સ્ટેન્ડ પાસે	૬ રીક્ષા
૨૫.	૮૦ ફૂટ રોડ દેશળ ભગતની વાવ પાસે	૬ રીક્ષા
૨૬.	મેઘાણીબાગ (સ્નાનાગાર) પાસે	૬ રીક્ષા

જોરાવરનગર

૧.	રતનપર ચોરા પાસે	૬ રીક્ષા
૨.	રતનપર ૩૪ નંબર બસ સ્ટેન્ડ પાસે	૮ રીક્ષા
૩.	મોરબી પુલના છેડે રતનપર	૮ રીક્ષા
૪.	મેઈનચોક, ગાંધીરોડ - જોરાવરનગર	૪ રીક્ષા
૫.	લીંબડી પીકઅપ સ્ટેન્ડ જોરાવરનગર પાસે	૬ રીક્ષા
૬.	ગણપતી ફાટસર ફાટક પાસે	૬ રીક્ષા
૭.	ખારાકુવા, જોરાવરનગર પાસે	૫ રીક્ષા

વઢવાણ

૧.	શિયાણી પોળ, દરવાજાની બાજુમાં	૩ રીક્ષા
૨.	ખારવાની પોળ, દરવાજા પાસે	૫ રીક્ષા
૩.	લાખુપોળ દરવાજા, વાવ પાસે	૩ રીક્ષા
૪.	ખાંડીપોળ દરવાજા પાસે	૫ રીક્ષા
૫.	ધોળીપોળ દરવાજા બહાર પાણીની ટાંકીના ખાંચામાં	૮ રીક્ષા
૬.	ગેબનશાહ પીરની દરગાહ પાસે	૮ રીક્ષા
૭.	માર્કેટીંગ યાર્ડ ચોકડી (વઢવાણ કોઝવે) પાસે	૪ રીક્ષા
૮.	અયોધ્યાનગર ચોક, ૮૦ ફુટ રોડ પાસે	૪ રીક્ષા
૯.	ડેરી ચાર રસ્તા પાસે	૫ રીક્ષા

સુરેન્દ્રનગર, ૧ માહે જૂન સને ૨૦૦૫.

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/વ/ટ્રાફીક/લીંબડી/૫/૨૦૦૫.-લીંબડી શહેરમાં દિન-પ્રતિદિન ટ્રાફીક વધતો જાય છે. રીક્ષા છકડોરીક્ષા જેવા વાહનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે, આ વાહનોના પાર્કીંગ માટે કોઈ જગ્યા મુકરર કરવામાં આવેલ નહી હોવાના કારણે રસ્તાઓ ઉપર ગમે તે જગ્યાએ આવા વાહનો ઉભા રહે છે, જેના કારણે રાહદારીઓની અવર-જવરમાં મુશ્કેલી ઉભી થાય છે. જેથી ટ્રાફીકની સમસ્યા હળવી થાય તે માટે ઓટોરીક્ષા, છકડારીક્ષા સ્ટેન્ડની જગ્યા મુકરર કરવા માટે મામલતદારશ્રી, લીંબડી તરફથી દરખાસ્ત રજુ થયેલ છે.

સબબ હું, એસ. એલ. અમરાણી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) બી. સી. હેઠળ મને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ લીંબડી શહેરના આ નીચે જણાવેલા સ્થળોએ જણાવેલ સંખ્યામાં રીક્ષા, છકડો રીક્ષા ઉભા રાખવા ફરમાવું છું.

વિસ્તાર

અ. નં.	સ્થળની વિગત	રીક્ષા/છકડા રીક્ષા સ્ટેન્ડ	ઓકઝીલરી સ્ટેન્ડ	કુલ
૧	૨	૩	૪	૫
૧.	સરોવરીયા હનુમાન પાસે	૧૦	–	૧૦
૨.	કોર્ટ બિલ્ડીંગ પાસે	૫	–	૫
૩.	નવા બસસ્ટેન્ડ પાસે	૧૨	–	૧૨
૪.	આઝાદ ચોક	૮	૩ સંઘવી શેરીના નાકે ૩ ભટ્ટ શેરીના નાકે	૧૪
૫.	ગ્રીન ચોક	૧૦	૬ જશવંતસિંહ લાયબ્રેરી પાસે	૧૬
૬.	ઉંટડી પુલના નાકે	૧૦	૬ હરીજનવાસના નાકે	૧૬
૭.	ગોપી પાન પાસે	૫	૩ સંઘવી ટ્રાન્સપોર્ટ પાસે	૮
૮.	સર જે. મીડલ સ્કુલના મુખ્ય રસ્તા પરનો ભાગ (હનુમાનજીની દેરીની બાજુમાં)	૬	–	૬
૯.	પ્રોફેસર સોસાયટીના નાકે	૧૦	–	૧૦
૧૦.	આર. આર. હોસ્પીટલ પાસે	૪	–	૪
૧૧.	પ્રકાશ જીનના ગેટ પાસે (આંબેડકર સ્ટેચ્યુ પાસે)	૧૦	–	૧૦
૧૨.	તાલુકા પંચાયત સામે	૧૦	–	૧૦
૧૩.	શક્તિ હોટલ પાસે (હાઈવે વિસ્તાર)	૫	૫ સ્વામીનારાયણ મંદિર પાસે	૧૦
૧૪.	ભવગામડા ગેઈટ શાળા નં. ૭ની બાજુમાં	૫	૫ કુંભાર શેરી પાસે	૧૦
૧૫.	રેલ્વે સ્ટેશનની સામે	૧૦	૮ સ્ટેશનની બાજુમાં	૧૮
૧૬.	વિપુલ સોસાયટીના નાકે	૫	૫ નવયુગ સોસાયટીના કોમન પ્લોટની બાજુમાં	૧૦
૧૭.	મીહીર ટોકીઝ સામે	૧૦	–	૧૦
૧૮.	દિગ્વીજય બાગની બાજુમાં	૧૦	–	૧૦
૧૯.	ઈન્ડેન ગેસ એજન્સી (બાગ સામે)	૧૦	–	૧૦.

ઉપર દર્શાવેલ સ્થળોએ નક્કી કરેલ સંખ્યા મુજબ રીક્ષા/છકડો રીક્ષા ઉભી રાખવાના રહેશે. આ સિવાય અન્ય કોઈ સ્થળે રીક્ષા/છકડો રીક્ષા ઉભા રાખી શકાશે નહી.

જો કોઈ પણ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ તથા ફોજદારી ધારા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૦૧, માહે જુન, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧ માહે જુન, સને ૨૦૦૫.

એસ. એલ. અમરાણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો,
સુરેન્દ્રનગર.

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના હુકમ નં. હ-૨૮/૮૪/ડીડીસી/૧૧૮૨/૭૪૨૫-ગ તા. ૨૨-૩-૮૪.

(૨) આ કચેરીના ક્રમાંક ફડચ.........વાળો વચગાળાનો ફડચાનો હુકમ

અંતિમ આદેશ

હુકમ : ફડચ/ઝ/૧૬૧/૨૦૦૫.-શ્રી નાગોર દુધ ઉત્પા. સહ. મે. સહકારી મંડળી લી., મુ. : નાગોર, તા. : ભુજ, જિ. : કચ્છ કે જે સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭-૧ સી (૨) (૪) હેઠળ ફડચામાં લઈ જવા માટે ઉક્ત વંચાણ-૨ વાળા હુકમથી વચગાળાનો હુકમ કરવામાં આવેલ છે તેને તેજ કાયદાની કલમ-૧૦૭ (૩) હેઠળ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારીશ્રી સહકારી અધિકારી / (મ.સ. અને ૧) એ ફડચાની કામગીરી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

ભૂજ-કચ્છ, ૩૧ માહે મે, સને ૨૦૦૫.

વાય. એ. બલોચ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ક-૩/૪૨૬-૨૯/૦૫.-જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જામનગર આથી જાહેર કરે છે. કે શ્રી નાના બાદનપર દૂધ ઉત્પાદકોની સહકારી મંડળી લી., મુ. : નાના બાદનપર, પો. : નાની વાવડી, તા. : કાલાવડ, જિ. : જામનગર સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે. જેનો નોંધણી નં. : સે.-૩૫૮૬૩ છે.

જામનગર, ૪ માહે જૂન, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. : નધણ/ક-૩/૪૩૦-૩૩/૦૫.-જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જામનગર આથી જાહેર કરે છે કે, શ્રી નાનીવાવડી દૂધ ઉત્પાદકોની સહકારી મંડળી લી., સ્થળ : નાનીવાવડી, તા. : કાલાવડ, જિ. : જામનગર સને ૧૯૬૨નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ–૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે. જેનો નોંધણી નં. : સે.-૩૫૮૬૪ છે.

જામનગર, ૪ માહે જૂન, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) આ કચેરીનાં તા. ૨૯-૦૯-૨૦૦૩નાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/૧૪૯૨૬/૧૮૫૮/૬૮/૦૩.

(૨) શ્રી ફડચા અધિકારી શ્રી કેશીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. કેશીયા તા. જોડીયા, જિ. જામનગર અને સહકારી અધિકારી (ફ-૨) કચેરીમાં જામનગરની તારીખ ૧૯-૫-૨૦૦૫નાં પત્ર ક્રમાંક : ફડચ/ફ-૨/૧૨૬/૨૦૦૫થી રજુ થયેલ દરખાસ્ત

(૩) આ કચેરીએ બહાર પાડેલ જાહેરનામ ક્રમાંક : ફડચ/ક-૪/૮૨૦/૨૩/૦૫, તા. ૨૧-૫-૨૦૦૫.

(૪) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ અને ગુજરાત સહકારી મંડળીઓના નિયમો-૧૯૬૫નાં નિયમ-૧૦ની જોગવાઈઓ.

(૫) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગરનાં તારીખ ૩૦-૩-૯૧નાં જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૬૮/૫૨૦૪/જે

હુકમ

ક્રમાંક : ફડચ/ક-૪/૮૯૭/૮૦/૨૦૦૫.-આથી હું, એમ. એસ. લોખંડે, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જામનગર, શ્રી કેશીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. કેશીયા, તા. જોડીયા, જિલ્લો જામનગર જે નોંધણી નંબર-૬૭૪૭, તા. ૨-૮-૮૯થી નોંધાયેલ સહકારી સંસ્થાને સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓનાં કાયદાની કલમ-૧૯ મુજબ તથા ગુજરાત સહકારી મંડળીઓના નિયમો-૧૯૬૫નાં નિયમ-૧૦ મુજબ પુનઃજીવીત કરવા આદેશ કરૂં છું.

તેમજ એક વર્ષ બાદ સંસ્થાએ તેનાં ઉદેશ મુજબ કામગીરી કરેલ છે કે કેમ ? તે અંગે સમિક્ષા કરવામાં આવશે. અને સંસ્થાએ દર ત્રણ મહિને પ્રગતિની લેખિત જાણકારી આપવાની રહેશે.

જામનગર, ૬ માહે જુન, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય ગાંધીનગરનાં તા. ૩૦-૩-૧૯૯૧નાં જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૬૮/૫૨૦૪/જે.

(૨) આ કચેરીનાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/૧૪૮૫૮/૨૪૬૫/૭૨/૦૨ તા. ૨૬-૧૧-૨૦૦૨.

(૩) શ્રી આર. વી. જાડેજા ફડચા અધિકારી અને મદદનીશ સહકારી અધિકારી, કચેરીમાં જામનગરનાં તા. ૨૫-૫-૨૦૦૫નાં પત્ર ક્રમાંક : ફડચ/ખ-૩/૨૪૪/૦૫થી રજુ થયેલ દરખાસ્ત.

(૪) શ્રી પી. એન. આંબલીયા, સબ ઓડીટર (લીરી) સ. મં. જામનગરનાં તા. ૨૪-૫-૦૫નાં રોજ સંસ્થાનાં તા. ૧-૭-૯૮થી ૩-૫-૦૫ સુધીના સમયના અંતિમ ઓડિટનો મોકલેલ અંતિમ ઓડિટ મેમો.

હુકમ

ક્રમાંક : ફડચ/ક-૪/૮૫૫/૬૪/૨૦૦૫.-આથી હું, એમ. એસ. લોખંડે, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ શ્રી નપાણીયા ખીજડીયા તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. નપાણીયા ખીજડીયા, તા. જામનગર, જિલ્લો જામનગર, જે નોંધણી નંબર : ૨૦૫૫૮, તા. ૯-૯-૮૫થી નોંધાયેલ છે. તેને કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચા અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ થતાં, સહકારી કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે નોંધણી રદ કરૂં છું.

જામનગર, ૧ માહે મે/જૂન, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) આ કચેરીનાં તા. ૧૫-૩-૨૦૦૪નાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/૧૫૩૬૨/૪૨૫/૪૩૪/૦૪.

(૨) શ્રી ફડચા અધિકારી શ્રી બજરંગ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. મું. વાંકીયા, તા. ધ્રોલ, જિ. જામનગર અને સહકારી અધિકારી (ફ-૨) કચેરીમાં જામનગરની તા. ૧૧-૫-૨૦૦૫ની દરખાસ્ત.

(૩) આ કચેરીએ બહાર પાડેલ જાહેરનામાં ક્રમાંક : ફડચ/ક-૪/૭૭૨/૭૫/૨૦૦૫, તા. ૧૬-૫-૨૦૦૫.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ અને ગુજરાત સહકારી મંડળીઓનાં નિયમો-૧૯૬૫નાં નિયમ-૧૦ની જોગવાઈઓ.

(૫) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૬૮/૫૨૦૪/જે.

હુકમ

ક્રમાંક : ફડચ/ક-૪/૮૬૯/૮૦/૨૦૦૫.-આથી હું, એમ. એસ. લોખંડે, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જામનગર, શ્રી બજરંગ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. વાંકીયા, તા. ધ્રોલ, જિલ્લો જામનગર જે નોંધણી નંબર-૯૭૭૪, તા. ૨૦-૧૨-૧૯૯૦થી નોંધાયેલ સહકારી સંસ્થાને સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓનાં કાયદાની કલમ-૧૯ મુજબ તથા ગુજરાત સહકારી મંડળીઓના નિયમો-૧૯૬૫નાં નિયમ-૧૦ મુજબ પુનઃજીવીત કરવા આદેશ કરૂં છું.

તેમજ એક વર્ષ બાદ સંસ્થાએ તેનાં ઉદેશ મુજબ કામગીરી કરેલ છે કે કેમ ? તે અંગે સમિક્ષા કરવામાં આવશે. અને સંસ્થાએ દર ત્રણ મહિને પ્રગતિનો લેખિત જાણકારી આપવાની રહેશે.

જામનગર, ૨ માહે જૂન, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. આ કચેરીના તા. ૧૫-૩-૨૦૦૪નાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/૧૫૩૬૪/૪૪૫-૪૫૪/૦૪.

૨. શ્રી ફડચા અધિકારીશ્રી ઉમિયાજી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નથુવડલા, તા. ધ્રોલ, જી. જામનગર અને સહકારી અધિકારી (ફ-૨) કચેરીમાં, જામનગરની તા. ૧૬-૫-૨૦૦૫ની દરખાસ્ત.

૩. આ કચેરીએ બહાર પાડેલ જાહેરનામા ક્રમાંક : ફડચ/ક-૪/ ૮૦૧ થી ૦૪-૨૦૦૫, તા. ૨૦-૫-૨૦૦૫.

૪. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ અને ગુજરાત સહકારી મંડળીઓનાં નિયમો-૧૯૬૫નાં નિયમ-૧૦ ની જોગવાઈઓ.

૫. સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૪-૯૧/ડીડીસી/૧૧૬૮/૫૨૦૪/જે.

હુકમ

ક્રમાંક : ફડચ/ક-૪/૮૮૨-૯૩/૩૮૦૮/૦૫.-આથી હું, એમ. એસ. લોખંડે, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, શ્રી ઉમીયાજી દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. નથુવડલા, તા. ધ્રોલ, જી. જામનગર, જે નોંધણી નંબર : ૬૭૩૧, તા. ૩૦-૬-૮૮ થી નોંધાયેલ સહકારી સંસ્થાને સને–૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ–૧૯ મુજબ તથા ગુજરાત સહકારી મંડળીઓના નિયમો–૧૯૬૫નાં નિયમ-૧૦ મુજબ પુનઃજીવીત કરવા આદેશ કરૂં છું.

તેમજ એક વર્ષ બાદ સંસ્થાએ તેનાં ઉદેશ મુજબ કામગીરી કરેલ છે કે કેમ ? તે અંગે સમીક્ષા કરવામાં આવશે અને સંસ્થાએ દર ત્રણ મહિને પ્રગતિની લેખિત જાણકારી આપવાની રહેશે.

જામનગર, ૩ માહે જૂન, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ-૨૪-૯૧-ડીડીસી-૧૧૬૮ ૫૨૦૪-જે.

(૨) આ કચેરીનાં ફડચાનાં વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ-ક-૪-૭૨૨ થી ૭૨૫/૨૦૦૫, તારીખ : ૫-૫-૨૦૦૫.

અંતિમ આદેશ

ક્રમાંક: ફડચ-ક-૪-૧૫૩૮૯/૮૩૬/૪૭/૩૮૮૬/૦૫.-આથી હું, એમ. એસ. લોખંડે, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ શ્રી ભગવતી કો. ઓપરેટીવ કન્ઝયુમર્સ સ્ટોર્સ લી., મુ. સુરજકરાડી, તાલુકો : ઓખામંડળ, જિ. જામનગર જે નોંધણી નંબર : ૪૧૫૨, તારીખ : ૨૭-૩-૨૦૦૨થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની પેટા કલમ-૧ (અ)(ક) (૨)(૪) તથા પેટા કલમ-૩ અન્વયે ફડચામાં લઈ જતાં વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂ છું.

સદરહુ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફ-૨) કચેરીમાં જામનગરની નિમણુંક છે. તે ફડચાની કાર્યવાહી નિયત સમય મર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૬ માહે જુન, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ-૨૪-૯૧-ડીડીસી-૧૧૬૮ ૫૨૦૪-જે.

(૨) આ કચેરીનાં ફડચાનાં વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ-ક-૪-૭૧૪ થી ૭૧૭/૨૦૦૫, તારીખ : ૫-૫-૨૦૦૫.

અંતિમ આદેશ

ક્રમાંક: ફડચ-ક-૪-૧૫૩૮૮/૮૨૪/૩૫/૩૮૮૧/૦૫.-આથી હું, એમ. એસ. લોખંડે, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ શ્રી વિદ્યુતપાર્ક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. જામનગર, તાલુકો : જામનગર, જિ. જામનગર જે નોંધણી નંબર : ૬૫૮૬, તારીખ : ૩-૫-૮૨થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની પેટા કલમ-૧ (અ)(ક) (૨)(૪) તથા પેટા કલમ-૩ અન્વયે ફડચામાં લઈ જતાં વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂ છું.

સદરહુ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફ-૨) કચેરીમાં જામનગરની નિમણુંક છે. તે ફડચાની કાર્યવાહી નિયત સમય મર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૬ માહે જુન, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ-૨૪-૯૧-ડીડીસી-૧૧૬૮ ૫૨૦૪-જે.

(૨) આ કચેરીનાં ફડચાનાં વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ-ક-૪-૭૧૮ થી ૭૨૧/૨૦૦૫, તારીખ : ૫-૫-૨૦૦૫.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ-ક-૪-૧૫૩૮૭/૮૧૨/૨૩/૩૮૭૬/૦૫.-આથી હું, એમ. એસ. લોખંડે, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ શ્રી આનંદ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. ખંભાળીયા, તાલુકો : ખંભાળીયા, જિ. જામનગર જે નોંધણી નંબર : ઘ-૩૭૦૫, તારીખ : ૩-૮-૧૯૭૩થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની પેટા કલમ-૧ (અ)(ક) (૨)(૪) તથા પેટા કલમ-૩ અન્વયે ફડચામાં લઈ જતાં વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂં છું.

સદરહુ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફ-૨) કચેરીમાં જામનગરની નિમણુંક છે. તે ફડચાની કાર્યવાહી નિયત સમય મર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૬ માહે જુન, સને ૨૦૦૫.

એમ. એસ. લોખંડે,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૮-૪-૨૦૦૫નો વચગાળાનો આદેશ નં. : ફડચ/ખ-૪/૧૮૩૭/સને ૦૫.

(૪) મંડળીની તા. ૮-૫-૦૫ના પત્રથી થયેલ રજુઆત.

હુકમ

જા. નં. : ફડચ/ખ-૪/૨૧૪૧/૨૦૦૫.-આથી હું વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારીની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતે શ્રી મહોબતપરા ખેતી ઔદ્યોગીક સ. મં. લી., મુ. : મહોબતપરા, તા. : સુત્રાપાડા, જિ. : જુનાગઢ અત્રેની કચેરીનો તા. ૨૮-૪-૦૫નો વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/ખ-૪/ ૧૮૩૭/૦૫ આથી રદ કરૂં છું.

જુનાગઢ, ૩ માહે જુન, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૮-૪-૨૦૦૫નો વચગાળાનો આદેશ નં. : ફડચ/ખ-૪/૧૮૩૮/સને ૦૫.

(૪) મંડળીની તા. ૮-૫-૦૫ના પત્રથી થયેલ રજુઆત.

હુકમ

જા. નં. : ફડચ/ખ-૪/૨૧૪૦/૨૦૦૫.-આથી હું વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારીની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતે શ્રી ઉંબરી ખેતી ઔદ્યોગીક સ. મં. લી., મુ. : ઉંબરી, તા. : સુત્રાપાડા, જિ. : જુનાગઢ અત્રેની કચેરીનો તા. ૨૮-૪-૦૫નો વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/ખ-૪/૧૮૩૮/૦૫ આથી રદ કરૂં છું.

જુનાગઢ ૩ માહે જુન સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ...

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૮-૪-૨૦૦૫નો વચગાળાનો આદેશ નં. : ફડચ/ખ-૪/૧૮૩૩/સને ૦૫.

(૪) મંડળીની તા. ૮-૫-૦૫ના પત્રથી થયેલ રજુઆત...

હુકમ

જા. નં. : ફડચ/ખ-૪/૨૧૩૯/૨૦૦૫-આથી હું વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારીની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતે શ્રી ચગીયા ક્ષારયુક્ત જમીન સુધારણા ખેતી સેવા સ. મં. લી., મુ. : ચગીયા, તા. : સુત્રાપાડા, જિ. : જુનાગઢ અત્રેની કચેરીનો તા. ૨૮-૪-૦૫નો વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/ખ-૪/૧૮૩૩/૦૫ આથી રદ કરૂં છું.

જુનાગઢ, ૩ માહે જુન, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ...

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૮-૪-૨૦૦૫નો વચગાળાનો આદેશ નં. : ફડચ/ખ-૪/૧૮૩૪/સને ૦૫.

(૪) મંડળીની તા. ૮-૫-૦૫ના પત્રથી થયેલ રજુઆત...

હુકમ

જા. નં. : ફડચ/ખ-૪/૨૧૩૮/૨૦૦૫-આથી હું વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારીની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતે શ્રી ભુવાટીંબી ક્ષારયુક્ત જમીન સુધારણા ખેતી સેવા સ. મં. લી., મુ. : ભુવાટીંબી, તા. : સુત્રાપાડા, જિ. : જુનાગઢ અત્રેની કચેરીનો તા. ૨૮-૪-૦૫નો વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/ખ-૪/૧૮૩૪/૦૫ આથી રદ કરૂં છું.

જુનાગઢ, ૩ માહે જુન, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ...

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૮-૪-૨૦૦૫નો વચગાળાનો આદેશ નં. : ફડચ/ખ-૪/૧૮૩૫/સને ૦૫.

(૪) મંડળીની તા. ૮-૫-૦૫ના પત્રથી થયેલ રજુઆત...

હુકમ

જા. નં. : ફડચ/ખ-૪/૨૧૩૭/૨૦૦૫-આથી હું વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારીની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતે શ્રી અમરાપુર ખેતી ઔદ્યોગીક સ. મં. લી., મુ. : અમરાપુર, તા. : સુત્રાપાડા, જિ. : જુનાગઢ અત્રેની કચેરીનો તા. ૨૮-૪-૦૫નો વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/ખ-૪/૧૮૩૫/૦૫ આથી રદ કરૂં છું.

જુનાગઢ, ૩ માહે જુન, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ...

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૮-૪-૨૦૦૫નો વચગાળાનો આદેશ નં. : ફડચ/ખ-૪/૧૮૩૬/સને ૦૫.

(૪) મંડળીની તા. ૮-૫-૦૫ના પત્રથી થયેલ રજુઆત...

હુકમ

જા. નં. : ફડચ/ખ-૪/૨૧૩૬/૨૦૦૫-આથી હું વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારીની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતે શ્રી સુંદરપરા ખેતી ઔદ્યોગીક સ. મં. લી., મુ. : સુંદરપરા, તા. : સુત્રાપાડા, જિ. : જુનાગઢ અત્રેની કચેરીનો તા. ૨૮-૪-૦૫નો વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/ખ-૪/૧૮૩૬/૦૫ આથી રદ કરૂં છું.

જુનાગઢ, ૩ માહે જુન, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ...

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૮-૪-૨૦૦૫નો વચગાળાનો આદેશ નં. : ફડચ/ખ-૪/૧૮૩૨/સને ૦૫.

(૪) મંડળીની તા. ૮-૫-૦૫ના પત્રથી થયેલ રજુઆત...

હુકમ

જા. નં. : ફડચ/ખ-૪/૨૧૩૫/૨૦૦૫.-આથી હું વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારીની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતે શ્રી પ્રાંસલી ક્ષારયુક્ત જમીન સુધારણા ખેતી સેવા સ. મં. લી., મુ. : પ્રાંસલી, તા. : સુત્રાપાડા, જિ. : જુનાગઢ અત્રેની કચેરીનો તા. ૨૮-૪-૦૫નો વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/ખ-૪/૧૮૩૨/૦૫ આથી રદ કરૂં છું.

જુનાગઢ, ૩ માહે જુન, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ...

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૮-૪-૨૦૦૫નો વચગાળાનો આદેશ નં. : ફડચ/ખ-૪/૧૮૩૦/સને ૦૫.

(૪) મંડળીની તા. ૮-૫-૦૫ના પત્રથી થયેલ રજુઆત...

હુકમ

જા. નં. : ફડચ/ખ-૪/૨૧૩૪/૨૦૦૫.-આથી હું વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારીની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતે શ્રી આદર્શ ફળ અને શાકભાજી ઉત્પા. સ. મં. લી., મુ. : વાંસાવડ, તા. : સુત્રાપાડા, જિ. : જુનાગઢ અત્રેની કચેરીનો તા. ૨૮-૪-૦૫નો વચગાળાનો આદેશ ક્રમાંક : ફડચ/ખ-૪/૧૮૩૦/૦૫ આથી રદ કરૂં છું.

જુનાગઢ, ૩ માહે જુન, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૭૪ (ડી) ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/એન. એસ. બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૧૭-૪-૦૪.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ ૮૧ અન્વયે શ્રી આશિયાના કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. જુનાગઢના વહીવટદારની નિમણુંકનો તા. ૧-૫-૦૦ નો હુકમ ક્રમાંક : સવન/ખ-૨/૫૫૩/૨૦૦૦.

(૪) સહકારી કાયદાની કલમ ૭૪-ડી અન્વયે શ્રી આશિયાના કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી. જુનાગઢના કિસ્સામાં કસ્ટોડીયનનો તા. ૪-૬-૦૪ નો હુકમ ક્રમાંક : સવન/ખ-૨/૩૬૭/૦૪.

(૫) ખાસ અધિ. વહિવટ અને ફડચો, જુનાગઢ જિલ્લા સહકારી બેંક લિ. વિભાગ-૧ જુનાગઢની તા. ૨૪-૫-૦૫ની દરખાસ્ત.

હુકમ

જા. નં. સવન/ખ-૨/૫૩૪ થી ૫૩૮/૨૦૦૫.-હું વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જુનાગઢ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ અન્વયે પ્રાપ્ત થતાં અધિકારની રૂએ શ્રી આશિયાના કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., જુનાગઢ તા. જુનાગઢ જિ. જુનાગઢ કે જે નોંધણી નંબર : ૧૦૩૫૮ થી તા.૩૧-૩-૮૩ના રોજ નોંધાયેલ છે. જેની વહીવટની મહત્તમ સમય મર્યાદા તા. ૧-૫-૦૫ના રોજ પુર્ણ થતાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૭૪ (ડી) અન્વયે તા. ૨-૫-૦૫ થી તા. ૧-૫-૦૬ સુધી એક વર્ષ માટે કસ્ટોડીયન હેઠળ લઈ જવામાં આવે છે. અને કસ્ટોડીયન તરીકે ખાસ અધિકારી, વહિવટ અને ફડચો, જુનાગઢ જિલ્લા સહકારી બેંક લિ. વિભાગ-૧ જુનાગઢની નિમણુંક કરૂં છું.

જુનાગઢ, ૬ માહે જુન, સને ૨૦૦૬.

વી. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 30th JUNE, 2005/ASHADHA 9, 1927 [No. 26

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	465-476	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	290-297
		PART - II Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	531-548
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

BY THE PRINCIPAL DISTRICT JUDGE

NOTIFICATION

No. UHC/B. 9/2005.-As per the Hon'ble High court Notification No. A. 2622/96 (III), dated 19-05-2005, the existing post of District Judge has been re-designated as Principal District Judge.

Therefore, All the top Secret, Confidential and Demi-Official Correspondence meant for the Principal District Judge, Junagadh, District Junagadh, may please be addressed to me by name as under :-

MISS P. S. SHUKLA, Esq.,
PRINCIPAL DISTRICT JUDGE,
DISTRICT COURT, M. G. ROAD,
JUNAGADH—362 001.

The Telephone Numbers are as under :-

STD CODE	:	0285
OFFICE	:	2651402
COMPUTER	:	2621901
D.L.S.A.	:	2629121
RESIDENCE	:	2650350
F.A.X.	:	2654042
GSWAN	:	3137001

Junagadh, 7th June 2005.

Miss P. S. SHUKLA,
Principal District Judge,
Junagadh.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે રાત્રી કરફ્યુ હુકમ

જાહેરનામું

નાં. એમએજી/સી/૧૬૦૬/૨૦૦૫.-પોરબંદર જિલ્લો વિશાળ દરિયા કિનારો ધરાવે છે, દરિયા કિનારા ઉપર ઘણા ગામો આવેલા છે. દેશ અને રાજ્યની હાલની પરિસ્થિતિને અનુલક્ષીને તેમજ જુદા જુદા આંતકવાદી સંગઠનોની ધમકીઓને પહોંચી વળવા તેમજ નિષ્ફળ બનાવવા માટે અને શંકાસ્પદ વ્યકિતઓની અવરજવર અટકાવવા તેમજ અસામાજીક પ્રવૃતિ ઉપર સચોટ વોચ રાખવા અને અંકુશમાં લેવા સારૂં આ જિલ્લાના દરિયા કિનારાના વિસ્તારમાં નીચેની વિગતે દરિયા કાંઠાના ગામોમાં દરિયાકાંઠાથી ૫૦૦ મીટર સુધીના વિસ્તારમાં દરરોજ રાત્રીનાં ૨૩-૦૦ થી સવારનાં ૫-૦૦ કલાક સુધી રાત્રી કરફયુ લાદવો જરૂરી જણાય છે. તે મતલબની દરખાસ્ત પોલીસ અધિક્ષકશ્રી પોરબંદર તરફથી થઈ આવેલ છે.

INDEX

તેથી હું, શીલા બેન્જામીન, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી ફરમાવું છું કે, નીચે આપેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ દરિયાકાંઠાના ગામોએ દરિયાકાંઠાથી ૫૦૦ મીટરનાં વિસ્તારનાં રહેવાશીઓએ તેમાં અવર જવર કરનારાઓએ અને પ્રસંગોપાત આવનારાઓને અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તાર પુરતું અનુસુચિમાં દર્શાવેલા સમય દરમ્યાન નીચે જણાવેલા વિસ્તારોની અંદર આવેલ કોઈપણ માર્ગે કે રાહદારી રસ્તા, રાજમાર્ગ, શહેરો, ગલી, પેટાગલી, કે મહોલ્લામાં અવર જવર કરવી નહિ, વાહન હંકારવું નહિ, ચાલવું નહિ, ઉભા રહેવું નહિ, રખડવું નહિ, હરવું ફરવું નહિં, અથવા બીજી કોઈ રીતે ઉપયોગ કરવો નહિં.

અનુસૂચિ

અ.નં.	ગામનું નામ	વિસ્તારનું વર્ણન	તારીખથી સમય સુધી	સમય
૧	૨	૩	૪	૫
૧	મિયાણી	દરિયા કાંઠાથી	૧૦-૦૬-૨૦૦૫	રાત્રીના ૨૩-૦૦થી
૨	ભાવપરા	૫૦૦ મીટરનો	થી	સવારના ૫-૦૦
૩	ટુકડા-મિયાણી	વિસ્તાર	૦૮-૦૮-૨૦૦૫	કલાક સુધી
૪	વિસાવાડા	,,	,,	,,
૫	પાલખડા	,,	,,	,,
૬	રાતડી			
૭	કાંટેલા			
૮	કુછડી			
૯	ઓડદર	,,	,,	,,
૧૦	ટુકડા-ગોસા	,,	,,	,,
૧૧	ગોસા	,,	,,	,,
૧૨	રાજપર નવાગામ	,,	,,	,,
૧૩	ચિકાસા	,,	,,	,,
૧૪	ગોસાબારા	,,	,,	,,
૧૫	નવી બંદર	,,	,,	,,
૧૬	રાતીયા	,,	,,	,,
૧૭	ઉંટડા	,,	,	,,
૧૮	બળેજ	,,	,,	,,
૧૯	મોચા	,,	,,	,,
૨૦	ગોરસર	,,	,,	,,
૨૧	ચીંગરીયા	,,	,,	,,
૨૨	પાતા	,,	,,	,,
૨૩	માધવપુર	,,	,,	,,
૨૪	મુળમાધવપુર	,,	,,	,,

નીચે જણાવેલ ક્રમ-૧ થી ૬માં જણાવેલ કિસ્સાઓમાં ઉપરોક્ત જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

૧. જે લોકોના રહેણાંક મકાન, બિનરહેણાંક મકાન, ખેતર પ્રતિબંધિત વિસ્તારમાં આવતા હોય તેવા લોકોને પોતાના મકાનો, ખેતરોમાં આવવા જવા માટે ઉક્ત કરફયુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

૨. મરણનાં કિસ્સામાં સ્મશાનયાત્રામાં જોડાનાર ડાઘુઓને ઉક્ત કરફયુ હુકમ/જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં. વિશેષમાં પરવાનગી લીધેલ માન્ય ધાર્મિક પ્રસંગોના ઉત્સવમાં લાગુ પાડી શકાશે નહિં.

૩. પ્રતિબંધિત વિસ્તારમાં આવતાં અધિકૃત રોડ ઉપર આવતા જતાં વાહનો/મુસાફરોને ઉક્ત કરફયુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

૪. પ્રતિબંધિત વિસ્તારમાં આવેલ આવશ્યક અનિવાર્ય સેવાઓ જેવી કે દવાખાના, પોલીસ ચોકીઓ, એસ. ટી. ડેપો તેમજ રાત્રીના સમયે પણ કાર્યરત રહેતી જાહેર સુવિધા કેન્દ્રોને ઉક્ત કરફયુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

૫. માચ્છીમારો, ટોકન પાસ ધરાવતા હોય, તે ટોકન પાસ સાથે પોતાના માચ્છીમારીનાં ધંધા અર્થે પ્રતિબંધિત વિસ્તારમાંથી નિકળતા માચ્છીમારોને ઉક્ત કરફયુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પિકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરવાવું છું.

આજ તારીખ ૧૩ માહે જૂન સને ૨૦૦૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૩ માહે જૂન સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) હેઠળ

જાહેરનામું

ક્રમાંક મજસ/૩/સભા સરઘસ બંધી/૧૭-૩૦/૬/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા બરાબર જળવાઈ રહે તે માટે, પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સરઘસ કાઢવાની મનાઈ ફરવાવવાનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૨-૦૬-૨૦૦૫ના પત્ર નંબર એલઆઈ/જા.પ્ર./૬૬૬/૦૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું મને જરૂરી જણાયેલ છે.

વાસ્તે હું, એસ. એલ. અમરાણી , જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મને મળેલ અધિકારની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) હેઠળ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા ૧૭-૦૬-૨૦૦૫ થી તા. ૩૦-૦૬-૨૦૦૫ સુધી (બન્ને તારીખો સહીત) ના સમયગાળા દરમ્યાન સબંધિત એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે વધુ માણસો એકઠા થવા સભા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છુ.

આ પ્રતિબંધ કલેકટર કચેરીના મુખ્ય દરવાજા પાસે જમણી બાજુએ ફુટપાથ તરફ દરવાજાથી પાંચ મીટરનું અંતર રાખીને ત્યારબાદની પચાસ મીટર સુધીની ફુટપાથ ઉપરની જગ્યાના વિસ્તારને તેમજ લગ્નના વરઘોડાને કે સ્મશાનયાત્રા ને લાગુ પડશે નહી.

જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, ભંગ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ હેઠળ દંડ શિક્ષાને પાત્રે થશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી, વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પિકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છુ.

આજ તા. ૧૩ માહે જૂન સને ૨૦૦૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું

સુરેન્દ્રનગર, ૧૩ માહે જૂન સને ૨૦૦૫.

એસ. એલ. અમરાણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો,
સુરેન્દ્રનગર.

સંયુક્ત વેચાણવેરા કમિશનર દ્વારા

વંચાણમાં લીધુ : *નાયબ વેચાણવેરા કમિશનરશ્રી વર્તુળ-૧૬ સુરતની દરખાસ્ત ક્રમાંક/ના.ક.શ્રી./વ-૧૬ સુરત/૨૦૦૫-૦૬/ જા.૭૯૭, તા. ૩૦-૫-૦૫.*

આદેશ

ક્રમાંક : સ.ક.શ્રી/વિ-૫/વવટ-૧/ધારાકીય ફોર્મ રદ/૨૦૦૫-૦૬/જા. ૧૩૪૯/૬૪/૦૫.-ઉપરોક્ત વંચાણમાં લીધેલ નાયબ વેચાણવેરા કમિશનર, વર્તુળ-૧૬ સુરતની દરખાસ્ત અન્વયે વેપારી મે. વિતરાગ ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ મીલ્સ. પ્રા. લી., નો. નં. ૨૨૨૦૦૦૮૦૪૦/તથા મે. પંછી પ્રિન્ટર્સ નો નં. ૨૨૨૦૦૦૯૫૯૩ ને ફાળવેલ ધારાકીય ફોમ્સ રદ કરવા અંગે કરેલ દરખાસ્ત અન્વયે હું, આર. જે. પરમાર, સંયુક્ત વેચાણવેરા કમિશનર, વિભાગ-૫, સુરત સદર ધારાકીય ફોર્મ્સ આથી રદ કરવા ઠરાવું છું.

અ. નં.	કચેરીનું નામ	રદ કરવા પાત્ર ધારાકીય ફોર્મ.	રદ કરવા પાત્ર ફોર્મ્સની સંખ્યા.	રદ કરવાનું કારણ.
૧.	વે.વે.અ.(૨) ઘટક-૭ સુરત.	સી ફોર્મ પાના નં. ૧૪૬૬૧૬૯ અને ૧૪૬૬૬૧૭૫	૨	ગુમ થવાથી
૨.	વે.વે.અ.(૨) ઘટક-૭ સુરત.	સી ફોર્મ પાના નં. ૧૩૫૦૪૪૨૫	૧	ગુમ થવાથી

સુરત, ૧૦ માહે જૂન, સને ૨૦૦૫.

આર. જે. પરમાર,
સંયુક્ત વેચાણવેરા કમિશનર,
વિભાગ-૫,
સુરત.

INDEX

વંચાણમાં લીધુ :

૧. નાયબ વેચાણવેરા કમિશનર, વર્તુળ-૪ અમદાવાદનો પત્ર ક્રમાંક : ના.ક.શ્રી/વર્તુળ-૪/ધારાકીય ફોર્મ/૦૪-૦૫/જા. ૯૩૧, તા. ૧૨-૦૭-૦૪. તથા જા. ૧૮૬૯/૭૦ તા. ૧૧-૨-૦૫ તથા જા. ૧૯૮૪/૮૫ તા. ૨-૩-૦૫.

૨. નાયબ વેચાણવેરા કમિશનર, વર્તુળ-૬, અમદાવાદનો પત્ર ક્રમાંક : ના.કશ્રી/વર્તુળ-૬/ધારાકીય ફોર્મ/૦૪-૦૫/જા. ૨૬૭૯, તા. ૨૯-૯-૦૪ (૨) જા. ૩૨૭૨ તા. ૯-૧૧-૦૪ (૩) જા. ૩૫૧૨ તા. ૩-૧૨-૦૪.

આદેશ

ક્રમાંક : સા, વે.કઅ-૨/વવટ૧/ધારાકીય ફોર્મ્સ/રદ/જા. ૧૨૩૭/૫૨/૦૫/૦૬.-નાયબ વેચાણવેરા કમિશનર, વર્તુળ-૪ તથા ૬, અમદાવાદ ક્ષેત્રાધિકાર હેઠળની કચેરીઓમાં ક્ષતિયુક્ત ધારાકીય ફોર્મ રદ કરવા અંગે વંચાણમાં લીધેલ પત્રોથી કરેલ દરખાસ્ત અન્વયે હું, એસ. આઈ. ચૌધરી, સંયુક્ત વેચાણવેરા કમિશનર, વિભાગ-૨, અમદાવાદ નીચેની વિગતે ક્ષતિયુક્ત ધારાકીય ફોર્મ્સ રદ કરવા આથી ઠરાવું છું.

અ. નં.	કચેરીનું નામ	ફોર્મ્સનું નામ	રદ કરવાપાત્ર ફોર્મ્સના નં.	રદ કરવા પાત્ર ફોર્મ્સની સં.	રદ કરવાનું કારણ
૧	૨	૩	૪	૫	૬
૧.	સ.ક.શ્રી. ઘ. ૧૪ અમદાવાદ.	સી-ફોર્મ	૨૯૫૫૫૭૬ થી ૨૯૫૫૬૦૦	૨૫	૨૯૫૫૫૮૭ નંબરનું પાનું બુકમાં આવેલ નથી.
૨.	સ.ક.શ્રી, ઘ. ૨૨	ફોર્મ-૧૯	૧૯૬૧૭૨૬ થી ૧૯૬૧૭૫૦	૨૫	૧૯૬૧૭૪૩ થી ૧૯૬૧૭૪૭ કુલ-૫ પાના ડીફેક્ટીવ છે.
૩.	,,	,,	૧૯૬૧૭૭૬ થી ૧૯૬૧૮૦૦	૨૫	૧૯૬૧૭૮૦ થી ૧૯૬૧૭૮૬ કુલ-૭ પાના ડીફેક્ટીવ છે.
૪.	,,	,,	૧૯૬૧૮૦૧ થી ૧૯૬૧૮૨૫	૨૫	૧૯૬૧૮૧૦ થી ૧૯૬૧૮૨૧ કુલ-૧૨ પાના ડીફેક્ટીવ છે.
૫.	,,	,,	૧૯૬૧૮૨૬ થી ૧૯૬૧૮૫૦	૨૫	૧૯૬૧૮૫૦ નંબરનું પાનું ડીફેક્ટીવ છે.
૬.	સ.ક.શ્રી ઘ. ૨૨	,,	૧૯૬૧૮૫૧ થી ૧૯૬૧૮૭૫	૨૫	૧૯૬૧૮૫૧ થી ૧૯૬૧૮૬૩ કુલ-૧૩ પાના ડીફેક્ટીવ છે.
૭.	,,	,,	૧૯૬૧૯૨૬ થી ૧૯૬૧૯૫૦	૨૫	૧૯૬૧૯૪૬ થી ૧૯૬૧૯૫૦ કુલ-૫ પાના ડીફેક્ટીવ છે.
૮.	,,	,,	૧૯૬૧૯૫૧ થી ૧૯૬૧૯૭૫	૨૫	૧૯૬૧૯૫૧ થી ૧૯૬૧૯૫૩ કુલ-૩ પાના ડીફેક્ટીવ છે.
૯.	સ.ક.શ્રી ઘ. ૨૧	સી-ફોર્મ	૨૯૧૯૬૨૬ થી ૨૯૧૯૬૫૦	૨૫	૨૯૧૯૬૩૭ નંબરના પાના ઉપર નંબર પ્રિન્ટ થયેલ નથી.
૧૦.	સ.ક.શ્રી ઘ. ૨૧	ફોર્મ-૧૯	૨૨૦૨૪૨૬ થી ૨૨૦૨૪૫૦	૨૫	૨૨૦૨૪૪૧ થી ૨૨૦૨૪૪૩ કુલ-૩ પાના બે વાર પ્રિન્ટ થયેલ છે.
૧૧.	સ.ક.શ્રી ઘ. ૨૧	એફ-ફોર્મ	૦૨૧૬૦૭૬ થી ૦૨૧૬૧૦૦	૨૫	૦૨૧૬૦૮૭ નંબરનું પાનું નથી.
૧૨.	સ.ક.શ્રી ઘ. ૨૧	,,	૦૨૧૬૧૦૧ થી ૦૨૧૬૧૨૫	૨૫	૦૨૧૬૧૨૨ તથા ૦૨૧૬૧૨૩ કુલ-૨ પાના બુકમાં નથી.

અ. નં.	કચેરીનું નામ	ફોર્મ્સનું નામ	રદ કરવાપાત્ર ફોર્મ્સના નં.	રદ કરવા પાત્ર ફોર્મ્સની સં.	રદ કરવાનું કારણ
૧	૨	૩	૪	૫	૬
૧૩.	સ.ક.શ્રી ઘ. ૨૧	એફ ફોર્મ	૦૨૧૬૧૫૧ થી ૦૨૧૬૧૭૫	૨૫	૦૨૧૬૧૭૧ નંબરનું પાનું બુકમાં નથી.
૧૪.	,,	,,	૦૨૧૬૨૦૧ થી ૦૨૧૬૨૨૫	૨૫	૦૨૧૬૨૨૫ નંબરનું પાનું બુકમાં નથી.
૧૫.	,,	ફોર્મ-૪૫ સી	૦૬૮૪૯૭૬ થી ૦૬૮૫૦૦૦	૨૫	૦૬૮૪૯૯૫ નંબરનું પાનું બુકમાં નથી.
૧૬.	,,	ફોર્મ-૧૯	૨૨૦૩૬૦૧ થી ૨૨૦૩૬૨૫	૨૫	૨૨૦૩૬૧૫ તથા ૨૨૦૩૬૧૬ કુલ-૨ પાના ઓછા છે.
૧૭.	સ.ક.શ્રી ઘ.૨૨	,,	૧૯૬૧૯૭૬ થી ૧૯૬૨૦૦૦	૨૫	૧૯૬૧૯૯૯ નંબરનું પાનું ડીફેક્ટીવ છે.
૧૮.	,,	,,	૨૨૬૪૪૦૧ થી ૨૨૬૪૪૨૫	૨૫	૨૨૬૪૪૧૨ થી ૨૨૬૪૪૨૫ કુલ-૧૪ પાના ડીફેક્ટીવ છે.
૧૯.	સ.ક.શ્રી ઘ.૨૨	ફોર્મ-૧૯	૨૨૬૪૪૨૬ થી ૨૨૬૪૪૫૦	૨૫	૨૨૬૪૪૨૬ થી ૨૨૬૪૪૫૦ કુલ-૨૫ પાના ડીફેક્ટીવ છે.
૨૦.	,,	,,	૨૨૬૪૪૫૧ થી ૨૨૬૪૪૭૫	૨૫	૨૨૬૪૪૫૧ થી ૨૨૬૪૪૬૭ કુલ-૧૭ પાના ડીફેક્ટીવ છે.
૨૧.	,,	,,	૨૨૬૪૮૫૧ થી ૨૨૬૪૮૭૫	૨૫	૨૨૬૪૮૭૩ નંબરનું પાનું ડીફેક્ટીવ છે.
૨૨.	,,	,,	૨૨૬૪૯૭૬ થી ૨૨૬૫૦૦૦	૨૫	૨૨૬૪૯૯૩ થી ૨૨૬૫૦૦૦ કુલ-૮ પાના ડીફેક્ટીવ છે.
૨૩.	,,	,,	૨૨૬૫૩૭૬ થી ૨૨૬૫૪૦૦	૨૫	૨૨૬૫૩૮૭ થી ૨૨૬૫૩૯૨ કુલ-૬ પાના ડીફેક્ટીવ છે.
૨૪.	સ.ક.શ્રી ઘ.૧૫	ફોર્મ-૧૯	૨૨૨૮૪૭૬ થી ૨૨૨૮૫૦૦	૨૫	૨૨૨૮૫૦૦ નંબરનું પાનું બુકમાં નથી.
૨૫.	સ.ક.શ્રી ઘ.૧૪	ફોર્મ-એફ	૨૫૭૪૫૧ થી ૨૫૭૪૭૫	૨૫	૨૫૭૪૫૪ નંબરનું પાનું બુકમાં નથી.

અમદાવાદ, ૧૦ માહે જૂન, સને ૨૦૦૫.

એસ. આઇ. ચૌધરી,
સંયુક્ત વેચાણવેરા કમિશનર, વિભાગ-૨,
અમદાવાદ.

INDEX

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી નં. એ-૩૪૦૪૩/નધણ/૦૧/૭/૧૦૫૬/૦૫.-જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે શ્રી પી. એસ. એલ. કર્મ. ક્રેડીટ એન્ડ કન્ઝયુ. કો. ઓ. સોસાયટી લી., મર્યાદિત સ્થળ : ગાંધીધામ, તાલુકો : ગાંધીધામ, જિલ્લો : કચ્છ. સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભુજ-કચ્છ, ૧૦ માહે જૂન, સને ૨૦૦૫.

વાય. એ. બલોચ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ-૨૪-૯૧-ડીડીસી-૧૧૬૮-૫૨૦૪-જે.

૨. આ કચેરીના ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ-ક-૪-૭૨૬-૨૯-૨૦૦૫. તારીખ : ૫-૫-૨૦૦૫.

આદેશ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૫૩૯૦/૯૯૨-૧૦૦૦/૦૫.-સદર પત્રમાં નિર્દેશ કરેલ વિગતે રજુઆત માટે દિન-૩૦ની મુદત આપવામાં આવેલ. આ મુદત દરમ્યાન સંસ્થા તરફથી રૂબરૂ તેમજ લેખિત કોઈ રજુઆત થયેલ નથી. તેથી જે કારણોસર ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ તે આદેશને બહાલી આપતો નીચે મુજબ અંતિમ આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

આથી, હું, એસ. એન. જોષી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ શ્રી યદુનંદન હર્બલ માર્કેટીંગ કો. ઓપરેટીવ સોસાયટી લી., મુ. ભાટીયા, તાલુકો : કલ્યાણપુર, જિલ્લો : જામનગર જે નોંધણી નંબર-૨૪૧૨ તારીખ : ૨૭-૧-૨૦૦૩ થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની પેટા કલમ-૧ (અ) ક (૨) (૪) તથા પેટા કલમ-૩ અન્વયે ફડચામાં લઈ જતાં વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂં છું.

સદરહું અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફ-૧ કચેરીમાં ની નિમણુંક છે. તે ફડચાની કાર્યવાહી નિયત સમય મર્યાદામાં એટલેકે ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૨૦ માહે જૂન, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. આ કચેરીના તારીખ : ૩-૨-૨૦૦૧નાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ-ક-૪-૧૨૬૫૩-૨૮૭-૯૪-૨૦૦૧.

૨. શ્રી કે. જે. કાનાણી-સહકારી અધિકારી (ફ-૨) કચેરીમાં, જામનગરની તા. ૩૧-૫-૨૦૦૫નાં રોજ રજુ થયેલ દરખાસ્ત.

૩. આ કચેરીએ બહાર પાડેલ જાહેરનામાં ક્રમાંક : ફડચ-ક-૪-૮૬૪-૬૭-૦૫. તા. ૨-૬-૨૦૦૫.

૪. ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ અને ગુજરાત સહકારી મંડળીઓ નિયમો-૧૯૬૫ના નિયમ-૧૦ ની જોગવાઈઓ.

૫. સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ-૨૪-૯૧-ડીડીસી-૧૧૬૮-૫૨૦૪-જે.

હુકમ

ક્રમાંક : ફડચ/ક-૪/૯૮૦-૯૯૧/૦૫.-આથી હું એસ. એન. જોષી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર શ્રી મોટા ગરેડીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ લી., મુ. મોટાગરેડીયા, તા. ધ્રોલ, જિ. જામનગર જે નોંધણી નંબર-૧૩૭૫૧ તા. ૪-૧-૧૯૭૭ થી નોંધાયેલ સહકારી સંસ્થાને સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓનાં કાયદાની કલમ-૧૯ મુજબ તથા ગુજરાત સહકારી મંડળીઓના નિયમો-૧૯૬૫નાં નિમય-૧૦ મુજબ પુનઃજીવિત કરવા આદેશ કરૂં છું.

તેમજ એક વર્ષ બાદ સંસ્થાએ તેનાં ઉદેશ મુજબ કામગીરી કરેલ છે કે કેમ તે અંગે સમીક્ષા કરવામાં આવશે. અને સંસ્થાએ દર ત્રણ મહિને પ્રગતિની લેખિત જાણકારી આપવાની રહેશે.

જામનગર, ૨૦ માહે જૂન, સને ૨૦૦૫.

એસ. એન. જોષી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

INDEX

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૭૪-ડી.

૨. ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/છ/ તા. ૧૭-૪-૦૪.

૩. શ્રી આંકોલવાડી સેવા સહકારી મંડળી લી., મુ. આંકોલવાડી (ગીર), તા. તાલાલાની વ્ય. કમિટિ સભ્યોની તા. ૮-૬-૦૫ની અરજી.

હુકમ

ક્રમાંક : સવન/ખ-૨/૫૪૯ થી ૫૬૭/૦૫.-હું, શ્રી વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. જૂનાગઢ મને મળેલ સત્તાની રૂએ ગુજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ-૧૯૬૧ની કલમ-૭૪ (ડી) મુજબ જોગવાઈ અન્વયે શ્રી આંકોલવાડી સેવા સ. મં. લી., મુ. આંકોલવાડી, તા. તાલાલા, જિ. જૂનાગઢના ચાલુ વ્ય. કમિટિ સભ્યોને તેમના હોદ્દા પરથી દુર કરી તેના સ્થાને નીચે જણાવેલ ત્રણ સભ્યોની કસ્ટોડીયન કમિટિની નિમણુંક કરૂં છું.

(૧) સીનીયર ઓફીસર, જુનાગઢ જિલ્લા સહકારી બેંક લી., મુ. સુરવા શાખા, તા. તાલાલા.

(૨) શ્રી મોહનભાઈ નરસીભાઈ, રે. આંકોલવાડી, તા. તાલાલા.

(૩) શ્રી બાબુભાઈ ધુસાભાઈ, રહે. આંકોલવાડી, તા. તાલાલા.

ઉક્ત કસ્ટોડીયન સમિતિની નિમણુંક સંસ્થાની વ્ય. કમિટિની ચુંટણી થાય ત્યાં સુધી અથવા તો બીજો હુકમ ન થાય ત્યાં સુધી કરવામાં આવે છે.

કસ્ટોડીયનશ્રીએ સંસ્થાનો હવાલો તાત્કાલીક અસરથી સંભાળી લેવો પડશે.

જૂનાગઢ, ૧૪ માહે જૂન, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

૨. ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરનાં તા. ૧૭-૪-૦૪. જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

૩. અત્રેની કચેરીનો તા. ૧૯-૬-૨૦૦૪ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૧૧૩૦ સને ૦૪.

૪. અત્રેની કચેરીનો તા. ૧૪-૧૨-૨૦૦૪ની કારણદર્શક નોટીસ નં. ફડચ/ખ-૪/૩૩૧૭/૨૦૦૪.

૫. સબ ઓડીટર (લી. રી.) સહકારી મંડળીઓ, જુનાગઢનો તા. ૨૮-૩-૨૦૦૫નો ખાસ અહેવાલ.

અંતિમ આદેશ

જા. નં. ઉખસ/ફડચ/૧૬૧૧૩/ખ-૪/૨૧૭૬/૦૫.-આથી હું, શ્રી વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. જૂનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી મળેલ અધિકારની રૂએ શ્રી પરબવાવડી મજુર સહકારી મંડળી લી., મુ. પરબવાવડી, તા. ભેંસાણ, જિ. જૂનાગઢ તા. ૨૮-૧૦-૮૦ ના રોજ નોંધણી નંબર : ૮૩૧૫ થી નોંધાયેલ છે, તેને અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. અને તેના ફડચા અધિકારી તરીકે ફડચા અધિકારી લગત જૂનાગઢ જિલ્લા સહકારી બેન્ક લી., જૂનાગઢની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથ અત્રેની કચેરીને મોકલી, મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જૂનાગઢ, ૧૫ માહે જૂન, સને ૨૦૦૫.

વી. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જૂનાગઢ.

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯ ની જોગવાઈ

૨. સહકારશ્રીના કૃષિ સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૧૬/૨૦૦૩/નસબ/૧૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪ સત્તા.

૩. અત્રેની કચેરીના ક્રમાંક ફડચ/ઉખસ/૧૬૨૯૪/ખ.૪/૧૫૭૯/૦૪, તા. ૧૫-૧૨-૨૦૦૪ થી કરવામા આવેલ ફડચા અંગેનો કાયમી આદેશ.

૪. ફડચા અધિકારીશ્રી ગયા તેજ નં. ૧ મજુર બાંધકામ સ.મં.લી. અને સહકારી અધિકારી ફડચા નં.૪ ના તા. ૨૩-૫-૦૫ ના પત્રથી મંડળી ને પુનઃ જીવીત કરવા આપેલ અભિપ્રાય.

INDEX

હુકમ

ક્રમાંક : ફડચા/ઉખસ/ખ.૪/૫૧૨/૨૦૦૫..-હું, યુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, ભાવનગર, વંચાણે લીધા ૧ ની જોગવાઈ તથા વંચાણે લીધા ક્રમ-૨ ના જાહેરનામાંથી મળેલ સતાની રૂઈએ શ્રી ગયાવેજ નં.૧ મજુર બાંધકામ સ.મંલી. મું ગયાવેજ નં.૧ પાલીતાણા ને એક માસમાં વર્ગીકરણ રીન્યુઅલની દરખાસ્ત આ કચેરી ને રજું કરવાની શરતે પુન: જીવીત કરવાનો આદેશ કરું છું.

ફડચા અધિકારીશ્રીએ સાધારણ સભા બોલાવી મંડળીના ચુંટાયેલી વ્યવસ્થાપક સમિતિને તેમના હસ્તક નો ચાર્જ સત્વરે સુપ્રત કરવાનો રહેશે.

ભાવનગર, ૧૦ માહે જૂન સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નધણ/૦૨૨/ખ-૩/૩૭૩, સે-૩૫૯૭૬/૨૦૦૫.- જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ભાવનગર આથી જાહેર કરે છે કે શ્રી ખારી દુધ ઉત્પાદક સ.મં.લી મર્યાદિત સ્થળ ખારી તાલુકો મહુવા જિ. ભાવનગર સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

ભાવનગર, ૧૧ માહે જૂન સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નધણ/૦૨૨/ખ-૩/૩૭૫, સે-૩૫૯૭૫/૨૦૦૫.-જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ભાવનગર આથી જાહેર કરે છે કે શ્રી વાવડી (મહિલા) દુધ ઉત્પાદક સ.મં.લી મર્યાદિત સ્થળ વાવડી, તાલુકો, ઘોઘા, જિ. ભાવનગર સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

ભાવનગર, ૧૧ માહે જૂન સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ ની જોગવાઈ.

૨. સરકારશ્રીના કૃષિ, અને સહકાર વિભાગનાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૧૬/૨૦૦૩/નસબ/૧૨/૨૦૦૨/ ૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૨૦૦૪.

૩. અત્રની કચેરીનાં હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૧૫૧૭/ ૨૦૦૪. તા. ૩-૧૨-૦૪ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૬૩૬૪/ખ-૪/૫૦૦/૦૫.-હું, યુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર ઉક્ત વંચાણે લીધા ક્રમ (૧) ની જોગવાઈ તથા ક્રમ (૨)ના જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી લક્ષ્મી મહિલા પ્રાથમીક ગ્રાહક સહકારી ભંડાર લી., મુ. સિહોર, તા. સિહોર, જિ. ભાવનગર કે જેનો નોંધણી ક્રમાંક : ભ-૪૭૫૩, તા. ૨૧-૩-૧૯૯૮ છે. તેનો વંચાણે લીધા ક્રમ (૩) ના હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપું છું અને તેને કાયમી કરૂં છું. અને ફડચા અધિકારી, તરીકે શ્રી સહકારી અધિકારી, ફ. નં. ૩ ની નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૯ માહે જૂન, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ ની જોગવાઈ.

૨. સરકારશ્રીના કૃષિ, અને સહકાર વિભાગનાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૧૬/૨૦૦૩/નસબ/૧૨/૨૦૦૨/ ૩૦૧૧/ચ. તા. ૧૭-૪-૨૦૦૪.

૩. અત્રની કચેરીનાં હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૧૪૩૧/ ૨૦૦૪. તા. ૨૨-૧૧-૦૪ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૬૩૬૫/ખ-૪/૫૦૧/૦૫.-હું, યુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર ઉક્ત વંચાણે લીધા ક્રમ (૧) ની જોગવાઈ તથા ક્રમ (૨)ના જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી જય ખોડીયાર પ્રાથમીક ગ્રાહક સહકારી ભંડાર લી., મુ. ભાદ્રોડ, તા. મહુવા, જિ. ભાવનગર કે જેનો નોંધણી ક્રમાંક : ૪૮૬૬, તા. ૧૪-૧૨-૧૯૮૯ છે. તેનો વંચાણે લીધા ક્રમ (૩) ના હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપું છું અને તેને કાયમી કરૂં છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફ. નં. ૪ ની નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૯ માહે જૂન, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ ની જોગવાઈ.

૨. સરકારશ્રીના કૃષિ, અને સહકાર વિભાગનાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૧૬/૨૦૦૩/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ. તા. ૧૭-૪-૨૦૦૪.

૩. અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૨૬૩/૨૦૦૫. તા. ૨૫-૩-૦૫ થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

હુકમ

ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૬૩૬૩/ખ-૪/૪૯૯/૦૫.-હું યુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર ઉક્ત વંચાણે લીધા ક્રમ (૧) ની જોગવાઈ તથા ક્રમ (૨)ના જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી પસ્વી ડુંગળી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. પસ્વી, તા. તળાજા, જિ. ભાવનગર કે જેનો નોંધણી ક્રમાંક : ૨૨૪૬૩ તા. ૩૧-૧૦-૧૯૮૯ છે. તેનો વંચાણે લીધા ક્રમ (૩) ના હુકમથી કરવામાં આવેલ વચગાળાનાં આદેશને બહાલી આપું છું અને તેને કાયમી કરૂં છું. અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફ. નં. ૪ ની નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૯ માહે જુન, સને ૨૦૦૫.

યુ. એમ. વાસણાવાળા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૨૪૯/૪૮૭૨/૨૦૦૫.-આથી જાહેર કરવામાં આવે છે કે શ્રી કંસાળા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. કંસાળા, તા. સાયલા, જિ. સુરેન્દ્રનગરને સને ૧૯૬૧ન ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે. જેનો નોંધણી નંબર : સે. દુ-૩૫૬૭૦ તારીખ : ૧૦-૬-૦૫ છે.

સુરેન્દ્રનગર, ૧૪ માહે જુન, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૨૫૦/૪૮૭૩/૨૦૦૫.-આથી જાહેર કરવામાં આવે છે કે શ્રી ખાંડીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ખાંડીયા, તા. ચુડા, જિ. સુરેન્દ્રનગરને સને ૧૯૬૧ન ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે. જેનો નોંધણી નંબર : સે. દુ-૩૫૬૭૧ તારીખ : ૧૦-૬-૦૫ છે.

સુરેન્દ્રનગર, ૧૪ માહે જુન, સને ૨૦૦૫.

(સહી-) અવાચ્ય,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૧૬૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨-૩૦૧૧/સીએચ/તા. ૧૭-૪-૦૪.

(૨) ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૮.

આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૩૪૨/૨૦૦૫.-આ સાથેની યાદી મુજબની સહકારી મંડળીઓને તેમના નામ સામે કોલમ-૪માં જણાવેલ હુકમથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે અને કોલમ-૫માં દર્શાવેલ ફડચા અધિકારીની નિમણુંક કરવામાં આવેલ છે. પરંતુ કચેરીની વહીવટી અનૂકુળતા સબબ અને સહકારી કાયદાની કલમ-૧૦૮ની જોગવાઈ અનુસાર કોલમ-૫માં દર્શાવેલ ફડચા અધિકારી નિમણુંક રદ કરી કોલમ-૬માં દર્શાવેલ ફડચા અધિકારીની આથી નિમણુંક કરવામાં આવે છે.

નવા નિયુક્ત ફડચા અધિકારીએ વહેલી તકે મંડળીના ચાર્જ સંભાળી અત્રે અહેવાલ કરવાનો રહેશે.

આદેશ ક્રમાંક ફડચ/ગ-૨/૩૪૨/૨૦૦૫ તા. ૧૪-૬-૨૦૦૫નું જોડાણ (ફડચા અધિકારીઓની નિમણુંક બદલવા અંગેનું પત્રક)

અ.નં	મંડળીનું નામ	તાલુકો	ફડચાના હુકમ નંબર	હાલના નિયુક્ત ફડચા અધિકારી	નવા નિમાયેલ ફડચા અધિકારી	રિમાર્કસ
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ઋષભદેવ કો-ઓ. હાઉસીંગ સોસાયટી લિ., સુ.નગર	વઢવાણ	ફડચ/ગ-૨/૫૫૭/૦૪ તા. ૧૨-૭-૦૪	સહકારી અધિકારી (ફડચો નં.-૨)	સહકારી અધિકારી (બજાર)	
૨.	મિલાદ કો-ઓ. હા.સો.લિ. વઢવાણ	વઢવાણ	ફડચ/ગ-૨/૭૯૨/૦૨ તા. ૧૭-૫-૦૨	સહકારી અધિકારી (ફડચો નં.-૨)	સહકારી અધિકારી (બજાર)	
૩.	શાહીબાગ કો-ઓ. હા.સો.લિ. સુ.નગર	વઢવાણ	ફડચ/ગ-૨/૮૨૨/૦૨ તા. ૧૭-૫-૦૨	સહકારી અધિકારી (ફડચો નં.-૨)	સહકારી અધિકારી (બજાર)	
૪.	લક્ષ્મીનારાયણ કો-ઓ. હા.સો.લિ. સુ.નગર	વઢવાણ	ફડચ/ગ-૨/૨૦૧૦/૦૨ તા. ૨૨-૧૧-૦૨	સહકારી અધિકારી (ફડચો નં.-૨)	સહકારી અધિકારી (બજાર)	
૫.	પરીમલ કો-ઓ. હા.સો.લિ. સુ.નગર	વઢવાણ	ફડચ/ગ-૨/૭૬૨/૦૨ તા. ૧૧-૪-૦૨	સહકારી અધિકારી (ફડચો નં.-૨)	સહકારી અધિકારી (બજાર)	
૬.	ભડેણા સેવા સહકારી મંડળી લિ. ભડેણા	દસાડા	ફડચ/ગ-૨/૧૭૭/૦૪ તા. ૩-૩-૦૪	સહકારી અધિકારી (ફડચો નં.-૨)	સહકારી અધિકારી (બજાર)	
૭.	જય કો-ઓ. હા.સો.લિ. રતનપર	વઢવાણ	ફડચ/ગ-૨/૭૧૫/૦૨ તા. ૮-૪-૦૨	સહકારી અધિકારી (ફડચો નં.-૨)	સહકારી અધિકારી (બજાર)	
૮.	કડીયાણા ગોપા. વસા. સ.મં.લિ. કડીયાણા	હળવદ	ફડચ/ગ-૨/૬૩૬/૦૪ તા. ૩૦-૭-૦૪	સહકારી અધિકારી (ફડચો નં.-૨)	સહકારી અધિકારી (બજાર)	
૯.	અરૂણોદય સામુ. ખેતી સ.મં.લિ. સાપકડા	હળવદ	ફડચ/ગ-૧/૪૮૯૬/૭૦ તા. ૧૨-૧૨-૭૦	મદદ. સહ. અધિકારી (ફડચો)	મદદ. સહ. અધિકારી (લવાદ)	
૧૦.	પેપ્સીકોલા ઈન કોલ્ડ્રીંક કર્મ. ધિરાણ સ.મં.લિ. બામણબોર	ચોટીલા	ફડચ/ગ-૨/૨૧૨/૦૪ તા. ૨૪-૩-૦૪	સહકારી અધિકારી (વહીવટી)	સહકારી અધિકારી (ફડચો નં.-૧)	

સુરેન્દ્રનગર, ૧૪ માહે જુન સને ૨૦૦૫.

(સહી-) અવાચ્ય,,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત) દ્વારા

વાંચ્યા લીધા :

૧) સરકારશ્રીના સહકાર વિભાગનાં જાહેરનામાં ક્રમાંક : મ-૧૪૮-૮૨-ડીડીસી-૧૧૮૨/૭૪૨૫/એસ-૩ તા. ૨૧-૭-૮૨.

(૨) ફડચા અધિકારીશ્રી, કસવાળી જુથ સામુદાયક ખેતી સહકારી મંડળી લી., અને સહકારી અધિકારી (ફડચો નં. ૧) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંક : ફડચ/ગ-૨/૧૮૩/૧૩૧૦/૦૫ તા. ૧૦-૨-૦૫.

(૩) અત્રેની કચેરી તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામા ક્રમાંક સહક/બ/વશી/૧૪૮/૦૫ તા. ૪-૩-૦૫.

હુકમ

નં. : સહક/વહવ/પુનઃજીવીત/૨૯૪/૦૫.-શ્રી કસવાળી જુથ સામુદાયક ખેતી સહકારી મંડળી લી., મુ. કસવાળી, તાલુકો સાયલા કે જેની નોંધણી ક્રમાંક : ખે-૪૦૮૧ સને ૨૦૦૦થી કરવામાં આવેલ છે. સદરહું મંડળીને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ઓ. સુરેન્દ્રનગરની કચેરીનાં હુકમ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૦૪૧/૨૦૦૩ તા. ૩૧-૧૨-૨૦૦૩થી ફડચામાં લઈ જવામાં આવેલ.

ઉપરોક્ત મંડળીની તા. ૧૧-૧-૨૦૦૫ના રોજ મળેલ ખાસ સાધારણ સભામાં નક્કી થયા મુજબ સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ ક્રમાંક-૧૦ની કલમ-૧૯ હેઠળ સદરહું મંડળીને પુનઃજીવીત કરવા માટે ફડચા અધિકારીના તા. ૧૦-૨-૦૫ના પત્ર નં. : ફડચ/ગ-૨/૧૮૩/૧૩૧૦થી મંડળીને પુનઃજીવીત કરવા માટેની દરખાસ્ત અત્રેની કચેરીને ભલામણ સહ સાદર કરેલ છે.

અત્રેની કચેરી તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામાં ક્રમાંક : સહક/બાવશી/૧૪૮/૦૫ તા. ૪-૩-૦૫માં જણાવેલ વિગતે અને શરતે આ જાહેરનામામાં મંડળીને લેખીતમાં આ જાહેરનામાની તારીખથી દિવસ-૩૦માં આ કચેરી સમક્ષ રજુ કરવા વિનંતી કરવામાં આવેલ છે. આ બાબતે આ કચેરી સમક્ષ કોઈના તરફથી કોઈપણ જાતના વાંધાઓ આજસુધી આવેલ નથી. તેમજ ફડચા અધિકારીના પત્ર નં. : ફડચ/૦૨/છ/૩૬૭/૮/તા. ૧૯-૫-૦૫થી જણાવેલ છે કે જાહેરનામા અંગે કોઈ વાંધાઓ આવેલ નથી. તા. ૩૦-૧૧-૦૪ના રોજનું મંડળીની આર્થિક સ્થિતિ દર્શાવતુ સરવૈયું નીચે પ્રમાણે છે.

મુડી દેવા		મિલ્કત લેણાં	
૧૨૫૦-૦૦	શેરભંડોળ ખાતે	૧૦૭૧-૦૦	સુ.નગર ડી. બેંક સાયલા
૨૫-૦૦	પ્રવેશ ફી ખાતે	૧૬૦૦૦-૦૦	વકીલ ફી ખાતે
૮૦૦૦-૦૦	થાપણ ખાતે	૪૮૮-૦૦	નફા-નુકશાન ખાતે
૮૨૮૪-૦૦૦	રાઘવ જવરા ખાતે	૦-૦૦	બંધ સિલક
૧૭૫૫૯-૦૦	સરવાળો	૧૭૫૫૯-૦૦	સરવાળો

આથી અમો શ્રી એન. એ. આદ્રોજા, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત) સુરેન્દ્રનગર સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ક્રમાંક ૧૦ સને ૧૯૬૨ની કલમ-૧૯(બ)ની જોગવાઈ મુજબ સદરહું કલમ હેઠળ મળેલ અધિકારીની રૂએ શ્રી કસવાળી જુથ સામુદાયક ખેતી સહ. મં. લી., મુ. : કસવાળી, તા. : સાયલા, જિ. : સુરેન્દ્રનગરને પુનઃજીવીત કરવાનો અગાઉ કાઢવામાં આવેલ જાહેરનામામાં જણાવેલ મુદ્દાઓ તથા નીચે જણાવેલ સુચનાઓને આધિન રહીને આથી આદેશ કરવામાં આવે છે.

મંડળીએ અગાઉના ઓડીટ રીપોર્ટમાં દફતર સુધારણા વહીવટ બાબતો અંગેના મુદ્દાઓ વાસ્તવિક દુરસ્તી કરવાની રહેશે. તેમજ શેરભંડોળ વધારવાનું રહેશે.

મંડળીના અગાઉના નોંધણી નંબર તારીખ નામ તથા પેટા નિયમ જેમના તેમ ચાલુ રહેશે.

સુરેન્દ્રનગર, ૨૦ જુન સને ૨૦૦૫.

એન. એ. આદ્રોજા,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (પંચાયત),
સુરેન્દ્રનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : નધણ/સહ/વશી/૪૭૬/૨૦૦૫.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (જિલ્લા પંચાયત) રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ઈશ્વરીયા સેવા સહકારી મંડળી લી., મુ. ઈશ્વરીયા, તા. જામકંડોરણા, જિ. : રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦)ની કલમ-૯ (૧), (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નં. : સે. ૩૫૦૩૩ છે.

રાજકોટ, ૩૦ માહે મે ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : નધણ/સહ/વશી/૪૮૨/૨૦૦૫.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (જિલ્લા પંચાયત) રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી હડમતીયા જુથ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી., મુ. હડમતીયા, તા. ધોરાજી, જિ. : રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦)ની કલમ-૯ (૧), (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નં. : સે. ૩૫૦૩૪ છે.

રાજકોટ, ૧૦ માહે જુન ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : નધણ/સહ/વશી/૪૪૬/૨૦૦૫.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (જિલ્લા પંચાયત) રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી રોહીશાળા સિંચાઈ સેવા સહકારી મંડળી લી., મુ. રોહીશાળા, તા. ટંકારા, જિ. : રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦)ની કલમ-૯ (૧), (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નં. : ખે. ૩૯૮૫ છે.

રાજકોટ, ૯ માહે જુન ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : નધણ/સહ/વશી/૬૦૧/૨૦૦૫.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, (જિલ્લા પંચાયત) રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી જેતલસર જંકશન સરદાર સેવા સહકારી મંડળી લી., મુ. જેતલસર જંકશન, તા. જેતપુર, જિ. : રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨નો ગુજરાતનો કાયદો-૧૦)ની કલમ-૯ (૧), (અ) અન્વયે આજરોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નં. : સે. ૩૫૦૩૫ છે.

રાજકોટ, ૧૦ માહે જુન ૨૦૦૫.

પી. એમ. સોની,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, (જિ. પં.)
રાજકોટ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 14th JULY, 2005/ASHADHA 23, 1927 [No. 28

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	497-516	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	314-333
		PART - II	
		Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	565-582
PART - I - A		**PART - III**	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

BY THE PRINCIPAL DISTRICT JUDGE

NOTIFICATION

Read : High Court letter No. A. 2401/88 (I) dated 16-6-2005.

No. B./223/2005.-In pursuance of the Hon'ble High Court letter cited in the preamble, it is directed that the Presiding Officer, Fast Track Court No. 6, Jamnagar be deputed to hold his sitting at Khambhalia for 29 days commencing from 1st day of each month, in place of the Additional District Judge, till the posting of regular Additional District Judge at Jamnagar is being made by the Hon'ble High Court with effect from 1-7-2005.

The charge of the Court of the Presiding Officer, F.T.C. No. 6, Jamnagar, will remain with the Presiding Officer, F.T.C. No. 5, Jamnagar during the period while presiding Officer, F.T.C. No. 6, Jamnagar holds his sitting at Khambhalia.

Jamnagar, 24th June, 2005.

M. F. PARIKH,
Principal District Judge,
Jamnagar.

NOTIFICATION

No. UHC/3/of 2005.-The following Judicial Officers working in the subordinate Courts of this District were prevented from availing of Summer Vacation 2005 (Part-I), commencing from 09-05-2005 to 12-06-2005 (both days inclusive) for the period shown against their respective names under Rule-50 (2) of Gujarat Civil Services (Leave) Rules 2002.

SR. NO. 1	NAME & DESIGNATION OF JUDICIAL OFFICERS 2	PERIOD FOR WHICH PREVENTED FROM		TO 3	DAYS	REMARKS 4
1	Mr. P. C. JOSHI, Judge, Small Causes Court, Rajkot.	23-05-05 30-05-05 12-06-05	To To	27-05-05 10-06-05	= 05 = 12 = 01 18	—
2	Mr. H. B. RAVAL, Addl. Judge, Small Causes Court, Rajkot.	NOT PREVENTED			—	—
3	Mr. D. N. VYAS, Principal Senior Civil Judge, Rajkot.	9-05-05 23-05-05	To To	15-05-05 5-06-05	= 07 = 14 = 21	Transferred as Principal Senior Civil Judge, Patan

INDEX

	1	2		3		4
4	Mr. P. U. PATEL, Chief Judi. Magi. and Additional Senior, Civil Judge, Rajkot.	9-05-05	To	29-05-05	= 21	Transferred as Principal Senior Civil Judge, Godhra, Dist. Panch mahal
5	Mr. V. F. BHAT, 2nd Additional Senior Civil Judge, Rajkot.	1-06-05 12-06-05	To	8-06-05	= 08 = 01 09	—
6	Mr. P. P. SHAH, 3rd Additional Senior Civil Judge, Rajkot.	1-06-05	To	12-06-05	= 12	—
7	Mr. D. Y. MALIK, 4th Additional Senior Civil Judge, Rajkot.	1-06-05	To	12-06-05	= 12	—
8	Mr. N. H. PATEL, 5th Additional Senior Civil Judge, Rajkot.	9-05-05	To	29-05-05	= 21	—
9	Mr. V. D. PARMAR, 6th Additional Senior Civil Judge, Rajkot.	31-05-05	To	12-06-05	= 13	—
10	Mr. J. B. PATEL, 7th Additional Senior Civil Judge, Rajkot.	9-05-05 30-05-05	To To	13-05-05 12-06-05	= 05 = 14 19	Transferred as Metropolitan Magistrate, Ahmedabad.
11	Mr. B. N. MAKWANA, 8th Additional Senior Civil Judge, Rajkot.	9-05-05 25-05-05	& To	10-05-05 12-06-05	= 02 = 19 21	—
12	Mr. A. I. RAVAL, 9th Additional Senior Civil Judge, Rajkot.	09-05-05	To	31-05-05	= 23	—
13	Mr. M. L. LATHIA, Principal Senior Civil Judge, Gondal.	01-06-05	To	12-06-05	= 12	—
14	Mr. A. P. GOHEL, Additional Senior Civil Judge, Gondal.	16-05-05 08-06-05	To To	31-05-05 12-06-05	= 16 = 05 21	—
15	Mr. R. D. ADHAWARYU, 2nd Additional Senior Civil Judge, Gondal.	09-05-05 06-06-05	To To	22-05-05 12-06-05	= 14 = 07 21	—
16	Mr. J. P. GADHAVI, Principal Senior Civil Judge, Dhoraji.	16-05-05	To	4-06-05	= 20 20	Transferred as Principal Senior Civil Judge, Anand, Dist. Kheda.
17	Mr. N. G. PARMAR, Principal Senior Civil Judge, Morbi.	9-05-05 26-05-05 10-06-05	To To	18-06-05 02-06-05	= 10 08 01 19	Transferred as 5th Addl. Senior Civil Judge, Mahesana.

INDEX

1		2		3		4
18	Mr. P. R. MAKWANA, Addl. Senior Civil Judge, Morbi.	1-06-05	To	12-06-05	= 12	—
19	Ms. K. R. PRAJAPATI, 2nd Additional Senior Civil Judge, Morbi.	9-05-05 19-05-05 3-06-05	To To To	11-05-05 26-05-05 12-06-05	= 03 = 08 = 10 21	—
20	Ms. H. I. BHATT, Addl. Civil Judge, Rajkot.	13-05-05	To	26-05-05	= 14 14	—
21	Ms. T. D. PADIA, 2nd Addl. Civil Judge, Rajkot.			UNDER TRAINING		—
22	Mr. H. V. JOSHI, 3rd Addl. Civil Judge, Rajkot.			UNDER TRAINING		—
23	Mr. J. C. BUDDHBHATTI, 4th Addl. Civil Judge, Rajkot.			UNDER TRAINING		—
24	Mr. P. P. MOKASHI, 5th Addl. Civil Judge, Rajkot.			UNDER TRAINING		—
25	Mr. N. P. THAKKAR, 6th Addl. Civil Judge, Rajkot.			UNDER TRAINING		—
26	Mr. A. J. KANANI, 7th Addl. Civil Judge, Rajkot.			UNDER TRAINING		—
27	Mr. P. N. RAVAL, 8th Addl. Civil Judge, Rajkot.			UNDER TRAINING		—
28	Mr. J. N. DAVE, Judicial Magistrate, First Class, Rajkot.	19-05-05 02-06-05	To To	21-05-05 12-06-05	= 03 11 14	Transferred as Principal Civil Judge, Lathia-Liliya Dist. Amreli.
29	Mr. A. A. NANAVATI, J.M., F.C., (Traffic), Rajkot.	9-05-05 6-06-05	To To	22-05-05 12-06-05	= 14 = 07 21	—
30	Mr. A. H. DHAMANI, J.M., F.C., (Municipal), Rajkot.	9-05-05 19-05-05	To To	11-05-05 12-06-05	= 03 = 25 28	—
31	Mr. K. N. MEGHAT, J.M., F.C., (Rail Ways), Rajkot.	9-05-05 30-05-05	To To	14-05-05 10-06-05	= 06 = 12 18	—
32	Mr. K. K. SHUKLA, Principal Civil Judge, Jetpur.	16-05-05	To	12-06-05	= 28 28	—

1		2		3		4
33	Mrs. S. P. JOSHI, Principal Civil Judge, Upleta.	23-05-05 12-06-05	To	10-06-05	= 19 = 01 20	—
34	Mr. N. L. DAVE, Principal Civil Judge, Jasdan.	9-05-05 19-05-05	To To	11-05-05 12-06-05	= 03 = 25 28	—
35	Mr. P. R. CHAUHAN, Principal Civil Judge, Wankaner.	9-05-05 23-05-05	To To	15-05-05 12-06-05	= 07 = 21 28	—

Note :- The Judicial Officers working in the cadre of erstwhile Assistant Judge shown at Sr. Nos. 5 to 7, 13 and 18, upon coming into force Gujarat Civil Courts Act, 2005 and Gujarat State Judicial Services Rules, 2005 have been merged with and converted into the cadre of Senior Civil Judges vide Notification No. A. 0705/2005 (II) dated 19-05-2005, and they are working as Additional Senior Civil Judges w.e.f. 01-06-2005.

Rajkot, 28th June, 2005.

R. P. DHOLARIA,
Principal District Judge,
Rajkot.

મુખ્ય જિલ્લા ન્યાયાધીશ દ્વારા

જાહેરનામું

નં. : ઉહક/૩/સને ૨૦૦૫.-આ જિલ્લાની તાબાની અદાલતોમાં ફરજ બજાવતા નીચે દર્શાવ્યા પ્રમાણેના જ્યુડીશ્યલ અધિકારીશ્રીઓને તા. ૯-૫-૨૦૦૫ થી ૧૨-૬-૨૦૦૫ (બન્ને દિવસો સહિત) સુધીના સમયનાં ઉનાળુ વેકેશન ૨૦૦૫ (ભાગ-૧) દરમ્યાન તેઓના નામ સામે જણાવેલ સમયગાળા માટે તેઓશ્રીને ગુજરાત સિવિલ સર્વિસ (રજા) નિયમો-૨૦૦૨માં દર્શાવેલ નિયમ-૫૦ (૨)માં કરેલ જોગવાઈ મુજબ વેકેશન ભોગવતા અટકાવવામાં આવેલ છે.

ક્રમ નં. ૧	નામ અને હોદ્દો ૨	વેકેશન ભોગવતાં અટકાયત કરવામાં આવેલ સમય ૩				વિશેષ નોંધ ૪
૧	શ્રી પી. સી. જોશી, જજ, સ્મોલ કોઝ કોર્ટ, રાજકોટ.	૨૩-૦૫-૦૫ ૩૦-૦૫-૦૫ ૧૨-૦૬-૦૫	થી થી	૨૭-૦૫-૦૫ ૧૦-૦૬-૦૫	૦૫ ૧૨ ૦૧ ૧૮	—
૨	શ્રી એચ. બી. રાવલ, એડી. જજ, સ્મોલ કોઝ કોર્ટ રાજકોટ.	વેકેશન ભોગવતા અટકાવવામાં આવેલ નથી				—
૩	શ્રી ડી. એન. વ્યાસ, પ્રિન્સીપલ સીનિયર સિવિલ જજ, રાજકોટ	૯-૦૫-૦૫ ૨૩-૦૫-૦૫	થી થી	૧૫-૦૫-૦૫ ૫-૦૬-૦૫	૦૭ ૧૪ ૨૧	પ્રિન્સીપલ સીનિયર સિવિલ જજ, પાટણ ખાતે બદલી થયેલ છે.

INDEX

૧	૨	૩		૪
૪	શ્રી પી. યુ. પટેલ, ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ અને એડીશ્નલ સીનિયર સિવિલ જજ, રાજકોટ.	૯-૦૫-૦૫ થી ૨૯-૦૫-૦૫	૨૧	પ્રિન્સીપલ સીનિયર સિવિલ જજ, ગોદરા જિ. પંચમહાલ ખાતે બદલી થયેલ છે.
૫	શ્રી વી. એફ ભાટ, ૨ જા એડીશ્નલ સિનિયર સિવિલ જજ, રાજકોટ.	૧-૦૬-૦૫ થી ૮-૦૬-૦૫ ૧૨-૦૬-૦૫	૦૮ ૦૧ ૦૯	--
૬	શ્રી પી. પી. શાહ, ૩ જા એડીશ્નલ સિનિયર સિવિલ જજ, રાજકોટ.	૧-૦૬-૦૫ થી ૧૨-૦૬-૦૫	૧૨	--
૭	શ્રી ડી. વાય મલીક, ૪ થા એડીશ્નલ સિનિયર સિવિલ જજ, રાજકોટ.	૧-૦૬-૦૫ થી ૧૨-૦૬-૦૫	૧૨	--
૮	શ્રી એન. એચ. પટેલ, ૫ માં એડીશ્નલ સિનિયર સિવિલ જજ, રાજકોટ	૯-૦૫-૦૫ થી ૨૯-૦૫-૦૫	૨૧	--
૯	શ્રી વી. ડી. પરમાર, ૬ ઠ્ઠા એડીશ્નલ સિનિયર સિવિલ જજ, રાજકોટ	૩૧-૦૫-૦૫ થી ૧૨-૦૬-૦૫	૧૩	--
૧૦	શ્રી જે. બી. પટેલ, ૭ મા એડીશ્નલ સિનિયર સિવિલ જજ, રાજકોટ	૯-૦૫-૦૫ થી ૧૩-૦૫-૦૫ ૩૦-૦૫-૦૫ થી ૧૨-૦૬-૦૫	૦૫ ૧૪ ૧૯	મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ ખાતે બદલી થયેલ છે.
૧૧	શ્રી બી. એન. મકવાણા, ૮ મા એડીશનલ સીનિયર સિવિલ જજ, રાજકોટ.	૯-૦૫-૦૫ થી ૧૦-૦૫-૦૫ ૨૫-૦૫-૦૫ થી ૧૨-૦૬-૦૫	૦૨ ૧૯ ૨૧	--
૧૨	શ્રી એ. આઈ. રાવલ, ૯ મા એડીશ્નલ સીનિયર સિવિલ જજ, રાજકોટ.	૯-૦૫-૦૫ થી ૩૧-૦૫-૦૫	૨૩	--
૧૩	શ્રી એમ. એલ. લાઠીયા, પ્રિન્સીપલ સીનિયર સિવિલ જજ, ગોંડલ	૧-૦૬-૦૫ થી ૧૨-૦૬-૦૫	૧૨	--
૧૪	શ્રી એ. પી. ગોહેલ, એડીશ્નલ સીનિયર સિવિલ જજ, ગોંડલ	૧૬-૦૫-૦૫ થી ૩૧-૦૫-૦૫ ૮-૦૬-૦૫ થી ૧૨-૦૬-૦૫	૧૬ ૦૫ ૨૧	--
૧૫	શ્રી આર. ડી. અધ્વર્યુ, ૨ જા એડીશ્નલ સિનિયર સિવિલ જજ, ગોંડલ.	૯-૦૫-૦૫ થી ૨૨-૦૫-૦૫ ૬-૦૬-૦૫ થી ૧૨-૦૬-૦૫	૧૪ ૦૭ ૨૧	--
૧૬	શ્રી જે. પી. ગઢવી, પ્રિન્સીપલ સીનિયર સિવિલ જજ, ધોરાજી.	૧૬-૦૫-૦૫ થી ૪-૦૬-૦૫	૨૦	પ્રિન્સીપલ સીનિયર સિવિલ જજ, આણંદ, જિ.ખેડા ખાતે બદલી થયેલ છે.

૧	૨	૩			૪
૧૭	શ્રી એન. જી. પરમાર, પ્રિન્સીપલ સીનિયર સિવિલ જજ, મોરબી.	૯-૦૫-૦૫ થી ૧૮-૦૫-૦૫ ૨૬-૦૫-૦૫ થી ૨-૦૬-૦૫ ૧૦-૦૬-૦૫	૧૦ ૦૮ ૦૧ ૧૯		પાંચમા એડીશ્નલ સીનિયર સિવલ જજ, મહેસાણા ખાતે બદલી થયેલ છે.
૧૮	શ્રી પી. આર. મકવાણા, એડીશ્નલ સીનિયર સિવિલ જજ, મોરબી.	૧-૦૬-૦૫ થી ૧૨-૦૬-૦૫	૧૨		—
૧૯	કુમારી કે. આર. પ્રજાપતિ, ૨ જા એડીશ્નલ સીનિયર સિવિલ જજ, મોરબી.	૦૯-૦૫-૦૫ થી ૧૧-૦૫-૦૫ ૧૯-૦૫-૦૫ થી ૨૬-૦૫-૦૫ ૩-૦૬-૦૫ થી ૧૨-૦૬-૦૫	૦૩ ૦૮ ૧૦ ૨૧		—
૨૦	કુ. એચ. આઈ. ભટ્ટ, એડીશ્નલ સિવિલ જજ, રાજકોટ.	૧૩-૦૫-૦૫ થી ૨૬-૦૫-૦૫	૧૪		—
૨૧	કુ. ટી. ડી. પડીયા, ૨ જા એડીશ્નલ સિવિલ જજ, રાજકોટ.	અન્ડર ટ્રેનિંગ			—
૨૨	શ્રી એચ. વી. જોષી, ૩જા એડીશ્નલ સિવિલ જજ, રાજકોટ.	અન્ડર ટ્રેનિંગ			—
૨૩	કુ. જે. સી. બુધ્ધભટ્ટી, ૪થા એડીશ્નલ સિવિલ જજ, રાજકોટ.	અન્ડર ટ્રેનિંગ			—
૨૪	કુ. પી. પી. મોકાશી, ૫ મા એડીશ્નલ સિવિલ જજ, રાજકોટ.	અન્ડર ટ્રેનિંગ			—
૨૫	શ્રી એન. પી. ઠક્કર, ૬ઠ્ઠા એડીશ્નલ સિવિલ જજ, રાજકોટ.	અન્ડર ટ્રેનિંગ			—
૨૬	શ્રી એ. જે. કાનાણી, ૭મા એડીશ્નલ સિવિલ જજ, રાજકોટ.	અન્ડર ટ્રેનિંગ			—
૨૭	શ્રી એન. પી. રાવલ, ૮મા એડીશ્નલ સિવિલ જજ, રાજકોટ.	અન્ડર ટ્રેનિંગ			—
૨૮	શ્રી જે. એન. દવે, જ્યુ. મેજી. ફ.ક. રાજકોટ.	૧૯-૦૫-૦૫ થી ૨૧-૦૫-૦૫ ૨-૦૬-૦૫ થી ૧૨-૦૬-૦૫	૦૩ ૧૧ ૧૪		પ્રિન્સીપલ સિવિલ જજ, લાઠી-લીલીયા, જિ. અમરેલી ખાતે બદલી થયેલ છે.
૨૯	શ્રી એ. એ. નાણાવટી, જ્યુ. મેજી. ફ.ક. (ટ્રાફીક) રાજકોટ.	૯-૦૫-૦૫ થી ૨૨-૦૫-૦૫ ૬-૦૬-૦૫ થી ૧૨-૦૬-૦૫	૧૪ ૦૭ ૨૧		—

૧	૨	૩		૪
૩૦	શ્રી એ. એચ. ધમાણી, જ્યુ. મેજી. ફ.ક. (મ્યુનિ.) રાજકોટ.	૯-૦૫-૦૫ થી ૧૧-૦૫-૦૫ ૧૯-૦૫-૦૫ થી ૧૨-૦૬-૦૫	૦૩ ૨૫ ૨૮	—
૩૧	શ્રી કે. એન. મેઘાત, જ્યુ. મેજી. ફ.ક. (રેલ્વે) રાજકોટ.	૯-૦૫-૦૫ થી ૧૪-૦૫-૦૫ ૩૦-૦૫-૦૫ થી ૧૦-૦૬-૦૫	૦૬ ૧૨ ૧૮	—
૩૨	શ્રી કે. કે. શુકલ, પ્રિન્સીપલ સિવિલ જજ, જેતપુર.	૧૬-૦૫-૦૫ થી ૧૨-૦૬-૦૫	૨૮	—
૩૩	શ્રીમતિ એસ. પી. જોષી, પ્રિન્સીપલ સિવિલ જજ, ઉપલેટા.	૨૩-૦૫-૦૫ થી ૧૦-૦૬-૦૫ ૧૨-૦૬-૦૫	૧૯ ૦૧ ૨૦	—
૩૪	શ્રી એન. એલ. દવે, પ્રિન્સીપલ સિવિલ જજ, જસદણ.	૯-૦૫-૦૫ થી ૧૧-૦૫-૦૫ ૧૯-૦૫-૦૫ થી ૧૨-૬-૦૫	૦૩ ૨૫ ૨૮	—
૩૫	શ્રી પી. આર. ચૌહાણ, પ્રિન્સીપલ સિવિલ જજ, વાંકાનેર.	૯-૦૫-૦૫ થી ૧૫-૦૫-૦૫ ૨૩-૦૫-૦૫ થી ૧૨-૬-૦૫	૦૭ ૨૧ ૨૮	—

નોંધ : ગુજરાત સિવિલ કોર્ટસ એક્ટ, ૨૦૦૫ અને ગુજરાત સ્ટેટ જ્યુડીશ્યલ સર્વિસીસ રૂલ્સ, ૨૦૦૫ અમલમાં આવતા, નામદાર ગુજરાત વડી અદાલતનાં જાહેરનામા ક્રમાંક : એ. ૦૭૦૫/૨૦૦૫ (II), તા. ૧૯-૦૫-૨૦૦૫ થી, પૂર્વ આસીસ્ટન્ટ જજના સંવર્ગમાં કામ કરતાં જ્યુડીશ્યલ ઓફિસરશ્રીઓના સંવર્ગનું સિનિયર સિવિલ જજના સંવર્ગમાં વિલિન અને રૂપાંતર થતાં ક્રમાંક ૫ થી ૭, ૧૩ અને ૧૮ ઉપર દર્શાવેલા જ્યુડીશ્યલ ઓફિસરો તા. ૦૧-૦૬-૨૦૦૫ થી સીનિયર સિવિલ જજના સંવર્ગમાં ફરજ બજાવે છે.

રાજકોટ, ૨૮ માહે જૂન, સને ૨૦૦૫.

આર. પી. ઢોલરીયા,
મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
રાજકોટ.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું

જાહેરનામું

નં. : એમએજી/સી/૧૪૪/૨૮૫/૨૦૦૫.-પોરબંદર જિલ્લો વિશાળ દરિયા કિનારો ધરાવે છે, અને આ જિલ્લાનનાં જુદા જુદા બંદરો ઉપરથી માચ્છીમારી માટે સમુદ્રમાં જાય છે, તે લોકો સમુદ્રમાં ગયા પછી વાવાઝોડા, વરસાદ કે હવામાન અંગેની અન્ય આગાહીઓ સંબંધે આવા સમુદ્રમાં રહેલ માચ્છીમારોને ચેતવણી પહોચાડવી શક્ય હોતી નથી. સામાન્ય રીતે મે જુન માસમાં દર વરસે દરિયો તોફાની થઈ જાય છે. વર્ષ-૧૯૯૯માં રાજયનાં અમુક વિસ્તારમાં ત્રાટકેલ વાવાઝોડાના કારણે મોટી જાનહાનિ થયેલ હતી. મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા તથા પોર્ટ ઓફિસરશ્રી દ્વારા માચ્છીમારોને સામાન્ય રીતે મે માસથી સમુદ્રમાં માછીમારી માટે જવા પરવાનગી આપવમાં આવતી નથી, તેમ છતા અનઅધિકૃત રીતે કોઈ માચ્છીમાર માચ્છીમારી માટે સમુદ્રમાં ચાલ્યા જાય અને વાવાઝોડા, વરસાદ કે ભારે પવનનાં કારણે સમુદ્ર તોફાની બને તેવા સંજોગોમાં સમુદ્રમાં ચાલ્યા ગયેલ માછીમારોના જીવનું જોખમ ઉભુ થાય તેવા સંજોગો ઉપસ્થિત થવા સંભવ છે. જેથી આવા માછીમારોને સમુદ્રમાં ગેરકાયદેસર રીતે જતા અટકાવવા અમોને ઈષ્ટ જણાય છે.

સબબ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ (૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું શ્રીમતિ શીલા બેન્જામીન, જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી

ફરમાવું છું કે પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારના દરીયા કાંઠેથી કોઈ પણ માછીમારોએ તા. ૨૮-૬-૨૦૦૫ થી તા. ૧૫-૮-૨૦૦૫ના સમય દરમ્યાન માચ્છીમારી માટે સમુદ્રમાં જવું નહિ.

આ જાહેરનામાં હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦નાં (૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ અન્વયે સજા થઈ શકશે.

આ જાહેરનામાની વર્તમાન પત્રની મારફત બહોળી પ્રસિદ્ધિ કરવી.

આજ તા. ૨૮-૬-૨૦૦૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૨૮ માહે જુન, સને ૨૦૦૫.

શીલા બેન્જામીન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પોરબંદર.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૭ (૩) અન્વયે

જાહેરનામું

નં. : એમએજી/સી/૩૭ (૩)/૦૫.-હાલમાં ચાલતા દબાણ હટાવ ઝુંબેશ, ગીરનાર પર્વત પર ગુરૂ દતાત્રેયની જગ્યા ખાતે હિન્દુ જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય વિરોધપક્ષના ભાજપના પક્ષ પ્રમુખશ્રીએ પાકીસ્તાન ખાતે કરેલ ભાષણનો વિ. હિ. પ., બજરંગદળ, દ્વારા કરવામાં આવેલ વિરોધ વેરાવળ પ્રભાસ પાટણ ખાતે કોમી તનાવના બનતા બનાવો વિ. ને કારણે રાજકીય બીન રાજકીય દ્વારા સભાઓ, સરઘસો વિગેરે જુદા જુદા કાર્યક્રમો થવા સંભાવના હોય જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહિ તે માટેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં તારીખ ૨૬-૬-૨૦૦૫નાં પત્રથી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢ તરફથી રજુ થયેલ ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂઈએ હું, એ. સી. રાઠોડ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૭-૬-૨૦૦૫નાં રોજથી તા. ૧૦-૭-૨૦૦૦૫ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીને,

૨. સરકારી નોકરીએ અવર-જવર કરતી હોય તેવી વ્યક્તિને,

૩. કોઈ લગ્નના વરઘોડાને,

૪. સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યક્તિઓને,

૫. સક્ષમ અધિકારીશ્રીઓની કાયદેસરની પરવાનગી લઈને,

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબિત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮, મુજબનો ગુનો સાબિત થયેથી જે તે વ્યક્તિને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણના માનવજીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યક્તિને ૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહીત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૭મી જુન સને ૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિદ્ધ કર્યું.

જુનાગઢ, ૨૭ માહે જુન, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ (૧) બી હેઠળ

જાહેરનામું

નં. : એમએજી/સી/૩૧૦૧૦/૦૫.-નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, અને આચાર્ય પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્ર ક્રમાંક : સીબી/૨/ટીઆરજી/૨૩૩૯/૨૦૦૫, તા. ૨૪-૬-૦૫થી તેમના તાલીમ કેન્દ્રમાં હાલ તાલીમ લઈ રહેલ બેંચ નં. : ૧૫ના તાલીમાર્થીઓની ફાયરીંગ પ્રેકટીસ તા. ૧૧/૧૨ તથા ૧૩-૭-૦૫ના રોજ પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ હસ્તકના ફાયરીંગ બટ પર લેવાનું હોય, તેનું ધોરણસરનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે.

સબબ ઉપરોક્ત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતા હું, એ. સી. રાઠોડ, જી. એ. એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧) (બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૧૧/૧૨ તથા તા. ૧૩-૭-૦૫ના રોજ સવારે ૭-૦૦ કલાકથી ૧૮-૦૦ કલાક સુધી ઉક્ત ફયરીંગ બટના આજુ-બાજુનાં ૧ કી. મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશ બંધી ફરમાવું છું.

INDEX

આ જાહેરનામું આજ તા. ૨૮ જુન સને ૦૫ના રોજ મારી સહી તથા કચેરીનાં સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિદ્ધ કર્યું.

જુનાગઢ, ૨૮ માહે જુન, સને ૨૦૦૫.

એ. સી. રાઠોડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

જાહેરનામું

નં. : ડીએમ/૧/૨૨૫૧/૨૦૦૫.-આગામી તા. ૮-૭-૨૦૦૫ના રોજ શ્રી જગન્નાથજીની રથયાત્રા સવારના ૮-૦૦ કલાકથી ભગવાનેશ્વર મહાદેવ મંદિર, સુભાષનગરથી નીકળનાર છે. આ રથયાત્રા, ભાવનગર શહેરના ગીચ, લોકોની વધુ અવરજવરવાળા વિસ્તારોમાંથી પસાર થતાં ત્યાંના રૂટ ઉપર ટ્રાફીકનું નિયમન કરવું અનિવાર્ય જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૩ (૧) (બી) થી મને મળેલ અધિકારની રૂઈએ હું, ડી. બી. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે, ભાવનગર શહેરના નીચે દર્શાવેલ રસ્તાઓની બંને બાજુએ તા. ૮-૭-૨૦૦૫ના રોજ સવારના ૦૭-૦૦ કલાકથી ૨૪-૦૦ કલાક સુધી કોઈએ કોઈપણ પ્રકારના વાહન (દ્વીચક્રી વાહનો સહીત) સાથે અવર જવર કરવી નહી.

રસ્તાઓ :

(૧) ગંગાજળીયા તળાવ-ગંગાદેરીથી ઘોઘાગેઈટ

(૨) ઘોઘાગેઈટથી ખાર ગેઈટ

(૩) ખાર ગેઈટથી મામાકોઠા રોડ

(૪) મામાકોઠા રોડથી ડૉ. ગજ્જરનું દવાખાનું, રૂવાપરીગેઈટ થઈને હલુરીયા ચોક

પોલીસ તથા મહેસુલખાતાના તથા ગુજરાત વિદ્યુત બોર્ડના ફાયરબ્રીગેડ, એમ્બ્યુલન્સ તથા આવશ્યક સેવાના રથયાત્રામાં સામેલ વાહનોને સદરહું જોગવાઈમાંથી મુક્તિ આપવામાં આવે છે.

સદરહુ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષા થઈ શકે છે.

"જાહેરનામાનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે."

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડીને તેમજ સદરહુ વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને તથા સ્થાનીક વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ ૨૪-૬-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવીને સદરહું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૨૪ માહે જુન, સને ૨૦૦૫.

જાહેરનામું

નં. : ડીએમ/૧/વશી/૨૨૨૬/૨૦૦૫.-ભાવનગર જિલ્લાના તળાજા શહેરમાં દિન-પ્રતિદિન વસ્તી વધારો થતો હોઈ તેમજ તળાજા તાલુકાનું મુખ્ય મથક હોઈ ગામડાના લોકો ખરીદી/વેચાણ કરવા માટે નિયમિત આવતા હોય છે. તળાજા શહેરમાં મધ્યમાં ગર્લ્સ હાઈસ્કુલ તેમજ અન્ય હાઈસ્કુલ સામુહીક આરોગ્ય કેન્દ્ર ઉપર આવતાં દર્દીઓ તેમજ અન્ય લોકોની અવરજવર વધુ પડતી હોઈ તે અનુસંધાને ભવિષ્યમાં કોઈ અકસ્માત સર્જાય નહી તે માટે ટ્રાફીકનું નિયમન કરવાનું તેમજ વાહનોનાં પાર્કીંગ સ્ટેન્ડ નક્કી કરવાનું જરૂરી જણાતા હું, ડી. બી. વોરા, (જી. એ. એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ તળાજા શહેરમાં નીચે જણાવેલ વાહનો માટેનાં પાર્કીંગ સ્ટેન્ડ નક્કી કરૂં છું.

રીક્ષા સ્ટેન્ડ :

(૧)	જૈન બોર્ડીંગ	બાપા સીતારામ ચોક પાસે જૈન બોર્ડીંગની દિવાલે બસ સ્ટેન્ડ સુધી
(૨)	સીનેમાં ખાંચો	હોસ્પીટલની દિવાલે સીનેમા સુધી
(૩)	ચૌહાણ સા. પાછળ	ગર્લ્સ હાઈસ્કુલની દિવાલે
(૪)	મેમોરીયલ મેદાન	બાઉચોક કે. એન. હોસ્પીટલ પાસે
(૫)	લાતી બજાર પાછળ	શિવાજીનગર પદા શેઠની લાતી પાછળ ખાંચામાં

એસ. ટી. તથા લકઝરી :

(૧)	બાપાસીતારામ ચોક	જૈન અતીથી ગૃહનાં ખૂણાથી બસ સ્ટેન્ડ સુધી તથા બસ સ્ટેન્ડથી તાલુકા પંચાયત ઓફીસ સુધી.

ટેકસી પાર્કીંગ :

(૧)	ઈરીગેશન કોલોની-પાસેનાં ઘર સુધી	મેલડી માતાના મંદિરથી હર્ષદભાઈનાં ઘર સુધી

INDEX

ટ્રાન્સપોર્ટ ટ્રક :

(૧) લીલીવાવ રોડ પેટ્રોલ પંપની પાસેનાં ખાંચામાં ભાયાભાઈની લાતી સુધી

(૨) તાલુકા પંચાયત ખુંણેથી મહુવા રોડ ચોકડી સુધી જીપ, થ્રી વ્હીલ ટેમ્પો તથા ફોર વ્હીલ ટેમ્પો

જીપ, થ્રી વ્હીલ ટેમ્પો તથા ફોર વ્હીલ ટેમ્પો :

(૧)	લીલીવાવ રોડ	આદિત્ય બોર્ડીંગથી લીલીવાવ રોડ તરફ
(૨)	ગોરખી દરવાજા	ડી પ્લાનના ખૂંણેથી ગોરખી રોડ તરફ
(૩)	પાવઠી રોડ	કરીમાબાદ સોસાયટીના ખુણેથી પાવઠી તરફ
(૪)	રામપરા રોડ	બચુભાઈની વાડી કુમારના પ્લોટના છેલ્લા ખૂણાથી રામપરા તરફ

(૫) મહુવા રોડ ચોકડી ઉપર તથા પાલીતાણા રોડ ચોકડી ઉપર.

તળાજા શહેરમાં માલસામાન લાવવા તથા લઈ જવા માટે ભારે વાહનો તથા નાના વાહનો ક. ૧૦-૦૦ કલાકથી તેમજ સાંજના ક. ૧૭-૦૦ પછી લાવવાના રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ સજા થઈ શકે છે.

"જાહેરનામાના અમલ અને તેનાં ભંગ બદલ પગલા લેવા માટે ફરજ ઉપરના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે."

મહેસુલ, પંચાયત, હોસ્પીટલ, વીજળી, નગરપાલીકા, વિગેરે આવશ્યક સેવાઓનો સંબંધીત સ્ટાફને આ જાહેરનામું લાગુ પડતું નથી.

ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં જાહેરનામાની નકલો ચોટાડીને અને વર્તમાન પત્રો મારફતે તેની બહોળી પ્રસિદ્ધી કરાવવી.

આજ તા. ૨૧-૬-૨૦૦૫ના રોજ મારી સહી સિક્કો કરીને આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૨૧ માહે જુન, સને ૨૦૦૫.

ડી. બી. વોરા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

પોલીસ કમિશ્નર દ્વારા

સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (એમ) નીચે

હુકમ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૧૭૭૫/૨૦૦૫.-ગુજરાત રાજ્યનાં રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની જરૂરિયાતને અનુલક્ષીને નર્મદા કેનાલ મારફતે સૌરાષ્ટ્ર કેનાલમાંથી પાણી છોડવાનું આયોજન થયેલ છે. આ નર્મદાનું પાણી માળીયા કેનાલમાં નાખી પાઈપ લાઈન દ્વારા હડાળા ગામ પાટીયા પાસે સંમ્પમાં નાખી ત્યાથી સંમ્પમાંથી પંમ્પીંગ કરી આજી ડેમ ફીલ્ટર પ્લાન્ટ સુધી લાવી રાજકોટ શહેરને પુરૂં પાડવામાં આવે છે.

ઉપરોક્ત પાઈપલાઈન દ્વારા આવતું પાણીનું યોગ્ય રીતે વિતરણ થઈ શકે તે માટે તેમજ પાણી પુરવઠામાં વિક્ષેપ ઉભો ન થાય તે માટે પાઈપલાઈન તથા આનુસાંગીક ઘટકો સંમ્પ, પંમ્પ હાઉસ, એર વાલ્વ, સ્કાવર વાલ્વને અસામાજિક તત્વો દ્વારા તોડફોડ કરવામાં ન આવે તેમજ પાણીની ચોરી તથા દુર્વ્યય અટકાવી શકાય તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું મને ઈષ્ટ જણાય છે.

આથી હું, કે. નિત્યાનંદમ, આઈ. પી. એસ., પોલીસ કમિશનર, રાજકોટ શહેર, રાજકોટ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (મુબઈ નાં ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૩ (એમ)થી મને મળેલ સત્તાની રૂએ રાજકોટ કમિશનરેટ વિસ્તારમાં તા. ૧-૭-૦૫ કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૮-૦૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

કૃત્યો

(૧) રાજકોટ કમિશ્નરેંટ વિસ્તારમાં પસાર થતી પાણી પુરવઠાની નર્મદા પાઈપ લાઈનમાં છેદ પાડી કોઈ વ્યક્તિ પંમ્પ દ્વારા, ટેન્કર દ્વારા કે બીજી કોઈ રીતે પાણી લઈ કે ભરી શકશે નહીં.

(૨) આ પાણીની પાઈપલાઈન સાથે કોઈ વ્યક્તિ ચેડા કરી શકશે નહીં કે પાઈપલાઈન ને તોડફોડ કરશે નહીં કે પાઈપલાઈનનો પરની જમીનમાં ખાડા કરી શકશે નહીં આ પાઈપલાઈનમાંથી કોઈપણ વ્યક્તિ પાણી લઈ શકશે નહીં કે તેમજ પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જાય તેવું કોઈ કૃત્ય કરશે નહીં .

(૩) આ પાઈપલાઈનમાંથી કોઈ વ્યક્તિ સીધી રીતે કે પંમ્પીગ કરી પાણી મેળવી શકશે નહીં તેમજ મોટર કે મશીનથી પંમ્પ મુકી પાણી ખેંચી શકશે નહીં.

(૪) આ પ્રતિબંધિત વિસ્તારમાં કોઈ વ્યક્તિ અનઅધિકૃત પ્રવેશ કરશે નહીં.

પ્રતિબંધિત વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેંટની હકુમત હેઠળથી પસાર થતી નર્મદા પાણીની પાઈપલાઈનની આજુ બાજુનો વિસ્તાર.

અપવાદ

ઉપરોક્ત યોજનામાંથી જે શહેર/ગામોને પીવાના પાણીની તકલીફને કારણે ટેન્કરો અગર અન્ય સાધનો દ્વારા પાણી પહોચાડવા માટે સક્ષમ અધિકારી તરફથી મંજૂરી આપવામાં આવેલ હોય તેવા વાહનો તેમજ સરકારી કામમાં રોકાયેલ હોય તેવી વ્યક્તિઓ કે વાહનોને આ હુકમ લાગુ પડશે નહી.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું, આથી આદેશ આપું છું કે આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ ૨૭ માહે જુન ૨૦૦૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે જુન, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક એસ.બી/જાહેરનામું/૧૭૭૧/૨૦૦૫.-રાજકોટ શહેરની વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી છે. તેમજ રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નિચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. નિત્યાનંદમ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/ એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમા રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૦૧-૦૭-૨૦૦૫ કલાક ૦૦-૦૦થી તા. ૩૧-૦૮-૨૦૦૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર તથા ચપ્પા જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળું પાનું હોય તેવા ચપ્પા સાથે રાખીને ફરવાની મનાઈ ફરમાવું છું.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) બીજા શસ્ત્રો લઈ જવાની.

(ઘ) સરઘસ સાથે સળગતી મશાલ રાખવાની.

(ચ) વ્યક્તિઓના પૂતળા બાળવાની.

(છ) કોઈપણ વિરોધ વ્યક્ત કરતી વખતે કોઈપણ ચીજ વસ્તુ સળગાવવાની.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

(૧) સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીઓએ આવી કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ ૨૭ માહે જુન-૨૦૦૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૭ માહે જુન, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનીયમન-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંકઃએસ.બી./જાહેરનામું/૧૭૭૨/૨૦૦૫.-રાજકોટ શહેરની વર્તમાન પરિસ્થિતીને લક્ષમાં લઈ જાહેર શાંતી અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી છે. તેમજ રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારના સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારોમાં કોઈપણ પ્રકારનો સુલેહ શાંતીનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા પર, કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. નિત્યાનંદમ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનીયમન-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નં. જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને સુપ્રી. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૦૧-૦૭-૨૦૦૫ કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૦૮-૨૦૦૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) ચાર કરતા વધારે માણસોના ભેગા થવા પર, કોઈ સભા બોલાવવાનું કે સરઘસ કાઢવા ઉપર.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેવા તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહી.

જીલ્લો : સુરેન્દ્રનગર, કે જે નોધણી નં. : ૮૧૨૧ તા. ૧૬-૧૨-૮૧થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે જેને વંચાણે લીધા ક્રમાંક : ૨ના આદેશથી કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે જેની ફડચા કામગીરી મંડળીના ફડચા અધિકારીએ પૂર્ણ કરી વંચાણે લીધેલ ક્રમાંક : ૩થી મંડળીની નોંધણી રદ કરવા અને ફડચા કામગીરી સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ ઉપર્યુક્ત વિગતો ધ્યાને લઈ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ અન્વયે મંડળીની ફડચા કામગીરી સમાપ્ત કરવામાં આવે છે. અને કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૩૦ માહે જુલાઈ સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામાં ક્રમાંક :જી.એચ.કે.એચ/૧૬-૨૦૦૩/એનએચબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૩૯૭/૨૦૦૪ તા. ૨૯-૦૫-૨૦૦૪.

(૩) ફડચા અધિકારીની તા. ૨૬-૭-૨૦૦૫ની દરખાસ્ત.

આદેશ

ક્રમાંક ફડચ/ગ-૨/૫૮૨/૦૫.-શ્રી સર્વોદય કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. : સુરેન્દ્રનગર, તા. : વઢવાણ, જીલ્લો : સુરેન્દ્રનગર કે જે નોંધણી નં. : ઘ-૫૫૪ તા. ૧૮-૧-૬૩થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે જેને વંચાણે લીધા ક્રમાંક : ૨ના આદેશથી કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે. જેની ફડચા કામગીરી મંડળીના ફડચા અધિકારીએ પૂર્ણ કરી વંચાણે લીધેલ ક્રમાંક : ૩ થી મંડળીની નોંધણી રદ કરવા અત્રે ફડચા કામગીરી સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ ઉપર્યુક્ત વિગતો ધ્યાને લઈ ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ અન્વયે મંડળીની ફડચા કામગીરી સમાપ્ત કરવામાં આવે છે. અને કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૩૦ માહે જુલાઈ સને ૨૦૦૫.

ડી. બી. પટેલ,
જીલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 25th AUGUST, 2005/BHADRA 3, 1927 [No. 34

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	583-588	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	500-523
		PART - II Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	681-694
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

Read : (1) Hon'ble High Court Resolution No. A. 0707 (ii) / 2005 Dtd. 02-08-2005.

NOTIFICATION

No.B./62/2286/of 2005.-[For insertion in the Gujarat Government Gazette part-I, Supplement to Central Section.]

In View of the Resolution cited at preamble, the undersigned is pleased to pass the folloing order, with regard to holding the sitting at Babra.

The Additional Civil Judge and judicial Magistrate First Class, Lathi-Liliya at Lathi is deputed to hold his sitting at Babra for a period of two weeks, commencing from 1st Monday of each month w.e.f. August 2005.

Such sitting for the month of August 2005, shall be from 8th to 12th August, 2005 and thereafter, from the Month of September, 2005 the above arrangement shall come into force.

During the circuit period, the charge of the Court of Additional Civil Judge and Judicial Magistrate First Class, Lathi-Lilliya shall remain with the Principal Civil Judge and Judicial Magistrate First Class, Lathi.

Amreli, 2nd August, 2005.

Read : (1) Hon'ble High Court Resolution No. A-0707 (ii)/2005.

NOTIFICATION

No.B/62/2287/of/2005.-[For insertion in the Gujarat Government Gazette part-I, Supplement to Central Section.]

In View of the Resolution cited at preamble, the undersigned is pleased to pass the folloing order, with regard to holding the sitting at Liliya.

The Principal Civil Judge and Judicial Magistrate First Class, Lathi-Liliya is deputed to hold his sitting at Liliya for a period of 6 days, commencing from 3rd Monday of each month w.e.f. August 2005, instead of Additional Civil Judge and Judicial Magistrate First Class, Amreli.

During the circuit period, the charge of the Court of Principal Civil Judge and Judicial Magistrate First Class, Lathi-Liliya shall remain with the Additional Civil Judge and Judicial Magistrate First Class, Lathi-Liliya.

Amreli, 2nd August, 2005.

D. K. BHATT,
Principal District Judge,
Amreli.

Notification

No. UHC/B/15/2005.-The following Judicial Officers of the Junagadh District have been Prevented from availing the Summer Vacation for the Year-2005 commencing from 09-05-2005 to 12-06-2005 (Both days inclusive), for the period shown against their names in Coulmn NO.-3, under the provisions contained in the Gujarat Civil Service (Leave), Rules, Rule-50 & 52, (Old B. C. S. R. Rule-741 & 742, VOLUME-I.).

INDEX

SR. NO.	NAME & DESIGNATION OF JUDICIAL OFFICERS	PERIOD FOR WHICH PREVENTED FROM		TO	DAYS	REMARKS
1	2	3			4	5
1.	Mr. H. L. Pandya, Pri. S. C. J&JMFC., Junagadh.	09-05-05 07-06-05	To To	30-05-05 12-06-05	28	Trans. to Navsari
2.	Mr. M. G. Padhiyar, CJM & Addl. SCJ & JMFC., Junagadh.	09-05-05	To	05-06-05	28	
3.	Mr. N. T. Solanki, 2nd Addl. SCJ & JMFC, Junagadh.	09-05-05 10-06-05	To To	02-06-05 12-06-05	28	
4.	Mr. S. M. Singal, 3rd Addl. SCJ & JMFC, Junagadh.	09-05-05	To	06-06-05	29	
5.	Mr. D. A. Prajapati, 3rd Addl. SCJ & JMFC, Junagadh.	09-05-05	To	30-05-05	22	Trans. to C.M.M. A'bad.
6.	Mr. D. J. Chhatbar, 4th Addl. SCJ & JMFC, Junagadh.	12-05-05 23-05-05	To To	17-05-05 07-06-05	22	
7.	Mr. M. A. Kadiwala, 5th Addl. SCJ & JMFC, Junagadh.	09-05-05 25-05-05 01-06-05 08-06-05	To To To To	22-05-05 29-05-05 02-06-05 12-06-05	26	
8.	Mr. P. A. Vaghela, 6th Addl. SCJ & JMFC, Junagadh.	09-05-05 11-06-05	To To	01-06-05 12-06-05	26	
9.	Mr. M. S. Sindhi, 3rd Addl. SCJ & JMFC, Junagadh.	09-05-05 26-05-05	To To	22-05-05 01-06-05	21	Trans. to Met. Magi. A'bad.
10.	Mr. A. P. Kansara, 7th Addl. SCJ & JMFC, Junagadh.	09-05-05 27-05-05	To To	15-05-05 12-06-05	24	
11.	Mr. R. B. Marfatia, 3rd Addl. SCJ & JMFC, Junagadh.	09-05-05	To	31-05-05	23	06-06-05 in High Court Training to Trans, to Nadiad.
12.	Mr. S. J. Jadav, Addl. SCJ & JMFC, Porbandar.	22-05-05	To	12-06-05	22	
13.	Mr. D. K. Devluk, 2nd Addl. SCJ & JMFC, Porbandar.	09-05-05 05-06-05	To To	22-05-05 06-06-05	16	

INDEX

1	2	3			4	5
14.	Mr. J. P. Kakkad, Pri. SCJ & JMFC, Veraval.	09-05-05 12-06-05	To	01-06-05	25	
15.	Mr. A. N. Joshi, Addl. SCJ & JMFC, Veraval	11-05-05 29-05-05	To To	16-05-05 12-06-05	21	
16.	Mr. D. A. Hingu, 2nd Addl. SCJ & JMFC, Veraval.	09-05-05 11-06-05	To To	03-06-05 12-06-05	28	
17.	Mr. K. P. Vegad, Addl. CJ & JMFC, Veraval.	09-05-05 03-06-05	To To	24-05-05 12-06-05	26	
18.	Mr. B. K. Barot, Pri CJ & JMFC, Bhesan.	09-05-05	To	29-05-05	21	Tran. to Banaskatha
19.	Mr. M. C. Bhatt, Pri. CJ & JMFC, Visavadar.	13-05-05 26-06-05	To To	17-05-05 12-06-05	23	
20.	Mr. B. G. Joshi, Pri. CJ & JMFC, Keshod.	09-05-05 16-05-05 24-05-05 30-05-05	To To To	13-05-05 27-05-05 12-06-05	24	
21.	Mr. D. M. Panchal, Pri. CJ & JMFC, Manavadar.	09-05-05	To	24-05-05	16	Tran. to Kheda
22.	Mr. B. K. Kariyani, Pri. CJ & JMFC, Mangrol.	09-05-05 24-05-05	To To	16-05-05 12-06-05	28	
23.	Mr. B. D. Patel, Pri. CJ & JMFC, Una.	09-05-05	To	29-05-05	21	Trans. to Bharuch
24.	Mr. M. S. Soni, Pri. CJ & JMFC, Kodinar	09-05-05	To	29-05-05	21	
25.	Mr. K. R. Rabari, Pri. CJ & JMFC, Talala.	09-05-05	To	30-05-05	22	
26.	Mr. R. D. Shah, Addl. CJ & JMFC, Junagadh	---- FULL ENJOYED.	Nil	----		Trans. to Rajkot
27.	Mr. S. I. Bhoraniya, 2nd Addl. CJ & JMFC, Junagadh.	---- FULL ENJOYED.	Nil	----		Trans. to Rajkot
28.	Mr. A. H. Dave, 4th Addl. CJ & JMFC, Junagadh.	---- FULL ENJOYED.	Nil	----		

1	2	3	4	5
29.	Mr. H. H. Kanara, 5th Addl. CJ & JMFC, Junagadh.	---- Nil ---- FULL ENJOYED.		
30.	Mr. D. P. Punjani, 6th Addl. CJ & JMFC, Junagadh.	---- Nil ---- FULL ENJOYED.		
31.	Mr. A. K. Shah, 7th Addl. CJ & JMFC, Junagadh.	---- Nil ---- FULL ENJOYED.		

Junagadh, 5th August, 2005.

B. U. JOSHI,
Principal District Judge,
Junagadh.

Read :

(1) This office Notification No. : B/UHC/10/13536/2004, dated 08-12-2004.

(2) Govt. Notification No. : GS/2005-2-PHD/102004/4100/GH, dated 2-2-2005.

(3) This office Notification No. : B/UHC/10/2422/2005, dated 7-3-2005.

(4) Govt. Notification No. : GS/2005-15-PHD/102004-4100/GH, dated 16-7-2005.

NOTIFICATION

No. : B/UHC/10/8736/No. 160/2005.-In view of the Government Notification cited at preamble at Sr. No. 4, the under signed is pleased to make following modification in the following Holiday declared vide this office notification cited at preamble at Sr. No. 3.

(1) Parsi New Year Day (Parsi Kadami) 21st July 2005 as OPTIONAL HOLIDAY **instead of General Holiday.** The District Court Bhavnagar and all Subordinate Courts to it in the Judicial District of Bhavnagar District, shall open on this day.

(2) Parsi New Year Day (Parsi Shahenshahi) 20th August, 2005 declared as GENERAL HOLIDAY **instead of Optional Holiday.** The District Court, Bhavnagar and all Subordinate Courts to it in the Judicial District of Bhavnagar District shall remain closed on this day.

All other instructions mentioned in the Notification cited at preamble at Sr. No. 1 shall remain unaltered.

Bhavnagar, 20th July, 2005.

V. P. PATEL
Principal District Judge,
Bhavnagar.

NOTIFICATION

No. : B/283/2005.-The following candidates are declared successful at the Higher & Lower Standard Departmental Examination held on 11th & 12th July, 2005 in Jamnagar District.

Their names are arranged as per merits.

HIGHER STANDARD DEPARTMENTAL EXAMINATION

None of the candidates is declared successful in Higher Standard Departmental Examination held on 11th & 12th July, 2005 in Jamnagar District. The Administrative Branch is directed to inform the candidates concerned accordingly.

INDEX

LOWER STANDARD DEPARTMENTAL EXAMINATION

1. Ms. Bhatt P. M.
2. Mr. Gosai N. K.

Jamnagar, 3rd August, 2005.

M. F. PARIKH,
Principal District Judge,
Jamnagar.

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નાં. એમએજી/બિનવારસી/૧ થી ૭/૨૦૦૫.-બિનવારસી કેસ નં. ૩/૨૦૦૪ તથા ૧ થી ૬/૨૦૦૫ મુજબ બોમ્બે એક્ટ મુજબની કલમ-૮૨ અન્વયે કેશોદ પોલીસ સ્ટેશન તરફથી નીચે જણાવેલ વસ્તુ બિનવારસી મીલ્કત યોગ્ય વ્યવસ્થા માટે આ કોર્ટમાં હવાલે કરેલ છે. જેથી આમ જનતાને આ જાહેરનામાંથી જાણ કરવામાં આવે છે કે, નીચે જણાવેલ વિગતની માલ/વાહનની કોઈ માલીકી હક્ક ધરાવતા હોય તો તેણે આ જાહેરનામાની તારીખ થી ૬ (છ) માસની અંદર આ કોર્ટ સમક્ષ હાજર થઈ આ વસ્તુ પોતાની હોવાનું સાબીત કરી લઈ જવી.

સદરહું મુદત દરમ્યાન કોઈ માલીક હાજર નહીં થાય તો તે વસ્તુ ઉપર કોઈનો હક્ક દાવો રહેશે નહીં જેની દરેકે નોંધ લેવી.

ક્રમ	બિનવારસી મુદ્દામાલની વિગત	અંદાજીત રકમ
૧.	સોનાનો વેઢલો-૧ વજન ગ્રામ-૧૪	૬૦૦૦/-
૨.	યામાહા કંપનીનું લાલ કલરનું મોટર સાયકલ નંબર પ્લેટ વગરનું એન્જીન નં. ૯ એલ. ૧૨૬૦૨૯૯	૭૦૦૦/-
૩.	રાજદુત કંપનીનું કાળા કલરનું મોટર સાયકલ એન્જીન નં. ૧૧૧૧૫૩૬૭૨૨૫ જીએ.જી. ૫૮૧૧.	૪૦૦૦/-
૪.	કાળા કલરનું હીરોહોન્ડા સ્પ્લેન્ડર નં. જી.જે. ૩ ઈઈ-૬૪૫૫ એન્જીન નં. ૯૮ એમ ૧૭ ઈ ૦૫૨૪૬	૨૫૦૦૦/-
૫.	સુપર બજાજ સ્કુટર નંબર જી.જે.૫-જે ૨૪૮ ચેસીજ નં. ૯૦૫ સીબી ૦૯૧૦૪૯	૩૦૦૦/-
૬.	હીરો હોન્ડા સીડી-૧૦૦ કાળા કલરનું નંબર પ્લેટ વગરનું એન્જીન નં. એફ-૧૦ઈ ૪૪૮૪૦	૧૩૦૦૦/-
૭.	હીરો હોન્ડા સીડી-૧૦૦ નંબર પ્લેટ વગરનું એન્જીન નંબર-૦૦બી૧૩ઈ૦૧૬૪૮	૭૦૦૦/-

કેશોદ, ૬ માહે ઓગસ્ટ, સને ૨૦૦૫.

એચ. એન. વાળા,
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કેશોદ.

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નાં. એમ.એ.જી. ઈન્કવાયરી/૫૨૪૯/૦૫.-(૧) રાજકોટ રૂરલ જીલ્લાના વાંકાનેર સીટી પો.સ્ટે. ગુ. રજી. નં. ૧/૦૫ આઈ.પી.સી.-૩૦૨ના કામના આરોપી રફીક ઉર્ફે બાપુડી ઉ. વ. ૩૧ રહેવાસી ધારાગઢ જીલ્લો જામનગરવાળાને રાજકોટ જીલ્લા જેલમાં રાખવામાં આવેલ હતો. ત્યાર બાદ ગોંડલ સબડીવીઝનના જેતપુર સીટી પોલીસ સ્ટેશન ગુ. રજી. નં. ૧૮૯-૦૪ કલમ-૩૯૯ ૨૦૨, ૧૦૨-બીની તપાસ દરમ્યાન આરોપી તરફથી જેતપુર ખાતે કરેલ ગુન્હામાં ઉપયોગ કરેલ હથીયાર બાબતે કબુલાત આપતા. તે હથીયારની શોધમાંથી પી.આઈ. શ્રી બી. જી. લીંબાસીયા તથા પી.એસ.આઈ. શ્રી વી. કે. ગઢવી તેના સ્ટાફ સાથે ઘટના સ્થળે આરોપી તથા પંચ સાથે જતાં, તે દરમ્યાન પોલીસ કસ્ટડીમાંથી નાસી જવા માટે પોલીસ સર્વીસ રીવોલ્વર ઝુંટવી. પોલીસ કોન્સ્ટેબલ પર ફાયરીંગ કરતાં તેને ગંભીર રીતે ઘાયલ કરેલ. જેના જવાબમાં પોલીસે પણ સ્વ બચાવમાં રફીક બાપુડી પર ફાયરીંગ કરતાં તેનું મૃત્યુ થયેલ છે.

સરકારશ્રીની સ્થાયી સુચનાઓ મુજબ સદરહું બનાવ સબંધેના તમામ પાસાઓની ચકાસણી કરી. કોઈ જવાબદાર છે કે કેમ ? તે અંગેનો તલસ્પર્શી અહેવાલ રજુ કરવા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી-રાજકોટના હુકમ નં. જે./એમ.એ.જી./ઈન્ક./૦૧/૦૫, તા. ૨૭-૭-૦૫ના હુકમથી અમોને અધીકૃત કરેલ છે.

(૨) આ બનાવના અનુસંધાને જે કોઈ વ્યક્તિને જાત જાણકારી હોય, તે કહેવા અગર રજુઆત કરવા માંગતા હોય, તેઓએ મૌખીક નિવેદન કે પુરાવા રજુ કરવા અગર સોગંદનામું રજુ કરવા નીચે સહી કરનારની સમક્ષ પ્રાંત કચેરી, ભગવતપરા, જુનું બાલાશ્રમ બીલ્ડીંગ-ગોંડલ ખાતે તા. ૧૭-૮-૦૫ તથા ૧૮-૮-૦૫ એમ બન્ને દિવસોના રોજ સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૧૬ કલાક સુધી હાજર થઈ રજુ કરવા આથી જાણ કરવામાં આવે છે.

આજે તા. ૧૦મી માહે ઓગસ્ટ, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી, જાહેરનામું બહાર પાડ્યું.

ગોંડલ, ૧૦ માહે ઓગસ્ટ, સને ૨૦૦૫.

પી. એન. મકવાણા,
સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ,
ગોંડલ પ્રાંત-ગોંડલ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 1ST SEPTEMBER, 2005/BHADRA 10, 1927 [No. 35

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	589-596	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	524-547
PART - I - A		**PART - II**	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	695-710
		PART - III	
		Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નાં. મેજી/જાહેરનામું/૩૭(૧)/૦૮/૨૦૦૫.-અષાઢ-શ્રાવણ માસમાં હીંડોળાના દર્શન તા. ૫-૮-૦૫ના દિવસો તા. ૮-૮-૦૫ ના માંડવી કાશી વિશ્વનાથનો મેળો, તા. ૧૦-૮-૦૫ના રોજ નાગપંચમીના ભુજીયા ડુંગરનો મેળો તા. ૧૫-૮-૦૫ના સ્વતંત્રતા દિવસ, તા. ૧૯-૮-૦૫ના રક્ષાબંધન તથા શીતળા સાતમ તા. ૨૬-૮-૦૫ના જન્માષ્ટમી વિગેરે ધાર્મિક તહેવારો નજરે જિલ્લામાં કાયદો વ્યવસ્થા જોખમાય નહી તેમજ સુલેહશાંતિ જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું એચ. એસ. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૫-૦૮-૨૦૦૫ થી તા. ૩૧-૦૮-૨૦૦૫ સુધી નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહી.

(ગ) અપમાન કરવાના કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહી. તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પ્લેકાર્ડો, પત્રિકાઓ અથવા બીજા કોઈ પદાર્થ, વસ્તુ તૈયાર કરવી નહી. અગર અપમાન કરવાના ઈરાદાથી કોઈ નનામી બાળવી નહી.

આ હુકમ નીચેના વ્યકિતઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યકિત એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈ પણ પોલીસ અધિકારીએ જેની અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

(ગ) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા સબડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરે તેવી બીજા કોઈ વ્યકિતઓને.

અનુસુચિ

"સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર"

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની સજા થશે અને વધુમાં વધુ (૧) વર્ષની સાદી કેદની સજા થશે. આ ઉપરાંત મુંબઈ પોલીસ અધિનિયમ ૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજ રોજ તા. ૩૦-૦૭-૨૦૦૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ ભુજ, ૩૦ માહે જુલાઈ, સને ૨૦૦૫.

એચ. એસ. મહેતા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
કચ્છ-ભુજ.

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફિક/જાના/૨૩૪૩/ ૨૦૦૫.-રાજકોટ શહેરમાં આવેલ રેસકોર્ષ ફરતેનો રીંગરોડ એ શહેરની વચ્ચો વચ્ચ મધ્યભાગે આવેલ ફોર ટ્રેક રોડ છે. આ રોડ વહેલી સવારના હજારોની સંખ્યામાં રાજકોટ શહેરના તમામ વર્ગના નાગરીકો ચાલવા (મોર્નીંગ વોક) માટે સવારના લગભગ કલાક ૫-૩૦ થી કલાક ૭-૩૦ વાગ્યાના સમયે નીકળે છે. સામાન્ય રીતે જોવામાં આવે તો આવી રીતે સવારના મોર્નીંગ વોક માટે ચાલનારાઓની સંખ્યામાં ઉત્તરોતર વધારો થતો જાય છે. જે સંજોગે આપ્રકારે પગે ચાલનાર નાગરીકો સાથે વાહન ચાલકો દ્વારા અકસ્માત થવાની પુરેપુરી શકયતા રહેલી છે. વધુમાં જે નાગરીકો સવારના મોર્નીંગ વોક માટે નીકળે છે. તે વર્ગ શારિરીક કસરત અને માનસીક શાંતિ મેળવવા માટે સવારના ભાગે ચાલવા નીકળતા હોય છે. જે સંજોગોમાં તે જ રોડ ઉપર વાહન વ્યવહાર ટ્રાફીક ચાલુ હોય તો સ્વાભાવીક રીતે તેઓ નિશ્ચિત પણે સલામત રીતે ચાલી શકતા નથી. તેમજ આ રીંગ રોડ ઉપર વાહનોના ધુમાડા દવારા ફેલાતાં પ્રદુષણનો ભોગ બનતી હોય છે. જેના કારણે આ નાગરીકો તરફથી આ બાબતે અકસ્માતની સંભાવનાઓ ઘટે તેમજ

INDEX

પ્રદુષણમાં પણ ઘટાડો થાય તે માટે યોગ્ય પગલા ભરવા અવાર-નવાર રજુઆત કરવામાં આવે છે.

૨. રાજકોટ શહેરમાં રેસકોર્ષ ફરતે સવારના ભાગે પગે ચાલી મોર્નીંગ વોક માટે નીકળતા નાગરીકો સલામતિ અનુભવે અને પ્રદુષણનો ભોગ ન બને તે માટે રેસકોર્ષ ફરતેનો રીંગરોડ તમામ પ્રકારના વાહનો માટે એક માર્ગીય (વન-વે) જાહેર કરવાની આવશ્યકતા જણાય છે.

૩. આથી હું, કે. નિત્યાનંદમ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) બી અને સીથી મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રસ્તાઓને તેમાં જણાવેલ વિગતે તમામ પ્રકારના વાહનો માટે ૧૧-૮-૦૫ થી તા. ૧૦-૯-૦૫ સુધી પ્રાયોગીક ધોરણે એક માર્ગીય (વન-વે) કરવા હુકમ કરૂં છું. આ હુકમ સવારના કલાક ૦૫-૩૦થી કલાક ૦૭-૧૫ સુધી તમામ પ્રકારના વાહનોને લાગુ પડશે.

રેસકોર્ષ રીંગ રોડ :

રેસકોર્ષ રીંગ રોડને એક માર્ગીય (વન-વે) કરવામાં આવે છે. જે મુજબ રેસકોર્ષ રીંગ રોડ રોડનો ફક્ત બહારના ભાગે આવેલ રોડ એક તરફી "ક્લોક વાઈઝ" જાહેર કરવામાં આવે છે. એટલે કે જિલ્લા પંચાયત ચોકથી એ.જી. ઓફીસ, કીસાનપરા સર્કલ, મેયરશ્રીનો બંગલો, બીગબાઈટ આઈસ્ક્રીમ, જુની એન. સી. સી. ઓફીસ, પોલીસ હેડક્વાર્ટર સર્કલ, બહુમાળી ભવન, ગેલેક્સી સિનેમાથી પોલીસ કમિશ્નરની કચેરી થઈ જિલ્લા પંચાયત ચોકમાં થઈ તે રીતે તમામ પ્રકારના વાહનો માટે એક તરફી રસ્તો ચાલુ રહેશે.

આ ફોર ટ્રેક રીંગ રોડનો અંદરનો જે રસ્તો છે તે રોડ ઉપર સવારના કલાક ૦૫:૩૦ થી કલાક ૦૭:૧૫ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ રહે છે. અને ફક્ત પગે ચાલી મોર્નીંગ વોક કરવા માટે નીકળેલ નાગરીકો માટે જ ચાલુ રહેશે.

૪. અત્રેના જાહેરનામા ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જાના/ /૨૦૦૫ તા. ૧૧-૭-૦૫ અન્વયે એક માસ માટે પ્રાયોગીક ધોરણે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે અન્વયે જાહેરનામાને રાજકોટ શહેરના નાગરીકો તરફથી સારો પ્રતિસાદ મળેલ હોય જેથી તે જાહેરનામું વધુ લંબાવવાની જરૂરીયાત જણાતા પ્રાયોગીક ધોરણે એક માસ માટે વધુ લંબાવેલ છે.

૫. આ જાહેરનામું ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રીગેડના વાહનોને આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહી.

૬. આ હુકમના ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમો ૧૯૫૧ની કલમ ૧૩૧ અને આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ પગલાં લેવામાં આવશે.

આજ રોજ તારીખ -૮-૨૦૦૫ના રોજ મારી સહી સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૬ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

કે. નિત્યાનંદમ,
પોલીસ કમીશ્નર,
રાજકોટ શહેર.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામાં ક્રમાંક જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૬૮/૫૨૦૪/જે

(૨) આ કચેરીનાં ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક :ફડચ/ક-૪/૧૦૬૪/૬૭/૨૦૦૫ તા. ૨૪-૦૬-૨૦૦૫.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૫૩૯૫/૧૩૮૭/૯૬/૦૫.-આથી હું એસ. એન. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જામનગર અમોને મળેલ અધિકારની રૂએ શ્રી કુવાડીયા સેવા સહકારી મંડળી લી., મુ. કુવાડીયા, તાલુકો ખંભાળીયા, જિલ્લો જામનગર જે નોંધણી નંબર : ૧૧૦૯૪ તારીખ : ૯-૬-૧૯૭૫થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની પેટા કલમ ૧(અ)(ક)(૨)(૪) તથા પેટા કલમ-૩ અન્વયે ફડચામાં લઈ જતાં વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂં છું.

સદરહું અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે ધી જામનગર જિલ્લા સહકારી બેન્ક લી. જામનગરની નિમણુંક છે. તે ફડચાની કાર્યવાહી નિયત સમયમર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૬ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૧૯૯૧નાં જાહેરનામાં ક્રમાંક : જીએચકેચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૬૮/૫૨૦૪/જે.

(૨) આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/૨૨૮૩ થી ૨૨૯૨/૨૦૦૩ તા. ૧૭-૧૧-૨૦૦૩.

(૩) શ્રી કે. જે. કાનાણી સહકારી અધિકારી (ફ-૨) કચેરીમાં જામનગરનાં તારીખ ૫-૮-૨૦૦૫નાં જા નં. ફડચ/ફ-૨/૧૫૫/૨૦૦૫થી રજુ થયેલ દરખાસ્ત.

(૪) શ્રી પી. એન. આંબલીયા, સબ ઓડીટર લી. રી. સ. મં. જામનગરનાં તા. ૩-૮-૦૫નાં જા. નાં. અષણ/૧૧૭/૨૦૦૫ થી સંસ્થાના તા. ૧-૪-૨૦૦૩ થી તા. ૩-૮-૨૦૦૫ સુધીના અંતિમ ઓડીટનાં ઓડિટ અહેવાલની નકલ રજુ થતાં.

હુકમ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૩૭૭-૮૬/૨૦૦૫.- આથી હું એસ.એન.જોષી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જામનગર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ અન્વયે અમોને મળેલ અધિકરની રૂએ શ્રી વડપાંચસરા તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. વડપાંચસરા, તા. લાલપુર, જિલ્લો જામનગર જે નોંધણી નંબર-૧૮૮૫૩ તા. ૧૫-૯-૮૧થી નોંધાયેલ છે.તેને કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચા અંગેની તમામ કાર્યવાહી પુર્ણ થતાં સહકારી કાયદાની કલમ-૨૦(૧) અન્વયે નોંધણી રદ કરૂં છું.

જામનગર, ૬ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

એસ. એન. જોષી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો જાહેર ક્રમાંક : ઘખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૩-૧-૦૫ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૧૪૮ સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/૮૬૦૭/૧૬૧૨૧/ખ-૪/૨૭૨૦/સને ૨૦૦૫.-આથી હું વી. એમ. મહેતા જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી નાનડીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. નાનડીયા તા. માણાવદર, જિલ્લો જુનાગઢ તા. ૨૧-૭-૧૯૮૯ ના રોજ નોંધણી નંબર : ૨૩૭૪૦થી નોંધાયેલ છે, તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના મદદનીશ સહકારી અધિકારી (ચ-૪) પ્લાન શાખાની નિમણુંક કાયમ કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઇ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી, મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ ૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૪ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો જાહેર ક્રમાંક : ઘખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૫-૧-૦૫ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૪૪૧ સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/૮૬૦૯/૧૬૧૨૫/ખ-૪/૨૭૪૪/સને ૨૦૦૫.-આથી હું વી. એમ. મહેતા જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી જુનાગળોદર દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. જુનાગળોદર તા. માળીયા, જિ. જુનાગઢ તા. ૨૯-૮-૧૯૯૨ ના રોજ નોંધણી નંબર : ૨૬૩૪૫ થી નોંધાયેલ છે, તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના મદદનીશ સહકારી અધિકારી (ચ-૪) પ્લાન શાખાની નિમણુંક કાયમ કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઇ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી, મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ ૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૪ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો જાહેર ક્રમાંક : ઘખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૩૦-૬-૦૫ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૨૨૮૭ સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/૮૬૦૯/૧૬૧૧૯/ખ-૪/૨૭૦૮/સને ૨૦૦૫.-આથી હું વી. એમ. મહેતા જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી સુલતાનપુર દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. સુલતાનપુર તા. માંગરોળ, જિ. જુનાગઢ તા. ૨૫-૧-૧૯૯૪ ના રોજ નોંધણી નંબર : ૨૬૪૯૫ થી નોંધાયેલ છે, તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના મદદનીશ સહકારી અધિકારી (ચ-૪) પ્લાન શાખાની નિમણૂંક કાયમ કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી, મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ ૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૪ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો જાહેર ક્રમાંક : ઘખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૩૦-૬-૦૫ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૨૨૯૩ સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/૮૬૧૦/૧૬૧૨૦/ખ-૪/૨૭૧૪/સને ૨૦૦૫.-આથી હું વી. એમ. મહેતા જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી ખંભાળીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. ખંભાળીયા તા. ભેંસાણ, જિ. જુનાગઢ તા. ૭-૧૨-૧૯૮૦ ના રોજ નોંધણી નંબર : ૧૭૮૪૭થી નોંધાયેલ છે, તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો) ની નિમણૂંક કાયમ કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી, મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ ૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૪ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો જાહેર ક્રમાંક : ઘખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૩૦-૬-૦૫ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૨૨૭૫ સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/૮૬૧૧/૧૬૧૨૨/ખ-૪/૨૭૨૬/સને ૨૦૦૫.-આથી હું વી. એમ. મહેતા જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી ડેરવાણ દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. ડેરવાણ તા. કેશોદ, જિ. જુનાગઢ ૭૪/૭૫ ના રોજ નોંધણી નંબર : ૪૦૨૩ થી નોંધાયેલ છે, તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો) ની નિમણૂંક કાયમ કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઇ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી, મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ ૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૪ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો જાહેર ક્રમાંક : ઘખ/૧૬/૨૦૦૩/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૩૦-૬-૦૫ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૨૨૮૯ સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/૮૬૧૨/૧૬૧૨૩/ખ-૪/૨૭૩૨/સને ૨૦૦૫.-આથી હું વી. એમ. મહેતા જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી આજક દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. આજક તા. માંગરોળ, જિ. જુનાગઢ, તા. ૨૪-૬-૧૯૮૯ ના રોજ નોંધણી નંબર : ૨૨૫૮૮ થી નોંધાયેલ છે, તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો)ની નિમણૂંક કાયમ કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઇ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી, મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકરણી કરી, સહકારી કાયદાની કલમ ૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૪ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો જાહેર ક્રમાંક : ઘખ/૧૬/૨૦૦૩/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૩૦-૬-૦૫ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૨૨૮૧ સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/૮૬૧૩/૧૬૧૨૪/ખ-૪/૨૭૩૮/સને ૨૦૦૫.-આથી હું વી. એમ. મહેતા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી જાવંત્રી દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. જાવંત્રી તા. તાલાલા, જિ. જુનાગઢ તા. ૩૧-૫-૧૯૯૩ ના રોજ નોંધણી નંબર : ૨૮૪૮૪ થી નોંધાયેલ છે, તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો)ની નિમણૂંક કાયમ કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઇ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી, મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકરણી કરી, સહકારી કાયદાની કલમ ૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૪ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો જાહેર ક્રમાંક : ઘખ/૧૬/૨૦૦૩/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૩૦-૬-૦૫ નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૨૨૭૫ સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/૮૬૧૪/૧૬૧૨૬/ખ-૪/૨૭૫૦/સને ૨૦૦૫.-આથી હું વી. એમ. મહેતા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ જુનાગઢ, મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી મીત્યાજ તેલી. ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. મીત્યાજ તા. કોડીનાર, જિ. જુનાગઢ તા. ૧૮-૯-૮૧ ના રોજ નોંધણી નંબર : ૧૮૨૭૩ થી નોંધાયેલ છે, તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું, તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના સહકારી અધિકારી (ફડચો)ની નિમણૂંક કાયમ કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઇ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી, મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકરણી કરી, સહકારી કાયદાની કલમ ૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૪ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડલીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈ

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો જાહેર ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૭-૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૯૪૧ સને ૨૦૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/૬૮૪૫/૧૬૧૨૭/ખ-૪/૨૭૭૧/સને ૨૦૦૫.-આથી હું વી. એમ. મહેતા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી દેવ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લિ. મુ. વેરાવળ તા. વેરાવળ જિ. જુનાગઢ તા. ૨૦-૧-૯૪ના રોજ નોંધણી નંબર : ૨૭૪૬૦ થી નોંધાયેલ છે, તેને અધિનિયમની કલમ ૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું, તેના ફડચા અધિકારી તરીકે મત્સ્યોદ્યોગ ખાતાના મદદ. મત્સ્યો. નિયામક વેરાવળની નિમણૂંક કાયમ કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી, મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકરણી કરી સહકારી કાયદાની કલમ ૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૫ માહે ઓગષ્ટ , સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧ની જોગવાઈ

(૨) આ કચેરીના હુકમ ક્રમાંક : સવન/ખ-૨/૧૪૫/૦૩ તા. ૧૫-૩-૦૩.

(૩) ખાસ અધિકારી વહિવટ અને ફડચો વિ-૨ જુનાગઢ જિલ્લા સહકારી બેંક લિ. જુનાગઢ મંડળીના વહીવટદારના મુદત વધારાની તા. ૭-૭-૦૫ ના રોજની દરખાસ્ત.

હુકમ

જા. નં. સવન/ખ-૨/૬૮૪૬/૭૭૫ થી ૭૭૮/૨૦૦૫.-હું વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ, મને મળેલ સત્તાની રૂએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૮૧ની જોગવાઈ મુજબ જુનાગઢ જિલ્લાની શ્રી માંગરોળ મ્યુ. સફાઈ કામદાર શરાફી સહકારી મંડળી લિ. માંગરોળ, તા. માંગરોળના હાલના વહિવટદારનો મુદત વધારો એક વર્ષ એટલે કે તા. ૧૪-૩-૦૬ સુધીની વધારી આપુ છું તથા આપેલ મુદતમાં બાકી રહેલી તમામ કામગીરી પૂર્ણ કરવા આદેશ કરૂં છું તથા સદરહું વધારેલ મુદત સુધી મંડળીને વહિવટ નીચે ચાલુ રાખવા આથી હુકમ કરૂં છું.

જુનાગઢ, ૪ માહે ઓગષ્ટ , સને ૨૦૦૫.

વી. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ/૧૬-૨૦૦૩/એન.એસ.બી./૧૨/૨૦૦૨-૩૦૧૧/સી.એચ. તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીની તા. ૧૬-૭-૨૦૦૫ની કારણદર્શક નોટિશ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૬૨૮/૦૫.-શ્રી પ્રતાપ પાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસા. લી. મુ. વઢવાણ, તા. વઢવાણને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે અને તેજ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા નં. ૨) અત્રેની કચેરીની નિમણૂંક કરવામાં આવે છે.

આ અંગે મંડળી કોઈ રજુઆત કરવા માગતી હોય તો આદેશની તારીખથી માસ એકમાં આધાર પુરાવા સાથે રજુઆત કરવી, અન્યથા આ વચગાળાના આદેશને કાયમી કરવામાં આવશે.

સુરેન્દ્રનગર, ૯ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ/૧૬-૨૦૦૩/એન.એસ.બી./૧૨/૨૦૦૨-૩૦૧૧/સી.એચ. તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીની તા. ૧૬-૭-૨૦૦૫ની કારણદર્શક નોટિસ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૬૩૫/૦૫.-શ્રી માર્તન્ડ મજુર કારીગર સહ. મંડળી લી. મુ. મુળી , તા. મુળીને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે અને તેજ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા નં. ૨) અત્રેની કચેરીની નિમણૂંક કરવામાં આવે છે.

આ અંગે મંડળી કોઈ રજુઆત કરવા માગતી હોય તો આદેશની તારીખથી માસ એકમાં આધાર પુરાવા સાથે રજુઆત કરવી, અન્યથા આ વચગાળાના આદેશને કાયમી કરવામાં આવશે.

સુરેન્દ્રનગર, ૯ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ/૧૬-૨૦૦૩/ એ ન.એ સ.બી./૧ ૨/૨૦૦૨-૩૦૧ ૧/સી.એ ચ. તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીની તા. ૧૬-૭-૨૦૦૫ની કારણદર્શક નોટિસ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૬૪૨/૦૫.-શ્રી રામનગર કો. ઓપ. હાઉસીંગ સોસા. લી. મુ. હરીપર, તા. ધ્રાંગધ્રાને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે અને તેજ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા નં. ૨) અત્રેની કચેરીની નિમણૂંક કરવામાં આવે છે.

આ અંગે મંડળી કોઈ રજુઆત કરવા માગતી હોય તો આદેશની તારીખથી માસ એકમાં આધાર પુરાવા સાથે રજુઆત કરવી, અન્યથા આ વચગાળાના આદેશને કાયમી કરવામાં આવશે.

સુરેન્દ્રનગર, ૯ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના ખેતી, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામાં ક્રમાંક : જી.એચ./કે.એચ./૧૬/૨૦૦૩/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીનો તા. ૨૦-૨-૯૭નો આદેશ.

(૩) અત્રેની તા. ૨૧-૪-૨૦૦૫ ની કારણદર્શક નોટિસ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૫૮૯/૦૫.-આથી હું ડી. બી. પટેલ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર મને મળેલ સત્તાની રૂએ શ્રી વાંટાવચ્છ આદર્શ ખે. વિ.સેવા સહકારી મંડળી લી. મુ. વાંટાવચ્છ તા. સાયલાને ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરૂં છું અને તેજ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે આસી. ઈન્સ્પેકટર શ્રી સુરેન્દ્રનગર જિલ્લા સહકારી બેન્ક લિ. સાયલા શાખાની નિમણૂંક કરૂં છું.

આ અંગે મંડળી કોઈ રજુઆત કરવા માગતી હોય તો આદેશની તારીખથી માસ એકમાં આધાર પુરાવા સાથે રજુઆત કરવી, અન્યથા આ વચગાળાનાં આદેશને કાયમી કરવામાં આવશે.

સુરેન્દ્રનગર, ૩ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 8TH SEPTEMBER, 2005/BHADRA 17, 1927 [No. 36

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

Part	Pages
PART - I Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	597-620
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL
PART - I - B (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	548-571
PART - II Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	711-726
PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

INDEX

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ ૨૨માંની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) અને (સી) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું-૩૩ (૧)૮/૨૦૦૫.-આગામી તા. ૧૦-૮-૨૦૦૫નાં રોજ ભુજીયા ડુંગરની તળેટીમાં નાગપંચમીનો મેળો યોજવામાં આવનાર છે. જેના અનુસંધાને કાયદો-વ્યવસ્થા અને વાહન વ્યવહાર જાળવવાનાં હેતુસર આ મેળાનાં પ્રસંગે વાહનવ્યવહારનું નિયમન કરવાનું જરૂરી જણાય છે. જેથી નીચે જણાવેલ રસ્તાએ વાહન જવા અને લાવવા માટે બંધ કરવાનું ઈષ્ટ જણાય છે.

જેથી હું પ્રદીપ શર્મા જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલલમ ૩૩(૧) (બી), (સી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા. ૧૦-૮-૨૦૦૫નાં સવારના કલાક ૬-૦૦ વાગ્યાથી સાંજના કલાક ૨૦-૦૦ વાગ્યા સુધી અમલમાં રહે તે રીતે નિચે અનુસુચિમાં જણાવેલ ભુજ શહેરના રસ્તા સદરહુ તારીખે અને સમયે વાહનવ્યવહાર માટે વાહનો લઈ જવા લાવવા માટે નક્કી કરૂં છું.

આ હુકમની અંદર વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં જે વ્યાખ્યા આપી છે તેનો સમાવેશ થાય છે.

અનુસુચિ :

૧. અંજાર તરફથી આવતા વાહનો માધાપર નવા બાયપાસ (રીંગ રોડ) થઇ આર. ટી. ઓ. ત્રણ રસ્તા થઇ જ્યુબીલી સર્કલ તરફ જઇ શકશે, તેજ રીતે ભુજ શહેર તરફથી માધાપર તરફ જતાં વાહનો જ્યુબીલી સર્કલ થઇ ઉપરોક્ત નવા બાયપાસ (રીંગરોડ) મારફતે જઇ શકશે.

૨. શ્રી સરદાર વલ્લભભાઈના પુતળાથી જુના રેલ્વે સ્ટેશન થઇને જતો માધાપર બાયપાસના રોડ પર ભારે વાહનોની ખુબજ અવર-જવર રહે છે, તે ટ્રાફીકને આ મેળા તરફના રોડ તરફ નહીં જતાં આ વાહનો શ્રી સરદાર વલ્લભભાઈ પુતળાથી સ્ટેશન રોડ થઈ જ્યુબીલી સર્કલથી જઇ શકશે.

ઉપરોક્ત જાહેરનામાંથી નીચે જણાવેલ વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

૧. પોલીસ ખાતાને કે અન્ય સરકારી ફરજ પરના વાહનો.

૨. પોલીસ અધિકારીશ્રીનાં આદેસ અનુસાર કે સ્થળ પરનાં સક્ષમ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરેલાં વાહનો.

આજરોજ તારીખ ૯-૮-૨૦૦૫ના મારી સહી તથા સિક્કો મારી આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૯ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

પ્રદીપ શર્મા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે રાત્રી કરફ્યુ હુકમ

કરફ્યુ હુકમ

જાહેરનામું

નાં. એમએજી/સી/૧૨૮/૨૦૦૫.- પોરબંદર જિલ્લો વિશાળ દરિયા કિનારો ધરાવે છે, દરિયા કિનાર ઉપર ઘણા ગામો આવેલા છે. દેશ અને રાજયની હાલની પરિસ્થિતિને અનુલક્ષીને તેમજ જુદા જુદા આંતરવાદી સંગઠનોની ધમકીઓને પહોંચી વળવા તેમજ નિષ્ફળ બનાવવા માટે અને શંકાસ્પદ વ્યક્તિઓની અવરજવર અટકાવવા તેમજ અસામાજીક પ્રવૃતિ ઉપર સચોટ વોચ રાખવા અને અંકુશમાં લેવા સારૂં આ જિલ્લાના દરિયા કિનારાના વિસ્તારમાં નીચેની વિગતેના દરિયા કાંઠાના ગામોમાં દરિયાકાંઠાથી ૫૦૦ મીટર સુધીના વિસ્તારમાં દરરોજ રાત્રીનાં ૨૩-૦૦ થી સવારના ૫-૦૦ કલાક સુધી રાત્રી કરફ્યુ લાદવો જરૂરી જણાય છે. તે મતલબની દરખાસ્ત પોલીસ અધિક્ષકશ્રી પોરબંદર તરફથી થઈ આવેલ છે.

તેથી હું શીલા બેન્જામીન, આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી ફરમાવું છું કે, નીચે આપેલ અનુસુચિમાં નિર્દ્રિષ્ટ કરેલ દરિયાકાંઠાના ગામોએ દરિયાકાંઠાથી ૫૦૦ મીટરનાં વિસ્તારનાં રહેવાશીઓએ તેમાં અવર જવર કરનારઓએ અને પ્રસંગોપાત આવનારાઓને અનુસુચિમાં નિર્દ્રિષ્ટ કરેલા વિસ્તાર પુરતું અનુસુચિમાં દર્શાવેલા સમય દરમ્યાન નીચે જણાવેલા વિસ્તારોની અંદર આવેલ કોઈપણ માર્ગે કે રાહદારી રસ્તા, રાજમાર્ગ, શહેરો, ગલી, પેટાગલી, કે મહોલ્લામાં અવર જવર કરવી નહિં, વાહન હંકારવું નહિ, ચાલવુ નહિં, ઉભા રહેવું નહિ, રખડવું નહિં, હરવુ ફરવું નહિં, અથવા બીજી કોઈ રીતે ઉપયોગ કરવો નહિં.

અનૂસૂચિ

ક્રમ	ગામુનું નામ	વિસ્તારનું વર્ણન	તારીખ થી સમય સુધી	સમય
૧	૨	૩	૪	૫
૧	મિયાણી	દરિયા કાંઠા થી ૫૦૦ મીટરનો વિસ્તાર	૧૨/૦૮/૨૦૦૫ થી ૧૦/૧૦/૨૦૦૫	રાત્રીના ૨૩-૦૦થી સવારનાં ૫-૦૦ કલાક સુધી
૨	ભાવપરા	”	”	”
૩	ટુકડા-મિયાણી	”	”	”
૪	વિસાવાડા	”	”	”
૫	પાલખડા	”	”	”
૬	રાતડી	”	”	”
૭	કાંટેલા	”	”	”
૮	કુછડી	”	”	”
૯	ઓડદર	”	”	”
૧૦	ટુકડા-ગોસા	”	”	”
૧૧	ગોસા	”	”	”
૧૨	રાજપિપડા	”	”	”
૧૩	ચિકાસા	”	”	”
૧૪	ગોસાબારા	”	”	”
૧૫	નવી બંદર	”	”	”
૧૬	રાતીયા	”	”	”
૧૭	ઉટડા	”	”	”
૧૮	બળેજ	”	”	”
૧૯	મોચા	”	”	”
૨૦	ગોરસર	”	”	”
૨૧	ચીંગરીયા	”	”	”
૨૨	પાતા	”	”	”
૨૩	માધવપુર	”	”	”
૨૪	મુળ માધવપુર	”	”	”

INDEX

નીચે જણાવેલ ક્રમ-૧ થી ૬ માં જણાવેલ કિસ્સાઓમાં ઉપરોક્ત જાહેરનામું લાગુ પાડી શકાશે નહિ.

૧. જે લોકોના રહેણાંક મકાન, બિનરહેણાંક મકાન, ખેતર પ્રતિબંધીત વિસ્તારમાં આવતાં હોય તેવા લોકોને પોતાના મકાનો, ખેતરોમાં આવવા જવા માટે ઉક્ત કરફયુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહિ.

૨. મરણના કિસ્સામાં સ્મશાન યાત્રામાં જોડાનાર ડાઘુઓને ઉક્ત કરફયુ હુકમ/જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં. વિશેષમાં પરવાનગી લીધેલ માન્ય ધાર્મિક પ્રસંગોના ઉત્સવમાં લાગુ પાડી શકાશે નહિં.

૩. પ્રતિબંધિત વિસ્તારમાં આવતા અધિકૃત રોડ ઉપર આવતાં જતાં વાહનો/મુસાફરોને ઉક્ત કરફયુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

૪. પ્રતિબંધિત વિસ્તારમાં આવેલ આવશ્યક અનિવાર્ય સેવાઓ જેવી કે દવાખાના, પોલીસ ચોકીઓ, એસ. ટી. ડેપો તેમજ રાત્રીના સમયે પણ કાર્યરત રહેતી જાહેર સુવીધા કેન્દ્રોને ઉક્ત કરફયુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

૫. માચ્છીમારો, કીક પાસ ધરાવતા હોય, તે ક્રિક પાસ સાથે પોતાના માછીમારોનો ધંધા અને પ્રતિબંધિત વિસ્તારમાંથી નીકળતા માછીમારોને ઉક્ત હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

૬. ફરજ પરના પોલીસ, કસ્ટમ, પોર્ટ, કોસ્ટગાર્ડ અને નેવીના કર્મચારીઓ, અધિકારીઓ તથા અધિકૃત કરેલ વ્યક્તિઓને ઉક્ત કરફયુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

આ જાહેરનામા હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫ નાં અધિનિયમ) ના કલમ-૧૮૮ અન્વયે છ મહિના સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંન્નેની સજા કરવામાં આવશે.

આ જાહેરનામું હુકમ સક્ષમ અધિકારી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારી પાસેથી પરવાનગી મેળવેલ વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આજ તારીખ ૧૨-૮-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડવામાં આવે છે.

પોરબંદર, ૧૨ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

શીલા બેન્જામિન,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમ. એ. જી/સી/૩૭૧/૨૨૦૫/૨૦૦૫.-પોરબંદર જિલ્લામાં આગામી દિવસોમાં રક્ષાબંધન, શ્રાવણી સાતમ, જન્માષ્ટમી જેવા તહેવારોની ઉજવણી થનાર હોય, તેમજ હાલમાં પોરબંદર જિલ્લામાં ક્રિમીનલ ગેંગોનું અસ્તિત્વ હોય પરંતુ પોલીસની કડક નીતીના કારણે ફાયર આર્મ્સ જેવા હથીયારોનો ઉપયોગ થતો ન હોય જેથી લોકોની સલામતી જળવાય રહે અને અસામાજિક તત્વો દ્વારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા, પાઈપ, સળીયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે તા. ૧૭-૮-૨૦૦૫ થી તા. ૧૬-૯-૨૦૦૫ સુધી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે હથિયારબંધીની જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરને દરખાસ્ત અત્રે તા. ૧૬-૮-૨૦૦૫નાં રોજ કરેલ છે.

સબબ પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુક્ત કારણોસર સુલેહ શાંતિ જળવાઈ રહે તેમજ કોઈજાતનો અનિચ્છનિય બનાવ બને નહિં તે માટે હું શિલા બેન્જામીન આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર, મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૧૮-૮-૨૦૦૫ થી તા. ૧૬-૯-૨૦૦૫ સુધી બન્ને દિવસો સહિત નિચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા સારીરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવી ચીજ લઇ જવી નહિ.

૨. કોઈપણ ક્ષયધર્મિ અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિં.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહિં, એકઠા કરવા નહિ, તથા તૈયાર કરવા નહિં.

INDEX

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિં.

૫. વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહિં.

૬. લોકોએ બુમો પાડવી નહિ, વધુ અવાજથી ગીતો ગાવા નહિ તથા વાદ્ય વગાડવા નહિ.

૭. જે છટાદાર ભાષણ આપવાથી ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતિ જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણો કરવાનો તે ચાળા વગેરે કરવાની અથવા તે ચિત્રો નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારિરિક અશક્તિના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતો.

આ જાહેરનામાં કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ જે વ્યક્તિઓના ગુનો સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂ. ૨૦૦/- નો દંડ અગર તો બંને થઈ શકે છે. અને આ હૂકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યક્તિને ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત કેદ અથવા રૂ. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૧૮-૮-૨૦૦૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૮ માહે ઓગસ્ટ, સને ૨૦૦૫.

શીલા બેન્જામીન,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

જિલ્લા કલેકટર દ્વારા

વંચાણે લીધા :

૧. સીટી સર્વે સુપ્રિ.શ્રી-૨, જામનગરના તારીખ : ૩૦-૪-૨૦૦૫ના પત્ર નં. સીટીએસ/૪/નવાગામઘેડ/જામનગર/૨૦૦૫ અંતિત પ્રકરણ.

૨. જમીન મહેસુલ કાયદાની કલમ-૧૨૬.

હુકમ

નં. જમન-૨/૧૩૭૦/૨૦૦૫.-જામનગર જિલ્લાના જામનગર તાલુકાના મોજે : નવાગામ ઘેડ ગામના સીટી સર્વે વિસ્તારના હદની બહાર હાલમાં રહેણાંક/વાણિજ્ય/ઉદ્યોગ/બિનખેતી વિગેરે હેતુસરનો ઘણો જ વિકાસ થયેલ છે. તેથી હાલની સીટી લીમીટ વધારવાની ખાસ જરૂરીયાત ઉપસ્થિત થતાં વંચાણ-૧થી સીટી સર્વે સુપ્રિ.શ્રી-૨, જામનગરએ તા. ૩૦-૪-૦૫ના પત્ર સાથેના અ, બ, ક અને ડ મુજબનો સીટી સર્વેનો વિસ્તાર વધારવા જમીન મહેસુલ કાયદાની કલમ-૧૨૬ નં. જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત કરેલ છે જે વ્યાજબી જણાય છે.

સબબ જમીન મહેસુલ કાયદાની કલમ-૧૨૬માં થયેલ જોગવાઈ મુજબ જામનગર તાલુકાના વિભાપર ગામે આ સાથેના અ, બ, ક અને ડ મુજબના પત્રકોમાં દર્શાવેલ સર્વે નંબરોને સીટી સર્વે વધારાનો વિસ્તાર જાહેર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

જામનગર, ૯ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

ટી. નટરાજન,
કલેકટર,
જામનગર.

સીટી સરવે નવાગામઘેડ તા./જી. જામનગરમાં વધારાના વિસ્તારની સીટી સરવે દાખલ કરવા અંગેની દરખાસ્તમાં સમાવિષ્ટ થતાં ખેતીના રેવન્યુ સરવે નંબરોની યાદી.

પત્રક-અ

ક્રમ નં.	રે.સ.નં.	ક્ષેત્રફળ ચો. મી.	ક્રમ નં.	રે.સ.નં.	ક્ષેત્રફળ ચો. મી.	ક્રમ નં.	રે.સ.નં.	ક્ષેત્રફળ ચો. મી.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	૪૧ (૧)	૫૦૬	૨૭	૬૫	૫૬૬૬	૫૩	૨૨૩	૨૮૩૩
૨	૪૧ (૨)	૩૦૪	૨૮	૬૬	૫૦૫૯	૫૪	૨૨૪	૭૨૮૪
૩	૪૨	૪૦૪૭	૨૯	૬૭	૪૭૫૫	૫૫	૨૨૫	૨૯૩૪
૪	૪૩	૪૩૫૦	૩૦	૬૮	૫૫૬૪	૫૬	૨૨૬	૫૫૬૪
૫	૪૪	૧૪૫૬૯	૩૧	૬૯ (૧)	૩૩૩૯	૫૭	૨૨૭ પૈકી	૧૦૧૨
૬	૪૫	૯૯૧૫	૩૨	૬૯ (૨)	૩૩૪૦	૫૮	૨૨૮ પૈકી	૧૯૨૨
૭	૪૬ (૧)	૪૯૫૭	૩૩	૭૦	૮૪૯૮	૫૯	૨૨૯ પૈકી	૬૩૭૪
૮	૪૬ (૨)	૧૩૨૫૪	૩૪	૭૧	૧૩૮૬૧	૬૦	૨૩૦	૧૧૧૩
૯	૪૭	૬૨૭૩	૩૫	૭૨	૨૭૩૨	૬૧	૨૩૨	૪૨૪૯
૧૦	૪૮	૧૦૩૨૦	૩૬	૭૩	૪૪૫૨	૬૨	૨૩૩	૨૨૨૬
૧૧	૪૯	૧૫૫૭૭	૩૭	૭૪	૨૬૩૦	૬૩	૨૩૪	૩૪૪૦
૧૨	૫૦	૪૧૪૮	૩૮	૭૫	૨૩૨૭	૬૪	૨૩૫	૫૮૬૮
૧૩	૫૧	૧૧૩૩૧	૩૯	૭૬	૨૭૩૨	૬૫	૨૩૬	૮૬૦૦
૧૪	૫૨	૯૫૧૦	૪૦	૭૭	૧૯૨૨	૬૬	૨૪૦	૧૫૧૮
૧૫	૫૩	૧૩૩૫૫	૪૧	૭૮ (૧)	૮૦૯	૬૭	૨૪૧	૧૦૧૨
૧૬	૫૪	૫૮૬૮	૪૨	૭૮ (૨)	૯૧૧	૬૮	૨૪૨	૨૧૦૪૪
૧૭	૫૫	૧૮૨૧	૪૩	૭૯	૯૮૧૪	૬૯	૨૪૩	૫૫૬૪
૧૮	૫૬	૨૫૭૫૯	૪૪	૧૩૭	૪૦૪૭	૭૦	૨૪૪	૬૦૭૦
૧૯	૫૭	૬૮૮૦	૪૫	૧૩૮	૫૩૬૨	૭૧	૨૪૫	૨૦૦૩૩
૨૦	૫૮	૧૬૩૯૦	૪૬	૧૩૯	૧૬૧૯	૭૨	૨૪૬	૮૮૦૨
૨૧	૫૯	૪૩૫૦	૪૭	૨૧૮	૨૦૨૩૪	૭૩	૨૭૯	૪૬૫૪
૨૨	૬૦	૩૨૩૭	૪૮	૨૧૯ (૧)	૩૩૩૯	૭૪	૨૮૦	૨૨૨૬
૨૩	૬૧	૩૦૩૫	૪૯	૨૧૯ (૨)	૨૭૩૨	૭૫	૨૮૫	૭૨૮૪
૨૪	૬૨	૨૬૩૦	૫૦	૨૨૦	૧૦૧૨	૭૬	૨૮૮	૧૧૧૩
૨૫	૬૩	૯૨૦૭	૫૧	૨૨૧	૧૫૦૭૫	ક્રમ નં. ૫૩થી ૭૬નું કુલ... ૧૩૨૭૩૯		
૨૬	૬૪	૯૪૦૯	૫૨	૨૨૨	૩૩૩૯			
ક્રમ નં. ૧ થી ૨૬નું કુલ... ૨૧૧૦૦૨			ક્રમ નં. ૨૭ થી ૫૨નું કુલ... ૧૩૫૨૭૦					

INDEX

વિગત		ક્ષેત્રફળ ચો. મી.
ક્રમ નં. ૧ થી ૨૬ નો સરવાળો	...	૨૧૧૦૦૨
ક્રમ નં. ૨૭ થી ૫૨ નો સરવાળો	...	૧૩૫૨૭૦
ક્રમ નં. ૫૩ થી ૭૬ નો સરવાળો	...	૧૩૨૭૩૯
ખેતીની કુલ જમીન	...	૪૭૯૦૧૧

સીટી સરવે નવાગામઘેડ તા./જી. જામનગરમાં વધારાના વિસ્તારની સીટી સરવે દાખલ કરવા અંગેની દરખાસ્તમાં સમાવિષ્ટ થતા બીનખેતીના રેવન્યુ સરવે નંબરોની યાદી.

પત્રક - બ

ક્રમ નં.	રે. સ. નં.	ક્ષેત્રફળ ચો.મી.	બીનખેતી ઉપયોગ	ક્રમ નં.	રે. સ. નં.	ક્ષેત્રફળ ચો.મી.	બીનખેતી ઉપયોગ
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	૨૭	૧૦૬૨૩	રહેણાક	૨૧	૨૩૯ (૨)	૯૯૧૫	રહેણાક
૨	૨૮	૧૬૩૯૦	રહેણાક	૨૨	૨૩૯ (૩)	૪૦૪૭	રહેણાક
૩	૨૯	૮૩૯૭	રહેણાક	૨૩	૨૪૭	૧૩૫૫૭	રહેણાક
૪	૩૦	૨૯૩૪	રહેણાક	૨૪	૨૪૮ (૧)	૧૯૬૯	રહેણાક
૫	૩૧	૩૧૩૬	રહેણાક	૨૫	૨૪૮ (૨)	૫૭૬૭	રહેણાક
૬	૩૨	૨૭૩૨	રહેણાક	૨૬	૨૪૮ (૩)	૧૪૧૬	રહેણાક
૭	૩૩	૧૬૭૯૫	રહેણાક	૨૭	૨૫૦	૧૨૪૪૪	રહેણાક
૮	૩૪	૧૩૨૫૪	રહેણાક	૨૮	૨૫૨	૧૬૧૯	રહેણાક
૯	૩૬ (૧)	૬૧૭૧	રહેણાક	૨૯	૨૫૩	૧૭૨૦	રહેણાક
૧૦	૩૭	૩૩૨૮૬	રહેણાક	૩૦	૨૫૪	૧૫૧૮	રહેણાક
૧૧	૩૮	૧૧૩૩૧	રહેણાક	૩૧	૨૫૯	૫૩૬૨	રહેણાક
૧૨	૩૯	૪૩૫૦	રહેણાક	૩૨	૨૬૧	૧૭૩૦૦	રહેણાક
૧૩	૪૦ (૧)	૮૦૯	રહેણાક	૩૩	૨૬૩ (૨)	૧૪૭૭૧	રહેણાક
૧૪	૪૦ (૨)	૪૦૫	રહેણાક	૩૪	૨૬૫ (૧)	૫૯૬૯	રહેણાક
૧૫	૨૨૭ પૈકી	૧૨૧૪	રેલ્વેમાં સંપાદન	૩૫	૨૬૫(૨)	૯૦૦૪	રહેણાક
૧૬	૨૨૮ પૈકી	૧૦૧	રેલ્વેમાં સંપાદન	૩૬	૨૬૫ (૩)	૮૬૦૦	રહેણાક
૧૭	૨૨૯ પૈકી	૫૦૬	રેલ્વેમાં સંપાદન	૩૭	૨૮૬	૬૬૭૭	રહેણાક
૧૮	૨૩૧	૨૮૩૩	રહેણાક	ક્રમ નં. ૨૧ થી ૩૭નું કુલ			૧૨૫૬૫૫
૧૯	૨૩૭	૧૯૩૨૪	રહેણાક				
૨૦	૨૩૯(૧)	૨૦૯૪૩	રહેણાક				
ક્રમ નં. ૧ થી ૨૦નું કુલ			૧૭૫૫૩૪				

વિગત		ક્ષેત્રફળ ચો. મી.
ક્રમ નં. ૧ થી ૨૦ નો સરવાળો	...	૧૭૫૫૩૪
ક્રમ નં. ૨૧ થી ૩૭ નો સરવાળો	...	૧૨૫૬૫૫
બીન ખેતીની કુલ જમીન	...	૩૦૧૧૮૯

સીટી સરવે નવાગામઘેડ તા./જી. જામનગરમાં વધારાના વિસ્તારની સીટી સરવે દાખલ કરવા અંગે જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ના જાહેરનામામાં સમાવિષ્ટ કરવાના થતાં સરકારી ખરાબાના રેવન્યુ સરવે નંબરોની યાદી.

પત્રક-ક

ક્રમ નં.	રે. સ. નં.	ક્ષેત્રફળ ચો.મી.	શેરો	ક્રમ નં.	રે. સ. નં.	ક્ષેત્રફળ ચો.મી.	શેરો
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	૪	૨૧૨૫		૬	૨૮૨	૩૭૪૩	
૨	૧૪	૩૩૩૯		૭	૨૮૭	૧૦૧૨	
૩	૨૧૬/૧/૧ પૈકી	૫૧૨૦૦	ટ્રાવર્સ ખરાબો	૮	રસ્તા મારગ પૈકી	૬૦૦૦૦	
(૧૨)	કુ. બી. કે. શાહ	ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રાજકોટ.
(૧૩)	શ્રી એ. એમ. ઠેબા	જ્યુ. મેજિ. ફક. ટ્રાફીક કોર્ટ, રાજકોટ.

તેમજ નિમ્ન શ્રેણીની ખાતાકિય પરીક્ષામાં સફળ થયેલ ૩૬ ઉમેદવારો પૈકી ક્રમાંક ૧ થી ૩૧ ઉપરના ઉમેદવારોના નામ તેમણે પ્રાપ્ત કરેલ ગુણ પ્રમાણે ગોઠવવામાં આવેલ છે. જ્યારે બાકીના ઉમેદવારોના નામ, સામાન્ય શ્રેણીમાં સફળ જાહેર કરવામાં આવેલ છે.

નિમ્ન શ્રેણીની ખાતાકિય પરીક્ષા

(૧)	શ્રી એમ. કે. ડાભી	પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ કોર્ટ, રાજકોટ.
(૨)	શ્રી ટી. એન. ખંધેડીયા	ફાસ્ટ ટ્રેક કોર્ટ નંબર-૩, ગોંડલ.
(૩)	શ્રી વાય. એચ. ઠાકોર	જજ, સ્મોલ કોઝીઝ કોર્ટ, રાજકોટ.
(૪)	કુ. ડી. એસ. ચૌહાણ	પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ કોર્ટ, રાજકોટ.
(૫)	શ્રી એમ. વી. ડોલરીયા	ફાસ્ટ ટ્રેક કોર્ટ નંબર-૩, ગોંડલ.
(૬)	શ્રી ડી. એન. સાટમ	ફાસ્ટ ટ્રેક કોર્ટ નંબર-૩, ગોંડલ.
(૭)	શ્રી સી. વી. ચાવડા	જ્યુ. મેજિ. ફક. મ્યુનિ. કોર્ટ, રાજકોટ.
(૮)	શ્રી એસ. એન. ભટ્ટ	પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ કોર્ટ, રાજકોટ.

નિમ્ન શ્રેણીની ખાતાકિય પરીક્ષા

(૯)	શ્રી એ. એચ. ત્રિવેદી	પ્રિન્સીપાલ સિવીલ જજ કોર્ટ, ઉપલેટા.
(૧૦)	કુ. બી. બી. દવે	પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ કોર્ટ, મોરબી.
(૧૧)	કુ. ડી. બી. જોષી	પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ કોર્ટ, રાજકોટ.
(૧૨)	કુ. ડી. બી. વૈષ્ણવ	પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ કોર્ટ, ધોરાજી.
(૧૩)	શ્રી એચ. કે. વચ્છરાજાની	ફાસ્ટ ટ્રેક કોર્ટ નંબર-૩, ગોંડલ.
(૧૪)	શ્રી એન. કે. ગોહેલ	પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ કોર્ટ, મોરબી.
(૧૫)	શ્રી કે. બી. શાહ	પ્રિન્સીપાલ સિવીલ જજ કોર્ટ, ઉપલેટા.
(૧૬)	કુ. કે. એ. પીલુડીયા	પ્રિન્સીપાલ સિવીલ જજ કોર્ટ, વાંકાનેર.
(૧૭)	શ્રી વી. બી. વાળા	મુખ્ય જિલ્લા ન્યાયાલય, રાજકોટ.
(૧૮)	શ્રી આર. બી. શંકવાર	ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રાજકોટ.
(૧૯)	શ્રી કે. જી. ચૌહાણ	પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ કોર્ટ, રાજકોટ.
(૨૦)	કુ. એમ. એ. બૌવા	પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ કોર્ટ, રાજકોટ.
(૨૧)	શ્રી એન. ટંકારિયા	પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ કોર્ટ, ગોંડલ.
(૨૨)	શ્રી યુ. એન. ગોસ્વામી	ફાસ્ટ ટ્રેક કોર્ટ નંબર-૪, મોરબી.

નિમ્ન શ્રેણીની ખાતાકિય પરીક્ષા

(૨૩)	શ્રી પી. આર. રાવલ	પ્રિન્સીપાલ સિવીલ જજ કોર્ટ, માળીયા (મી.).
(૨૪)	શ્રી એચ. એમ. અંજારીયા	મુખ્ય જિલ્લા ન્યાયાલય, રાજકોટ.
(૨૫)	કુ. પી. વાય. દવે	પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ કોર્ટ, મોરબી.
(૨૬)	શ્રી પી. કે. પટેલ	પ્રિન્સીપાલ સિવીલ જજ કોર્ટ, જસદણ.
(૨૭)	શ્રી કે. એ. ભટ્ટ	પ્રિન્સીપાલ સિવીલ જજ કોર્ટ, વાંકાનેર.
(૨૮)	શ્રી પી. કે. પંડ્યા	ફાસ્ટ ટ્રેક કોર્ટ નંબર-૩, ગોંડલ.
(૨૯)	શ્રી વી. પી. ઉપાધ્યાય	પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ કોર્ટ, ધોરાજી.
(૩૦)	શ્રી કે. એમ. વાળા	પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ કોર્ટ, ધોરાજી.
(૩૧)	શ્રી સી. ડી. જગતાપ	પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ કોર્ટ, ગોંડલ.
(૩૨)	શ્રી બી. બી. મહેતા	મુખ્ય જિલ્લા ન્યાયાલય, રાજકોટ.
(૩૩)	શ્રી જે. એમ. મુછડીયા	ફાસ્ટ ટ્રેક કોર્ટ નંબર-૩, ગોંડલ.
(૩૪)	શ્રી જી. એમ. સોલંકી	ફાસ્ટ ટ્રેક કોર્ટ નંબર-૪, મોરબી.
(૩૫)	શ્રી પી. વી. ટાંક	પ્રિન્સીપાલ સિવીલ જજ કોર્ટ, જસદણ.
(૩૬)	શ્રી આર. જે. ત્રિવેદી	મુખ્ય જિલ્લા ન્યાયાલય, રાજકોટ.

રાજકોટ, ૨૬ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

આર. પી. ઢોલરિયા,
મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
રાજકોટ.

INDEX

By the Principal District Judge

OFFICE ORDER NO. 216/05

No.B.10(1)/9327/2005.-During Summer Vacation from 09-05-2005 to 12-06-2005 in this District. The following Civil Judges and Judicial Magistrates were prevented from enjoying Vacation for the period shown against their names in Col. No.4. and they were allowed to enjoy Vacation for the period shown in Col. No. 5, under the provision of Rule-741 read with Rule-743 of B.C.S. Rules.

Sr. No.	Name of Judicial Officer.	Designation	Period for which Prevented from enjoying Vacation		Period for which Vacation enjoyed		Remarks
			From	To	From	To	
1.	2.	3.	4.		5.		6.
01.	Mr. K. B. Rathod	Principal Civil Judge, Bhavnagar, From 01-06-2005.	01-06-2005	—	02-06-2005	12-06-2005	—
02.	Mr. P. P. Parmar	Civil Judge (Sr.Dn.), Bhavnagar. Up To 31-05-2005.	—	—	09-05-2005	31-05-2005	—
		Chief Judicial Magi., Bhavnagar. From 01-06-2005.	01-06-2005	06-06-2005	07-06-2005	08-06-2005	—
			09-06-2005	12-06-2005	—	—	—
03.	Mr. D. R. Rami	2Nd Addl. Senior Civil Judge. Bhavnagar. From 01-06-2005.	01-06-2005	05-06-2005	06-06-2005	12-06-2005	—
04.	Mr. M. N. Mansuri	Chief Judicial Magi. Bhavnagar. UP To 31-05-2005.	09-05-2005	15-05-2005	16-05-2005	22-05-2005	—
			23-05-2005	31-05-2005	—	—	—
		3Rd Addl. Senior Civil Judge, Bhavnagar. From 01-06-2005.	01-06-2005	12-06-2005	—	—	—

1.	2.	3.	4.		5.		6.
05.	Mr. M.M.Babi	2Nd JT. Civil Judge (Sd)	09-05-2005	18-05-2005	19-05-2005	25-05-2005	—
		Bhavnagar.	26-05-2005	—	27-05-2005	—	—
		Up To 31-05-2005.	28-05-2005	31-05-2005	—	—	—
		4th Addl. Senior Civil Judg,. Bhavnagar. From 01-06-2005	01-06-2005	12-06-2005	—	—	—
06.	Mr.A.K.Gupta	3rd Jt.Civil Judge (S.D.), Bhavnagar UP To 31-05-2005	09-05-2005	27-05-2005	28-05-2005	31-05-2005	—
		5th Addl. Senior Civil	—	—	01-06-2005	05-06-2005	—
		Judge, Bhavnagar.	06-06-2005	07-06-2005	08-06-2005	—	—
		From 1-06-2005	09-06-2005	12-06-2005	—	—	—
07.	Mr.N.P.Vaghela	4th Jt. Civil Judge (S.D.), Bhavnagar. Up To 31-05-2005	09-05-2005	29-05-2005	30-05-2005	31-05-2005	—
		6th Addl. Senior Civil Judge,	—	—	01-06-2005	05-06-2005	—
		Bhavnagar. From 01-06-2005	06-06-2005	12-06-2005	—	—	—
08.	Mr.D.L.Patel	5th JT. Civil Judge (SD),	—	—	09-05-2005	11-05-2005	—
		Bhavangar.	12-05-2005	21-05-2005	22-05-2005	26-05-2005	—
			27-05-2005	31-05-2005	—	—	—
		7th Addl. Senior Civil Judge. Bhavnagar. From 01-06-2005	01-06-2005	04-06-2005	05-06-2005	12-06-2005	—
09.	Mr. P.M.Davda	Judi. Magi. First Class (RLY),	09-05-2005	11-05-2005	12-05-2005	24-05-2005	—
		Bhavnagar.	25-05-2005	03-06-2005	04-06-2005	—	—
			05-06-2005	12-06-2005	—	—	—

INDEX

1.	2.	3.	4.		5.		6.
10.	Mr. D.D.Buddhdev	JT. Civil Judge (J.D). Bhavnagar. UP To 31-05-2005	09-05-2005	25-05-2005	26-05-2005	31-05-2005	—
		Addl. Civil Judge, Bhavnagar. From 01-06-2005	— 02-06-2005	— 12-06-2005	01-06-2005 —	— —	— —
11.	Mr. A.N.Sheikh	2nd JT. Civil Judge (J.D.). Bhavnagar. UP To 31-05-2005	09-05-2005	31-05-2005	—	—	—
		2nd Addl. Civil Judge, Bhavnagar. From 01-06-2005	01-06-2005	12-06-2005	—	—	—
12.	Mr. G.J.Shah	3rd JT.Civil Judge (J.D.). Bhavnagar. UP To 31-05-2005	09-05-2005	31-05-2005	—	—	—
		3rd Addl. Civil Judge, Bhavangar. From 01-06-2005	01-06-2005 06-06-2005	04-06-2005 10-06-2005	05-06-2005 11-06-2005	— 12-06-2005	— —
13.	Mr. Y.N.Patel	4th JT. Civil Judge (J.D.). Bhavnagar. UP To 31-05-2005	09-05-2005	31-05-2005	—	—	—
		4th Addl. Civil Judge, Bhavnagar. From 01-06-2005	01-06-2005 06-06-2005	04-06-2005 10-06-2005	05-06-2005 11-06-2005	— 12-06-2005	— —
14.	Mr. V.B.Tajput	5th JT. Civil Judge (J.D.), Bhavnagar. UP To 31-05-2005	09-05-2005	31-05-2005	—	—	—
		5th Addl. Civil Judge, Bhavnagar. From 01-06-2005	01-06-2005	10-06-2005	11-06-2005	12-06-2005	—

1.	2.	3.	4.		5.		6.
15.	Mr. P.J.Dangar	Prnincipal Civil Judge, Shior.	09-05-2005	16-05-2005	17-05-2005	20-05-2005	—
			21-05-2005	02-06-2005	03-06-2005	12-06-2005	—
16.	Mr. P.M.Chauhan	Principal Civil Judge, Palitana.	09-05-2005	29-05-2005	30-05-2005	12-06-2005	—
17.	Mr. H.N.Trivedi	Principal Civil Judge, Vallabhipur-Umrala	09-05-2005	30-05-2005	31-05-2005	12-06-2005	—
18.	Mr. J.N.Thakkar	Principal Civil Judge, Botad.	09-05-2005	13-05-2005	14-05-2005	27-05-2005	—
			28-05-2005	12-06-2005	—	—	—
19.	Mr. N.N.Thakkar	Principal Civil Judge, Mahuva.	09-05-2005	15-05-2005	16-05-2005	22-05-2005	—
			23-05-2005	07-06-2005	08-06-2005	12-06-2005	—
20.	Mr. B.S.Bhatt	Principal Civil Judge, Talaja.	09-05-2005	30-05-2005	31-05-2005	09-06-2005	—
			10-06-2005	12-06-2005	—	—	—
21.	Mr. N.S.Prajapati	Principal Civil Judge, Gariyadhar.	09-05-2005	13-05-2005	14-05-2005	27-05-2005	—
			28-05-2005	12-06-2005	—	—	—

Bhavnagar, 4th August, 2005.

V. P. PATEL,
Principal District Judge,
Bhavnagar.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં મુંબઈ અધિનિયમ ૨૨માંની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

જાહેરનામું

નં. : મેજિ/પોલ/જાહેરનામું-૩૩ (૧) ૮/૨૦૦૫.-ભુજ શહેર મધ્યે આગામી તા. ૨૬-૮-૨૦૦૫ થી ૨૭-૮-૨૦૦૫નાં, શિતળા સાતમ તથા જન્માષ્ટમીનાં તહેવારો પ્રસંગે હમીરસર તળાવ પાસે દર વર્ષની જેમ આ વર્ષે પણ મેળો યોજનામાં આવનાર છે. •જેનાં અનુસંધાને કાયદો-વ્યવસ્થા અને વાહન વ્યવહાર જાળવવાનાં હેતુસર આ મેળાના પ્રસંગે વાહન-વ્યવહારનું નિયમન કરવાનું જરૂરી જણાય છે જેથી નીચે જણાવેલ રસ્તાએ વાહન લઈ જવા અને લાવવા માટે બંધ કરવાનું ઈસ્ટ જણાય છે.

જેથી હું, એચ. એસ. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માંની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા. ૨૬-૮-૨૦૦૫નાં સવારનાં કલાક ૬-૦૦ વાગ્યાથી તા. ૨૮-૮-૨૦૦૫નાં કલાક ૨૪-૦૦ સુધી નીચે અનુસૂચિમાં જણાવેલ ભુજ શહેરનાં રસ્તા સદરહું તારીખે અને સમયે વાહન વ્યવહાર માટે સદંતર બંધ રાખવા ફરમાવું છું.

આ હુકમની અંદર વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં જે વ્યાખ્યા આપી છે તેનો સમાવેશ થાય છે.

અનુસૂચિ

૧. ભુજ શહેર પોલીસ સ્ટેશન તરફથી આવતાં તમામ વાહનો મ્યુઝિયમ તરફ નહીં જઈ શકે, પરંતુ જાડેજા બોર્ડીંગ, જીમખાના તરફ જતા માર્ગથી આગળ જઈ આવી શકશે.

૨. ભુજ શહેરમાંથી મહાદેવનાં નાકામાંથી આવતાં વાહનો હમીરસર તળાવ તરફ નહી આવી શકે, પરંતુ મામલતદાર કચેરી પાછળથી જિલ્લા પંચાયત રોડ તરફ જઈ શકશે.

૩. જિલ્લા પંચાયત કચેરી તથા એસ. ટી. સ્ટેન્ડ તરફથી આવતા વાહનો હમીરસર તળવા તરફ આવી શકશે નહી પરંતુ જુની જયહિંદ ટોકીઝ રોડ તરફથી જઈ શકશે.

૪. પાટવાડી નાકા શરદબાગથી આવતાં તમામ વાહનો ગાયત્રી મંદિર તરફ જતા માર્ગેથી જઈ આવી શકશે જ્યારે ખેંગારબાગથી આગળ આવી શકશે નહી.

૫. ઉમેદનગર કોલોની તરફથી આવતા વાહનો રાજેન્દ્રબાગ તરફ આવી શકશે નહી, પરંતુ ગાયત્રી મંદિર રસ્તે આવી જઈ શકશે.

ઉપરોક્ત જાહેરનામાંથી નીચે જણાવેલ વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

૧. પોલીસ ખાતાનાં તથા અન્ય સરકારી ફરજ પરનાં વાહનો.

૨. પોલીસ અધિક્ષકશ્રીનાં આદેશ અનુસાર કે સ્થળ પરનાં સહાયક અધિક્ષકશ્રી દ્વારા અધિકૃત કરેલાં વાહનો.

આજરોજ તારીખ ૨૨-૮-૨૦૦૫નાં મારી સહી તથા સિક્કો મારી આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૨૨ માહે ઓગષ્ટ સને ૨૦૦૫.

એચ. એસ. મહેતા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
કચ્છ-ભુજ

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક ૨૨ની કલમ-૩૭ (૩) અન્વયે

જાહેરનામુ

નં. : એમએજી/સી/૪૨૫૮૭/૦૫.-હાલમાં ચાલતા દબાણ હટાવ ઝુંબેશ, ગીરનાર પર્વત પર ગુરૂ દતાત્રેયની જગ્યા તથા ત્રીજી ટૂંક ખાતે હિન્દુ જૈન ધર્મનાં લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, ઉપલા દાતાર ખાતે મુંજાવરની નિમણુંકનાં પ્રશ્ને હિન્દુ-મુસ્લીમ વચ્ચે વિવાદ ચાલતો હોય, શ્રાવણ મહીનાનાં તહેવારો આવતા હોય, વેરાવળ પ્રભાસ પાટણ ખાતે કોમી તનાવનાં બનતાં બનાવો વિ. ને કારણે રાજકીય બીન રાજકીય પક્ષો દ્વારા સભાઓ, સરઘસો વિગેરે જુદા જુદા કાર્યક્રમો થવા સંભાવના હોય જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહિ તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં તારીખ ૨૩-૮-૨૦૦૫નાં પત્રથી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢ તરફથી રજુ થયેલ ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂઈએ હું, એ. સી. રાઠોડ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ આથી જુનાગઢ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં તા. ૨૬-૮-૨૦૦૫નાં રોજથી તા. ૮-૯-૨૦૦૫ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીએ.

૨. સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યક્તિને.

૩. કોઈ લગ્નના વરઘોડાને

૪. સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યક્તિઓને

૫. સક્ષમ અધિકારીશ્રીઓની કાયદેસર પરવાનગી લઈને.

INDEX

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮, મુજબનો ગુનો સાબીત થયેથી જે તે વ્યક્તિને એક માસની સાદી કેદ અથવા રૂ.૨૦૦/- સુધીનો દંડ અગર બંને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણના માનવજીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યક્તિને ૬ (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂ.૧૦૦૦/- સુધીનો દંડ સહિત બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૪મી ઓગષ્ટ સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૨૪ માહે ઓગષ્ટ સને ૨૦૦૫.

એ. સી. રાઠોડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧નાં મુંબઈ અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. : ડીએમ/૧/ફા. /૨૮૮૦/૨૦૦૫.-ભાવનગર જિલ્લામાં આગામી તા. ૨૪-૮-૨૦૦૫ના રોજ નાગપંચમી, તા. ૨૫-૮ ૨૦૦૫ના રોજ શીતળાસાતમ, તા. ૨૭-૮-૨૦૦૫ના જન્માષ્ટમી, ૩૧-૮-૨૦૦૫ના જૈન પર્યુષણપર્વ શરૂ, તા. ૩-૯-૦૫ નિષ્કલંકજી મહાદેવ ખાતે મેળો, તા. ૫-૯-૦૫ ડૉ. રાધાકૃષ્ણ જયંતી (શિક્ષકદિન), તા. ૭-૯-૦૫શ્રી ગણેશ ચોથ, તા. ૮-૯-૦૫ ઋષિ પાંચમ, તા. ૧૪-૯-૦૫ જલઝીલણી અગીયારસ, તા. ૧૫-૯-૦૫ વામન જયંતી, તેમજ તા. ૧૯-૯-૦૫ના રોજ મુસ્લીમ સમાજની સબેબારાત વિગેરે તહેવાર ઉજવનાર હોય ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતિપૂર્વક જળવાય રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથીયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેરશાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, ડી. બી. વોરા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી જાહેરશાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છે કે, કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૨-૮-૨૦૦૫ થી તા. ૨૧-૯-૨૦૦૫ સુધી (બંને દિવસો સુધ્ધાં)

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, ધારીયા, તલવાર, ગુપ્તી, સોટા, બંધુક છરી, કુહાડી, લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોચાડી શકાય તેવું બીજુ પણ સાધન સાથે લઈ જવા નહી.

(ખ) કોઈપણ ભયકારી, ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહી

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી, અથવા ટોળામાં ફરવું નહી.

(છ) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, તેવા ચિત્રો પત્રીકાઓ પ્લેકાડો અથવા પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, બતાવવી નહી, અથવા ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ ક-ખ-ગ-ઘ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય

(૨) જિલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિનને.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસૂચિ

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની પણ સજા થશે.

"જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે."

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોટાડીને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું, ફરમાવું છું.

આજ તારીખ ૨૨-૮-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો માર્યો

ભાવનગર, ૨૨ માહે ઓગષ્ટ સને ૨૦૦૫.

ડી. બી. વોરા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/વ/તરણેતર/૦૯/૦૫(૫).-સુરેન્દ્રનગર જિલ્લાનાં ચોટીલા તાલુકાના તરણેતર ગામે દર વર્ષે લોકમેળો યોજાય છે, ચાલુ વર્ષે તા. ૫-૯-૦૫ થી તા. ૯-૯-૦૫ દરમ્યાન લોકમેળો યોજાનાર છે. આ લોકમેળો માણવા માટે ગુજરાતભરમાંથી તેમજ અન્ય રાજ્યમાંથી મોટી સંખ્યામાં જનમેદની વાહનો દ્વારા આવતી હોવાથી ટ્રાફીક વ્યવસ્થામાં ઘણી મુશ્કેલી ઉભી થતી હોય છે. જેથી વારંવાર ટ્રાફીક સમસ્યા ઉભી થાય છે,અને પ્રજાને ખુબ જ હાડમારી ભોગવવી પડે છે, પરિણામે મેળામાં અકસ્માતના સંભવ છે, જેથી ટ્રાફીક વ્યવસ્થા જાળવવાના શુભ હેતુથી નીચે જણાવેલ રસ્તાઓમાં વાહનને જવા-આવવા માટે નિયંત્રણ મુકવાનું અમોને યોગ્ય જણાય છે.

સબબ ઉપરની હકીકત જાહેર જનતાની જાનમાલ તથા અકસ્માત નિવારવા સલામતી જાળવવાનું સાર્વજનીક લોકમેળામાં જવા આવવા માટે રાહદારીનું નિયમન કરવા તથા બંદોબસ્ત કરવાનું મને જરૂરી જણાતા હું, જી. એ. શાહ, અધિક જિલ્લા, મેજિસ્ટ્રેટ સુરેન્દ્રનગર જિલ્લો સુરેન્દ્રનગર, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) થી મને મળેલ સત્તાની રૂએ તા. ૫-૯-૦૫ થી તા. ૯-૯-૦૫ સુધી દિવસ-૫ (પાંચ) માટે નીચેના રસ્તાઓ ઉપર વાહને જવા આવવા માટે નિયંત્રણ મુકવાનું આથી ફરમાવું છું.

૧. તરણેતર મેળામાં આવવા માટે ચોટીલાથી પ્રથમ ઓક્ટ્રોય નાકા થઈ હાઈસ્કુલના ખુણા પાસે થઈ બાયપાસ થઈ કાનભાઈ કાઠીના ઘર પાસે થઈ તરણેતર જવાના કાયમી રોડ ઉપરથી જશે.

૨. ધ્રાંગધ્રા, સરા, હળવદ તરફથી તરણેતર આવવા માટે તરણેતર પહેલાં ધ્રાંગધ્રાના બનાવેલ બસ સ્ટેન્ડ સુધી જ આવશે મેળા તરફ આવતા માર્ગ તરફ આગળ વધી શકશે નહી.

૩. ચોટીલા-થાન તરફથી ધ્રાંગધ્રા, સરા હળવદ તરફ જવા આવવા માટે તરણેતર મેળાનો માર્ગ ક્રોસ કરવાનો ન હોવાથી થાનગઢ બાયપાસ થઈ અનસુયા વે બ્રિજ થી ડાબી બાજુ વળી નવાગામ વીજળીયા ગામ થઈ જમણી બાજુ તરણેતર જવાના રોડથી સરા, ધ્રાંગધ્રા જવા વરમાધાર તરફ વળી જવાનું રહેશે, તે જ રીતે સરા, ધ્રાંગધ્રા તરફથી આવવા માટે વરમાધારથી વીજળીયાના બોર્ડથી જમણી બાજુ વળી વીજળીયા નવા ગામ થઈ થાન તરફ આવવાનું રહેશે.

૪. તરણેતર મેળામાં આવેલ વાહનો તરણેતરથી થાન, ચોટીલા તરફ પરત આવવા માટે તરણેતરથી થાન આવવા માટેના પાકા રોડથી રોંગ સાઈડમાં બાજુમાં વીડમાં (રોડની બાજુમાં) બનાવેલ નવા કાચા રોડ ઉપર કાનપર બોર્ડ સુધી સમાંતર રહેશે, ત્યાંથી (કાનપરના બોર્ડ) નીચેના ભાગે જમણી બાજુ નવા ગામ જવાનો જુનો ગાડા મારગ જે નવાગામ પહેલા રોડને મળતા રોડથી ડાબી બાજુ અનસુયા વે બ્રિજ થી વળી બાયપાસ થઈ થાન, ચોટીલા, મુળી તરફ જવાનું રહેશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ કરવા અને તમામ રસ્તાઓ ઉપર વાહન ચાલકો સહેલાઈથી વાંચી શકે તેવા મોટા દરેક અલગ-અલગ સુચી બોર્ડ તૈયાર કરી દરેક રોડ ઉપર રાખવા માટે, ઉક્ત રસ્તો જેના હવાલામાં આવતો હોય તે પંચાયત અથવા રાજ્યનાં નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ચોટીલાએ ત્વરીત અસરથી કાર્યવાહી કરવાની રહેશે અને રસ્તા જરૂરીયાત પ્રમાણે રીપેરીંગ કરાવવાના રહેશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૨૯ માહે ઓગષ્ટ સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૯ માહે ઓગષ્ટ સને ૨૦૦૫.

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/વ/તરણેતર મેળો/૨૦૦૫ (૪).-

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાનાં તરણેતર ગામે દર વર્ષે ત્રિનેત્રેશ્વર મહાદેવનાં મંદિરે લોકમેળો યોજાય છે. ચાલુ વર્ષે આવો લોકમેળો તા. ૫-૯-૨૦૦૫ થી તા. ૯-૯-૦૫ સુધીના સમય દરમ્યાન યોજાનાર છે લોકમેળા દરમ્યાન ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરની જગ્યામાં આવેલ (૧) કુંડમાં ન્હાવા માટે તથા મહાદેવના મંદિરમાં દર્શન કરવા માટે બહોળો જન સમુદાય એખઠો થાય છે, મંદિરની ચારેય દિવાલોમાં વિસ્તારમાં મંદિર તથા કુંડ આવેલ છે, સ્ત્રી સમાજ પણ આ મેળામાં મોટી સંખ્યામાં આવતી હોય છે, તેથી લોકોની સલામતીની દ્રષ્ટિએ કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાય તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (ડબલ્યુ) (૩) નીચે નિયંત્રણો મુકવા જરૂરી છે જેથી હું ગિરીશ શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગરર મને મળેલ અધિકારની રૂએ તા. ૫-૯-૫ થી તા. ૯-૯-૦૫ સુધી દિવસ ૫ (પાંચ) માટે નીચે મુજબના નિયંત્રણો મુકવા આથી ફરમાવું છું.

(૨) તરણેતર ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરના ચોગાનમાં દાખલ તથા ફરતી દિવાલોમાં પુર્વ તરફ જે દ્વાર આવેલ છે તેનો ફરત સ્ત્રીઓના આવવા તથા જવા માટે ઉપયોગ કરવો અને દક્ષિણ તરફના દ્વારનો ફકત પુરુષોના આવા તથા જવા માટે ઉપયોગ કરવો. મંદિરની આજુબાજુ જાળીવાળો ભાગ છે, ઉત્તર-દક્ષિણ તથા પુર્વ તરફ દરવાજા છે જેથી દક્ષિણના દરવાજેથી પુરૂષો તથા ઉત્તરના દરવાજેથી ફકત સ્ત્રીઓ જ દાખલ થાય છે. પુર્વ તરફના દ્વારનો બહાર નીકળવા માટે સ્ત્રી-પુરૂષોએ સામાન્ય ઉપયોગ કરવો. જાળીવાળા ભગમાં ઉત્તર-દક્ષિણ દિશાઓના દ્વારેથી ફરજ ઉપરના પોલીસ અમલદારો તથા માણસો સ્ત્રી-પુરૂષોને વારાફરતી મર્યાદિત સંખ્યામાં દાખલ થવા દેશે અને પુર્વ તરફના દ્વારેથી બહાર નીકળવા દેશે.

(૩) મેળામાં ઉપસ્થિતિ રહેનાર માન. મુખ્યમંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવો સ્ટેજ ઉપરથી સંબોધન કરતા હોય ત્યારે મેળામાં અન્ય કોઈ સ્થળે કોઈપણ વ્યક્તિ માઈક ચાલુ રાખી શકશે નહી.

(૪) ઉપરની વ્યવસ્થાનો ભંગ કરનાર ઉપેક્ષા કરનાર, કે અવરોધ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ નીચે શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડીને પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવવું છું.

આજ તા.૨૯માહે ઓગષ્ટ સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

સુરેન્દ્રનગર, ૨૯ માહે ઓગષ્ટ સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ મુજબ

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩-૧-તરણેતર-૦૯-૨૦૦૫ (૩).- સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના તરણેતર ગામે દર વર્ષે લોકમેળો યોજાય છે, ચાલુ વર્ષે તા. ૦૫-૦૯-૨૦૦૫ થી તા. ૦૯-૦૯-૨૦૦૫ દરમ્યાન આવો લોકમેળો યોજાનાર છે, આ લોકમેળો માણવા માટે ગુજરાતભરમાંથી તેમજ અન્ય રાજ્યમાંથી વાહન વ્યવહાર મારફતે મોટી સંખ્યામાં જનમેદની વાહનો દ્વારા વાયા થાનગઢ થઈને તરણેતર મુકામે મેળામાં આવ-જા કરતા હોય છે.

થાનગઢ ટાઉનમાંથી થાન-તરણેતર જવા માટે સીંગલ પટ્ટીનો રસ્તો હોય અને થાનગઢની પ્રજા માટે તેમજ ગામડાઓની ગ્રામીણ પ્રજા અંદરના ગામના રસ્તાઓમાંથી આવતી જતી હોવાથી જુના રસ્તામાં ખુબજ ગીરદી થાય છે, જેથી વારંવાર ટ્રાફીક સમસ્યા ઉભી થાય છે, જેથી પ્રજાને ખુબજ હાડમારી ભોગવવી પડે છે. પરિણામે મેળામાં અકસ્માત થવાના સંભવ છે, જેથી ટ્રાફીક વ્યવસ્થા જાળવવાના શુભ હેતુથી નીચેની વિગતે પ્રતિબંધ મુકવાનુ અમોને યોગ્ય જણાય છે.

સબબ, ઉપરની હકીકતે જાહેર જનતાની જાનમાલ તથા અકસ્માત નિવારવા સલામતી જાળવવાનું સાર્વજનિક લોકમેળામાં જવા આવવા માટે રાહદારીઓનું નિયમન કરવા તથા બંદોબસ્ત કરવાનું મને જરૂરી જણાતાં હું ગિરીશ શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) થી મને મળેલ સત્તાની રૂએ તારીખ ૦૫-૦૯-૨૦૦૫ થી તા. ૦૯-૦૯-૨૦૦૫ દિવસ-૫ (પાંચ) માટે નીચેના રસ્તાઓ માટે તરણેતર મેળા અન્વયે તરણેતર મેળામાં જવાના માર્ગને ૧ન-વે (એક માર્ગીય રસ્તા) તરીકે જાહેર કરી સદંતર "વન-વે" રાખવા ફરમાવું છું.

(૧) થાનગઢ ધોળેશ્વર ફાટકથી જી. આઈ. ડી. સી. પાસેથી મારૂતિ સીરામીક, કંડોરાણિયા સીરામીકથી તરણેતર રોડથી

કાનપરાના પાટિયાથી તરણેતર મેળામાં જવા માટે "એક માર્ગીય રસ્તો" (ONE WAY) રખાવવા ફરમાવું છું તેમજ

(૨) તરણેતર મેળામાંથી ચાણકાવીડમાંથી કોરસ સીરામીક (નવા ગામ)થી થાનગઢના અનશોયા કાટા પાસેથી પરત થાય તેવી રીતેનો "પરત થવાના માર્ગ" તરીકે ઉપયોગ / અમલ થાય તે પ્રમાણેની અમલવારી થવા ફરમાવું છું.

(૩) નવાગામની સીમમાંના ચાણકાવીડમાંથી પસાર થતા રસ્તેથી ફોર વ્હીલર્સ તથા ભારે વાહનો પસાર થનાર હોય ઉક્ત રસ્તો જેના હવાલામાં આવતો હોય તે એટલે કે પંચાયત અથવા રાજ્યનાં માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રીએ ત્વરીત અસરથી જરૂરિયાત પ્રમાણે રીપેરીંગ કરાવવાનો રહેશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ ૨૯ માહે ઓગષ્ટ સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

જાહેરનામું

નં. : મજસ-૩-તરણેતર મેળો/વ/૯/૨૦૦૫/(૨).- સુરેન્દ્રનગર જિલ્લાનાં ચોટીલા તાલુકાનાં તરણેતર ગામે દર વર્ષે મેળો ભરાય છે. ચાલુ વર્ષે તા. ૫-૯-૨૦૦૫ થી તા. ૯-૯-૨૦૦૫ દરમ્યાન મેળો યોજાનાર છે. તરણેતર ગામે આ લોકમેળો સ. નં. ૧૦૭, ૧૦૮માં યોજાય છે. આ મેળામાં લોકો વાહનો સાથે ઘુસી જતા હોય છે. જેથી ટ્રાફીક સમસ્યા ઉભી થાય છે. પરિણામે અકસ્માત થવા સંભવ છે. જેથી ટ્રાફીક વ્યવસ્થા જાળવવાના શુભ હેતુથી નીચેની વિગતે પ્રતિબંધ મુકવાનું યોગ્ય જણાય છે.

સબબ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-૧૮(બી) થી મળેલ અધિકારની રૂએ હું, ગિરીશ શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર તા. ૫-૯-૨૦૦૫ થી તા. ૯-૯-૨૦૦૫ સુધી દિવસ-૫ (પાંચ) માટે નીચે જણાવેલ વિગતે પ્રતિબંધ ફરમાવું છું.

(૧) ચોટીલા તાલુકાના તરણેતર ગામે સ. નં. ૧૦૭, ૧૦૮માં મેળો યોજાતો હોઈ આ જગ્યામાં કોઈપણ વ્યક્તિએ યાંત્રિક વાહન સાથે પ્રવેશ કરવો નહીં.

(૨) થાનગઢથી તરણેતરનો રસ્તો એકમાર્ગીય કરવામાં આવેલ હોય તરણેતરથી થાનગઢ આવવા માટે ટુ વ્હીલર કે ઓટોરીક્ષા સિવાયના વાહનો માટે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. જેના પરિણામે અન્ય વાહનો માટે તરણેતરથી થાનગઢ આવવા માટે લખતર ઠાકોરશ્રીની વીડમાં થઈ નવાગામ જવાના રસ્તે થઈ ગાડા રસ્તે થઈ થાનગઢ મારૂતી પોટરી-ધોળેશ્વર રેલ્વે ફાટક થઈ આવી શકાશે.

(૩) ધ્રાંગધ્રાથી થાનગઢ ચોટીલા તરફ વાયા તરણેતર વાહનો સાથે જઈ શકાશે નહીં. પરંતુ વીજળીયા ગામના બોર્ડ પાસે થઈ વાયા વીજળીયા નવાગામ, મારૂતી પોટરી, ધોળેશ્વર રેલ્વે ફાટક થઈ જઈ શકશે.

(૪) થાનગઢથી ધ્રાંગધ્રા જવા માટે વાયા તરણેતર વાહનો સાથે જઈ શકાશે નહી પરંતુ થાનગઢ મારૂતી પોટરી થઈ નવાગામ વીજળીયા અને વીજળીયા બોર્ડ પાસેથી ધ્રાંગધ્રા જઈ શકાશે.

(૫) તરણેતર મેળામાં સરા રોડ ઉપર થઈ કોઈ વાહનો સાથે પ્રવેશ કરી શકાશે નહીં.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

જાહેરનામાનો ભંગ કરનાર, ઉપેક્ષા કરનાર કે અવરોધ કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ નીચે શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯ માહે ઓગષ્ટ સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૯, માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ મુજબ

જાહેરનામું

ક્રમાંક : મજસ-૩-વ-તરણેતર-૦૯-૨૦૦૫ (૧).- સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાનાં તરણેતર ગામે દર વર્ષે લોકમેળો યોજાય છે, ચાલુ વર્ષે તા. ૫-૯-૨૦૦૫ થી તા. ૯-૯-૨૦૦૫ દરમ્યાન આવો મેળો યોજાનાર છે. આ લોકમેળો માણવા માટે ગુજરાતભરમાંથી તેમજ અન્ય રાજ્યમાંથી મોટી સંખ્યામાં જનમેદની વાહનો દ્વારા વાયા થાનગઢ થઈને તરણેતર જાય છે.

થાનગઢ ટાઉનમાંથી થાનગઢની પ્રજા તેમજ ગામડાઓની ગ્રામીણ પ્રજા અંદરના ગામના રસ્તાઓમાંથી જતી હોવાથી જુના રસ્તામાં ખુબજ મુશ્કેલી પડે છે, અને ટુ વ્હીલર્સ સિવાયના વાહનો

જુની બજારમાંથી પસાર થાય તો વારંવાર ટ્રાફીક જામ થવાના કારણે પ્રજાને ખુબજ હાડમારી ભોગવવી પડે તેવી શક્યતાને નકારી શકાય તેમ ન હોઈ અને તેથી પ્રજાને ખુબજ હાડમારી ભોગવવી પડે તેમ હોય પરિણામે મેળામાં અકસ્માત થવાનો સંભવ છે. જેથી ટ્રાફીક વ્યવસ્થા જાળવવાના શુભ હેતુથી નીચેની વિગતે પ્રતિબંધ મુકવાનું મને યોગ્ય જણાય છે.

સબબ, ઉપરની હકીકતે જાહેર જનતાની જાનમાલ તથા અકસ્માત નિવારવા સલામતી જાળવવાનું સાર્વજનિક લોકમેળામાં જવા આવવા માટે રાહદારીનું નિયમન કરવા તથા બંદોબસ્ત કરવાનું મને જરૂરી જણાતાં હું, ગિરીશ શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)થી મને મળેલ સત્તાની રૂએ તા. ૫-૯-૨૦૦૫ થી તા. ૯-૯-૨૦૦૫ સુધી દિવસ-૫ (પાંચ) માટે નીચેના રસ્તાઓ પુરતા તમામ ફોર વ્હીલર્સ (મારૂતી જેવા વાહનોથી માંડી ટ્રક સહિતના) તમામ વાહનોની અવર-જવર સદંતર બંધ રાખવા આથી ફરમાવું છું.

૧. થાનગઢ ચોટીલા રોડ ઉપર માટેલ ઓક્ટ્રોયનાકાથી શરૂ કરી અંબિકા ટીમ્બરથી વાસુકી પોટરીથી નગરપાલિકા, ત્યાંથી આઝાદ ચોક, ત્યાંથી રેલ્વે ફાટક, ત્યાંથી જોગાશ્રમ, ત્યાંથી તરણેતર રોડ, ત્રણ રસ્તા કાનભાઈ જલુના બંગલા સુધી તમામ થ્રી વ્હીલર્સ તથા ફોર વ્હીલર્સ તેમજ તમામ ભારે વાહનો માટેની અવર-જવર માટે આથી પ્રતિબંધ ફરમાવું છું.

૨. થાન વગડીયા રોડ ચાર રસ્તાથી પરશુરામ પોટરી ત્યાંથી આંબેડકર (ફાટક સુધી)ના રસ્તા ઉપર તમામ ફોર વ્હીલર્સ વાહનોની અવર-જવર માટે આથી પ્રતિબંધ ફરમાવું છું.

૩. વધુમાં આ જાહેરનામાથી મુકેલ પ્રતિબંધના કારણે બહારથી આવતા તમામ પ્રકારના વાહનો માટે થાન-ચોટીલા રોડ ઓક્ટ્રોય નાકાથી પોલીસ સ્ટેશન પાસેથી ધોળેશ્વર ફાટકથી સીરામીક (નવાગામ ત્રણ રસ્તા)થી બાયપાસની વ્યવસ્થા છે, ત્યાંથી પસાર થવાનું રહેશે, તેમ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૨૯ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨૯, માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

ગિરીશ શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો,
સુરેન્દ્રનગર

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક એસ. બી/જાહેરનામું/૨૩૮૪/૨૦૦૫.-રાજકોટ શહેરની વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી છે. તેમજ રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. નિત્યાનંદમ, પોલીસ કમિશનર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ની પેટા કલમ-(૧)નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમીશ્નરશ્રી, નાયબ પોલીસ કમીશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમીશ્નરશ્રીઓ) ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧-૯-૨૦૦૫ કલાક ૦૦-૦૦થી તા. ૩૧-૧૦-૨૦૦૫ કલાક ૨૪-૦૦ સુધી નિચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(ક) શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર તથા ચપ્પા જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડે થી અણીવાળુ પાનું હોય તેવા ચપ્પા સાથે રાખીને ફરવાની મનાઈ ફરમાવું છું.

(ખ) સ્ફોટક પદાર્થ લઇ જવાની.

(ગ) બીજા શસ્ત્રો લઈ જવાની.

(ઘ) સરઘસ સાથે સળગતી મશાલ રાખવાની.

(ચ) વ્યક્તિઓના પુતળા બાળવાની.

(છ) કોઈપણ વિરોધ વ્યક્ત કરતી વખતે કોઈપણ ચીજ વસ્તુ સળગાવવાની.

વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :

(૧) સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને ઉપરી અધિકારીઓએ આવા કોઇ હથીયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઇ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય તેઓને.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું, આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ, ૨૬ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

ક્રમાંક એસ. બી/જાહેરનામું/૨૩૮૫/૨૦૦૫.-રાજકોટ શહેરની વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી છે, તેમજ રાજકોટ શહેરમાં કોઇપણ પ્રકારની સુલેહ શાતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારોમાં કોઇપણ પ્રકારનો સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા પર, કોઇ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. નિત્યાનંદમ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/ એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમીશ્નરશ્રી, નાયબ પોલીસ કમીશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમીશ્નરશ્રીઓ) ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૧-૯-૨૦૦૫ કલાક ૦૦-૦૦થી તા. ૩૧-૧૦-૨૦૦૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

(૧) ચાર કરતા વધારે માણસોના ભેગા થવા પર, કોઇ સભા બોલાવવાનું કે, સરઘસ કાઢવા પર.

વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમીશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

અપવાદ :

જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓ તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘાડાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેછળ શિક્ષાને પાત્ર થશે.

હું, આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ, ૨૬ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

ક્રમાંક એસ. બી/જાહેરનામું/૨૩૮૬/૨૦૦૫.-ગુટકાનું સેવન કરવું એ મનુષ્યના આરોગ્ય માટે હાનીકારક છે. અને ખાસ કરીને શૈક્ષણીક સંસ્થાઓના આજુબાજુના ૧૦૦ મીટરમાં વેચાતા ગટકાના

કારણે શૈક્ષણીક સંસ્થાઓમાં અભ્યાસ કરતા કુમળી વયના બાળકોના માનસપર તેની વિપરીત અસર પડે છે, અને પ્રલોભન પણ થવાની શક્યતા રહે છે. જેથી શૈક્ષણીક સંસ્થાઓની ૧૦૦ મીટરની આજુબાજુના વિસ્તારમાં ગુટકાના વેચાણ કરવા પર પ્રતિબંધ મુકવા બાબતે કમિશ્નરશ્રી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્ય ગાંધીનગરના પત્ર નં. પીએફએ/૧૦૯૭/૫૪૫૩૫ તા. ૩૦-૯-૯૭ તથા ગૃહ વિભાગ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર નં. ૫૨ચ/ ૨૯૯૩/૧૦૪૫૦/ડ, તા. ૧૦-૧૦-૯૭થી પરિપત્રો બહાર પાડેલા છે.

ઉપરોક્ત સરકારશ્રીના પરિપત્રને કાયદા સ્વરૂપે અમલમાં લાવવા, જરૂરી પ્રક્રિયામાંથી પસાર થવામાં સમય લાગે તેમ છે અને હાલમાં શૈક્ષણીક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આવા ગુટકાઓનું ખુબજ પ્રમાણમાં સેવન કરતા હોવાનું જણાયેલ છે. જે આરોગ્યને નુકશાન કરતા હોય, તેને અંકુશમાં લાવવા, ચોક્કસ પ્રતિબંધ રાખવો જરૂરી બને છે. જેથી આ બાબતે કાયદાકીય જોગવાઇ કર્યેથી જાહેર હિત તેમજ જાહેર આરોગ્યની સલામતી જાળવવામાં સહાય રૂપ થાય તેમ છે.

વાસ્તે હું, કે. નિત્યાનંદમ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/ ૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમીશ્નરશ્રી, નાયબ પોલીસ કમીશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમીશ્નરશ્રીઓ) ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧-૯-૨૦૦૫ કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૧૦-૨૦૦૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

શૈક્ષણીક સંસ્થાઓમાં તથા તેની ૧૦૦ મીટરની આજુબાજુના વિસ્તારમાં ગુટકાના વેચાણ પર, રાખવા તથા તેનું સેવન કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમીશ્નરની હકુમત હેઠળ આવતી શૈક્ષણીક સંસ્થાઓ તથા તેની ૧૦૦ મીટરની આજુબાજુનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું, આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ, ૨૬ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

પોલીસ કમિશ્નર દ્વારા

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩(એમ) નીચે

હુકમ

ક્રમાંક : એસ. બી./જાહેરનામું/૨૩૮૭/૨૦૦૫.-ગુજરાત રાજ્યના રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની જરૂરીયાતને અનુલક્ષીને નર્મદા કેનાલ મારફતે સૌરાષ્ટ્રમાંથી પાણી છોડવાનું આયોજન થયેલ છે. આ નર્મદાનું પાણી માળીયા કેનાલમાં નાંખી પાઈપ લાઈન દ્વારા હડાળા ગામ પાટીયા પાસે સંમ્પમાં નાંખી ત્યાંથી સંપમાંથી પમ્પીંગ કરી આજી ડેમ ફીલ્ટર પ્લાન્ટ સુધી લાવી રાજકોટ શહેરને પુરૂં પાડવામાં આવે છે.

ઉપરોક્ત પાઈપલાઈન દ્વારા આવતું પાણીનું યોગ્ય રીતે વિતરણ થઈ શકે તે માટે તેમજ પાણી પુરવઠામાં વિક્ષેપ ઉભો ન થાય તે માટે પાઈપલાઈન તથા આનુંસાંગીક ઘટકો સંમ્પ, પંમ્પ હાઉસ, એર વાલ્વ, સ્કાવર વાલ્વને અસામાજિક તત્વો દ્વારા તોડ ફોડ કરવામાં ન આવે તેમજ પાણીની ચોરી તથા દુર્વ્યય અટકાવી શકાય તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું મને ઈષ્ટ જણાય છે.

આથી હું, કે. નિત્યાનંદમ, આઈ. પી. એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (મુંબઈના ૨૨ માં અધિનિયમની કલમ-૩૩ (એમ)થી મને મળેલ સત્તાની રૂએ રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં તા. ૧/૯/૦૫ કલાક : ૦૦/૦૦ થી તા. ૩૧/૧૦/૦૫ કલાક : ૨૪/૦૦ સુધી નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

કૃત્યો :

(૧) રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં પસાર થતી પાણી પુરવઠાની નર્મદા પાઈપ લાઈનમાં છેદ પાડી કોઈ વ્યક્તિ પંમ્પ દ્વારા, ટેન્કર દ્વારા કે બીજી કોઈ રીતે પાણી લઈ કે ભરી શકશે નહીં.

(૨) આ પાણીની પાઈપ લાઈનો સાથે કોઈ વ્યક્તિ ચેડા કરી શકશે નહીં કે પાઈલાઈનને તોડ ફોડ કરશે નહી કે

INDEX

પાઈપલાઈનો પરની જમીનમાં ખાડા કરી શકશે નહી. આ પાઈપલાઈનમાંથી કોઈપણ વ્યક્તિ પાણી લઈ શકશે નહીં કે તેમજ પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જાય તેવું કોઈ કૃત્ય કરશે નહી.

(૩) આ પાઈપલાઈનમાંથી કોઈ વ્યક્તિ સીધી રીતે કે પંમ્પીંગ કરી પાણી મેળવી શકશે નહીં. તેમજ મોટર કે મશીનથી પંમ્પ મુકી પાણી ખેંચી શકશે નહી.

(૪) આ પ્રતિબંધિત વિસ્તારમાં કોઈ વ્યક્તિ અનઅધિકૃત પ્રવેશ કરશે નહી.

પ્રતિબંધિત વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળથી પસાર થતી નર્મદા પાણીની પાઈપલાઈનની આજુ બાજુનો વિસ્તાર.

અપવાદ:

ઉપરોક્ત યોજનામાંથી જે શહેર/ગામોને પીવાના પાણીની તકલીફને કારણે ટેન્કરો અગર અન્ય સાધનો દ્વારા પાણી પહોંચાડવા માટે સક્ષમ અધિકારી તરફથી મંજુરી આપવામાં આવેલ હોય તેવા વાહનો તેમજ સરકારી કામમાં રોકાયેલ હોય તેવી વ્યક્તિઓ કે વાહનોને આ હુકમ લાગુ પડશે નહી.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું, આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ : ૨૬ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

કે. નિત્યાનંદમ,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર,
રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) આ કચેરીના તા. ૩૦/૧૨/૨૦૦૩નાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/૨૬૦૨/૧૨/૨૦૦૩.

(૨) શ્રી કે. જે. કાનાણી સહકારી અધિકારી (ફ-૨) કચેરીમાં જામનગરની તારીખ : ૭-૭-૨૦૦૫નાં પત્ર ક્રમાંક : ફડચ/ ફ-૨/૧૪૪/૨૦૦૫થી રજુ થયેલ દરખાસ્ત.

(૩) આ કચેરીએ બહાર પાડેલ તા. ૧૬-૭-૨૦૦૫નાં જાહેરનામા ક્રમાંક : ફડચ/ક-૪/૧૨૨૧/૨૫/૨૦૦૫.

(૪) ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ અને ગુજરાત સહકારી મંડળીઓનાં નિયમ-૧૯૬૫નાં નિયમ-૧૦ની જોગવાઈઓ.

(૫) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૪૯૧/ડીડીસી/૧૧૬૮/૫૨૦૪/જે.

હુકમ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૪૬૪ થી ૭૪/૨૦૦૫.-આથી હું, એસ. એન. જોષી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર શ્રી હર્ષદપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. હર્ષદપુર, તા. જામનગર, જિ. જામનગર જે નોંધણી નંબર-૯૭૭૦ તા. ૨૪-૯-૧૯૯૦ થી નોંધાયેલ સહકારી સંસ્થાને સને ૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૯ મુજબ ત્થા ગુજરાત સહકારી મંડળીઓનાં નિયમો-૧૯૬૫નાં નિયમ-૧૦ મુજબ પુર્નઃજીવિત કરવા આદેશ કરૂં છું.

તેમજ એક વર્ષ બાદ સંસ્થાએ તેના ઉદેશ મુજબ કામગીરી કરેલ છે, કે કેમ ? તે અંગે સમીક્ષા કરવામાં આવશે અને સંસ્થા દર ત્રણ મહિને પ્રગતિની લેખિત જાણકારી આપવાની રહેશે.

જામનગર, ૨૫ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૪૯૧/ડીડીસી/૧૧૬૮/ ૫૨૦૪/જે.

(૨) આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/૧૪૮૯૯/ ૧૩૪/૪૩/૨૦૦૩. તા. ૨૨/૦૧/૨૦૦૩.

(૩) શ્રી એમ. આર. બાટી, સહકારી અધિકારી (ફ-૧) કચેરીમાં જામનગરની તારીખ : ૨૪-૮-૨૦૦૫નાં પત્ર ક્રમાંક : ફડચ/ફ-૧/૧૪૩/૦૫થી રજુ થયેલ દરખાસ્ત.

(૪) શ્રી પી. એન. આંબલીયા, સબ ઓડિટર, (લી. રી.) સહકારી મંડળીઓ, જામનગર તરફથી તા. ૧/૪/૨૦૦૨ થી તા. ૨૩/૮/૨૦૦૫ સુધીના સમયનું સંસ્થાનું અંતિમ ઓડિટ કરી સંસ્થાની ઓડિટ નોંધ મોકલતા.

હુકમ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૪૮૫/૯૪/૨૦૦૫.-આથી હું, એસ. એન. જોષી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ શ્રી કોહીનુર ફીશરીઝ કો. ઓપરેટીવ સોસાયટી લી., મુ. સુરજકરાડી, તા. ઓખામંડળ, જિ. જામનગર, જે નોંધણી નંબર ૧૧૧૧૧ તા. ૪-૯-૧૯૯૮ થી નોંધાયેલ છે, તેને કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચા અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ થતાં, સહકારી કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે નોંધણી રદ કરૂં છું.

જામનગર, ૨૫ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૧૯૯૧નાં જાહેરનામા ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૪૯૧/ડીડીસી/૧૧૬૮/૫૨૦૪/જે.

(૨) આ કચેરીનાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/૧૨૬૫૧/૨૪૮/૫૬/૨૦૦૧. તારીખ : ૧-૩-૨૦૦૧.

(૩) શ્રી એમ. આર. બાટી, સહકારી અધિકારી (ફ-૧) કચેરીમાં, જામનગરનાં તારીખ ૨૪-૮-૨૦૦૫નાં પત્ર ક્રમાંક : ફડચ/ફ-૧/૧૪૨/૨૦૦૫થી રજુ થયેલ દરખાસ્ત.

(૪) શ્રી પી. એન. આંબલીયા સબ ઓડિટર (લી. રી.) સહકારી મંડળીઓ જામનગર તરફથી તા. ૧-૭-૯૮થી ૨૩-૮-૨૦૦૫ સુધીના સમયનું અંતિમ ઓડિટ કરી સંસ્થાની ઓડિટ નોંધ મોકલતાં.

હુકમ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૪૭૫/૮૪/૨૦૦૫.-આથી હું, એસ. એન. જોષી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ શ્રી ગોદાવરી તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ગોદાવરી, તા. લાલપુર, જિ. જામનગર, જે નોંધણી નંબર ૨૦૫૭૦ તા. ૨૭-૪-૧૯૮૭ થી નોંધાયેલ છે. તેને કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચા અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ થતાં, સહકારી કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે નોંધણી રદ કરૂં છું.

જામનગર, ૨૫ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

એસ. એન. જોષી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. ક. નઘણ/ખ-૩/૮૯૩૯/૯૯૧/નઘણ/ખ-૩/ઉ-૧૨૮૬૫/સને ૨૦૦૫.-આથી જાહેર કરે છે કે, શ્રી માધવ મજુર બાંધકામ સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ : ટોબરા, તાલુકો : સુત્રાપાડા, જિલ્લો : જુનાગઢ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૨ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. ક. નઘણ/ખ-૩/૮૯૪૦/૯૮૬/નઘણ/ખ-૩/ઉ-૧૨૮૬૭/સને ૨૦૦૫.-આથી જાહેર કરે છે કે, શ્રી હરભોલે મજુર બાંધકામ સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ : અમરાપુર, તાલુકો : સુત્રાપાડા, જિલ્લો : જુનાગઢ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૨૨ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. ક. નઘણ/ખ-૩/૮૯૪૧/૯૮૦/નઘણ/ખ-૩/ઉ-૧૨૮૬૬/સને ૨૦૦૫.-આથી જાહેર કરે છે કે, શ્રી જય ગણેશે મજુર બાંધકામ સહકારી મંડળી લિ. મર્યાદિત સ્થળ : કેશોદ, તાલુકો : કેશોદ, જિલ્લો : જુનાગઢ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૮ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વી. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જુનાગઢ.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં જાહેરનામા ક્રમાંક/જીએચકેએચ/૧૬/૨૦૦૩/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ. તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૫૧૦/૨૦૦૫. તા. ૧૦-૬-૦૫થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

હુકમ

ક્રમાંક/ફડચ/ઉખસ/ફ/૧૬૩૭૧/ખ-૪/૬૫૩/૨૦૦૫.- હું, યુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર ઉક્ત વંચાણે લીધા ક્રમ (૧) ની જોગવાઈ તથા ક્રમ (૨)ના જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી ઓદરકા દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. ઓદરકા, તા. ઘોઘા જિ. ભાવનગર કે જેનો નોંધણી ક્રમાંક : ૨૭૨૫૬ તા. ૨૬-૪-૯૪ છે. તેનો વંચાણે લીધા ક્રમ (૩) ના હુકમથી કરવામાં આવેલ વચગાળાના આદેશને બહાલી આપુ છું અને તેને કાયમી કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૪ની નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૨૩ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં જાહેરનામા ક્રમાંક/જીએચકેએચ/૧૬/૨૦૦૩/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ. તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૭૨/૨૦૦૫. તા. ૬-૬-૦૫થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

હુકમ

ક્રમાંક/ફડચ/ઉખસ/ફ/૧૬૩૬૯/ખ-૪/૬૫૧/૨૦૦૫.- હું યુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર ઉક્ત વંચાણે લીધા ક્રમ (૧) ની જોગવાઈ તથા ક્રમ (૨)ના જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી વિદ્યુતનગર ઘર બાંધનારી સહકારી મંડળી લિ. મુ. ઢસા, તા. ગઢડા જિ. ભાવનગર કે જેનો નોંધણી ક્રમાંક : ૫૪૬૯ તા. ૧૫-૧૦-૯૭ છે. તેનો વંચાણે લીધા ક્રમ (૩)ના હુકમથી કરવામાં આવેલ વચગાળાના આદેશને બહાલી આપુ છું અને તેને કાયમી કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ ની નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૨૩ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ થી ૧૦૮ની જોગવાઈ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં જાહેરનામા ક્રમાંક/જીએચકેએચ/૧૬/૨૦૦૩/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ. તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનાં હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૪૮૭/૨૦૦૫. તા. ૬-૬-૦૫થી કરવામાં આવેલ મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

હુકમ

ક્રમાંક/ફડચ/ઉખસ/ફ/૧૬૩૭૦/ખ-૪/૬૫૨/૨૦૦૫.- હું, યુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર ઉક્ત વંચાણે લીધા ક્રમ (૧) ની જોગવાઈ તથા ક્રમ (૨)ના જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી ઘાંટરવાળા દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. ઘાંટરવાળા, તા. તળાજા જિ. ભાવનગર કે જેનો નોંધણી ક્રમાંક : ૨૫૫૩૩ તા. ૨૪-૧૨-૯૨ છે. તેનો વંચાણે લીધા ક્રમ (૩) ના હુકમથી કરવામાં આવેલ વચગાળાના આદેશને બહાલી આપુ છું અને તેને કાયમી કરૂં છું અને ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફડચા નં. ૩ની નિમણુંક કરૂં છું.

ભાવનગર, ૨૩ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

યુ એમ. વાસણાવાળા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 22nd SEPTEMBER, 2005/BHADRA 31, 1927 [No. 38

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	641-662	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	612-647
		PART - II Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	747-768
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

***Read* :** *(1) This Office Notification No. B/82/ UHC-3/2925/Of 2004, Dtd. 18-12-2004.*

(2) Notification of Hon's High Court of Gujarat No. : C. 1201/2005, Dtd. 05-09-2005.

NOTIFICATION

No. UHC/B/82/2587/of 2005.-In partial modification of this Office notification of even number dated 18-12-2004, the Principal District & Sessions Judge, Amreli has been pleased to declare Thursday, September, 08 2005 has a Public Holiday for District Court and all Courts subordinate to it in the Judicial District of Amreli remain close on account of Samvantsari, instead of Wednesday, September, 07 2005.

Amreli, 5th September, 2005.

D. K. Bhatt,
Principal District Judge,
Amreli.

***Read* :** *(1) This Court Notification No. B/361/ 2004, Dt. 23-12-2004.*

(2) Notification No. GS/2005-25-PHD/ 102004/4100/GH, Dtd. 30-8-2005 of General Adm. Dept., Sachivalaya, Gandhinagar, Part-I.

NOTIFICATION

No. B/340/2005.-The Principal District Judge, Jamnagar is pleased to make partial modification in the Notification as under :

Samvantsari (Chaturthi Paksha) 7th September, 2005 Wednesday was declared as a General Holiday, now the same will be treated as Optional Holiday.

Samvantsari (Chaturthi Paksha) 8th September, 2005 Thursday will be treated as General Holiday instead of Optional Holiday..

Other instructions mentioned in Notification dated 23-12-2004 remain unchanged repeat unchanged.

Jamnagar, 5th September, 2005.

(Sd.) Illegible,
Principal District Judge,
Jamnagar.

***Read* :** *(1) High Court Letter No. C. 2105/74, Dated : 18-12-1984.*

(2) Notification No. GS/2005/25/JSR/ 102004/4100/GH, Dated : 30th August, 2005 of the Government of Gujarat in General Administration Department, Gandhinagar.

(3) This Office Notification No. UHC-01/2005, Dated 2nd March, 2005.

NOTIFICATION

No. UHC/10/0f 2005.-In exercise of the powers conferred upon him by Honourable High Court of Gujarat Letter read in the preamble at Sr. No. 1, and under Notification of the Government of Gujarat in General Administration Department, Gandhinagar read in the Preamble at Sr. No. 2, the Principal District Judge, Rajkot is pleased to declare WEDNESDAY SEPTEMBER 07, 2005, as a Optional holiday and a working day instead of Public Holiday for the District Court, Rajkot and all the Courts and Offices subordinate to it in the Judicial District of Rajkot and in lieu thereof THURSDAY SEPTEMBER 08, 2005 will

INDEX

be a Public Holiday on account of SAMVANTSARI (PANCHMI PAKSH) for the District Court, Rajkot and all the Courts and Offices subordinate to it in the Judicial District of Rajkot,

Rajkot, 5th September, 2005.

R. P. Dholaria,
Principal District Judge,
Rajkot.

મુખ્ય જિલ્લા ન્યાયાધિશ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાતની નામદાર વડી અદાલતનાં પત્ર ક્રમાંક સી. ૨૧૦૫/૭૪, તા. ૧૮-૧૨-૧૯૮૪.

(૨) ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગનાં જાહેરનામા નંબર જીએસ/૨૦૦૫-૨૫-જસર/૧૦૨૦૦૪/ ૪૧૦૦/ધ, તા. ૩૦-૦૮-૨૦૦૫.

(૩) આ કચેરીના જાહેરનામા નંબર ઉહક/૦૧/૨૦૦૫, તા. ૦૨-૦૩-૨૦૦૫.

જાહેરનામું

નં. ઉહક./૧૦/૨૦૦૫.-ઉપરોક્ત ક્રમ-૧ પર વંચાણે લેવામાં આવેલ નામદાર ગુજરાત વડી અદાલતના પત્રથી તેમને મળેલ સત્તાની રૂએ અને સામાન્ય વહિવટી વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઉપરોક્ત ક્રમ-૨ પર વંચાણે લેવાયેલ જાહેરનામા મુજબ મુખ્ય જિલ્લા ન્યાયાધિશશ્રી, રાજકોટ જિલ્લા અદાલત, રાજકોટ અને તેના તાબાની તમામ અદાલતો અને કચેરીઓ માટે બુધવાર ૦૭ સપ્ટેમ્બર, ૨૦૦૫ના દિવસને જાહેર રજાના બદલે મરજીયાત રજા અને કામકાજના દિવસ તરીકે જાહેર કરે છે અને તેના બદલે ગુરૂવાર ૦૮ સપ્ટેમ્બર સને ૨૦૦૫ને સંવત્સરી(પંચમીપક્ષ) હોવાથી જિલ્લા અદાલત, રાજકોટ અને રાજકોટ ન્યાયીક જિલ્લાની તેના તાબાની તમામ અદાલતો અને કચેરીઓ માટે જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરે છે.

રાજકોટ, ૦૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

આર. પી. ઢોલરિયા,
મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
રાજકોટ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩(૧)બી હેઠળ

જાહેરનામું

નાં. એમએજી/સી/૪૪૭૬૬/૦૫.-ઉપાચાર્યશ્રી રાજ્ય પોલીસ તાલીમ કેન્દ્ર, ચોકી(સોરઠ)ના પત્ર ક્રમાંકઃ સીબી/૭૭/ ફાયરીંગ/૧૦૦/૨૧૪૦/૦૫ તા. –૦૯-૦૫થી તેમના ખાતામાં હાલ તાલીમ લઈ રહેલ સત્ર ક્રમાંકઃ ૭૮/વર્ગ-અ નાં પાંચ તાલીમાર્થીઓ તથા સત્ર ક્રમાંકઃ ૭૯ વર્ગ-બના પાંચ તાલીમાર્થીઓની ફાયરીંગ પ્રેકટીસ તા. ૨૧-૯-૨૦૦૫થી તા. ૨૨-૯-૨૦૦૫ના રોજ પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ હસ્તકના ફાયરીંગ બટ પર લેવાનું હોય, તેનું ધોરણસરનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. આચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢએ તેઓના હુકમ ક્રમ નં. આરબી/મકન/૩૧૯૬/૦૫ તા. ૨-૯-૦૫થી બે દિવસ માટે બટ ફાળવણી કરી છે તેવો ઉક્ત દરખાસ્તમાં ઉલ્લેખ કર્યો છે.

સબબ ઉપરોક્ત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતા હું, એ.સી.રાઠોડ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૨૧-૯-૦૫થી તા. ૨૨-૯-૦૫ સુધી રોજ સવારે ૭-૦૦ કલાકથી ૧૮-૦૦ કલાક સુધી ઉક્ત ફાયરીંગ બટના આજુ-બાજુના ૧ કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામું આજ તા. ૫મી સપ્ટેમ્બર સને-૦૫નાં રોજ મારી સહી તથા કચેરીનાં સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે.

જાહેરનામું

નાં. એમએજી/સી/૩૭(૧)/૨૦૦૫.-જિલ્લામાં જમીનની પેશકદમી દુર કરવાની કાર્યવાહી ચાલુ હોય, વેરાવળ પ્ર. પાટણ સંવેદનશીલ હોય તથા ગીરનાર પર્વત પર ગુરુ દતાત્રેયની જગ્યામાં તથા ત્રીજી ટુંક ખાતે વિવાદ ચાલુ હોય, વીજ પુરવઠાની અનિયમિતતાને કારણે આંદોલનાત્મક કાર્યક્રમો થવાની સંભાવના હોય દ્વીચકી વાહનોમાં હેલ્મેટ ફરજીયાત પહેરવાની અમલવારીનાં વિરોધ ચાલુ હોય, પર્યુષણ તથા ગણેશ ઉત્સવનાં ધાર્મિક તહેવાર આવતા હોય કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતી

(૪) શ્રી રજીસ્ટ્રાર સાહેબ, સ. મં. ગુ. રા. ગાંધીનગરના તા. ૨૯-૭-૦૫ ની રાજયનાં તમામ જિ. રજિ. શ્રીઓની મીટીંગમાં થયેલ ફડચા અધિ. તરીકે ઓડીટરની તથા ડી.આર. સ્ટાફની નિમણુંક બાબતે થયેલ સુચના.

હુકમ

જા.નં. ફડચ/ખ-૪/૯૦૮૦/૨૯૦૧.-હું, શ્રી વી.એમ.મહેતા, જિ.રજી.સ.મં., જુનાગઢ મને મળેલ ગુજ.સ.મં. અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૮ અન્વયે શ્રી અપના બજાર મ.ગ્રા.ભં.સ. મં. લી., મુ. : વેરાવળ, તા. : વેરાવળ, જિ. : જુનાગઢના ફડચા અધિ. તરીકે શ્રી સહકારી અધિકારી ફડચોની નિમણુંક કરેલ તે રદ કરી તેની જગ્યાએ મદદ સબ ઓડિટર સ. મં. (લી.રી.) જુનાગઢ નિમણુંક કરૂ છું અને તેઓએ આ હુકમ થયેથી મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી ચાર્જલીસ્ટની નકલ હિસાબી પત્રકો સહ અત્રેની કચેરીને દિન-૧૫માં રજુ કરવાની રહેશે અને સહકારી કાયદાની કલમ-૧૧૪ અન્વયે ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. હુકમની અન્ય શરતો યથાવત રહેશે.

જુનાગઢ, ૩૦ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજ. સહ. મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજ. સરકારશ્રી કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ઘખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તા. ૩-૧-૦૩ નો શ્રી કાલીન્દ્રી ગ્રા. લી. સ. મં. લી. મુ. જુનાગઢ, તા. જુનાગઢ, જિ. જુનાગઢનો ફડચાનો અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/૧૪૧૧૫/ખ-૪/૦૩.

(૪) શ્રી રજીસ્ટ્રાર સાહેબ, સ. મં. ગુ. રા. ગાંધીનગરના તા. ૨૯-૭-૦૫ ની રાજયનાં તમામ જિ. રજિ. શ્રીઓની મીટીંગમાં થયેલ ફડચા અધિ. તરીકે ઓડીટરની તથા ડી.આર.સ્ટાફની નિમણુંક બાબતે થયેલ સુચના.

હુકમ

જા.નં. ફડચ/ખ-૪/૯૧૮૬/૨૮૯૮/૦૫.-હું શ્રી વી. એમ. મહેતા, જિ. રજી. સ. મં., જુનાગઢ મને મળેલ ગુજ. સ. મં. અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૮ અન્વયે શ્રી કાલીન્દ્રી ગ્રા.ભં. સ. મં. લી., મુ. : જુનાગઢ, તા. : જુનાગઢ, જિ. : જુનાગઢના ફડચા અધિ. તરીકે શ્રી સહકારી અધિકારી ફડચોની નિમણુંક કરેલ તે રદ કરી તેની જગ્યાએ સીનીયર કલાર્ક ક-૧ શાખાની નિમણુંક કરૂ છું અને તેઓએ આ હુકમ થયેથી મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી ચાર્જલીસ્ટની નકલ હિસાબી પત્રકો સહ અત્રેની કચેરીને દિન-૧૫માં રજુ કરવાની રહેશે અને સહકારી કાયદાની કલમ-૧૧૪ અન્વયે ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. હુકમની અન્ય શરતો યથાવત રહેશે.

જુનાગઢ, ૩૦ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૮૧.

(૨) ગુજરાત સરકારશ્રી કૃષિ ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ધ તા. ૧૭-૪-૦૪.

(૩) શ્રી ઓડીટર ગ્રેડ-૧ સ.મં. જુનાગઢ તા. ૩૦-૪-૦૫નો ખાસ અહેવાલ.

(૪) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ અન્વયે તા. ૨૫-૭-૦૫ની કારણદર્શક નોટિસ ક્રમાંકઃ સવન/ખ-૨/૭૨૧ થી ૭૨૯/૦૫.

હુકમ

જા. નં. સવન/ખ-૨/૯૩૨૩/૯૧૩ થી ૯૨૮/૨૦૦૫.-હું વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ અમોને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ અન્વયે પ્રાપ્ત થતા અધિકારની રૂએ શ્રી સરદારગઢ સેવા સ. મં. લી. સરદારગઢ જેની નોંધણી નં. ૬૯૫ તા. ૩-૧૦-૧૯૫૩ના રોજ નોંધાયેલ છે. જેમાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઈઓ ધ્યાને લઈ જિલ્લા બેંકના ખાસ અધિકારી, વહીવટ અને ફડચો વિભાગ-૬ જુનાગઢ જિલ્લા સહકારી બેંક લી. ને વહીવટદારની મુદત હુકમની તારીખથી ૧ વર્ષ રહેશે. મુદત પુર્ણ થયે સાધારણ સભા બોલાવી કમિટિની વરણી કરી કમિટિને ચાર્જ સુપ્રત કરવાનો રહેશે. અન્યથા જરૂર જણાય મુદત પુર્ણ થતા અગાઉ મુદત વધારાની દરખાસ્ત મોકલી આપવાની રહેશે.

જુનાગઢ, ૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્ર. નધણ/ખ-૩/૯૩૨૫/૧૦૪૨/ધ-૨૦૧૪૦/૦૫.-આથી જાહેર કરે છે કે, શ્રી લાલ બહાદુર શાસ્ત્રી વાલ્મીક કો. ઓ. હા. સો. લી., મર્યાદિત સ્થળ ખામ ધ્રોળ, જુનાગઢ, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢ.

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્ર. નધણ/ખ-૩/૯૩૨૪/૧૦૩૧/ઉ. ૧૨૮૬૮/૦૫.-આથી જાહેર કરે છે કે, શ્રી વિનાયક વિશ્વાસ બાંધકામ મજુર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ જુનાગઢ, તાલુકો જુનાગઢ, જિલ્લો જુનાગઢ.

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વિ.એમ.મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્ર. નધણ/ચ/ઉ-૧૩૦૬૯/૧૬૯૩/૫૫૪/૦૫.- આથી જાહેર કરે છે કે, શ્રી આશાપુરા કૃપા ગોબર ગેસ ઉત્પા. સ.મં.લી. મર્યાદિત સ્થળ પોરબંદર, તાલુકો પોરબંદર, જિલ્લો પોરબંદર.

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

એમ. કે. પરમાર,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

જિલ્લા રજીસ્ટ્રાર સ.મં. (ઉદ્યોગ) અને
મેનેજર (કે.વી.સી.આઈ.) દ્વારા

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯(અ)ની જોગવાઈ.

૨. સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા નં. ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૨૦૦૪.

૩. સહકારી અધિકારી(ફ) લગત કચેરીનો તા. ૩૦-૧૨-૨૦૦૩નો પુનઃરચનાનો પત્ર.

હુકમ

નં. જીઉકે/જુના/કુટીર/૯૩૬/૨૦૦૫.-હું, એન. ડી. પંચાલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ(ઉદ્યોગ) જુનાગઢ મને મળેલ અધિકારની રૂએ તેમજ ગુજરાત સહકારી મંડળીની અધિનિયમની ૧૯૬૧ની કલમ-૧૯(ખ)ની સત્તાની રૂએ શ્રી કસ્તુરબા મહિલા સહકારી મંડળી લી. વેરાવળ તા. વેરાવળ, જિ. જુનાગઢ જેની નોંધણી નંબર ઉ. ૪૫૮૭, તા. ૨૭-૪-૧૯૮૧ ધરાવે છે તેની પુનઃરચના કરવાનો આથી હુકમ કરૂ છુ તેમજ ઉક્ત તા. ૩૧-૧૨-૯૬નો મંડળીને ફડચામાં લઈ જવાનો હુકમ રદ કરવામાં આવે છે.

મંડળીએ તેના ઉદ્દેશો મુજબની કામગીરી હાથ ધરવાની રહેશે. તેમજ આગામી ત્રણ માસમાં ઉત્પાદન કાર્ય હાથ ધરી સભાસદોને પુરી પાડી તેની અત્રે જાણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

એન. ડી. પંચાલ,
જિલ્લા રજીસ્ટ્રાર સ.મં.(ઉદ્યોગ) અને
મેનેજર(કે.વી.સી.આઈ.),
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જુનાગઢ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 29th SEPTEMBER, 2005/ASHVINA 7, 1927 [No. 39

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	663-678	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	648-675
		PART - II	
		Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	769-794
PART - I - A		**PART - III**	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

Read : *(1) General Administration Department Notification of Sachivalaya, Gandhinagar, Dated : 30-08-2005, Part-I, General Holidays-2005.*

(2) This Office Notification No. U.HC./34/B. 8 (2)/4936/2004, Dt. 22-12-2004.

NOTIFICATION

No. U. HC./39/B. 8(2)/3936/2005.-The Principal District Judge, Kachchh at Bhuj is pleased to make partial modification in this office Notification referred to in the preamble at Sr. No. 2, as under :-

Samvantsari (Chaturthi Paksha) **7th September, 2005** Wednesday was declared as a General Holiday. Now the same will be treated as **Optional Holiday**. the District Court, Kachchh at Bhuj and all the Subordinate Courts to it in Kachchh District **Shall function** on **7th September, 2005,** and

Samvantsari (Panchami Paksha) **8th September, 2005,** Thursday will be treated as **General Holiday** instead of Optional Holiday. The District Court, Kachchh at Bhuj and all the Subordinate Courts to it in Kachchh District **Shall remain closed** on **8th September, 2005.**

Kachchh at Bhuj, 5th September, 2005.

R. D. KOTHARI,
Principal District Judge,
Kutchchh at Bhuj.

Read : *Hon'ble High Court of Gujarat, Ahmedabad, Letter No. C. 2101 of 2005, Dated : 05-09-2005.*

NOTIFICATION

No. UHC/B. 20/2005.-The Principal District Judge, Junagadhj is pleased to declare, THURSDAY, 08th SEPTEMBER, 2005, to be a Public Holiday for the Principal District Court and its subordinate Courts and their offices, on account of Samvatsari, instead WEDNESDAY 7th SEPTEMBER, 2005.

Junagadh, 5th September, 2005.

B. U. JOSHI,
Principal District Judge,
Junagadh.

INDEX

NOTIFICATION

No. Adm./H. 4/5132/2005.-The following Judicial Officers, of the Surendranagar District were prevented from availing of the whole or part of the SUMMER VACATION-2005 of 42 days, observed from Monday 02nd MAY-2005 to Sunday 12th JUNE-2005 (both days inclusive) as per Rule-50 of Gujarat Civil Services (Leave) Rules-2002 for the period as shown against their respective names in Col. No. 3.

Sr. No.	Name of the Judicial Officers & Designation	Period of which prevented			Remarks
		From	To	Days	
1	2		3		4
01.	Mr. J. K. JANI, Principal Senior Civil Judge, Surendranagar	—	—	0	
02.	Mr. K. K. MERIA, Chief Judicial Magistrate, Surendranagar.	27-05-2005 10-06-2005	30-05-2005 12-06-2005	7	Mr. Meria the then Assistant Judge and Mr. Rabari the then Extra Assistant Judge have taken over the charge of their new assignment on 27-5-2005 BOH as the post of Asstt. Judge is merged with and converted into the cader of Senior Civil Judge.
03.	Mr. L. S. RABARI 2nd Addl. Senior Civil Judge, Surendranagar.	27-05-2005 10-06-2005	31-05-2005 12-06-2005	8	
04.	Mr. J. H. CHAMPAWAT, 3rd Addl. Senior Civil Judge, Surendranagar.	09-05-2005 06-06-2005	29-05-2005 12-06-2005	28	
05.	Mr. C. R. BAROT, 4th Addl. Senior Civil Judge, Surendranagar.	02-05-2005 30-05-2005	15-05-2005 12-06-2005	28	
06.	Mr. P. V. SHRIVASTAVA, 5th Addl. Senior Civil Judge, Surendranagar.	02-05-2005 23-05-2005	08-05-2005 12-06-2005	28	
07.	Mr. R. L. THAKKAR, 6th Addl. Senior Civil Judge, Surendranagar.	08-05-2005 11-06-2005	02-06-2005 12-06-2005	28	
08.	Mr. J. B. PARIKH, 7th Addl. Senior Civil Judge, Surendranagar.	02-05-2005 28-05-2005	15-05-2005 12-06-2005	30	
09.	Mr. D. C. TRIVEDI, Addl. Civil Judge & JMFC., Surendranagar.	02-05-2005	15-05-2005	42	Transferred to Bhavnagar District.
10.	Mr. H. G. VAGHELA, 2nd Addl. Civil Judge & JMFC., Surendranagar.	02-05-2005	12-06-2005	42	Transferred to Mahesana District.

INDEX

1	2	3			4
11.	Mr. M. M. SHEIKH, 3rd Addl. Civil Judge & JMFC., Surendranagar.	02-05-2005	12-06-2005	42	
12.	Mr. K. A. ANJARIA, 4th Addl. Civil Judge & JMFC., Surendranagar.	02-05-2005	12-06-2005	42	Transferred to Amreli District.
13.	Mr. K. H. DOHARE, 5th Addl. Civil Judge & JMFC., Surendranagar.	02-05-2005	12-06-2005	38	Transferred to Jamnagar District.
14.	Mr. G. H. DESAI, Principal Civil Judge & JMFC., Surendranagar.	02-05-2005	29-05-2005	28	
15.	Mr. H. P. BHATT, Principal Civil Judge & JMFC., Limbdi.	02-05-2005 30-05-2005	08-05-2005 12-06-2005	21	
16.	Mr. B. J. GANATRA, Principal Civil Judge & JMFC., Muli-Sayla.	02-05-2005	29-05-2005	28	
17.	Mr. H. A. SHAH, Principal Civil Judge & JMFC., Chotila.	04-05-2005 19-05-2005 28-05-2005	14-05-2005 22-05-2005 12-06-2005	31	
18.	Mr. K. B. MEHTA, Principal Senior Civil Judge & Addl. C.J.M., Dhrangadhra.			0	
19.	Mr. N. P. MEHTA, Addl. Senior Civil Judge & J.M.F.C., Dhrangadhra.	02-05-2005 02-06-2005	24-05-2005 12-06-2005	34	
20.	Mr. R. R. ZIMBA, Addl. Civil Judge & J.M.F.C., Dhrangadhra.	02-05-2005 23-05-2005	07-05-2005 12-06-2005	27	
21.	Mr. Y. G. MANSURI, Principal Civil Judge & J.M.F.C., Patdi.	02-05-2005	29-05-2005	28	

Surendranagar, 14th September, 2005.

K. M. BHUT,

Principal District Judge,
Surendranagar.

INDEX

Read : *1. This Office Notification No. U-HC/Adm./H. 6/5809/2004, Dated : 09-12-2004.*

2. H. C. Noti. No. C. 2101/2005, Dated : 05-09-2005.

NOTIFICATION

No. U-HC./Adm./H. 6/4943/2005.-In partial modification of this office Notification dated : 09-12-2004, referred to above, the undersigned is pleased to declare THURSDAY, SEPTEMBER 08, 2005, as a **Public Holiday** on account of "SAMVATSARI (Chaturthipaksha)" instead of 07th September, 2005.

Accordingly the Courts and Offices in Surendranagar District shall remain close on 08th SEPTEMBER, 2005, instead of 07th SEPTEMBER, 2005.

Surendranagar, 5th September, 2005.

K. M. BHUT,
Principal District Judge,
Surendranagar.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

મુબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : ડીએમ/ડીસીએચ/૭૯/૨૦૦૫:- જામનગર તાલુકાના ખાવડી ગામ પાસે આવેલ રીલાયન્સ ઈન્ડ. લી.ના મજુરોના આવાસના પ્રશ્ને ઉભી થયેલ તંગદીલીના સંદર્ભે જામનગર તાલુકામાં અને રીલાયન્સ ઈન્ડ.ના વિસ્તારમાં જાહેર વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનિય બનાવ બનવા પામે નહી અને લોકોના જાનમાલની સલામતી જળવાઈ રહે તે માટે તાકીદની પરિસ્થિતિને લક્ષમાં લઈ પોલીસ અધિક્ષકશ્રી, જામનગર તરફથી ચાર કરતા વધુ લોકોને એકઠા થવા ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત મળેલ છે. સદરહુ દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

જેથી હું, એન. પી. પટેલ, જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર, જિલ્લો જામનગર, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલ સતાની રૂએ ફરમાવુ છુ કે જામનગર તાલુકાના/લાલપુર તાલુકાના નીચેના વિસ્તારમાં તા. ૭-૯-૨૦૦૫ના ૨૨.૦૦ કલાકથી ૧૩-૯-૨૦૦૫ના સવારના ૧૦.૦૦ કલાક સુધી ચાર કરતા વધુ વ્યક્તિઓની મંડળી કોઈએ ભરવી નહી કે સરઘસ કાઢવુ નહી કે એકઠા થવુ નહી.

વિસ્તાર

મોટી ખાવડી, નાની ખાવડી, સિક્કા, મેઘપર, પડાણા ગામનો વિસ્તાર

આ જાહેરનામું નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં

(૧) ફરજ પરના અધિકારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામરક્ષક દળના સભ્યોને.

(૨) લગ્નના વરઘોડાને.

(૩) સ્મશાન યાત્રાને.

(૪) સક્ષમ અધિકારીઓ દવારા બોલાવાયેલ બેઠકમાં ઉપસ્થિત રહેનાર અધિકૃત વ્યક્તિઓને.

(૫) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારશ્રીએ અથવા અત્રેથી અધિકૃત કરેલ અધિકારીશ્રીએ પરવાનગી આપેલ હોય તે વ્યક્તિને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૮૮ મુજબ સજા થેશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ થાય તે રીતે પોલીસ અધિક્ષકશ્રીએ તેની બહોળી પ્રસિધ્ધી કરવાની રહેશે.

આજ તા. ૭ માહે સપ્ટેમ્બર-૨૦૦૫ના રોજ મારી સહી તાથા કચેરીની મહોર લગાવી બહાર પાડયુ.

જામનગર, ૭ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૫.

એન. પી. પટેલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

જાહેરનામું

ક્રમાંક: મજસ-૩-વ-મો. વ્હીકલ-૯/૨૦૦૫ :- મોટર વ્હીકલ એકટ-૧૯૩૯ની કલમ-૧૭ની પેટા કલમ-૨ અન્વયે ગુજરાત રાજયનાં ગૃહ વિભાગનાં જાહેરનામાં ક્રમાંક: જી. જી. ૮૦-૭૬-એમ.વી.આર-૧૦૦૬-૧૦૩૪-ઈ.ર તારીખ : ૨૯-૪-૮૦થી મને મળેલ અધિકારની રૂએ હું, ધનંજય દ્વિવેદી, આઈ. એ .એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર, આ જાહેરનામાંથી ફરમાવું છું કે, ચોટીલા તાલુકાના તરણેતર ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ લોકમેળો યોજાનાર છે. તેના કારણે મોટા પ્રમાણમાં જનમેદની એકઠી થાય છે. જેથી થાનગઢ, તરણેતર રોડ ઉપર વાહનોની અવર-જવર મોટા પ્રમાણમાં થતી હોઈ તા. ૦૫-૦૯-૨૦૦૫ થી તા. ૦૯-૦૯-૨૦૦૫, દિવસ-૫ (પાંચ) દરમ્યાન નીચેના રૂટ ઉપર મોટા વાહનોની ઝડપ કલાકના ૨૫ કિ. મી. થી વધુ રાખવી નહી, તેમજ નાના વાહોની ઝડપ ૨૦ કિ. મી. થી વધુ રાખવી નહી, તેવું આથી ફરમાવું છું.

(૧) ચોટીલાથી તરણેતર સુધી.

(૨) મુળીથી થાનગઢ સુધી.

(૩) સરાથી તરણેતર સુધી.

આ જાહેરનામું ફરજ ઉપરના પોલીસ, હોમગાર્ડઝ તથા સરકારી અમલદારોને લાગુ પડશે નહી.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પિકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૦૨, માહે સપ્ટેમ્બર, સને : ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, માહે સપ્ટેમ્બર સને ૨૦૦૫.

ધનંજય દ્વિવેદી,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જુનાગઢ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૭ (૩) અન્વયે

જાહેરનામું

નાં. એમએજી/સી/૪૫૬૩૦/૦૫.-હાલમાં ચાલતા દબાણ હટાવ ઝુંબેશ, ગીરનાર પર્વત પર ગુરૂ દતાત્રેયની જગ્યા તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ જૈન ધર્મનાં લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય દ્વીચક્રી વાહનો ચાલકને હેલ્મેટ પહેરવાની સુચનાનો વિરોધ પ્રદર્શિત થતો હોય, પર્યુષણનો તહેવાર હોય, વેરાવળ પ્રભાસ પાટણ ખાતે કોમી તનાવનાં બનતા બનાવો વિ. ને કારણે રાજકીય બીન રાજકીય પક્ષો દ્વારા સભાઓ, સરઘસો વિગેરે જુદા જુદા કાર્યક્રમો થવા સંભાવના હોય જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં તારીખ: ૦૬-૯-૨૦૦૫નાં પત્રથી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢ તરફથી રજુ થયેલ ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂઈએ હું એ. સી. રાઠોડ અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જીલ્લો, જુનાગઢ આથી જુનાગઢ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૬-૯-૨૦૦૫નાં રોજથી તા. ૨૩-૯-૨૦૦૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરુછું કે, આ હુકમ નીચેનાંને લાગુ પડશેમ નહી.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીએ.

૨. સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યક્તિને.

૩. કોઈ લગ્નના વરઘોડાને.

૪. સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યક્તિઓને

૫. સક્ષમ અધિકારીશ્રીઓની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનુ પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮, મુજબનો ગુનો સાબીત થયેથી, જે તે વ્યક્તિને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણના માનવજીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાયતો તેવી વ્યક્તિને-૬- (છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહીત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૯મી સપ્ટેમ્બર સને ૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૯ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૫.

એ. સી. રાઠોડ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ.

સને-૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ-આંક-૨૨ની કલમ-૪૩/૧ અન્વયે

જાહેરનામું

નં. મેજી/જનમાષ્ટમી મેળો/૮/૨૦૦૫.-પોરબંદર નગરપાલિકા તરફથી પોરબંદર ખાતે આવેલ ચોપાટી ગ્રાઉન્ડનાં મેદાનમાં જન્માષ્ટમીનાં તહેવાર સબબ દર વર્ષે મેળો યોજવામાં આવે છે, તે મુજબ ચાલુ વર્ષે પણ આ મેળો યોજવાનો હોવાથી મોટી સંખ્યામાં લોકોની અવર જવર રહે છે, તેથી આ સમય દરમ્યાન લોકોના જાહેર આરોગ્યને નુકશાન ન થાય અને ચેપીરોગોનો ઉપદ્રવ થવા ન પામે તે માટે સાવચેતીના પગલાં લેવાનું ઈષ્ટ જણાતાં હું આઈ. આર. મનસુરી, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો પોરબંદર, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ આંક-૨૨ની કલમ ૪૩/૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ તા. ૨૬-૮-૨૦૦૫ થી તા. ૩૦-૮-૨૦૦૫ સુધી દિન-૫

બંને દિવસો સહિત સુધીની મુદત માટે પોરબંદર નગરપાલિકા વિસ્તારમાં તેમજ તેની આજુબાજુ આઠ કી. મી.નાં વિસ્તારમાં નીચે પ્રમાણે મનાઈ ફરમાવવામાં આવે છે.

૧. પીવાના પાણી પરત્વે માણસોને પીવાનું પાણી ઉપયોગમાં ન આવે તેવા કોઈ કૃત્યો કરવા નહી.

૨. જાહેર આરોગ્યને નુકશાન થાય તેવી રીતે ખાદ્ય પદાર્થો ખુલ્લા રાખવા નહિ, ખુલ્લા રાખી વેચાણ કરવું નહિ કે કરાવવું નહિં.

૩. જાહેર આરોગ્ય ખાતા/કર્મચારીઓ તરફથી મળતી સૂચના વિરૂધ્ધ ગંદકી કરવી નહિં.

૪. રક્તપિત જેવા ચેપી રોગ વાળા શખ્સને દાખલ થવાને મનાઈ કરવામાં આવે છે.

૫. ક્લોરીનેટેડ પાણી પીવાનો આગ્રહ રાખવો.

૬. જયાં ત્યાં મળ-મુત્ર કરી ગંદકી કરવી નહિં.

ઉપરોક્ત બાબતે દેખરેખ રાખવા યોગ્ય પગલાં લેવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જુનાગઢ તેમજ પોરબંદર તથા તેઓશ્રીએ નિયુકત કરેલા કર્મચારીઓને અધિકાર આપવામાં આવે છે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૯માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૨૬-૮-૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીમાં સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૬ માહે ઓગસ્ટ સને ૨૦૦૫.

આઈ. આર. મનસુરી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭ (૩) હેઠળ

જાહેરનામું

ક્રમાંકઃ- મજસ/૩/સભા સરઘસ બંધી/૦૨-૧૬/૯/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા બરાબર જળવાઈ રહે તે માટે, પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૩૦-૦૮-૨૦૦૫નાં પત્ર નંબર એલઆઈ/જા. પ્ર./૧૦૮૦/૦૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું મને જરૂરી જણાયેલ છે.

વાસ્તે હું, ગિરીશ શાહ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મને મળેલ અધિકારની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭ (૩) હેઠળ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૨-૦૯-૨૦૦૫થી તા. ૧૬-૦૯-૨૦૦૫ સુધી (બન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન સબંધિત એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ કલેકટર કચેરીના મુખ્ય દરવાજા પાસે જમણી બાજુએ ફુટપાથ તરફ દરવાજાથી પાંચ મીટરનું અંતર રાખીને ત્યારબાદની પચાસ મીટર સુધીની ફુટપાથ ઉપરની જગ્યાના વિસ્તારને તેમજ લગ્નના વરઘોડાને કે સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, ભંગ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પિકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૦૧, માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૦૧ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૫.

બોમ્બે પોલીસ એકટ-૧૯૫૧ની કલમ ૩૭ (૧)નું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી/વ/૦૨-૧૬/૯/૨૦૦૫.- આગામી દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા હથિયારબંધી ફરમાવવા પોલીસ અધિકારશ્રી, સુરેન્દ્રનગરના તા. ૩૦-૮-૨૦૦૫ના પત્ર નં. એલ. આઈ. બી./જા. પ્ર./૧૦૭૯/૦૫થી દરખાસ્ત થઈ આવેલ છે, તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લામાં હથિયારબંધી ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું, ગિરીશ શાહ, જી. એ. એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જીલ્લો, સુરેન્દ્રનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨મા ની કલમ-૩૭ (૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં

તા. ૦૨-૦૯-૨૦૦૫થી તા. ૧૬-૦૯-૨૦૦૫ સુધી (બન્ને તારીખો સહીત)ના સમય દરમ્યાન પોલીસ અધિક્ષકશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, લાકડી, અને લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોચાડી શકે તેવા બીજા કોઈ પણ સાધનો સાથે લઈ જવા નહી.

૨. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી.

૩. વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતીઓ અથવા પુતળા દેખાડવા નહી તથા તૈયાર કરવા નહી.

૪. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

૫. જેનાથી સુરુચિનો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવી ચેષ્ઠા કરવી નહી, તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

૬. બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની તેમજ

૭. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવા નહી, અથવા ટોળામાં ફરવું નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈ પણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ પણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) પોલીસ અધિક્ષકશ્રીએ અથવા તેઓએ કે જેને શારિરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

જો કોઈ પણ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ તથા ફોજદારી ધારા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામુ સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પિકર વાહનો ધ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ ૦૧, માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૫.

જાહેરનામું

ક્રમાંક : મસજ/૩/વ/૭૪૫૬/૨૦૦૫.-સુરેન્દ્રનગર શહેરમાં આવેલ પતરાવાળી હોટલ પાસે આવેલ શાકમાર્કેટ પાસેના એસ. ટી. પીકઅપ સ્ટેન્ડ પાસેથી ખાનગી વાહનો જેવા કે જીપ, યુટીલીટી, છકડોરીક્ષા, પ્રાઈવેટ મીનીબસો દ્વારા ઉતારૂઓનું ગેરકાયદેસર રીતે વહન કરવામાં આવતું હોવાની, તેમજ આવા વાહનોના પાર્કીંગના કારણે ટ્રાફીક સમસ્યા ઉભી થતી હોવાની તેમજ અકસ્માત સર્જાવાની શક્યતા હોવાની, અને એસ. ટી. નીગમને આર્થીક નુકશાની થતી હોવાની રજુઆત કરી પતરાવાળી હોટલ પાસે આવેલ શાકમાર્કેટ પાસેના એસ. ટી. પીકઅપ સ્ટેન્ડથી ૧૦૦ (સો) મીટરની ત્રીજ્યાના વિસ્તારને ''નો પાર્કીંગ ઝોન'' જાહેર કરવા જાહેરનામું બહાર પાડવા રજુઆત કરેલ છે.

ડેપો મેનેજરશ્રી, એસ. ટી. સુરેન્દ્રનગર તરફથી થયેલ રજુઆત તેમજ સ્થાનિકે ઉત્તરોત્તર વધતા જતા ટ્રાફીકની પરિસ્થિતિ ધ્યાને લેતા આ બાબતે તાત્કાલીક કાર્યવાહી કરવી જરૂરી જણાય છે, વાસ્તે હું, ગિરીશ શાહ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર સને ૧૯૫૧ની કલમ-૩૩ (૧)ની જોગવાઈ હેઠળ પતરાવાળી હોટલ પાસે આવેલ શાક માર્કેટ પાસેના એસ. ટી. પીકઅપ સ્ટેન્ડથી ૧૦૦ (સો) મીટરની ત્રીજ્યાના વિસ્તારને ''નો પાર્કીંગ ઝોન'' ગણી આ વિસ્તારમાં એસ. ટી. બસ સિવાયના તમામ ખાનગી પેસેન્જર વાહન જેવાકે સ્કુટર, મોટરસાઈકલ, રીક્ષા, છકડોરીક્ષા, જીપ, મેટાડોર, ડીલીવરીવાન, ટેક્ષી, યુટીલીટી, મીનીબસ, ટ્રક જેવા વાહનો માટે પાર્કીંગ કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પિકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર કે તેમ કરવામાં મદદગારી કરનાર ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૨, માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૨ માહે સપ્ટેમ્બર સને ૨૦૦૫.

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (એમ) હેઠળ

હુકમ

ક્રમાંક : મસજ/૩/૧/નર્મદા કેનાલ/૯/૨૦૦૫.-ગુજરાત રાજ્યના રાજકોટ, જામનગર અને કચ્છ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની જરૂરીયાતને અનુલક્ષીને નર્મદા કેનાલ મારફતે સૌરાષ્ટ્ર કેનાલમાંથી પાણી છોડવાનું આયોજન થયેલ છે, આ પાણી ઢાંકી ખાતે (કી. મી. ૬૮) પહોંચે ત્યાંથી પમ્પીંગ કરીને માળીયા કેનાલમાં નાખવામાં આવે છે, માળીયા કેનાલ સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના લીલાપુર, ઈંગરોડી થઈ દસાડા તાલુકાના ગેડીયા, સેડલા, માલવણ, પીપળી તથા ધ્રાંગધ્રા તાલુકાના ધ્રુમઠ, ભરાડા, વસાવડા, મોટી માલવણ, સજ્જનપુર, જેસડા, વિરેન્દ્રગઢ, નરાલી, જસમતપુર તથા હળવદ તાલુકાના રણમલપુર, એંજાર, ધણાદ, માલણીયાદ, ઈશનપુર, નવા અમરાપા, મયાપુર, ઈંગરોળા, ખોડ, અજીતગઢ, માનગઢ, ટીકર, નવા ઘાટીલા થઈ માળીયા તાલુકામાં પ્રવેશે છે, જે ત્યાં થઈને ખીરાઈ સુધી જાય છે, આ અતિમહત્વની માળીયા કેનાલમાં અનધિકૃત રીતે પંપસેટ ગોઠવી પાણી ઉપાડવામાં આવતું અટકાવવા માટે અને પાણી પુરવઠો નિયમીત જળવાઈ રહે તે માટે આ કેનાલ વિસ્તાર પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવા માટે કાર્યપાલકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સુરેન્દ્રનગર તરફથી દરખાસ્ત મળેલ છે.

સબબ ઉપરોક્ત યોજના હેઠળ મેળવવામાં આવતા પીવાના પાણીના જથ્થાનું યોગ્ય વિતરણ થઈ શકે તેમજ પાણીની ચોરી અથવા બગાડ થતો અટકાવી શકાય, તેમજ પીવાના પાણીની વ્યવસ્થામાં ભાંગફોડ ઉભી કરી પાણીની વિતરણ વ્યવસ્થા ઉપર વિપરીત અસર પહોંચે તેવા કૃત્યો અટકાવવા અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે નીચે મુજબનો હુકમ બહાર પાડવો અમોને જરૂરી જણાય છે.

આથી હું, ગિરીશ શાહ, (જી. એ. એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મને મળેલ મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (એમ)થી મળેલ સત્તાની રૂએ સુરેન્દ્રનગર જિલ્લાના નીચે જણાવેલ વિસ્તારને તા. ૦૨/૦૯/૨૦૦૫ થી તા. ૦૧/૧૨/૨૦૦૫ સુધી પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવાનો હુકમ કરૂં છું.

પ્રતિબંધિત વિસ્તાર :

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના લીલાપુર, ઈંગરોડી, થઈ દસાડા તાલુકના ગેડીયા, સેડલા, માલવણ, પીપળી તથા ધ્રાંગધ્રા તાલુકાના ધ્રુમઠ, ભરાડા, વસાવડા, મોટી માલવણ, સજ્જનપુર, જેસડા, વિરેન્દ્રગઢ, નરાલી, જશમતપુર તથા હળવદ તાલુકાના રણમલપુર, એંજાર, ધણાદ, માલણીયાદ, ઈશનપુર, નવા અમરાપા, મયાપુર, ઈંગરોળા, ખોડ, અજીતગઢ, માનગઢ, ટીકર, નવાઘાડીલાને આવરી લેતો માળીયા કેનાલનો વિસ્તાર.

આ હુકમ અન્વયે ઉક્ત પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ અનઅધિકૃત વ્યક્તિ/ઈસમ પ્રવેશ કરી શકશે નહી તેમજ પાણી વિતરણની વ્યવસ્થા ખોરવાઈ જાય તેવું કૃત્ય કરી શકશે નહી.

ઉપરોક્ત યોજનામાંથી જે શહેરો ગામોને પીવાના પાણીની તકલીફને કારણે ટેન્કર અગર અન્ય સાધનો દ્વારા પાણી પહોંચાડવા માટે સક્ષમ અધિકારી તરફથી મંજુરી આપવામાં આવેલ હોય તેવા વાહનો તેમજ સરકારી સેવામાં રોકાયેલ હોય તેવી વ્યક્તિઓ કે વાહનોને આ હુકમ લાગુ પડશે નહીં.

આ હુકમ ઉપરોક્ત જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ નકલ ચોંટાડીને, પોલીસ લાઉડસ્પિકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કે તેમ કરવામાં મદદગારી કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૦૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

સુરેન્દ્રનગર, ૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

ગિરીશ શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર.

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ

ધી બોમ્બે પોલીસ એકટની કલમ-૧૯૫૧ની કલમ-૮૫ અન્વયે

જાહેરનામું

બીનવારસી કેસ મુદામ કેસ નાં.-૧/૦૫.-આથી સર્વ જાહેર જનતાને જણાવવાનું કે, ધોરાજી પોલીસ ઈન્સ. શ્રી તરફથી જા. નાં. ૩૦૨/૦૫, તારીખ ૨૪-૩-૨૦૦૫ અન્વયે નીચે દર્શાવેલ વિગતનો બિનવારસી મુદામાલ બિન ધણીયાતો હોવાથી યોગ્ય નિકાલ થવા અત્રેની કોર્ટમાં રજૂ થયેલ છે. તો સદરહું મુદામાલ જે કોઈપણ શખ્સ પોતાનો હોવાનો દાવો ધરાવતા હોય, તેમણે આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસની અંદર માલીકીના આધાર-પુરાવા દસ્તાવેજ સાથે આ કોર્ટમાં અરજી કરવી.

સદરહું મુદત દરમ્યાન આ બિનવારસી મુદામાલનાં કોઈ માલીક રજુ નહી થાય તો, સદરહું તમામ મુદામાલ સરકારશ્રીમાં ખાલસા કરવામાં આવશે, જેની દરેકે નોંધ લેવી.

INDEX

મુદામાલની વિગત

અનુ.	માલની વિગત	સંખ્યા	કિંમત
૧.	ક્રિમ કલરની સાલ	૭ (સાત)	રૂા ૧૧૦/- રૂા. એકસો દશ પુરા
૨.	કાળો ધાબળો		
૩.	કોફી કલરનો ધાબળો		
૪.	ડીઝાઈનવાળો કલાલીગનો ધાબળો		
૫.	લાલ કરનું પંચીયું		
૬.	જુનો ધાબળો		
૭.	એક જુના જેવી ચાદર		

ધોરાજી, ૫મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

ધી બોમ્બે પોલીસ એકટની કલમ-૧૯૫૧ની કલમ-૮૫ અન્વયે

જાહેરનામું

બીનવારસી કેસ મુદામ કેસ નાં.-૨/૦૫.-આથી સર્વ જાહેર જનતાને જણાવવાનું કે, ધોરાજી પોલીસ ઈન્સ. શ્રી તરફથી જા. નાં. ૩૯૪૩/૦૪, તારીખ ૨૫-૭-૨૦૦૫ અન્વયે નીચે દર્શાવેલ વિગતનો બિનવારસી મુદામાલ બિન ધણીયાતો હોવાથી યોગ્ય નિકાલ થવા અત્રેની કોર્ટમાં રજૂ થયેલ છે. તો સદરહું મુદામાલ જે કોઈપણ શખ્સ પોતાનો હોવાનો દાવો ધરાવતા હોય, તેમણે આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસની અંદર માલીકીના આધાર-પુરાવા દસ્તાવેજ સાથે આ કોર્ટમાં અરજી કરવી.

સદરહું મુદત દરમ્યાન આ બિનવારસી મુદામાલનાં કોઈ માલીક રજુ નહી થાય તો, સદરહું તમામ મુદામાલ સરકારશ્રીમાં ખાલસા કરવામાં આવશે, જેની દરેકે નોંધ લેવી.

મુદામાલની વિગત

અનુ.	માલની વિગત	સંખ્યા	કિંમત
૧.	એક જુના જેવું કાળા કલરનું લ્યુના જેના પાછળના ભાગે નંબર પ્લેટમાં નાં. જી.જે.૩. એમ. ૭૮૯૪ લખેલ છે. તે જેના ચેસીસ નાં. એલ.૦૭૯૭૦૬૯ છે તે	૧ (એક)	રૂા. ૧૫૦૦/- રૂા. પંદરસો પુરા

ધોરાજી, ૫મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

ધી બોમ્બે પોલીસ એકટની કલમ-૧૯૫૧ની કલમ-૮૫ અન્વયે

જાહેરનામું

બીનવારસી કેસ મુદામ કેસ નાં.-૧/૦૪.-આથી સર્વ જાહેર જનતાને જણાવવાનું કે, ધોરાજી પોલીસ ઈન્સ. શ્રી તરફથી જા. નાં. ૫૯૭૭/૦૪, તારીખ ૧૭-૧૦-૨૦૦૪ અન્વયે નીચે દર્શાવેલ વિગતનો બિનવારસી મુદામાલ બિન ધણીયાતો હોવાથી યોગ્ય નિકાલ થવા અત્રેની કોર્ટમાં રજૂ થયેલ છે. તો સદરહું મુદામાલ જે કોઈપણ શખ્સ પોતાનો હોવાનો દાવો ધરાવતા હોય, તેમણે આ જાહેરનામાની તારીખથી ૬ (છ) માસની અંદર માલીકીના આધાર-પુરાવા દસ્તાવેજ સાથે આ કોર્ટમાં અરજી કરવી.

સદરહું મુદત દરમ્યાન આ બિનવારસી મુદામાલનાં કોઈ માલીક રજુ નહી થાય તો, સદરહું તમામ મુદામાલ સરકારશ્રીમાં ખાલસા કરવામાં આવશે, જેની દરેકે નોંધ લેવી.

મુદામાલની વિગત

અનુ.	માલની વિગત	સંખ્યા	કિંમત
૧.	બજાજ સ્કુટર નાં. જીજે.૩ કયુ. ૨૦૮૭નું	૧ (એક)	રૂા. ૮૦૦૦/- રૂા.આઠ હજાર પુરા

ધોરાજી, ૫મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ધોરાજી.

પોલીસ કમિશ્નરશ્રી રાજકોટ દ્વારા

જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જાહેરનામુ/૨૫૨૧/૨૦૦૫.-રાજકોટ શહેરમાં આવેલ રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ એ શહેરની વચ્ચોવચ્ચ મધ્યભાગે આવેલ ફોર ટ્રેક રોડ છે. આ રોડ વહેલી સવારના હજારોની સંખ્યામાં રાજકોટ શહેરના તમામ વર્ગના નાગરીકો ચાલવા (મોર્નીંગ વોક) માટે સવારના લગભગ કલાક ૫-૩૦ થી કલાક ૭-૩૦ વાગ્યાના સમયે નીકળે છે. સામાન્ય રીતે જોવામાં આવે તો આવી રીતે સવારના મોર્નીંગ વોક માટે ચાલનારાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. જે સંજોગે આ પ્રકારે પગે ચાલનાર નાગરીકો સાથે વાહન ચાલકો દ્વારા અકસ્માત થવાની પુરેપુરી શકયતાઓ રહેલી છે. વધુમાં જે નાગરીકો સવારના મોર્નીંગ વોક માટે નીકળે છે. તે વર્ગ શારિરીક કસરત અને માનસીક શાંતિ મેળવવા માટે સવારના ભાગે ચાલવા નીકળતા હોય છે જે સંજોગોમાં તે જ રોડ પર વાહન વ્યવહાર ટ્રાફીક ચાલુ હોય તો સ્વાભાવિક રીતે તેઓ નિશ્ચિતપણે સલામત રીતે ચાલી શકતા નથી. તેમજ આ રીંગ રોડ ઉપર વાહનોના ધુમાડા

દ્વારા ફેલાતાં પ્રદુષણનો ભોગ બનતા હોય છે. જેના કારણે આ નાગરીકો તરફથી આ બાબતે અકસ્માતની સંભાવનાઓ ઘટે તેમજ પ્રદુષણમાં પણ ઘટાડો થાય તે માટે યોગ્ય પગલા ભરવા અવારનવાર રજુઆત કરવામાં આવે છે.

૨. રાજકોટ શહેરમાં રેસકોર્ષ ફરતે સવારના ભાગે પગે ચાલી મોર્નીંગ વોક માટે નીકળતા નાગરીકો સલામતી અનુભવે અને પ્રદુષણનો ભોગ ન બને તે માટે રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ તમામ પ્રકારના વાહનો માટે એકમાર્ગીય (વન-વે) જાહેર કરવાની આવશ્યકતા જણાય છે.

૩. આથી હું કે. નિત્યાનંદમ પોલીસ કમિશનર, રાજકોટ શહેર, રાજકોટ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) બી અને સી થી મને મળેલ સત્તાની રૂઇએ નીચે જણાવેલ રસ્તાઓને તેમાં જણાવેલ વિગતે તમામ પ્રકારના વાહનો માટે તા. ૧૧-૯-૦૫ થી તા. ૧૦-૧૦-૦૫ સુધી પ્રાયોગિક ધોરણે એક માર્ગીય (વન-વે) કરવા હુકમ કરૂ છું. આ હુકમ સવારના કલાક ૫-૩૦ થી કલાક ૭-૧૫ સુધી તમામ પ્રકારના વાહનો માટે લાગુ પડશે.

રેસકોર્ષ રીંગ રોડ :

રેસકોર્ષ રીંગ રોડને એકમાર્ગીય (વન-વે) કરવામાં આવે છે. જે મુજબ રેસકોર્ષ રીંગ રોડ રોડનો ફક્ત બહારના ભાગે આવેલ રોડ એક તરફી 'ક્લોકવાઇઝ' જાહેર કરવામાં આવે છે. એટલે કે જીલ્લા પંચાયત ચોકથી એ. જી. ઓફીસ, કીસાનપરા સર્કલ, મેયરશ્રીનો બંગલો, બીગબાઇટ આઇસ્ક્રીમ, જુની એન. સી. સી. ઓફીસ, પોલીસ હેડ ક્વાટર સર્કલ, બહુમાળી ભવન, ગેલેક્સી સિનેમાથી પોલીસ કમિશ્નર કચેરી થઇ જીલ્લા પંચાયત ચોકમાં થઇ તે રીતે તમામ પ્રકારના વાહનો માટે એક તરફી રસ્તો ચાલુ રહેશે.

આ ફોર ટ્રેક રીંગ રોડનો અંદરનો જે રસ્તો છે તે રોડ ઉપર સવારના કલાક ૫-૩૦ થી કલાક ૭-૧૫ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ રહે છે. અને ફક્ત પગે ચાલી મોર્નીંગ વોક કરવા માટે નીકળેલ નાગરીકો માટે જ આ રસ્તો ચાલુ રહેશે.

૪. અત્રેના જાહેરનામા ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ ટ્રાફીક/જાના/૨૦૦૫ તા. ૧૧-૭-૦૫ અન્વયે એક માસ માટે પ્રાયોગિક ધોરણે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે અન્વયે જાહેરનામાને રાજકોટ શહેરના નાગરીકો તરફથી સારો પ્રતિસાદ મળેલ હોય જેથી તે જાહેરનામું વધુ લંબાવવાની જરૂરીયાત જણાતા પ્રાયોગિક ધોરણે એક માસ માટે વધુ લંબાવેલ છે.

૫. આ જાહેરનામું ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રિગેડના વાહનોને આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહીં.

૬. આ હુકમના ભંગ બદલ મુંબઇ પોલીસ અધિનિયમો ૧૯૫૧ની કલમ-૧૩૧ અને આઇ. પી. સી. કલમ-૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે.

આજ રોજ તારીખ ૯-૯-૦૫ના રોજ મારી સહી સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ધોરાજી, ૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. અત્રેના ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જાહેરનામુ/ ૪૩૫૬/૨૦૦૨/તા. ૨૫-૧૧-૨૦૦૨.

૨. કેવડાવાડી માર્કેટ વેપારી એસોશીએશન રાજકોટની રજુઆત.

૩. પો. ઇન્સ. શ્રી ટ્રાફીકના જા. નં. ૭૭૩/૦૫ તા. ૧૦-૬-૦૫.

જાહેરનામુ

ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/વન-વે/મુક્તિ/જાહેરનામુ/ ઓટોરીક્ષા/૨૫૫૯/૦૫.-રાજકોટ શહેરની વસ્તી, વાહનોની વિગત, શહેરી વિસ્તારનાં રસ્તા, વાણિજય સંકુલ, દુકાનો, રહેણાંક, ગ્રાહકોની અવર જવર વિગેરે બાબતોને લક્ષ્યમાં રાખી અત્રેના વંચાણ-૧ વાળા જાહેરનામાથી લક્ષ્મીવાડી મેઇનરોડ, તથા કેવડાવાડી મેઇનરોડ પરથી થ્રી વ્હીલર ઓટોરીક્ષાને પણ એક માર્ગીય રસ્તેથી જવાનું જાહેરનામુ અમલમાં છે. તે અંગે જે તે વિસ્તારના વેપારી મહામંડળ દવારા ગ્રાહકોને પડતી મુશ્કેલી બાબતે રજુઆત કરી થ્રી વ્હીલર ઓટોરીક્ષાને એક માર્ગીય રસ્તામાંથી મુકિત આપવા રજુઆત કરતા અને રજુઆત બાબતેની વિગત તપાસના અંતે વંચાણ-૧ના જાહેરનામામાં આંશિક સુધારો કરવાનું જરૂરી જણાય છે. આથી હું કે. નિત્યાનંદમ પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧થી મળેલ સત્તાની રૂઇએ ઓટોરીક્ષા (થ્રી વ્હીલર) ને કેવડાવાડી, લક્ષ્મીવાડી મેઇનરોડ પર જવા આવવા અંગે મુક્તિ આપવામાં આવે છે. અને વંચાણ-૧ના જાહેરનામાના એ-(૬) તથા (૮) હેઠળનાં વિસ્તારમાંથી ઓટોરીક્ષાને એક માર્ગીયમાંથી મુક્તિ રહેશે.

આજ રોજ તા. ૧૫-૯-૦૫ના દિવસે મારી સહી તથા સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ. ૧૫ માહે સપ્ટેમ્બર, ૨૦૦૫.

કે. નિત્યાનંદમ,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર,
રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ-૨૪-૯૧-ડીડીસી-૧૧૬૮-૫૨૦૪/જે.

૨. આ કચેરીના ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/૧૩૦૭/૧૦/૦૫. તા. ૩૦-૭-૦૫.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૫૩૯૬/૧૫૯૩/૧૬૦૨/૦૫.-આથી હું એસ. એન. જોષી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારીની રૂએ શ્રી આદર્શ મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી., મુ. શેઠવડાળા, તાલુકો, જામજોધપુર, જિ. જામનગર જે નોંધણી નંબર ૩૦૭૬, તારીખ ૧-૧૦-૨૦૦૧ થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની પેટા કલમ-૧ (અ) (ક) (૨) (૪) તથા પેટા કલમ-૩ અન્વયે ફડચામાં લઈ જતાં વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂં છું.

સદરહુ અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફ-૧ કચેરીમાં, ની નિમણુંક છે. તે ફડચાની કાર્યવાહી નિયત સમય મર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ-૨૪-૯૧-ડીડીસી-૧૧૬૮-૫૨૦૪/જે.

૨. આ કચેરીના ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/૧૩૦૩૧૬/૦૫ તા. ૩૦-૭-૦૫.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૫૩૯૭/૧૫૬૯/૭૮/૦૫.-આથી હું એસ. એન. જોષી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારીની રૂએ શ્રી એકલવ્ય ભીલ આદિવાસી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. તાલુકો જિ. જામનગર જે નોંધણી નંબર ૧૫૦૫૫, તા. ૨૦-૧૧-૧૯૯૯ થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની પેટા કલમ-૧ (અ) (ક) (૨) (૪) તથા પેટા કલમ-૩ અન્વયે ફડચામાં લઈ જતાં વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂં છું.

સદરહુ અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફ-૧ કચેરીમાં, ની નિમણુંક છે. તે ફડચાની કાર્યવાહી નિયત સમય મર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

એસ. એન. જોષી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

વંચાણે લીધા :

૧. ગુજરાત રાજ્યના સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨. ગુજરાત સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક : જી.એન.કે.એમ/૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩/કે તા. ૩૦-૫-૨૦૦૧.

૩. સબ ઓડીટર સહકારી મંડળીઓ મુ. પોરબંદર તા. પોરબંદર નો અહેવાલ.

૪. અત્રેની કચેરીનો વચગાળાનો ફડચા આદેશ નં. ઉખસ/ફડચ/ચ/૫૩૮/૦૫ તા. ૧૬-૮-૦૫.

અંતિમ આદેશ

ક્રમાંક : ઉખસ/ફડચ/ચ/૧૭૫૩/૫૭૨/૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર મને મળેલ અધિકારની રૂએ શ્રી કૃષ્ણ સહકારી પિયત ખેતી સહકારી મંડળી લી., મુ. તા. જિ. પોરબંદર, કે જેનો નોંધણી નંબર : ૩૬૮૧ તા. ૧૫-૫-૧૯૯૯ નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૦૭ (૧) ગ-૨ અન્વયેથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરમાં આવેલ જે અન્વયે ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે અને આ ફડચા અધિકારી તરીકે શ્રી વી. એમ. પરમારની નિમણુંક કાયમી કરી ફડચા કામગીરી નિયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે. અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઈ ચાર્જશીટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફી નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

પોરબંદર, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત રાજ્યના સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨. સરકારશ્રીના કૃષિ સહકાર વિભાગ સચિવાલય-ગાંધીનગરના તા. ૩૦-૩-૧૯૯૧નો જાહેરનામાં ક્રમાંક : ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જ.

૩. શ્રી વી. એમ. પરમાર, સહકારી અધિકારી લગત આ કચેરીનો ખાસ અહેવાલ જા. નં. વહટ/ખ/૧૮૯/૨૦૦૫. તા. ૧૦-૮-૦૫.

૪. અત્રેની કચેરીની કારણદર્શક નોટિસ પત્ર ક્રમાંક : સકક/ફડચ/ખ-૪/૫૫૨/૦૫ તા. ૩૦-૮-૦૫.

વચગાળાનો આદેશ

ક્રમાંક : ઉખસ/ફડચ/ચ/૧૭૬૦/૫૭૩/૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર મને સહકારી મંડળીઓના કાયદાની મળેલ અધિકારની રૂએ શ્રી કામધેનુ મજુર સહકારી મંડળી લી., મુ. તા. જિ. પોરબંદર, કે જેનો નોંધણી નંબર : ૧૨૫૫ તા. ૬-૬-૦૨થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજ્યનાં સને ૧૯૬૧ સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (સી) (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા તથા તે જ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી વી. એમ. પરમાર સહકારી અધિકારી લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :

આ આદેશ સામે મંડળીને વાંધા કે રજુઆત કરવાની હોય તો તે આ આદેશની તારીખથી દિવસ ૧૫ની અંદર અમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખિતમાં રજુઆત કરવાની રહેશે. મુદત દરમિયાન કાંઈ રજુઆત થશે નહિં તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

પોરબંદર, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત રાજ્યના સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨. ગુજરાત સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક : જી.એન.કે.એમ/૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩/કે તા. ૩૦-૫-૨૦૦૧.

૩. તપસણી અધિકારી શ્રી બી. એચ. મશરૂનો તા. ૧૮-૬-૦૫નો અહેવાલ.

૪. અત્રેની કચેરીનો વચગાળાનો ફડચા આદેશ નં. ઉખસ/ફડચ/ચ/૫૪૦/૦૫ તા. ૧૬-૮-૦૫.

અંતિમ આદેશ

ક્રમાંક : ઉખસ/ફડચ/ચ/૧૭૬૮/૫૬૯/૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર મને મળેલ અધિકારની રૂએ શ્રી માંડવા સેવા સહકારી મંડળી લી., મુ. તા. કુતિયાણા, જિ. પોરબંદર, કે જેનો નોંધણી નંબર : ૧૪૧૬ સને ૧૯૫૬-૫૭ નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૦૭ (૧) ગ-૨ અન્વયેથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે અન્વયે ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે અને આ ફડચા અધિકારી તરીકે શ્રી ખાસ અધિકારી વહીવટ અને ફડચો વિભાગ-૫ પોરબંદરની નિમણુંક કાયમ કરી ફડચા કામગીરી નિયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે. અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઈ ચાર્જશીટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફી નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

પોરબંદર, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત રાજ્યના સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨. ગુજરાત સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક : જી.એન.કે.એમ/૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩/કે તા. ૩૦-૫-૨૦૦૧.

૩. તપાસણી અધિકારી શ્રી બી. એચ. મશરૂનો તા. ૧૮-૬-૦૫નો અહેવાલ.

૪. અત્રેની કચેરીનો વચગાળાનો ફડચા આદેશ નં. ઉખસ/ફડચ/ચ/૫૩૯/૦૫ તા. ૧૬-૮-૦૫.

અંતિમ આદેશ

ક્રમાંક : ઉખસ/ફડચ/ચ/૧૭૭૬/૫૭૦/૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર મને મળેલ અધિકારની રૂએ શ્રી બાવળાવદર સેવા સહકારી મંડળી લી., મુ. બાવળાવદર, તા. કુતિયાણા, જિ. પોરબંદર, કે જેનો નોંધણી નંબર : ૮૨૭૦ સને ૧૯૬૫-૬૬ નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૦૭ (૧) ગ-૨ અન્વયેથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે અન્વયે ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે અને આ ફડચા અધિકારી તરીકે શ્રી ખાસ અધિકારી વહીવટ અને ફડચો વિભાગ-૫ પોરબંદરની નિમણુંક કાયમ કરી ફડચા કામગીરી નિયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે. અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઈ ચાર્જશીટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફી નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

પોરબંદર, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત રાજ્યના સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨. ગુજરાત સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક : જી.એન.કે.એમ/૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩/કે તા. ૩૦-૫-૨૦૦૧.

૩. સબ ઓડીટર/ઓડીટર ગ્રેડ-૨/ સહકારી મંડળીઓ મુ. પોરબંદર તા. ૧-૬-૦૫ નો અહેવાલ.

૪. અત્રેની કચેરીનો વચગાળાનો ફડચા આદેશ નં. ફડચ/ચ/૫૩૭/૦૫ તા. ૧૬-૮-૦૫.

અંતિમ આદેશ

ક્રમાંક : ઉખસ/ફડચ/ચ/૧૭૮૪/૫૭૧/૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર મને મળેલ અધિકારની રૂએ શ્રી ધનવંતરી આર્યુવેદિક મેડીશીન પ્રોડક્શન એન્ડ રિસર્ચ સહકારી મંડળી લી., મુ. તા. જિ. પોરબંદર, કે જેનો નોંધણી નંબર : ૨૫૮૬ તા. ૩૦-૫-૯૬ નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૦૭ (૧) ગ-૨ અન્વયેથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે અન્વયે ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે અને આ ફડચા અધિકારી તરીકે શ્રી વી. એમ. પરમાર, સહકારી અધિકારીની નિમણુંક કાયમ કરી ફડચા કામગીરી નિયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે. અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઈ ચાર્જશીટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફી નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

પોરબંદર, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત રાજ્યના સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨. ગુજરાત સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક : જી.એન.કે.એમ/૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩/કે તા. ૩૦-૫-૨૦૦૧.

૩. તપાસણી અધિકારી શ્રી કે. એમ. પુરોહિતનો તા. ૧૯-૬-૦૫નો અહેવાલ.

૪. અત્રેની કચેરીનો વચગાળાનો ફડચા આદેશ નં. ઉખસ/ફડચ/ચ/૫૪૧/૦૫ તા. ૧૬-૮-૦૫.

અંતિમ આદેશ

ક્રમાંક : ઉખસ/ફડચ/ખ-૪/૫૬૮/૧૭૯૨/૦૫.-આથી હું, એમ. કે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર મને મળેલ અધિકારની રૂએ શ્રી જમરા સેવા સહકારી મંડળી લી., મુ. તા. કુતિયાણા, જિ. પોરબંદર, કે જેનો નોંધણી નંબર : ૧૨૩૫ સને ૧૯૫૪-૫૫ નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૦૭ (૧) ગ-૨ અન્વયેથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે અન્વયે ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે અને આ ફડચા અધિકારી તરીકે શ્રી ખાસ અધિકારી વહીવટ અને ફડચો વિભાગ-૫ પોરબંદરની નિમણુંક કાયમ કરી ફડચા કામગીરી નિયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે. અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઈ ચાર્જશીટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફી નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

પોરબંદર, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નધણ/૫/ધ-૧૯૩૧૯/૦૫.-સને ૨૦૦૫-૦૬ આથી જાહેર કરે છે કે શ્રી રામકૃપા ઘર બાંધનારી સ. મં. લી., મર્યાદીત સ્થળ : પોરબંદર તાલુકો : પોરબંદર, જિલ્લો : પોરબંદર સને ૧૯૬૧નો ગુજરાત કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૩ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નધણ/ચ/ધ-૩૧૭૦૮/૦૫.-સને ૨૦૦૫-૦૬ આથી જાહેર કરે છે કે શ્રી કર્મયોગી ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ સ. મં. લી., મર્યાદીત સ્થળ : પોરબંદર તાલુકો : પોરબંદર, જિલ્લો : પોરબંદર સને ૧૯૬૧નો ગુજરાત કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૩ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫

એમ. કે. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

વંચાણે લીધા :

(૧) નામદાર ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬૨૦૦૩/ એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/ તા. ૧૭-૪-૦૪

(૨) મંડળીનો ફડચાનો અંતિમ આદેશ ક્રમાંક ફડચ/ગ-૨-૧૭૭/ ૦૫, ૩૧-૩-૦૫.

(૩) મંડળીના સભાસદોની તા. ૨૮-૪-૦૫ની મંડળીને પુનઃજીવીત કરવા અંગેની અરજી.

(૪) ફડચા અધિકારનો તા. ૧૦-૬-૦૫નો મંડળીને પુન-જીવીત કરવા અંગનો અભિપ્રાય પત્ર

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ તથા નિયમ-૧૦ હેઠળની જોગવાઈઓ.

(૬) અત્રેની કચેરીના ક્રમાંક : ફડચ/ગ-૨/૨૦૦૫ તા. ૨૬-૭-૦૫ થી મંડળીને પુન-જીવીત કરવા અત્રે પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામું.

હુકમ

ક્રમાંક : ફડચ/ધ-૨/૪૦૮/સને ૨૦૦૫.-આથી હું , આર. ડી શાહ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ,રાજકોટ ઉકત વંચાણે ૧ વાળા જાહેરનામાં થી મળેલ અધિકાર અને સત્તાની રૂએ શ્રી સિધ્ધાર્થ ગ્રાહક સહકારી ભંડાર લી. જેતપુર તા. જેતપુર, જિ. રાજકોટને આમુખમાં જણાવેલ વિગતો અને શરતો તથા ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ અને નિયમ-૧૦ જોગવાઈઓને આધીન આથી પુનઃજીવીત કરવાનો હુકમ કરૂં છું.

રાજકોટ, ૩૦ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

આર. ડી. શાહ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, રાજકોટ.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬૨૦૦૩/એન.એસ.બી./૧૨/ ૨૦૦૨/૩૦૧૧/ચ/ તા. ૧૭-૪-૦૪.

(૨) મંડળીનો ફડચાનો અંતિમ આદેશ ક્રમાંક ફડચ/ધ-૨/૩૯૨/ ૧૯૯૮/ તા. ૧૫-૧૦-૧૯૯૮.

(૩) ફડચા અધિકારીશ્રીની તા. ૨૬-૮-૨૦૦૫ની દરખાસ્ત.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૧૩/૨૦૦૫.-આથી હું એમ. જે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ રાજકોટ વંચાણે ૧ વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી મોરબી મધ્યસ્થ ગ્રાહક સહકારી ભંડાર લી. મોરબી, તા. મોરબી, જિ. રાજકોટ, (નોંધણી નંબર-૨૪૧૮, તા. ૨૩-૯-૧૯૭૫)ની ફડચાની કાર્યવાહી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદરહુ મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરૂં છું.

રાજકોટ, ૩૧ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬૨૦૦૩/એન.એસ.બી./૧૨/ ૨૦૦૨/૩૦૧૧/ચ/ તા. ૧૭-૪-૦૪.

(૨) કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક ફડચ/ધ-૨/૧૯૯/ ૨૦૦૩/ તા. ૩૦-૬-૨૦૦૩.

(૩) ફડચા અધિકારીશ્રીની તા. ૨૯-૮-૨૦૦૫ની દરખાસ્ત.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા ૨૦(૧) હેઠળની જોગાવઈઓ.

હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૧૪/૨૦૦૫.-આથી હું એમ. જે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ રાજકોટ વંચાણે ૧ વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકરી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફટચામાં લઈ જવામાં આવેલ શ્રી વિછીયા ઘેટા ઉછેર ઉન ઉત્પાદક સહકારી મંડળી લી., વિછયા, તા. જસદણ જિ. રાજકોટ, (નોંધણી નંબર-૮૮૩૪, તા. ૩૦-૬-૧૯૮૨)ની ફડચાની કાર્યવાહી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદરહુ મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરૂં છું.

રાજકોટ, ૩૧ માહે ઓગષ્ટ, સને ૨૦૦૫.

એમ. જે. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સી એચ/તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક ફડચ/ગ-૨/૬૪૨/૨૦૦૫ તા. ૯-૮-૨૦૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૯૨૯૮/૭૫૯/૨૦૦૫.-શ્રી રામનગર કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મું. હરીપર, તા. ધ્રાંગધ્રા, જિલ્લો : સુરેન્દ્રનગર જે નોંધણી નંબર-૮૪૬૧ તા. ૨૪-૫-૮૪થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ પરંતુ મંડળી તરફથી જણાવેલ સમય મર્યાદામાં કોઈ આધાર પુરાવા સાથે રજુઆત કરેલ ન હોઈ ઉપર્યુકત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સી એચ/તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક ફડચ/ગ-૨/૫૮૯/૨૦૦૫ તા. ૩-૮-૨૦૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૯૨૯૯/૭૭૦/૨૦૦૫.-શ્રી વાંટાવરછ આદર્શ ખે. વિ. સેવા સહકારી મંડળી લી. મુ. વાંટાવરછ, તા. સાયલા, જિલ્લો : સુરેન્દ્રનગર જે નોંધણી નંબર-૧૮૬૧૩, તા. ૭-૩-૯૧થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ પરંતુ મંડળી તરફથી જણાવેલ સમય મર્યાદામાં કોઈ આધાર પુરાવા સાથે રજુઆત કરેલ ન હોઈ ઉપર્યુકત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૧૫૧૧/૨૦૦૫.-આથી જાહેર કરવામાં આવે છે કે શ્રી જીવા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. જીવા., તા. ધ્રાંગધ્રા, જિલ્લો : સુરેન્દ્રનગરને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે. જેનો નોંધણી નંબર સે. દુ. ૩૫૬૭૩, તારીખ : ૧૪-૯-૨૦૦૫ છે.

સુરેન્દ્રનગર, ૨૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૧૫૧૨/૨૦૦૫.-આથી જાહેર કરવામાં આવે છે કે શ્રી માલણીયાદ, દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. માલણીયાદ તા. હળવદ, જિલ્લો : સુરેન્દ્રનગરને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે. જેનો નોંધણી નંબર સે. દુ. ૩૫૬૭૪, તારીખ : ૧૪-૯-૨૦૦૫ છે.

સુરેન્દ્રનગર, ૨૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

એ. કે. ભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 6th OCTOBER, 2005/ASHVINA 14, 1927 [No. 40

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
5. That the Criminal matters arising from the areas comprising Rajula, Jafrabad, Khambha and Dhari Talukas shall be instituted at the Amreli only.

6. During the sitting of Presiding Officer, 2nd Fast Court Amreli at Rajula, the charge of the Court of Presiding Officer, Fast Track Court No. 2, Amreli shall remain with Presiding Officer, 1st Fast Track Court, Amreli.

Amreli, 23rd Septmber, 2005.

D. K. Bhatt,
Principal District Judge,
Amreli.

NOTIFICATION

No. B/354/2005.-It is hereby notified for general infromation of all concerned that :

1. The Link Court of Principal Civil Judge, Dhrol-Jodiya at Jodiya was shifted earlier in the Pre-fabricated structure, Laxmipara, Jodia as old building had collapsed due to earthquake.

2. Now, the newly constructed Civil Court Building is available to accommodate the above Court and possession of the said building has been obtained recently from the concerned Executive Engineer. The newly constructed Court Building at Jodiya has been inaugurated with lotus hands of our worthy Hon'ble the Chief Justice Shri Bhawani Singh, High Court of Gujarat, Ahmedabad. On 16th September, 2005.

3. Under the above circumstances, the undersigned is pleased to notify that the Link Court of Principal Civil Judge, Dhrol-Jodiya at Jodiya will function at the newly constructed Civil Court Building, Near Police Station, Dhrol-Jodia Highway, Jodia, w.e.f. 16th September, 2005.

Jamnagar, 19th September, 2005.

NOTIFICATION

No. B/353/2005.-It is hereby notified for general information of all concerned that :

1. The Court of Additional Civil Judge & J.M.F.C., Lalpur was housing in the old Court Building at Lalpur.

2. Now, the newly constructed Civil Court Building is available to accommodate the above Court and possession of the said building has been obtained recently from the concerned Executive Engineer. The newly constructed Court Building at Lalpur has been inaugurated with lotus hands of our worthy Hon'ble the Chief Justice Shri Bhawani Singh, High Court of Gujarat, Ahmedabad, on 17th September, 2005.

3. Under the above circumstances, the undersigned is pleased to notify that the Link Court of Additional Civil Judge, Lalpur will function at the newly constructed Civil Court Building Near Society Lalpur w.e.f. 17th September, 2005.

Jamnagar, 19th September, 2005.

M. F. Parikh,
Principal District Judge,
Jamnagar.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના મુંબઇ અધિનિયમ ૨૨માંની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/ભુજ-માધાપર/રીંગ રોડ/જાહેરનામું-૩૩(૧) ૦૯/૨૦૦૫, તા. ૨૬-૯-૦૫.- ભુજ શહેરથી આર. ટી. ઓ. કચેરી થઇ મીલેટરી સ્ટેશન પાસેથી માધાપર જતાં રોડ ઉપરથી પસાર થતાં ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવા આર્મી સત્તાવાળા તરફથી દરખાસ્ત કરવામાં આવેલ છે. ભુકંપ પુનઃવસન કામગીરી અંતર્ગત આર. ટી. ઓ. રિલોકેશન સાઇટ બાજુથી ટ્રાફીક માટે રીંગરોડ બનાવવામાં આવેલ છે. જે રીંગ રોડ વાહનોના અવર-જવર માટે ચાલુ કરવામાં આવેલ છે. જેથી ભુજથી માધાપર જતાં તથા આવતા ભારે વાહનો માટે મીલેટરી સ્ટેશન પાસેથી પસાર થવા માટે પ્રવેશબંધી ફરમાવવા અને ટ્રાફીક નિયમન માટે રીંગ રોડ ઉપર ભારે વાહનો ડાયવર્ટ કરી રીંગ રોડના અસરકારક ઉપયોગ માટે વાહન-વ્યવહારનું નિયમન કરવું જરૂરી જણાય છે.

જેથી કાયદો વ્યવસ્થા અને વાહન વ્યવહાર જાળવવાના હેતુસર હું, પ્રદીપ શર્મા, જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના મુંબઇનાં ૨૨ માંની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ, ફરમાવું છું કે, ભુજથી માધાપર જતાં-આવતાં ભારે વાહનો (ટ્રકો અને બસો) આર. ટી. ઓ. કચેરીથી મીલેટરી સ્ટેશન થઇ માધાપર જંકશન સુધીના (હનુમાન મંદિર, શિવમ પાર્ક માધાપર) રસ્તેથી જઇ-આવી શકશે નહી. પરંતુ આ ભારે વાહનો આર. ટી. ઓ. રિલોકેશન સાઇટના રીંગ રોડ ઉપર ડાઇવર્ટ કરી વાહન-વ્યવહાર માટે વાહનો લઇ જવા-લાવવા માટે નક્કી કરૂં છું.

આ હુકમની અંદર ભારેવાહન/બસ શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં જે વ્યાખ્યા આપી છે. તેનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત હુકમ/જાહેરનામામાંથી નીચે જણાવેલ વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

૧. સરકારી/આર્મીના વાહનો તેમજ સરકારી કે આર્મી કામે રોકવામાં આવેલ વાહનો.

૨. પોલીસ અધિક્ષકશ્રી કે તેઓ દ્વારા અધિકૃત કરેલ સક્ષમ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરેલ વાહનો.

આજરોજ તારીખ ૨૬-૯-૨૦૦૫નાં મારી સહી તથા સિક્કો મારી આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

પ્રદીપ શર્મા,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના મુંબઇ અધિનિયમ ૨૨ માંની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

જાહેરનામું

નાં મેજી/પોલ/જાહેરનામું-૩૩(૧)૯/૨૦૦૫, તા. ૧૭-૯-૨૦૦૫.- કચ્છ જિલ્લાનાં ભુજ તાલુકાનાં માધાપર ગામે તા. ૧૯-૯-૨૦૦૫નાં રોજ "નાના યક્ષનો" મેળો યોજાનાર છે. આ મેળા દરમ્યાન લોકો મોટી સંખ્યામાં એકઠા થાય છે. જેના અનુસંધાને કાયદો વ્યવસ્થા અને વાહન વ્યવહાર જાળવવાના હેતુસર આ મેળાના પ્રસંગે ભુજથી માધાપર જતાં વાહનો માટે વાહન વ્યવહારનું નિયમન કરવાનું ઇષ્ટ જણાય છે.

જેથી હું, એચ. એસ. મહેતા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના મુંબઇનાં ૨૨માંની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ, ફરમાવું છું કે, તા. ૧૯-૯-૨૦૦૫ના સવારના કલાક ૦૭-૦૦ વાગ્યાથી કલાક ૨૨-૦૦ સુધી નીચે અનુસુચિમાં જણાવેલ

INDEX

રસ્તાએ સદરહુ તારીખે અને સમયે નીચેની વિગતે વાહન-વ્યવહાર માટે વાહનો લઇ જવા-લાવવા માટે નક્કી કરૂં છું.

આ હુકમની અંદર વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એક્ટમાં જે વ્યાખ્યા આપી છે. તેનો સમાવેશ થાય છે.

અનુસુચિ :

૧. શેખપીર ત્રણ રસ્તા તરફથી આવતા વાહનો માધાપર પોલીસ ચોકીથી (ટુ વ્હીલર) સિવાયના તમામ વાહનો માધાપર બાયપાસ હાઇવે, રીંગરોડથી આર. ટી. ઓ. કચેરી થઇ ભુજ આવી/જઇ શકશે.

૨. માધાપર બાયપાસ હાઇવે, રીંગ રોડ જે આર. ટી. ઓ. કચેરી પાસે નીકળે છે તે રીંગ રોડ ઉપરથી માધાપર ગામમાં જતા રસ્તા ઉપર (ટુ વ્હીલર) સિવાયના વાહનો અવર-જવર કરી શકશે નહી.

૩. માત્ર આ મેળાની ખાસ વધારાની બસો જ્યુબીલી સર્કલ થઇ આર. ટી. ઓ. કચેરી, એમ. ઈ. એસ. થઇ મેળાના ખાસ બસ સ્ટેશન સુધી અવર-જવર કરી શકશે તેમજ ટુ વ્હીલર સિવાયના અન્ય વાહનો અવર-જવર કરી શકશે નહીં.

ઉપરોક્ત જાહેરનામાંથી નીચે જણાવેલ વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

૧. પોલીસ ખાતાનાં તથા અન્ય સરકારી ફરજ પરના વાહનો.

૨. પોલીસ અધિક્ષકશ્રીનાં આદેશ અનુસાર કે, સ્થળ પરના સહાયક અધિક્ષકશ્રી દ્વારા અધિકૃત કરેલા વાહનો.

આજરોજ તારીખ ૧૭-૯-૨૦૦૫નાં મારી સહી તથા સિક્કો મારી આ જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

કચ્છ-ભુજ, ૧૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના મુંબઇ અધિનિયમ-૨૨માંની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું-૩૩(૧)૯/૨૦૦૫, તા. ૨૧-૯-૨૦૦૫.- ડેપ્યુટી ચીફ ઈન્જીનીયર (સી) વેસ્ટર્ન રેલ્વે-અમદાવાદના પત્ર અન્વયે લાકડીયા ગામ પાસે ગાંધીધામ-પાલનપુર મીટર ગેજ રેલ્વે લાઈન ઉપર રેલ્વે પુલ નં. ૨૩૦/એ આવેલ છે. જે રેલ્વે લાઈનનું બ્રોડગેજ અંગેનું કામ હાલમાં ચાલુમાં હોઈ, હવે બ્રીજ નં. ૨૩૦/એ,નું બ્રોડગેજ અંગેનું કામ હાથ ધરવાનું હોઈ, તેમજ આ કામ તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં પુર્ણ થઈ શકે તેમ હોઈ આ બ્રીજ પરથી પસાર થતા વાહનોના અવર-જવરને લીધે કામમાં અડચણ તથા અકસ્માત જેવો બનાવ બનવા સંભવ છે. જેથી રેલ્વે બ્રીજ નં. ૨૩૦/એ ઉપરથી પસાર થતા વાહનોને કાયદો-વ્યવસ્થા અને વાહન-વ્યવહાર જાળવવાના હેતુસર પસાર થતા અટકાવવા જરૂરી જણાય છે.

જેથી હું, એચ.એસ.મહેતા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં મુંબઈનાં ૨૨માંની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, **લાકડીયા ગામ અને નેશનલ હાઈવે-૧૫ ઉપર જવા-આવવા માટે ઉપયોગમાં લેવામાં આવતો રેલ્વેપુલ નં. ૨૩૦/અ વાહન-વ્યવહાર માટે તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીના સમયગાળા માટે બંધ રાખવા ફરમાવું છું** તથા આ રસ્તે પસાર થતો વાહન-વ્યવહાર નીચે અનુસુચિમાં જણાવેલ વૈકલ્પીક રસ્તેથી વાહન વ્યવહાર માટે વાહનો લઈ જવા-લાવવા માટે નક્કી કરું છું.

આ હુકમની અંદર વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એક્ટમાં જે વ્યાખ્યા આપી છે. તેનો સમાવેશ થાય છે.

અનુસુચિ :

૧. **લાકડીયા ગામથી કટારીયા તરફ જતો રસ્તો નેશનલ હાઈવે નં. ૧૫ને મળે છે. તે રસ્તેથી વાહન-વ્યવહાર કરવો.**

ઉપરોક્ત જાહેરનામાથી નીચે જણાવેલ વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

બ્રોડગેજ રેલ્વેની કામગીરી માટે રેલ્વે ખાતા દવારા અધિકૃત કરેલ અથવા રોકવામાં આવેલ વાહનો.

આજ રોજ તારીખ ૨૧-૦૯-૨૦૦૫નાં મારી સહી તથા સિક્કો મારી આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૨૧મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

એચ. એસ. મહેતા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

મુંબઇ પોલીસ અધિનિયમ, આંક-૨૨ની કલમ-૩૩(૧)બી હેઠળ

જાહેરનામું

નાં. એમએજી/સી/૪૭૪૫૩/૦૫.-નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી અને આચાર્યશ્રી, પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢના પત્ર ક્રમાંકઃ સીબી/૨/ટીઆરજી/૩૪૦૨/૨૦૦૫, તા. ૧૬-૯-૦૫થી તેમના ખાતમાં હાલ તાલીમ લઈ રહેલ રીક્રુટ આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલના બેઝીક બેચ નં. ૧૭ વાળાની ફાયરીંગ પ્રેક્ટીસ તા. ૨૯-૯-૦૫ થી ૩૦-૯-૦૫ સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ હસ્તકનાં ફાયરીંગ બટ પર લેવાની હોય, તેનું ધોરણસરનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે રજુ થયેલ છે.

સબબ ઉપરોક્ત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતા હું એ. સી. રાઠોડ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૨૯-૯-૦૫ થી ૩૦-૯-૦૫ સુધી રોજ સવારે ૭-૦૦ કલાકની ૧૮-૦૦ કલાક સુધી ઉક્ત ફાયરીંગ બટના આજુ-બાજુના ૧ કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામું આજ તા. ૧૯, સપ્ટેમ્બર ૦૫ના રોજ મારી સહી તથા કચેરીનાં સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૯મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

સને-૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૭(૩) અન્વયે જાહેરનામું

જાહેરનામું

નં. એમએજી/સી/૪૭૨૧૩/૦૫.-હાલમાં ચાલતા દબાણ હટાવ ઝુંબેશ, ગીરનાર પર્વત પર ગુરૂ દત્તાત્રેયની જગ્યા તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ જૈન ધર્મનાં લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય નવરાત્રીના તહેવાર આવતા હોય, તેમજ રમઝાન માસ શરૂ થતો હોય વીજપુરવઠાની અનિયમિતતાને કારણે આંદોલનાત્મક કાર્યક્રમો થતા હોય વેરાવળ પ્રભાસ પાટણ ખાતે કોમી તનાવનાં બનતા બનાવો વિ.ને કારણે રાજકીય બીન રાજકીય પક્ષો દ્વારા સભાઓ, સરઘસો વિગેરે જુદા જુદા કાર્યક્રમો થવા સંભાવના હોય જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારુ સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં તારીખ ૨૨-૯-૨૦૦૫નાં પત્રથી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢ તરફથી રજુ થયેલ ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂઈએ હું એ. સી. રાઠોડ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૫-૯-૨૦૦૫નાં રોજથી તા. ૮-૧૦-૨૦૦૫ (બન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવુ છું. આદેશ કરુછુ કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીએ.

૨. સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યક્તિને.

૩. સ્મશાનયાત્રા કે જેમાં જોડાનાર વ્યક્તિઓને.

૪. સક્ષમ અધિકારીઓની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને તે ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮, મુજબનો ગુનો સાબીત થયેથી જે તે વ્યક્તિને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણના માનવજીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાયતો તેવી વ્યક્તિને-૬(છ)માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહીત બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર સને-૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૨૨મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

એ. સી. રાઠોડ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને-૧૯૫૧ના મુંબઈ અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા.૩૧૮૨/૨૦૦૫.-ભાવનગર જિલ્લામાં આગામી તા. ૩૦-૯-૨૦૦૫ના રોજ રેંટીયાબારશ, ૨-૧૦-૨૦૦૫ના રોજ ગાંધીજી જન્મદિન, તા. ૩-૧૦-૦૫ સોમવતી અમાસ, ૪-૧૦-૦૫ નવરાત્રી પ્રારંભ, ૧૨-૧૦-૦૫ વિજયા દસમી, ૧૬-૧૦-૦૫ શરદપુનમ તથા ૨૦-૧૦-૦૫ના રોજ સંકટ ચોથ વિગેરે તહેવાર ઉજવનાર હોય ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂં આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતીપૂર્વક જળવાય રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા, વિગેરે જેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેરશાંતી અને સલામતી જાળવવા સારૂં બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું ડી. બી. વોરા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૨-૯-૨૦૦૫ થી તા. ૨૧-૧૦-૨૦૦૫ સુધી (બન્ને દિવસો સુધ્ધાં)

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, ધારીયા, તલવાર, ગુપ્તી, સોટા, બંધુક, છરી, કુહાડી, લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ ભયકારી, ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહીં, એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં, અથવા ટોળામાં ફરવું નહીં.

(છ) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી, તેવા ચિત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ ક-ખ-ગ-ઘ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસુચિ

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

"જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનેથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે."

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોટાડીને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ ૧૯-૯-૨૦૦૫ના રોજ મારી સહી તથા સીક્કો માર્યો.

ભાવનગર, ૧૯મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

ડી. બી. વોરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૮૫(૧) મુજબનું

જાહેરનામું

નાં. વહવ-બીનવારસુ-રજી-૩/૦૫.-આથી સર્વે લોકોને જાણ કરવામાં આવે છે કે પોલીસ ઈન્સ્પેકટરશ્રી કલ્યાણપુરનાં જાવક નં. ૪૪૯/૦૫, તા. ૧૭-૨-૨૦૦૫થી નીચે જણાવેલ મુદ્દામાલ બીનવારસુ હોઈ અને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૮૩(૧) અન્વયે નિકાલ થવા આ કોર્ટને દરખાસ્ત આવેલ છે. સબબ સદરહું અધિનિયમની કલમ-૮૫(૧) અન્વયે જાહેર કરવામાં આવે છે કે નીચે જણાવેલ મુદ્દામાલ મિલ્કતોનો જે કોઈ શખ્સ તેના માલિક હોવાનો દાવો ધરાવતો હોય તો તેણે આ જાહેરનામાની તારીખથી છ માસની અંદર આ કચેરીએ રૂબરૂ હાજર થવું. સદરહું મુદત દરમ્યાન જો કોઈપણ માલીક હાજર થશે નહિ તો સદરહુ અધિનિયમની કલમ-૮૭ અન્વયે મુદ્દામાલનો નિકાલ કરવામાં આવશે જેની સર્વે લોકોએ નોંધ લેવી.

અનું. નં.	મુદ્દામાલની વિગત	મુ. પા. નં. તારીખ	સ્ટે. ડાયરી એન્ટ્રી નં. તારીખ	અંદાજી રકમ
૧.	યામાહા કંપનીનું મોટર સાયકલ નં. GJ-૧૪-C-૯૫૫૯ મેટાલીક મરૂન કલર ચેસીસ નં. ૬૬૯૩૬ એન્જીન નં. 1-L ૫૨૬૬૯૩૬ બંધ હાલતમાં છે.	૨૦/૦૪ ૧૭-૧૨-૦૪	૫૬/૦૪ ૧૭-૧૨-૦૪	૭૦૦૦-૦૦

કલ્યાણપુર, ૨૨મી માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

(સહી) અવાચ્ય,
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
કલ્યાણપુર.

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધાં :

(૧) અત્રેની કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ઝ/૧૨૩ થી ૧૫૦/૦૪ તા. ૩૧-૩-૦૪.

(૨) ગુ. સં. મં. અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૮(૪)

સુધારા હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ઝ/૨૨૮/૨૦૦૫.-ઉક્ત વંચાણ ક્રમ-૧ વાળા આદેશથી શ્રી બન્ની વિસ્તાર જંગલ કામદાર સહકારી મંડળી લી. મુ. એરંડાવાલી (ફ) તા. ભુજ-કચ્છને કાયમી ફડચામાં લઇ જવામાં આવેલ અને તેના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો)ની નિમણુંક કરવામાં આવેલ જે વંચાણે ક્રમ-૨ અન્વયે આથી સુધારો કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (બજાર)ની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ આ મંડળીની ફડચાની કામગીરી કાયદા કાનુનની જોગવાઇ અન્વયે નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

કચ્છ-ભુજ, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) અત્રેની કચેરીના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ઝ/૨૮૩/૦૩ તા. ૧૪-૮-૦૩.

(૨) ગુ. સં. મં. અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૮(૪)

(૩) બ્રાંચ મેનેજર ક. જિ. મ. સહ. બેંક લી. મુ. ગાંધીધામનો તા. ૯-૮-૦૫ વાળો પત્ર.

સુધારા હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ઝ/૨૩૪/૨૦૦૫.-ઉક્ત વંચાણ ક્રમ-૧ વાળા આદેશથી શ્રી નવજવાન કો. ઓ. હા. સોસા. લી. મુ. ગાંધીધામ-કચ્છને કાયમી ફડચામાં લઇ જવામાં આવેલ અને તેના ફડચા અધિકારી તરીકે બ્રાંચ મેનેજરશ્રી ક. જિ. સહ. બેંક ગાંધીધામ-કચ્છની નિમણુંક કરવામાં આવેલ જે વંચાણે ક્રમ-૨ અન્વયે આથી સુધારો કરવામાં આવે છે. અને મંડળીના ફડચા અધિકારી તરીકે મ. સ. સ. અ. નં.-૨ની નિમણુંક કરવામાં આવે છે. તેઓએ આ મંડળીની ફડચાની કામગીરી કાયદા કાનુનની જોગવાઇ અન્વયે નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

કચ્છ-ભુજ, ૨૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઇઓ.

(૨) ખેતિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જી. એચ. કે./એચ. ડી. ડી. સી./૧૧૮૮/૫૨૦૪-જે તા. ૩૦-૩-૯૧ થી પ્રાપ્ત થતી સત્તાઓ.

(૩) શ્રી સાગરસંગમ મત્સ્યોધ્યોગ સે. સ. મ. લિ. નો તા. ૧૯-૯-૨૦૦૫નો પત્ર.

હુકમ

ક્રમાંક : સકક/૦૧/ત/૩૨૬/૨૦૦૫.-આથી હું, વાય. એ. બ્લોચ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ભુજ-કચ્છ વંચાણ ક્રમ નં.-૧ની કાયદાની જોગવાઇઓ તથા વંચાણક્રમ-૨થી પ્રાપ્ત થતી સત્તાની રૂએ શ્રી સાગરસંગમ મત્સ્યોધ્યોગ સેવા. સહ. મં. લિ. માંડવી-કચ્છ પ્રવર્તમાન વ્યવસ્થાપક કમીટી આ અધિનિયમ, નિયમો તથા ઉપનિયમોમાંથી તેના ઉપર મુકેલી ફરજો બજાવવામાં વારંવાર કસુર કરેલ છે. તથા સરકારશ્રીના લેણાની ભરપાઇ ન કરી તેનો અમલ ન કરી ફરજમાં બેદરકારી દાખવેલ છે. જેને પરિણામે મંડળીના હિતને બાધા આવેલ તેમ હોઇ પ્રવર્તમાન વ્ય. કમિટિને દૂર કરી શ્રી મદદનીશ નિયામક મત્સ્ય ઉદ્યોગ ભુજ-કચ્છને

INDEX

તા. ૨૨-૯-૨૦૦૫થી ૨ વર્ષ માટે મંડળીના વહીવટદાર તરીકે નિમણુંક કરૂં છું.

વહીવટદારશ્રીએ મંડળીનો વહીવટ તાત્કાલીક સંભાળી અત્રે અહેવાલ કરવાનો રહેશે. આ હુકમ પર આજરોજ તા. ૨૨-૯-૦૫ના રોજ મારી સહી કરેલ છે.

કચ્છ-ભુજ, ૨૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઇઓ.

(૨) ખેતિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : જી. એચ. કે./એચ. ડી. ડી. સી./૧૧૮૮/૫૨૦૪-જે તા. ૩૦-૩-૯૧ થી પ્રાપ્ત થતી સત્તાઓ.

(૩) શ્રી સાગરમંથન મત્સ્યોધ્યોગ સે. સ. મ. લિ. નો તા. ૧૯-૯-૨૦૦૫નો પત્ર.

હુકમ

ક્રમાંક : સકક/૦૧/ત/૩૨૭/૨૦૦૫.-આથી હું, વાય. એ. બ્લોચ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ભુજ-કચ્છ વંચાણ ક્રમ નં.-૧ ની કાયદાની જોગવાઇઓ તથા વંચાણક્રમ-૨થી પ્રાપ્ત થતી સત્તાની રૂએ શ્રી સાગરમંથન મત્સ્યોધ્યોગ સેવા. સહ. મં. લિ. માંડવી-કચ્છ પ્રવર્તમાન વ્યવસ્થાપક કમીટી આ અધિનિયમ, નિયમો તથા ઉપનિયમોમાંથી તેના ઉપર મુકેલી ફરજો બજાવવામાં વારંવાર કસુર કરેલ છે. તથા સરકારશ્રીના લેણાની ભરપાઇ ન કરી તેનો અમલ ન કરી ફરજમાં બેદરકારી દાખવેલ છે. જેને પરિણામે મંડળીના હિતને બાધા આવેલ તેમ હોઇ પ્રવર્તમાન વ્ય. કમિટિને દુર કરી શ્રી મદદનીશ નિયામક મત્સ્ય ઉદ્યોગ ભુજ-કચ્છને તા. ૨૨-૯-૨૦૦૫થી ૨ વર્ષ માટે મંડળીના વહીવટદાર તરીકે નિમણુક કરૂં છું.

વહીવટદારશ્રીએ મંડળીનો વહીવટ તાત્કાલીક સંભાળી અત્રે અહેવાલ કરવાનો રહેશે. આ હુકમ પર આજરોજ તા. ૨૨-૯-૦૫ના રોજ મારી સહી કરેલ છે.

કચ્છ-ભુજ, ૨૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વાય. એ. બ્લોચ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

વંચાણે લીધા :

(૧) ગુજ. સહ. મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજ. સરકારી કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તા. ૧૬-૧૦-૦૨ નો શ્રી સોર્વોદય મરઘા સ. મં. લી., મુ. સીતાણા, તા. માણાવદર, જિ. જુનાગઢનો ફડચાનો અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/૧૪૧૦૪/ખ-૪/૧૮૫૨/૦૨.

(૪) શ્રી રજીસ્ટ્રાર સાહેબ, સ. મં. ગુ. રા. ગાંધીનગરના તા. ૨૯-૭-૦૫ ની રાજ્યના તમામ જિ. રજિ. શ્રીઓની મીટીંગમાં થયેલ ફડચા અધિ. તરીકે ઓડીટરની તથા ડી.આર. સ્ટાફની નિણુંક બાબતે થખયેલ સુચના.

હુકમ

જા. નં. ફડચ/ખ-૪/૧૦૧૦૬/૩૦૫૮/૦૫.-હું શ્રી વી. એમ. મહેતા, જી. રજી. સ. મં. જુનાગઢ મને ગુજ. સ. મં. અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૮ અન્વયે શ્રી સર્વોદય મરઘા ઉછેર સ. મં. લી., મુ. સીતાણા, તા. માણાવદર, જિ. જુનાગઢના ફડચા અધિ. તરીકે શ્રી સહકારી અધિકારી ફડચોની નિમણુંક કરેલ તે રદ કરી તેની જગ્યાએ ઓડીટર ગ્રેડ-૨ સ. મં. (પ્રમાણિત) જુનાગઢ નિમણુંક કરૂં છું. અને તેઓએ આ હુકમ થયેથી મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી ચાર્જલીસ્ટની નકલ હિસાબી પત્રકો સહ અત્રેની કચેરીને દિન-૧૫માં રજુ કરવાની રહેશે. અને સહકારી કાયદાની કલમ-૧૧૪ અન્વયે ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. હુકમની અન્ય શરતો યથાવત રહેશે.

જુનાગઢ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજ. સહ. મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજ. સરકારી કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તા. ૩૧-૩-૦૨ નો શ્રી રાધે મત્સ્યોદ્યોગ સ. મં. લી., મુ. તા. વેરાવળ, જિ. જુનાગઢનો ફડચાનો અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/૧૪૧૫૦/ખ-૩/૫૭૪/૦૩.

(૪) શ્રી રજીસ્ટ્રાર સાહેબ, સ. મં. ગુ. રા. ગાંધીનગરના તા. ૨૯-૭-૦૫ ની રાજ્યના તમામ જિ. રજિ. શ્રીઓની મીટીંગમાં થયેલ ફડચા અધિ. તરીકે ઓડીટરની તથા ડી.આર. સ્ટાફની નિણુંક બાબતે થખયેલ સુચના.

હુકમ

જા.નં.ફડચ/ખ-૪/૧૦૧૦૭/૩૦૩૪/૦૫.-હું શ્રી વી. એમ. મહેતા, જી. રજી. સ. મં. જુનાગઢ મને મળેલ ગુજ. સ. મં. અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૮ અન્વયે શ્રી રાધે મત્સ્યોદ્યોગ સ. મં. લી., મુ. તા. વેરાવળ, જિ. જુનાગઢના ફડચા અધિ. તરીકે શ્રી સહકારી અધિકારી ફડચોની નિમણુંક કરેલ તે રદ કરી તેની જગ્યાએ ઓડીટર ગ્રેડ-૨ સ. મં. (જંકા) જુનાગઢ નિમણુંક કરૂં છું. અને તેઓ આ હુકમ થયેથી મંડલીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી ચાર્જલીસ્ટની નકલ હિસાબી પત્રકો સહ અત્રેની કચેરીને દિન-૧૫માં રજુ કરવાની રહેશે. અને સહકારી કાયદાની કલમ-૧૧૪ અન્વયે ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. હુકમની અન્ય શરતો યતાવત રહેશે.

જુનાગઢ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજ. સહ. મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજ. સરકારશ્રી કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તા. ૩૧-૩-૦૩ નો શ્રી ભાલછેલ ફુડ પ્રોસે. સ. મં. લી., મુ. ભાલછેલ તા. તાલાળા, જિ. જુનાગઢનો ફડચાનો અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/૧૪૧૪૯/ખ-૩/૫૬૭/૦૩.

(૪) શ્રી રજીસ્ટ્રાર સાહેબ, સ. મં. ગુ. રા. ગાંધીનગરના તા. ૨૯-૭-૦૫ ની રાજ્યના તમામ જિ. રજિ. શ્રીઓની મીટીંગમાં થયેલ ફડચા અધિ. તરીકે ઓડીટરની તથા ડી.આર. સ્ટાફની નિણુંક બાબતે થખયેલ સુચના.

હુકમ

જા. નં. ફડચ/ખ-૪/૧૦૧૦૮/૩૦૪૦/૦૫.-હું શ્રી વી. એમ. મહેતા, જી. રજી. સ. મં. જુનાગઢ મને મળેલ ગુજ. સ. મં. અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૮ અન્વયે ભાલછેલ ફુડ પ્રોસે. સ. મં. લી., મુ. ભાલછેલ, તા. તાલાળા, જિ. જુનાગઢના ફડચા અધિ. તરીકે શ્રી સરકારી અધિકારી ફડચોની નિમણુંક કરેલ તે રદ કરી તેની જગ્યાએ ઓડીટર ગ્રેડ-૨ સ. મં. ન.જ-૧ જુનાગઢ નિમણુંક કરૂં છું. અને તેઓએ આ હુકમ થયેથી મંડલીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી ચાર્જલીસ્ટની નકલ હિસાબી પત્રકો સહ અત્રેની કચેરીને દિન-૧૫માં રજુ કરવાની રહેશે. અને સહકારી કાયદાની કલમ-૧૧૪ અન્વયે ફડચાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. હુકમની અન્ય શરતો યતાવત રહેશે.

જુનાગઢ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો જાહેર ક્રમાંક : ઘખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૩/૩૦૧૧/છ તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૯/૩૦-૦૭-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ:૪/૨૬૮૮ સને ૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/૧૬૧૩૦/ખ-૪/૯૩૮૨/૩૦૦૩/સને ૦૫.-આથી હું વી. એમ. મહેતા, જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ થી મળેલ અધિકારની રૂએ શ્રી જગદીશ કૃપા મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી., મુ. વેરાવળ, તા. વેરાવળ, જિ. જુનાગઢ તા. ૨૭-૦૮-૯૫ ના રોજ નોંધણી નંબર : ૨૮૧૩૪ થી નોંધાયેલ છે, તેને અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના શ્રી મદદ. સહકારી અધિકારી (ચ-૪) ની નિમણુંક કાયમ કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જ લીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી, મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નધણ/ખ-૩/ઉ. ૨૬૩૭૩/૧૦૬૦/સને ૦૫.-આથી જાહેર કરે છે કે શ્રી માણાવદર તા. ફળ-શાકભાજી, ફળો કૃષી પેદાશ કરનારાઓની ખરીદ વેચાણ સ. મં. લી., મર્યાદિત સ્થળ : માણાવદર, તાલુકો : માણાવદર જિલ્લો : જુનાગઢ, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વિ. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

નોંધણીનું પ્રમાણપત્ર

નં. નધણ/ચ/૫.-૧૯૩૧૭/સને ૦૫.-આથી જાહેર કરે છે કે શ્રી વહાણવટી ઘર બાંધનારી સ. મં. લી., મર્યાદિત સ્થળ : પોરબંદર, તાલુકો : પોરબંદર, જિલ્લો : પોરબંદર, સને ૧૯૬૧નો ગુજરાત કાયદો ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૪ માહે એપ્રિલ, સને ૨૦૦૫.

એમ. કે. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર

નોંધણીનું પ્રમાણપત્ર

જા નં. નધણ/૦૨૨/ખ-૩/સે-૩૫૯૭૭/૫૭૬/૨૦૦૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, શ્રી સરદાર પટેલ અધેવાડા સીદસર જુથ ડુંગળી ઉત્પાદકોની સ.મં. લી., મર્યાદિત સ્થળ : અધેવાડા, તાલુકો : ભાવનગર, જિ. ભાવનગર સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

ભાવનગર, ૧૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા નં. નધણ/૦૨૨/ખ-૩/સા.-૩૫૪૩/૫૭૪/૨૦૦૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, શ્રી અમર વાહનવ્યવહાર સ.મં. લી., મર્યાદિત સ્થળ : બોટાદ, તાલુકો : બોટાદ, જિ. ભાવનગર સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

ભાવનગર, ૧૩ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા નં. નધણ/૦૨૨/ખ-૩/૫-૧૩૩૨૨/૫૯૫/૨૦૦૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, શ્રી સાધુ વાસવાણી/કુંજ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી. લી., મર્યાદિત સ્થળ : ભાવનગર, તાલુકો : ભાવનગર, જિ. ભાવનગર સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

ભાવનગર, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

યુ. એમ. વાસણાવાળા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬૨૦૦૩/એનઅસબી/૧૨/૨૦૦૨૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાક : ફડચ/ગ-૨/૩૪૭/૦૫, તા. ૨૦-૭-૦૫થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૩૭/૨૦૦૫.-આથી હું જે. એમ. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી હરભોલે મજુર બાંધકામ સહકારી મંડળી લી., ખાખીજાળીયા તા. ઉપલેટા જિ. રાજકોટ (નોંધણી નં. ધ-૨૩૧ તા. ૧૨-૩-૧૯૫૯)ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાના આદેશને આજ કાયદાની કલમ-૧૦૮(૧)અન્વયે

કાયમી રાખતો આદેશ કરૂં છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવી.

રાજકોટ, ૨૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬૨૦૦૩/એનઅસબી/૧૨/૨૦૦૨૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાક : ફડચ/ગ-૨/૩૪૬/૦૪, તા. ૨૦-૭-૦૫થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૩૮/૨૦૦૫.-આથી હું જે. એમ. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી કૈલાસપતિ મજુર બાંધકામ સહકારી મંડળી લી., મોટીબરાર તા. માળીયા ;સહકારી મંડળી લી. રાજકોટ તા. રાજકોટ જિ.રાજકોટ (નોંધણી નં.-૫૨૨૯ તા. ૧૩-૨-૧૯૯૦)ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાના આદેશને આજ કાયદાની કલમ-૧૦૮(૧)અન્વયે કાયમી રાખતો આદેશ કરૂં છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવી.

રાજકોટ, ૨૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬૨૦૦૩/એનઅસબી/૧૨/૨૦૦૨-૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાક : ફડચ/ગ/૨/૩૪૫/૦૫, તા. ૨૦-૭-૦૫થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૩૬/૨૦૦૫.-આથી હું એમ. જે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ , રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી ઉષાકીરણ એપાર્ટમેન્ટ હાઉસીંગ સહકારી મંડળી લી., ધોરાજી તા. ધોરાજી જિ. રાજકોટ (નોંધણી નં.-૧૧૫૨૭ તા. ૯-૫-૮૮)ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાના આદેશને આજ કાયદાની કલમ-૧૦૮(૧)અન્વયે કાયમી રાખતો આદેશ કરૂં છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવી.

રાજકોટ, ૨૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

એમ. જે. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
રાજકોટ.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના ખેતી અને સહકાર અને ગ્રામવિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સી એચ/તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક ફડચ/ગ-૨/૧૮૮/૨૦૦૫ તા. ૧૯-૦૨-૨૦૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૯૩૦૦/૭૮૧/૨૦૦૫.-શ્રી પ્રભાત કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. સુરેન્દ્રનગર, તા. વઢવાણ, જિલ્લો : સુરેન્દ્રનગર જે નોંધણી નંબર-૨૪૪ સને ૧૯૫૮થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ પરંતુ મંડળી તરફથી જણાવેલ સમય મર્યાદામાં કોઈ આધાર પુરાવા સાથે રજુઆત કરેલ ન હોઈ ઉપર્યુક્ત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સી એચ/તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક ફડચ/ગ-૨/૬૩૫/૨૦૦૫ તા. ૯-૮-૨૦૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૯૩૦૧/૭૯૨/૨૦૦૫.-શ્રી માર્તન્ડ મજુર કારીગર સહકારી મંડળી લી. મુ. મૂળી, તા. મૂળી, જિલ્લો : સુરેન્દ્રનગર જે નોંધણી નંબર-ઉ-૮૮૫૮ તા. ૧૯-૭-૮૨થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ પરંતુ મંડળી તરફથી જણાવેલ સમય મર્યાદામાં કોઈ આધાર પુરાવા સાથે રજુઆત કરેલ ન હોઈ ઉપર્યુકત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સી એચ/તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક ફડચ/ગ-૨/૬૨૮/૨૦૦૫ તા. ૯-૮-૨૦૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૮૦૩/૨૦૦૫.-શ્રી પ્રતાપપાર્ક કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. મુ. વઢવાણ, તા. વઢવાણ, જિલ્લો : સુરેન્દ્રનગર જે નોંધણી નંબર-૧૦૬૬૧ સને ૧૯૮૭થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ પરંતુ મંડળી તરફથી જણાવેલ સમય મર્યાદામાં કોઈ આધાર પુરાવા સાથે રજુઆત કરેલ ન હોઈ ઉપર્યુકત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૧૬/૨૦૦૩/એન.એસ.બી./ ૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૩૫૬/૨૦૦૪, તા. ૧૪-૦૫-૦૪.

(૩) ફડચા અધિકારીની તા. ૨૧-૯-૨૦૦૫ ની દરખાસ્ત.

અંતિમ આદેશ

જા. ક્રમાંક : ફડચ/ગ-૨/૯૩૪/૮૯૨/૨૦૦૫.-શ્રી હરીપાર્ક કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. સુરેન્દ્રનગર, તા. વઢવાણ, જિલ્લો : સુરેન્દ્રનગર, કે જે નોંધણી નંબર-ઘ-૮૧૦૩, તા. ૨૩-૨-૮૧થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨વાળા આદેશથી કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે. જેની ફડચા કામગીરી મંડળીના ફડચા અધિકારીએ પુર્ણ કરી વંચાણે લીધા ક્રમાંક-૩ થી મંડળીની નોંધણી રદ કરવા અને ફડચા કામગીરી સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉપર્યુક્ત વિગતો ધ્યાને લઈ ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ અન્વયે મંડળીની ફડચા કામગીરી સમાપ્ત કરવામાં આવે છે. અને કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક જી.એચ.કે.એચ./૧૬/૨૦૦૩/એન.એસ.બી./ ૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ..

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૩૬૮/૨૦૦૩, તા. ૧૬-૦૪-૦૩.

(૩) ફડચા અધિકારીની તા. ૨૩-૯-૨૦૦૫ ની દરખાસ્ત.

અંતિમ આદેશ

જા. ક્રમાંક : ફડચ/ગ-૨/૯૦૫/૯૯૪૫/૨૦૦૫.-શ્રી અરૂણ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. સુરેન્દ્રનગર, તા. વઢવાણ,

જિલ્લો : સુરેન્દ્રનગર, કે જે નોંધણી નંબર-ઘ-૪૬૦, તા. ૨૧-૯-૬૦થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨વાળા આદેશથી કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે. જેની ફડચા કામગીરી મંડળીના ફડચા અધિકારીએ પુર્ણ કરી વંચાણે લીધા ક્રમાંક-૩ થી મંડળીની નોંધણી રદ કરવા અને ફડચા કામગીરી સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉપર્યુક્ત વિગતો ધ્યાને લઈ ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ અન્વયે મંડળીની ફડચા કામગીરી સમાપ્ત કરવામાં આવે છે. અને કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૧૫૧૬/૯૭૫૨/૨૦૦૫.-આથી જાહેર કરવામાં આવે છે કે શ્રી રાધે ગ્રાહક સહકારી ભંડાર લી., મું. દુધરેજ, તા. વઢવાણ, જિલ્લો : સુરેન્દ્રનગરને સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે. જેનો નોંધણી નંબર : ભં. ૧૩૯૭, તારીખ : ૨૨-૯-૨૦૦૫ છે.

સુરેન્દ્રનગર, ૨૨ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૧૫૨૪/૯૯૫૧/૨૦૦૫.-આથી જાહેર કરવામાં આવે છે કે શ્રી નવાગામ (થાન) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. નવાગામ (થાન), તા. ચોટીલા, જિલ્લો : સુરેન્દ્રનગરને સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે. જેનો નોંધણી નંબર : સે.દુ. ૩૫૬૭૫, તારીખ : ૨૬-૯-૨૦૦૫ છે.

સુરેન્દ્રનગર, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

એ. કે. ભટ્ટ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (પંચાયત) દ્વારા

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : મ-૧૪૮–૮૨-ડીડીસી-૧૧૮૨/૭૪૨૫/એસ-૩ તા. ૨૧-૭-૮૨.

(૨) ફડચા અધિકારીશ્રી ગણેશ ગોપાલક વસાહત સહકારી મંડળી લી. અને ઓડીટર ગ્રેડ-૧ સહકારી મંડળીઓ(ટેસ્ટ) સુરેન્દ્રનગરના પત્ર ક્રમાંક : ફડચ/પુનઃજીવીત/૧૬૧/૧૨૮૧૪ તા. ૨૭-૧૦-૦૪.

(૩) અત્રેની કચેરી તરફથી બહાર પાડવામાં આવેલ જાહેર નામા ક્રમાંક : સહક/બ/વશી/૧૬૭/૦૫, તા. ૫-૮-૦૫.

હુકમ

નં. સહક/વહવ/વશી/૧૬૭/પુન-જીવીત/૪૧૨/૦૫.-શ્રી ગોપાલક વસાહત સહકારી મંડળી લી. મુ. કડીયાણા તા. હળવદ જિ. સુરેન્દ્રનગરની કે જેની નોંધણી નંબર ક્રમાંક : ખે-૪૦૭૨ સને ૧૯૯૯થી કરવામા આવેલ છે. સદરહુ મંડળીને શ્રી જિલ્લા રજિસ્ટ્રાર, સ. મં. ઓ સુરેન્દ્રનગરની કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૦૪૪/૬૧૦/૨૦૦૩ તા. ૩૧-૧૨-૨૦૦૩થી ફડચામાં લઈ જવામાં આવેલ.

ઉપરોકત મંડળીની તા. ૨૬-૧૦-૨૦૦૪ના રોજ મળેલ ખાસ સાધારણ સભામાં નકકી થયા મુજબ સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમ ક્રમાંક-૧૦ ની કલમ-૧૯ હેઠળ સદરહું મંડળીને પુનઃજીવીત કરવામાં માટે ફડચા અધિકારીના તા. ૨૭-૧૦-૦૪ના પત્ર નં. ફડચ/પુનઃજીવીત/૧૬૧/૧૨૮૧૪થી મંડળીને પુનઃજીવીત કરવા માટે ની દરખાસ્ત અત્રેની કચેરીને ભલામણ સહ સાદર કરેલ છે.

અત્રેની કચેરી તરફથી બહાર પાડવામાં આવેલ જાહેરનામાં ક્રમાંક : સહક/બ/વશી/૧૬૭/૩૮૮/૦૫ તા. ૫-૮-૦૫ માં જણાવેલ વિગતે અને શરતે આ જાહેરનામામાં મંડળીને લેખીતમાં જાહેરનામાની તારીખથી દિવસ-૩૦માં આ કચેરી સમક્ષ રજુ કરવા વિનંતી કરવામાં આવેલ છે.

આ બાબતે આ કચેરી સમક્ષ કોઈના તરફથી કોઈપણ જાતના વાંધાઓ આજ સુધી આવેલ નથી. તેમજ તલાટીશ્રી ગ્રામ પંચાયત કચેરી મુ. કડીયાણા તા. હળવદના પત્ર તા. ૧૯-૯-૦૫ થી જણાવેલ છે કે જાહેરનામાં અંગે કોઈ વાંધાઓ આવેલ નથી. તા. ૧૪-૧૦-૦૪ના રોજનું મંડળીની આર્થીક સ્થિતિ દર્શાવતું સરવૈયું નીચે પ્રમાણે છે.

મુડી દેવા		મિલ્કત લેણાં	
૧૨૦૦-૦૦	શેરભંડોળ ખાતે	૧૮૪૨-૦૦	સુ. નગર ડી. બેંક હળવદ સેવીંગ્ઝ ખાતે
૧૨-૦૦	પ્રવેશ ફી ખાતે	૦	
૩૧૦-૦૦	થાપણ ખાતે	૦	
૩૨૦-૦૦	નફાનુકશાન ખાતે	૦	
૧૮૪૨-૦૦	**સરવાળો**	**૧૮૪૨-૦૦**	**સરવાળો**

આથી અમો શ્રી કે. જે. રાવલ, મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ (પંચાયત) સુરેન્દ્રનગર સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ક્રમાંક ૧૦ સને ૧૯૬૨ની કલમ-૧૯(બ)ની જોગવાઈ મુજબ સદરહું કલમ હેઠળ મળેલ અધિકારની રૂએ શ્રી ગણેશ ગોપાલક વસાહત સહકારી મંડળી લી. મુ. કડીયાણા તા. હળવદ જિ. સુરેન્દ્રનગરને પુનઃજીવીત કરવાનો અગાઉ કાઢવામાં આવેલ જાહેરનામામાં જણાવેલ મુદ્દાઓ નીચે જણાવેલ સુચનાઓને આધિન રહીને આથી આદેશ કરવામાં આવે છે.

મંડળીએ આગાઉના ઓડીટ રીપોર્ટમાં દફતર સુધારણા વહીવટ બાબતો અંગેના મુદ્દા વાસ્તવિક દુરસ્તી કરવાની રહેશે. તેમજ શેરભંડોળ વધારવાનું રહેશે.

મંડળીના અગાઉના નોંધણી નંબર, તારીખ, નામ તથા પેટા નિયમ જેમના તેમ ચાલુ રહેશે.

સુરેન્દ્રનગર, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

કે. જે. રાવલ,
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (પંચાયત),
સુરેન્દ્રનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 20th OCTOBER, 2005/ASHVINA 28, 1927 [No. 42

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	709-712	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	730-741
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	**PART - II** Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	829-838
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

BY THE PRINCIPAL DISTRICT JUDGE

NOTIFICATION

No. UHC/B. 21/2005.-It is hereby notified for general information of all concerned that, all the Additional District Judges & Presiding Officer, Fast Track Courts, Junagadh, will function at the newly constructed Fast Track Court Building, Junagadh, situated at Opposite Main Court Building, Near Makbara, M. G. Road, Junagadh, w.e.f. dated 23-9-2005, in addition to District Court Building, Junagadh.

Junagadh, 23rd Sepetember, 2005.

B. U. JOSHI,

PRINCIPAL DISTRICT JUDGE,
JUNAGADH.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની સહકારી કાયદાની કલમ-૭૪-ડી.

(૨) ગુજરાત સરકારશ્રી કૃષિ, સહકાર ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક નં. ધખ/૧૬/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ તા. ૧૭-૪-૦૪.

(૩) અત્રેની કચેરીના તા. ૧૪-૬-૦૫ના હુકમ નં. સવન/ખ-૨/ ૫૪૯ થી ૫૬૭/૦૫ તેમજ તા. ૨૪-૮-૦૫ના હુકમ નં. સવન/ખ-૨/૮૬૮ થી ૮૭૩/૦૫.

(૪) નામ. મેમ્બર બોર્ડ ઓફ રજી. નોમીનીઝ, રાજકોટ વિભાગ, રાજકોટના તા. ૧૫-૯-૦૫ના લવાદ કેસ નં. ૩૦૩/૦૫નો હુકમ.

(૫) નામ. મેમ્બર બોર્ડ ઓફ રજી. નોમીનીઝ, રાજકોટના તા. ૨૩-૯-૦૫નો હુકમ લવાદ કેસ નં. ૩૦૩/૦૫.

(૬) શ્રી આંકોલવાડી સેવા સહકારી મંડળી લી. આંકોલવાડી, તા. તાલાળાની વ્ય. કમિટિ સભ્યોની તા. ૨૬-૯-૦૫ની અરજી.

જા. નં. સવન/ખ-૨/૯૯૯-૧૦૪૦૮/૨૦૦૫.- હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર સ. મં. જુનાગઢ મને મળેલ સત્તાની રૂ એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૭૪(ડી)ની જોગવાઈ અન્વયે શ્રી આંકોલવાડી સેવા સ. મં. લી. મુ. આંકોલવાડી, તા. તાલાલા, જિ. જુનાગઢની કસ્ટોડીયન કમિટિનો નિમણુંકનો હુકમ ઉઠાવી લેવામાં આવે છે. તેમજ કસ્ટોડીયન કમિટિએ તા. ૧૫-૯-૦૫થી ચુંટાઈ આવેલ વ્ય. કમિટિ સભ્યોને સંસ્થાનો ચાર્જ તાત્કાલીક અસરથી સુપ્રત કરવાનો રહેશે. તથા મંત્રીશ્રીએ નવી ચુંટાયેલ કમિટિના નિયંત્રણમાં કામ કરવાનું રહેશે.

જુનાગઢ, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/છ, તા. ૧૭-૪-૨૦૦૪.

(૩) અત્રેની કચેરીની કારણદર્શક નોટિસ ક્રમાંક: ફડચ/ખ-૪/ ૮૯૩/૨૦૦૪, તા. ૨૪-૦૫-૨૦૦૪.

જા. નં. ફડચ/ખ-૪/૧૦૬૧૧/૩૨૪૫/૨૦૦૫.- હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના, અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તા અધિકારની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લેતા શ્રી ભાગ્ય લક્ષ્મી કો. ઓપ. હાઉ. સોસાયટી લી. મુ. જુનાગઢ, તા. જુનાગઢ, જિ. જુનાગઢ કે જેની નોંધણી નં. ૯૪૪૩, તા. ૨૩-૦૬-૮૨થી નોંધાયેલ છે. અધિનીયમની કલમ-૧૦૭(૧) અન્વયે ફડચા લઈ જવાનો હુકમ કરૂ છું. તથા અધિનીયમની કલમ-૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી ગુજ. સ્ટેટ. હા. ફાઈ. કો. લી.- અમદાવાદની નિમણુંક કરૂ છું.

નોંધ :

આ વચગાળાના હુકમ સામે મંડળીને કે કોઈપણ સભાસદને વાંધો કે રજુઆત કરવી હોય તો તે આ હુકમની તારીખથી એક માસની મુદતમાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

સમય મર્યાદામાં કોઈ વાંધો કે રજુઆત નહિ આવે તો મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

જુનાગઢ, ૨૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વી. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર વિભાગના જાહેરનામા ક્ર : જીએચકેએચ/૧૬/૨૦૦૩/નસબ/૧૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪થી મળેલ સત્તા.

(૩) અત્રેની કચેરીના ક્ર: ફડચ/ખ-૨/ફ/૧૫૦૪૮/ખ-૪/૩૯૬/૦૪, તા. ૨૬-૪-૨૦૦૪થી કરવામાં આવેલ ફડચા અંગેનો કાયમી આદેશ.

(૪) ફડચા અધિકારીશ્રી લાપાળીયા જુથ ડુંગળી ઉત્પાદક સ. મં. લી. અને સહકારી અધિકારી ફડચા નં. ૪ના તા. ૧૫-૭-૦૫ તથા ૨૩-૮-૦૫ના પત્રથી મંડળીને પુનઃજીવીત કરવા આપેલ અભિપ્રાય.

હુકમ

ક્રમાંક : ફડચા/ઉખસ/ખ-૪/૬૯૫/૨૦૦૫.-હુંયુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર વંચાણે લીધા ક્રમ-૧ની જોગવાઈ તથા વંચાણે લીધા ક્રમ-૨ના જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી લાપાળીયા જુથ ડુંગળી ઉત્પાદક સ. મં. લી., લાપાળીયા, તા. પાલીતાણાને પુનઃજીવીત કરવાનો આદેશ કરુ છું.

ફડચા અધિકારીશ્રી એ સાધારણ સભા બોલાવી મંડળીના ચૂંટાયેલી વ્યવસ્થાપક સમિતિને તેમના હસ્તકનો ચાર્જ સત્વરે સુપ્રત કરવાનો રહેશે.

ભાવનગર, ૨૭ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(બ)ની જોગવાઈ તથા ૧૦૮(૧)ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૦૪-૦૪.

(૩) શ્રી બી. બી. ત્રિવેદી, પ્રમાણિત ઓડીટર, સ. મં. ભાવનગરના તા. ૧૨-૯-૦૫ના પત્રથી થયેલ રજુઆત.

હુકમ

ક્રમાંક : ઉખસ/ફ/ખ-૪/૭૦૭/૨૦૦૫.-હું, યુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર ઉક્ત વંચાણે લીધા ક્રમ-૧ની જોગવાઈ તથા વંચાણે લીધા ક્રમ-૨ના જાહેરનામાથી મળેલ સત્તાની રૂઈએથી શ્રી બેંક ઓફ ઈન્ડીયા એમ્પલોઈઝ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી. ભાવનગર કે જેનો નોંધણી નંબર જીએચ-૬૦૧ તા. ૧૬-૫-૭૦ છે. તેને ફડચામાં લઈ જવાનો કાયમી આદેશ કરુ છું. અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી ફડચા નં. ૩ની નિમણુંક કરુ છું.

ભાવનગર, ૩ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

યુ. એમ. વાસણાવાળા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૪૦૯/૦૫, તા. ૩૦-૮-૦૫થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) બ્રાંચ મેનેજર, શ્રી રાજકોટ ડીસ્ટ્રીક્ટ કો. ઓપરેટીવ બેન્ક લી., ગ્રામ્ય શાખા, રાજકોટનો તા. ૨૩-૯-૦૫નો પત્ર.

(૪) મેનેજર (લોન્સ), શ્રી રાજકોટ ડીસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેન્ક લી., રાજકોટનો તા. ૨૮-૯-૦૫નો પત્ર.

(૫) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૫૨/૨૦૦૫.-આથી હું એમ. જે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી નવયુવક પ્રગતિ શરાફી સહકારી મંડળી લી. રાજકોટ, તા. જિ. રાજકોટ. (નોંધણી નં. સે-૬૧૫૧, તા. ૨૨-૯-૧૯૮૦)ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં

INDEX

લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાના આદેશને, આ જ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ કરૂ છું. સદરહું મંડળીના ફડચા અધિકારી તરીકે બ્રાંચ મેનેજર, શ્રી રાજકોટ ડીસ્ટ્રીક્ટ કો. ઓપ. બેન્ક લી., ગ્રામ્ય શાખા, રાજકોટના બદલે સીનીયર ઓફીસર ગ્રેડ-૨, શ્રી રાજકોટ ડીસ્ટ્રીક્ટ કો. ઓપરેટીવ બેન્ક લી. સીટી શાખા, રાજકોટને ફડચા અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવે છે. આ આદેશ અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવી.

રાજકોટ, ૩૦ માહે સપ્ટેમ્બર, ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૧૭-૪-૦૪.

(૨) કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક: ફડચ/ગ-૨/૬૫૪/૨૦૦૪, તા. ૨૯-૧૧-૨૦૦૪.

(૩) ફડચા અધિકારીશ્રીની તા. ૨૬-૯-૨૦૦૫ની દરખાસ્ત.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા ૨૦(૧) હેઠળની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૫૩/૨૦૦૫.-આથી હું એમ. જે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે(૧) વાળા જાહેરનામાથી મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી ક્રાંતિ મજુર બાંધકામ સહકારી મંડળી લી. ખાખીજાળીયા, તા. ઉપલેટા, જિ. રાજકોટ (નોંધણી નંબર : ઉ-૮૯૧૦, તા. ૫-૧૦-૧૯૮૨)ની ફડચાની કાર્યવાહી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂ છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સહરહું મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરૂ છું.

રાજકોટ, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

એમ. જે. પરમાર,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

જી.પ/સહ/૧૧૬૫૫/સને ૨૦૦૫.-શ્રી જાંબુડા ફળ-શાકભાજી કૃષિ પેદાશ કરનારાઓની ખરીદ વેચાણ સ.મં.લી. જાંબુડા, તાલુકો માણાવદર, જિલ્લો જુનાગઢ જુનાગઢને સને-૧૯૬૨ના ગુજરાત અધિનિયમ-૧૦ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને-૧૯૬૧ની કલમ-૯(૧)(અ) મુજબ આજરોજ નોંધણી કરેલ છે.

જુનાગઢ, ૧૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

જે. એમ. સૈયદ,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળી,
જુનાગઢ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI]   THURSDAY, 27th OCTOBER, 2005/KARTIKA 5, 1927   [No. 43

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	713-718	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	742-751
		PART - II Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	839-848
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા :

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૨૩ (૨).

(૨) આ કચેરીના હુકમ ક્રમાંક : એમએજી/સી/૫/૮૧, તા. ૭-૩-૮૧

(૩) આ કચેરીના હુકમ નં. એમએજી/સી/૩૧/૯૬, તા. ૧૫-૪-૮૬

હુકમ

નં. : એમએજી/સી/૧/૨૦૦૫.-ઉપરમાં વંચાણે લીધેલ ક્રમ-૨ના આ કચેરીના તા. ૭-૩-૧૯૮૧ના હુકમથી ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૦૮, ૧૦૯ અને ૧૧૦ના અધિકારો જુનાગઢ જિલ્લામાં સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રીઓને તેમના કાર્યક્ષેત્ર પુરતા આપવામાં આવેલ છે, અને આ અંગેની કામગીરી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, હેડ ક્વાર્ટરમાં હાજર ન હોય ત્યારે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રીના હેડક્વાર્ટર મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ તેમના કાર્યક્ષેત્ર પુરતી કરવા માટે ફાળવણી કરતો હુકમ ઉપરમાં વંચાણે લીધા ક્રમ-૩ના આ કચેરીના તા. ૧૫-૪-૧૯૮૬થી કરવામાં આવેલ છે.

જુનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સંદર્ભે અટકાયતી પગલાં લેવા અંગેની અસરકારક અમલવારી થાય તેમજ આગામી સમયમાં કેશોદ તથા વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા, જિલ્લા પંચાયત/ તાલુકા પંચાયતની સામાન્યચૂંટણીઓ મુક્ત, ન્યાયી, નિર્ભય અને શાંતિપૂર્ણ વાતાવરણમાં પસાર થાય તે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૦૮, ૧૦૯, ૧૧૦ હેઠળ કસુરવારો સામે પગલા લેવામાં કાયદાકીય જોગવાઈઓ મુજબની પ્રક્રિયા ઝડપી અને અસરકારક બની રહે તે માટે સબ ડિવિઝલ મેજિસ્ટ્રેટશ્રીઓની કક્ષાએ ચાલતા કેસો વખતે અવરોધરૂપ બનતા ભૌગોલિક અંતર અને વધારે પડતા સમયના વપરાશને ધ્યાને લઈને તથા તેઓશ્રી હસ્તકના કામના ભારણને પણ ધ્યાને લેતા ક્રિમીનલ પ્રોસીજરકોડ-૧૯૭૩ની કલમ-૧૦૮, ૧૦૯ અને ૧૧૦ નીચેની કામગીરી મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓને તેમના કાર્યક્ષેત્ર પૂરતી ફાળવવામાં આવે તે ઉચિત જણાય છે.

સબબ, ઉપર્યુક્ત હકિકતોએ ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૨૩(૨) હેઠળ મળેલ અધિકારની રૂઈએ બિપીન શ્રીમાળી, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ ની કલમ-૧૦૮, ૧૦૯ અને ૧૧૦ નીચેની કામગીરી જુનાગઢ જિલ્લાના તાલુકાઓના મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓને તેમના કાર્યક્ષેત્રે પુરતી આ હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી અથવા તો અત્રેથી બીજો હુકમ કરવામાં ન આવે ત્યાં સુધી કરવા માટે આથી ફાળવણી કરૂં છું.

જુનાગઢ, ૪ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

અખબારી યાદી

નં. : એમએજી/સી/પ્રેસ/૨/૨૦૦૫.-રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા, તાલુકા, જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી માટેનો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. અને રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગરના તા. ૨૫-૪-૯૫ના હુકમથી ચૂંટણી અંગેના સાહિત્ય, ભિતપત્ર, પેમ્ફલેટ, ચોપાનીયાની છાપકામ ઉપર નિયંત્રણ મુકવામાં આવેલ છે. સબબ જુનાગઢ જિલ્લાના તમામ ખાનગી મુદ્રણાલયોના માલિકો, સંચાલકોને તથા ઝેરોક્ષ કે અન્ય રીતે નકલો છાપનારાઓને આથી જાણ કરવામાં આવે છે. કે રાજય ચૂંટણીપંચના તા. ૨૫-૪-૯૫ના હુકમની જોગવાઈ મુજબ ચૂંટણી અંગેના કોઈપણ સાહિત્ય ચોપાનીયા, ભીતપત્ર, પેમ્ફલેટ કે આવી અન્ય સામગ્રી ઉપર મુદ્રક અને પ્રકાશકના નામ અને પુરા સરનામા અવશ્યપણે છાપેલા હોવા જોઈએ.

તેમજ ઉપરોક્ત તા. ૨૫-૪-૯૫ના હુકમની જોગવાઈ હેઠળ જોગવાઈ મુજબનું એકરારનામું પ્રકાશક પાસેથી મુદ્રકે બે નકલમાં મેળવી તેની એક નકલ ઉપરમાં જણાવ્યા વિગતેના તેમણે કે તેમના પ્રતિનિધિએ મુદ્રિત કરેલ (છાપેલ દસ્તાવેજોની) બે નકલો સાથે નીચે સહી કરનારને દિવસ-બે માં મળી જાય તે રીતે રજુ કરવાની રહેશે.

રાજય ચૂંટણીપંચની આ અંગેની સૂચનાઓના કોઈપણ ઉલ્લંઘનને ખૂબ ગંભીરતાથી જોવામાં આવશે અને યોગ્ય કેસોમાં રાજયના પ્રવર્તમાન કાયદાની જોગવાઈ અન્વયે મુદ્રણાલયનું લાયસન્સ/રજિસ્ટ્રેશન રદ કરવા જેવા કડક પગલાં લેવામાં આવશે જેની તમામ સંબંધકર્તાઓએ નોંધ લેવી.

જુનાગઢ, ૪ માહે ઓક્ટોબર, સને૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું

જાહેરનામું

નં. : એમએજી/સી/આ.ચ./૫/૨૦૦૫.-નગરપાલિકા/તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણીઓ-૨૦૦૫ અનુસંધાને રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગર તરફથી આદર્શ આચાર સહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની પણ સુચનાઓ આપવામાં આવેલ છે જેનો તમામ રાજકીય પક્ષે અને ચૂંટણી લડતા ઉમેદવારો તથા તેમના કાર્યકર્તાઓએ ચૂસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આદર્શ આસાચ સંહિતામાં સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ તથા વિશ્રામગૃહોનો ચૂંટણીના કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

આથી આ આચાર સંહિતાનો અમલ કરવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જુનાગઢ જિલ્લામાં સમાવિષ્ટ સરકારી, અર્ધ સરકારી, સહકારી તમામ આરામગૃહો ડાક બંગલાઓ, વિશ્રામગૃહો તથા જાહેર સ્થળો હોય તેવા તમામ ગૃહોનો કે સ્થળોનો કોઈ રાજકીય પક્ષના હોદેદારો, કાર્યકરો, ચૂંટણી લડતા ઉમેદવારો/ચૂંટણી એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક બાબતો/ ચૂંટણી પ્રચારના હેતુસર ઉપયોગ કરવા અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

રાજકીય પ્રવૃતિમાં રાજકીય ચર્ચા, ટેલીફોન ઉપર વાર્તલાપ તથા મુલાકાતીઓ સહીતની બાબતોનો સમાવેશ થશે.

આ જાહેરનામાનો અમલ ચૂંટણી પ્રકિયા પૂર્ણ તથા સુધી કરવાનો રહેશે અને જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુન્હો સાબીત થયેથી એક માસની કેદ અગર રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણનાથી માનવ જીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલમતીને નુકશાન કે ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ/બખેડો થાય તો તેવી વ્યક્તિ ૬(છ) માસ સુધીની સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૪-૧૦-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૪ માહે ઓક્ટોબર સને ૨૦૦૫.

બિપીન શ્રીમાળી,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨-જો અધિનિયમ) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

નં. એમએજી/એ/હ. ૫./૩/૨૦૦૫.- રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા, તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી માટેનો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે.

આ ચૂંટણીઓ દરમ્યાન જુનાગઢ જિલ્લામાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા મતદારો પોતાનો મત મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહશાંતિનો ભંગ થતો અટકાવવાનું અત્યંત જરૂરી જણાતું હોવાથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો અધિનિયમ) ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પૂરતા કારણો છે.

તેથી હું એ. સી. રાઠોડ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨-જો અધિનિયમ)ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે, આ હુકમના જાહેરનામા દિવસથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી કોઈપણ ઈસમે પોતાના પરવાના વાળા હથિયાર સાથે લઈને બહાર નિકળવું કે ફરવું નહી. ઉપરાંત દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, લાઠી અથવા શારિરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો સાથે લઈ ઘર બહાર નિકળવું કે ફરવું નહીં.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ ઉપર રોકાયેલ પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓના ફરજના ભાગરૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવે છે.

(૨) શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી લઈ ફરવું જરૂરી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા રાષ્ટ્રીયકૃત બેન્કો કે તેઓને તે બેન્કની કેશ કરન્સી લઈ આવવા તથા લઈ જવા માટે તેની ફરજના ભાગરૂપે બેન્કના હથિયાર પરવાનાવાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય, તે વ્યકિતને.

ઉપર્યુક્ત જોગવાઈઓનો ભંગ કર્યેથી ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આજ તારીખ ૦૪-૧૦-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૪ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો

હુકમ

નં. એમએજી/સી/૧૪૪/૪/૨૦૦૫.-રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા નગરપાલિકા, તાલુકા, જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી માટેનો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જેને અનુલક્ષીને ચૂંટણી પ્રચાર અભિયાન રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી શરૂ કરવામાં આવેલ છે. તે અન્વયે ઉમેદવારો અથવા તો કાર્યકરો દ્વારા મકાન માલિકોની પરવાનગી લીધા વિના ચૂંટણી લક્ષી પ્રચારપત્રો ચોડીને, સુત્રો લખીને, નિશાનો ચીતરીને વિગેરે દ્વારા સાર્વજનિક અને ખાનગી મકાનોની દિવાલ બગાડે છે. આ માટે રાજ્ય ચૂંટણીપંચ ગાંધીનગર તરફથી રાજકીય પક્ષો અને ઉમેદવારોના માર્ગદર્શન માટે આચાર સંહિતા બહાર પાડેલ છે. તે મુજબ રાજકીય પક્ષો અથવા ઉમેદવાર પોતાના કાર્યકરને ધ્વજ દંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટીસો ચોટાડવા, સુત્રો લખવા વિગેરે માટે, પરવાનગી વિના કોઈપણ વ્યક્તિ, જમીન, મકાન, કમ્પાઉન્ડ, દિવાલ વગેરેનો ઉપયોગ કરવા દેશે નહી તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આથી આ આચારસંહિતાનો અમલ કરવા અને લોકોની માલ મિલ્કતને થતી હાની, બગાડ અટકાવવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ આ હુકમથી રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેઓના કાર્યકરોને જણાવવામાં આવે છે કે, સંબંધિત મકાન માલિકોને પરવાનગી લીધા વિના જાહેર તથા ખાનગી મિલ્કત ઉપર ચૂંટણીલક્ષી પ્રચારપત્રો ચોડીને, સુત્રો લખીને, નિશાનો ચીતરીને, દીવાલો બગાડવી નહી તેમજ કોઈ રાજકીય પક્ષો અથવા ઉમેદવાર પોતાના કાર્યકરોને ધ્વજદંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટીસો ચોટાડવા સુત્રો લખવા વિગેરે માટે પરવાનગી વિના કોઈપણ વ્યક્તિ જમીન, મકાન, કંમ્પાઉન્ડ, દીવાલ વગેરેનો ઉપયોગ કરવા દેવો નહીં.

જાહેર મકાન એ શબ્દપ્રયોગ બાબતમાં આથી જણાવવામાં આવે છે કે, આ શબ્દપ્રયોગમાં મિલ્કત, ધોરી માર્ગ પર અથવા માર્ગના મહત્વના ચાર રસ્તા પર માર્ગદિશા બતાવતા, સાઈનબોર્ડ, માઈલ પથ્થરો, રેલ્વે ફાટક પર ચેતવણીરૂપ નોટીસ, રેલ્વે પ્લેટફોર્મ બસ ટર્મીનલના નામના બોર્ડ અથવા જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શીત કરે કોઈ અન્ય નોટીસ બોર્ડનો સમાવેશ થશે. પરંતુ તેટલા પૂરતો મર્યાદિત રહેશે નહીં.

ઉપર્યુક્ત જોગવાઈઓનો ભંગ કર્યેથી ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આ હુકમનો અમલ જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે.

આજ તારીખ ૦૪-૧૦-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૪ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં. : એમએજી/સી//૬/૨૦૦૫.-નગરપાલિકા, તાલુકા/ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ-૨૦૦૫ અંતર્ગત મતદાન દિવસે વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને મતદારો માટે વાહનોનો દુરૂપયોગ કરી મતદારોને અયોગ્ય રસ્તે રીઝવી ન શકાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો આગામી ચૂંટણીઓ કેટલી ન્યાયી, નિષ્પક્ષ રીતે યોજાય તેનું અનુમાન ન થાય. જેની અસર સામાન્ય જનમાનસ ઉપર થાય તેમજ પ્રતિસ્પર્ધા ઉમેદવારો ઉપર પણ થાય જેના કારણે સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાનો અવકાશ રહેતા. ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુ:ખ થાય અને ઘર્ષણ ઉભું થવાની પૂરેપૂરી સંભાવના રહે તેથી સુલેહશાંતિ ભંગ થવા સંભાવના હોઈ, જે અટકાવવા તેમજ ઉક્ત ચૂંટણીઓ દરમ્યાન વપરાતાં વાહનોના દુરૂપયોગ પર નિયંત્રણ કરવાના હેતુસારૂ સાવચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા હું, એ. સી. રાઠોડ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું કે :

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બીન રાજકીય પક્ષો કે તેના ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેઓની સહમતિથી બીજી કોઈ વ્યક્તિ દ્વારા મતદાનના દિવસે.

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાનો મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) ઉપરોક્ત ચૂંટણી બાબતમાં ચૂંટણી લડતા દરેક ઉમેદવારને મતદાનના દિવસે અધિકૃત સત્તાધિકારીએ આપેલ પરમીટવાળા વાહનને આ પ્રતિબંધ લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આજ તારીખ ૪-૧૦-૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૪ માહે ઓકટોબર, સને ૨૦૦૫

ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં. : એમએજી/સી/૭/૨૦૦૫.-નગરપાલિકા, તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ-૨૦૦૫ના અનુસંધાને ચૂંટણી પ્રચાર અભિપ્રાય રૂપે રાજકીય/બીનરાજકીય પક્ષોના કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ પોત પોતાના મત વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ હોય, આ પ્રચારના હેતુ માટે તેઓ દ્વારા મોટા પ્રમાણમાં વાહનોનો ઉપયોગ પણ કરવામાં આવનાર હોય, ઉમેદવાર કે તેની સહમતીથી બીજી કોઈ વ્યક્તિ દ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવશે તે સંજોગમાં આવા વાહનોનો ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારના પ્રચાર માટે વપરાતા વાહનોના સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો આગામી ચૂંટણીઓ કેટલી ન્યાયી, નિષ્પક્ષ રીતે યોજાય તેનું અનુમાન ન થાય. જેની અસર સામાન્ય જનમાનસ ઉપર થાય તેમજ પ્રતિસ્પર્ધા ઉમેદવારો ઉપર પણ થાય જેના કારણે સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવાનો અવકાશ રહેતા, ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુઃખ થાય અને ઘર્ષણ ઉભું થવાની સંભાવના રહે, તેથી સુલેહશાંતિ ભંગ થવા સંભાવના રહે, તેથી સુલેહશાંતિ ભંગ થવા સંભવ હોઈ, આથી, હું, એ. સી. રાઠોડ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું કે,

કોઈપણ રાજકીય પક્ષો કે બીનરાજકીય પક્ષો તેમના ઉમેદવારો કે તેઓની સહમતિથી કોઈ વ્યક્તિ દ્વારા કે કોઈપણ ઉમેદવારના ચૂંટણી પ્રચારમાં વાહનોના ઉપયોગ કરવામાં આવે તેવા તમામ સતા ધરાવતા અધિકૃત અધિકારી પાસે, આવા પ્રચારમાં વપરાતા વાહનો રજિસ્ટર કરવાના રહેશે અને રજિસ્ટર કરાયેલ વાહન પરત્વેનો પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે પરમીટ વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વીન્ડસ્કીન પર ચોટાડવાની રહેશે આ પરમીટમાં વાહન કયાં વિસ્તારમાં ઉપયોગમાં લેવા માટે નોંધણી કરાવવામાં આવેલ છે તેની સ્પષ્ટ વિગત પણ દર્શાવવાની રહેશે. પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે કરી શકાશે નહી.

આ નિયંત્રણો યાંત્રિક શકિતથી કે અન્ય કોઈ રીતે ચાલતાં વાહનોને લાગુ પડશે. આવા વાહનોમાં મીની બસ, સ્ટેશન વેગન, ટેકસી, ખાનગી કાર, ટ્રક કે ટ્રેલર કે તે વિનાનું ટ્રેકટર, ઓટો રીક્ષા, સ્કુટર વગેરેનો સમાવેશ થાય છે. પરંતુ નિયંત્રણો માત્ર આ જ વાહનો પૂરતા મર્યાદિત રહેશે નહી.

ઉપર્યુકત હુકમનો ભંગ કર્યેથી ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ હેઠળ કસુરવાર સામે પગલા લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ગુન્હો સાબીત થયે એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- દંડ અથવા બન્નેની સજા થઈ શકે છે.

આ હુકમનો અમલ જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી કરવાનો રહેશે.

આજ તારીખ ૪ માહે ઓકટોબર સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૪ માહે ઓકટોબર સને ૨૦૦૫.

એ. સી. રાઠોડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણી પ્રમાણપત્ર

નધણ/ચ-૧૭૧૧/૮૮૯૨-૨૦૦૫.-જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, અમરેલી આથી જાહેર કરે છે કે, શ્રી બાપા સીતારામ કોટન જીનીંગ પ્રેસીંગ એન્ડ પ્રોસેસીંગ કો. ઓપ. સોસાયટી લીમીટેડ, સ્થળ ફવી, તાલુકો સા. કુંડલા, જિલ્લો અમરેલીને નોંધણી નં. સે. ૩૫૬૧૧, તા. ૩૦-૦૯-૨૦૦૫ થી સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

ડી. બી. પટેલ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય ગાંધીનગરનાં તા. ૩૦-૦૩-૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ-૨૪-૯૧-ડીડીસી-૧૧૬૮-૫૨૦૪-જે.

INDEX

(૨) આ કચેરીના ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/તારીખ.૧૬-૭-૨૦૦૫ ત્થા તારીખ. ૫-૯-૨૦૦૫નો પત્ર.

આદે

ક્રમાંક : ફડચ/ક-૪/૧૫૩૯૯/૧૭૫૮/૬૮/૨૦૦૫.-આથી હું એસ. એન. જોષી, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ શ્રી રાંદલ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. નવાગામઘેડ, તા. જામનગર, જી. જામનગર જે નોંધણી નંબર ૩૭૦૨ તારીખ : ૯-૧૧-૧૯૭૦ થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની પેટા કલમ-૧ (અ) (ક) (૨) (૪) ત્થા પેટા કલમ-૩ અન્વયે ફડચામાં લઈ જતાં વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂં છું.

સદરહું અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફ-૧ કચેરીમાં જામનગરની નિમણુંક કરૂં છે. તે ફડચાની કાર્યવાહી નિયત સમય મર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પુર્ણ કરવાની રહેશે.

જામનગર, ૩૦ સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય ગાંધીનગરનાં તા. ૩૦-૦૩-૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ-૨૪-૯૧-ડીડીસી-૧૧૬૮-૫૨૦૪-જે.

(૨) આ કચેરીના ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/૧૨૧૨-૧૫/૨૦૦૫ તારીખ ૧૬-૭-૨૦૦૫ ત્થા તારીખ. ૫-૯-૨૦૦૫નો પત્ર.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૫૫૪૦/૧૭૪૮/૫૭/૨૦૦૫.-આથી હું એસ. એન. જોષી, જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ ઓમશ્રી રામ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. તા. જામનગર, જી. જામનગર જે નોંધણી નંબર ૧૭૦૪૫ તારીખ : ૨૮-૨-૧૯૯૬ થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ની પેટા કલમ-૧ (અ) (ક) (૨) (૪) ત્થા પેટા કલમ-૩ અન્વયે ફડચામાં લઈ જતાં વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂં છું.

સદરહું અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફ-૧ કચેરીમાં જામનગરની નિમણુંક કરૂં છું. તે ફડચાની કાર્યવાહી નિયત સમય મર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પુર્ણ કરવાની રહેશે.

જામનગર, ૩૦ સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

એસ. એન. જોષી,
જીલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 3rd NOVEMBER, 2005/KARTIKA 12, 1927 [No. 44

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	719-724	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	752-757
		PART - II Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	849-856
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(સી) હેઠળનું

પ્રાથમિક જાહેરનામું

નં. એમએજી-સી-૪૫૭૪/૨૦૦૫.-જૂનાગઢ શહેરમાં રીક્ષાની સંખ્યામાં વધારો થતા, હૈયાત રીક્ષા સ્ટેન્ડમાં રીક્ષાની સંખ્યામાં ઉમેરો કરી આપવા માટે અતુલ શક્તિ ડિઝલ ઓટો રીક્ષા એસોસીએશન દ્વારા રજુઆત થતા, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સીબી-૪/૧૩૯/૨૩૪૪૬/૦૫ તા. ૨૨-૬-૦૫થી નીચે જણાવેલ હૈયાત રીક્ષા સ્ટેન્ડમાં, અતુલ રીક્ષાનો ઉમેરો કરી આપવાની અત્રે દરખાસ્ત રજુ થઈ છે.

ક્રમ	હૈયાત રીક્ષા સ્ટેન્ડનું સ્થળ	જાહેરનામાની અમલી રીક્ષાની વિગત		ઉમેરો કરવાની થતી અતુલ રીક્ષાની સંખ્યા
		જાહેરનામાના નંબર/તારીખ	હૈયાત રીક્ષાની સંખ્યા	
૧	૨	૩	૪	૫
૧	આહીર બોર્ડીંગ પાસે જગમાલ ચોક જવાના રસ્તે, જે જનતા ચોક દર્શાવેલ છે.	એમએજી/સી/૫૭૭૧/૫૮૯૨/ તા. ૧૮-૪-૨૦૦૦ (પાના નં. ૨ અનુ. નં. ૨૨)	૪	૫
૨	ગીરનાર દરવાજા ગોપાલ ધામની દિવાલ પાસે દરવાજા બન્ને બાજુ	એમએજી/સી/૫૭૭૧/૫૮૯૨/ તા. ૧૮-૪-૨૦૦૦ (પાના નં. ૧, ક્રમ નં. ૧૦)	૧૦	૧૦
૩	ગીરનાર પગથીયા પાસે દરવાજાની દક્ષિણે બોરદેવી તરફ	મકઠ/એમએજી/પોલ/ તા. ૧-૮-૭૨	૧૦	૧૦

આથી હું શ્રી બિપીન શ્રીમાળી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લા, જુનાગઢ સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩(૧)(સી)થી મને મળેલ અધિકારની રૂએ જુનાગઢ મહાનગરપાલીકાના વિસ્તારમાં આવેલા ઉપરોક્ત રીક્ષા સ્ટેન્ડમાં મંજુર થયેલ હૈયાત રીક્ષાની સંખ્યા ઉપરાંત કોલમ નં. ૫માં જણાવેલ વધારાની અતુલ ઓટો રીક્ષા ઉભી રાખવા માટેની (પાર્કીંગ માટે) વિચારણા ચલાઉ છું.

આ જાહેરનામુ ગુજરાત રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે, પરંતુ તેમ કરતા પહેલાં જે કોઈ વ્યક્તિને આ બાબતે વાંધો કે સુચનો હોય તેમણે આ પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦માં નીચે સહી કરનારને તેમની કચેરીમાં મોકલવાના રહેશે. મુદત બહાર આવેલા વાંધા કે સુચનો ધ્યાને લેવામાં આવશે નહી તથા મળેલા વાંધા કે સુચનોની પુરતી વિચારણા કર્યા બાદ આ પ્રાથમિક જાહેરનામું આખરી કરવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

જાહેરનામું આખરી થયે અને અમલમાં આવ્યેથી તેની અસર શરૂ થશે અને સદરહું જાહેરનામાનો કોઈપણ ભંગ કે ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામુ આજરોજ તારીખ ૫મી માહે ઓકટોબર સને-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા સાથે જાહેર જનતાની જાણ તથા વાંધા સુચનો મુદતમાં રજુ કરવા માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૫ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

બિપીન શ્રીમાળી,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા ૩ અન્વયેનો હુકમ

જાહેરનામું

નં. નાચિ/પલસ/૩/વશી/૮૬૦૪ થી ૮૬૫૫/૨૦૦૫.-

(૧) આગામી દિવસોમાં "નવરાત્રી" તથા "રમજાનમાસ"ના તહેવારો આવનાર હોય, જિલ્લામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે. તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું એસ. એમ. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) **તા. ૦૪-૧૦-૨૦૦૫ થી તા. ૧૮-૧૦-૨૦૦૫ (બંને દિવસો સહિત)** અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં,

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડ, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવુ નહીં. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી અને બુમો પાડવી નહીં તથા સુત્રોચ્ચાર કરવા નહીં.

(૫) આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધસરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશક્તિના કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યક્તિઓને,

(૬) વધુમાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાની રૂઈએ,

તારીખ ૦૪-૧૦-૨૦૦૫ થી તારીખ ૧૮-૧૦-૨૦૦૫ (બંને દિવસો સહિત) અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર સબંધિત તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવું છું.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ)માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

(૯) આજ તારીખ ૩જી માહે ઓકટોબર-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૩ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

એસ. એમ. પટેલ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

જાહેરનામું

નં. મેજી/જાહેરનામું/૩૭(૧)૧૦/૨૦૦૫.—તા. ૪-૧૦-૨૦૦૫ થી તા. ૧૩-૧૦-૨૦૦૫ સુધી નવરાત્રી **તથા દશેરાપર્વની** ઉજવણી તથા તા. ૧૬-૧૦-૦૫થી તા. ૧૮-**૧૦-૦૫ સુધી આયોજીત** કચ્છ શરદોત્સવની ઉજવણી તથા જિલ્લામાં **તાલુકા/જિલ્લા** પંચાયત તથા નગરપાલીકાની સામાન્ય ચુંટણીઓ વિગેરેને અનુલક્ષીને જિલ્લામાં કાયદો વ્યવસ્થા જોખમાય નહી તેમજ સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું એચ. એસ. મહેતા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૪-૧૦-૨૦૦૫થી તા. ૩૦-૧૦-૨૦૦૫ સુધી નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં:-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) અપમાન કરવાના કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં. તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો, પ્લેકાર્ડો, પત્રિકાઓ અથવા બીજા કોઈ પદાર્થ, વસ્તુ તૈયાર કરવી નહીં. અગર અપમાન કરવાના ઈરાદાથી કોઈ નનામી બાળવી નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરે તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિઃ

"સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર"

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત મુંબઈ પોલીસ અધિનિયમ-૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજ રોજ તા. ૦૩-૧૦-૨૦૦૫ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૩ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

જાહેરનામું

નં. મેજી/પોલ/જાહેરનામું/૩૩(૧)(બી)૯/તા. ૨૮/૯/૨૦૦૫.- આસો નવરાત્રિ પર્વ તા. ૪-૧૦-૨૦૦૫ થી તા. ૧૨-૧૦-૨૦૦૫ દરમ્યાન ઉજવવામાં આવનાર છે. આ પર્વ દરમ્યાન જિલ્લાનાં તથા જિલ્લા બહારથી શ્રધ્ધાળુઓ પગે ચાલી માતાનામઢ ખાતે દર્શનાર્થે માતાનાં મઢ જાય છે. આ પદયાત્રિઓ ભુજ થી દેશલપર, નખત્રાણા, મથલ, રવાપર થઈ માતાના મઢ જાય છે અને હજારોની સંખ્યામાં પદયાત્રિઓ માટે નાની રીક્ષાઓ, ટેક્ષીઓ, મેટાડોર જેવા વાહનો પણ સેવા માટે આ રસ્તા પરથી સતત અવર-જવર કરતા હોય છે. આ સમય દરમ્યાન માતાનાં મઢ મધ્યે મોટો મેળો યોજાતો હોઈ મોટી સંખ્યામાં એસ.ટી.ની બસો પણ અવરજવર કરે છે. આ ઉપરાંત રસ્તા પરથી પ્રાઈવેટ લકઝરી બસો, લિગ્નાઈટની ટ્રકો જેવા ભારે વાહનો અવર-જવર કરતા હોઈ પદયાત્રિઓને મુશ્કેલી પડે છે અને ટ્રાફીક નિયમન કરવું જરૂરી બને છે. જેથી નીચે જણાવેલ ભારે વાહનોની અવર-જવર માટે રસ્તો એકમાર્ગીય કરવાનું ઈષ્ટ જણાય છે.

તેથી હું એચ. એસ. મહેતા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, તા. ૦૩-૧૦-૨૦૦૫ થી તા. ૧૩-૧૦-૨૦૦૫ સુધી આ નીચે અનુસુચિમાં દર્શાવેલ મુજબ માતાનાં મઢનો રસ્તો સદરહું તારીખો દરમ્યાન વાહનો લઈ જવા માટે એકમાર્ગીય કરવાનું ફરમાવું છું.

આ હુકમની અંદર વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એક્ટમાં વાહનોની જે વ્યાખ્યા આપી છે તેનો સમાવેશ થાય છે.

અનુસુચિ

(૧) પાનધ્રો તરફ જતાં વાહનો માટેઃ

એસ.ટી. તથા પ્રવાસી બસો ભુજથી માતાના મઢ જતી વખતે ભુજથી દેશલપર, નખત્રાણા, મથલ, રવાપર થઈ માતાના મઢ જશે. જ્યારે લીગ્નાઈટની ટ્રકો અને અન્ય ભારે વાહનો ભુજથી પાનધ્રો જતી વખતે, નખત્રાણા, નેત્રા, રવાપર, ઘડાણી, વાલ્કા, પાનેલી, દયાપર થઈને પાનધ્રો અને નારાયણ સરોવર તરફ જશે.

(૨) ભુજ તરફ આવતા વાહનો માટેઃ

નારાયણ સરોવર પાનધ્રો, થી ભુજ પરત આવતા ભારે વાહનો, એસ.ટી. બસો અને પ્રવાસી વાહનો સહીતના પાનધ્રોથી માતાનામઢ, રવાપર, મથલ થઈ ભુજ તરફ આવી શકશે.

ઉપરોક્ત જાહેરનામામાંથી નીચે જણાવેલ વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

(૧) પોલિસ ખાતાના ફરજ પરના ભારે વાહનો.

(૨) પોલિસ અધિકક્ષકશ્રીના આદેશ અનુસાર કે સ્થળ પરના સક્ષમ અધિકારી દ્વારા અધિકૃત કરેલ વાહનો.

આજ રોજ તા. ૨૮-૯-૨૦૦૫નાં મારી સહી તથા કચેરીનો સિક્કો મારી આ જાહેરનામું બહાર પાડયું.

કચ્છ-ભુજ, ૨૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

એચ. એસ. મહેતા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામુ

નાં. એમએજી/સી/૩૭(૧)/૨૦૦૫.-જિલ્લામાં જમીનની પેશકદમી દુર કરવાની કાર્યવાહી ચાલુ હોય, વેરાવળ પ્ર. પાટણ સંવેદનશીલ હોય તથા ગીરનાર પર્વત પર ગુરુ દત્તાત્રેયની જગ્યામાં તથા ત્રીજી ટુંક ખાતે વિવાદ ચાલુ હોય, વીજ પુરવઠાની અનિયમિતતાને કારણે આંદોલનાત્મક કાર્યક્રમો થવાની સંભાવના હોય નવરાત્રી તથા દશેરાના ઉત્સવનાં તહેવારો ઉજવાતા હોય તથા રમઝાન માસ ચાલુ હોય તેમજ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત વિ.ની ચુંટણી આવનાર હોય કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારુ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હથીયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તા. ૪-૧૦-૨૦૦૫નાં પત્રથી અત્રે દરખાસ્ત રજુ થઈ છે.

(૨) ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતાં સુલેહશાંતિ જાળવવા સારુ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે હું, એ. સી. રાઠોડ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની આંક-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તારીખ: ૭-૧૦-૨૦૦૫ થી ૩-૧૧-૨૦૦૫ બન્ને દિવસો સહીત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈ પણ વ્યક્તિ

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવા નહીં.

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહીં.

(છ) જેનાથી સુરુચીનો અને શાંતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવુ નહી, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહીં.

(૩) **આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેનાં ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાના કોઈ ખંડના ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીમાં કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબીત થવાથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦/-નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવજ્ઞાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યક્તિને ૬ માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/-નો દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૭મી ઓકટોબર-૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

એ. સી. રાઠોડ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ ગાંધીનગરના હુકમ ક્રમાંક : હ/૨૮/૮૪-ડીડીસી/૧૧૮૨/૭૪૨૫/ગ, તા. ૨૨-૩-૮૪.

(૨) આ કચેરીના અંતિમ આદેશ ક્રમાંક: ફડચ/ઝ/૧૨૩ થી ૧૫૦/૦૪.

(૩) ફડચા અધિકારીના પત્ર નં. ખસર/૦૧/ચ/૦૫ તા. ૨૩-૮-૦૫ વાળી દરખાસ્ત.

(૪) સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૯ની જોગવાઈ.

હુકમ

ક્રમાંક ફડચ/ઝ/૨૪૦/૨૦૦૫.-**ઉક્ત વંચાણ** ક્રમ-૨ વાળા હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી બન્ની વિસ્તાર જંગલ

કામદાર સહ. મં. લી., મુ. એરંડાવલી હાલ ફડચામાં વંચાણ ક્રમ-૩ વાળા પત્રથી થયેલ દરખાસ્ત મુજબ શ્રી બન્ની વિસ્તાર જંગલ કામદાર સહ. મં. લી. મુ. એરંડાવલીને વંચાણ ક્રમ-૪ વાળા કાયદાની કલમ-૧૯(૧) અન્વયે આથી પુર્નજીવીત કરવામાં આવે છે.

(૧) સદરહું સંસ્થાના નોંધણી નંબર ૧૦૭૭૨/૯૫-૯૬ તથા મંડળીનુ નામ તથા પેટાનિયમ અગાઉ થયેલ નોંધણી પ્રમાણે યથાવત રહેશે.

(૨) સંસ્થાને આર્થિક રીતે સધ્ધર કરવાના પ્રયત્નો હાથ ધરવાના રહેશે.

(૩) સંસ્થાને સહકારી કાયદાકાનુન અને પેટાનિયમોના ઉદ્દેશો મુજબ કામગીરી કરવાની રહેશે.

(૪) મંડળી ઉપર જે કંઈ સરકારી લેણું બાકી હશે તે તરતથી ભરપાઈ કરવાનુ અને જિલ્લા રજિસ્ટ્રારશ્રીની કચેરી ભુજ તરફથી જે કંઈ શરતો અને બોલીઓ સુચવવામાં આવશે તેનો અમલ કરવાનો રહેશે.

(૫) સંસ્થાએ નિયમિત વા. સાધા. સભા તથા કમિટિ બેઠકો બોલાવવાની રહેશે.

(૬) ફડચા અધિકારીશ્રીએ એક માસની અંદર ખાસ સાધા. સભા બોલાવી નવા હોદ્દેદારોને ચાર્જ સુપરત કરવાનો રહેશે.

ભુજ-કચ્છ, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વાય. એ. બલોચ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૧૯૯૧નાં જાહેરનામા ક્રમાંકઃ જીએચકેએચ-૨૪-૯૧-ડીડીસી-૧૧૬૮-પ૨૦૪-જે.

(૨) આ કચેરીનાં અંતિમ આદેશ ક્રમાંકઃ ફડચ-ક-૪-૧૪૮૫૬-૨૪૪૯-૫૬-૨૦૦૨ તારીખ ૨૬-૧૧-૨૦૦૨.

(૩) શ્રી સહકારી અધિકારી (ફ-૧) કચેરીમાં જામનગરનાં તા. ૨૬-૯-૦૫ના પત્ર ક્રમાંકઃ ફડચ-ફ-૧-૪૭૮-૦૫થી રજુ થયેલ દરખાસ્ત.

(૪) શ્રી સબ ઓડિટર (લી. રી.) સ. મં. જામનગરનાં તા. ૨૬-૯-૦૫ના પત્ર ક્રમાંકઃ અષણ-૧૩૨-૦૫થી સંસ્થાના તા. ૧-૪-૨૦૦૧ થી તા. ૨૬-૯-૦૫ સુધીનાં સમયના અંતિમ ઓડિટના અહેવાલની નકલ રજુ થતાં.

હુકમ

ક્રમાંક : ફડચ-ક-૪-૧૭૨૯/૩૮-૨૦૦૫.-આથી હું, એસ. એન. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ શ્રી મોટીવાવડી તેલીબીંયા ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. મોટી વાવડી, તા. કાલાવડ, જિલ્લો જામનગર, જે નોંધણી નંબર-૬૩૩૦ તા. ૨-૩-૧૯૮૪થી નોંધાયેલ છે. તેને કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચા અંગની તમામ કાર્યવાહી પૂર્ણ થતાં, સહકારી કાયદાની કલમ-૨૦(૧) અન્વયે નોંધણી રદ કરૂ છું.

જામનગર, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૧૯૯૧નાં જાહેરનામા ક્રમાંકઃ જીએચકેએચ-૨૪-૯૧-ડીડીસી-૧૧૬૮-પ૨૦૪-જે.

(૨) આ કચેરીનાં અંતિમ આદેશ ક્રમાંકઃ ફડચ-ક-૪-૧૪૮૯૮-૧૨૫-૩૩-૨૦૦૩, તારીખ ૨૨-૦૧-૨૦૦૩.

(૩) શ્રી સહકારી અધિકારી(ફ-૧) કચેરીમાં, જામનગર તરફથી તા. ૨૬-૯-૦૫નાં પત્ર ક્રમાંકઃ ફડચ-ફ-૧-૪૭૯-૦૫થી રજુ થયેલ દરખાસ્ત.

(૪) શ્રી સબ ઓડીટર (લી. રી.) સ. મં. જામનગર તરફથી તા. ૧-૪-૦૨થી તારીખ ૨૧-૯-૦૫ સુધીનાં સમયનું સંસ્થાનું અંતિમ ઓડિટ કરી તા. ૨૬-૯-૦૫થી ઓડિટ નોંધ મોકલતા.

હુકમ

ક્રમાંકઃ ફડચ-ક-૪-૧૭૩૯/૪૭-૨૦૦૫. આથી હું, એસ. એન. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ શ્રી જયકિશાન વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી. મુ. મોટા પાંચદેવડા, તા. કાલાવડ, જિલ્લો જામનગર, જે નોંધણી નંબર-૨૪૦૮ તા. ૨૭-૦૪-૧૯૯૫થી નોંધાયેલ છે. તેને કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચા અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ થતાં, સહકારી કાયદાની કલમ-૨૦(૧) અન્વયે નોંધણી રદ કરૂ છું.

જામનગર, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

એસ. એન. જોષી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 10th NOVEMBER, 2005/KARTIKA 19, 1927 [No. 45

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	725-740	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	758-769
		PART - II Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	857-868
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

અખબારી યાદી

નં. : નાચિ-૫લસ-વશી-૯૪૮૨ થી ૯૫૫૦-૦૫.-ગુજરાત સરકારના ચૂંટણી પંચ તરફથી આગામી નગરપાલિકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૦૫નો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. સબબ અમરેલી જિલ્લાના તમામ ખાનગી મુદ્રણાલયોના માલીકો/સંચાલકોને તથા ઝેરોક્ષ કે અન્ય રીતે નકલો છાપનારાઓને આથી જણાવવામાં આવે છે કે ચૂંટણીપંચની જોગવાઈ અનુસાર ચૂંટણી અંગેના સાહીત્ય, ભીતપત્ર, ચોપાનીયા કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશનના નામ અને પુરા સરનામાં સ્પષ્ટ પણે અવશ્ય છાપવાના રહેશે. તેમજ સદરહું ચૂંટણીપંચના હુકમની જોગવાઈ મુજબનું એકરારનામું પ્રકાશક પાસેથી મુદ્રકે બે નકલમાં મેળવી તેની એક નકલ ઉપર જણાવ્યાની વિગતે તેમણે કે તેમના પ્રતિનિધિએ મુદ્રક કરેલ (છાપેલ દસ્તાવેજની) ચાર નકલો સાથે નીચે સહી કરીને દિન-૨માં મળી જાય તે રીતે રજુ કરવાની રહેશે.

ચૂંટણીપંચના હુકમની જોગવાઈઓ અને ચૂંટણી પંચની આ અંગેની સુચનાઓના કોઈપણ ઉલ્લંઘનને ખુબજ ગંભીરતાથી લેવામાં આવશે અને આવા કેસોમાં પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ મુદ્રણલાયનું લાયસન્સ/રજિસ્ટ્રેશન રદ કરવા જેવા કડક પગલા લેવામાં આવશે જેની તમામ સંબંધકર્તાઓએ નોંધ લેવી.

અમરેલી, ૧૦ માહે ઓકટોબર સને ૨૦૦૫.

વંચાણમાં લીધા :

(૧) સરકારશ્રીના ગૃહ વિભાગનાં તા. ૨૨-૯-૨૦૦૦ના જાહેરનામાં ક્રમાંક : જીજી-૧૧૫-સીઆરસી-૩૨૯૯-૪૯૪૪-મ તથા રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ચટણ-અમર-૩(૨)-કલમ-૧૪૪-૯૨૦૦૫-ક, તારીખ ૩૦-૯-૨૦૦૫.

હુકમ

નં. : નાચિ-૫લસ-વશી-૯૩૭૩ થી ૯૪૫૦-૦૫.-અમરેલી જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતો તથા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તા. ૨૫-૧૦-૨૦૦૫ના કામે રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દવારા જેમને ચૂંટણી અધિકારીશ્રી તથા મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિમણુંક આપવામાં આવેલ છે અને તે પૈકી જે અધિકારીઓને હોદાની રૂએ કાર્યપાલક મેજિસ્ટ્રેટના અધિકાર મળેલા નથી. તેવા અધિકારીઓ તેમજ ચૂંટણી અધિકારી દવારા જેમને ઝોનલ અધિકારી, ખાસ ઝોનલ અધિકારી, મદદનીશ ઝોનલ અધિકારી તથા રીઝર્વ ઝોનલ અધિકારી તરીકે નિમણૂંક આપવામાં આવી છે, તેવા વર્ગ-૨ થી નીચેના સંવર્ગના ન હોય તેવા તમામ અધિકારીઓને ચૂંટણીની કામગીરી મુકત અને ન્યાયી રીતે કરી શકાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપુર્ણપણે નિયંત્રણ રાખી શકાય તે માટે સરકારશ્રીના ગૃહ વિભાગનાં વંચાણ-૧માં દર્શાવેલ જાહેરનામામાંથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ-૧૪૪ના અધિકારો મળવા પાત્ર થાય છે.

ઉકત અધિકારો ભોગવવા માટેનો વિસ્તાર અને સમયગાળો નિશ્ચિત કરવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટને અધિકૃત કરવામાં આવેલ છે. અમરેલી જિલ્લામાં જિલ્લા/તાલુકા પંચાયતો તથા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીનું મતદાન તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાનાર છે. આવા અધિકારો મતદાનની તારીખના અગાઉના ૭ દિવસથી વધુ નહી તેટલા સમયથી માંડીને ચૂંટણીની પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધીના સમય માટે જ આપવા જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ લક્ષમાં લઈ અમરેલી જિલ્લાની યોજનાર જિલ્લા/તાલુકા પંચાયતોની અને નગરપાલિકાઓની ચૂંટણીના કામે ફકરા-૧માં જણાવેલ વિગતે નિયુકત થયેલા અધિકારીઓને તેઓ જે અમરેલી જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતો તથા નગરપાલિકાની ચૂંટણીના કાર્યક્ષેત્રમાં તા. ૧૮-૧૦-૦૫થી ચૂંટણીની પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધીના સમય (તા. ૦૩-૧૧-૦૫) સુધી ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના સરકારશ્રીએ આપેલા અધિકારો ભોગવવા આથી અધિકૃત કરવામાં આવે છે.

અમરેલી, ૧૦ માહે ઓકટોબર સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં. : નાચિ/પલસ/વશી/૯૩૧૮ થી ૯૩૭૦/૨૦૦૫.- ગુજરાત ચૂંટણી પંચ દ્વારા નગરપાલિકા/તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૦૫નો ચૂંટણી કાર્યક્રમ જાહેર થયેલ છે. તે મુજબ અમરેલી જિલ્લામાં નગરપાલિકા/તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીઓનું મતદાન તારીખ ૨૫-૧૦-૦૫ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા. ૨૭-૧૦-૦૫ના રોજ થનાર હોય, જેથી ચૂંટણીની તમામ પ્રક્રિયા તા. ૩-૧૧-૨૦૦૫ના રોજ પુરી થનાર છે. ચૂંટણીપંચ દ્વારા હથિયાર અંગે જરૂરી સુચના તેમના તા. ૧૮-૩-૧૯૯૯ના હુકમ નં. : એસઈસી/ઈએલસી/સીઓસી/૧૬-૧૯૯૯ થી બહાર પાડેલ છે.

ચૂંટણી દરમ્યાન જીલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરૂરી પ્રબંધ કરવો આવશ્યક જણાય છે. મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતિ રહે, સુલેહશાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર ગુજરાતના ચૂંટણી પંચના તા. ૧૮/૩/૧૯૯૯ અન્વયે બહાર પાડેલ સૂચનાઓ ધ્યાનમાં લેતાં અમરેલી જીલ્લાના હથિયાર પરવાનેદારોએ ધારણ કરેલ હથિયારના સંદર્ભમાં કેટલાક પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

જેથી હું પી. કે. ગઢવી, I.A.S. જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) અમરેલી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ વ્યક્તિએ શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરી ફરવું નહી, તેમજ હથિયાર પોતાના રહેઠાણના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવા.

(૨) જીલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યક્તિઓ કે જેઓ હાલ અત્રેના જીલ્લામાં વસવાટ કરતા હોય તેમને પણ પોતાનું હથિયાર પોતના રહેણાંકના સ્થળે પોતાની સેફ કસ્ટડીમાં રાખવું. અને હથિયાર ધારણ કરી હરવું-ફરવું નહીં.

(૩) નીચે દર્શાવ્યા મુજબના વ્યક્તિઓએ ધારણ કરેલ હથિયાર પરવાના હેઠળના પરવાનેદારોના સંદર્ભમાં વ્યક્તિગત અને વિગતવાર સમીક્ષા કરીને તેમના હથિયાર પોલીસ સ્ટેશનમાં જમા લેવા માટે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીને અધિકૃત કરવામાં આવે છે.

(અ) જામીન ઉપર છોડેલી વ્યક્તિઓ,

(બ) ફોજદારી ગુન્હાઓ કર્યાની ભૂમિકાવાળી વ્યકિતઓ,

(ક) હુલ્લડના ગુન્હામાં ખાસ કરીને ચૂંટણી સમય દરમ્યાન સંડોવાયેલા વ્યક્તિઓ,

(ડ) ગંભીર ગુનામાં સંડોવાયેલા વ્યક્તિઓ,

(ઈ) ચૂંટણીના પ્રક્રિયા દરમ્યાન કોયદો અને વ્યવસ્થા જાળવવામાં બાધકરૂપ થાય તે હોય તેવા ઈસમો,

ચૂંટણીની પ્રક્રિયા શરૂ થયેલ હોઈ યોગ્ય સમયમાં નોટિસ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી આપવાનું શક્ય ન હોઈ ઉપર પેરામાં જણાવેલ હુકમ હું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેર કરૂં છું.

સદરહું આદેશ, કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતા અધિકારીશ્રીઓ, સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણીપંચે નીમેલા નિરીક્ષકોને લાગુ પડશે નહીં.

આ આદેશનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમ તા. ૦૩-૧૧-૨૦૦૫ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૧૦મી ઓક્ટોબર ૨૦૦૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડ્યો.

અમરેલી, ૧૦ માહે ઓકટોબર સને ૨૦૦૫.

પી. કે. ગઢવી,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
અમરેલી.

મુંબઈ પોલીસ અધિનિયમ-૨૨માની કલમ-૩૭(૩) અન્વયે

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું ૩૭(૩)/૧૦/૨૦૦૫.-જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, કચ્છ ભુજના તા. ૨૮-૨-૬૭નાં જાહેરનામાં ક્રમાંક એમ. એજી/પોલ/૪/૬૫, તા. ૨૮-૨-૬૭થી સભા/સરઘસની પરવાનગી માટે નિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પરંતુ હાલ

જિલ્લામાં તાલુકા/જિલ્લા પંચાયત/નગરપાલીકા ચૂંટણીઓ યોજવામાં આવનાર છે. જેથી ચૂંટણી પ્રચાર માટે ઉમેદવારો, પક્ષના કાર્યકરો દ્વારા સભા, સરઘસ, રેલી, વિગેરેનું આયોજન થશે. આ સભા, સરઘસ વ્યવસ્થિત રીતે યોજાય અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતી જાળવવા તથા જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુસર નીચે અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં જેમાં હવે પછી સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કર્યો છે તે વિસ્તારોમાં પરવાનગી લીધા સિવાય તેમાં કોઈ વ્યક્તિઓની મંડળી અને સભા/સરઘસ ન યોજાય તે માટે ગ્રામ્ય તથા નગરપાલીકા વિસ્તારમાં રાત્રીનાં ૧૦-૦૦ વાગ્યા પછી કોઈ વ્યક્તિઓની મંડળી અને સભા/સરઘસ ન યોજાય તે માટે મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧ના ૨૨માંની કલમ-૩૭ની પેટા કલમ-(૩)થી મને મળેલ સત્તાની રૂએ હું, પ્રદીપ શર્મા, જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, તા. ૧૫-૧૦-૨૦૦૫ થી તા. ૨૩-૧૦-૨૦૦૫ના સાંજના ૫-૦૦ કલાક સુધીની મુદત માટે આ નીચે જણાવેલ અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં જેમાં હવે પછી સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કર્યો છે. તેમાં વ્યક્તિઓની કોઈ મંડળી, સભા અને સરઘસ પરવાનગી સિવાય ભરવા માટે મનાઈ ફરમાવું છું. ગ્રામ્ય તથા નગરપાલીકા વિસ્તારમાં રાત્રીનાં ૧૦-૦૦ વાગ્યા પછી મંડળી, સભા અને સરઘસની પરવાનગી નહીં આપવા ફરમાવું છું.

વધુમાં આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યક્તિઓ, સંસ્થાને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) કોઈ લગ્ન પ્રસંગના વરઘોડાને.

(૪) કોઈ સ્મશાન યાત્રાને.

(૫) ખેતી કામ માટે જતા ઓજારો સાથે ખેડુતોની વ્યક્તિઓના જુથને.

અનુસુચિ : સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર.

આ હુકમનો કોઈ ભંગ અથવા ઉલ્લંઘન કરેથી સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-(૩) અને ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૪-૧૦-૨૦૦૫નાં મારી સહીં કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડયો.

કચ્છ-ભુજ, ૧૪ માહે ઓક્ટોબર સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩

વંચાણ :

(૧) નાયબ સચિવશ્રી, ગૃહવિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૧૧૫/સીઆરસી/૩૨૯૯/૪૯૪૪/મ, તા. ૨૨-૯-૨૦૦૫.

(૨) સચિવશ્રી, રાજ્ય ચૂંટણીપંચના પત્ર ક્રમાંક : રાચપ-અચર ૩(૨) નપ-૦૧-ક. તા. ૨-૭-૨૦૦૧.

જાહેરનામું

નાં. મેજી/તા.જી.ન./ચૂંટણી/૨૦૦૫.-વંચાણ-૧, ૨થી મળેલ આદેશ અનુસાર હું, પ્રદિપ શર્મા, જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ ૧૯૭૩નાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-(૧૯૭૪નો ૨જો)ની કલમ-૨૧થી મળેલ સત્તાની રૂએ નીચે મુજબનાં હુકમ કરૂં છું.

રાજ્ય ચૂંટણી પંચ દવારા તાલુકા/જિલ્લા પંચાયત/નગરપાલીકાની સામાન્ય ચુંટણીઓનું મતદાન તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજનાર છે. આ ચૂંટણીનાં અનુસંધાને કચ્છ જિલ્લાના તાલુકા/જિલ્લા પંચાયત તથા નગરપાલીકા વિસ્તાર માટે ચૂંટણી અધિકારીઓ મદદનીશ ચૂંટણી અધિકારીઓ અને ઝોનલ ઓફીસરો નીમવામાં આવે છે. ચૂંટણીની કામગીરી મુક્ત અને ન્યાયી રીતે કરી શકાય અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણપણે નિયંત્રણ રાખી શકાય તે માટે આથી ચૂંટણી માટે નિમવામાં આવેલ વર્ગ ૨થી નીચેના સંવર્ગના ન હોય તેવા તમામ ચૂંટણી અધિકારીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, તમામ ઝોનલ અધિકારીઓ, ખાસ ઝોનલ અધિકારીઓ અને રીઝર્વ ઝોનલ અધિકારીઓને તેઓના જે વિસ્તાર માટે નિમણુંક કરવામાં આવી હોય તે વિસ્તાર માટે તારીખ ૧૮-૧૦-૨૦૦૫થી ચૂંટણીની પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે આ અધિનિયમની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે નીમીને કલમ-૧૪૪નાં અધિકારો આપુ છું.

કચ્છ-ભુજ, ૧૪ માહે ઓક્ટોબર સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) મુજબ

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું/ચૂંટણી/૩૩(૧)૧૦/૨૦૦૫.-આગામી તાલુકા/જિલ્લા પંચાયત/નગરપાલીકા સામાન્ય ચૂંટણી ૨૦૦૫ સંદર્ભે ચૂંટણી સમય દરમ્યાન રાજકીય પક્ષ/ઉમેદવારો તરફથી વિશાળ કટઆઉટ, જાહેરાત પાટીયા/બેનર વિગેરે દ્વારા ઈ.પી.કો. ક-૧૭૧ એચ.ની કાનુની જોગવાઈઓનો ભંગ કરીને કરેલ ખર્ચ વહોરવા અથવા અધિકૃત કરવા ઉપર અસરકારક અંકુશ મુકવા અને મુક્ત તથા ન્યાયી ચૂંટણીઓના હિતાર્થે રાજ્ય ચૂંટણી પંચે

નક્કી કરેલ આચાર સંહિતા મુજબ નિયમન કરવું જરૂરી હોઈ, હું, પ્રદીપ શર્મા, જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (ડી.એ.),(ડી.બી.)થી મળેલ સત્તાની રૂએ સમગ્ર કચ્છ જિલ્લામાં આગામી તાલુકા/જિલ્લા પંચાયત/નગરપાલીકા ચૂંટણી સંદર્ભે ચૂંટણીલક્ષી જાહેરાત, પાટીયા, બેનર, કટઆઉટ મુકવા બાબતે નીચે મુજબના નિયમો તાત્કાલીક અમલમાં લાવવા જરૂરી હોતાં નીચે મુજબનાં નિયમો કરવા હું હુકમ કરૂં છું.

૧. કોઈપણ રાજકીય પક્ષ/ઉમેદવાર/સંસ્થા અથવા વ્યક્તિ દ્વારા કટઆઉટ, હોર્ડીંગ્સ, તોરણો, ધ્વજ પતાકા વિગેરે કોઈપણ જાહેર જગ્યાએ તેમજ જાહેર રસ્તા ઉપર મુકી શકાશે નહીં એટલે કે સરકાર, મ્યુનિસીપાલીટી કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મિલકત ભાડે આપી હશે તો પણ) મુકી શકાશે નહીં.

૨. જો કટઆઉટ/હોર્ડીંગ્સ વિગેરે ખાનગી માલીકીની જગ્યામાં મુકવામાં આવેતો નીચે દર્શાવેલ શરતોનું પાલન થવું જોઈએ અને તોજ ખાનગી માલીકીની જગ્યાએ આવા કટઆઉટ/જાહેરાતના પાટીયા/બેનર મુકી શકાશે.

અ. હોર્ડીંગ્સ સાઈઝ ૧૫ × ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહીં.

બ. કટઆઉટની ઉંચાઈ ૮ ફુટથી વધતી જોઈએ નહીં.

ક. કટઆઉટ, જાહેર પાટીયા, બેનર વિગેરે કોઈ સ્થળે મુકતા પહેલાં તે અંગેની જાણ સબંધીત મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને કરવાની રહેશે તથા તેમની મંજુરી મેળવી લેવાની રહેશે.

ડ. મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ જો તે રાજકીય પક્ષ/ઉમેદવાર અથવા કોઈ વ્યક્તિએ ખાનગી જગ્યામાં કટઆઉટ, જાહેરાતના પાટીયા, બેનર વિગેરે મુકયા હશે તે જગ્યાના માલીકની લેખીત મંજુરી લીધેલ હોવી જોઈએ આ મંજુરી જિલ્લા ચૂંટણી અધિકારી/ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી/પોલીસ અધિક્ષક જ્યારે માંગે ત્યારે તેની સમક્ષ રજુ કરવાની રહેશે.

ઈ. આ અંગેનો ખર્ચ જે તે વિસ્તારમાં હોર્ડીંગ્સ/કટઆઉટ વિગેરે મુકેલ હોય તદાનુસાર ઉમેદવારનાં ચૂંટણી ખર્ચમાં યોગ્ય સ્થળે દર્શાવવાનું રહેશે.

આ જાહેરનામાનો અમલ તા. ૧૪-૧૦-૨૦૦૫ થી તા. ૨૮-૧૦-૨૦૦૫ સુધી કરવાનો રહેશે.

કોઈ રાજકીય પક્ષ/ઉમેદવાર અથવા આવા કોઈ વ્યક્તિ દ્વારા ઉક્ત નિયમોનું ભંગ કરી ચૂંટણી લક્ષી કટઆઉટ, જાહેરાત પાટીયા અથવા બેનર્સ પ્રદર્શીત કરશે તો ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ તથા ૧૭૧ (ઝ) મુજબ શિક્ષાપાત્ર કાર્યવાહીને પાત્ર ઠરશે.

આજ રોજ તા. ૧૪ ઓકટોબર-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

કચ્છ-ભુજ, ૧૪ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

પ્રદીપ શર્મા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

રાજ્યનાં ચૂંટણીપંચ તરફથી બહાર પાડવામાં આવેલ સુચનાની અમલવારી કરવા અંગેનું ક્રીમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/નગરપાલીકા-પંચાયત/મોબાઈલ ફોન/૦૫.-આગામી જિલ્લા-તાલુકા પંચાયત તથા નગરપાલીકા ચૂંટણીના સંદર્ભે ચૂંટણીની ન્યાયી પ્રક્રિયા અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે રાજ્યના ચૂંટણીપંચ તરફથી મતદાનના દિવસે તમામ મતદાન મથકો તથા તેની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં અને મતગણતરીના દિવસે મતગણતરી સેન્ટર પર અને તેમાં પ્રવેશના નિયમન માટે ગોઠવાયેલ સીક્યુરીટી ફોર્સના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ વિ. લઈ જઈ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી. તેમજ આ સુચનાનો ભંગ કરનાર વ્યક્તિ પાસેથી તે સાધન જે તે સત્તાધિકારી દ્વારા જપ્ત કરવામાં આવશે અને મતગણતરી પુરી થયા પછી ચૂંટણીનુ પરિણામ જાહેર થયા બાદ જ, જે તે વ્યક્તિને તેનુ જપ્ત કરેલ સાધન પરત સોંપવામાં આવશે, તેવી સુચના થયેલ છે.

સબબ, હું, બિપીન શ્રીમાળી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ, ક્રીમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે, જુનાગઢ જિલ્લામાં યોજાનાર આગામી જિલ્લા-તાલુકા પંચાયત તથા નગરપાલીકાની ચૂંટણીના સંદર્ભે તા. ૨૫-૧૦-૦૫ના રોજ મતદાનના દિવસે તમામ મતદાન મથકો તથા તેની આજુબાજુના ૧૦૦ મીટર વિસ્તારમાં અને તા. ૨૭-૧૦-૨૦૦૫ના રોજ મતગણતરીના દિવસે મતગણતરી સેન્ટર પર અને તેમાં પ્રવેશના નિયમન માટે ગોઠવાયેલ સીક્યુરીટી ફોર્સના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ વિ. લઈ જવાનો તથા તેનો ઉપયોગ કરવા અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ પાસેથી તે સાધન જે તે સત્તાધિકારી દ્વારા જપ્ત કરવામાં આવશે અને મતગણતરી પુરી થયા પછી ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ જ જે તે વ્યક્તિને તેનુ જપ્ત કરેલ સાધન પરત સોંપવામાં આવશે. ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુન્હો સાબીત થયેથી એક માસની કેદ અગર રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૪-૧૦-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી બહાર પાડેલ છે.

જુનાગઢ, ૧૪ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

બિપીન શ્રીમાળી,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

સંદર્ભ :

(૧) આ કચેરીના આદેશ નં. મેજી/૪૨૬ તા. ૧૧-૧૨-૭૦.
(૨) આ કચેરીના આદેશ નં. મકજ/૪૨૫/એ તા. ૩૦-૦૧-૭૧.
(૩) આ કચેરીના આદેશ નં. મેજી/૪૫૬૬ તા. ૮-૧૨-૭૦.
(૪) આ કચેરીના આદેશ નં. મકજ/૭૩-૧ તા. ૨૮-૦૬-૭૩.
(૫) લાઉડ સ્પીકર વગાડવા અંગેના નિયમો-૧૯૬૦.

આદેશ

નં. ડીએમ/ચુ./તાજીપં/૧૦૧/૦૫.-આ કચેરીના સંદર્ભ ૧ અને ૨માં દર્શાવેલ હુકમોથી સરઘસો કાઢવા અને સભાઓ યોજવા અંગે પરવાનગી આપવાના અધિકારો પોલીસ અધિક્ષકશ્રીને આપવામાં આવેલ છે. તથા સંદર્ભ-૩, ૪, પથી લાઉડ સ્પીકર વગાડવાના અધિકારો અત્રે તથા પોલીસ અધિક્ષકશ્રીને આપવામાં આવેલ છે. તાલુકા/જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૦૫ તથા ખંભાલીયા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૦૫ દરમ્યાન ઉમેદવારો તરફથી સભાઓ યોજવા અને સરઘસો કાઢવા તથા લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગીઓ ઉતાવળે માંગવામાં આવે તે સમયે પોલીસ અધિકારીઓ કોઈ ગુનાની તપાસમાં રોકાયેલા હોય, અગર કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરીમાં રોકાયેલ હોય તેવા સમયે ઉમેદવારોને પરવાનગી મેળવવામાં સુગમતા રહે તેમજ આચાર સંહિતાનું યોગ્ય રીતે પાલન થાય તે હેતુથી માત્ર ચૂંટણીના હેતુ માટે માંગવામાં આવતી પરવાનગીઓના સંદર્ભમાં સરઘસ કાઢવા, સભા ભરવા તથા લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી આપવાના અધિકારો ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી સભા સરઘસ નિયમોના નિયમ-૧ અને ૮ હેઠળ તથા લાઉડસ્પીકર વગાડવા અંગેના નિયમોના નિયમ-૧ થી ૭ હેઠળ નીચેના અધિકારીશ્રીઓને આપવામાં આવે છે.

વિગત	વિસ્તાર	અધિકારો આપેલ અધિકારીનો હોદ્દો
સરઘસ કાઢવા તથા સભા ભરવા	મહાનગર પાલિકા વિસ્તાર	સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર
	ખંભાલીયા નગરપાલિકા વિસ્તાર	સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ખંભાલીયા
	જિલ્લાના અન્ય વિસ્તારો માટે	સબંધિત તાલુકા મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ચૂંટણી પ્રચારમાં ફરતા વાહનમાં તથા ચૂંટણી સભા સરઘસમાં લાઉડસ્પીકર વગાડવાની મંજુરી	મહાનગરપાલિકા વિસ્તાર	સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર
	ખંભાલીયા નગરપાલિકા વિસ્તાર	સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ખંભાલીયા
	જિલ્લાના અન્ય વિસ્તારો માટે	સબંધિત તાલુકા મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ

સભા, સરઘસની પરવાનગી ચૂંટણીપંચની વખતો-વખતની સૂચના, આદેશ અને નિયત થયેલ આચાર સંહિતા લક્ષમાં લઈ આપવાની રહેશે. અપાયેલ પરવાનગીની નકલ અત્રેને તથા ચૂંટણી અધિકારીશ્રીને મોકલવાની રહેશે.

જામનગર, ૧૧ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

ટી. નટરાજન,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જામનગર.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતનાં ચૂંટણીપંચ તરફથી બહાર પાડવામાં આવેલ આદર્શ આચાર સંહિતાના ભાગરૂપે અમલવારી કરવા અંગેનું

જાહેરનામું

નં. એમએજી-સી-આચારસંહિતા/૨/૧૦/૦૫.-પોરબંદર જિલ્લા/તાલુકા પંચાયત તથા પોરબંદર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ ૨૦૦૫ના અનુસંધાને રાજ્ય ચૂંટણીપંચ તરફથી આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની પણ સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષ અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકર્તાઓએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચાર સંહિતા અનુસાર સરકારી આરામગૃહો, ડાકબંગલાઓ તથા વિશ્રામગૃહોનો ચૂંટણીના કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

આથી પોરબંદર જિલ્લામાં સમાવિષ્ટ સરકારી, અર્ધ સરકારી સહકારી તમામ આરામગૃહો, ડાક બંગલાઓ, વિશ્રામગૃહો તથા જાહેર સ્થળો હોય તેવા તમામ ગૃહોનો કે સ્થળોનો કોઈ રાજકીય પક્ષના હોદ્દેદારો, કાર્યકરો ચૂંટણી લડતા ઉમેદવારો/ચૂંટણી એજન્ટો રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક બાબતો ચૂંટણી પ્રચારના હેતુસર ઉપયોગ કરવા અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

રાજકીય પ્રવૃત્તિમાં રાજકીય ચર્ચા ટેલીફોન ઉપર વાર્તાલાપ તથા મુલાકાતીઓ સહિતની બાબતોનો સમાવેશ થશે.

આ જાહેરનામાનો અમલ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે અને જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે સને. ૧૯૫૧ના લોક પ્રતિનિધિત્વ ધારા હેઠળ કડક યોગ્ય પગલા લેવામાં આવશે. ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુન્હો સાબિત થયેથી એક માસની સાદી કેદ અગર રૂા. ૨૦૦ સુધીનો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થ્યને અથવા સલામતીને નુકશાન કે ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ/બખેડો થાય તો તેવી વ્યક્તિને ૬(છ) માસ સુધીની સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીનો દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૫મી, ઓકટોબર-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો લગાવી પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

પોરબંદર, ૫ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

અખબારી યાદી

ક્માંક: એમએજી/૩/૧૦/૨૦૦૫.-રાજ્ય ચૂંટણીપંચ તરફથી પોરબંદર જિલ્લા/તાલુકા પંચાયત તથા પોરબંદર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૦૫નો કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. તથા પોરબંદર જિલ્લા/તાલુકા પંચાયત તથા પોરબંદર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. સબબ પોરબંદર જિલ્લાના તમામ ખાનગી મુદ્રણાલયોના માલિકો/સંચાલકો/ભાગીદારો તથા ઝેરોક્ષ કે અન્ય કોઈ રીતે નકલો છાપનારાઓ નકલો કરનારાઓને આથી જાણ કરવામાં આવે છે કે સને ૧૯૫૧ના લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૨૭(ક)ની જોગવાઈ મુજબ ચૂંટણી અંગેના કોઈ સાહિત્ય, ભીંતપત્ર, ચોપાનીયા કે આવી અન્ય સામગ્રી પર મુદ્રક પંક્તિમાં મુદ્રક અને પ્રકાશનના નામ અને પુરા સરનામા સ્પષ્ટ પણે અવશ્ય છાપેલા હોવા જોઈએ.

તેમજ ઉક્ત અધિનિયમની કલમ-૧૨૭-(ક)ની જોગવાઈ મુજબનું એકરારનામું પ્રકાશક પાસેથી મુદ્રકે બે નકલમાં મેળવી તેની એક નકલ ઉપર જણાવેલ વિગતે તેમણે કે તેમના પ્રતિનિધિએ મુદ્રિત કરેલા (છાપેલા) દસ્તાવેજોની ચાર નકલો સાથે નીચે સહી કરનારને દિવસ-બેમાં મળી જાય તે રીતે રજુ કરવાની રહેશે.

સને. ૧૯૫૧ના લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૨૭ (ક)ની જોગવાઈઓ અને ચૂંટણીપંચની આ અંગેની સુચનાઓના કોઈ પણ ઉલ્લંઘનને ખુબ ગંભીરતાથી જોવામાં આવશે અને યોગ્ય કેસોમાં રાજ્યના પ્રવર્તમાન કાયદાની જોગવાઈ અન્વયે મુદ્રણાલયનું લાયસન્સ/રજિસ્ટ્રેશન રદ કરવાના તથા અન્ય કાનુની રાહે કાર્યવાહી કરવા જેવા કડક પગલાં લેવામાં આવશે જેની તમામ સંબંધકર્તાઓએ નોંધ લેવી.

આજરોજ તા. ૫, ઓકટોબર-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો લગાવી પ્રસિધ્ધિ કરી.

પોરબંદર, ૫ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

અખબારી યાદી

નં. એમએજી-ઈલેકશન-૫/૧૦/૨૦૦૫.-રાજ્ય ચૂંટણી પંચ તરફથી પોરબંદર જિલ્લા/તાલુકા પંચાયત તથા પોરબંદર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે, પોરબંદર જિલ્લા/તાલુકા પંચાયત તથા પોરબંદર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. પોરબંદર જિલ્લા/તાલુકા પંચાયત તથા પોરબંદર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે મતદાન તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ છે અને મતગણતરી તા. ૨૭-૧૦-૨૦૦૫ના રોજ છે. ચૂંટણી પંચની સુચનાનુસાર મતદાનના દિવસે મતદાન મથકના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ, સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, વોકીટોકી જેવા સાધનો લઈ જઈ શકશે નહિ કે સાથે રાખી શકશે નહિ, , તેવી રીતે મતગણતરી સ્થળે પણ સલામતી દળ દ્વારા કોર્ડન કરાયેલા પ્રતિબંધીત વિસ્તારમાં પણ કોઈપણ વ્યક્તિ ઉપર મજુબના સાધનો

ઈન્સ્ટ્રુમેન્ટ લઈ જઈ શકશે નહિં, સાથે રાખી શકાશે નહિં તે પ્રકારે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. તેમ છતાં કોઈ વ્યક્તિ દ્વારા ઉપરોક્ત સુચનાનું ઉલ્લંઘન કરી આવા સાધનો, ઈન્સ્ટ્રુમેન્ટ લઈ જવામાં આવશે અને તેમના કબ્જામાંથી મળી આવશે તો તે જપ્ત કરવામાં આવશે અને તેમની સામે ચૂંટણી પંચની સુચનાઓનું ઉલ્લંઘન કરવા બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની સબંધકર્તાઓએ નોંધ લેવી.

કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ અધિકારીઓ, સલામતી અધિકારીઓ કે જેઓની ફરજો મતદાન મથક ગણતરી સ્થળની નજીકમાં ફાળવેલ હોય તેમની ઓફિશ્યલ ફરજો સબબ આવા ઈન્સ્ટ્રુમેન્ટ સાધનોનો ઉપયોગ કરી શકશે તથા તેઓને ઉક્ત પ્રતિબંધ લાગુ પડશે નહિ. તેવીજ રીતે ચૂંટણીપંચ દ્વારા નિયુક્ત થયેલા ચૂંટણી નિરીક્ષકશ્રીઓને ઉક્ત ઈન્સ્ટ્રુમેન્ટ, સાધનોનો ઉપયોગ કરવાનો પ્રતિબંધ લાગુ પડશે નહિ. મતદાન તેમજ મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલા અધિકારીઓને પણ તેમની ફરજોનાં ભાગરૂપે ઉક્ત ઈન્સ્ટ્રુમેન્ટ, સાધનોનો ઉપયોગ કરવાનો થાય તેવા કિસ્સાઓમાં ઉક્ત પ્રતિબંધ લાગુ પડશે નહિ.

ઉપરોક્ત સુચનાઓની જાણ ઉમેદવારશ્રીઓ તેમના ચૂંટણી એજન્ટશ્રીઓ તથા રાજકીયપક્ષોને અવશ્ય કરવી અને ઉક્ત અખબારી યાદીનું ચુસ્તપણે પાલન કરવા જાહેર જનતાએ નોંધ લેવી.

આજરોજ તા. ૫, ઓકટોબર-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો લગાવી પ્રસિધ્ધિ કરી.

પોરબંદર, ૫ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) ખ, અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૩૧/૨૦૦૫.-ભારત સરકારે પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમની કલમ-૩ (૨) (૮) તથા ૨૫ હેઠળ પુનઃ પ્રક્રિયા કરેલ પ્લાસ્ટીકનાં ઉત્પાદન અને ઉપયોગ સંબંધી નિયમો ૧૯૯૯ બનાવેલ છે. (જેને હવે પછી પ્લાસ્ટીકના નિયમો કહેવામાં આવે છે.) જાહેર આરોગ્યની જાળવણી માટે સદર પ્લાસ્ટીક નિયમો હેઠળ પુનઃ પ્રક્રિયાથી બનાવેલ પ્લાસ્ટીક નિયમો હેઠળ પુનઃ પ્રક્રિયાથી બનાવેલ પ્લાસ્ટીકમાંથી ઉત્પાદીત થયેલ થેલી કે, ભરવાના સાધનો (કંટેનર)નાં ઉપયોગ ખાધ્ય સામગ્રીના સંગ્રહ માટે કે લાવવા માટે લઈ જવા માટે કે પેકીંગ કરવા મનાઈ કરેલ છે. તેમજ ૨૦ માઈક્રોનથી ઓછી પ્લાસ્ટીકની કોથળીનાં વપરાશ પર પ્રતિબંધ મુકેલ છે. અને કોથળી કે થેલી ઉપર ક્યા પ્લાસ્ટીકમાંથી એટલેકે વર્જીન પ્લાસ્ટીકમાંથી બનાવેલ છે કે કેમ તે પણ છપાવવું જરૂરી છે.

પર્યાવરણ સુરક્ષા અધિયિનની કલમ-૫ મુજબ ભારત સરકાર કોઈપણ વ્યક્તિ/અધિકારી કે સત્તા મંડળને લેખિતમાં આદેશ આપી શકે છે. ભારત સરકારે તા. ૧૦-૪-૨૦૦૧ના જાહેરનામાંથી સદર સત્તાઓ અધ્યક્ષશ્રી ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડને આપેલ છે.

અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગરએ તેઓનાં તા. ૨૧-૨-૨૦૦૩ના પત્ર નં. ગપ્રનિબોર્ડ/કાયદા જન. ૨૭-૫૧૮૪ થી તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને નીચે મુજબ સુચનો કરેલ છે.

૧. ખાધ્ય સામગ્રીના ઉપયોગમાં પ્લાસ્ટિકની કોથળી (કન્ટેઈનર)નો ઉપયોગ બંધ કરવા.

૨. ૨૦ માઈક્રોનથી ઓછી પ્લાસ્ટિકની કોથળી વાપરવા પણ પ્રતિબંધ મુકવા આદેશો જારી કરવા.

પ્લાસ્ટીકના નિયમો ૧૯૯૯ની જોગવાઈ તથા અધ્યક્ષશ્રી ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર તરફથી મળેલ સુચનાને ધ્યાને રાખી જાહેર અરોગ્યની સલામતી કરવી તથા પર્યાવરણ પ્રદુષણ અટકાવવું આવશ્યક જણાય છે.

વાસ્તે હું શીલા બેન્જામીન, જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧(૧૯૫૧ ના ૨૨ માં)ની કલમ-૩૩ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ.

૧. પોરબંદર જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં ખાધ્ય સામગ્રીના ઉપયોગમાં પ્લાસસ્ટિકની કોથળી (કન્ટેઈનર)નો ઉપયોગ કરવા ઉપર તથા.

૨. ૨૦ માઈક્રોનથી ઓછી પ્લાસ્ટિકની કોથળી કોઈ સંજોગોમાં ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ખાધ્ય સામગ્રીના) ઉપયોગમાં લેવાની તમામ પ્લાસ્ટિકની કોથળી કે થેલી તથા અન્ય પ્રકારનાં પ્લાસ્ટિકના પેકિંગ પર તે ક્યા પ્લાસ્ટિકમાંથી બનાવવામાં આવેલ છે. એટલે કે વર્જીંગ પ્લાસ્ટિકમાંથી બનાવેલ છે કે કેમ તે બેગ, થેલી કે પેકિંગના ઉત્પાદકે આવશ્યક રીતે છપાવવાનું રહેશે. આ બાબત છાપવામાં આવેલ છે કે કેમ, તેની ચકાસણી તમામ વપરાશકર્તાઓએ કરી કોથળી/થેલી કે પીકીંગનો ઉપયોગ કરવાનો રહેશે. આ માટે જરૂરી ખાત્રી કર્યા સિવાય વાપરનારાઓ પણ ઉત્પાદક જેટલા જ જવાબદાર ગણાશે, તેમ પણ ફરમાવું છું.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીયં દંડ સંહિતની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર પોરબંદર જિલ્લાના મહેસુલી વિસ્તારમાં લાગુ પડશે.

આજ તા. ૬/૧૦/૨૦૦૫ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો.

પોરબંદર, ૬ માહે ઓકટોબર, ૨૦૦૫.

જાહેરનામું

નં. એમ.એ.જી.-એલએસકે/૧/૧૦/૨૦૦૫.-મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ના ફકરા (આર) (૩) અને ડબલ્યુ અન્વયેનું નીચે પ્રમાણેનું પ્રાથમિક જાહેરનામું જાહેર જનતા તથા લાગતા વળગતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આ પ્રથમિક જાહેરનામું અમલમાં લાવવા માટે તા. ૧૯/૧૦/૨૦૦૫ ના રોજ વિચારણામાં લેવાશે તેની જાણ આથી સર્વેને કરવામાં આવે છે.

૨. ઉપરમાં બતાવેલ તારીખ પહેલાં કોઈપણ શખ્સ તરફથી પ્રાથમિમક જાહેરનામા અંગે અત્રે વાંધાઓ કે સુચન મળશે તે શ્રી જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર તરફથી લક્ષમાં લેવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિમય-૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા કલમ-(૧)નાં ફકરા (આર) (૩) અને (ડબલ્યુ) થી પ્રાપ્ત થયેલ અધિકાર અન્વયે પોરબંદર જિલ્લા માટે નીચે પ્રમાણેના નિયમો કરવામાં આવે છે.

આ નિયમો તુરતજ અમલમાં આવશે.

આજરોજ તા. ૫, ઓક્ટોબર-૨૦૦૫ના રોજ મારી સહી તથા સીક્કો લગાવી પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

નિયમો

૧. કોઈપણ શખ્સ —— કોઈપણ જાહેર જગ્યા અગર જાહેર મનોરંજનના સ્થળથી ૨૦૦ મીટર અંદના અંતરમાં જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા આ બાબતમાં તેઓના તરફથી અધિકારો આપેલ કોઈપણ અધિકારી તરફથી અપાયેલ પરવાનગીમાં જણાવેલ શરતો અન્વયે આપવામાં આવેલ હશે, તે સિવાય ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરશે નહીં અથવા ઉપયોગ ચાલુ રાખશે નહીં અથવા ઉપયોગ માટે અથવા ઉપયોગ ચાલુ રાખવા માટે પરનાવગી આપશે નહીં.

૨. જિલ્લા મેજીસ્ટ્રેટની પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ દ્વનિવર્ધક યંત્રોનો ચાલતા ફરતા વાહનામાંથી કોઈપણ હેતુ માટે ઉપયોગ થઈ શકશે નહીં અથવા ઉપયોગ ચાલુ રાખી શકશે નહીં અથવા ઉપયોગ માટે પરવાનગી આપી શકાશે નહીં.

૩. જિલ્લા મેજીસ્ટ્રેટની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ ધ્વનિવર્ધક યંત્ર જાહેર રસ્તા તરફ રાખી ગોઠવી શકાશે નહીં અથવા આવીરીતે તેનો ઉપયોગ ચાલુ રાખી શકાશે નહીં.

૪. (૧) કોઈપણ થોભેલા વાહનમાંથી ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવા માટેની પરવાના નીચે પ્રમાણે હકીકત પુરી પાડ્યા સિવાય આપવામાં આવશે નહીં.

(અ) પરવાનો આપનાર અધિકારીને ધ્વનિવર્ધક યંત્રવાળું વાહન જે જાહેર સ્થળોએ થોભાવવા માટે ઈચ્છા ધરાવતા હોય તેવા સ્થળોની યાદી, તારીખ અને વાપરવા માટેનો સમય જણાવતી હકીકત સાથેની અરજી.

(બ) પરવાનો આપનાર અધિકારીને ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ વાહનમાંથી કરવામાં આવે તેથી વાહન વ્યવહારને નડતરરૂપ થશે નહીં તેવી ખાત્રી.

(૨) પેટા નિયમ (૧) અન્વયે આપવામાં આવેલ પરવાનો હંમેશા એ શરતોને અનુસરીને રહેશે કે જો રસ્તા ઉપરની ભીડ દુર કરવા કાયદો વ્યવસ્થા જાળવવા અથવા તો અવરોધ થતો અટાકવવા કોઈપણ પોલીસ ઓફીસરને જરૂરી જણાય કે જે વાહનમાંથી ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવામાં આવે છે. તે બીજા કોઈ સ્થળે ખસેડવું જોઈએ ત્યારે પરવાનો ધરાવનાર શખ્સને તે પ્રમાણે વાહન ખસેડવા માટે સુચના આપવાનો અધિકાર રહેશે અને પરવાનો ધરાવનાર તેવી સુચના પ્રમાણે વર્તશે.

૫. કોઈપણ ધ્વનિવર્ધકયંત્ર કોઈપણ પરવાનો ધરાવનાર શખ્સ જાહેર સ્થળ અથવા જાહેર મનોરંજન સ્થળની બાજુમાં રહેતા અથવા કોઈપણ મકાનમાં અથવા રહેણાંકમાં કાર્ય ચલાવતા કોઈપણ બીજા શખ્સોને ખલેલ પહોંચાડે તે રીતે અથવા ત્રાસ ઉપજાવે તે રીતે ઉપયોગ કરશે નહીં અથવા ચાલુ રાખશે નહીં અથવા ચાલુ રાખવાની પરવાનગી આપશે નહીં.

૬. કોન્સટેબલના દરજ્જાથી ઉપરના પોલીસ અધિકારીને કોઈપણ જાહેર મનોરંજન સ્થળ કે જગ્યા ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ થતો હોય તેવું સ્થળ તેનાં કાર્યક્ષેત્રની હદમાં આવતું હશે તો પરવાનગીની કોઈપણ શરતોનો ભંગ થતો નથી તેની ખાત્રી કરવા માટે દાખલ થવાને સંપૂર્ણ અધિકાર રહેશે.

૭. જો આવા કોઈપણ પરવાનો ધરાવનાર શખ્સ ઉપરના કોઈપણ નિયમોને અથવા તો પરવાનો જે શરતોનો આધીન આપવામાં આવેલ છે તે શરતોનો ભંગ કરશે તો જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા નિયમ-૧ અન્વયે અધિકાર આપવામાં આવેલ કોઈપણ અધિકારી નિયમ-૨ અન્વયે આપવામાં આવેલ પરવાનો યોગ્ય જણાયે રદ કરી શકશે.

૮. ઉપર્યુક્ત જણાવેલા નિયમો જિલ્લા પોલીસ અધિકારી અથવા તેમની હકુમત હેઠળનાં કોઈપણ પોલીસ અધિકારીને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૬ અન્વયે કોઈ ખાસ સુચનાઓ પ્રસંગોપાત આપવાનું જરૂર જણાય ત્યારે તેવા હુકમ આપવામાં આવરોધ ગણાશે નહીં અથવા કલમ-૩૭ની પેટા કલમ-(૧) અન્વયે કોઈપણ જાહેરનામું બહાર પાડવામાં અથવા કલમ-૩૮ની પેટા કલમ (૧) અન્વયે કોઈપણ હુકમ કરવામાં અવરોધ ગણાશે નહીં.

૯. આ નિયમોમાં ગમે તે જણાવ્યુ હોય અથવા તે હેઠળ આપવામાં આવેલ પરવાનગીની શરતોમાં ગમે તે ઠરાવ્યું હોય તેમ છતાં જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા તો તેમના તરફથી અધિકાર આપવામાં આવેલ કોઈપણ અધિકારી કોઈપણ એક અથવા બધા ધ્વનિવર્ધકયંત્રના પરવાના ધરાવનાર શખ્સને કોઈપણ જગ્યામાં તેને યોગ્ય તેટલા સમયમાં આજુબાજુમાં રહેતા શખ્સોને અથવા બાજુમાંથી પસાર થતાં શખ્સોને હરકત, સુવિધા, ત્રાસ, જોખમ,ભય, અથવા નુકશાન થતું અટકાવવા માટે ધ્વનિવર્ધકયંત્રનો ઉપયોગ કરવા માટે મનાઈ ફરમાવી શકશે.

આજરોજ તા. ૫, ઓક્ટોબર-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો લગાવી પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

પોરબંદર, ૫ માહે ઓક્ટોબર, ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે રાત્રી કરફ્યુ હુકમ

જાહેરનામું

નાં. એમએજી/સી/૧૪૧૦/૨૦૦૫.-પોરબંદર જિલ્લો વિશાળ દરિયા કિનારો ધરાવે છે, દરિયા કિનારા ઉપર ઘણા ગામો આવેલા છે. દેશ અને રાજ્યની હાલની પરિસ્થિતિને અનુલક્ષીને તેમજ જુદા જુદા આતંકવાદી સંગઠનોની ધમકીઓને પહોંચી વળવા તેમજ નિષ્ફળ બનાવવા માટે અને શંકાષ્પદ વ્યક્તિોઓની અવર જવર અટકાવવા તેમજ અસામાજીક પ્રવૃતિ ઉપર સચોટ વોચ રાખવા અને અંકુશમાં લેવા સારૂં આ જિલ્લાના દરિયા કિનારાના વિસ્તારમાં નીચેની વિગતોના દરિયા કાંઠાના ગામોમાં દરિયાકાંઠાથી ૫૦૦ મીટર સુધીના વિસ્તારના દરરોજ રાત્રીનાં ૨૩-૦૦ થી સવારના ૫-૦૦ કલાક સુધી રાત્રી કરફ્યુ લાદવો જરૂરી જણાય છે. તે મતલબની દરખાસ્ત પોલીસ અધિક્ષકશ્રી પોરબંદર તરફથી થઈ આવેલ છે.

તેથી, હું શીલા બેન્જામીન, જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી ફરમાવું છું કે, નચે આપેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ દરિયાકાંઠાના ગામોએ દરિયાકાંઠાથી ૫૦૦ મીટરનાં વિસ્તારનાં રહેવાસીઓએ તેમાં અવર જવર કરનારાઓએ અને પ્રસંગોપાત આવનારાઓને અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તાર પુરતું અનુસુચિમાં દર્શાવેલા સમય દરમ્યાન નીચે જણાવેલા વિસ્તારોની અંદર આવેલ કોઈપણ માર્ગે કે રાહદારી રસ્તા, રાજમાર્ગ, શહેરો, ગલી, પેટાગલી, કે મહોલ્લામાં અવર જવર કરવી નહીં, વાહન હંકારવું નહીં, ચાલવું નહીં, ઉભા રહેવું નહીં, રખડવું નહીં, હરવું ફરવું નહીં, અથવા બીજી કોઈ રીતે ઉપયોગ કરવો નહીં.

અનુસૂચિ

ક્રમ ૧	ગામનું નામ ૨	વિસ્તારનું વર્ણન ૩	તારીખ થી સમય સુધી ૪	સમય ૫
૧	મિયાણી	દરિયા કાંઠાથી ૫૦૦	૧૪-૧૦-૨૦૦૫ થી	રાત્રીના ૨૩-૦૦ થી સવારના
૨	ભાવપરા	મીટરનો વિસ્તાર	૧૨-૧૨-૨૦૦૫	૫-૦૦ કલાક સુધી
૩	ટુકડામિયાણી	,,	,,	,,
૪	વિસાવાડા	,,	,,	,,
૫	પાલખડા	,,	,,	,,
૬	રાતડી	,,	,,	,,
૭	કાંટેલા	,,	,,	,,
૮	કુછડી	,,	,,	,,
૯	ઓડદર	,,	,,	,,
૧૦	ટુકડાગોસા	,,	,,	,,
૧૧	ગોસા	,,	,,	,,
૧૨	રાજપર નવાગામ	,,	,,	,,

અ.નં.	ગામનું નામ	વિસ્તારનું વર્ણન	તારીખ થી સમય સુધી	સમય
૧	૨	૩	૪	૫
૧૩	ચિકાસા	દરિયા કાંઠાથી ૫૦૦	૧૪-૧૦-૨૦૦૫ થી	રાત્રીના ૨૩-૦૦ થી સવારના
૧૪	ગોસાબારા	મીટરનો વિસ્તાર	૧૨-૧૨-૨૦૦૫	૫-૦૦ કલાક સુધી
૧૫	નવી બંદર	,,	,,	,,
૧૬	રાતીયા	,,	,,	,,
૧૭	ઉંટડા	,,	,	,,
૧૮	બળેજ	,,	,,	,,
૧૯	મોચા	,,	,,	,,
૨૦	ગોરસર	,,	,,	,,
૨૧	ચીંગરીયા	,,	,,	,,
૨૨	પાતા	,,	,,	,,
૨૩	માધવપુર	,,	,,	,,
૨૪	મુળ માધવપુર	,,	,,	,,

નીચે જણાવેલ ક્રમ-૧ થી ૬માં જણાવેલ કિસ્સાઓમાં ઉપરોક્ત જાહેરનામું લાગુ પાડી શકાશે નહિં.

૧. જે લોકોના રહેણાંક મકાન, બિનરહેણાંક મકાન, ખેતર પ્રતિબંધીત વિસ્તારમાં આવતાં હોય તેવા લોકોને પોતાના મકાનો, ખેતરોમાં આવવા જવા માટે ઉક્ત કરફ્યુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહી.

૨. મરણનાં કિસ્સામાં સ્મશાનયાત્રામાં જોડાનાર ડાઘુઓને ઉક્ત કરફ્યુ હુકમ/જાહેરનામું લાગુ પાડી શકાશે નહી. વિશેષમાં પરવાનગી લીધેલ માન્ય ધાર્મિક પ્રસોંગોના ઉત્સવમાં લાગુ પાડી શકાશે નહી.

૩. પ્રતિબંધીત વિસ્તારમાં આવતા અધિકૃત રોડ ઉપર આવતા જતા વાહનો/મુસાફરોને ઉક્ત કરફ્યુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહી.

૪. પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ આવશ્યક અનિવાર્ય સેવાઓ જેવી કે દવાખાનાં, પોલીસ ચોકીઓ, એસ. ટી. ડેપો તેમજ રાત્રીના સમયે પણ કાર્યરત રહેતી જાહેર સુવિધા કેન્દ્રોને ઉક્ત કરફ્યુ હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહી.

૫. માચ્છીમારો, ક્રિક પાસ ધરાવતા હોય, તે ક્રિક પાસ સાથે પોતાના માચ્છીમારોનાં ધંધા અર્થે પ્રતિબંધીત વિસ્તારમાંથી નીકળતા માચ્છીમારોને ઉક્ત હુકમ જાહેરનામું લાગુ પાડી શકાશે નહી.

૬. ફરજ પરનાં પોલીસ, કસ્ટમ, પોર્ટ, કોસ્ટગાર્ડ અને નેવીનાં કર્મચારીઓ, અધિકારીઓ તથા અધિકૃત કરેલ વ્યક્તિઓને ઉક્ત કરફ્યુ હુકમ-જાહેરનામું લાગુ પાડી શકાશે નહિ.

આ જાહેરનામા હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫નાં અધિનિયમ)ના કલમ-૧૧૮ અન્વયે છ મહિના સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્નેની સજા કરવામાં આવશે.

આ જાહેરનામું હુકમ સક્ષમ અધિકારી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારી પાસેથી પરવાનગી મેળવેલ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

આજ તારીખ ૧૪-૧૦-૨૦૦૫નાં રોજ મારી સહી તથા સિક્કો કરી બહાર પાડવામાં આવે છે.

પોરબંદર, ૧૪ માહે ઓક્ટોબર સને ૨૦૦૫.

શીલા બેન્જામીન,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
પોરબંદર.

INDEX

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડીએમ/૧/વશી/૩૭૮૧/૨૦૦૫.-ભાવનગર શહેર-જિલ્લામાં નવરાત્રી દાંડીયારાસ કાર્યક્રમો શરૂ છે. આ કાર્યક્રમોના સ્થળે બનતા બનાવ અનુસંધાને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર ક્રમાંક/એલઆઈબી/મોબાઈલ/જાહેરનામું/૩૮૧૧/૨૦૦૫થી થઈ આવેલ દરખાસ્ત મુજબ કોઈપણ મોબાઈલ ધારક વ્યક્તિ કોઈપણ અન્ય વ્યક્તિની સહમતી વગર પોતાના મોબાઈલમાંથી ફોટો ખેંચે કે રેકોડીંગ કરે તો તેનો ભવિષ્યમાં દુર ઉપયોગ થવાની શક્યતા રહે છે. જેથી આવુ બનતુ અટકાવવા હું એ. બી. પંચાલ, આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તળે આથી ફરમાવું છું કે, ભાવનગર શહેર તથા જિલ્લાના યોજાતા દાંડીયારાસ કાર્યક્રમો દરમ્યાન કાર્યક્રમના સ્થળે કે જાહેર સ્થળે "કેમેરો ધરાવતા મોબાઈલ" ધારકે પોતાના મોબાઈલથી કોઈપણ વ્યક્તિની સહમતી વગર ફોટો ખેંચવો કે રેકોડીંગ ન કરવું. આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી તા. ૧૭-૧૦-૨૦૦૫ (શરદપૂનમ) સુધી કરવાનો રહે છે.

જાહેરનામાનો અમલ તથા તેનો ભંગ કરવા બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીશ્રી અધિકૃત રહે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈપીકો કલમ-૧૮૮ હેઠળ શીક્ષાને પાત્ર રહેશે.

આ જાહેરનામું આજ રોજ તા. ૦૯-૧૦-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાને જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

ભાવનગર, ૯ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

એ. બી. પંચાલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર જિલ્લો,
ભાવનગર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

ક્રમાંકઃ મજસ/આચારસંહિતા/૨-વ/૧૦/૨૦૦૫/૩.-આગામી દિવસોમાં યોજાનાર નગરપાલીકા તથા તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત સામાન્ય ચુંટણી-૨૦૦૫ને ધ્યાને લઈને ચુંટણી પ્રક્રિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છિનિય બનાવ ન બને તે માટે જાહેર સુલેહ શાંતીનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવવા માટે ચુંટણી જાહેર થયાની તારીખથી મત ગણતરીનાં સમય સુધી હથિયાર પરવાના ધારણ કરતા પરવાનેદારોને પોતાના હથિયાર ધારણ કરી જાહેરમાં ફરવા દેવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ગીરીશ શાહ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે હુકમ કરૂં છું.

૧. આ હુકમની તારીખથી મતગણતરી પુરી થયાની તારીખ સુધી આ જિલ્લાના કોઈપણ પરવાનેદારને પોતાના હથિયાર સાથે જાહેરમાં ફરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમો નીચે મુજબ અપવાદ છે.

૧. માત્ર પ્રધાનમંત્રીશ્રી તથા એવી અન્ય રાજકીય વ્યક્તિઓ કે જેમને ઉગ્રવાદી-ત્રાસવાદીઓ તરફથી જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવેલ હોય તેના સંદર્ભમાં સલામતીની જરૂરીયાત/સુરક્ષા જરૂરીયાત હોય તેવી વ્યક્તિ.

૨. ફરજ પરના સરકારી પોલીસ કર્મચારીઓ કે જેમને તેમના ઉપરી અધિકારીશ્રીએ આવું હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યક્તિ.

૩. પરવાના અધિકારીશ્રી તરફથી પરવાનેદારને ખાસ સુરક્ષા માટે લેખિત મંજુરી આપેલ હોય તેવી વ્યક્તિ.

આજ તા. ૦૭મી ઓક્ટોબર-૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

સુરેન્દ્રનગર, ૭ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

ગીરીશ શાહ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.
સુરેન્દ્રનગર.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૧૯૯૧નાં જાહેરનામા ક્રમાંકઃ જીએચકેએચ-૨૪૯૧-ડીડીસી-૧૧૬૮-૫૨૦૪-જે.

INDEX

(૨) આ કચેરીનાં અંતિમ આદેશ ક્રમાંકઃ ફડચ-ક-૪-૧૨૧૮૪-૯૭૯-૮૮-૨૦૦૦ તારીખ ૧૪-૦૭-૨૦૦૦.

(૩) શ્રી સહકારી અધિકારી (ફ-૨) કચેરીમાં જામનગરનાં તા. ૨૬-૯-૨૦૦૫ના પત્ર ક્રમાંકઃ ફડચ-ફ-૨-૨૨૨-૨૦૦૫થી રજુ થયેલ દરખાસ્ત.

(૪) શ્રી સબ ઓડિટર (લી.રી.) સ. મં. જામનગરનાં તા. ૨૬-૯-૦૫નાં પત્ર ક્રમાંકઃ અષણ-૧૩૦-૦૫થી સંસ્થાના તા. ૧-૭-૯૮ થી તા. ૨૬-૯-૦૫ સુધીનાં અંતિમ કરવામાં આવેલ ઓડિટની ઓડિટનોંધ રજુ થતાં.

હુકમ

ક્રમાંકઃ ફડચ-ક-૪-૧૭૭૬/૮૫/૯૦૨૦-૨૦૦૫.-આથી હું, એસ. એન. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ શ્રી ખડખંભાળીયા તેલીબીંયા ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. ખડખંભાળીયા, તા. લાલપુર, જિલ્લો જામનગર, જે નોંધણી નંબર-૬૨૩૩ તા. ૨૪-૧૦-૧૯૮૧થી નોંધાયેલ છે. તેને કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચા અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ થતાં, સહકારી કાયદાની કલમ-૨૦(૧) અન્વયે નોંધણી રદ કરૂ છું.

જામનગર, ૫ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

એસ. એન. જોષી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહ. મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તા. ૪-૩-૮૩નો ફડચાનો અંતિમ આદેશ નં. ઉખસ/ફડચ/૭૦૬૪/ખ-૪-૬૬૮-૧૯૮૩.

(૪) ખાસ અધિકારી, વહીવટ અને ફડચો, જુનાગઢ જિલ્લા સહકારી બેંક લી. કેશોદનો તા. ૨૩-૮-૦૫નો પત્ર.

હુકમ

જા. નં. ફડચ/૭૦૬૪/ખ-૪/૩૩૫૯/૦૫.-હું વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને મળેલ સત્તા અધિકારની રૂએ તથા આમુખમાં દર્શાવેલ વિગતો ધ્યાને લેતા શ્રી ખીરસરા(ઘેડ) સેવા સહકારી મંડળી લી. મુ. ખીરસરા(ઘેડ), તા. કેશોદ, જિ. જુનાગઢ કે જેના નોંધણી ક્રમાંકઃ ૧૮૫૬ તારીખ ૨૧-૬-૫૬ છે તેનો વંચાણે લીધેલ ક્રમ-૩નો આદેશ રદ કરી મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા આદેશ કરૂ છું અને તેના ફડચા અધિકારી તરીકે શ્રી જિલ્લા સહકારી બેંક લી. જુનાગઢની નિમણુંક કરૂ છું.

જુનાગઢ, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહ. મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૫-૩-૯૪નો ફડચાનો અંતિમ આદેશ નં. ઉખસ/ફડચ/૯૩૯૮/ખ-૪-૧૧૯-૧૯૯૪.

(૪) ખાસ અધિકારી, વહીવટ અને ફડચો, જુનાગઢ જિલ્લા સહકારી બેંક લી. કેશોદનો તા. ૨૩-૮-૦૫નો પત્ર.

હુકમ

જા. નં. ફડચ/૯૩૯૮/ખ-૪/૩૩૬૨/સને-૦૫.-હું, વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને મળેલ સત્તા અધિકારની રૂએ તથા આમુખમાં દર્શાવેલ વિગતો ધ્યાને લેતા શ્રી પંચાળા સેવા સહકારી મંડળી લી. મુ. પંચાળા, તા. કેશોદ, જિ. જુનાગઢ કે જેના નોંધણી ક્રમાંકઃ ૮૨૬૨ તારીખ ૭-૧૧-૬૫ છે તેનો વંચાણે લીધેલ ક્રમ-૩નો આદેશ રદ કરી મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા આદેશ કરૂ છું અને તેના ફડચા અધિકારી તરીકે શ્રી જિલ્લા સહકારી બેંક લી. જુનાગઢની નિમણુંક કરૂ છું.

જુનાગઢ, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહ. મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંકઃ ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તા. ૨૫-૩-૯૪નો ફડચાનો અંતિમ આદેશ નં. ઉખસ/ફડચ/૯૩૯૯/ખ-૪-૧૨૦-૧૯૯૪.

(૪) ખાસ અધિકારી, વહીવટ અને ફડચો, જુનાગઢ જિલ્લા સહકારી બેંક લી. કેશોદનો તા. ૨૩-૮-૦૫નો પત્ર.

હુકમ

જા. નં ફડચ/૯૩૯૯/ખ-૪/૩૩૬૫/૦૫.-હું વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને મળેલ સત્તા અધિકારની રૂએ તથા આમુખમાં દર્શાવેલ વિગતો ધ્યાને લેતા શ્રી સરસાલી સેવા સહકારી મંડળી લી. મુ. સરસાલી, તા. માંગરોળ, જિ. જુનાગઢ કે જેના નોંધણી ક્રમાંકઃ ૨૫૪૬ તારીખ ૧૯૫૬-૫૭ છે તેનો વંચાણે લીધેલ ક્રમ-૩નો આદેશ રદ કરી મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા આદેશ કરૂ છું અને તેના ફડચા અધિકારી તરીકે શ્રી જિલ્લા સહકારી બેંક લી. જુનાગઢની નિમણુંક કરૂ છું.

જુનાગઢ, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહ. મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તા. ૧૭-૩-૯૪નો ફડચાનો અંતિમ આદેશ નં. ઉખસ/ફડચ/૯૩૯૭/ખ-૪-૧૦૪-૧૯૯૪.

(૪) ખાસ અધિકારી, વહીવટ અને ફડચો, જુનાગઢ જિલ્લા સહકારી બેંક લી. કેશોદનો તા. ૨૩-૮-૦૫નો પત્ર.

હુકમ

જા. નં. ફડચ/૯૩૯૭/ખ-૪/૩૩૬૮/સને-૦૫.-હું, વિ. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને મળેલ સત્તા અધિકારની રૂએ તથા આમુખમાં દર્શાવેલ વિગતો ધ્યાને લેતાશ્રી થલ્લી સેવા સહકારી મંડળી લી. મુ. થલ્લી, તા. માંગરોળ, જિ. જુનાગઢ કે જેના નોંધણી ક્રમાંકઃ ૮૨૬૭ તારીખ ૧૯૬૫-૬૬ છે તેનો વંચાણે લીધેલ ક્રમ-૩નો આદેશ રદ કરી મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા આદેશ કરૂ છું અને તેના ફડચા અધિકારી તરીકે શ્રી જિલ્લા સહકારી બેંક લી. જુનાગઢની નિમણુંક કરૂ છું.

જુનાગઢ, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંકઃ ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખઃ ૧૯-૩-૦૪નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૫૪૬/સનેઃ ૨૦૦૪.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/૧૬૧૩૨/ખ-૪/૩૪૪૮/૦૫.-આથી હું વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી સોરઠ ચલચિત્ર સેવા સહકારી મંડળી લી. મુ. વિસાવદર, તા. વિસાવદર, જિ. જુનાગઢ, તા. ૭-૧૨-૯૮ના રોજ નોંધણી નંબર ૨૯૯૧૭થી નોંધાયેલ છે તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું. અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના શ્રી મદદનીશ સહકારી અધિકારી ખ-૨ શાખાની નિમણુંક કાયમ કરૂ છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૪ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંકઃ ધખ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/ ૨૦૦૨/૩૦૧૧/છ.

(૩) અત્રેની કચેરીનો તારીખઃ ૮-૧૧-૦૪નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૩૧૫૩/૩૧૫૮ સનેઃ ૨૦૦૪.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/૧૧૪૩૩/૧૬૬૪૮/ખ-૪/૩૫૧૦/૦૫.-આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી ચામુંડા ગ્રાહક સહકારી

ભંડાર લી., મુ. સરસાલી, તા. માંગરોળ, જિ. જુનાગઢ, તા. ૧૦-૧૦-૮૮ના રોજ નોંધણી નંબર ૧૪૪૦થી નોંધાયેલ છે તેને અધિનિયમની કલમ-૧૦૭(૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂ છું. અને તેના ફડચા અધિકારી તરીકે આ કચેરીના શ્રી મદદનીશ સહકારી અધિકારી ચ-૪ શાખાની નિમણુંક કાયમ કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી મંડળીની ફડચા ફીની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૩ ઓકટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજયના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ ઘખ/૧૬/૨૦૦૩/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ. તા. ૧૭-૪-૦૪.

(૩) સબ ઓડીટર, સ. મં. વેરાવળના પત્ર નં. અષણ/૨૨૪/૦૫/ તા. ૩૦-૯-૦૫.

વચગાળાનો આદેશ

જા. નં. ફડચ/૧૧૪૩૪/ખ-૪/૩૫૩૫/૦૫.-આથી હું વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ સત્તા અધિકારની રૂએ તથા આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લેતા શ્રી રા. ના. વાળા સ્મારક ટ્રસ્ટ સંચાલીત હોસ્પીટલ કર્મચારી ધિરાણ અને ગ્રાહક સ મં. લી., મુ. કોડીનાર, તા. કોડીનાર, જિ. જુનાગઢ, કે જે નોંધણી નંબર : ૧૫૩૫ તા. ૨૬-૧૨-૮૮ના રોજથી નોંધાયેલ છે. તેને અધિનિયમની કલમ-૧૦૭(૧) અન્વયે ફડચામાં લઈ જવા હુકમ કરૂ છું તથા અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે સદર મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી મદદનીશ સહકારી અધિકારી (ખ-૨) લગત આ કચેરીની નિમણુંક કરૂં છું.

નોંધ :

આ વચગાળાના હુકલ સામે મંડળીને કે કોઈપણ સભાસદને વાંધો કે રજુઆત કરવી હોય તો તે આ હુકમની તારીખથી એક માસની મુદતમા આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. સમય મર્યાદામાં કોઈ વાંધો કે રજુઆત નહી આવે તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

જુનાગઢ, ૧૩ ઓકટોબર, સને ૨૦૦૫.

વી. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જુનાગઢ.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : જી.પં./સહ/૩૫૦૪૧/સને ૨૦૦૫.- શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જી. પં. જુનાગઢ, શ્રી હંટરપુર સેવા સહકારી મંડળી લી., હંટરપુર, તાલુકો, માંગરોળ જિલ્લો, જુનાગઢને સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ ૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધણી કરેલ છે.

જુનાગઢ, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : જી.પં./સહ/૩૫૦૩૯/સને ૨૦૦૫.- શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જી. પં. જુનાગઢ, શ્રી અમરાપુર સેવા સહકારી મંડળી લી., અમરાપુર, તાલુકો, સુત્રાપાડા જિલ્લો, જુનાગઢને સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ ૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધણી કરેલ છે.

જુનાગઢ, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : જી.પં./સહ/૩૫૦૪૦/સને ૨૦૦૫.- શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જી. પં. જુનાગઢ, શ્રી સુંદરપરા સેવા સહકારી મંડળી લી., સુંદરપરા, તાલુકો, સુત્રાપાડા જિલ્લો, જુનાગઢને સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ ૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધણી કરેલ છે.

જુનાગઢ, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : જી.પં./સહ/ ૧૧૬૫૭/સને ૨૦૦૫.- શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જી. પં. જુનાગઢ, શ્રી બાદલપુર ફળ અને શાકભાજીના ઉત્પાદક સહ. મંડળી લી., બાદલપુર, તાલુકો, જુનાગઢ જિલ્લો, જુનાગઢને સને ૧૯૬૨ના

ગુજરાત અધિનિયમ ૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધણી કરેલ છે.

જુનાગઢ, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા. નં. : જી.પં./સહ/૧૧૬૫૬/સને ૨૦૦૫.-શ્રી મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જી. પં. જુનાગઢ, શ્રી મજેવડી ફળ અને શાકભાજી ઉત્પાદક સહ. મંડળી લી., મજેવડી, તાલુકો, જુનાગઢ જિલ્લો, જુનાગઢને સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ ૧૦ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ની કલમ-૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધણી કરેલ છે.

જુનાગઢ, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

પી. આર. વાજા,
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, જી. પં.,
જુનાગઢ.

જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા

વંચાણે લીધા :

(૧) આ કચેરીના ક્રમાંકઃ જિઉકે/ભુજ/અસમ/ફડચ/ઘ-૨/૩૦૪/૨૦૦૫ તા. ૯-૯-૨૦૦૫ વાળો અંતિમ આદેશ.

(૨) બ્રાંચ મેનેજરશ્રી, શ્રી કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મુ. ભીમાસર(ભુટકીયા), તા. રાપર-કચ્છનો તા. ૨૬-૯-૨૦૦૫ વાળો પત્ર નં. ૪૩/૬૫૫.

સુધારા હુકમ

નં. જિઉકે/ભુજ/અસમ/ફડચ/ઘ-૨/૩૯૪/૨૦૦૫.-આથી વંચાણ-૧ વાળા હુકમથી શ્રી ભીમાસર જુથ મહિલા હરિજન ગૃહ ઉદ્યોગ સહકારી મંડળી લી., મુ. ભીમાસર(ભુટકીયા), તા. રાપર-કચ્છને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ બહાર પાડવામાં આવેલ છે. અને તેમાં મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી(ફડચો) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભુજની નિમણૂંક કરવામાં આવેલ છે.

વંચાણ-૨ વાળાથી બ્રાંચ મેનેજરશ્રી, શ્રી કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મુ. ભીમાસર(ભુટકીયા), તા. રાપર-કચ્છએ સદરહું મંડળી પાસે બેંકની રકમ બાકી હોવાથી મંડળીના ફડચા અધિકારીશ્રી તરીકે તેમની નિમણૂંક કરવા રજૂઆત કરેલ છે.

ઉપરોક્ત વંચાણ-૨ વાળા અન્વયે વંચાણ-૧ વાળા હુકમમાં સુધારો કરી શ્રી ભીમાસર જુથ મહિલા હરિજન ગૃહ ઉદ્યોગ સહકારી મંડળી લી., મુ. ભીમાસર(ભુટકીયા), તા. રાપર-કચ્છના ફડચા અધિકારી તરીકે બ્રાંચ મેનેજરશ્રી, શ્રી કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મુ. ભીમાસર (ભુટકીયા), તા. રાપર-કચ્છની આથી નિમણૂંક કરવામાં આવે છે.

ભુજ-કચ્છ, ૨૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

એમ. બી. પાંડવ,
જનરલ મેનેજર,
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
ભુજ (કચ્છ).

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 17th NOVEMBER, 2005/KARTIKA 26, 1927 [No. 46

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	741-758	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	770-785
		PART - II Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	869-890
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	**PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

Read :

1. Honourable High Court of Gujarat, letter No. C. 2105/74, dated : 18/4/1974.
2. Letter No. CHATAN-NP-JN-32-102005-K, Dt. 8/10/2005 of the Secretary, State Election Commission, Gandhinagar.
3. Notification Dated : 10/10/2005 of the Collector, Kachchh at Bhuj.

NOTIFICATION

No. U.HC/47/B.8(2)/4702/of 2005.-The Principal District Judge, Kachchh at Bhuj is pleased to declare Tuesday, October 25,2005 as a Public Holiday for the District Court, its subordinate Courts and Offices of the Kachchh Judicial District, on account of Election of Municipalities and District/Taluka Panchayat in Kachchh District.

Kachchh-Bhuj, 21th Octomber, 2005.

NOTIFICATION

Higher, Standard Departmental Examination :

No. U.HC/45/B.7(1)/4504/of 2005.-

PART-I : The following candidates in the examination in all papers and are successful to pass the examination as per their merits.

1 Mr. S. B. Bhatt, Assistant, District Court, Bhuj.

2 Mr. C. K. Vora, Assistant, District Legal Service Authority, Bhuj.

3 Miss. P. H. Mansani, Assistant, Principal Civil Judge Court, Gandhidham.

4 Mr. K. P. Rathod, Assistant, Principal Civil Judge Court, Bhachau.

PART-II : Their no successful candidate, who has retained the exemption of previous examination :

II

Lower Standard Departmental Examinaton

PART-I : The following candidates appeared in the examination in all papers and are successful to pass the examination as per their merits.

1 Miss M. K. Lakhani, Assistant, District Court, Bhuj.

2 Mr. J. P. Buch, Assistant, District Court, Bhuj.

3 Mr. D. D. Vyas, Assistant, District Court, Bhuj.

4 Miss R. R. Sidi, Assistant 2nd fast Track Court, Bhuj.

5 Mr. B. R. Vaidya, Assistant, District Court, Bhuj.

6 Mr. M. B. Rana, Assistant, Principal Civil Judge Court, Bhachau.

7 Mr. V. S. Gosvami, Assistant, Additional Civil Judge Court, Anjar.

8 Mr. G. H. Jadeja, Assistant, Principal Civil Judge Court, Bhachau.

9 Mrs. N. M. Mehta, Assistant, Principal Civil Judge Court, Mandvi.

10 Mr. K. B. Raval, Assistant, District Court, Bhuj.

PART-II : Successful candidetes, who have retained the exemption of previous exemination.

1 Mr. B. N. Dave, Assistant, District Court, Bhuj.

2 Mr. A. J. Doru, Assistant, Additional District Judge Court, Gandhidham.

3 Mr. H. M. Jani, Assistant, Principal Civil Judge Court, Bhachau.

4 Mr. P. J. Thacker, Assistant, District Court, Bhuj.

The following candidates who appeared in the Higher Standarad Departmental Examination-2005 and failed to pass the examination but they are exempted from appearing in the papers shown against their names :

1 Mr. R. A. Anjaria Assistant, District Court, Bhuj. : Paper No. I & II

2 Mr. D. S. Bhavsar Assistant, Principal Sr. Civil Judge Court, Anjar. : Paper No. I & II

3 Mr. H. J. Chauhan Assistant, 6th Additional Senior Civil Judge Court, Bhuj. : Paper No. I & II

4 Mrs. D. D. Dholakia Assistant, Principal Sr. Civil Judge Court, Bhuj. : Paper No. I & II

5 Mr. R. M. Gavariya Assistant, District Court, Bhuj. : Paper No. I & Oral Test.

6 Mr. D. K. Jadeja Assistant, Fast Track Court, Anjar. : Paper IV

7 Mrs. D. S. Jani Assistant, Principal Sr. Civil Judge Court, Bhuj. : Paper II

8 Mrs. D. D. Rathod Assistant, District Court, Bhuj. : Paper II

9 Mr. D. S. Pandya Assistant, District Court, Bhuj. : Paper I, II, IV & Oral Test.

10 Mr. A. K. Trivedi Assistant, Additional Civil Judge Court, Bhuj. : Paper I

11 Mr. S. P. Vyas Assistant, Principal Sr. Civil Judge Court, Anjar. : Oral Test.

IV

The following candidates who appeared in the Lower Standard Departmental Examination-2005 and failed to pass the examination but they are exempted from appearing in the papers shown against their names :

1 Mr. M. V. Gupta Assistant, Additional Civil Judge Court, Anjar. : Paper No. II

2 Mr. M. A. Mansuri Assistant, Chief Judicial Magistrate Court, Bhuj. : Paper No. III

3 Mr. M. K. Parmar Assistant, Principal Civil Judge Court, Naliya. : Paper No. II, III & Type Test.

4 Mr. A. M. Rathod Assistant, Additional District Judge Court, Gandhidham. : Paper No. III

5 Mr. J. R. Raval Assistant, Additional District Judge Court, Gandhidham. : Paper No. III

6 Mr. S. S. Vyas Assistant, Chief Judicial Magistrate Court, Bhuj. : Typing Test

Entries regarding passing the respective examination be made in the Service Book of the concerned incumbents.

Kachchh at Bhuj, 7th October, 2005.

R. D. KOTHARI,
Principal District Judge,
Kachchh at Bhuj.

Read :

(1). Notification No. GM/4/2044/BCA/IN/2004/366 of Legal Department dated 09-05-2005.

(2) This Court's Notification No. B/144/2005 dtd. 11-4-2005.

(3) This Court's Corrigendum No. B/396/2005 dtd. 10-10-2005.

(4) Hon'ble High Court's Letter No. C. 2103/2005 dtd. 21-102005.

NOTIFICATION

No. B/410/2005.-In Consequent upon read the Hon'ble High Court's letter cited at preamble at Serial No. 4, The Principal District Judge, Jamnagar is pleased to observe the remaining part of Annual Summer Vacation with Diwali Holidays for this year, as notified earlier and cancelled the Corrigendum No. B/396/2005 dated 10-10-2005 cited at preamble at Serial No. 3.

Jamnagar, 24th October, 2005.

By the Principal District Judge

Read :

1. Govt. of Gujarat, G.A.D., Circular No. JSR-102005-3697-GH, Sachivalaya, Gandhinagar, dated 21-10-2005.
2. Notification No. CHATAN-JITAP-21210-2005 dated 21-10-2005 of the Collector, Jamnagar.
3. Civil Manual Para-627.

NOTIFICATION

No. B/409/2005.- The Principal District Judge, Jamnagar is pleased to declare Tuesday, October 25, 2005 the polling day to be a Public Holiday for the Khambhalia Courts and its Offices on account of Election of Municipalities and Taluka Panchayat.

Jamnagar, 24, October, 2005.

(Sd.) Illegible,
I/c. Principal District Judge,
Jamnagar.

Read :

1. Notification No. GM/4/2044/BCA/IN/2004/366 of Legal Department dated : 09-05-2005.
2. This Court's Notification No. B/144/2005, dtd. 11-4-2005..

CORRIGENDUM

No. B/396/2005.- In exercise of the powers conferred by Sub-Section (2) of Section 22 of the Gujarat Civil Courts Act, 2005. The Principal District Judge, Jamnagar is pleased to Cancel the period of Annual Summer Vacation commencing from 10-11-2005 to 16-11-2005 (both days inclusive) prefixing Diwali holidays.

Jamnagar, 10, October, 2005.

M. F. Parikh
Principal District Judge,
Jamnagar.

NOTIFICATION

No. Adm/E.-5/5135/2005.- The following candidates are declared successful at the Lower Standard Departmental Examination, held during the month of July 2005.

Sr.	Name & Designation		Court
1.	Mr. Y. D. Bhatt	Asstt.	Chief Court, S'nagar.
2.	Mr. V. G. Dave	,,	2nd Addl. D. J., Dhg.
3.	Mr. T. N. Gohil	,,	Pri. Sen. C. J., Dhg.
4.	Mr. H. P. Gondalia	,,	Dist. Court, S'nagar.
5.	Mr. S. M. Govani	,,	Patdi Court,
6.	Mr. N. S. Jadeja	,,	Limbdi Court,
7.	Mr. N. N. Jani	,,	Pri. Sen C. J., S'nagar

Sr.	Name & Designation		Court
8.	Mr. K. N. Khakhi	,,	2nd Addl.. Sen C. J., S'nagar,
9.	Mr. N. C. Makwana	,,	Addl. Civil Court, Dhg.
10.	Mr. S. P. Mehta	,,	Dist. Court, S'nagar,
11.	Mr. H. D. Patel	,,	Addl Civil Court, S'nagar,
12.	Mr. P. L. Rathod	,,	Patdi Court,
13.	Mr. P. G. Raval	,,	8th Addl. Sen. C. J., S'nagar,
14.	Mr. M. S. Solanki	,,	Addl. Civil Court, S'nagar,
15.	Mr. D. B. Trivedi	,,	Pri. Sen. C. J., Dhg.
16.	Mr. H. M. Vaishnav	,,	Chief Court, S'nagar,
17.	Mr. S. M. Vyas	,,	Sayla Court,
18.	Mr. I. N. Zala	,,	Dist. Court, S'nagar.

The incumbents concerned be informed accordingly.

Surendranagar,14, September, 2005.

પ્રિન્સિપલ ડીસ્ટ્રીક્ટ જજ દ્વારા

જાહેરનામું

જા. ન. એડીએમ/ઈ. ૫/૫૧૩૫/૨૦૦૫.- સુરેન્દ્રનગર જિલ્લા અદાલતમાં તારીખ ૧૧-૦૭-૨૦૦૫ અને તા. ૧૨-૭-૨૦૦૫ના રોજ લેવાયેલ ખાતાકીય નિમ્નશ્રેણી પરીક્ષામાં નીચે જણાવેલ ઉમેદવારોને પાસ થયાનું જાહેર કરવામાં આવે છે.

ક્રમ	નામ તથા હોદ્દો		કોર્ટનું નામ
૧.	શ્રી વાય. ડી. ભટ્ટ	આસીસ્ટન્ટ	ચીફ કોર્ટ, સુરેન્દ્રનગર.
૨.	શ્રી વી. જી. દવે	,,	સેકન્ડ એડી. ડીસ્ટ્રીક્ટ કોર્ટ, ધ્રાંગધ્રા.
૩.	શ્રી ટી. એન. ગોહીલ	,,	પ્રિન્સીપલ સિનિયર સિવિલ કોર્ટ, ધ્રાંગધ્રા.
૪.	શ્રી એચ. પી. ગોંડલીયા	,,	ડીસ્ટ્રીક્ટ કોર્ટ, સુ.નગર.
૫.	શ્રી એસ. એમ. ગોવાણી	,,	સિવિલ કોર્ટ, પાટડી.
૬.	શ્રી એન. એસ. જાડેજા	,,	સિવિલ કોર્ટ લીંબડી.
૭.	શ્રી એન. એન. જાની	,,	પ્રિન્સીપલ સિનિયર સિવિલ કોર્ટ, સુ.નગર.
૮.	કુ. એન. એન. ખાખી	,,	સેકન્ડ એડી. સિનિયર સિવિલ કોર્ટ, સુ.નગર.
૯.	શ્રી એન. સી. મકવાણા	,,	એડી. સિવિલ કોર્ટ, ધ્રાગધ્રા.
૧૦.	શ્રી એસ. પી. મહેતા	,,	ડીસ્ટ્રીક્ટ કોર્ટ, સુ.નગર.
૧૧.	શ્રી એચ. ડી. પટેલ	,,	એડી. સિવિલ કોર્ટ, સુ.નગર.
૧૨.	શ્રી પી. એલ. રાઠોડ	,,	સિવિલ કોર્ટ, પાટડી.

ક્રમ	નામ તથા હોદ્દો		કોર્ટનું નામ
૧૩.	શ્રી પી. જી. રાવલ	આસીસ્ટન્ટ	આઠમી એડી. સિનિયર સિવિલ કોર્ટ, સુ.નગર.
૧૪.	શ્રી એમ. એસ. સોલંકી	,,	એડી. સિવિલ કોર્ટ, સુ.નગર
૧૫.	શ્રી ડી. બી. ત્રિવેદી	,,	પ્રિન્સીપલ સિનિયર સિવિલ કોર્ટ, ધ્રાંગધ્રા
૧૬.	શ્રી એચ. એમ. વૈષ્ણવ	,,	ચીફ કોર્ટ, સાયલા.
૧૭.	શ્રી એસ. એમ. વ્યાસ	,,	સિવિલ કોર્ટ, સાયલા.
૧૮.	શ્રી આઈ. એન. ઝાલા	,,	ડીસ્ટ્રીકટ કોર્ટ, સુ.નગર.

સુરેન્દ્રનગર, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

NOTIFICATION

I

No. Adm/E.5./ 5134/2005.- The following candidates are declared successful at the Higher Standard Departmental Examination, held during the month of July, 2005 :

Sr.	Name & Designation		Court
1.	Ku. C. B. Bhatt	Asstt.	District Court S'nagar
2.	Mr. M. B. Bhatt	,,	Pri. Sen. C. J. Court S'nagar
3.	Mr. M. B. Dabhi	,,	Pri. C. J. Court Muli.
4.	Mr. R. D. Delvadiya	,,	2nd Addl. D. J. Dhrangadhra.
5	Mr. P. H. Dhandukiya	,,	Wadhawan court.
6.	Mr. K. L. Jani	,,	District Court S' nagar.
7.	Mr. K. C. Pandya	,,	District Court, S'nagar.
8.	Mr. D. M. Rana	,,	DGP office, S'nagar
9.	Mr. R. L. Rathwa	,,	Limbdi Court.
10.	S. D. Sheth	,,	Pri. Sen. C. J. Court, Dhg.
11.	Mr. A. G. Shukla	,,	2nd Addl. D. J. Court., Dhg.
12.	Mr. R. N. Vyas	,,	Muli Court.

The incumbents concerned be informed accordingly.

Surendranagar, 14th September, 2005.

K. M. Bhut,
Principal District judge,
Surendranagar.

જાહેરનામુ

જા ન. એડીએમ/પ/પ૧૩૪/૨૦૦૫.-સુરેન્દ્રનગર જિલ્લા અદાલતમાં તારીખ ૧૧-૦૭-૨૦૦૫ અને તા. ૧૨-૦૭-૨૦૦૫ના રોજ લેવાયેલ ખાતાકીય ઉચ્ચશ્રેણી પરીક્ષામાં નીચે જણાવેલ ઉમેદવારોને પાસ થયાનું જાહેર કરવામાં આવે છે.

ક્રમ	નામ તથા હોદ્દો		કોર્ટનું નામ
૦૧.	કુ. સી. બી. ભટ્ટ	આસીસ્ટન્ટ,	ડીસ્ટ્રિકટ કોર્ટ, સુ.નગર.
૦૨.	શ્રી એમ. બી. ભટ્ટ	આસીસ્ટન્ટ,	પ્રિન્સીપલ સિનિયર સિવિલ કોર્ટ, સુ.નગર.
૦૩.	શ્રી એમ. બી. ડાભી	આસીસ્ટન્ટ,	સિવિલ કોર્ટ મુળી.
૦૪.	શ્રી આર. ડી. દેલવાડીયા,	આસીસ્ટન્ટ	સેકન્ડ એડી. ડીસ્ટ્રીકટ કોર્ટ, ધ્રાંગધ્રા.
૦૫.	શ્રી પી. એ. ધંધુકીયા,	આસીસ્ટન્ટ	સિવિલ કોર્ટ, વઢવાણ.
૦૬.	શ્રી કે. એલ. જાની,	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રિકટ કોર્ટ, સુ.નગર.
૦૭.	શ્રી કે. સી. પંડ્યા	આસીસ્ટન્ટ	ડીસ્ટ્રિકટ કોર્ટ, સુ.નગર.
૦૮.	શ્રી ડી. એમ. રાણા,	આસીસ્ટન્ટ	ડી. જી. પી. ઓફીસ, સુ.નગર
૦૯.	શ્રી આર એલ. રાઠવા	આસીસ્ટન્ટ	સિવિલ કોર્ટ, લીંબડી.
૧૦.	શ્રી એસ. ડી. શેઠ,	આસીસ્ટન્ટ	પ્રિન્સીપલ સિનિયર સિવિલ કોર્ટ, ધ્રાંગધ્રા.
૧૧.	એ. જી. શુકલા,	આસીસ્ટન્ટ	સેકન્ડ. એડી. ડીસ્ટ્રિકટ કોર્ટ ધ્રાંગધ્રા.
૧૨.	શ્રી આર. એન. વ્યાસ,	આસીસ્ટન્ટ	સિવિલ કોર્ટ, મુળી.

સુરેન્દ્રનગર, ૧૪ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

કે. એમ. ભુત,
પ્રિન્સિપલ ડીસ્ટ્રીકટ કોર્ટ,
સુરેન્દ્રનગર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(ખ) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/બી/૨૫૭૮/૦૫.-ભારત સરકારે પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમની કલમ-૩(૨)(૮) તથા ૨૫ હેઠળ પુન-પ્રક્રિયા કરેલ પ્લાસ્ટીકના ઉત્પાદન અને ઉપયોગ સંબંધી નિયમો-૧૯૯૯ બનાવેલ છે. (જેને હવે પછી પ્લાસ્ટીક નિયમો કહેવામાં આવેલ છે.

જાહેર આરોગ્યની જાળવણી માટે સદર પ્લાસ્ટીક નિયમો હેઠળ પુનઃપ્રક્રિયાથી બનાવેલ પ્લાસ્ટીક નિયમો હેઠળ પુનઃપ્રક્રિયાથી બનાવેલ પ્લાસ્ટીકમાંથી ઉત્પાદીત થયેલ થેલી કે ભરવાના સાધનો (કન્ટેઈનર)ના ઉપયોગ, ખાદ્ય સામગ્રીના સંગ્રહ માટે કે લાવવા લઈ જવા કે પેકીંગ કરવા મનાઈ કરેલ છે તેમજ ૨૦ માઈક્રોનથી ઓછી પ્લાસ્ટીકની કોથળીના વપરાશ પર પ્રતિબંધ મુકેલ છે અને કોથળી કે થેલી ઉપર કયા પ્લાસ્ટીકમાંથી એટલે કે વર્જીન પ્લાસ્ટીકમાંથી બનાવેલ છે કે કેમ તે પણ છપાવવું જરૂરી છે.

પર્યાવરણ સુરક્ષા અધિનિયમની કલમ-૫ મુજબ ભારત સરકાર કોઈપણ વ્યકિત/અધિકારી કે સત્તા મંડળને લેખિતમાં આદેશ આપી શકે છે. ભારત સરકારે તા. ૧૦-૪-૨૦૦૧ના જાહેરનામાંથી સદર સત્તાઓ અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડને આપેલ છે.

અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગરે તેઓના તા. ૨૧-૨-૦૩ના પત્ર નં. ગુપ્રનિબોર્ડ/કાયદા-જન-૨૭/૫૧૮૪થી જિલ્લા મેજસ્ટ્રેટશ્રીને નીચે મુજબના સુચનો કરેલ છે.

(૧) ખાદ્ય સામગ્રીના ઉપયોગમાં પ્લાસ્ટીકની કોથળી (કન્ટેઈનર) ઉપયોગ બંધ કરવા.

(૨) ૨૦ માઈક્રોનથી ઓછી પ્લાસ્ટીકની કોથળી વાપરવા પર પ્રતિબંધ મુકવા આદેશો જારી કરવા.

પ્લાસ્ટીકના નિયમો-૧૯૯૯ની જોગવાઈ તથા અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર તરફથી મળેલ સુચનાને ધ્યાને રાખી જાહેર આરોગ્યની સલામતી કરવી તથા પર્યાવરણ પ્રદુષણ અટકાવવું આવશ્યક જણાય છે.

વાસ્તે હું બિપિન શ્રીમાળી, જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧(૧૯૫૧ ના ૨૨માં)ની કલમ-૩૩(૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ

(૧) જુનાગઢ જિલ્લા ના સમગ્ર મહેસુલી વિસ્તારમાં ખાદ્ય સામગ્રીના ઉપયોગમાં પ્લાસ્ટીકની કોથળી (કન્ટેઈનર)નો ઉપયોગ કરવા ઉપર તથા

(૨) ૨૦ માઈક્રોનથી ઓછી પ્લાસ્ટીકની કોથળી કોઈ સંજોગોમાં ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(ખાદ્ય સામગ્રીના) ઉપયોગમાં લેવાની તમામ પ્લાસ્ટીકની કોથળી કે થેલી તથા અન્ય પ્રકારના પ્લાસ્ટીકનાપેકીંગ પર તે કયા પ્લાસ્ટીકમાંથી બનાવવામાં આવેલ છે એટલે કે વર્જીન પ્લાસ્ટીકમાંથી બનાવેલ છે કે કેમ, તે બેગ થેલી કે પેકીંગના ઉત્પાદકે આવશ્યક રીતે છપાવવાનું રહેશે. આ બાબત છાપવામાં આવેલ છે કે કેમ, તેની ચકાસણી તમામ વપરશકર્તાઓએ કરી કોથળી/થેલી કે પેકીંગનો ઉપયોગ કરવાનો રહેશે. આ માટે જરૂરી ખાત્રી કર્યા સિવાય વાપરનારાઓ પણ ઉત્પાદક જેટલા જ જવાબદાર ગણાશે, તેમ પણ ફરમાવું છું.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ સમગ્ર જુનાગઢ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં લાગુ પડશે.

આજ તારીખ ૧૦-૧૦-૨૦૦૫ ના રોજ મારી સહી કરી/ સિક્કો કર્યો

જુનાગઢ, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

જાહેરનામું

નાં. એમએજી-એ-ફટાકડા-૯/૨૦૦૫.-જુનાગઢ જિલ્લામાં ચાલુ વર્ષમાં દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતાં દારૂખાનાથી આગ લાગવાના અને રાહદારીઓના દાઝવાના કે તેવા અકસ્માતો થવાનો પુરો સંભવ છે. આથી જાહેર જનતાની સુલેહશાંતિ અને સલામતિ જોખમાય નહી તે માટે આગામી દિવાળીના તહેવારો દરમ્યાન જુનાગઢ જિલ્લામાં જાહેર રસ્તાઓ ઉપર તથા આનંદ પ્રમોદના સ્થળોમાં ગલીઓમાં મકાનો અને ઈલેક્ટ્રીક થાંભલાઓ નજીક આવતા ૫૦ ચોરસફુટની અંદર ફટાકડા ફોડવાનો, આતસબાજી કરવાનો પ્રતિબંધ મુકવાનું અતિઆવશ્યક હોવા ઈષ્ટ હોવાનું પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢ તેમના તા. ૨૭-૯-૨૦૦૫નાં પત્રથી અત્રેને જણાવેલ હોય જે અમોને યોગ્ય જણાતા અમો બિપીન શ્રીમાળી આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ આથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)યુ મુજબ મળેલ સત્તાની રૂઈએ તા. ૧૧-૧૦-૨૦૦૫ થી તા. ૧૩-૧૧-૨૦૦૫ સુધીનાં સમય માટે જુનાગઢ જિલ્લામાં નીચે જણાવેલ પરિશિષ્ટ મુજબનાં ફટાકડા અને આતશબાજી ફોડવાની મનાઈ ફરમાવું છું.

પરિશિષ્ટ

(૧) (અ) ફટાકડાના એટમબોમ્બ (બ) હવાઈ ચકલી
(ક) રામબાણ (ડ) ફટાકડાના રોકેટ

આ ઉપરાંત જુનાગઢ જિલ્લામાં કોઈપણ સ્થળે સળગી ઉઠે તેવા પદાર્થોમાંથી નુકશાન થવા સંભવ હોય તેવા જાહેર સ્થળો જેવા કે, પેટ્રોલ પંપ, ક્રુડ કેરોસીન, ગોડાઉન, વેરહાઉસ વગેરે અને આનંદ પ્રમોદના સ્થળ નજીક જાહેર રસ્તાઓ ઉપર અગર વ્યસ્ત ટ્રાફિકની અવર-જવર વાળા જાહેર માર્ગો ઉપર કે ચોક વગેરે જાહેર સ્થાનોએ કોઈપણ જાતનાં સ્ફોટક પદાર્થો ફોડવાની મનાઈ ફરમાવુ છું.

(૨) આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ સામે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ કામ ચલાવવાને પાત્ર થશે.

(૩) વિશેષમાં અમો ફરમાવીએ છીએ કે જુનાગઢ જિલ્લાના વિસ્તારોમાં સહેલાઈથી લોકો જોઈ શકે તેવી જગ્યાએ આ જાહેરનામાની નકલો ચોટાડવી અને બહોળી જાહેરાત કરવી. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ એ તે અંગેનું વ્યવસ્થિત રેકર્ડ રાખવું.

(૪) ફટાકડા વેચાણ માટે જે સ્થળની પસંદગી કરવામાં આવે તે સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત સ્થળે ફટાકડાનું વેચાણ કરશે તો આ જાહેરનામાનો ભંગ થયેલ ગણાશે અને શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૧૦-૧૦-૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું.

જુનાગઢ, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

બિપીન શ્રીમાળી,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડી.એમ./૨/વશી/૧૯૧૦/૨૦૦૫.-રાજ્યનાં ચૂંટણી પંચ દ્વારા નગરપાલીકાઓની સામાન્ય ચૂંટણી-૨૦૦૫ યોજવાનું જાહેર કરેલ છે. જેમાં ભાવનગરમાં જિલ્લાની મહુવા, બોટાદ અને

પાલીતાણા નગરપાલીકાઓની સામાન્ય ચૂંટણી-૨૦૦૫નું મતદાન તા. ૨૫-૧૦-૦૫ના રોજ તથા તા. ૨૭-૧૦-૦૫ના રોજ મતગણત્રી હાથ ધરાનાર છે. ચૂંટણી પંચ દ્વારા હથિયારો અંગે જરૂરી સુચના તેમના તા. ૧૮-૦૩-૧૯૯૯ના હુકમ નં. એ.સી.સી./ઈ.એલ.સી./સી.ઓ.સી./૧૬/૧૯૯૯થી બહાર પાડેલ છે.

ચૂંટણી દરમ્યાન જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરૂરી પ્રબંધ કરવો આવશ્યક જણાય છે. મુક્ત, ન્યાયી અને શાંતીપૂર્ણ ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે, સુલેહ શાંતીનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર સમગ્ર જિલ્લામાં આવેલ તમામ હથિયાર પરવાનેદારોને **આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૩૧-૧૦-૨૦૦૫ સુધી હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.**

જેથી હું એ. બી. પંચાલ, આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) ભાવનગર જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈ વ્યક્તિએ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરી ફરવું નહી. તેમજ હથિયાર પોતાના રહેઠાણનાં સ્થળે પોતાની સેઈફ કસ્ટડીમાં રાખવું.

(૨) જિલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યક્તિઓ કે જેઓ હાલ અત્રેનાં જિલ્લામાં વસવાટ કરતાં હોય, તેમને પણ પોતાનું હથિયાર પોતાના રહેણાંકના સ્થળે પોતાની સેઈફ કસ્ટડીમાં રાખવું અને હથિયાર ધારણ કરી હરવું ફરવું નહી.

ચૂંટણી પ્રક્રિયા શરૂ થયેલ હોઈ, યોગ્ય સમયમાં નોટિસ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી આપવાનું શક્ય ન હોઈ, ઉપર પેરામાં જણાવેલ હુકમ હું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેર કરું છું.

સદરહું આદેશ કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતાં અધિકારીશ્રીઓ, સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણી પંચે નિમેલા નિરક્ષકો, મતદાન અધિકારીશ્રીઓ તેમજ મતગણત્રી અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

સદરહું આદેશનો ભંગ કરી જો કોઈ વ્યક્તિ પાસે શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરતાં જોવામાં આવશે તો સબંધીત પોલીસ અધિકારીશ્રીઓ તથા સ્થળ પરનાં સુરક્ષા અધિકારીશ્રીઓ આ હથિયાર જપ્ત કરી શકશે.

"આ જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે."

સદરહું આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તા. ૨૩-૧૦-૨૦૦૫ના રોજ મારી સહી સિક્કાથી સદરહું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યુ.

ભાવનગર, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડી.એમ./૨/વશી/૧૯૧૧/૨૦૦૫.-રાજ્યનાં ચૂંટણી પંચ દ્વારા ૨૩-જિલ્લા પંચાયતો અને ૨૦૯-તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૦૫ યોજવાનું જાહેર કરેલ છે. જેમાં ભાવનગરમાં જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૦૫નું મતદાન તા. ૨૫-૧૦-૦૫ના રોજ તથા તા. ૨૭-૧૦-૦૫ના રોજ મતગણત્રી હાથ ધરાનાર છે. ચૂંટણી પંચ દ્વારા હથિયારો અંગે જરૂરી સુચના તેમના તા. ૧૮-૦૩-૧૯૯૯ના હુકમ નં. એ.સી.સી./ઈ.એલ.સી./સી.ઓ.સી./૧૬/૧૯૯૯થી બહાર પાડેલ છે.

ચૂંટણી દરમ્યાન જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરૂરી પ્રબંધ કરવો આવશ્યક જણાય છે. મુક્ત, ન્યાયી અને શાંતીપૂર્ણ ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે, સુલેહ શાંતીનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર સમગ્ર જિલ્લામાં આવેલ તમામ હથિયાર પરવાનેદારોને **આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૩૧-૧૦-૨૦૦૫ સુધી હથિયારો સાથે હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.**

જેથી હું એ. બી. પંચાલ, આઈ. એ. એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) ભાવનગર જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કોઈ વ્યક્તિએ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરી ફરવું નહી. તેમજ હથિયાર પોતાના રહેઠાણનાં સ્થળે પોતાની સેઈફ કસ્ટડીમાં રાખવું.

(૨) જિલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યક્તિઓ કે જેઓ હાલ અત્રેનાં જિલ્લામાં વસવાટ કરતાં હોય, તેમને પણ પોતાનું હથિયાર પોતાના રહેણાંકના સ્થળે પોતાની સેઈફ કસ્ટડીમાં રાખવું અને હથિયાર ધારણ કરી હરવું ફરવું નહી.

ચૂંટણી પ્રક્રિયા શરૂ થયેલ હોઈ, યોગ્ય સમયમાં નોટિસ બજાવી શકાય તેમ ન હોઈ અને સુનાવણી આપવાનું શક્ય ન હોઈ,

INDEX

ઉપર પેરામાં જણાવેલ હુકમ હું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ જાહેર કરું છું.

સદરહું આદેશ કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતાં અધિકારીશ્રીઓ, સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણી પંચે નિમેલા નિરક્ષકો, મતદાન અધિકારીશ્રીઓ તેમજ મતગણત્રી અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

સદરહું આદેશનો ભંગ કરી જો કોઈ વ્યક્તિ પાસે શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરતાં જોવામાં આવશે તો સબંધીત પોલીસ અધિકારીશ્રીઓ તથા સ્થળ પરનાં સુરક્ષા અધિકારીશ્રીઓ આ હથિયાર જપ્ત કરી શકશે.

"આ જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે."

સદરહું આદેશનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આજ તા. ૨૩-૧૦-૨૦૦૫ના રોજ મારી સહી સિક્કાથી સદરહું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ભાવનગર, ૨૩ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

એ. બી. પંચાલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર જિલ્લો,
ભાવનગર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ (આર) અન્વયેનો હુકમ

જાહેરનામું

નં.નાચિ/પલસ/વશી/૯૧૯૩ થી ૯૨૪૫/૨૦૦૫.-અમરેલી જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતો તથા નગર પાલિકાઓની સામાન્ય ચૂંટણી-૨૦૦૫ ના કામે રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ ચૂંટણીઓનું મતદાન તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા. ૨૭-૧૦-૨૦૦૫ ના રોજ થનાર છે. જેથી ચૂંટણી સબબ ઉમેદવારો, રાજકીય પક્ષો, કાર્યકરો વિગેરે દ્વારા ચૂંટણીના પ્રચારના કોઈ હેતુ માટે સભા કે સરઘસો યોજી તેમાં માઈકનો ઉપયોગ કરી અવાજનું પ્રદુષણ રોકવા અત્યંત આવશ્યક અને અનિવાર્ય જણાતા તેમજ લાઉટ સ્પીકર વગાડવાથી ધ્વની પ્રદુષણથી લોકોની તંદુરસ્તીને વિપરીત અસર પહોંચે છે. તેમજ લાઉડ સ્પીકરથી લોકોને ખલેલ ન પહોંચે અને લોકો/જાહેર પ્રજાને ધ્વની પ્રદુષણથી મુકત રાખવા માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ (આર) અન્વયે મળેલ સતાની રૂઈએ હું એસ. એમ. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લાના તમામ વિસ્તારમાં નીચેની વિગતે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ આથી ફરમાવું છું.

(૧) પરવાનગી સિવાય ચૂંટણી પ્રચાર કે વાહન પર રાખી માઈક ન વગાડવા.

(૨) સવારના ૬.૦૦ કલાકથી રાત્રિના ૧૦.૦૦ કલાક સુધી જ માઈકનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને જ કરવાનો રહેશે.

(૩) ઉપર નિયત થયેલા સમય સિવાય ઉપયોગમાં લેવાયેલ કોઈપણ લાઉડ સ્પીકર કે અન્ય જોડાયેલ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૪) વાહનોમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો કે કાર્યકરો એ લાઉડ સ્પીકર વાપરવા માટેની પરવાનગી આપતા સત્તા અધિકારીશ્રીને આ વાહનોની નોંધણી/ઓળખ નંબરો જણાવવા અને પરવાનગીપત્ર પર નોંધ કરવાની રહેશે.

(૫) લેખિત પરવાનગી વગર જે વાહનમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે વાહન, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર અને તમામ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૬) ઉમેદવારે કે કાર્યકરે ઉપરોકત જણાવ્યા મુજબની પરવાનગી મેળવી તેની જાણ ચૂંટણી અધિકારીશ્રીને અને સ્થાનિક પોલીસ અધિકારીને જાણ કરવાની રહેશે.

(૭) કોઈપણ મતવિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના પહેલાના ૪૮ કલાક દરમ્યાન વાહન પર ગોઠવેલ કે અન્ય પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહીં.

(૮) આ જાહેરનામુ ચૂંટણી પ્રક્રિયા તા. ૩-૧૧-૦૫ ના રોજ પુરી થનાર છે ત્યાં સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ સને-૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ : ૧૦મી ઓકટોબર ૨૦૦૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૦૫

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

(૧) નં.નાચિ/પલસ/વશી/૯૦૯૧ થી ૯૧૪૦/૨૦૦૫.- આગામી નગરપાલિકા/તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૦૫ માટે અમરેલી જિલ્લામાં તા. ૨૫-૧૦-૦૫ નાં રોજ મતદાન થનાર છે. જેનાં અનુસંધાને મતદાનના દિવસે વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા અને મતદારો માટે વાહનોનો દુર ઉપયોગ કરી મતદારોને અયોગ્ય રીતે રીઝવી ન શકાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો તેમનાં પ્રતિસ્પર્ધી ઉમેદવારો તથા જનસામાન્ય તરફથી સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવા અને એકબીજા જુથો વચ્ચે મનદુ:ખ અને ઘર્ષણ ઉભુ થવાની સંભાવના તેમજ સુલેહશાંતિનો ભંગ થવા સંભવ રહે છે. જે અટકાવવા તેમજ ઉકત ચૂંટણી દરમ્યાન વાહનોના દુરઉપયોગ પર નિયંત્રણ કરવાના હેતુ સારૂ સાવચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા,

(૨) આથી હું એસ. એમ. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો તેમનાં ઉમેદવારો અગર અપક્ષ ઉમેદવારો કે તેઓના ચૂંટણી એજન્ટ દ્વારા અથવા તેઓની સહમતીથી બીજા કોઈ વ્યકિત દ્વારા મતદાનના દિવસે

(ક) મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક થી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાખવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(ખ) નગરપાલિકા/તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણી બાબતમાં ચૂંટણી લડતા દરેક ઉમેદવાર મતદાનના દિવસે નીચે પ્રમાણે વાહનનો ઉપયોગ કરી શકશે.

૧. પોતાના ઉપયોગ માટે સમગ્ર મતદાર વિભાગ પૂરતું એક વાહન.

૨. આ ઉપરાંત યથાપ્રસંગ ચૂંટણી એજન્ટ અથવા કાર્યકરો અથવા તેના પક્ષના કાર્યકરોના ઉપયોગ માટે તે નગરપાલિકા/તાલુકા/જિલ્લા પંચાયતના મતદાર વિભાગમાં આવેલા પ્રત્યેક મતદાર વિભાગ દીઠ એક વાહન વાપરવા હક્કદાર રહેશે.

(ગ) ઉકત ઉપયોગમાં લેવાનાર વાહન ચૂંટણી અધિકારીશ્રી પાસે નોંધણી કરાવવાનું રહેશે અને નોંધણી કરાવેલ વાહન પર તેની પરમીટ તેઓશ્રી પાસેથી મેળવી તે પરમીટ વાહનની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વીન્ડસ્કીન પર ચોટાડવાની રહેશે.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારેતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમનો અમલ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં તા. ૨૫-૧૦-૦૫ દિવસે કરવાનો રહેશે.

(૫) આજ તારીખ :- ૭ મી ઓકટોબર ૨૦૦૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં. : નાચિ/પલસ/વશી/૮૯૪૬ થી ૮૯૯૦/૨૦૦૫.-(૧) નગર પાલિકા/તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૦૫ અંતર્ગત ગુજરાત રાજય ચૂંટણી પંચ, ગાંધીનગર તરફથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે જેને અનુલક્ષી ચૂંટણી પ્રચાર અભિયાન રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે ઉમેદવારો અથવા કાર્યકરો મકાન માલીકોની પરવાનગી લીધા વીના ચુટણી લક્ષી પ્રચાર પત્રો ચોડીને, સુત્રો લખીને, નિશાની ચીત્રીને વિગેરે દ્વારા સાર્વજનીક અને ખાનગી મકાનોની દિવાલ બગાડે છે. આ માટે રાજય ચૂંટણી કમિશનર શ્રી ગુજરાત રાજય તરફથી રાજકીય પક્ષો અને ઉમેદવારોના માર્ગદર્શન માટે આચારસંહિતા અને તે અંગે સુંચનાઓ થઇ આવેલ છે. જે મુજબ રાજકીય પક્ષો અથવા ઉમેદવારો પોતાના કાર્યકરોને ધ્વજ દંડ ઉભા કરવા, બેનરો લટકાવવા, નોટિસો ચોટાડવા, સુત્રો લખવા વિગેરે માટે પરવાનગી વિના કોઈપણ વ્યક્તિની જમીન મકાન, કમ્પાઉન્ડ, દિવાલ વિગેરેનો ઉપયોગ કરવા દેશે નહિ તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. આથી આ આચાર સંહિતાનો અમલ કરવા અને લોકોની માલ મિલ્કતને થતી હાની/ બગાડ અટકાવવા માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ આ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેઓના કાર્યકરોને જણાવવામાં આવે છે કે સંબંધિત મકાન માલિકોની પરવાનગી લીધા વિના જાહેર તથા ખાનગી મીલ્કત ઉપર ચૂંટણી લક્ષી પ્રચાર પત્રો ચોંડીને, સુત્રો લખીને દિવાલો બગાડવી નહી તેમજ કોઈ ધ્વજદંડ કે બેનરો લટકાવવા નહી તેમજ કોઈપણ વ્યક્તિની જમીન, મકાન, કમ્પાઉન્ડ દિવાલ વિગેરેનો પરવાનગી વગર ઉપયોગ કરવો નહી.

જાહેર મકાન એ શબ્દ પ્રયોગ બાબતમાં આથી જણાવવામાં આવે છે કે આ શબ્દ પ્રયોગમાં મીલ્કત, ધોરીમાર્ગ ઉપર અથવા માર્ગના મહત્વના ચાર રસ્તા પર માર્ગ દિશા બતાવવા સાઈન બોર્ડ, માઈલ પથ્થરો, રેલ્વેફાટક ઉપર ચેતવણી નોટિસ, રેલ્વે પ્લેટફોર્મ,

બસ ટર્મીનલ્સના બોર્ડ તેમજ જાહેર જનતાની સગવડતા માટે પ્રદર્શીત કરેલ હોય તેવા અન્ય નોટિસ બોર્ડનો સમાવેશ થશે.

(૨) ગુજરાત રાજય ચૂંટણી કમિશનરશ્રી, ગાંધીનગર તરફથી થયેલ હુકમ મુજબ કોઈપણ સંજોગોમાં ત્રણ કરતા વધુ સુરક્ષા વાહનો ધરાવતો કાફલો કેન્દ્રના અથવા રાજ્ય સરકારના કોઈ મંત્રીએ લઈ જવા નહી તેમજ રાજકીય પક્ષ કે ઉમેદવાર કે ચૂંટણી એજન્ટે ચૂંટણીના પ્રચાર માટે કાફલામાં ત્રણ થી વધુ વાહનો એકી સાથે લઈ જઈ શકશે નહી તેવું ઠરાવેલ છે આથી ચૂંટણી પંચના આદેશની અમલવારી કરવા આ જિલ્લામાં આવેલ તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેમના ચૂંટણી એજન્ટોને ફરમાવવામાં આવે છે કે ચૂંટણીના પ્રચાર માટે જતા કાફલામાં એકી સાથે ત્રણથી વધુ વાહનો લઈ જઈ શકાશે નહી.

(૩) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુમનો અમલ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં હુકમની તારીખથી તારીખ ૨૫-૧૦-૨૦૦૫ સુધી કરવાનો રહેશે.

(૪) આજ તારીખ ૭મી ઓકટોબર ૨૦૦૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં. : નાચિ/પલસ/વશી/૮૮૯૫ થી ૮૯૪૫/૨૦૦૫.-(૧) આગામી નગર પાલિકા/તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી ૨૦૦૫ માટે અમરેલી જિલ્લામાં તારીખ ૨૫-૧૦-૨૦૦૫નાં રોજ મતદાન થનાર છે જેનાં અનુસંધાને ચૂંટણી પ્રચાર અભિયાનરૂપે રાજકીય બિન રાજકીયપક્ષોનાં કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી ચૂંટણી પ્રચાર ઝુંબેશ પોતપોતાના મત વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ હોય આ પ્રચારનાં હેતુ માટે તેઓ દ્વારા કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવશે તે સંજોગોમાં આવા વાહનો ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારનાં પ્રચાર માટે વપરાતા વાહનોનાં સંબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે હેતુથી અને જજો આમ કરવામાં ન આવે તે તેમનાં પ્રતિસ્પર્ધી ઉમેદવારો તથા જનસામાન્ય તરફથી સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવા અને એકબીજા જુથો વચ્ચે મનદુઃખ અને ઘર્ષણ ઉભુ થવાની સંભાવના તેમજ સુલેહશાંતિનો ભંગ થવા સંભવ રહે છે.

(૨) આથી હું, એસ. એમ. પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમ) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો તેમનાં ઉમેદવારો કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો નગરપાલિકા/તાલુકા/જિલ્લા પંચાયતનાં ચૂંટણી ઉમેદવારે તેમનાં ચૂંટણી અધિકારીશ્રી પાસે આવા વાહનો રજિસ્ટર કરાવવાના રહેશે અને રજિસ્ટર કરાયેલ વાહનો માટે તેઓશ્રી પાસેથી પરમીટ મેળવી વાહનોની ઉપર સહેલાઈથી દેખાઈ આવે તે રીતે વિન્ડસ્કીન પર ચોંડવાની રહેશે પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજિસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહી. આ નિયંત્રણો યાંત્રિક શક્તિથી કે અન્ય રીતે ચાલતા તમામ વાહનોને લાગુ પડશે.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આ હુકમનો અમલ હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે

(૬) આજ તારીખ ૭મી ઓકટોબર ૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો

અમરેલી, ૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ

જાહેરનામું

નં. : નાચિ/પલસ/વશી/૯૧૪૧ થી ૯૧૯૦/૨૦૦૫.-(૧) નગરપાલિકા/તાલુકા જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી ૨૦૦૫ અંતર્ગત ગુજરાત રાજય ચૂંટણી પંચ તરફથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે જેને અનુલક્ષીને નરપાલિકા/તાલુકા/ જિલલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી માટે મતદાન તારીખ ૨૫-૧૦-૨૦૦૫નાં રોજ તથા મતગણતરી તારીખ ૨૭-૧૦-૨૦૦૫નાં રોજ રાખવામાં આવેલ છે. ચૂંટણીપંચના સૂચના અનુસાર મતદાનનાં દિવસે મતદાન મથકનાં ૧૦૦ મીટરની ત્રિજ્યાનાં વિસ્તારમાં કોઈપણ વ્યક્તિએ મોબાઈલ સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસસેટ, વોકીટોકી, જેવા સાધનો સાથે લઈ જઈ શકશે નહી કે સાથે રાખી શકશે નહી. તેવી જ રીતે મત ગણતરીનાં દિવસે મત ગણતરી સ્થળે પણ સલામતી દળ દ્વારા કોર્ડન કરાયેલ પ્રતિબંધિત વિસ્તારમાં પણ કોઈપણ વ્યકિતએ ઉપર મુજબનાં સાધનો/ઈન્સ્ટ્રુમેન્ટ સાથે લઈ જઈ શકશે નહી કે સાથે રાખી શકશે નહી. તે પ્રકારે પ્રતિબંધ

ફરમાવવામાં આવે છે. તેમ છતાં કોઈ વ્યકિત દ્વારા ઉકત સૂચનાનું ઉલ્લંઘન કરી આવા સાધનો/ઈન્સટુમેન્ટ સાથે લઇ જશે કે તેમનાં કબજામાંથી મળી આવશે તો તે જપ્ત કરવામાં આવશે. નિયંત્રણ કરવાના હેતુ સારુ સાવચેતિના પગલા લેવા અનિવાર્ય જણાતા,

(૨) હું એસ. એમ. પટેલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે,

આ હુકમ નીચેનાંને લાગુ પડશે નહીં.

(૧) કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ અધિકારીઓ, સલામતી અધિકારીઓ કે જેઓની ફરજ મતદાન મથક, મતગણતરી સ્થળની નજીકમાં ફાળવેલ હોય તેમની ઓફિશ્યલ ફરજો સબબ આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

(૨) ચૂંટણીપંચ દ્વારા નિયુકત થયેલ ચૂંટણી અધિકારીશ્રીઓ તેમજ મતદાન અને મતગણતરીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓને તેમની ફરજના ભાગ રૂપે ઉકત ઈન્સ્ટ્રુમેન્ટનો ઉપયોગ કરવાનો થાય તેવા કિસ્સાઓમાં

(૩) આ હુકમનું ઉલ્લંધન કરનાર અથવા ઉલ્લંધન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમનો અમલ સમગ્ર અમરેલી જીલ્લાના વિસ્તારમાં તારીખ : ૨૫/૧૦/૨૦૦૫ તથા તારીખ : ૨૭/૧૦/૨૦૦૫ ના રોજ કરવાનો રહેશે.

આજ તારીખ :- ૭ મી ઓકટોબર -૨૦૦૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં. નાચિ/પલસ/વશી/૮૯૯૧ થી ૯૦૪૦/૨૦૦૫.- (૧) નગરપાલિકા/તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૦૫ અંતર્ગત ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર તરફથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. અને ચૂંટણી પ્રક્રિયા પણ શરુ થયેલ હોય, જેને અનુલક્ષી ચૂંટણી પ્રચાર અભિયાન રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે ઉમેદવારોના અત્યંત ખર્ચાળ પ્રચાર પર નિયંત્રણ મુકવા અંગેના તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ચૂંટણી પંચ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી અપાયેલ સુચના મુજબ આ આચાર સંહિતાનો અમલ કરવા અને લોકોની માલ મીલ્કતને થતી હાની/બગાડ અટકાવવા પર નિયંત્રણ કરવાના હેતુ સારૂ સાવચેતિના પગલા લેવા જરૂરી જણાતા, હોઈ

(૨) હું, એસ. એમ. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) કોઈ ઉમેદવારોએ રાજકિયપક્ષોએ કે તેમના ટેકેદારોએ કોઈ કટાઉટ દરવાજા (GATES) કે કમાનો (ARCHES) ઉભા કરવા નહી.

(૨) જાહેર કે ખાનગી કે મકાનોની દિવાલો પર સુત્રો લખવા પોસ્ટર ચોંટાડવા, પ્રચાર સામગ્રી ચોંટાડવા અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવો.

(૩) ઉમેદવાર, ઉમેદવારીપત્રો ભરવા કે ઉમેદવારીપત્રોની ચકાસણીમાં હાજરી આપવા કે ચૂંટણી પ્રતિકની ફાળવણીની પ્રક્રિયામાં હાજરી આપવા માટે ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ આકારે જવું નહીં.

(૪) ખાનગી સ્થળોએ માલિકની પરવાનગી હોય તો પણ હોર્ડિંગ્સ પ્રદર્શિત કરવા નહીં.

(૫) જ્યાં એક પક્ષે સભાઓ યોજી હોય, એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઈ જવું નહીં. તેમજ પોતાના પક્ષના ચોપાનીયા વહેંચીને ખલેલ પહોંચાડવી નહીં. એક પક્ષે બહાર પાડેલા ભિંતપત્રો બીજા પક્ષના કાર્યકરોએ દુર કરવા નહી.

(૩) આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે. આ હુકમનો અમલ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં હુકમની તારીખથી તારીખ ૨૮-૧૦-૨૦૦૫ સુધી કરવાનો રહેશે.

(૪) આજ તારીખ ૭મી ઓકટોબર-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ તરફથી બહાર પાડવામાં આવેલ આદર્શ, આચાર સંહીતાના ભાગરૂપે અમલવારી કરવા અંગેનું

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૯૦૪૧ થી ૯૦૯૦/૨૦૦૫.- નગરપાલિકા/તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૦૫ના અનુસંધાને ગુજરાતના ચૂંટણી પંચ તરફથી આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચુંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચારસંહીતામાં સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ, તથા વિશ્રામગૃહોનો ચૂંટણીના કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

આથી અમરેલી જિલ્લામાં સમાવિષ્ટ સરકારી, અર્ધસરકારી, સહકારી, તમામ આરામગૃહો, ડાક બંગલાઓ, વિશ્રામગૃહો, તથા જાહેર સ્થળો હોય તેવા તમામ ગૃહો કે સ્થળોનો રાજકીય પક્ષોના હોદ્દેદારો, કાર્યકરો ચૂંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક પ્રચારના હેતુસર ઉપયોગ કરવા પ્રતીબંધ કરવામાં આવે છે. રાજકીય પ્રવૃત્તિમાં રાજકીય ચર્ચા, ટેલીફોન ઉપર વાર્તાલાપ તથા મુલાકાતી સહીતની બાબતોનો સમાવેશ થશે.

આ જાહેરનામાનો અમલ ચૂંટણી પ્રક્રીયા પૂર્ણ થતા સુધી કરવાનો રહેશે. અને જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે સને-૧૯૫૧ના લોક પ્રતિનિધિત્વ ધારા હેઠળ કડક પગલા લેવામાં આવશે ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ અન્વયે શિક્ષા કરવામાં આવશે.

(૪) આજ તારીખ ૭મી ઓકટોબર-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ-૧(આર) અન્વયેનો હુકમ

જાહેરનામુ

નં. નાચિ/પલસ/વશી/૯૧૯૩ થી ૯૨૪૫/૨૦૦૫.- અમરેલી જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતો તથા નગર પાલિકાઓની સામાન્ય ચૂંટણી-૨૦૦૫ના કામે રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા કાર્યક્રમ જાહેર થયેલ છે તે મુજબ ચૂંટણીઓનું મતદાન તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા. ૨૭-૧૦-૨૦૦૫ના રોજ થનાર છે. જેથી ચૂંટણી સબબ ઉમેદવારો, રાજકીય પક્ષો, કાર્યકરો વિગેરે દ્વારા ચૂંટણીના પ્રચારના કોઈ હેતુ માટે સભા કે સરઘસો યોજી તેમાં માઈકનો ઉપયોગ કરી અવાજનું પ્રદુષણ રોકવા અત્યંત આવશ્યક અને અનિવાર્ય જણાતા તેમજ લાઉડ સ્પીકર વગાડવાથી ધ્વની પ્રદુષણથી લોકોની તંદુરસ્તીને વિપરીત અસર પહોંચે છે. તેમજ લાઉડ સ્પીકરથી લોકોને ખલેલ ન પહોંચે અને લોકો/જાહેર પ્રજાને ધ્વની પ્રદુષણથી મુક્ત રાખવા માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા-કલમ-૧(આર) અન્વયે મળેલ સત્તાની રૂઈએ હું એસ. એમ. પટેલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લાના તમામ વિસ્તારમાં નીચેની વિગતે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ આથી ફરમાવું છુ.

(૧) પરવાનગી સિવાય ચૂંટણી પ્રચાર કે વાહન પર રાખી માઈક ન વગાડવા.

(૨) સવારના ૬.૦૦ કલાકથી રાત્રિના ૧૦.૦૦ કલાક સુધી જ માઈકનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને જ કરવાનો રહેશે.

(૩) ઉપર નિયત થયેલા સમય સિવાય ઉપયોગમાં લેવાયેલ કોઈપણ લાઉડ સ્પીકર કે અન્ય જોડાયેલ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૪) વાહનોમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો કે કાર્યકરો એ લાઉડ સ્પીકર વાપરવા માટેની પરવાનગી આપતા સત્તા અધિકારીશ્રીને આ વાહનોની નોંધણી/ઓળખ નંબરો જણાવવા અને પરવાનગીપત્ર પર નોંધ કરવાની રહેશે.

(૫) લેખિત પરવાનગી વગર જે વાહનમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે વાહન, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર અને તમામ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૬) ઉમેદવારો કે કાર્યકરે ઉપરોક્ત જણાવ્યા મુજબની પરવાનગી મેળવી તેની જાણ ચૂંટણી અધિકારીશ્રીને અને સ્થાનિક પોલીસ અધિકારીને જાણ કરવાની રહેશે.

(૭) કોઈ પણ મતવિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના પહેલાનાં ૪૮ કલાક દરમ્યાન વાહન પર ગોઠવેલ કે અન્ય પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહી.

(૮) આ જાહેરનામુ ચૂંટણી પ્રક્રિયા તા. ૩-૧૧-૦૫ના રોજ પુરી થનાર છે ત્યાં સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર થશે.

(૯) આજ તારીખ ૧૦મી ઓકટોબર-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) નાં કાયદાની કલમ-૧૪૪ હેઠળ

હુકમ

નં. નાચિ/પલસ/વશી/૮૮૯૫ થી ૮૯૪૫/૨૦૦૫.- (૧) આગામી નગરપાલિકા, તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૦૫ માટે અમરેલી જિલ્લામાં તારીખઃ- ૨૫/૧૦/૨૦૦૫નાં રોજ મતદાન થનાર છે. જેનાં અનુસંધાને ચૂંટણી પ્રચાર અભિયાનરૂપે રાજકીય/બિનરાજકિયપક્ષનાં કાર્યકરો અને ચૂંટણી ઉમેદવારો તરફથી પ્રચાર ઝુંબેશ પોતપોતાના મત વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ હોય આ પ્રચારનાં હેતુ તેઓ દ્વારા કે તેની સહમતિથી બીજા કોઈ વ્યકિત દ્વારા પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવશે. તે સંજોગોમાં આવા વાહનો ઉપર દેખરેખ રાખવા અને ઉમેદવારનાં પ્રચાર માટે વપરાતા વાહનોનાં સબંધમાં થતો ખર્ચ યોગ્ય રીતે જાહેર થાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો તેમનાં પ્રતિસ્પર્ધી ઉમેદવારો તથા જનસામાન્ય તરફથી સાચી ખોટી ફરીયાદો ઉપસ્થિત થવા અને એકબીજા જુથો વચ્ચે મનદુઃખ અને ઘર્ષણ ઉભુ થવાની સંભાવના તેમજ સુલેહશાંતિનો ભંગ થવા સંભવ રહે છે.

(૨) આથી હું, એસ. એમ. પટેલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪નો બીજો અધિનિયમની) કલમ-૧૪૪ અન્વયે મળેલ સતાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો તેમનાં ઉમેદવારો કે તેની સહમતિથી બીજા કોઈ વ્યકિત દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનોનો ઉપયોગ કરવામાં આવે તેવા તમામ વાહનો નગર પાલિકા/તાલુકા/જિલ્લા પંચાયતનાં ચૂંટણી ઉમેદવારે તેમનાં ચૂંટણી અધિકારીશ્રી પાસે આવા વાહનો રજીસ્ટર કરાવવાનાં રહેશે. અને રજીસ્ટર કરાયેલ વાહન માટે તેઓશ્રી પાસેથી પરમીટ મેળવી વાહનોની ઉપર સહેલાઈથી દેખાય આવે તે રીતે વિન્ડસ્કીન પર ચોડવાની રહેશે. પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહી. આ નિયંત્રણો યાંત્રિક શકિતથી કે અન્ય રીતે ચાલતા તમામ વાહનોને લાગુ પડશે.

(૪) આ હુકમનું ઉલ્લંઘન કરનાર આથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

(૫) આ હુકમનો અમલ હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધી કરવાંનો રહેશે.

(૬) આજ તારીખ-૭મી ઓકટોબર-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા ૩ અન્વયેનો હુકમ

જાહેરનામુ

નં. નાચિ/પલસ/૩/વશી/૯૭૦૫ થી ૯૭૫૫/૨૦૦૫.- (૧) ગુજરાત રાજય ચૂંટણીપંચ તરફથી જાહેર થયેલ કાર્યક્રમ મુજબ "નગરપાલિકા/તાલુકા/જિલ્લા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૦૫"ની કાર્યવાહી ચાલુમાં હોય અને હાલમાં મુસ્લિમ બિરાદરોનો "રમજાન માસ" ચાલતો હોય તેમજ આગામી દિવસોમાં "દિવાળી"ના તહેવારો આવતા હોય, જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે માટે તેમજ જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા માટે મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે પગલા લેવા પુરતા કારણો છે તેની મને ખાત્રી થઈ છે.

(૨) જેથી હું, એસ. એમ. પટેલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૧ તથા કલમ-૩ અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૩) તા. ૧૯/૧૦/૦૫થી તા. ૦૨/૧૧/૦૫ (બંને દિવસો સહિત) અમરેલી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં.

(૪) કોઈપણ ઈસમે શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક ઈજા અને હિંસા પહોંચાડવા ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈપણ ચીજવસ્તુ, સ્ફોટક પદાર્થ અથવા પથ્થરો સાથે ઘર બહાર નીકળવુ નહી. કોઈ આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી અને બુમો પાડવી નહી તથા સુત્રોચ્ચાર કરવા નહી.

(૫) આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(અ) ફરજ પર રોકાયેલ પોલીસ તથા હોમગાર્ડ સહિતના તમામ સરકારી તેમજ અર્ધસરકારી કર્મચારી તથા અધિકારીઓને,

(બ) શારિરીક અશકિતના કારણે લાકડી તથા લાઠી લઈને ફરવુ જરૂરી છે તેવી વ્યકિતઓને,

(૬) વધુમાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સત્તાનીરૂઈએ, તારીખ : ૧૯/૧૦/૨૦૦૫ થી તારીખ : ૦૨/૧૧/૨૦૦૫ (બંને દિવસો સહિત) અમરેલી જીલ્લાનાં સમગ્ર વિસ્તારની અંદર

સબંધિત તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની પુર્વ મંજુરી/પરવાનગી સિવાય કોઈ સભા મંડળી ભરવાની અથવા સરઘસ કાઢવાની હું મનાઈ ફરમાવું છુ.

(૭) ઉપરોક્ત પેરા-૬(છ) માં કરવામાં આવેલ આદેશ ફરજ પરના કોઈપણ સરકારી/બિનસરકારી કર્મચારીઓ અને અધિકારીઓને તેમજ કોઈપણ લગ્નનાં વરઘોડાને અથવા સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી.

(૮) આ જાહેરનામાનું ઉલ્લંધન કરનાર અથવા ઉલ્લંધન માટે મદદ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ની જોગવાઈ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

(૯) આજ તારીખ :- ૧૭મી ઓકટોબર-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (યુ) તથા (એચ) અન્વયેનો હુકમ

જાહેરનામુ

નં. નાચિ/પલસ/૨/વશી/૯૬૪૪ થી ૯૬૯૦/૨૦૦૫.-(૧) દિવાળીના તહેવારો દરમ્યાન દારૂખાનું ફોડવાથી આગ લાગવાનો કે રાહદારી કે અન્યને અકસ્માત થવાની સંભાવના રહે તેમ જ તાજેતરની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થતિ લક્ષમાં લેતા જાહેર જનતાની સુલેહ શાંતિ અને સલામતી ન જોખમાય તે માટે દિવાળીના તહેવારો દરમ્યાન અમરેલી જીલ્લાના તમામ શહેરો તથા ગામડાઓમાં રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન તેમજ બહોળા પ્રમાણમાં લોકોની અવરજવર વધારે રહેતી હોય તેવી બજારો તથા શેરીઓમાં તેમજ આનંદપ્રમોદના સ્થળોમાં હાથલારી, ગાડા કે અન્ય પ્રકારની વાહનોમાં ફટાકડા કે દારૂખાનું વેચાણ કરવા તથા હેરફેર કરવા ઉપર પ્રતિબંધ મૂકવાની આવશ્યકતા હોવાના સબળ કારણો તથા નામ. સર્વોચ્ચ અદાલતની રીટ પીટીશન(સીવીલ) ક્રમાંક:- ૭૨/૧૯૯૮ અન્વયે થયેલ હુકમના મહત્વના આદેશો ધ્યાને લેતાં આથી હું, એસ. એમ. પટેલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (યુ) તથા કલમ-૩૩(૧) (એચ) થી મળેલ અધિકારની રૂઈએ તા:- ૨૧/૧૦/૨૦૦૫થી તા:- ૦૪/૧૧/૨૦૦૫ સુધી (બંને દિવસો સહીત) અમરેલી જીલ્લાના શહેરો તથા ગામડાઓમાં મુકરર કરેલ સ્થળો સિવાય રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન તેમજ બહોળા પ્રમાણમાં લોકોની અવરજવર વધારે રહેતી હોય તેવા સ્થળો તથા શેરીઓ તેમજ આનંદપ્રમોદના સ્થળોએ વાહનોમાં ફટાકડા કે દારૂખાનાનું વેચાણ તથા હેરફેર કરવા ઉપર તથા નીચે પ્રમાણેની વિગતે આથી મનાઈ ફરમાવું છું.

(૧) ૧૨૫ ડેસીબલ (એઆઈ) યુનિટ અથવા ૧૪૫ ડેસીબલ (સી) પીકે યુનિટથી અવાજ વધે નહી તેવા ફટાકડાનું ઉત્પાદન, વેચાણ કે વપરાશ કરી શકાશે નહી.

(૨) ઉપરોક્ત ફટાકડાઓ સિવાયના ફટાકડાનો સમય ગાળો સાંજના ૬.૦૦ થી રાત્રીના ૧૦.૦૦ કલાકનો રહેશે. એટલે કે રાત્રીના ૧૦.૦૦થી સવારના ૬.૦૦ કલાક દરમ્યાન ફટાકડા ફોડી શકાશે નહી.

(૩) સબંધિત સત્તા અધિકારીશ્રીઓએ જાહેર કરેલ "શાંત વિસ્તારો" માં કોઈપણ સમય દરમ્યાન ફટાકડા ફોડી શકાશે નહી.

(૨) આ જાહેરનામાનો ઉલ્લંધન કરનાર અથવા ઉલ્લંધન માટે મદદ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

(૩) આજ તારીખ :- ૧૭ મી ઓકટોબર-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

અમરેલી, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

એસ. એમ. પટેલ,
અધિક જીલ્લા મેજીસ્ટેટ,
અમરેલી.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ૯૩૨૭/નધણ/ચ/૧૭૯૯/૨૦૦૫.-જિલ્લા રજીસ્ટાર, સહકારી મંડળીઓ, અમરેલી, આથી જાહેર કરે છે કે, શ્રી ચકકરગઢ રોડ, ખેડુત સેવા સહકારી મંડળી લીમીટેડ, સ્થળ : અમરેલી, તાલુકો : અમરેલી, જિલ્લો : અમરેલીને નોંધણી નં. સે. ૩૫૬૧૨, તા. ૧૦/૧૯-૧૦-૨૦૦૫થી સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

અમરેલી, ૧૦/૧૯ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

ડી. બી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧-ઘ/૨૨૪૨/૦૫.- જિલ્લા રજીસ્ટાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી જીનામ કો. ઓપરેટીવ હા. સો. લી., ગાંધીધામ, મર્યાદિત સ્થળ :

ગાંધીધામ, તાલુકો : ગાંધીધામ, જિલ્લો : કચ્છને સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ભુજ-કચ્છ, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વાય. એ. બલોચ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : ૧૧૪૩૫/નં. નધણ/ખ-૩/૧૦૫૨/ઉ-૧૨૮૭૦/ સને ૦૫.- આથી જાહેર કરે છે કે, શ્રી વિજય બાંધકામ મજુર સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : તલાળા, તાલુકો : તલાળા, જિલ્લો : જુનાગઢ સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ ૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૧૪ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈ.

૨. સરકારશ્રીના કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો જાહેર ક્રમાંક : ઘખ/૧૬/૨૦૦૩/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/છ તા. ૧૭-૪-૨૦૦૪.

૩. અત્રેની કચેરીનો તા. ૦૬-૦૧-૦૫નો વચગાળાનો ફડચાનો આદેશ નં. ફડચ/ખ-૪/૬૭૩ સને ૦૫.

અંતિમ આદેશ

જા નં. ફડચ/૧૬૬૪૯/ખ-૪/૩૫૧૬/સને ૦૫.- આથી હું, વી. એમ. મહેતા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢ મને ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમ ૧૯૬૧ની કલમ-૧૦૭થી મળેલ અધિકારની રૂએ શ્રી છાપરી ફળ શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. છાપરી, તા. વેરાવળ, જિ. જુનાગઢ, તા. ૧૧-૦૯-૯૮ના રોજ નોંધણી નંબર : ૧૧૪૬૩થી નોંધાયેલ છે, તેને અધિનિયમની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરૂં છું. તેના ફડચા અધિકારી તરીકે સહ. અધિકારી (ફડચો)ની નિમણુંક કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ મંડળીનો તમામ પ્રકારનો ચાર્જ સંભાળી લઈ તેના ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા હિસાબી પત્રકો સાથે અત્રેની કચેરીને મોકલી, મંડળીની ફડચા ફી ની નિયત ધોરણે આકારણી કરી, સહકારી કાયદાની કલમ-૧૧૪ હેઠળ આ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર કામગીરી પુર્ણ કરવાની રહેશે.

જુનાગઢ, ૧૩ ઓકટોબર, સને ૨૦૦૫.

વી. એમ. મહેતા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

મેનેજર (કે. વી. સી. આઈ.) અને જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ઉદ્યોગ) દ્વારા

વંચાણે લીધા :

૧. અત્રેની કચેરીના ફડચાના અંતિમ હુકમ ક્રમાંક : જીઉકે-જુના-કુટીર-ફડચ-૧૩૬૫, તા. ૩૦-૧૦-૯૬.

૨. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ ૧૧૪ (૨)ની તથા કલમ ૨૦(૧)ની જોગવાઈ.

૩. સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નોટીફીકેશન નંબર ઘખ/૧૬/૨૦૦૩/એચએચબી/૧૨/૦૨/ ૩૦૧૧/ચ તા. ૧૭-૪-૦૪.

૪. ફડચા અધિકારીનો તા. ૨૩-૩-૦૫નો પત્ર.

હુકમ

નં. જીઉકે/જુના/કુટીર/ફડચ/૧૦૭૯/૨૦૦૫.-શ્રી સર્વોદય પ્રિન્ટીંગ સહકારી મં. લી., જોષીપુરા, તા. જિ. જુનાગઢનો વંચાણે લીધેલ ક્રમાંક નં.-૧ના હુકમથી ફડચામાં લઈ જવામાં આવેલ છે.

સદરહું મંડળી નોંધણી નંબર ઉ-૬૯૭૩ તા. ૨૦-૯-૮૮થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને ૧૯૬૧ની કલમ-૧૧૪ (૨) તથા ૨૦(૧) તથા વંચાણે લીધેલ ક્રમાંક : નં.-૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ શ્રી સર્વોદય પ્રિન્ટીંગ સહકારી મં. લી., જોષીપુરા, તા. જિ. જુનાગઢની ફડચાની કામગીરી સમાપ્ત થયેલી જાહેર કરૂં છું. તેમજ આજ કાયદાની કલમ–૨૦ (૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂં છું.

જુનાગઢ, ૧૮ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬/૨૦૦૩/એચએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૭-૪-૨૦૦૪.

૨. ફડચા અધિકારીશ્રી, શ્રી ત્રીમૂર્તિ પ્રિન્ટીંગ સર્વીસ ઉત્પાદક સહકારી મંડળી લી., (ફ) મુ કેશોદ અને સહકારી અધિકારી (ફ) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અમરેલીનો તા. ૩૦-૬-૨૦૦૫નો અહેવાલ.

આદેશ

નં. જીઉકે-જુના-કુટીર-ફડચ-૧૦૭૮/૧૮૫૬૯/૦૫.-શ્રી ત્રીમૂર્તિ પ્રિન્ટીંગ સર્વીસ ઉત્પાદક સહકારી મંડળી લી., (ફ), મુ. કેશોદ, તા. કેશોદ, જિ. જુનાગઢને નોંધણી નંબર ઉ. ૫૨૯૪, તા. ૪-૪-૧૯૮૪થી નોંધાયેલ સંસ્થા છે. જેને આ કચેરીના હુકમ ક્રમાંક : જીઉકે/જુના/કુટિર/ફડચ/૦૪/૩૫૩૪, તા. ૩૧-૩-૨૦૦૦થી ટ્રસ્ટી પ્રતિનિધિમાં લઇ જવાનો આદેશ કરવામાં આવેલ છે. અને તે અન્વયે આ મંડળીની ટ્રસ્ટી પ્રતિનિધિની કાર્યવાહી આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક-૨ મુજબ પૂર્ણ થયેલ છે.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અને ૧૯૬૧ના કાયદાની કલમ ૨૦/૧ અન્વયે શ્રી ત્રીમૂર્તિ પ્રિન્ટીંગ સર્વીસ ઉત્પાદક સહકારી મંડળી લી., (ફ) મુ. કેશોદ, તા. કેશોદ, જિ. જુનાગઢની મંડળીની નોંધણી આથી રદ કરૂં છું.

જુનાગઢ, ૧૮ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત રાજયના સને ૧૯૬૧ના સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૧૪ તથા ૧૧૫ની જોગવાઈઓ.

૨. ગુજરાત રાજયના ખેતી સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ-૨૪/૯૧-ડીડીસી-૧૧૮૮-૫૨૦૪-જે, તા. ૩૦-૩-૯૧.

૩. અત્રેની કચેરીના હુકમ નં. જીઉકે-જુના-કુટીર-ફડચ-અંતિત-૧૪૦૮, તા. ૨-૧૧-૯૩.

૪. ફડચા અધિકારીશ્રી, શ્રી નીરાતારગોળ તથા ગ્રામોદ્યોગ ઉત્પાદક સહકારી મંડળી લી., (ફ) શાપુર, તા. વંથલી અને સહકારી અધિકારી (ફ) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમરેલીનો તા. ૨૮-૪-૨૦૦૫નો ૧૧૪-૧નો રીપોર્ટ.

આદેશ

નં. જીઉકે-જુના-કુટીર-ફડચ-૧૦૭૭/૧૮૫૬૭/૦૫.-આથી હું, શ્રી એન. ડી. પંચાલ જિલ્લા રજીસ્ટ્રાર અને મેનેજર (કે.વી.સી.આઈ.), જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જુનાગઢને વંચાણે લીધા ક્રમ-૧ તથા ક્રમ-૨ મુજબ મળેલ અધિકારની રૂએ શ્રી નીરાતારગોળ તથા ગ્રમોદ્યોગ ઉત્પાદક સહકારી મંડળી લી. (ફ) શાપુર, તા. વંથલીના જિ. જુનાગઢ કે જેનો નોંધમી નંબર ઉ. ૧૦૯૧, તા. ૩-૧-૧૯૫૬થી નોંધાયેલી સહકારી સંસ્થાની ફડચા કામગીરી સમાપ્ત થયાનું આથી જાહેર કરૂ છું. તેમજ તેના ટ્રસ્ટી પ્રતિનિધિ તરીકે શ્રી સહકારી અધિકારી (ફ) લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અમરેલીની નિમણુંક કરવામાં આવે છે. તેમણે ઉપર મુજબની કામગીરી (સરવૈયા મુજબની કામગીરી) પુર્ણ કરવાની રહેશે અને વધારાની રકમ નીચે સહી કરનારના પી. એલ. એ. એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે.

જુનાગઢ, ૧૮ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

એન. ડી. પંચાલ,
મેનેજર (કે. વી. સી. આઈ.) અને
જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ
(ઉદ્યોગ), જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
જુનાગઢ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 24th NOVEMBER, 2005/AGRAHAYAN 3, 1927 [No. 47

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages
Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	759-774
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL

PART - I - B	Pages
(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	786-791
PART - II Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	891-912
PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમ (આંક-૨૨)ની કલમ-૩૩ની પેટા કલમ-(૧)(બી) અન્વયે જાહેરનામુ

જાહેરનામું

નં. એમએજી/સી/૪૮૦૧/૨૦૦૫.-જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના અક્ષયગઢ ગામે આવેલ સોરઠ ક્ષય નિવારણ સમિતિ દ્વારા અક્ષયગઢં મુકામે તા. ૧૫-૧૦-૦૫થી તા. ૧૭-૧૦-૦૫ સુધી શરદમેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ મેળામાં બહોળી સંખ્યામાં લોકો આવનાર હોય, ટ્રાફિકની સમસ્યા ન થાય અને લોકોની અવર-જવર સહેલાઈથી જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના પત્ર ક્રમાંક : સીબી -૪-૧૩૯/૨૪૫૧૭/૦૫, તા. ૦૫-૧૦-૦૫થી નીચે જણાવેલ માર્ગોને અક માર્ગીય (વન વે) જાહેર કરવા માટે દરખાસ્ત રજુ થયેલ છે.

(૧) કેશોદ શહેરમાં આવેલ ગેસ એજન્સીથી આજાબ રોડ પર થઈ અક્ષયનાથ મંદિરના પ્રવેશ દવારા પાસે થઈ વાહનો જઈ શકશે, પરંતુ આવવા માટે બંધ રહેશે.

(૨) અક્ષયનાથ મેળાની જગ્યાએથી બસ સ્ટોપ થઈ આશ્રમશાળા ગ્રાઉન્ડ પાસે થઈ કેશોદ શહેરમાં આવવા માટે વાહનો આવી શકશે, પરંતુ તે રસ્તો જવા માટે બંધ રહેશે.

ઉપરોકત વિગતે લોકોની સલામતી આને સગવડતા માટે ટ્રાફિકનું નિયમન કરવાનું ઈષ્ટ જણાતાં, હું ,એ. સી. રાઠોડ, જી. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારીની રૂએ ઉપર જણાવેલ રસ્તાઓને એક માર્ગીય(વન વે) રાખવાનું ફરમાવું છું.

આ જાહેરનામું તા. ૧૫-૧૦-૦૫થી તા. ૧૭-૧૦-૦૫ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (આંક-૨૨)ની કલમ-૧૨૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૭-૧૦-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જૂનાગઢ, ૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૭ (૩) અન્વયે

જાહેરનામું

નાં. એમએજી/સી/૫૧૪૦૧/૦૫.-હાલમાં ચાલતા દબાણ હટાવ ઝુંબેશ, ગીરનાર પર્વત પર ગુરૂ દતાત્રેયની જગ્યા તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુ જૈન ધર્મનાં લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય નવરાત્રીના દશેરાના તહેવાર આવતા હોય, તેમજ રમઝાન માસ શરૂ થતો હોય વીજ પુરવઠાની અનિયમિતતાને કારણે આંદોલનાત્મક કાર્યક્રમો થતા હોય વેરાવળ પ્રભાસપાટણ ખાતે કોમી તનાવનાં બનતા બનાવો જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત તથા નગરપાલીકાની સામાન્ય ચુંટણી વિ. ને કારણે રાજકીય બીન રાજકીય પક્ષો દ્વારા સભાઓ, સરઘસો વિગેરે જુદા જુદા કાર્યક્રમો થવા સંભાવના હોય જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ શાંતી જાળવવા સારૂં સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢનાં તારીખ : ૪-૧૦-૨૦૦૫નાં પત્રથી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી રજુ થયેલ ઉકત દરખાસ્ત વ્યાજબી જણાતાં મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂઈએ હું, એ.સી.રાઠોડ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ આથી આથી જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૧૦-૧૦-૨૦૦૫નાં રોજ થી તા. ૨૩-૧૦-૨૦૦૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

૧. ફરજ પર હોય તેવી ગૃહરક્ષક મંડળીએ.

૨. સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.

૩. કોઈ લગ્નના વરઘોડાને.

૪. સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

૫. સક્ષમ અધિકારીશ્રીઓની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબનો

ગુનો સાબીત થયેથી જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીન દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણના માનવજીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થયને અથવા સલામતીન કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને -૬-(છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહીત બંન્ને શિક્ષાને પત્ર ઠરશે.

આજ તારીખ ૭મી ઓકટોબર સને ૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જૂનાગઢ, ૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)બી અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૪૮૦૮/૦૫.-જુનાગઢ જિલ્લાનાં માળિયાહાટીના તાલુકાના ચોરવાડ ખાતે તા. ૧૧-૧૦-૨૦૦૫ થી તા. ૧૨-૧૦-૨૦૦૫ સુધી પરંપરાગત રીતે "પુંજ" ઉત્સવની ઉજવણી થનાર છે. ઉકત ઉત્સવ નિમિતે આશરે બે થી ત્રણ લાખની જનમેદની એકઠી થનાર હોય, ટ્રાફિકના નિયમન માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં તા. ૮-૧૦-૦૫નાં પત્રથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) મુજબ નીચેની વિગતેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થઈ છે.

(૧) માંગરોળથી વેરાવળ તરફ જતાં રસ્તાનો ટ્રાફીક, માંગરોળથી કેશોદ થઈ વેરાવળ તરફ જાય તે રીતે ડાયવર્ટ કરવો.

(૨) વેરાવળ-માંગરોળ, પોરબંદર તરફ જતાં ટ્રાફિકને ગડુ ત્રણ રસ્તાથી ચોરવાડ તરફ નહી અને કેશોદ થઈ માંગરોળ રોડ પર ડાયવર્ટ કરવો.

ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતી હોય હું, એ. સી. રાઠોડ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ કલમ-૩૩(૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ઉપર જણાવેલ વિગતે તા. ૧૧-૧૦-૦૫, તા. ૧૨-૧૦-૦૫ સુધી ઉપર જણાવ્યા મુજબ ટ્રાફીક ડાયવર્ટ કરવાનું આથી ફરમાન કરૂં છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલંઘન કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તારીખ ૧૦મી માહે ઓકટોબર સને ૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની (૧) બી હેઠળ

જાહેરનામું

નં. એમએજી/સી/૪૯૭૭/૨૦૦૫.-નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી અને આચાર્યશ્રી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ ના પત્ર ક્રમાંક : સીબી/૨/ટીઆરજી/૩૭૨૭/૨૦૦૫, તા. ૧૩-૧૦-૦૫થી તેમના ખાતામાં હાલ તાલીમ લઈ રહેલ આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ બેચ નં. ૧૬ વાળાની ૩૦૩ રાયફલની ફાયરીંગ પ્રેકટીસ તા. ૨૮-૧૦-૦૫ થી તા. ૨૯-૧૦-૦૫ સુધી પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ હસ્તક ફાયરીંગ બટ પર લેવાની હોય, તેનું ધોરણસરનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

સબબ ઉપરોકત ફાયરીંગ દરમ્યાન તે વિસ્તારમાં લોકો તથા વાહનોની અવર-જવર ભયજનક જણાતા હું, એ. સી. રાઠોડ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ, સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની આંક-૨૨ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૨૮-૧૦-૦૫ થી તા. ૨૯-૧૦-૦૫ સુધી રોજ સવારે ૭-૦૦ કલાકથી ૧૮-૦૦ કલાક સુધી ઉકત ફાયરીંગ બટના આજુ બાજુના ૧ કી.મી. વિસ્તારમાં રાહદારીઓને તેમજ વાહનોને ઉપરોકત પ્રવેશબંધી ફરમાવું છું.

આજ તા. ૧૯-૧૦-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૯ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

એ. સી. રાઠોડ,
અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૨૦૧૦/૨૦૦૫.-પોરબંદર જિલ્લામાં આગામી દિવસોમાં દિવાળી જેવા ધાર્મિક તહેવારોની ઉજવણી

થનાર, હોય, તેમજ હાલમાં પોરબંદર નગરપાલીકા, તાલુકા/જિલ્લા પંચાયત ચૂંટણી તેમજ રમજાન માસ ચાલુ હોય, તેમજ ક્રિમીનલ ગેંગોનું અસ્તિત્વ હોય પરંતુ પોલીસની કડક નીતિના કારણે ફાયર આર્મ્સ જેવા હથિયારોનો ઉપયોગ થતો ન હોય જેથી લોકોની સલામતી જળવાઈ રહે અને અસામાજિક તત્વો દ્વારા ગુનાહિત કૃત્યોમાં હથિયારો, ચપ્પુ, લાઠી, દંડા,પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા. ૧૯-૧૦-૨૦૦૫ થી તા. ૧૮-૧૧-૨૦૦૫ સુધી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયારબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ દરખાસ્ત અત્રે તા. ૧૬-૧૦-૨૦૦૫ના રોજ કરેલ છે.

સબબ પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું, આઈ. આર. મનસુરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૨૦-૧૦-૨૦૦૫થી તા. ૧૮-૧૧-૨૦૦૫ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, બંદૂક, લાકડી, લાઠી અથવા શારિરીક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી ચીજ લઈ જવી નહી.

૨. કોઈ પણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેરવવામાં અથવા નાખવામાં ઉપયોગમાં આવતાં સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહિ.

૬. લોકોએ બૂમો પાડવી નહી, વધુ અવાજથી ગીતો ગાવા નહી તથા વાદ્ય વગાડવા નહી.

૭. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ :

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય.

૨. પોલીસ અધિક્ષકશ્રીએ શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

૩. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતો.

આ જાહેરનામાં કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિતને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ જે વ્યકિતઓના ગુના સાબિત થયેથી એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/-નો દંડ અગર તો બંને થઈ શકે છે. અને આ હુકમની અવગણનાથી માનવ જીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા હોઈ હૂલ્લડ અથવા કોઈ બખેડો કરે તેવી વ્યકિતને ૬(છ) માસની સપરિશ્રમ અથવા સખ્ત કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૦-૧૦-૨૦૦૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૨૦ માહે, ઓકટોબર સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૩/૧૭/૨૦૦૫.-પોરબંદર જિલ્લામાં પોરબંદર નરપાલિકાને કોર્પોરેશન બનાવવાના વિરોધમાં વેપારી આગેવાનો દ્વારા કાયક્રમો કરવાની શકયતા છે, તેમજ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી લાલકૃષ્ણ અડવાણીની પાકિસ્તાન મુલાકાત દરમ્યાન કરેલ કહેવાતા નિવેદનનાં વિરોધમાં ભાજપ તથા તેની ભગીની સંસ્થાઓ જેવી કે વિહિપ, આર.એસ.એસ., બજરંગદળ વિગેરે કહેવાતા નિવેદનના વિરોધમાં આગામી દિવસોમાં પ્રત્યાઘાતના ભાગ રૂપે દેખાવો સુત્રોચાર વિગેરે કાર્યક્રમોનું

આયોજન કેર તેવી શક્યતા છે. તેમજ હાલમાં અપુર્તા વરસાદને કારણે વિજ પુરવઠો પુરતા પ્રમાણમાં મળવાની માંગણી સબબ ખેડુતો દ્વારા કાર્યક્રમો થનાર હોય તેવી શક્યતા છે તેમજ પાણીના પ્રશ્ને પોરબંદર જિલ્લામાં રાજકીય પક્ષો તથા અન્ય સંગઠનો દ્વારા સભા, સરઘસ, ધરણા, દેખાવો ઉપવાસ વિગેરે જેવા કાર્યક્રમો કરવાની શક્યતા રહે છે. તેમજ પોરબંદર નગરપાલિકા, તાલુકા/જિલ્લા પંચાયત ચૂંટણી અનુસંધાને આવા કાયક્રમો વખતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે આગામી તારીખ ૧૬-૧૦-૨૦૦૫થી તારીખ ૧૫-૧૧-૨૦૦૫ સુધીનું મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ થવા, સભા, સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી અને કોઈ અનિચ્છનિય બનવા ન બને તે માટે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી દરખાસ્ત થઈ આવેલ છે, તે જોતાં પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના કાર્યક્ષેત્ર વિસ્તારમાં કોઈપણ સભા ભરવી નહી, સરઘસ કાઢવું નહિ, તેવો મનાઈ હુકમ તા. ૧૭-૧૦-૨૦૦૫થી તારીખ ૧૫-૧૧-૨૦૦૫ સુધી ફરમાવવાનું ઈષ્ટ જણાય છે. તેથી મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મળેલ અધિકારની રૂઈએ હું, આઈ. આર. મનસુરી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૧૭-૧૦-૨૦૦૫ થી તારીખ ૧૫-૧૧-૨૦૦૫ બન્ને દિવસો સહિતની મુદત માટે કોઈપણ સભા, મંડળી કે સરઘસ માટે મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી
૨. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તે વ્યકિત
૩. કોઈ વરઘોડો
૪. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ

આ હુકમનું પાલન ન કરનાર તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને છ માસ સપરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- એક હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પત્ર ઠરશે.

આજ તા. ૧૭-૧૦-૨૦૦૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

આઈ. આર. મનસુરી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પોરબંદર

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા. ૩૯૮૩/૨૦૦૫.-ભાવનગર જિલ્લામાં આગામી તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ જિલ્લા/તાલુકા પંચાયત તથા નગરપાલીકાની ચૂંટણીઓ યોજાનાર છે, તા. ૨૯-૧૦-૨૦૦૫ના રોજ વાઘબારસ, તા. ૩૦-૧૦-૦૫ ધનતેરશ, ૩૧-૧૦-૦૫ સરદાર પટેલ જયંતી તથા ઈન્દીરા ગાંધી નિર્વાણ દિન, તા. ૧-૧૧-૦૫ કાળીચૌદશ તથા તા. ૨-૧૧-૦૫ના રોજ નુતનવર્ષ પ્રારંભ વિગેરે તહેવાર ઉજવવાનાર હોય ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂં આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા સુલેહશાંતીપૂર્વક જળવાય રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતા સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા, વિગેરે જેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેરશાંતી અને સલામતી જાળવવા સારૂં બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના મુંબઈના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ હું, ડી. બી. વોરા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૨-૧૦-૨૦૦૫ થી તા. ૨૧-૧૧-૨૦૦૫ સુધી (બન્ને દિવસો સુધ્ધાં)

(ક) શસ્ત્રો, દંડા, ભાલા, ધારીયા, તલવાર, ગુપ્તી, સોટા, બંધુક, છરી, કુહાડી, લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઈપણ સાધન સાથે લઈ જવા નહીં.

(ખ) કોઈપણ ભયકારી, ભયકારી સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ સાથે લઈ જવી નહી, એકઠા કરવા નહીં, તથા તૈયાર કરવા નહીં.

(ઘ) સરઘસમાં સળગતા કાકડા અથવા સળગતી મશાલો સાથે લઈ જવી નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બીભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લીલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં.

(છ) જેનાથી સુરૂચી અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં, તેવી ચેષ્ટા કરવી નહીં, તેવા ચિત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડ અથવા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ ક-ખ-ગ-ઘ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યક્તિને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) જિલ્લા પોલીસ અધિકારી અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરીક અશક્તિને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યક્તિને.

અનુસૂચિ :

ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહીનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

"જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનેથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે."

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોટાડીને સદરહું વિસ્તારમાં ધ્વનીવર્ધક યંત્રો દ્વારા ઢંઢેરો પીટાવીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ ૧૯-૧૦-૨૦૦૫ના રોજ મારી સહી તથા સિક્કો માર્યો.

ભાવનગર, ૧૯ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલો હુકમ

હુકમ

નં. ડીએમ/૧/૩૮૭૫/૨૦૦૫.-ભાવનગર શહેરમાં તા. ૧૭-૧૦-૨૦૦૫ થી તા. ૩૧-૧૦-૨૦૦૫ સુધી એચ. એસ. સી. ઓક્ટો. ૨૦૦૫ની પરીક્ષાઓ લેવાનાર છે. તે દરમ્યાન પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતીપૂર્વક, એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષાઓ આપી શકે, પરીક્ષા કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં અસામજીક ગુંડા તત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહીં, કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે જાહેર હીતમાં હું, ડી. બી. વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો)ની કલમ-૧૪૪થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, તા. ૧૭-૧૦-૨૦૦૫થી તા. ૩૧-૧૦-૨૦૦૫ સુધી દરરોજ સવારના કલાક ૧૦-૦૦થી કલાક ૧૯-૦૦ દરમ્યાન નીચેની અનુસુચિમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રની ચારે તરફની દિશાઓમાં ૧૦૦ મીટર સુધીના વિસ્તારોમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવું નહીં.

: અનુસૂચિ :

(વિજ્ઞાન પ્રવાહ)

શ્રી નંદકુંવરબા ક્ષત્રીય કન્યા વિદ્યાલય, નિલમબાગ ચોક, ભાવનગર.

(સામાન્ય પ્રવાહ)

શ્રી શાંતીલાલ શાહ હાઈસ્કુલ, હલુરીયા ચોક, ભાવનગર.

(સામાન્ય પ્રવાહ)

શ્રી ટી. બી. જૈન ગર્લ્સ હાઈસ્કુલ, ઘોઘા ગેઈટ ચોક, ભાવનગર

સદરહું હુકમનું ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

"જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે."

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ હુકમની નકલો ચોટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું હુકમ પ્રસિધ્ધ કરવો.

આજ તારીખ ૧૩-૧૦-૨૦૦૫ના રોજ મારી સહી કરી હુકમ પ્રસિધ્ધ કર્યો.

ભાવનગર, ૧૩ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

ડી. બી. વોરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/સભા સરઘસ બંધી/૪-૧૮/૧૦/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા બરાબર જળવાઈ રહે તે માટે, પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૮-૦૯-૨૦૦૫ના પત્ર નંબર : એલઆઈ/જા.પ્ર./૧૧૯૬/૦૫થી દરખાસ્ત થઈ આવેલ છે, તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું મને જરૂરી જણાય છે.

વાસ્તે હું, ગિરીશ શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મને મળેલ અધિકારની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૪-૧૦-૨૦૦૫થી તા. ૧૮-૧૦-૨૦૦૫ સુધી (બન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન સબંધિત એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ કલેકટર કચેરીના મુખ્ય દરવાજા પાસે જમણી બાજુએ ફુટપાથ તરફ દરવાજાથી પાંચ મીટરનું અંતર રાખીને ત્યારબાદની પચાસ મીટર સુધીની ફુટપાથ ઉપરની જગ્યાના વિસ્તારને તેમજ લગ્નના વરઘોડાને કે સ્મશાનયાત્રાને લાગુ પડશે નહી.

જો કોઈ ઈસમ ઉપરોક્ત જાહેરનામાનો ભંગ કરશે, ભંગ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામુ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પિકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૩, માહે ઓકટોબર, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩ માહે ઓકોટબર, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) હેઠળ

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી/વ/૪-૧૮/૧૦/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા હથિયાર બંધી ફરમાવવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૨૮-૯-૦૫ ના પત્ર નં. એલ.આઈ.બી./જા. પ્ર./૧૧૯૭/૦૫ થી દરખાસ્ત થઈ આવેલ છે, તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લામાં હથિયારબંધિ ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું, ગિરીશ શાહ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૪-૧૦-૨૦૦૫થી તા. ૧૮-૧૦-૨૦૦૫ સુધી (બન્ને તારીખો સહીત) ના સમય દરમ્યાન પોલીસ અધિક્ષકશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, લાકડી અને લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા બીજા કોઈ પણ સાધનો સાથે લઈ જવા નહી.

૨. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી.

૩. વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતીઓ અથવા પુતળા દેખાડવા નહીં તથા તૈયાર કરવા નહીં.

૪. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં.

૫. જેનાથી સુરુચિનો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવી ચેષ્ઠા કરવી નહીં, તેવા ચિત્રો, પત્રિકા, પ્લેકાર્ડ, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં અથવા તેનો ફેલાવો કરવો નહીં.

૬. બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની તેમજ

૭. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા નહીં અશ્લીલ ગીતો ગાવા નહીં, અથવા ટોળામાં ફરવું નહીં.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈ પણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ પણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યકિત.

૨. પોલીસ અધિક્ષકશ્રી એ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિત ના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

જો કોઈ પણ ઈસમ ઉપરોક્ત હુકમનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ તથા ફોજદારી ધારા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામુ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પિકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ :- ૩, માહે ઓકટોબર, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૩ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ -33(૧) (ભ) હેઠળ

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/વ/૩૩-૧-ભ/૧૦/૨૦૦૫.-હું ગિરીશ શાહ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મને મળેલ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને ૧૯૫૧નો અધિનિયમ-૨૨) ની કલમ-૩૩ ની પેટા કલમ-(૧) (ભ) હેઠળના અધિકારની રૂએ ફટાકડા ફુટવાથી થતા અવાજ અને વાયુ પ્રદુષણને નિયંત્રીત કરવા અને ફટાકડા ફુટવાથી આરોગ્યને હાનીકારક ગંભીર આકસ્મીક ઘટનાને નિયંત્રીત કરવા અને રોકવા અને એ રીતે જાહેર જનતાના જાન-માલની તેમજ મીલકતની સલામતી માટે આ નીચે પ્રમાણે હુકમ કરૂં છું.

સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોઈપણ ઈસમ જાહેર રસ્તા ઉપર તેમજ રસ્તાની વીસ ફુટની અંદરના વિસ્તારમાં કોઈપણ જાતનું દારૂખાનું ફટાકડા તેમજ દુર ફેંકી શકાય તેવા બલુન, રોકેટ, હવાઈ અથવા કોઈપણ નામે ઓળખાતા કોઈપણ પ્રકારના ફટાકડા રાત્રીના ૧૦:૦૦ વાગ્યાથી સવારના ૦૬:૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ફોડી શકશે નહીં, તેમજ ફેંકી શકશે નહી, કોઈપણ ઈસમ કોઈપણ વ્યકિત ઉપર કે પશુ-પંખી ઉપર તથા રસ્તા ઉપર કે મકાન ઉપર પડે તેવી રીતે દારૂખાનું ફોડી શકશે નહીં કે ફેંકી શકશે નહીં.

'શાંત વિસ્તાર' માં કોઈપણ સમયે દારૂખાનાનો ઉપયોગ કરી શકાશે નહીં, એટલે કે 'શાંત વિસ્તારો' માં કોઈપણ સમયગાળા દરમ્યાન ફટાકડા ફોડવા ઉપર સંપુર્ણ પ્રતીબંધ ફરમાવવામાં આવે છે.

'શાંત વિસ્તાર' એટલે ધાર્મીક સંસ્થાનો, હોસ્પીટલ, શૈક્ષણીક સંસ્થા, કોર્ટ, સરકારી કચેરીઓ, તેમજ સક્ષમ સત્તાધિકારીશ્રી તરફથી નિર્દિષ્ટ કરવામાં આવેલા અન્ય સ્થળોનો સમાવેશ થાય છે.

ઉપર્યુકત હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કે તેમ કરવામાં મદદગારી કરનાર ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ (બ) (૧) અને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સદરહુ જાહેરનામું તા. ૨૭-૧૦-૨૦૦૫ થી તા. ૦૬-૧૧-૨૦૦૫ (બન્ને તારીખો સહીત) સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામુ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પિકર વાહનો દ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા : ૨૧ માહે ઓકટોબર, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર ૨૧ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) હેઠળ

જાહેરનામું

ક્રમાક : મજસ/૩/હથિયારબંધી/વ/૨૦-૩/૧૦/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા હથિયાર બંધી ફરમાવવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૮-૧૦-૨૦૦૫ના પત્રનં. એલ. આઈ. બી. /જા.પ્ર. /૧૩૨૬/૦૫થી દરખાસ્ત થઈ આવેલ છે, તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થની પરિસ્થતિ જળવાઈ રહે તે માટે જિલ્લામાં હથિયાર બંધિ ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું, ગિરીશ શાહ, જી. એ. એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જીલ્લો, સુરેન્દ્રનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં તા. ૨૦-૧૦-૨૦૦૫થી તા. ૦૩-૧૧-૨૦૦૫ સુધી (બન્ને તારીખો સહીત)ના સમય દરમ્યાન પોલીસ અધિક્ષકશ્રીની આગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતેના કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, લાકડી અને લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોંચાડી શકે તેવા બીજા કોઈ પણ સાધનો સાથે લઈ જવા નહી.

૨. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી.

૩. વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતીઓ અથવા પુતળા દેખાડવા નહી તથા તૈયાર કરવા નહી.

૪. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફટક પદાર્થ સાથે લઈ જવા નહી.

૫. જેનાથી સુરુચિનો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવી ચેષ્ઠા કરવી નહી, તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહી, અથવા તેનો ફેલાવો કરવો નહી.

૬. બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાધ્ય વગાડવાની તેમજ

૭. અપમાન કરવાના અથવા. જાહેર કરવાના ઈરાદથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવા નહી, અથવા ટોળામાં ફરવું નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈ પણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ પણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) પોલીસ અધિક્ષકશ્રી એ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિતના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત.

જો કોઈ પણ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ તથા ફોજદારી ધારા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

અ જાહેરનામુ સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પિકર વાહનો ધ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ : ૧૯ માહે:- ઓકટોબર, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મદ્રા સાથે જાહેરમનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, તા. ૧૯ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૩) હેઠળ

જાહેરનામું

ક્રમાક:- મજસ/૩/સભા સરઘસ બંધી/૨૦-૩/૧૦/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા બરાબર જળવાઈ રહે તે માટે, પાંચ કે વધુ માણસો એકઠા થવા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૮-૧૦-૨૦૦૫ના પત્ર નંબર:- એલઆઈ/જા. પ્ર. /૧૩૨૭/૦૫થી દરખાસ્ત થઈ આવેલ છે, તાજેતરની પરિસ્થતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થના હેતુ માટે પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું મને જરૂરી જણાયેલ છે.

વાસ્તે હું ગિરીશ શાહ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો, સુરેન્દ્રનગર મને મળેલ અધિકારની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૩) હેઠળ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૦-૧૦-૨૦૦૫થી તા. ૦૩-૧૧-૨૦૦૫ સુધી(બન્ને તારીખો સહીત)ના સમયગાળા દરમ્યાન સંબંધિત એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ કલેકટર કચેરીના મુખ્ય દરવાજા પાસે જમણી બાજુએ ફુટપાથ તરફ દરવાજાથી પાંચ મીટરનું અંતર રાખીને ત્યારબાદની પચાસ મીટર સુધીની ફુટપાથ ઉપરની જગ્યાના વિસ્તારને તેમજ લગ્નના વરઘોડાને કે સ્મશાનયાત્રા ને લાગુ પડશે નહી.

જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, ભંગ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પિકર વાહનો ધ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૧૯ માહે ઓકટોબર, સને:- ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, તા. ૧૯ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

ગિરીશ શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ અધિક્ષક દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૬-એ, ૩૬-ઈ અને ૩૬ઈ-એ મુજબનું

જાહેરનામું

હું આઈ. એમ. દેસાઈ, આઈ. પી. એસ., પોલીસ અધિક્ષક, પોરબંદર, આથી મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની

કલમ ૩૬-એ હેઠળ મને મળેલ સત્તાની રૂએ તારીખ ૨૫-૧૦-૨૦૦૫ના રોજ દિવસ દરમ્યાન પોરબંદર જીલ્લામાં આવેલ ચૂંટણી મતદાન મથકો ઉપર તમદાન કરનાર સ્ત્રી અને પુરૂષ મતદારોએ મતદાન માટે સ્ત્રી તથા અલગ-અલગ લાઈનાં ઉભા રહેવા અને ક્રમ પ્રમાણે મતદાન કરવા ફરમાવું છું.

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૬-ઈ અને ૩૬ ઈ-એ હેઠળ મને મળેલ સત્તાની રૂએ પોરબંદર જીલ્લામાં આવેલ ચૂંટણી મતદાન મથકો નજીકમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

મતદાન મથક નજીકમાં સંગીત વગાડવાની, ગાવાની, ઢોલ વગાડવાની, પીટવાની કે કોઈ પણ વાજીંત્ર, લાઉડ સ્પીકર કે જે સાધનથી મોટો અવાજ થાય તેમ હોય તે વગાડવાની.

ઉપરોકત જાહેરનામાના ઉલ્લધંન કરવામાં મદદ કરનારને ગુન્હો સાબિત થયેથી સદરહું અધિનિયમની કલમ ૧૩૪ મુજબ રૂા. ૨૦૦/- સુધીની દંડની શિક્ષાને પાત્ર થશે. તેમજ ભારતીય દંડ સહિતાની કલમ–૧૮૮ મુજબનો ગુન્હો સાબિત થયેથી તે વ્યકિતને એક માસની સાદી કેદ અગર રૂા.૨૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકશે. અને આ હુકમની અવગણના થી માનવીય જીવ અથા સ્વાસ્થ કે સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ, બખેડો થાય તો તેવી વ્યકિતને ૬-માસ સપરિશ્રમ સાદી કેદ અથવા રૂા.૧૦૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા ને પાત્ર ઠરશે.

આજ તા. ૧૯-૧૦-૨૦૦૫ના રોજ મારી સહિ તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કયુ.

પોરબંદર, ૧૯ માહે ઓકટોબર, સને ૨૦૦૫

આઈ. એમ. દેસાઈ,
પોલીસ અધિક્ષક,
પોરબંદર.

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જાના/૨૭૪૪/૨૦૦૫.-રાજકોટ શહેરમાં આવેલ રેસકોર્ષ ફરતેનો રીંગરોડ એ શહેરની વચ્ચો વચ્ચ મધ્યભાગે આવેલ ફોર ટ્રેક રોડ છે. આ રોડ વહેલી સવારના હજારોની સંખ્યામાં રાજકોટ શહેરના તમામ વર્ગના નાગરિકો ચાલવા (મોર્નિંગવોક) માટે સવારના લગભગ કલાક ૫-૩૦ થી કલાક ૭-૩૦ વાગ્યાના સમયે નીકળે છે. સામાન્ય રીતે જોવામાં આવે તો આવી રીતે સવારના મોર્નીંગ વોક માટે ચાલનારાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. જે સંજોગે આ પ્રકારે પગે ચાલનાર નાગરીકો સાથે વાહન ચાલકો દ્વારા અકસ્માત થવાની પુરે પુરી શક્યતાઓ રહેલી છે. વધુમાં જે નાગરીકો સવારના મોર્નીંગ વોક માટે નીકળે છે. તે વર્ગ શારિરીક કસરત અને માનસીક શાંતિ મેળવવા માટે સવારના ભાગે ચાલવા નીકળતા હોય છે જે સંજોગોમાં તે જ રોડ વાહન વ્યવહાર ટ્રાફીક ચાલુ હોય તો સ્વાભાવિક રીતે તેઓ નિશ્ચિત પણે સલામત રીતે ચાલી શકતા નથી. તેમજ આ રીંગ રોડ ઉપર વાહનોના ધુમાડા દ્વારા ફેલાતાં પ્રદુષણનો ભોગ બનતા હોય છે જેના કારણે આ નાગરિકો તરફથી આ બાબતે અકસ્માતની સંભાવનાઓ ઘટે તેમજ પ્રદુષણમાં પણ ઘટાડો થાય તે માટે યોગ્ય પગલા ભરવા અવાર-નવાર રજુઆત કરવામાં આવે છે.

(૨) રાજકોટ શહેરમાં રેસકોર્ષ ફરતે સવારના ભાગે પગે ચાલી મોર્નીંગ વોક માટે નીકળતા નાગરીકો સલામતિ અનુભવે અને પ્રદુષણનો ભોગ ન બને તે માટે રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ તમામ પ્રકારના વાહનો માટે એક માર્ગીય (નવ-વે) જાહેર કરવાની આવશ્યકતા જણાય છે.

(૩) આથી હું કે. નિત્યાનંદમ પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) બી અને સી થી મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રસ્તાઓને તેમાં જમાવેલ વિગતે તમામ પ્રકારના વાહનો માટે તા. ૧૧-૧૦-૦૫ થી તા. ૧૦-૧૧-૦૫ સુધી પ્રાયોગીક ધોરણે એક માર્ગીય (વન-વે) કરવા હુકમ કરૂં છું. આ હુકમ સવારના કલાક : ૦૫-૩૦ થી ૦૭-૧૫ સુધી તમામ પ્રકારના વાહનો માટે લાગુ પડશે.

રેસકોર્ષ રીંગ રોડ :

રેસકોર્ષ રીંગ રોડને એક માર્ગીય (નવ-વે) કરવામાં આવે છે. જે મુજબ રેસકોર્ષ રીંગ રોડ રોડનો ફકત બહારના ભાગે આવેલ રોડ એક તરફી "કલોક વાઈઝ" જાહેર કરવામાં આવે છે. એટલે કે જીલ્લા પંચાયત ચોકથી એ. જી. ઓફીસ, કીસાનપરા સર્કલ, મેયરશ્રીનો બંગલો, બીગ બાઈટ આઈસ્કિમ, જુની એન. સી. સી. ઓફીસ, પોલીસ હેડ કવાર્ટર સર્કલ, બહુમાળી ભવન, ગેલેકસી સિનેમાથી પોલીસ કમિશ્નર કચેરી થઈ જીલ્લા પંચાયત ચોકમાં થઈ તે રીતે તમામ પ્રકારના વાહનો માટે એક તરફી રસ્તો ચાલુ રહેશે.

આ ફોરટ્રેક રીંગ રોડનો અંદરનો જે રસ્તો છે તે રોડ ઉપર સવારના કલાક ૦૫-૩૦ થી કલાક ૦૭-૧૫ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ રહે છે. અને ફકત પગે ચાલી મોર્નીંગ વોક કરવા માટે નીકળેલ નાગરીકો માટે જ આ રસ્તો ચાલુ રહેશે.

અત્રેના જાહેરનામા ક્રમાંક : રાજ/સીપા/એલબી-૨/ટ્રાફીક/જાના/ /૨૦૦૫. તા. ૧૧-૭-૦૫ અન્વયે એક માસ માટે પ્રાયોગિક ધોરણે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે અન્વયે જાહેરનામાને રાજકોટ શહેરના નાગરીકો તરફથી સારો પ્રતિસાદ મળેલ હોય જેથી તે જાહેરનામું વધુ લંબાવવાની જરૂરીયાત જણાતા પ્રાયોગિક ધોરણે એક માસ માટે વધુ લંબાવેલ છે.

આ જાહેરનામું ફરજપરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રીગેડના વાહનો આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહીં.

આ હુકમના ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમો ૧૯૫૧ની કલમ ૧૩૧ અને આઈ. પી. સી. કલમ-૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે.

આજરોજના તારીખ : ૮-૧૦-૨૦૦૫ના રોજ મારી સહી સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૬/૧૦ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક એસ.બી/ચૂંટણી/જાહેરનામું/૨૯૯૫/૨૦૦૫.- રાજકોટ જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી આગામી તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ કલાક ૮/૦૦ થી ૧૭/૦૦ વાગ્યા દરમ્યાન યોજાનાર છે.

આ મતદાનની પ્રક્રિયા કોઈ પણ જાતના ખલેલ વિના શાંત વાતાવરણમાં યોજાય તેમજ બહારના તોફાની તત્ત્વો આ મતદાનની કાર્યવાહી દરમ્યાન મતદારોને ખલેલ પહોંચાડે નહી તથા અન્ય ગેર કાયદેસરની પ્રવૃતિ મતદાન દરમ્યાન આચરે નહી તે માટે નીચે મુજબનો મનાઈ હુકમ બહાર પાડવા અમોને ઈષ્ટ જણાય છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ મતદાન મથકોમાં તા. ૨૫-૧૦-૦૫ના રોજ યોજાનાર રાજકોટ જિલ્લા/તાલુકા પંચાયતની ચૂંટણી અન્વયે મતદાન મથકોની ચારે બાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં તા. ૨૫-૧૦-૦૫ના કલાક ૭/૦૦ થી ૧૮/૦૦ સુધી કોઈ અનઅધિકૃત વ્યક્તિઓને એકત્ર થવા પર કે, મતદાન મથક બિલ્ડીંગમાં કે તેના કંપાઉન્ડમાં બીન અધિકૃત વ્યક્તિના પ્રવેશ કરવા પર કે વાહનો લઈજવા-લાવવા પર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. નિત્યાનંદમ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર. સી./૧૦૮૨/૧૦૮૦/ એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ) ને એકઝી. મેજિ. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારના ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નિચે જણાવેલ વિસ્તારમાં તા. ૨૫-૧૦-૨૦૦૫ કલાક ૦૭/૦૦ થી ૧૮/૦૦ સુધીના નિચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

: કૃત્યો :

(૧) રાજકોટ શહેર, પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ મતદાન મથકો કે તેની ચારેય બાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ અન અધિકૃત વ્યક્તિઓ એકત્રિત થશે નહી કે મતદાન મથકમાં પ્રવેશી શકશે નહી કે વાહનો લઈ જઈ શકશે નહી, કે લાવશે નહિ.

: વિસ્તાર :

(૨) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ મતદાન મથકોની ચારેય બાજુનો ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર

: અપવાદ :

(૩) આ હુકમ માંથી નિચે જણાવેલ વ્યકિઓને મુક્તિ આપવામાં આવે છે.

(ક) ચૂંટણી તેમજ ચૂંટણીના સંચાલન અંગેની ફરજ જે અધિકારી/કર્મચારીઓને સોંપવામાં આવી છે તે તમામ.

(ખ) મતદાન કરવા આવનાર મતદારો.

(ગ) ચૂંટણીમાં ઉભેલ ઉમેદવારો.

(ઘ) ચૂંટણીમાં ઉભેલ ઉમેદવારના એજન્ટો.

(ચ) મતદાન મથક નજીક રહેતા પ્રજાજનો.

(છ) ફરજ પરના પોલીસ/હોમગાર્ડ/જી. આર. ડી. ના અધિકારીઓ તથા જવાનો.

(જ) પોલીસ કમીશ્નરશ્રી કે ચૂંટણી અધિકારીએ નિયુક્ત કરેલ કોઈપણ અધિકારી/કર્મચારી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેસ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ ૨૧ માહે ઓકટોબર, સને ૨૦૦૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૧ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક એસ.બી/મતગણતરી/જાહેરનામું/૨૯૯૬/૨૦૦૫.- રાજકોટ જિલ્લા/રાજકોટ તાલુકા અને લોધીકા તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીની મતગણતરી તા. ૨૭-૧૦-૨૦૦૫ના રોજ કલાક ૭/૦૦ થી વિરાણી હાઇસ્કુલ ટાગોર માર્ગ તથા પી. ડી. માલવીયા કોમર્સ કોલેજ, ગોંડલ રોડ, રાજકોટ ખાતે થનાર છે.

આ મતગણતરી દરમ્યાન ઉમેદવારોના ટેકેદારો મોટી સંખ્યામાં ઉપરોક્ત સ્થળે એકત્ર થવા સંભવ છે. જેથી મતગણતરીની કામગીરીમાં અડચણરૂપ બને નહી અને મતગણતરીની કામગીરી સરળતાથી અને શાંતિપૂર્વક થાય તે માટે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે મુજબનો મનાઈ હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

વાસ્તે હું કે. નિત્યાનંદમ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર. સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે.અને જેનું પુરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ.. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ) ને એક્ઝી. મેજિ. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારના ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નિચે જણાવેલ વિસ્તારમાં તા. ૨૭-૧૦-૨૦૦૫ કલાક ૦૭/૦૦ વાગ્યા થી મત ગણતરી પુરી થાય ત્યાં સુધી નિચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

: કૃત્યો :

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ વિરાણી હાઇસ્કુલ, ટાગોર માર્ગ તથા પી. ડી. માલવીયા કોલેજ, ગોંડલ રોડ, રાજકોટ ખાતેના મત ગણતરી મથકની ચારે બાજુની ત્રિજ્યામાં ૨૦૦ મીટરના વિસ્તારમાં ૪ કરતાં વધારે માણસોએ ભેગા થવું નહી અથવા કોઇ સભા બોલાવવી નહી કે ભરવી નહી કે સરઘસ કાઢવું નહી.

(૨) તેમજ મતગણતરી મથકની અંદર કે કંપાઉન્ડમાં કે મતગણતરી મથકથી ચારેય બાજુના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇપણ વ્યક્તિ મોબાઇલ ફોન, વાયરલેસ સેટ, કોર્ડલેસ ફોન કે સંદેશા વ્યવહારના અન્ય કોઇ ઉપકરણો લઇ જશે નહી કે ઉપયોગ કરી શકશે નહી.

(૩) મતગણતરી મથકના કમ્પાઉન્ડ કે આસપાસના ચારેય બાજુની ત્રિજ્યામાં ૨૦૦ મીટરના વિસ્તારમાં કોઇપણ વ્યક્તિ વાહનો લઇજઇ શકશે નહી કે પાર્ક કરી શકશે નહી.

(૪) મતગણતરી મથકના કમ્પાઉન્ડમાં કે મથકની અંદર કોઇપણ વ્યક્તિ બાકસ, લાઈટર, ગેસ લાઈટર કે અન્ય સળગાવી શકાય તેવા પદાર્થો કે ચીજ વસ્તુ સાથે લઇજઇ શકશે નહી કે ઉપયોગ કરી શકશે નહી.

(૫) મતગણતરી મથકના કમ્પાઉન્ડમાં કે મથકની અંદર કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી/પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર તરફથી અધિકૃત કરેલ વ્યક્તિઓજ પ્રવેશી શકશે.

: વિસ્તાર :

(૧) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ વિરાણી હાઇસ્કુલ, ટાગોર માર્ગ તથા પી. ડી. માલવીયા કોમર્સ કોલેજ, ગોંડલ રોડ, રાજકોટ ખાતે થનાર મતગણતરી મથકની ચારેય બાજુની ત્રિજ્યામાં ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

: અપવાદ :

(૧) આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં હોય તેમજ પોલીસ કમીશ્નર કે ચૂંટણી અધિકારીશ્રીએ જેમને અધિકૃત કરેલા હોય તેઓને તથા ફરજ ઉપરના પોલીસ/એસ. આર. પી./હોમગાર્ડના અધિકારીઓ તથા જવાનો તથા મતગણતરી સ્થળની આજુબાજુમાં ૨૦૦ મીટરની ત્રિજ્યામાં રહેતા પ્રજાજનો તથા ધાર્મિક અગર મરણોતર અથવા લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી કરાવવી.

આજ તારીખ ૨૧ માહે ઓકટોબર, સને ૨૦૦૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

રાજકોટ, ૨૧ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

કે. નિત્યાનંદમ,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.
રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ તકથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ વિભાગ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર તારીખ : ૩૦-૦૫-૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક : જી. એન. કે. એમ./૪૧/૦૧/સીડીઈ/ ૧૦૯૭/૧૫૩/કે.

(૩) અત્રેની કચેરીના તા. ૧૨-૧-૦૪ નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળનો અંતિમ આદેશ.

(૪) શ્રી વી. એમ. પરમાર સહ. અધિકારી અને ફડચા અધિકારી રાણાવાવ દુધ ઉત્પા. સ. મં. લી., મુ. રાણાવાવની તા. ૧૭-૮-૦૫ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક નં. સકક/ફડચ/ચ/૫૯૦/૦૫.-આથી હું બી. સી. સખીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ પોરબંદર કે જે મને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ સત્તા/અધિકારની રૂએ શ્રી રાણાવાવ દુધ ઉત્પા. સ. મં. લી., મુ. પો. તા. રાણાવાવ, જિ. પોરબંદર કે જેનો નોંધણી નં. ૨૬૩૬૨ છે. અને તા. ૧૬-૩-૯૩ ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરું છું.

પોરબંદર, ૩૦ માહે સપ્ટેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૧૪ તકથા કલમ-૨૦ની જોગવાઈ.

(૨) સરકારશ્રીના કૃષિ વિભાગ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર તારીખ : ૩૦-૦૫-૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક : જી. એન. કે. એમ./૪૧/૦૧/સીડીઈ/ ૧૦૯૭/૧૫૩/કે.

(૩) અત્રેની કચેરીના તા. ૬-૫-૦૪ નો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ (૩) હેઠળનો અંતિમ આદેશ.

(૪) શ્રી વી. એમ. પરમાર સહકારી અધિકારી લગત કચેરી ફડચા અધિકારી નેટાણા દુધ ઉત્પા. સ. મં. લી., મુ. નેટાણાની તા. ૧૭-૮-૦૫ની નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક નં. સકક/ફડચ/ચ/૧૮૫૬/૦૫.-આથી હું બી. સી. સખીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ પોરબંદર કે જે મને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ના કાયદાથી મળેલ સત્તા/અધિકારની રૂએ શ્રી નેટાણા દુધ ઉત્પા. સ. મં. લી., મુ. પો. નેટાણા, તા. રાણાવાવ, જિ. પોરબંદર કે જેનો નોંધણી નં. ૨૭૪૩૨ છે. અને તા. ૨૪-૪-૯૪ ના રોજ નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી પુર્ણ થતાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરું છું.

પોરબંદર, ૭ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજ્યના સને ૧૯૬૧નાં સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ તથા ૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ સહકાર વિભાગ સચિવાલય-ગાંધીનગરના તા. ૩૦-૦૩-૧૯૯૧ નો જાહેરનામા ક્રમાંક : ધખ/૨૪૯૧/ડીડીસી/૧૧૮૮/૫૨૦૪/જ.

(૩) સબ ઓડીટર સહકારી મંડળીઓ પોરબંદરનો ખાસ અહેવાલ ક્રમાંક : અષણ/૫૩/૦૫ તા. ૧૦-૭-૦૫.

(૪) આ કચેરીના પત્ર ક્રમાંક : સકક/ફડચ/ચ/૫૭૪/૨૦૦૫. તા. ૧૯-૯-૦૫ ના કારણદર્શક નોટીસ.

વચગાળાનો આદેશ

ક્રમાંક : ઉખસ/ફડચ/૬૦૩/૧૯૫૬/ચ/૦૫.-આથી હું, બી. સી. સખીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર, મને સહકારી મંડળીઓના કાયદાથી મળેલ અધિકારની રૂએ શ્રી અડવાણા તેલી. ઉત્પા. સહકારી મંડળી લી., મુ. અડવાણ, તા. જિ. પોરબંદર કે જે નોંધણી નંબર ૧૯૦૩૮ તા. ૧૯-૧૦-૮૧ થી નોંધાયેલ છે. તેને ગુજરાત રાજયનાં સને ૧૯૬૧ સહકારી મંડળીઓના કાયદાની કલમ-૧૦૭ (સી) (૨) (૪) અન્વયે ફડચામાં લઈ જવા તથા તે જ કાયદાની કલમ-૧૦૮ (૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી વી. એમ. પરમાર સહ. અધિકારી લગત કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

નોંધ :

આ આદેશ સામે મંડળીને વાંધા કે રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી દિવસ ૧૫ ની અંદર અમારી સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે લેખિતમાં રજુઆત કરવાની રહેશે. મુદત દરમ્યાન કાંઈ રજુઆત થશે નહિં તો મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવશે, જેની નોંધ લેશો.

પોરબંદર, ૧૮ માહે ઓક્ટોબર, સને ૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજ્યના સહકારી મંડળીઓના અધિનીયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

(૨) ગુજરાતના સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક : જી. એન. કે. એમ./૪૧/૦૧/સીડીઈ/૧૦૯૭/૧૫૩/કે. તા. ૩૦-૫-૨૦૦૧.

(૩) સહકારી. અધિકારી સહકારી મંડળીઓ મુ. પોરબંદર તા. ૧૦-૮-૦૫. નો અહેવાલ.

(૪) અત્રેની કચેરીનો વચગાળાનો ફડચા આદેશ નં. ફડચ/ચ/ ૫૭૩/૨૦૦૫. તા. ૧૯-૯-૦૫.

અંતિમ આદેશ

ક્રમાંક : ઉખસ/ફડચ/મ/૬૦૪/૧૯૬૭/૦૫.-આથી હું, બી. સી. સખીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પોરબંદર, મને મળેલ અધિકારની રૂએ શ્રી કામધેનુ મજુર સહકારી મંડળી લી., મુ. તા. જિ. પોરબંદર કે જેનો નોંધણી નંબર : ૧૨૨૫૫ તા. ૬-૬-૦૫ નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૦૭ (૧) ગ-૨ અન્વયેથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે અન્વયે ફડચાનો અંતિમ આદેશ કરવામાં આવે છે અને આ ફડચા અધિકારી તરીકે શ્રી વી. એમ. પરમાર, સહ. અધિકારીની નિમણૂંક કાયમ કરી ફડચા કામગીરી નિયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે. અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઈ ચાર્જશીટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફી નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

પોરબંદર, ૧૮ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

બી. સી. સખીયા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
પોરબંદર.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૧૬/૨૦૦૩/નસબ/૧૨/૩૦૧૧/ સીએચ/ તા. ૧૭-૪-૦૪ થી મળેલ સત્તાઓ.

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/ઉખસ/ફ/૧૫૦૭૯/ ખ-૪/૧૩૪૯-૦૪/ તા. ૧૮-૧૦-૦૪ થી કરેલ ફડચાનો અંતિમ આદેશ.

(૪) ફડચા અધિકારીશ્રી ડાયમંડ ક્રેડીટ સહકારી મંડળી લી., મુ. તળાજા અને સહકારી અધિકારી ફડચા નં. ૪ ના તા. ૫-૧૦-૦૫ ના પત્રથી આપવામાં આવેલ અભિપ્રાય.

હુકમ

જા. નં. ક્રમાંક : ફડચ/૦૧/ખ-૪/૮૦૪/૦૫.-આથી હું, યુ. એમ. વાસણાવાળા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર વંચાણે લીધા ક્રમાંક (૧) ની જોગવાઈ તથા વંચાણે લીધા ક્રમાંક (૨) ના જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ શ્રી ડાયમંડ ક્રેડીટ સ. મં. લી., મુ. તા. તળાજા, જિ. ભાવનગરને પુનઃજીવીત કરવાનો આદેશ કરૂં છું.

ફડચા અધિકારીશ્રીએ સાધારણ સભા બોલાવી મંડળીની વ્યવસ્થાપક સમિતીને તેમના હસ્તકનો ચાર્જ સત્વરે સુપ્રત કરવાનો રહેશે.

ભાવનગર, ૧૫ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

યુ. એમ. વાસણાવાળા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભાવનગર.

વંચાણે લીધા :

૧. ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬૨૦૦૩/એનએસબી/૧૨/ ૨૦૦૨૩૦૧૧/ચ તા. ૧૭-૪-૦૪.

૨. કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/ ૧૭૦/૨૦૦૪ તા. ૩૧-૩-૨૦૦૪.

૩. ફડચા અધિકારીશ્રીની તા. ૬-૧૦-૨૦૦૫ની દરખાસ્ત.

૪. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા ૨૦ (૧) હેઠળની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૭૫/૨૦૦૫.- આથી હું એમ. જે. પરમાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાંથી મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી ભારત પછાતવર્ગ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., રાજકોટ, તા. જિ. રાજકોટ. (નોંધણી નંબર ઘ-૧૨૪૩૨ તા. ૧૯-૧૧-૧૯૯૧)ની ફડચાની કાર્યવાહી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદર હું મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરૂં છું.

રાજકોટ, ૧૧ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬૨૦૦૩/એનએસબી/૧૨/ ૨૦૦૨૩૦૧૧/ચ તા. ૧૭-૪-૦૪.

૨. કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/ ૧૭૩/૨૦૦૫ તા. ૩૧-૩-૨૦૦૫.

૩. ફડચા અધિકારીશ્રીની તા. ૬-૧૦-૨૦૦૫ની દરખાસ્ત.

૪. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા ૨૦ (૧) હેઠળની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૭૬/૨૦૦૫.- આથી હું એમ. જે. પરમાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાંથી મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી ગાયત્રી ગ્રાહક સહકારી ભંડાર લી., રાજકોટ, તા. જિ. રાજકોટ. (નોંધણી નંબર ભ-૩૩૬૧ તા. ૮-૯-૧૯૮૮)ની ફડચાની કાર્યવાહી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદર હું મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરૂં છું.

રાજકોટ, ૧૧ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬૨૦૦૩/એનએસબી/૧૨/ ૨૦૦૨૩૦૧૧/ચ તા. ૧૭-૪-૦૪.

૨. કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/ ૪૬૪/૨૦૦૪ તા. ૩૦-૬-૨૦૦૪.

૩. ફડચા અધિકારીશ્રીની તા. ૧-૧૦-૨૦૦૫ની દરખાસ્ત.

૪. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા ૨૦ (૧) હેઠળની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૭૨/૨૦૦૫.- આથી હું એમ. જે. પરમાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાંથી મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી થોરડી સેવા સહકારી મંડળી લી., થોરડી, તા. કોટડાસાંગાણી, જિ. રાજકોટ. (નોંધણી નંબર સે-૩૦૪૨૯ તા. ૨૧-૯-૧૯૯૯)ની ફડચાની કાર્યવાહી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદર હું મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરૂં છું.

રાજકોટ, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : ધખ/૧૬૨૦૦૩/એનએસબી/૧૨/ ૨૦૦૨૩૦૧૧/ચ તા. ૧૭-૪-૦૪.

૨. કચેરીના ફડચાના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/ ૧૦૧/૨૦૦૫ તા. ૨૮-૨-૨૦૦૫.

૩. ફડચા અધિકારીશ્રીની તા. ૧-૧૦-૨૦૦૫ની દરખાસ્ત.

૪. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા ૨૦ (૧) હેઠળની જોગવાઈઓ.

હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/૪૭૧/૨૦૦૫.- આથી હું એમ. જે. પરમાર, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે (૧) વાળા જાહેરનામાંથી મળેલ અધિકારની રૂએ, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ શ્રી ધોરાજી ખેડૂત ઘર બાંધનારી સહકારી મંડળી લી., ધોરાજી, તા. ધોરાજી, જિ. રાજકોટ. (નોંધણી નંબર ઘ-૬૮ તા. ૬-૩-૧૯૫૫)ની ફડચાની કાર્યવાહી કાયદાની કલમ-૧૧૪ હેઠળ સમાપ્ત જાહેર કરૂં છું. તેમજ તેજ કાયદાની કલમ-૨૦(૧) અન્વયે સદરહું મંડળીની આ કાયદા હેઠળ નોંધણી રદ કરૂં છું.

રાજકોટ, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

એમ. જે. પરમાર,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના ખેતી, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/એનએસબી/ ૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ/તા. ૧૭-૦૪-૨૦૦૪.

૨. અત્રેની તા. ૧૪-૦૯-૨૦૦૫ની કારણ દર્શક નોટીસ.

INDEX

વચગાળાનો આદેશ

જા.નં. : ફડચ/ગ-૨/૯૭૭/૧૦૬૪૫/૨૦૦૫.-શ્રી શારદા વિજય કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. સુરેન્દ્રનગર, તા. વઢવાણને ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવે છે. અને તેજ અધિનિયમની કલમ-૧૦૮ અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચો નં.-૨) અત્રેની કચેરીની નિમણુંક કરવામાં આવે છે.

આ અંગે મંડળી કોઈ રજુઆત કરવા માંગતી હોયતો આદેશની તારીખથી માસ એક માં આધાર પુરાવા સાથે રજુઆત કરવી અન્યથા આ વચગાળાના આદેશને કાયમી કરવામાં આવેશે.

સુરેન્દ્રનગર, ૧૯ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિકાસ વિભાગના જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૧૬/૨૦૦૩/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ./તા. ૧૭-૦૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : ફડચ/ગ-૨/૯૧૮થી ૯૧૯/૫, તા. ૧-૧૦-૨૦૦૫.

(૩) શ્રી કિશાન જીનીંગ એન્ડ પ્રેસીંગ સ.મં.લી., વડગામનો તા. ૧૭-૧૦-૦૫નો પત્ર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮.

વચગાળાનો આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૧૦૦૧/૧૦૭૫૧/૨૦૦૫.-આથી હું, એ. કે. ભટ્ટ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરેન્દ્રનગર, ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે મળેલ સત્તાની રૂએ શ્રી કિશાન સહકારી કોટન જીનીંગ એન્ડ પ્રેસીંગ સહકારી મંડળી લી., મુ. વડગામ, તા. દસાડા, જિલ્લો સુરેન્દ્રનગરને ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરૂં છું. અને એ જ કાયદાની કલમ-૧૦૮ અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના મદદનીશ સહકારી અધિકારી શ્રી ડી. ડી. મોરીની નિમણૂંક કરૂં છું.

સદરહું આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં કરવી. અન્યથા સદરહું આદેશને કલમ-૧૦૭ (૩) અન્વયે કાયમી કરવામાં આવશે.

સુરેન્દ્રનગર, ૨૧ માહે. ઓકટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. સરકારશ્રીના ખેતી, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામાં ક્રમાંક : જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ/તા. ૧૭-૦૪-૨૦૦૪.

૨. અત્રેની કચેરીના આદેશ ક્ત્રમાંક : ફડચ/ગ-૨/૬૯૨/૨૦૦૫, તા. ૨૪-૦૮-૨૦૦૫.

અંતિમ આદેશ

જા.નં. : ફડચ/ગ-૨/૯૮૪/૧૦૬૪૬/૨૦૦૫.-શ્રી રંગ કો.ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મું. સુરેન્દ્રનગર, તા. વઢવાણ, જિ. સુ.નગર જે નોંધણી નંબર-૮૧૦૯, તા. ૦૬-૦૬-૧૯૮૧થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમ-૨ વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ અને તે આદેશ સામે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧ માં યોગ્ય આધાર-પુરાવા સાથે રજુઆત કરેલ ન હોઈ ઉપર્યુક્ત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે આથી કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૯ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

એ. કે. ભટ્ટ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 1st DECEMBER, 2005/AGRAHAYAN 10, 1927 [No. 48

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART	Pages
PART - I Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	775-796
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL
PART - I - B (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	792-803
PART - II Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	913-930
PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

Read :

1. *Government of Gujarat, Election commission Letter No. Election/N. P./Gen/32/102005/K, Dated 08/10/2005.*
2. *High Court of Gujarat, Letter No. C. 2105/74, Dated. 18/04/74.*
3. *Collector, Junagadh; Letter No. Election/CTN/NP/TDP/10/05, Dated. 17/10/05.*
4. *Collector, Porbandar, Letter No. Election/NP/10/05, Dated, 10/10/05.*

NOTIFICATION

No. UHC/B. 24/2005.-The Principal District Judge, Junagadh is pleased to declare Tuesday, October 25, 2005, the polling day to be a Public Holiday under the Negotiable Instrument Act, 1981 for all the Courts Sub-ordinate to District Court, Junagadh excpet the Courts situated at District Place, Junagadh, on account of General Election of Junagadh and Porbandar District Panchayat, all the Taluka Panchayats, Porbandar, Keshod and Veraval Nagarpalika.

Junagadh, 24th October, 2005.

B. U. JOSHI,
Principal District Judge,
Junagadh.

Read :

1. *Circular No. JSR-102005-3697-GH, of Govt. of Gujarat.(General Administration Department).*
2. *High Court Letter No. C. 2105/74, dated 18-4-1974.*

NOTIFICATION

No. U-CH/Adm/H-6/6033/2005.-The undersigned is pleased to declare TUESDAY, OCTOBER, 25th 2005, as a Public Holiday on account of Election to local bodies, viz. District/Taluka Panchayats, as well as of Nagarpalikas, for the Courts situated at the following stations. The Courts & Offices situated at the following stations, shall remain close on 25th OCTOBER, 2005 (TUESDAY).

1. LAKHTAR
2. WADHWAN
3. LIMBDI
4. MULI
5. SAYLA
6. CHOTILA
7. DHRANGADHRA
8. PATDI

Surendranagar, 24th October, 2005.

K. M. BHUT,
Principal District Judge,
Surendranagar.

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માનો કલમ-૩૭ની પેટા કલમ (૩) હેઠળનું

જાહેરનામું

નાં. મેજી/પોલ/જાહેરનામું ૩૭(૩) તા. ૧૫-૧૦-૨૦૦૫.-એચ.એસ.સી. ઓકટોબર-૨૦૦૫ની સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ તા. ૧૭-૧૦-૨૦૦૫ થી તા. ૩૧-૧૦-૨૦૦૫ સુધી યોજાનાર છે. આ સમય દરમ્યાન જિલ્લાના નીચે મુજબના પરીક્ષા સ્થળો/કેન્દ્રો ઉપર જાહેર વ્યવસ્થા જાળવવાનાં હેતુ માટે નીચે દર્શાવેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારો જેમાં હવે પછી સદરહુ વિસ્તાર તરીકે ઉલ્લેખ કર્યો છે. તેમાં વ્યક્તિઓની કોઇ મંડળી અને સભા-સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

જેથી મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ હું, એચ. એસ. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ, નીચેની અનુસુચીમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ ચો.મી. ત્રિજ્યાના વિસ્તારમાં

તા. ૧૭-૧૦-૨૦૦૫ થી તા. ૩૧-૧૦-૨૦૦૫ (તા. ૨૪-૧૦-૨૦૦૫ તથા તા. ૨૫-૧૦-૨૦૦૫ સિવાય)સુધી કોઇ સભા-સરઘસ તેમજ મંડળી માટે મનાઇ ફરમાવું છું.

વધુમાં આદેશ કરૂં છું કે, આ હુકમ નિચેનાને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તેવી વ્યક્તિઓને.

૨. ફરજ પર હોય તેવી ગૃહ રક્ષકદળની વ્યક્તિઓને.

૩. કોઈ લગ્નના વરઘોડાને.

૪. કોઇ સ્મશાન યાત્રાને.

અનુસુચિ

નીચેના પરીક્ષા સ્થળો/કેન્દ્રોની આજુબાજુ ૨૦૦ ચો.મી.ની ત્રિજ્યાનો વિસ્તાર.

અ. નં.	પરીક્ષા સ્થળ
૧	શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ, ભુજ
૨	શ્રી માતૃછાયા કન્યા વિદ્યાલય, ભુજ-કચ્છ.

આ હુકમનો કોઇપણ ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની કલમ (૩) અને ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ સને ૧૮૬૦નો અધિનિયમ ક્રમાંક-૪૫માંની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા. ૧૫-૧૦-૨૦૦૫નાં મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવ્યું.

કચ્છ-ભુજ, ૧૫ માહે ઓકટોબર સને ૨૦૦૫.

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ ૨૨માંની કલમ-૩૩ ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું જાહેરનામું

વંચાણ :

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી કચ્છના જાહેરનામા નં. મેજી./પોલ/રૂકમાવતી પુલ/જાહેરનામું-૩૩ (૧)૦૭/૨૦૦૫, તા. ૨૮-૭-૨૦૦૫.

(૨) પ્રમુખશ્રી, માંડવી તાલુકા ટ્રક ઓનર્સ એસો. માંડવી-કચ્છનો તા. ૧-૮-૦૫નો પત્ર.

(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ગાંધીધામના પત્ર નં નેહા/સીબી/૧૮૯૮, તા. ૭-૯-૨૦૦૫.

સુધારા જાહેરનામું

નં. મેજી./પોલ/રૂકમાવતી પુલ/જાહેરનામું-૩૩ (૧)૧૦/૨૦૦૫, તા. ૭-૧૦-૨૦૦૫.-વંચાણ-૧ ના જાહેરનામાં મુજબ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના મુંબઇના ૨૨માંની કલમ-૩૩(૧) (બી) અન્વયે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.-૮ અ, વિસ્તરણ પર માંડવી શહેર પાસે આવેલ **રૂકમાવતી પુલ ઉપરથી પસાર થતાં ભારે માલવાહક વાહનોના અવરજવર માટે પ્રવેશબંધી ફરમાવવામાં આવેલ છે જે જાહેરનામું હાલમાં અમલી છે.**

ઉપરોક્ત જાહેરનામાં બાબતે, વંચાણ-૨ની માંડવી તાલુકા ટ્રક ઓનર્સ એશોસીએશનની રજુઆત અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ ગાંધીધામના વંચાણ-૩ ના અભિપ્રાય મુજબ ૧૦ પૈડાવાળી ૨૫.૦ મેટ્રીક ટન જેટલી ગ્રોસ કેપેસીટીની ટ્રકો જ્યારે ખાલી હોય ત્યારે આ પુલ ઉપરથી પસાર થવામાં હરકત સરખું ન હોવાનું જણાવેલ છે.

જેથી હું એચ. એસ. મહેતા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧નાં મુંબઈના ૨૨માંની કલમ-૩૩ (૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી-કચ્છના નોંધ પરના આદેશાનુસાર જાહેરનામાંમાં નીચે મુજબ ફેરફાર કરૂં છું.

આ જાહેરનામાં નીચે મુજબના વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

(૧) ઉપર મુજબની ૧૦ પૈડાવાળી ટ્રકો ખાલી હોય ત્યારે પુલ પરથી પસાર થઇ શકશે.

વંચાણ-૧ ના જાહેરનામામાં આ સિવાયની તમામ વિગતો યથાવત રહેશે.

આજરોજ તારીખ ૭-૧૦-૨૦૦૫નાં મારી સહી તથા સિક્કો મારી આ જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

કચ્છ-ભુજ, ૭ માહે ઓકટોબર સને ૨૦૦૫.

એચ. એસ. મહેતા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

સને ૧૯૫૧ની મુંબઇ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની પેટા કલમ-૧ના પેટા ખંડ-બી હેઠળ

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/૫૧૮૬/૦૫.-જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકાના પ્રભાસપાટણ મુકામે આવેલ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં પરંપરાગત રીતે તા. ૧૬-૧૧-૦૫થી તા.૧૭-૧૧-૦૫ સુધી મેળો ભરાવાનો છે. મેળામાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ ભેગા થવા સંભવ હોય કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા ટ્રાફિક નિયમન કરવા માટે નીચે જણાવેલ વિગતેના રસ્તાઓ પર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના તા. ૨૨-૧૦-૨૦૦૫ના પત્રથી દરખાસ્ત રજુ થયેલ છે.

(૧) પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનેથી દક્ષિણ છેડા સુધી.

(૨) ત્રિવેણી દરવાજાથી ધર્મશાળા સુધી.

સબબ, હું એ. સી. રાઠોડ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં અંક-૨૨ની કલમ-૩૩ (૧)-બી અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૧૬-૧૧-૨૦૦૫ થી તા. ૧૭-૧૧-૨૦૦૫ સુધી બન્ને દિવસો સહીત કોઈપણ પ્રકારનાં વાહનોની ઉપરમાં જણાવેલ રસ્તાઓ ઉપર અવર-જવર માટે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમ ફરજ પરના પોલીસ ખાતાના, જિલ્લા આરોગ્ય ખાતાના, જાહેર બાંધકામ ખાતાના, તેમજ ગુજરાત વિદ્યુત બોર્ડ તથા સ્થાનીક નગરપાલિકાના ફરજ ઉપરના વાહનોને લાગુ પડશે નહી. આ ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ વિગેરના વાહનો વાળાએ આ રસ્તા ઉપર વાહનો લઈ જવા માટે પોલીસ ખાતા પાસેથી વાહનો લઈ જવા પાસ મેળવવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, આંક-૨૨, કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૬ માહે ઓક્ટોબર સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જૂનાગઢ, ૨૬ માહે ઓક્ટોબર સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ કાઢેલ

હુકમ

નં. એમએજી/સી/૫૧૫૪/૦૫.-પરીક્ષા નિયામકશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી રાજકોટ, દ્વારા બી.સી.એ. તથા બી.સી.-સી.આઈ.ટી.ની પરીક્ષાઓ તારીખ ૨૬-૧૦-૨૦૦૫થી તા. ૨૯-૧૦-૦૫ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં નીચે જણાવેલ કેન્દ્રો ખાતે લેવાનાર છે.

ક્રમ	કેન્દ્રનું નામ
(૧)	શ્રી સૌરાષ્ટ્ર એજ્યુ. ટ્રસ્ટ સંચાલીત, આર્ટસ, કોમર્સ અને હોમ સાયન્સ કોલેજ, જૂનાગઢ.
(૨)	શ્રી વેરાવળ એજ્યુ. સોસાયટી સંચાલીત, બી.બી.એ. કોલેજ, વેરાવળ.

આ પરીક્ષાઓ દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓના ભાવિ ઉપર અસર પડવાની સંભાવના હોય તે સંજોગોમાં કોપીરાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉતરો કોપીઈંગ મશીન દ્વારા પરિક્ષાખંડમાં પહોંચાડવાની પુરેપુરી શક્યતા રહેતી હોય અને સંભવ હોય તેમજ પરીક્ષાર્થીઓને માનસિક પરિતાપ ન થાય, અને પરીક્ષાઓ ચોરીઓના દુષણ વગર શાંતિ અને એખલાસભર્યા વાતાવરણમાં યોજાય તે હેતુથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલા લેવાનું પુરતું કારણ છે. અને તેમ થતું અટકાવવા ઉપાય યોજવાનું ઈષ્ટ જણાય છે.

તેથી હું, એ. સી. રાઠોડ., જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં સમાવિષ્ટ થતા ઉપરોક્ત પરીક્ષા કેન્દ્રોની આસપાસ પાંચ કી. મી. વિસ્તારની હદમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ/મશીન ધારકોને તારીખ ૨૬-૧૦-૦૫ થી તા. ૨૯-૧૦-૦૫ સુધી (બન્ને દિવસો સહીત) સવારના ૧૦-૩૦ થી ૧૩-૩૦ કલાક સુધી તથા બપોરના ૧૫-૦૦ થી ૧૮-૦૦ કલાક સુધી ઉક્ત ધંધાર્થીઓ/મશીન ધારકોએ તેઓના કોપીંગ મશીન ચલાવવા નહી કે કોઈપણ પત્રો, દસ્તાવેજો કાગળોની નકલો કરવી નહીં. તેમજ ઉક્ત પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૨૦૦ મીટર વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર કે ચોકમાં, ગલીઓમાં પાંચ કરતા વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહી, તેમજ સુત્રો પોકારવા નહીં.

આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) પોતાના અંગત ઉપયોગ માટે કોપીઈંગ મશીનનો વપરાશ કરતી વ્યક્તિઓને.

(૨) ફરજની રૂએ જે કર્મચારીઓને મુક્તિ આપવામાં આવી હોય, તેવી વ્યક્તિઓને એકત્રીત થવાની જોગવાઈ લાગુ પડશે નહી.

આ હુકમનો કોઈપણ શખ્સ ભંગ કરે તો કાયદેસરના પગલા લેવામાં આવશે. આ હુકમ આજ રોજ તા. ૨૫-૧૦-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યું.

જૂનાગઢ, ૨૫ માહે ઓક્ટોબર સને ૨૦૦૫.

સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ (૧) (બી) હેઠળ

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/૫૧૮૦/૦૫.-દિવાળીના તહેવારો દરમ્યાન લોકોની અવર-જવર બહોળા પ્રમાણમાં રહે છે. આવા સંજોગોમાં જૂનાગઢ શહેરની ભૌગોલિક રચના અને ટ્રાફિકની સમસ્યાને અનુલક્ષીને લોકોને અને ખાસ કરીને સ્ત્રી વર્ગ તથા નાના બાળકોને અવર-જવરમાં મુશ્કેલી ન પડે, તે હેતુ માટે

તા. ૨૬-૧૦-૦૫ થી તા. ૪-૧૧-૨૦૦૫ સુધી નીચે જણાવેલ રોડ ઉપર ભારે વાહનો જેવા કે, બસ, ટ્રેક્ટર, ભારવાહક મેટાડોર જેવા તમામ પ્રકારના ભારવાહક વાહનો માટે પ્રવેશબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/દિપાવલી/જાહેરનામું/૪૫૬૭/૨૦૦૫, તા. ૨૨-૧૦-૨૦૦૫ થી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

૧. આઝાદ ચોક પોસ્ટ ઓફીસ પાસેથી પંચહાટડી ચોક, દિવાન ચોક તરફ જતાં માલીવાડા રોડના નાકા સુધીનો રસ્તો.

૨. પંચહાટડી ચોકથી માંગનાથ રોડ (માંગનાથની કમાન સુધી).

૩. પંચહાટડી ચોકથી ગેબનશા પીરની દરગાહ, દાણાપીઠ સુધી.

૪. કાળવા ચોકથી ચિતાખાના ચોક સુધી.

ઉપરાંત જૂનાગઢના પંચહાટડી ચોકથી કાળવા ચોક સુધીનો માંગનાથ રોડ તેમજ પંચહાટડી ચોકથી દીવાન ચોક તરફ જતાં હવેલીવાળા સાંકડા રોડ પર તમામ જાતના વાહનોની અવર-જવર પ્રતિબંધ ફરમાવવાની દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતાં હું, એ. સી. રાઠોડ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો, જુનાગઢ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૩ (૧) (બી) હેઠળ મને મલેલ સત્તાની રૂએ તા. ૨૬-૧૦-૨૦૦૫ થી તા. ૪-૧૧-૨૦૦૫ સુધી સવારના ૮-૦૦ કલાકથી રાત્રે ૧૨-૦૦ કલાક સુધી ઉપરમાં દર્શાવેલ ક્રમ નં. ૧ થી ૪ માં દર્શાવેલ રોડ ઉપર ભારે વાહનો જેવા કે બસ, ટ્રેક્ટર, ભારવાહક મેટાડોર જેવા તમામ પ્રકારના ભારવાહક વાહનો માટે પ્રવેશબંધી અને પેરા-૨ની વિગતે પંચહાટડી ચોકથી કાળવા ચોક સુધીનો માંગનાથ રોડ અને પંચહાટડી ચોકથી દિવાન ચોક તરફ જતા હવેલીના સાંકડા રોડ પર તમામ જાતના એટલે કે બે પૈડાવાળા (સાયકલ સહીત) ત્રણ પૈડાવાળા કે ચાર પૈડાવાલા વાહનોની અવરજવર પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, આંક-૨૨ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૬ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જૂનાગઢ, ૨૬ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

સને ૧૯૫૧ની મુંબઇ પોલીસ અધિનિયમ આંક-૨૨ની
કલમ-૩૩ (૧) (યુ) અન્વયે

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/૧૦/૨૦/૦૫(૧).-ગિરનાર પરિક્રમા તા. ૧૨-૧૧-૨૦૦૫ થી શરૂ થઈને તા. ૧૬-૧૧-૨૦૦૫ સુધી યોજાનાર છે. આ સમય દરમ્યાન ભવનાથ તળેટીમાં હજારો યાત્રિકો અને ભાવિકો આવશે. આમ ગિરનાર અનામત જંગલ વિસ્તારમાં હજારો યાત્રિકો આવવા સંભવ હોય અને કોઈ વ્યક્તિ તરફથી ફટાકડા ફોડવાથી અનામત જંગલ વિસ્તારમાં આગ લાવાનો ભય હોય, જેથી ઉક્ત જંગલ વિસ્તારમાં તમામ પ્રકારના ફટાકડા લઈ જવા, વેચાણ તથા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના પત્ર ક્રમાંક : સી/એલઆઈબી/જા. નામુ/ ૧૫૭૨/૦૫. તા. ૨૩-૧૦-૨૦૦૫ થી દરખાસ્ત રજુ થયેલ છે.

સબબ, હું, એ. સી. રાઠોડ., જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે મળેલ સત્તાની રૂએ તા.૧૨-૧૧-૨૦૦૫ થી તા. ૧૬-૧૧-૨૦૦૫ સુધી બન્ને દિવસો સહીત ભવનાથ તથા ગીરના જંગલ વિસ્તારમાં તમામ પ્રકારના ફટાકડા વેંચવા તથા લઈ જવા તેમજ ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તા. ૨૭ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જૂનાગઢ, ૨૭ માહે ઓક્ટોબર સને ૨૦૦૫.

સને ૧૯૫૧ની મુંબઇ પોલીસ અધિનિયમ આંક-૨૨ની
કલમ-૪૩ (૧) અન્વયે

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/પરિક્રમા-૧૦/૨૦૦૫(૨).-જૂનાગઢ જિલ્લામાં, જૂનાગઢ ખાતે તથા વેરાવળ તાલુકાના પ્રભાસપાટણ ખાતે અનુક્રમે ગીરનાર પરિક્રમાનું પર્વ તથા શ્રી 'સોમનાથ મહાદેવના કાર્તિકી પૂર્ણિમાનો મેળો ભરાનાર હોવાથી અને બન્ને પ્રસંગોએ જૂનાગઢ શહેર તેમજ વેરાવળ શહેર અને પ્ર.પાટણ ગામે હજારોની સંખ્યામાં યાત્રાળુઓ તથા ભાવિકો એકત્રિત થનાર હોય સદરહું મેળામાં ચેપી રોગો અટકાવવા તથા જાહેર સુખાકારીના પગલા લેવા સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિ. ૧૯૫૧ની કલમ-૪૩/૧ અન્વયે જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ

અધિક્ષકશ્રી જૂનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/પરિક્રમા/જા.નામું/૧૫૭૩/૦૫, તા. ૨૩-૧૦-૦૫થી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

સબબ, હું, એ. સી. રાઠોડ., જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૪૩ (૧) અન્વયે મળેલ અધિકારની રૂએ તા. ૧૨-૧૧-૨૦૦૫ થી તા. ૧૬-૧૧-૨૦૦૫ સુધી બન્ને દિવસો સહીત જૂનાગઢ શહેર તેમજ ભવનાથ તળેટી તેમજ તેની આસપાસ ફરતા ૮ કી.મી. ના અંતરના વિસ્તારમાના તથા વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા વિસ્તાર અને તેની આસપાસ ૮ કી.મી.ના વિસ્તારમાં પીવાના પાણી પરત્વે માણસોને પીવાના ઉપયોગમાં ન આવે તેવા કૃત્યો કરવાની, જાહેર તંદુરસ્તીને નુકશાન પહોંચાડે તેવી રીતે રાંધેલો ખોરાક, ચીજવસ્તુઓ ખુલ્લી રાખવાની તાકીદ, તદઉપરાંત તેવો ખોરાક ચીજવસ્તુઓ જે તે આરોગ્ય ખાતાના કર્મચારી/અધિકારીશ્રીઓની સુચના વિરૂધ્ધ વહેંચવાની અગર તેની ગંદકી કરવાની તથા રક્તપિત અને ચેપીરોગવાળા શખ્સોને દાખલ થવા દેવાની આથી મનાઈ ફરમાવવામાં આવે છે.

ઉપરોક્ત બાબતે દેખરેખ રાખી યોગ્ય પગલા લેવા જૂનાગઢ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા તેઓશ્રીએ નિયુક્ત કરેલા કર્મચારીઓ તથા જૂનાગઢ મહાનગરપાલિકા અને વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલીકાનાં આરોગ્ય અધિકારીશ્રીએ અગર તેઓએ જેને નિયુક્ત કરેલા હોય તેવા તેમના કર્મચારીઓને આથી અધિકાર આપવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શખ્સ સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, આંક-૨૨ની કલમ-૧૩૮માં જણાવેલ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૭ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જૂનાગઢ, ૨૭ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/૧૦/૦૫(૩).-આગામી ગીરનાર પરિક્રમાં તા. ૧૨-૧૧-૨૦૦૫ થી તા. ૧૬-૧૧-૨૦૦૫ દરમ્યાન યોજનાર છે. જેથી ભવનાથ તળેટીમાં હજારો યાત્રીકો એકઠા થનાર હોય, ટ્રાફીકના નિયમન અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે નીચે જણાવેલા માર્ગો મુંબઈ પોલીસઅધિનિયમની કલમ-૩૩ (૧) (બી) અન્વયે એક તરફી જાહેર કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢના પત્ર નં. સી/એલઆઈબી/૧૫૭૦/૦૫, તા. ૨૩-૧૦-૦૫ થી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

ભવનાથ જવા માટે

૧. ભરડાવાવ થી સ્મશાન સુધી.

૨. વડલી ચોકથી ભવનાથ મંદિર, મૃગીકુંડ તળાવની પાળ સુધી.

ભવનાથ થી જૂનાગઢ શહેર તરફ આવવા માટે

૧. મંગલનાથની જગ્યાએથી વડલી ચોક સુધી.

૨. સ્મશાનથી ગીરનાર દરવાજા સુધી.

સબબ, હું, એ. સી. રાઠોડ., જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ કલમ ૩૩ (૧) (બી) અન્વયે ઉપર જણાવેલ માર્ગો એકતરફી કરવાનું ફરમાન કરૂં છું.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, આંક-૨૨ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર રહેશે.

આજ તા. ૨૭ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જૂનાગઢ, ૨૭ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ના પેટા ખંડ-બી હેઠળ

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/૧૦/૨૦૦૫(૪).-જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ ભવનાથ તળેટીમાં તા. ૧૨-૧૧-૨૦૦૫થી તા. ૧૬-૧૧-૨૦૦૫ સુધી ગિરનાર પરિક્રમાનો મેળો ભરાવાનો છે. આ મેળામાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ ભેગા થવા સંભવ હોય કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા ટ્રાફિક નિયમન કરવાનું મને ઈષ્ટ જણાય છે.

સબબ, હું, એ. સી. રાઠોડ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ, મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં આંક-૨૨ની કલમ-૩૩ (૧)-બી અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૧૨-૧૧-૨૦૦૫ થી તા. ૧૬-૧૧-૨૦૦૫ સુધી બન્ને દિવસો સહીત કોઈપણ પ્રકારનાં વાહનોની ભવનાથ તળેટીથી આગળ પરિક્રમાના રસ્તાઓ ઉપર અવરજવર માટે પ્રતિબંધ ફરમાવું છું, તથા વાહનો ભવનાથ તળેટીથી આવવા જવા ન દેવા આથી હુકમ ફરમાવું છું.

આ હુકમ ફરજ પરના પોલીસ ખાતાના, જિલ્લા આરોગ્ય ખાતાના, જાહેર બાંધકામ ખાતાના, તેમજ ગુજરાત વિદ્યુત બોર્ડ, જૂનાગઢ મહાનગરપાલિકાના ફરજ પરના વાહનોને લાગુ પડશે

નહી. આ ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ વિગેરેના વાહનો વાળાએ પરિક્રમાના રસ્તા ઉપર વાહનો લઈ જવા માટે નાયબ વનસંરક્ષકશ્રી, વન વિભાગ, જૂનાગઢ પાસેથી વાહનો લઈ જવા પાસ મેળવવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૭ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જૂનાગઢ, ૨૭ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ના પેટા ખંડ-બી હેઠળ

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/૧૦/૨૦૦૫(૫).-જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ ભવનાથ તળેટીમાં તા. ૧૨-૧૧-૨૦૦૫થી તા. ૧૬-૧૧-૨૦૦૫ સુધી ગિરનાર પરિક્રમાનો મેળો ભરાવાનો છે. આ મેળામાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ ભેગા થવા સંભવ હોય કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા ટ્રાફિક નિયમન કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના પત્ર સી નં. એલઆઈબી/૧૫૭૧/૦૫, તા. ૨૩-૧૦-૦૫થી અત્રે દરખાસ્ત રજુ થઈ છે.

સબબ, હું એ. સી. રાઠોડ, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં અંક-૨૨ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ તા. ૧૨-૧૧-૨૦૦૫ થી તા. ૧૬-૧૧-૨૦૦૫ સુધી ભારે વાહનો જેવા કે ટ્રક, ભારવાહન મેટાડોર, ટ્રેલર સાથેનું ભારવાહન ટ્રેક્ટર તથા ભારવાહક છકડો, ભારવાહક રીક્ષા તથા ખાનગી બસ, મીની બસ વિગેરે ભરડાવાવથી ભવનાથ તરફ જતા રસ્તા પર ચલાવવા, લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું ફરજ પરના પોલીસ ખાતાના, જિલ્લા આરોગ્ય ખાતાના, જાહેર બાંધકામ ખાતાના, વન ખાતાના તેમજ ગુજરાત વિદ્યુત બોર્ડ તથા મહાનગરપાલીકાના ફરજ પરના વાહનોને તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ વિગેરેના વાહનો વાળાએ નાયબ વન સંરશ્રકશ્રી, વન વિભાગ, જુનાગઢ પાસેથી વાહનો લઈ જવા માટે પાસ મેળવેલા હશે તેઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમમાંની આંક-૨૨માંની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૭ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જૂનાગઢ, ૨૭ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૭ (૩) અન્વયે

જાહેરનામું

નાં. એમએજી/સી/૫૧૬૦/૦૫.-હાલમાં ચાલતા દબાણ હટાવ ઝુંબેશ, ગીરનાર પર્વત પર ગુરૂ દતાત્રેયની જગ્યા તથા ત્રીજી ટુંક ખાતે હિન્દુજૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, દિવાળીના તહેવાર આવતા હોય, તેમજ રમઝાન માસ હોય, વીજ પુરવઠાની અનિયમિતતાને કારણે આંદોલનાત્મક કાર્યક્રમો થતા હોય; વેરાવળ પ્રભાસ પાટણ ખાતે કોમી તનાવનાં બનતા બનાવો જિલ્લા પંચાયત /તાલુકા પંચાયત તથા નગરપાલીકાની સામાન્ય ચૂંટણીનું તા. ૨૫-૧૦-૦૫ના રોજ મતદાન અને તા. ૨૭-૧૦-૦૫ના રોજ મત ગણતરી થનાર હોય વિ. ને કારણે રાજકીય; બીન રાજકીય પક્ષો દ્વારા સભાઓ, સરઘસો વિગેરે જુદાજુદા કાર્યક્રમો થવા સંભાવના હોય જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂં સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના તા. ૧૯-૧૦-૨૦૦૫ના પત્રથી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી રજુ થયેલ ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂઈએ હું, એ.સી.રાઠોડ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ આથી જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૨૫-૧૦-૨૦૦૫નાં રોજથી તા. ૦૭-૧૧-૨૦૦૫ (બંને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું. આદેશ કરૂં છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીએ.
૨. સરકારી નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિતને.
૩. કોઈ લગ્નનાં વરઘોડાને.
૪. સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.
૫. સક્ષમ અધિકારીશ્રીઓની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮, મુજબનો ગુનો સાબીત થયેથી જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણના માનવજીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને -૬-(છ)માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધી નો દંડ સહીત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૨૫મી ઓક્ટોબર સને ૨૦૦૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જૂનાગઢ, ૨૫ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

સને-૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ ના પેટા ખંડ-બી હેઠળ

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/૫૧૮૬/૦૫.-આ કચેરીના સરખા ક્રમાંકવાળા તારીખ ૨૬-૧૦-૨૦૦૫થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામાની મુદત તા. ૧૬-૧૧-૨૦૦૫ થી તા. ૧૭-૧૧-૨૦૦૫ને બદલે તા. ૧૫-૧૧-૨૦૦૫ થી તા. ૨૦-૧૧-૨૦૦૫ સુધીની મુદત માટે અમલમાં મુકવાનો આથી સુધારો કરવામાં આવે છે. પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢના તા. ૭-૧૧-૨૦૦૫ના પત્ર અન્વયે આ સુધારો કરવામાં આવે છે. અન્ય વિગતો મુળ જાહેરનામા મુજબ યથાવત રહે છે.

આજ તા. ૦૮ માહે નવેમ્બર સને ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જૂનાગઢ, ૦૮ માહે નવેમ્બર સને ૨૦૦૫.

સને-૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩-૧-સી હેઠળ

જાહેરનામું

ક્રમાંક : એમએજી/સી/૧૦/૨૦(૬)/૨૦૦૫.-જૂનાગઢ જિલ્લામાં જૂનાગઢમાં આવેલ ગીરનાર પર્વત ઉપર આગામી ગીરનાર પરિક્રમા તા. ૧૨-૧૧-૨૦૦૫ થી તા. ૧૬-૧૧-૨૦૦૫ સુધી યોજાનાર છે. આ સમય દરમ્યાન જૂનાગઢ મુકામે ભવનાથ તળેટીમાં બહોળા પ્રમાણમાં વાહનોની અવર જવર રહેશે. જેથી ટ્રાફીકનાં સરળ નિયમન માટે નીચે જણાવેલ વિગતે તા. ૧૨-૧૧-૨૦૦૫થી તા. ૧૬-૧૧-૨૦૦૫ સુધી બન્ને દિવસો સહીત વાહનોના સ્ટેન્ડ નક્કી કરવા માટે પોલીસ અધિક્ષકશ્રી જૂનાગઢના તા. ૪-૧૧-૨૦૦૫ના પત્રથી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

ઉપરોક્ત દરખાસ્ત વ્યાજબી જણાતા હું, એ. સી. રાઠોડ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જૂનાગઢ જિલ્લો, જૂનાગઢ સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૩ની પેટા કલમ-૧ ના ફકરા-સી અન્વયે મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સ્થળોએ વાહનોના સ્ટેન્ડ તરીકે નક્કી કરી જાહેર કરૂં છું.

વાહનોનું સ્ટેન્ડનું સ્થળ (પાર્કીંગ)

૧.	ભવનાથ ગ્રામ પંચાયત કચેરી પાછળના ભાગે તળાવની પાળ નીચે	એસ.ટી. બસોનું સ્ટેન્ડ
૨.	રૂપાયતન પાટીયાની સામેની ખુલ્લી જગ્યા	ઓટો રીક્ષા સ્ટેન્ડ
૩.	આહીર જ્ઞાતિની વાડી સામે, મંગલધામ બાપુની જગ્યા ભવનાથ	સીટી બસ પાર્કીંગ સ્ટેન્ડ
૪.	ભારતી આશ્રમ સામે પંચઅગ્નિ અખાડાની પશ્ચિમે ખુલ્લી જગ્યા	લકઝરી બસો તથા ફોરવીલ વાહનો પાર્કીંગ
૫.	દુધેશ્વર મંદિર પાસે, પ્રકૃતિ ધામ	તમામ પ્રકારના વાહન પાર્કીંગ
૬.	એગ્રી કેમ્પસની જગ્યા, જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસ સામે	તમામ પ્રકારના વાહન પાર્કીંગ
૭.	વકીલશ્રી દિપકભાઈ યાદવની વાડી, ગીરનાર દરવાજા	ફોર વ્હીલ વાહન પાર્કીંગ
૮.	સાયન્સ મ્યુઝીયમ સામે	ફોર વ્હીલ વાહન પાર્કીંગ
૯.	નીચલા દાતાર પાસે ખુલ્લી જગ્યા	ફોર વ્હીલ વાહન જગ્યા પાર્કીંગ
૧૦.	વૃધ્ધાશ્રમ સામે ખુલ્લી જગ્યા	ફોર વ્હીલ વાહન પાર્કીંગ

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, આંક-૨૨ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૮ માહે નવેમ્બર સને ૨૦૦૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

જૂનાગઢ, ૮ માહે નવેમ્બર, સને ૨૦૦૫.

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૭(૩) અન્વયે

જાહેરનામું

નાં. એમએજી/સી/૬૪૪૮૫/૦૫.-હાલમાં ચાલતા દબાણ હટાવ ઝુંબેશ, ગીરનાર પર્વત પર ગુરૂ દતાત્રેયની જગ્યા તથા

ગોરખ ટુંક ખાતે હિન્દુ જૈન ધર્મના લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, જુનાગઢ ખાતે પરિક્રમાનો મેળો તથા સોમનાથ ખાતે કાર્તિકી પુર્ણિમાનો મેળો યોજાનાર હોય વીજ પુરવઠાની અનિયમિતતાને કારણે આંદોલનાત્મક કાયક્રમો થતા હોય વેરાવળ પ્રભાસપાટણ ખાતે કોમી તનાવ બનતા બનાવો જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણી થનાર હોય વિ. ને કારણે રાજકીય બીન રાજકીય પક્ષો દ્વારા સભાઓ, સરઘસો વિગેરે જુદાજુદા કાર્યક્રમો થવા સંભાવના હોય જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢનાં તારીખ : ૪-૧૧-૨૦૦૫ નાં પત્રથી અત્રે દરખાસ્ત રજૂ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ તરફથી રજુ થયેલ ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧નાં આંક-૨૨ની કલમ-૩૭ ની પેટાકલમ-૩ થી મને મળેલ અધિકારની રૂઈએ હું એ. સી. રાઠોડ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ આથી જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૯-૧૧-૨૦૦૫નાં રોજથી તા. ૨૨-૧૧-૨૦૦૫ (બંન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે કોઈપણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવું છું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીએ.

૨. સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

૩. કોઈ લગ્નના વરઘોડાને.

૪. સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

૫. સક્ષમ અધિકારીશ્રીઓની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનારને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮, મુજબનો ગુનો સાબીત થયેથી જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણના માનવજીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યકિતને -૬-(છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધી નો દંડ સહીત બંન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ ૮મી નવેમ્બર, સને ૨૦૦૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૮ માહે નવેમ્બર, સને ૨૦૦૫.

એ. સી. રાઠોડ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જિલ્લો,
જુનાગઢ.

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે કાઢેલો

હુકમ

નં. ડીએમ/૧/ફા. ૪૦૬૫/૨૦૦૫.-પાલીતાણા શહેરમાં નીચે જણાવેલ રસ્તાઓ ઉપર તા. ૨૯-૧૦-૨૦૦૫ થી તા. ૧-૧૧-૨૦૦૫ (બન્ને દિવસો સુધ્ધા), દરમ્યાન આગામી દિવાળીના તહેવારોને કારણે લોકોનો ખુબ જ ઘસારો થવાની સંભાવના છે. તેથી તે વિસ્તારમાં ટ્રાફીકનું નિયમન કરવાની જરૂર જણાય છે. સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) નીચે મને મળેલ અધિકારની રૂઈએ હું ડી. બી. વોરા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ફરમાવું છું. કે, તા. ૨૯-૧૦-૨૦૦૫ થી તા. ૧-૧૧-૨૦૦૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) દરરોજ દિવસના કલાક ૦૯-૦૦ થી કલાક : ૧૩-૦૦, કલાક : ૧૬-૦૦ થી કલાક : ૨૧-૦૦ સુધી નીચે દર્શાવેલ રસ્તાઓમાં સાયકલ સહીત કોઈપણ જાતના ભારે અથવા હળવા વાહનોને લાવવા કે લઈ જવા નહીં તથા થોભાવવા કે મુકવા નહીં તેમજ સાયકલો દોરીને પણ લઈ જવી નહીં.

રસ્તાનું નામ :

(૧) પાલીતાણા ટાઉનનાં ભૈરવનાથ ચોક શાક માર્કેટ થી મુખ્ય બજારના રસ્તા તરફ

આ જાહેરનામું નીચે જણાવેલ વાહનોને લાગુ પડશે નહીં.

(૧) ફાયરબ્રીગેડના વાહનો

(૨) મહેસુલ, પોલીસખાતાના (ફરજ ઉપરના વાહનો)

(૩) એમ્બ્યુલન્સ કાર

(૪) ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડના ફરજ ઉપરના વાહનો

(૫) પોસ્ટલ વાહનો તથા ટેલીગ્રામ લઈને જતા પીયુનની સાયકલો

(૬) કોર્પોરેશનના ઈમરજન્સી વાહન, સરકારી વાહનો

(૭) પ્રેસના વાહનો / પત્રકારોના વાહનો / પ્રેસ વિડીયો ગ્રાફરોનાં વાહનો

આ હુકમ / જાહેરનામાનો ભંગ / ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

"જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજપરના કોઈપણ હેડકોન્સ્ટેબલને અધિકાર રહેશે."

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તારીખ : ૨૬-૧૦-૨૦૦૫ ના મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભાવનગર ૨૬ માહે ઓકટોબર સને ૨૦૦૫

મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે કાઢેલો

હુકમ

નં.ડીએમ/૧/ફા. ૪૦૬૪/૨૦૦૫.-ભાવનગર જિલ્લા/શહેરમાં નીચે જણાવેલ રસ્તાઓ ઉપર તા. ૨૯-૧૦-૨૦૦૫ થી તા. ૧-૧૧-૨૦૦૫ (બન્ને દિવસો સુધ્ધા), દરમ્યાન આગામી દિવાળીના તહેવારોને કારણે લોકોનો ખુબ જ ઘસારો થવાની સંભાવના છે. તેથી તે વિસ્તારમાં ટ્રાફીકનું નિયમન કરવાની જરૂર જણાય છે. સબબ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) નીચે મને મળેલ અધિકારની રૂઈએ હું, ડી. બી. વોરા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ફરમાવું છું. કે, તા. ૨૯-૧૦-૨૦૦૫ થી તા. ૧-૧૧-૨૦૦૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા) દરરોજ દિવસના કલાક ૧૬-૦૦ થી રાત્રીના કલાક ૦૨-૦૦ (બીજા દિવસના) સુધી નીચે દર્શાવેલ રસ્તાઓમાં સાયકલ સહીત કોઈપણ જાતના ભારે અથવા હળવા વાહનોને લાવવા કે લઈ જવા નહીં તથા થોભાવવા કે મુકવા નહીં તેમજ સાયકલો દોરીને પણ લઈ જવી નહીં. નો પાર્કીંગ વીસ્તાર જાહેર કરવામાં આવે છે.

રસ્તાનું નામ :

(૧) મોતીબાગથી રૂપમસીનેમાથી ખારગેઈટ સુધીનો રસ્તો (બન્ને તરફથી બંધ)

(૨) શેલારશા ચોકથી હેરીશરોડનો રસ્તો (બન્ને તરફથી બંધ)

(૩) બાર્ટન લાઈબ્રેરી ચોક થઈ વોરા બજારવાળો રસ્તો (બન્ને તરફથી બંધ)

(૪) ગોળબઝારથી જમાદાર શેરી સુધીનો રસ્તો (બન્ને તરફથી બંધ)

(૫) હેવમોર ચોકથી ઘોઘાગેઈટ પોલીસ ચોકી સુધીનો રસ્તો (બન્ને તરફથી બંધ)

(૬) હાઈકોર્ટ રોડ જે.કે.રેસ્ટોરન્ટ થી રૂપમ સિનેમા ચોક સુધીનો રસ્તો (બન્ને તરફથી બંધ)

આ જાહેરનામું નીચે જણાવેલ વાહનોને લાગુ પડશે નહી.

(૧) ફાયરબ્રીગેડના વાહનો

(૨) મહેસુલ, પોલીસખાતાના (ફરજ ઉપરના વાહનો)

(૩) એમ્બ્યુલન્સ કાર

(૪) ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડના ફરજ ઉપરના વાહનો

(૫) પોસ્ટલ વાહનો તથા ટેલીગ્રામ લઈને જતા પીયુનની સાયકલો

(૬) કોર્પોરેશનના ઈમરજન્સી વાહન, સરકારી વાહનો

(૭) પ્રેસના વાહનો / પત્રકારોના વાહનો / પ્રેસ વિડીયો ગ્રાફરોનાં વાહનો

(૮) ભાવનગર ડેરીના વાહનોને બપોરના ૧૬-૦૦ કલાકથી સવારના ૨-૦૦ કલાક સુધી મોતીબાગ થઈ જે. કે. રેસ્ટોરન્ટ પાસેથી ઘોઘા દરવાજા સુધી વાહનો લઈ જવા અને તે જ રસ્તેથી પાછા લાવવાની આંશીક મુક્તિ આપવામાં આવે છે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ-ઉલંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનીયમ ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

"જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજપરના કોઈપણ હેડકોન્સ્ટેબલને અધિકાર રહેશે."

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોટાડીને તથા વર્તમાનપત્ર મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તારીખ : ૨૬-૧૦-૨૦૦૫ ના મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભાવનગર ૨૬ માહે ઓકટોબર સને ૨૦૦૫.

જાહેરનામું

નં.ડીએમ/૧/૪૧૦૨/૨૦૦૫.-ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડનો એલ. પી. જી. બોટલીંગ પ્લાન્ટ ઘોંઘા તાલુકાના તગડી ગામે આવેલ છે તે ઈન્સ્ટોલેશન આગના જોખમની દ્રષ્ટિએ અતિ સંવેદનશીલ છે. તેથી આગામી દિવાળીના તહેવારોને અનુલક્ષીને જાહેર સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું ડી. બી. વોરા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ફરમાવું છું કે, ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના તગડી ગામે આવેલ

ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડના એલ. પી. જી. બોટલીંગ પ્લાન્ટથી ૫૦૦ મીટર સુધીની ત્રિજયામાં તા. ૨૯-૧૦-૨૦૦૫ થી તા. ૧૫-૧૧-૨૦૦૫ સુધી કોઈપણ શખ્સે કોઈપણ પ્રકારના ફટાકડાઓ ફોડવા નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

આ "જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજપરના કોઈપણ હેડકોન્સ્ટેબલને અધિકાર રહેશે."

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોટાડીને તથા વર્તમાનપત્ર મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તારીખ : ૨૯-૧૦-૨૦૦૫ ના મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભાવનગર, ૨૯ માહે ઓકટોબર સને ૨૦૦૫.

ડી. બી. વોરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર.

બોમ્બે પોલીસ એકટ-૧૯૫૧ની કલમ ૩૭(૧)નું

જાહેરનામું

ક્રમાંક : મજસ/૩/હથિયારબંધી/વ/૭-૨૧/૧૧/૨૦૦૫.- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા હથિયારબંધી ફરમાવવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૫/૧૧/૨૦૦૫ના પત્ર નં. એલ. આઈ. બી./જા. પ્ર./૧૩૮૫/૦૫થી દરખાસ્ત થઈ આવેલ છે, તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લામાં હથિયારબંધિ ફરમાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું એ. વી. ઝાલા, જી. એ. એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જીલ્લો, સુરેન્દ્રનગર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨મા ની કલમ-૩૭(૧) અન્વયે અમોને પ્રાપ્ત થયેલ અધિકાર ની રૂએ સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લામાં **તા. ૦૭/૧૧/૨૦૦૫ થી તા. ૨૧/૧૧/૨૦૦૫** સુધી (બન્ને તારીખો સહીત)ના સમય દરમ્યાન પોલીસ અધિક્ષકશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય નીચેની વિગતે ના કૃત્યો કરવાની આથી મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, લાકડી, અને લાઠી, કુંડલીવાળી લાકડી તથા શારિરિક ઈજા પહોચાડી શકે તેવા બીજા કોઈ પણ સાધનો સાથે લઈ જવા નહી.

૨. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવા ના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી.

૩. વ્યકિતઓ અથવા તેમના શબ અથવા આકૃતીઓ અથવા પુતળા દેખાડવા નહી તથા તૈયાર કરવા નહી.

૪. કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

૫. જેનાથી સુરુચિ નો ભંગ થાય અથવા તો નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી, તેવી ચેષ્ઠા કરવી નહી, તેવા ચિત્રો-પત્રિકા-પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવબ નહીં,અથવા તેનો ફેલાવો કરવો નહી.

૬. બુમો પાડવાની, ગીતો ગાવાની તથા વાધ્ય વગાડવાની તેમજ.

૭. અપમાન કરવાના અથવા. જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા નહી અશ્લીલ ગીતો ગાવા નહી, અથવા ટોળામાં ફરવું નહી.

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું પણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ પણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેવી વ્યકિત.

(૨) પોલીસ અધિક્ષકશ્રી એ અથવા તેઓએ કે જેને શારીરીક અશકિત ના કારણે લાકડી, લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યકિત

જો કોઈ પણ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ તથા ફોજદારી ધારા હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામુ સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પિકર વાહનો ધ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ :- ૦૫, માહે:- નવેમ્બર, સને:- ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૫ માહે નવેમ્બર, સને ૨૦૦૫.

બોમ્બે પોલીસ એકટ-૧૯૫૧ની કલમ ૩૭(૩)નું

જાહેરનામું

ક્રમાંક:- મજસ/૩/હથિયારબંધી/વ/૭-૨૧/૧૧/૨૦૦૫:- આગામી દિવસોમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા

હથિયારબંધી ફરમાવવા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૦૫/૧૧/૨૦૦૫ના પત્ર નં. એલ.આઈ.બી./જા.પ્ર./૧૩૮૪/૦૫થી દરખાસ્ત થઈ આવેલ છે, તાજેતરની પરિસ્થિતિમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર વ્યવસ્થાના હેતુ માટે પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું મને જરૂરી જણાયેલ છે.

વાસ્તે હું એ. વી. ઝાલા, જી. એ. એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો સુરેન્દ્રનગર મને મળેલ અધિકારની રૂએ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૭ (૩) હેઠળ સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૭/૧૧/૨૦૦૫ થી તા. ૨૧/૧૧/૨૦૦૫ સુધી (બન્ને તારીખો સહીત) ના સમયગાળા દરમ્યાન સબંધિત એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય પાંચ કે વધુ માણસો એકઠા થવા તથા સભા સરઘસ કાઢવાની મનાઈ ફરમાવું છું.

આ પ્રતિબંધ કલેકટર કચેરીના મુખ્ય દરવાજા પાસે જમણી બાજુએ ફુટપાથ તરફ દરવાજાથી પાંચ મીટરનું અંતર રાખીને ત્યારબાદની પચાસ મીટર સુધીની ફુટપાથ ઉપરની જગ્યાના વિસ્તારને તેમજ લગ્નના વરઘોડાને કે સ્મશાનયાત્રા ને લાગુ પડશે નહી.

જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, ભંગ કરવામાં મદદગારી કરશે તો તે ઈસમ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૫ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું સમગ્ર સુરેન્દ્રનગર જીલ્લાના તમામ વિસ્તારમાં સહેલાઈથી દેખી-વાંચી શકાય, તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને, પોલીસ લાઉડ સ્પિકર વાહનો ધ્વારા, સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તથા ગુજરાત રાજયના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૦૫ માહે:- નવેમ્બર, સને:- ૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, તા. ૦૫ માહે, નવેમ્બર સને ૨૦૦૫.

એ. વી. ઝાલા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જાના/૨૯૪૬/ ૨૦૦૫.-રાજકોટ શહેરમાં આવેલ રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ એ શહેરની વચ્ચોવચ્ચ મધ્ય ભાગે આવેલ ફોર ટ્રેક રોડ છે. આ રોડ વહેલી સવારના હજારોની સંખ્યામાં રાજકોટ શહેરના તમામ વર્ગના નાગરિકો ચાલવા (મોર્નિંગ વોક) માટે સવારના લગભગ કલાક ૫-૩૦ થી કલાક ૭-૩૦ વાગ્યાના સમયે નિકળે છે.

સામાન્ય રીતે જોવામાં આવે તો આવી રીતે સવારના મોર્નિંગ વોક માટે ચાલનારોઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. જે સંજોગે આ પ્રકારે પગે ચાલનાર નાગરીકો સાથે વાહન ચાલકો દ્વારા અકસ્માત થવાની પુરે પુરી શકયતાઓ રહેલી છે. વધુમાં જે નાગરિકો સવારના મોર્નિંગ વોક માટે નિકળે છે. તે વર્ગ શારિરીક કસરત અને માનસીક શાંતિ મેળવવા માટે સવારના ભાગે ચાલવા નિકળતા હોય છે જે સંજોગોમાં તેજ રોડ પર વાહન વ્યવહાર ટ્રાફીક ચાલુ હોય તો સ્વાભાવિક રીતે તેઓ નિશ્ચિત પણે સલામત રીતે ચાલી શકતા નથી. તેમજ આ રીંગરોડ ઉપર વાહનોના ધુમાડા દ્વારા ફેલાતા પ્રદુષણનો ભોગ બનતા હોય છેજેના કારણે આ નાગરીકો તરફથી આ બાબતે અકસ્માતની સંભવનાઓ ઘટે તેમજ પ્રદુષણમાં પણ ઘટાડો થાય તે માટે યોગ્ય પગલા ભરવા અવાર-નવાર રજુઆત કરવામાં આવે છે.

૨/-રાજકોટ શહેરમાં રેસકોર્ષ ફરતે સવારના ભાગે પગે ચાલી મોર્નિંગ વોક માટે નિકળતા નાગરિકો સલામતી અનુભવે અને પ્રદુષણનો ભોગ ન બને તે માટે રેસકોર્ષ ફરતેનો રીંગ રોડ તમામ પ્રકારના વાહનો માટે એક માર્ગીય (વન-વે) જાહેર કરવાની આવશ્યકતા જણાય છે.

૩/- આથી હું, કે. નિત્યાનંદમ્ પોલીસ કમિશ્નર, રાજકોટ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) બી અને સી થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ રસ્તાઓને તેમાં જણાવેલ વિગતે તમામ પ્રકારના વાહનો માટે તા. ૧૧-૧૧-૦૫ થી તા. ૧૦-૧૨-૦૫ સુધી પ્રાયોગીક ધોરણે એક માર્ગીય (વન-વે) કરવા હુકમ કરૂં છું. આ હુકમ સવારના કલાક ૫-૩૦ થી કલાક ૭-૧૫ સુધી તમામ પ્રકારના વાહનો માટે લાગુ પડશે.

રેસ કોર્ષ રીંગ રોડ :

રેસ કોર્ષ રીંગ રોડ ને એક માર્ગીય (વન-વે) કરવામાં આવે છે. જે મુજબ રેસ કોર્ષ રીંગ રોડ રોડનો ફક્ત બહારના ભાગે આવેલ રોડ એક તરફી "ક્લોક વાઈઝ" જાહેર કરવામાં આવે છે એટલે કે જિલ્લા પંચાયત ચોકથી એ. જી. ઓફીસ, કીસાનપરા સર્કલ, મેયરશ્રીનો બંગલો, બીગ બાઈટ આઈસ્ક્રિમ, જુની એન. સી. સી. ઓફીસ, પોલીસ હેડ ક્વાર્ટર સર્કલ, બહુમાળી ભવન, ગેલેક્સી સિનેમાથી પોલીસ કમિશ્નર કચેરી થઈ જિલ્લા પંચાયત ચોકમાં થઇ તે રીતે તમામ પ્રકારના વાહનો માટે એક તરફી રસ્તો ચાલુ રહેશે.

આ ફોરટ્રેક રીંગ રોડનો જે અંદરનો રસ્તો છે તે રોડ ઉપર સવારના કલાક ૫-૩૦ થી કલાક ૭-૧૫ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ રહે છે. અને ફકત પગે ચાલી મોર્નિંગ વોક કરવા માટે નિકળેલ નાગરિકો માટે જ આ રસ્તો ચાલુ રહેશે.

૪/- અત્રેના જાહેરનામા ક્રમાંકઃ રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જાના/૨૫૨૧/૨૦૦૫ તા. ૧૧-૧૦-૦૫ અન્વયે એક માસ માટે પ્રાયોગિક ધોરણે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે અન્વયે જાહેરનામાંને રાજકોટ શહેરના નાગરિકો તરફથી સારો પ્રતિસાદ મળેલ હોય જેથી તે જાહેરનામું વધુ લંબાવવાની જરૂરીયાત જણાતા પ્રાયોગિક ધોરણે એક માસ માટે વધુ લંબાવેલ છે.

૫/આ જાહેરનામું ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયરબ્રીગેડના વાહનોને આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહીં.

૬/- આ હુકમના ભંગ બદલ મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ અને આઈ. પી. સી. કલમ ૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે.

આજરોજ તારીખ ૧૦-૧૧-૨૦૦૫ ના રોજ મારી સહી સીક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

રાજકોટ, ૧૦ માહે નવેમ્બર, સને ૨૦૦૫.

જાહેરનામું

ક્રમાંક રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જાહેરનામું/૨૮૯૩/૨૦૦૫.-દિવાળીના તહેવારો સબબ રાજકોટ શેહેરમાં રસ્તાપર ચાલતા માણસોની સલામતી તેમજ વાહન વ્યવહારના સરળ નિયમન માટે નિચે જણાવ્યા મુજબના રસ્તાઓ તા. ૩૦-૧૦-૨૦૦૫થી તા. ૨-૧૧-૨૦૦૫ સુધી દિવાળીના તહેવારો સબબ તમામ પ્રકારના વાહનો જેવા કે, ટ્રક, મેટાડોર, કાર, બસ, ઓટોરીક્ષા, ઘોડાગાડી, બળદગાડી, રેકડા, રેકડી, મોટરસાયકલ, ટુ વ્હીલર વિગેરેની અવરજવર માટે સદંતર બંધ રાખવાનું યોગ્ય જણાય છે.

(૧) ધર્મેન્દ્ર રોડ

(૨) ગરેડીયા કુવા રોડ

(૩) પ્રહલાદ સિનેમાની પાછળથી શરૂ થતો રૈયાનાકા રોડ જે જુની દરજી બજાર થઇ પરા બજારને મળે છે તે

(૪) દેના બેંક ચોકથી રૈયાનાકા ટાવર સુધીનો મહાત્મા ગાંદી રોડ

(૫) ઘી કાંટા રોડ

(૬) પ્રહલાદ સિનેમાથી શરૂ થતો પ્રેમીલા રોડ જે ઘી કાંટા રોડથી કંદોઈ બજાર થઇને પરા બજાર જવા માટેનો રસ્તો

(૭) સાંગણવા ચોકથી જુની ખડપીઠ સુધીનો લાખાજીરાજ રોડ

૨/-નિચે જણાવેલ રસ્તાઓ તમામ પ્રકારના વાહનો માટે ખુલ્લા રહેશે.

(૧) મોચીબજાર પોષ્ટઓફીસથી દેનાબેંક ચોક સુધીનો ઢેબર રોડ.

નીચે જણાવેલ રસ્તાઓ બે પૈડાવાળા તથા ત્રણ-ચાર પૈડાવાળા વાહનો માટે ખુલ્લા રહેશે. (ભારે વાહનો સીવાય)

(૧) ખડપીઠ ચોકથી નવા નાકા સુધીનો લાખાજીરાજ રોડ.

(૨) મોચીબજાર ચોકથી દાણાપીઠવાળો રસ્તો, ઘી પીઠના ત્રિકોણ સુધીનો રસ્તો

(૩) નવા નાકા ચોકથી કંસારા બજાર, રૈયાનાકા ટાવર થઇ લુવાણાપરા વનવે વાળો રસ્તો

૩/- તેમજ હાલ નિચે જણાવ્યા મુજબનાં વનવેમાં દિવાળીના તહેવાર નિમીતે હંગામી ફેરફાર કરવામાં આવે છે.

(૧) લુવાણાપરા વનવે મોચી બજારથી આવવા માટેની મનાઇ છે, તે બન્ને તરફથી આવવા જવા માટે ત્રણ દિવસ ખુલ્લો રહેશે.

(૨) નવા નાકા વન વે બન્ને તરફથી ત્રણ દિવસ માટે ખુલ્લો રહેશે.

વિશેષમાં જુની ખડપીઠથી દિવાનપરા પોલીસ ચોકી સુધીનો દિવાનપરા મેઇન રોડ દિવાળીના તહેવારો પુરતા દિવસો માટે "નો પાર્કીંગ" કરવામાં આવે છે.

૪/-પાર્કીંગની વ્યવસ્થા નિચે મુજબ રહેશે.

(૧) મોચી બજાર પોષ્ટ ઓફીસથી દેના બેંક ચોક સુધી

(૨) ધર્મેન્દ્રસિંહજી માર્કેટ પાછળ નવી દરજી બજાર

(૩) કરણસિંહજી હાઈસ્કુલથી સેન્ટર પોંઈન્ટ સુધીનો રસ્તો

(૪) ઢેબર ચોક ત્રિકોણબાગ પાસે

(૫) ઢેબર ચોકથી મ્યુનિ. કોર્પો. સુધીનો રોડ

(૬) ડો. ચંદુલાલ બુચ માર્ગ

(૭) દેના બેંક ચોકથી રાજકોટ સર્વિસ સ્ટેશન સુધીનો ઢેબર રોડ

(૮) કરણસિંહજી હાઈસ્કુલ કંમ્પાઉન્ડ

(૯) આલ્ફ્રેડ હાઈસ્કુલ કંમ્પાઉન્ડ

૫/- હું, કે. નિત્યાનંદમ્ પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ. મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૩) બી અન્વયે મળેલ સત્તા આધારે તા. ૩૦-૧૦-૦૫ તથા તા. ૩૧-૧૦-૦૫નાં કલાક ૧૬-૦૦ થી ૨૪-૦૦ તથા તા. ૧-૧૧-૦૫ ના કલાક ૯-૦૦ થી તા. ૨-૧૧-૦૫ના વહેલી સવારનાં કલાક ૫-૦૦ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવરજવર માટે સદંતર બંધ રહેશે. જેથી તે રસ્તાઓ પર તમામ પ્રકારનાં વાહનો દોરીને કે ચલાવીને લઇજવાની મનાઈ ફરમાવું છું.

આ જાહેરનામું પગપાળા ચાલનારાઓ અને સાયકલ સવારને લાગુ પડશે નહી.

આ જાહેરનામું પોલીસ વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રીગેડના વાહનોને આકસ્મીક સંજોગોમાં લાગુ પડશે નહી ઉપરાંત મહાનગરપાલિકાનાં વાહનોને ખાસ કિસ્સામાં વાહનો લાવવા લઈજવા માટે પો. ઈન્સ. શ્રી ટ્રાફીકશાખા પરવાનગી આપી શકશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર સામે મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ અન્વયે કામ ચલાવી શકાશે.

આજરોજ તા. ૨૭-૧૦-૦૫ નાં રોજ મારી સહી તથા કચેરીનાં સીક્કા સાથે પ્રસિધ્ધી અર્થે આપવામાં આવે છે.

રાજકોટ, ૨૭ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમન ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે

જાહેરનામું

ક્રમાંક : એસબી/જાહેરનામું/૩૦૫૬/૨૦૦૫.-ગુટખાનું સેવન કરવું એ મનુષ્યના આરોગ્ય માટે હાની કારક છે. અને ખાસ કરીને શૈક્ષણીક સંસ્થાઓની આજુબાજુના ૧૦૦ મીટરમાં વેચાતા ગુટખાના કારણે શૈક્ષણીક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં કુમળી વયના બાલકોના માનસ પર તેની વિપરીત અસર પડે છે. અને પ્રલોભન પણ થવાની શક્યતા રહે છે. જેથી શૈક્ષણીક સંસ્થાઓની ૧૦૦ મીટરની આજુબાજુના વિસ્તારમાં ગુટખાના વેચાણ કરવા ઉપર પ્રતિબંધ મુકવા બાબતે કમિશ્નરશ્રી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્ય ગાંધીનગરના પત્ર નં. પીએફએ/૧૦૯૭/૫૪૫૩૫ તા. ૩૦-૯-૯૭ તથા ગૃહ વિભાગ ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર નં. ૫૨૨/૨૯૯૩/૧૦૪૫૦/ડ, તા. ૧૦-૧૦-૯૭થી પરિપત્રો બહાર પાડેલા છે.

ઉપરોક્ત સરકારશ્રીના પરિપત્રને કાયદાના સ્વરૂપે અમલમાં લાવવા, જરૂરી પ્રક્રિયામાંથી પસાર થવામાં સમય લાગે તેમ છે અને હાલમાં શૈક્ષણીક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ આવા ગુટખાઓનું ખુંબજ પ્રમાણમાં સેવન કરતાં હોવાનું જણાયેલ છે. જે આરોગ્યને નુકશાન કર્તા હોય, તેને અંકુશમાં લાવવા, ચોક્કસ પ્રતિબંધ રાખવો જરૂરી બને છે. જેથી આ બાબતે કાયદાકીય જોગવાઈ કર્યેથી જાહેર હિત તેમજ જાહેર આરોગ્યની સલામતી જાળવવામાં સહાય રૂપ થાય તેમ છે.

વાસ્તે હું કે. નિત્યાનંદમ્, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નં. જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે.જેમાં રાજકોટ શહેરના પોલીસ કમીશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમીશ્નરશ્રીઓ) ને એક્ઝી. મેજિ. તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે. તે અધિકારીની રૂએ નિચે જણાવેલ વિસ્તારોમાં તા. ૧-૧૧-૨૦૦૫ કલાક ૦૦-૦૦થી તા. ૩૧-૧૨-૨૦૦૫ કલાક ૨૪-૦૦ સુધી નિચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

શૈક્ષણિક સંસ્થાઓમાં તથા તેની ૧૦૦ મીટરની આજુબાજુના વિસ્તારમાં ગુટખાના વેચાણ કરવા પર, રાખવા તથા તેનું સેવન કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળ આવતી શૈક્ષણીક સંસ્થાઓ તથા તેની ૧૦૦ મીટરની આજુબાજુનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમન ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ ૨૬ માહે ઓક્ટોબર સને ૨૦૦૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૩૦૫૪/૨૦૦૫.-રાજકોટ શહેરની વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું કે. નિત્યાનંદમ્, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ. અન્વયે

જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૦૧-૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ) ને એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧-૧૧-૨૦૦૫ કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૧૨-૨૦૦૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટા, ખંજર તથા ચપ્પા જેને અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણીવાળું પાનું હોય તેવા ચપ્પા સાથે રાખીને ફરવાની મનાઈ ફરમાવું છું.

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) બીજા શસ્ત્રો લઈ જવાની.

(ઘ) સરઘસ સાથે સળગતી મશાલ રાખવાની.

(ચ) વ્યક્તિઓના પૂતળા બાળવાની.

(છ) કોઈપણ વિરોધ વ્યક્ત કરતી વખતે કોઈપણ ચીજ વસ્તુ સળગાવવાની.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

(૧) સરકારી અથવા અર્ધસરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમને જેના ઉપરી અધિકારીઓએ આવી કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તા. ૨૬ માહે ઓક્ટોબર, ૨૦૦૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ

હુકમ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૩૦૫૫/૨૦૦૫.-રાજકોટ શહેરની વર્તમાન પરિસ્થિતીને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલા લેવા જરૂરી છે. તેમજ રાજકોટ શહેરમાં કોઈપણ પ્રકારના સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારોમાં કોઈપણ પ્રકારનો સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા પર, કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. નિત્યાનંદમ્, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૯૮૨/૧૦૮૦/એમ, અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ (૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નં. જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી અને સુપ્રી. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ) નો એક્ઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલા છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારોમાં તા. ૦૧-૧૧-૨૦૦૫ કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૧૨-૨૦૦૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) ચાર કરતા વધારે માણસોના ભેગા થવા પર, કોઈ સભા બોલાવવાનું કે સરઘસ કાઢવા ઉપર.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેવો તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમન ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તા. ૨૬ માહે ઓક્ટોબર, ૨૦૦૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (એમ) નીચે

હુકમ

ક્રમાંક : એસ.બી./જાહેરનામું/૩૦૫૭/૨૦૦૫.-ગુજરાત રાજ્યના રાજકોટ, જામનગર અને કચ્છ જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની જરૂરીયાતને અનુસક્ષીને નર્મદા કેનાલ મારફતે સૌરાષ્ટ્ર કેનાલમાંથી પાણી છોડવાનું આયોજન થયેલ છે. આ નર્મદાનું પાણી માળીયા કેનાલમાં નાંખી પાઈપ લાઈન દ્વારા હડાળા ગામ પાટીયા પાસે સમ્પમાં નાંખી ત્યાંથી સમ્પમાંથી પમ્પીંગ કરી આજી ડેમ ફીલ્ટર પ્લાન્ટ સુધી લાવી રાજકોટ શહેરને પુરૂં પાડવામાં આવે છે.

ઉપરોક્ત પાઈપલાઈન દ્વારા આવતું પાણીનું યોગ્ય રીતે વિતરણ થઈ શકે તે માટે, તેમજ પાણી પુરવઠામાં વિક્ષેપ ઉભો ન થાય તે માટે પાઈપલાઈન તથા આનુસાંગીક ઘટકો સમ્પ, પમ્પ હાઉસ, એરવાલ્વ, સ્કાવર વાલ્વને અસામાજિક તત્વો દ્વારા તોડફોડ કરવામાં ન આવે તેમજ પાણીની ચોરી તથા દુર્વ્યય અટકાવી શકાય તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું મને ઈષ્ટ જણાય છે.

આથી હું કે. નિત્યાનંદમ્, આઈ. પી. એસ. પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ (મુંબઈના ૨૨ માં અધિનિયમ)ની કલમ-૩૩ (એમ) થી મને મળેલ સત્તાની રૂએ રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં તા. ૧-૧૧-૦૫ કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૧૨-૦૫ કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યોની મનાઈ મનાઈ ફરમાવું છું.

કૃત્યો

(૧) રાજકોટ કમિશ્નરેટ વિસ્તારમાં પસાર થતી પાણી પુરવઠાની નર્મદા પાઈપલાઈનમાં છેદ પાડી કોઈ વ્યક્તિ પમ્પ દ્વારા, ટેન્કર દ્વારા કે બીજા કોઈ રીતે પાણી લઈ કે ભરી શકશે નહીં.

(૨) આ પાણીની પાઈપલાઈનો સાથે કોઈ વ્યક્તિ ચેડા કરી શકશે નહીં કે પાઈપલાઈનને તોડ ફોડ કરશે નહી કે પાઈપલાઈનો પરની જમીનમાં ખાડા કરી શકશે નહીં. આ પાઈપલાઈનમાંથી કોઈ પણ વ્યક્તિ પાણી લઈ શકશે નહીં કે તેમજ પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જાય તેવું કૃત્ય કરશે નહીં.

(૩) આ પાઈપલાઈનમાંથી કોઈ વ્યક્તિ સીધી રીતે કે પમ્પીંગ કરી પાણી મેળવી શકશે નહીં. તેમજ મોટર કે મશીનથી પમ્પ મુકી પાણી ખેંચી શકશે નહીં.

(૪) આ પ્રતિબંધિત વિસ્તારમાં કોઈ વ્યક્તિ અનઅધિકૃત પ્રવેશ કરશે નહીં.

પ્રતિબંધિત વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળથી પસાર થતી નર્મદા પાણીની પાઈપલાઈનની આજુ બાજુનો વિસ્તાર.

અપવાદ

ઉપરોક્ત યોજનામાંથી જે શહેર/ગામોને પીનાના પાણીની તકલીફને કારણે ટેન્કરો અગર અન્ય સાધનો દ્વારા પાણી પહોંચાડવા માટે સક્ષમ અધિકાર તરફથી મંજુરી આપવામાં આવેલ હોય તેવા વાહનો તેમજ સરકારી કામમાં રોકાયેલ હોય તેવી વ્યક્તિઓ કે વાહનોને આ હુકમ લાગુ પડશે નહીં.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તા. ૨૬ માહે ઓક્ટોબર, ૨૦૦૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

કે. નિત્યાનંદમ્,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર,
રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધાં

૧. ગુજરાત રાજ્યનાં સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨. સરકારશ્રીનાં કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટીફીકેશન, જી. એચ. કે. એચ. ૨૪/૯૧ ડી. સી. ૧૧૮૯ ૫૨૦૪ જે, તા. ૩૦-૩-૯૧.

૩. સબ ઓડીટર, સહકારી મંડળીઓ, અમરેલી, તા. ૧-૩-૨૦૦૫નો અહેવાલ.

૪. આ કચેરીના વચગાળાનો ફડચા આદેશ નં. ફડચ/ગ-૩/ ૩૫૮ થી ૩૬૬/૦૫, તા. ૨૨-૩-૨૦૦૫.

અંતિમ આદેશ

જાવક નં.-ફડચ/ગ-૩/૧૧૫૬/૨૦૦૫.-આથી હું ડી. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, અમરેલી મને મળેલ અધિકારની રૂએ શ્રી સદગુરૂ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. સા. કુંડલા, તાલુકો : સા. કુંડલા, જિલ્લો : અમરેલી જેની નોંધણી-૭૫૩૦, સને ૧૯૭૯ થી નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ગ-૨ અન્વયેથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે અન્વયે આ ફડચાનાં અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ આદેશ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ની નિમણૂંક કાયમ કરી ફડચા કામગીરી નીયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે. અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઈ ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફી નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૨૧ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

૧. ગુજરાત રાજ્યનાં સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨. સરકારશ્રીનાં કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટીફીકેશન, જી. એચ. કે. એચ. ૨૪/૯૧ ડી. સી. ૧૧૮૯ ૫૨૦૪ જે તા. ૩૦-૩-૯૧.

૩. ઓડીટર (ન. જ.) સહકારી મંડળીઓ, અમરેલી, તા. ૧-૨-૨૦૦૫નો અહેવાલ.

૪. આ કચેરીના વચગાળાનો ફડચા આદેશ નં. ફડચ/ગ-૩/ ૩૩૨ થી ૩૩૯/૦૫, તા. ૧૮-૩-૨૦૦૫.

અંતિમ આદેશ

જાવક નં.-ફડચ/ગ-૩/૧૧૪૭/૨૦૦૫.-આથી હું ડી. બી. પટેલ. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, અમરેલી મને મળેલ અધિકારની રૂએ શ્રી નીલકંઠ મજુર બાંધકામ સહ. મંડળી લી., મુ. વાંકીયા, તાલુકો : અમરેલી, જિલ્લો : અમરેલી જેની નોંધણી-૧૯૯૨, તા. ૧૯-૯-૮૪ થી નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ગ-૨ અન્વયેથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે અન્વયે આ ફડચાનાં અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ આદેશ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ની નિમણૂંક કાયમ કરી ફડચા કામગીરી નીયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે. અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઈ ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફી નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૨૧ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

૧. ગુજરાત રાજ્યનાં સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨. સરકારશ્રીનાં કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટીફીકેશન, જી. એચ. કે. એચ. ૨૪/૯૧ ડી. સી. ૧૧૮૯ ૫૨૦૪ જે તા. ૩૦-૩-૯૧.

૩. ઓડીટર (પ્રમાણિત), સહકારી મંડળીઓ, અમરેલી, તા. ૧૮-૨-૨૦૦૫નો અહેવાલ.

૪. આ કચેરીના વચગાળાનો ફડચા આદેશ નં. ફડચ/ગ-૩/ ૩૪૯ થી ૩૫૭/૦૫, તા. ૨૨-૩-૨૦૦૫.

અંતિમ આદેશ

જાવક નં.-ફડચ/ગ-૩/૧૧૩૭/૨૦૦૫.-આથી હું ડી. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, અમરેલી મને મળેલ અધિકારની રૂએ શ્રી શ્રધ્ધા કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. અમરેલી, તાલુકો : અમરેલી, જિલ્લો : અમરેલી જેની નોંધણી-૯૨૩૧, સને ૧૯૮૨ થી નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ગ-૨ અન્વયેથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે અન્વયે આ ફડચાનાં અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ આદેશ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ની નિમણૂંક કાયમ કરી ફડચા કામગીરી નીયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે. અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઈ ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની

ફડચા ફી નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૨૧ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

૧. ગુજરાત રાજ્યનાં સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨. સરકારશ્રીનાં કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટીફીકેશન, જી. એચ. કે. એચ. ૨૪/૯૧ ડી. સી. ૧૧૮૯ ૫૨૦૪ જે તા. ૩૦-૩-૯૧.

૩. સબ ઓડીટર, સહકારી મંડળીઓ, દુધ ભાવનગરનો અહેવાલ.

૪. આ કચેરીના વચગાળાનો ફડચા આદેશ નં. ફડચ/ગ-૩/ ૫૦૧ થી ૫૦૯/૦૫, તા. ૧૨-૫-૨૦૦૫.

અંતિમ આદેશ

જાવક નં.-ફડચ/ગ-૩/૧૧૬૪/૨૦૦૫.-આથી હું ડી. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, અમરેલી મને મળેલ અધિકારની રૂએ શ્રી ફીફાદ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ફીફાદ, તાલુકો : સા. કુંડલા, જિલ્લો : અમરેલી જેની નોંધણી-૧૮૩૨૩, તા. ૨૩-૬-૮૧ થી નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ગ-૨ અન્વયેથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે અન્વયે આ ફડચાનાં અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ આદેશ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ની નિમણૂંક કાયમ કરી ફડચા કામગીરી નીયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે. અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઈ ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફી નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૨૧ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

૧. ગુજરાત રાજ્યનાં સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨. સરકારશ્રીનાં કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટીફીકેશન, જી. એચ. કે. એચ. ૨૪/૯૧ ડી. સી. ૧૧૮૯ ૫૨૦૪ જે તા. ૩૦-૩-૯૧.

૩. સબ ઓડીટર (દુધ), સહકારી મંડળીઓ, ભાવનગર, તા. ૧-૩-૨૦૦૫નો અહેવાલ.

૪. આ કચેરીના વચગાળાનો ફડચા આદેશ નં. ફડચ/ગ-૩/ ૫૧૦ થી ૫૧૮/૦૫, તા. ૧૨-૫-૨૦૦૫.

અંતિમ આદેશ

જાવક નં.-ફડચ/ગ-૩/૧૧૨૪/૨૦૦૫.-આથી હું ડી. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, અમરેલી મને મળેલ અધિકારની રૂએ શ્રી જેજાદ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. જેજાદ, તાલુકો : સા. કુંડલા, જિલ્લો : અમરેલી જેની નોંધણી-સે. ઉ. ૧૮૩૪૬, તા. ૧૪-૧-૮૧ થી નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ગ-૨ અન્વયેથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે અન્વયે આ ફડચાનાં અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ આદેશ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ની નિમણૂંક કાયમ કરી ફડચા કામગીરી નીયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે. અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઈ ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફી નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૨૦ માહે ઓક્ટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

૧. ગુજરાત રાજ્યનાં સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮ની જોગવાઈઓ.

૨. સરકારશ્રીનાં કૃષિ સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના નોટીફીકેશન, જી. એચ. કે. એચ. ૨૪/૯૧ ડી. સી. ૧૧૮૯ ૫૨૦૪ જે તા. ૩૦-૩-૯૧.

૩. સબ ઓડીટર સહકારી મંડળીઓ, અમરેલી, તા. ૧-૩-૨૦૦૫નો અહેવાલ.

૪. આ કચેરીના વચગાળાનો ફડચા આદેશ નં. ફડચ/ગ-૩/ ૩૬૭ થી ૩૭૫/૦૫, તા. ૨૨-૩-૨૦૦૫.

અંતિમ આદેશ

જાવક નં.-ફડચ/ગ-૩/૧૧૧૪/૨૦૦૫.-આથી હું ડી. બી. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, અમરેલી મને મળેલ અધિકારની રૂએ શ્રી તોરી તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. તોરી, તાલુકો : કુંકાવાવ, જિલ્લો : અમરેલી જેની નોંધણી-૧૮૨૫૨, તા. ૧૬-૬-૮૦ થી નોંધાયેલ છે. તેને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૦૭ (૧) ગ-૨ અન્વયેથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ જે

અન્વયે આ ફડચાનાં અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ આદેશ ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી (ફડચા) ની નિમણૂંક કાયમ કરી ફડચા કામગીરી નીયત સમયમાં પૂર્ણ કરવાની રહેશે. અને ફડચા અધિકારીએ મંડળીનો તમામ ચાર્જ સંભાળી લઈ ચાર્જલીસ્ટની નકલ મંડળીના છેલ્લા સરવૈયા સાથે મોકલી મંડળીની ફડચા ફી નિયત ધોરણે આકારણી કરી કાયદાની કલમ-૧૧૪ અનુસાર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

અમરેલી, ૨૧ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

ડી. બી. પટેલ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
અમરેલી.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિ. ૧૯૭૬ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) સહ. અધિ. (ગ્રા) અને ફ/અધિ.શ્રી પાલનપુર દુધ ઉત્પા. સહ. મં. લી., મુ. પાલનપુર, તા. નખત્રાણાની નોંધણી રદની તા. ૨૯/૧૦ની દરખાસ્ત.

નોંધણી રદનો હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ઝ/૨૯૩/૨૦૦૫.-આથી હું વાય. એ. બ્લોચ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ ભુજ-કચ્છ ઉક્ત વંચાણ ક્રમ-૧ની કાયદાની જોગવાઇઓ ધ્યાને રાખી વંચાણક્રમ-૨ની નોંધણી રદની દરખાસ્ત અન્વયે શ્રી પાલનપુર દુધ ઉત્પાદક સહ. મં. લી., મુ. પાલનપુર તા. નખત્રાણા-કચ્છ જેના નોંધણી નં-ઉ-૧૮૦૧૧ તા. ૧૬-૬-૮૧ છે. જેની ફડચાની કામગીરી પુર્ણ થતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧) મુજબ સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવામાં આવે છે.

ભુજ-કચ્છ, ૨૯ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિ. ૧૯૭૬ની કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) સહ. અધિ. (ગ્રા) અને ફ/અધિશ્રી જલારામ ઘર બાંધનારી સહ. મં. લી. મુ. દયાપર તા. લખપતની નોંધણી રદની તા. ૨૪/૧૦/૦૫ની દરખાસ્ત.

નોંધણી રદનો હુકમ

ક્રમાંક : ફડચ/૦૧/ઝ/૨૯૪/૨૦૦૫.-આથી હું વાય. એ. બ્લોચ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ ભુજ-કચ્છ ઉક્ત વંચાણક્રમ-૧ની કાયદાની જોગવાઇઓ ધ્યાને રાખી વંચાણ ક્રમ-૨ની નોંધણી રદની દરખાસ્ત અન્વયે શ્રી જલારામ ઘર બાંધનારી સહ. મં. લી., મુ. દયાપર તા. લખપત-કચ્છ જેના નોંધણી નં-ઘ-૨૪૭૫, તા. ૧૩-૫-૭૬ છે. જેની ફડચાની કામગીરી પુર્ણ થતાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧) મુજબ સદરહુ મંડળીની નોંધણી આથી રદ કરવામાં આવે છે.

ભુજ-કચ્છ, ૨૯ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

વાય. એ. બ્લોચ,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામ ક્રમાંક : જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૬૮/૫૨૦૪/જે.

(૨) આ કચેરીનાં ફડચાના વચગાળાના આદેશ ક્રમાક : ફડચ/ક-૪/૧૬૩૮/૪૧/૨૦૦૫, તારીખ ૧૬-૦૯-૨૦૦૫.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૫૪૦૧/૧૮૯૩ થી ૧૯૦૨/૦૫.-આથી હું એસ. એન જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ શ્રી હિંગળાજ મજુર બાંધકામ સહકારી મંડળી લી. મુ. જામનગર, તાલકો : જામનગર, જિ. જામનગર, જે નોંધણી નંબર : ૮૭૩૮, તારીખ ૧૪-૩-૧૯૮૩થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની પેટા કલમ ૧(અ)(ક)(૨)(૪) તથા પેટા કલમ-૩ અન્વયે ફડચામાં લઈ જતાં વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂં છું.

સદરહુ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી(ફ-૧) કચેરીમાંની નિમણૂંક છે. ફડચાની કાર્યવાહી નિયત સમયમર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૨૬ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામ ક્રમાંક : જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૬૮/૫૨૦૪/જે.

(૨) આ કચેરીનાં ફડચાના વચગાળાના આદેશ ક્રમાક : ફડચ/ક-૪/૧૬૮૯/૯૨/૨૦૦૫, તારીખ ૨૧-૦૯-૨૦૦૫.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૬૫૯૯/૧૯૪૪/૫૩/૦૫.-આથી હું એસ. એન જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ શ્રી ઓખા આંટ વધારનારી શરાફી સહકારી મંડળી લી. મુ. ઓખા, તાલકો : ઓખા, જિ. જામનગર, જે નોંધણી નંબર : ૮૮૮૬, તારીખ ૩૦-૫-૧૯૫૧થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની પેટા કલમ ૧(અ)(ક)(૨)(૪) તથા પેટા કલમ-૩ અન્વયે ફડચામાં લઈ જતાં વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂં છું.

સદરહુ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી(ફ-૨) કચેરીમાંની નિમણૂંક છે. તે ફડચાની કાર્યવાહી નિયત સમયમર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૭ માહે નવેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામ ક્રમાંક : જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૬૮/૫૨૦૪/જે.

(૨) આ કચેરીનાં ફડચાના વચગાળાના આદેશ ક્રમાક : ફડચ/ક-૪/૧૬૭૯/૮૨/૨૦૦૫, તારીખ ૨૧-૦૯-૨૦૦૫.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૫૪૦૨/૧૯૩૪/૪૩/૦૫.-આથી હું એસ. એન જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ શ્રી એસ. એન. ટી. આઈ. એન. એમ્પ્લોઈઝ કન્ઝ્યુ કો.ઓપરેટીવ સ્ટોર્સ લી. મુ. ધરમપુર, તાલકો : જામખંભાળીયા, જિ. જામનગર, જે નોંધણી નંબર : ૩૦૬૬, તારીખ ૨-૮-૧૯૮૮થી નોંધાયેલ છે. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની પેટા કલમ ૧(અ)(ક)(૨)(૪) તથા પેટા કલમ-૩ અન્વયે ફડચામાં લઈ જતાં વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂં છું.

સદરહુ અધિનિયમની કલમ-૧૦૮(૧) અન્વયે આ મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી(ફ-૧) કચેરીમાંની નિમણૂંક છે. તે ફડચાની કાર્યવાહી નિયત સમયમર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૭ માહે નવેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૬૮/૫૨૦૪/જે.

(૨) આ કચેરીનાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/૧૪૮૫૦/૨૩૭૯/૮૬/૨૦૦૨, તારીખ ૧૬-૧૧-૨૦૦૨.

(૩) શ્રી સહકારી અધિકારી (ફ-૨) કચેરીમાં જામનગરનાં તા. ૨૯-૧૦-૨૦૦૫નાં પત્ર ક્રમાંક : ફડચ/ફ-૨/૪૫૨/૨૦૦૫થી રજુ થયેલ દરખાસ્ત.

(૪) શ્રી સબ ઓડિટર (લી.રી.) સ. મં. જામનગરનાં તા. ૨૯-૧૦-૨૦૦૫નાં જા.નં. અષણ-૩૭૫-૨૦૦૫થી સંસ્થાનાં તા. ૧-૪-૨૦૦૦ થી તા. ૨૯-૧૦-૨૦૦૫ સુધીના અંતિમ ઓડિટનો ઓડિટ કરી અહેવાલ મોકલતાં.

હુકમ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૯૦૮/૯૫૭૮/૧૬-૨૦૦૫.-આથી હું, એસ. એન. જોષી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ શ્રી મોડપર જુથ ઉન ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. મોડપર, તા. લાલપુર, જિલ્લો : જામનગર, જે નોંધણી નંબર-૨૦૪૨૪, તા. ૭-૨-૧૯૮૫થી નોંધાયેલ છે. તેને કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચા અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ થતાં, સહકારી કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે નોંધણી રદ કરૂં છું.

જામનગર, ૨૯ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

(૧) સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૨૪/૯૧/ડીડીસી/૧૧૬૮/૫૨૦૪/જે.

(૨) આ કચેરીનાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ક-૪/૧૫૩૮૬-૬૬૫ થી ૬૭૪, તારીખ : ૩૦-૦૪-૨૦૦૫.

(૩) શ્રી સહકારી અધિકારી (ફ-૨) કચેરીમાં જામનગરનાં તા. ૨૯-૧૦-૨૦૦૫નાં પત્ર ક્રમાંક : ફડચ/ફ-૨/૪૫૩/૨૦૦૫થી રજુ થયેલ દરખાસ્ત

(૪) શ્રી સબ ઓડિટર (લી.રી.) સ. મં. જામનગરનાં તા. ૨૯-૧૦-૨૦૦૫નાં પત્ર ક્રમાંક/અષણ-૩૭૪-૦૫થી સંસ્થાનાં તા. ૧-૪-૨૦૦ થી તા. ૨૯-૧૦-૨૦૦૫ સુધીનાં અંતિમ ઓડિટનો ઓડિટ કરી અહેવાલ મોકલતાં.

હુકમ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૯૧૭/૨૫/૯૫૭૭/૨૦૦૫.-આથી હું, એસ. એન. જોષી, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, ગુજરાત સહકારી મંડળીઓનાં અધિનિયમ-૧૯૬૧ અન્વયે અમોને મળેલ અધિકારની રૂએ શ્રી અનુસુચિત કર્મચારી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મું. ધ્રોલ, તા. ધ્રોલ, જિલ્લો : જામનગર, જે નોંધણી નંબર-૭૪૪૩, તા. ૧૩-૦૧-૧૯૯૨થી નોંધાયેલ છે. તેને કાયદાની કલમ–૧૦૭ અન્વયે ફડચા અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ થતાં, સહકારી કાયદાની કલમ-૨૦ (૧) અન્વયે નોંધણી રદ કરૂં છું.

જામનગર, ૨૯ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

એસ. એન. જોષી,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

વંચાણે લીધા :

૧. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ ની જોગવાઈ.

૨. ગુજરાત સરકારશ્રીનાં કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક : ધખ-૧૬-૨૦૦૩-એનએસબી-૧૨-૨૦૦૨/૩૦૧૧/છ તા. ૧૭-૪-૦૪.

૩. ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળી પ્રમાણિત જુનાગઢનો તા. ૧-૪-૦૪ થી તા. ૩૧-૩-૦૫ સુધીનો ઓડીટ રીપોર્ટ.

૪. અત્રેના વચગાળાના ફડચાના આદેશ ક્રમાંક : ફડચ/ખ-૪/૪૯૮/૦૫ તા. ૫-૧-૦૫.

વચગાળાનો હુકમ

જા. નં. ફડચ/ખ-૪/૩૫૭૩/૧૧૮૩/૦૫.-હું શ્રી વી. એમ. મહેતા, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, જુનાગઢ મને મળેલ અધિકારની રૂઈએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લેતાં શ્રી બગડુ તેલીબીંયા ઉત્પાદક સહકારી મંડળી લી. મુ. બગડુ, તા. જુનાગઢ, જિ. જુનાગઢ જેનો નોંધણી નંબર : ૧૯૯૯૪, તા. ૧૫-૧૦-૮૪ થી નોંધાયેલ છે, તેને કલમ-૧૦૭(૧) અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ નીચેની શરતે કરૂં છું.

આ વચગાળાના હુકમ સામે કોઈ પણને રજુઆત કરવી હોય તો આ હુકમ મળ્યાના તારીખથી ૧ માસની અંદર આ કચેરીને રૂબરૂમાં કે લેખીતમાં મોકલી જણાવવામાં આવે છે. ત્યારબાદ કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

જુનાગઢ, ૨૫ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

વિ. એમ. મહેતા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

મદદનીશ જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

જી.પં./સહ/૫૪૯૫/સને ૨૦૦૫.-શ્રી મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જી. પં. જુનાગઢ, શ્રી ભેસાણ તાલુકાના સહકારી મંડળી લી. ભેસાણના કર્મચારીઓની ધીરાણ અને ગ્રા.સ.મં.લી. તાલુકો ભેસાણ, જિલ્લો જુનાગઢ, જુનાગઢ સને ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ–૧૦ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદા સને ૧૯૬૧ ની કલમ–૯ (૧) (અ) મુજબ આજરોજ નોંધણી કરેલ છે.

જુનાગઢ, ૨૮ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

પી. આર. વાજા,
મદદનીશ જીલ્લા
રજીસ્ટ્રાર, સ. મં,.
જુનાગઢ.

જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા

વંચાણે લીધાં :

૧. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૧૪ અને ૨૦ ની જોગવાઈ.

૨. સંયુક્ત નિયામકશ્રી (વહીવટ) કુટીર અને ગ્રામોદ્યોગ ગાંધીનગરના પત્ર નં. : અધગ-૦૧/૪૭૦૪-૦૫, તા. ૧૨-૯-૨૦૦૫.

૩. ફડચા અધિકારી લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભુજની મંડળીની નોંધણી રદ કરવા બાબતની તા. ૨૮-૧૦-૦૫ વાળી દરખાસ્ત.

હુકમ

નં. જિઉકે/ભુજ/ફડચ/નોંધણીરદ/૧૪૮/૧૨૬૮૪/૦૫. આથી હું. એમ. બી. પાંડવ જનરલ મેનેજર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભુજ મને ઉપરોકત વંચાણે-૨ માં દર્શાવેલ પત્રથી મળેલ અધિકારની રૂએ શ્રી ઈંટ ઉત્પાદક સહકારી મંડળી લી. પલાંસવા તા. રાપર-કચ્છની ફડચાની કાર્યવાહી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમની કલમ-૧૧૪ અન્વયે સમાપ્ત જાહેર કરું છું. તેમજ સદર કાયદાની કલમ-૨૦(૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરું છું.

આજ તારીખ ૨૯-૧૦-૨૦૦૫ ના રોજ મારી સહી અને સીક્કા કરવામાં આવ્યા.

ભુજ-કચ્છ, ૨૯ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

૧. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૧૪ અને ૨૦ ની જોગવાઈ.

૨. સંયુકત નિયામકશ્રી (વહીવટ) કુટીર અને ગ્રામોદ્યોગ ગાંધીનગરના પત્ર નં. : અધગ-૦૧/૪૭૦૪-૦૫ તા. ૧૨-૯-૨૦૦૫.

૩. ફડચા અધિકારી લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભુજની મંડળીની નોંધણી રદ કરવા બાબતની તા. ૨૮-૧૦-૦૫ વાળી દરખાસ્ત.

હુકમ

નં. જિઉકે/ભુજ/ફડચ/નોંધણીરદ/૧૫૫/૧૨૬૯૧/૦૫. આથી હું. એમ. બી. પાંડવ જનરલ મેનેજર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભુજ મને ઉપરોકત વંચાણે-૨ માં દર્શાવેલ પત્રથી મળેલ અધિકારની રૂએ શ્રી ભારાપર જુથ ચર્મોદ્યોગ સહકારી મંડળી લી. ગામ ભારાપર, તા. માંડવી-કચ્છની ફડચાની કાર્યવાહી સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમની કલમ-૧૧૪ અન્વયે સમાપ્ત જાહેર કરું છું. તેમજ સદર કાયદાની કલમ-૨૦(૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરું છું.

આજ તારીખ ૨૯-૧૦-૨૦૦૫ના રોજ મારી સહી અને સીક્કા કરવામાં આવ્યા.

ભુજ-કચ્છ, ૨૯ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

વંચાણે લીધાં :

૧. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૧૪ અને ૨૦ ની જોગવાઈ.

૨. સંયુકત નિયામકશ્રી (વહીવટ) કુટીર અને ગ્રામોદ્યોગ ગાંધીનગરના પત્ર નં. : અધગ-૦૧/૪૭૦૪-૦૫ તા. ૧૨-૯-૨૦૦૫.

૩. ફડચા અધિકારી લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભુજની મંડળીની નોંધણી રદ કરવા બાબતની તા. ૨૮-૧૦-૦૫ વાળી દરખાસ્ત.

હુકમ

નં. જિઉકે/ભુજ/ફડચ/નોંધણીરદ/૧૫૬/૧૨૬૯૮/૦૫. આથી હું. એમ. બી. પાંડવ જનરલ મેનેજર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભુજ મને ઉપરોકત વંચાણે-૨માં દર્શાવેલ પત્રથી મળેલ અધિકારની રૂએ શ્રી આશાપર મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળી લી. રામપર, તા. અબડાસા-કચ્છની ફડચાની કાર્યવાહી સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનીયમની કલમ-૧૧૪ અન્વયે સમાપ્ત જાહેર કરું છું. તેમજ સદર કાયદાની કલમ-૨૦(૧) અન્વયે આ મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરું છું.

આજ તારીખ ૨૯-૧૦-૨૦૦૫ ના રોજ મારી સહી અને સીક્કા કરવામાં આવ્યા.

ભુજ-કચ્છ, ૨૯ માહે ઓકટોબર, સને ૨૦૦૫.

એમ. બી. પાંડવ,
જનરલ મેનેજર,
જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
ભુજ-કચ્છ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 8th DECEMBER, 2005/AGRAHAYAN 17, 1927 [No. 49

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	797-818	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	804-815
PART - I - A		**PART - II**	
ક્રમાંક: ફડચ/૦૧/ખ-૪/૮૭૪/૨૦૦૫.-શ્રી તરેડ તેલીબીયા ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. તરેડ, તા. મહુવા, જિ. ભાવનગર જે સહકારી કાયદા અન્વયે નોંધણી નં. ૧૮૩૩૯ તા. ૨૫-૦૬-૮૧થી નોંધાયેલ છે. જેને આ કચેરીના હુકમ ક્રમાંક સરખા તા. ૭-૨-૦૫થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે. અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તા. ૨૪-૧૧-૦૫ના સરખા ક્રમાંકના આદેશથી પૂર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ.

સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે હું યુ. એમ. વાસણાવાળા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર સદરહું મંડળીની નોંધણી રદ કરૂ છું.

મંડળી ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫માં આ કચેરીની ફડચા શાખામાં સોંપી દેવું.

ભાવનગર, ૨૯ માહે નવેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંકઃ જીએચકેએચ/૧૬/૨૦૦૩/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/તા. ૧૭-૪-૦૪.

(૨) ફડચા અધિકારીશ્રી સુલભ ટેક્ષટાઈલ્સ યુઝર્સ કન્ઝયુ. કો.ઓપ. સ્ટોર લી., અને શ્રી સહકારી અધિ. ફ. નં. ૪ ભાવનગર. તા. ૨૯-૧૧-૦૫નો અહેવાલ.

આદેશ

ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૪/૮૭૩/૨૦૦૫.-શ્રી સુલભ ટેક્ષટાઈલ્સ યુઝર્સ સહકારી મંડળી લી., મુ. ભાવનગર, તા. ભાવનગર, જિ. ભાવનગર જે સહકારી કાયદા અન્વયે નોંધણી નં. ૩૫૬૫ તા. ૧૯-૧૧-૯૦થી નોંધાયેલ છે. જેને આ કચેરીના હુકમ ક્રમાંક સરખા તા. ૭-૨-૦૫થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે. અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તા. ૨૪–૧૧-૦૫ના સરખા ક્રમાંકના આદેશથી પૂર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ.

સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે હું યુ. એમ. વાસણાવાળા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર સદરહું મંડળીની નોંધણી રદ કરૂ છું.

મંડળી ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫માં આ કચેરીની ફડચા શાખામાં સોંપી દેવું.

ભાવનગર, ૨૯ માહે નવેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંકઃ જીએચકેએચ/૧૬/૨૦૦૩/નસબ/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ/તા. ૧૭-૪-૦૪.

(૨) ફડચા અધિકારીશ્રી ભાવનગર જિલ્લા મજુર સહ. સંઘ લી., અને શ્રી સહકારી અધિ. ફ. નં. ૪ ભાવનગર. તા. ૨૯-૧૧-૦૫નો અહેવાલ.

આદેશ

ક્રમાંકઃ ફડચ/૦૧/ખ-૪/૮૭૨/૨૦૦૫.-શ્રી ભાવનગર જિલ્લા મજુર સહકારી સંઘ લી., મુ. ભાવનગર, તા. ભાવનગર, જિ. ભાવનગર જે સહકારી કાયદા અન્વયે નોંધણી નં. ૯૧૬૧ તા. ૩૦-૬-૯૭થી નોંધાયેલ છે. જેને આ કચેરીના હુકમ ક્રમાંક સરખા તા. ૧૭-૪-૦૪થી ફડચામાં લઈ જવાનો આદેશ કરવામાં આવેલ છે. અને તે અન્વયે આ મંડળીની ફડચાની કાર્યવાહી આ કચેરીના તા. ૨૪–૧૧-૦૫ના સરખા ક્રમાંકના આદેશથી પૂર્ણ કરવાનું જાહેર કરવામાં આવેલ.

સદરહું મંડળીની છેલ્લી સાધારણ સભા અને અંતિમ ઓડીટ વગેરે થઈ જતા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે હું યુ. એમ. વાસણાવાળા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર સદરહું મંડળીની નોંધણી રદ કરૂ છું.

મંડળી ફડચા અધિકારીએ સદરહું સંસ્થાનું તમામ દફતર વિગેરે દિન-૧૫માં આ કચેરીની ફડચા શાખામાં સોંપી દેવું.

ભાવનગર, ૨૯ માહે નવેમ્બર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નધણ/૦૨૨/ખ-૩/૮૩૫/સે. ૩૫૯૭૮/૨૦૦૫. :- જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે શ્રી નાની રાજસ્થળી દુધ ઉત્પાદકોની સહકારી મંડળી લી. મર્યાદીત સ્થળ :- નાની રાજસ્થળી, તાલુકો :- પાલીતાણા, જિ. ભાવનગર સને ૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળીઓનો કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

ભાવનગર ૨૯ માહે નવેમ્બર સને ૨૦૦૫.

યુ. એમ. વાસણાવાળા,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ભાવનગર.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રી ના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક :- ધખ/૧૬૨૦૦૩/એનએસબી/૧૨/૨૦૦૨૩૦૧૧/ચ તા. ૧૭-૪-૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક :- ફડચ/ગ-૨/૪૯૫/૦૫. તા. ૨૬-૧૦-૦૫થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક :- ફડચ/ગ-૨/૫૫૫/૨૦૦૫. આથી હું એમ. જે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે : ૧વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રીતથાગત હાઉસીંગ સહકારી મંડળી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટ. (નોંધણી નં.ઘ-૬૭૭૨ તા. ૨૧-૧૦-૧૯૯૨) ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાના આદેશને, આ જ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું.

જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવી.

રાજકોટ ૩૦ માહે નવેમ્બર સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રી ના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક :- ધખ/૧૬૨૦૦૩/એનએસબી/૧૨/ ૨૦૦૨૩૦૧૧/ચ તા. ૧૭-૪-૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક :- ફડચ/ગ-૨/૫૦૯/૦૫. તા. ૨૯-૧૦-૦૫થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક :- ફડચ/ગ-૨/૫૫૬ /૨૦૦૫. આથી હું એમ. જે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે : ૧વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી પછાતવર્ગ મજુર બાંધકામ સહકારી મંડળી લી. અમરાપુર(ના), તા. મોરબી, જિ. રાજકોટ. (નોંધણી નં. ૭૩૩૦ તા. ૬-૧૧-૧૯૭૬) ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાના આદેશને, આ જ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવી.

રાજકોટ ૩૦ માહે નવેમ્બર સને ૨૦૦૫

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રી ના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક :- ધખ/૧૬૨૦૦૩/એનએસબી/૧૨/ ૨૦૦૨૩૦૧૧/ચ તા. ૧૭-૪-૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક :- ફડચ/ગ-૨/૫૧૦/૦૫. તા. ૨૯-૧૦-૦૫થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો આદેશ.

(૩) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ હેઠળની જોગવાઈઓ.

અંતિમ આદેશ

ક્રમાંક :- ફડચ/ગ-૨/૫૫૭/૨૦૦૫. આથી હું એમ. જે. પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે : ૧વાળા જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂઈએ તેમજ આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ શ્રી આંબેડકર મજુર બાંધકામ સહકારી મંડળી લી. નવા સાદુરકા, તા. મોરબી, જિ. રાજકોટ. (નોંધણી નં.ઉ-૧૭૬૭ તા. ૧૨-૧૨-૧૯૭૮) ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાનો આપવામાં આવેલ વચગાળાના આદેશને, આ જ કાયદાની કલમ ૧૦૮(૧) અન્વયે કાયમી રાખતો આદેશ આપું છું. જે અન્વયે સદરહું મંડળીના ફડચા અધિકારીએ મંડળીની ફડચાની તમામ કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવી.

રાજકોટ ૩૦ માહે નવેમ્બર સને ૨૦૦૫

એમ. જે. પરમાર
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
રાજકોટ.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગ ના તા. ૧૭-૪-૦૪ ના જાહેરનામા ક્રમાંક જી. એચ. કે. એચ./ ૧૬-૨૦૦૩ એન.એસ.બી./૧૨/૨૦૦૨૩૦૧૧/સી.એચ.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક/ફડચ/ગ-૨/૪૦/૨૦૦૪ તા. ૧૭-૦૧-૦૪.

(૩) ફડચા અધિકારી ની તા. ૨૧-૧૧-૨૦૦૫ ની દરખાસ્ત.

આદેશ

જા. ક્રમાંક/ફડચ/ગ-૨/૧૧૦૪/૧૧૧૭૦/૨૦૦૫:- શ્રી હિંગળાજ વૃક્ષ ઉછેર સહકારી મંડળી લી. મુ. દેવચરાડી, તા. ધાંગધ્રા, જિલ્લો સુરેન્દ્રનગર કે જે નોંધણી નંબર-૨૨૮૭૯ તા. ૧૪-૧૦-૯૨ થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમાંક-૨ ના આદેશ થી કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે. જેની ફડચા કામગીરી મંડળીના ફડચા અધિકારી એ પુર્ણ કરી વંચાણે લીધા ક્રમાંક-૩ થી મંડળીની નોંધણી રદ કરવા અને ફડચા કામગીરી સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉપર્યુક્ત વિગતો ધ્યાને લઈ ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪ અન્વયે મંડળીની ફડચા કામગીરી સમાપ્ત કરવામાં આવે છે. અને કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર ૨૯ માહે નવેમ્બર સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંક: જી.એચ.કે.એચ/ ૧૬-૨૦૦૩/એન.એસ.બી./૧૨/૨૦૦૨-૩૦૧૧/સી.એચ.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક/ફડચ/ગ-૨/૫૨૮/૧૯૯૭, તા. ૨-૧૨-૯૭.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક/ફડચ/ગ-૨/૫૨૫/૨૦૦૫, તા. ૧૬-૭-૨૦૦૫.

આદેશ

જા. ક્રમાંક/ફડચ/ગ-૨/૧૧૨૦/૧૧૬૯૯/૨૦૦૫.- શ્રી માનપર જુથ સેવા સહકારી મંડળી લી., મુ. માનપર, તા. મુળી, જિલ્લો સુરેન્દ્રનગર કે જે નોંધણી નંબર ૨૮૨૭ તારીખ ૮-૫-૧૯૫૯થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમાંક (૨) વાળા આદેશથી કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે. જેની ફડચા કામગીરીની વૈધાનીક સમય મર્યાદા તા. ૧૬-૬-૨૦૦૫ના રોજ પૂર્ણ થતાં વંચાણે લીધા ક્રમ-(૩) વાળા આદેશથી કલમ-૧૧૪ અન્વયે ફડચા કામગીરી સમાપ્તિનો આદેશ કરવામાં આવેલ અને હુકમમાં દર્શાવેલ સમય મર્યાદામાં નોંધણી રદની દરખાસ્ત કરવા સંબંધિત ફડચા અધિકારીને જણાવવામાં આવેલ. પરંતુ આજ દિન સુધી સંબંધિત ફડચા અધિકારી તરફથી કોઈ દરખાસ્ત રજુ થયેલ નથી.

સબબ નિયમોનુસારની નોંધણી રદની દરખાસ્ત નિયત સમય મર્યાદામાં રજુ ન કરવાના કારણે જો કોઈ વૈધાનિક પ્રશ્ન ઉપસ્થિત થાય તે અંગેની સઘળી જવાબદારી સંબંધિત ફડચા અધિકારીની અંગત ગણી શ્રી માનપર જુથ સેવા સહકારી મંડળી લી., મુ. માનપર, તા. મુળી, જિલ્લો સુરેન્દ્રનગરની નોંધણી ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦ અન્વયે આથી રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૯ માહે નવેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગના તા. ૧૭-૪-૦૪ના જાહેરનામા ક્રમાંકઃ જી.એચ.કે.એચ./૧૬-૨૦૦૩ એન.એસ.બી./૧૨/૨૦૦૨-૩૦૧૧/સી.એચ.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક/ફડચ/ગ-૨/૮૦/૨૦૦૫ તા. ૨૫-૦૧-૦૫.

(૩) ફડચા અધિકારીની તા. ૨૮-૧૧-૨૦૦૫ની દરખાસ્ત.

આદેશ

જા. ક્રમાંક/ફડચ/ગ-૨/૧૧૧૨/૧૧૬૯૮/૨૦૦૫.- શ્રી ગણેશ કો. ઓપ. હાઉસીંગ સોસાયટી લી., મુ. પાટડી, તા. દસાડા, જિલ્લો સુરેન્દ્રનગર કે જે નોંધણી નંબર-૪૭૨૦ તા. ૦૪-૦૨-૮૦થી સહકારી કાયદા હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમાંક-૨ના આદેશથી કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવામાં આવેલ છે. જેની ફડચા કામગીરી મંડળીના ફડચા અધિકારીએ પુર્ણ કરી વંચાણે લીધા ક્રમાંક-૩થી મંડળીની નોંધણી રદ કરવા અને ફડચા કામગીરી સમાપ્ત કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉપર્યુકત વિગતો ધ્યાને લઈ ગુજરાત સહકારી મંડળીઓનો અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ અન્વયે મંડળીની ફડચા કામગીરી સમાપ્ત કરવામાં આવે છે. અને કલમ-૨૦ અન્વયે મંડળીની નોંધણી રદ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૯ નવેમ્બર, સને ૨૦૦૫.

એ. કે. ભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ
સુરેન્દ્રનગર.

સંયુક્ત નિયામક (વહીવટ) કુટીર અને ગ્રામોદ્યોગ દ્વારા

વંચાણે લીધા :

૧. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરેન્દ્રનગરનો તા. ૧૬-૧૨-૦૩નો હુકમ ક્રમાંકઃ જીઉકે-સુરે-ફડચ-કા.૪-૭૩૨-૨૦૦૩.

૨. શ્રી હરસિધ્ધી જુથ મહિલા ઔદ્યોગિક વ.સ.મં.લી.ની તા. ૨૬-૯-૦૫ની દરખાસ્ત.

૩. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરેન્દ્રનગરનો તા. ૮-૧૧-૦૫નો પત્ર.

૪. ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૫૫.

હુકમ

ક્રમાંકઃ સકક-૦૧-૮૨૪-૨૦૦૫.-હું, જે.એન.જાદવ, સંયુક્ત નિયામક (વહીવટ) કુટીર અને ગ્રામોદ્યોગ, ગાંધીનગર ગુજરાત સહકારી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૫૫ અન્વયે મને મળેલ સત્તાની રૂએ મેનેજર (કે.વી.સી.આઈ.) અને જિલ્લા રજીસ્ટ્રાર સ. મં. (ઉદ્યોગ) સુરેન્દ્રનગરનો હુકમ ક્રમાંકઃ જીઉકે-સુરે-ફડચ-ગ-૪-૭૩૨-૨૦૦૩ તારીખ ૧૬-૧૨-૨૦૦૩ આ મંડળી શ્રી હરસિધ્ધી જુથ મહિલા ઔદ્યોગિક વ.સ.મં.લી. પુરતો રદ કરૂ છું. અને મંડળી કાર્યરત ગણવા જણાવું છું.

ગાંધીનગર, ૩૦ માહે નવેમ્બર, સને ૨૦૦૫.

જે. એન. જાદવ,
સંયુકત નિયામક (વહીવટ),
કુટીર અને ગ્રામઘોગ.

જનરલ મેનેજર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા

વંચાણે લીધા :

૧. નં. જિઉકે-ભુજ-ફડચ-નોંધણીરદ-૧૬૩-૦૫. તા. ૨૯-૧૦-૦૫.

૨. સંયુક્ત નિયામકશ્રી (વહીવટ) કુટીર અને ગ્રામોદ્યોગ ગાંધીનગરના પત્ર નઃ સહકાર-અધગ-૦૧/૪-૭૮૧-૦૫ તા. ૧૬-૧૧-૨૦૦૫.

હુકમ

નં. જિઉકે-ભુજ-ફડચ-નોંધણી રદ-૧૬૮-૧૩૮૪૦-૦૫.- ઉપરોક્ત વંચાણે (૧)માં દર્શાવેલ હુકમથી શ્રી ઝીંકડી ભરત ગુંથણ સહકારી મંડળી લી. ઝીંકડી, તા. ભુજ (ફડચામાં)ની નોંધણી રદ કરતો હુકમ કરવામાં આવેલ છે.

વંચાણે (૨)માં દર્શાવેલ સંયુક્ત નિયામકશ્રી (વહીવટ) કુટીર અને ગ્રામોદ્યોગ ગાંધીનગરના પત્રથી મળેલ સૂચના મુજબ, શ્રી ઝીંકડી ભરત ગુંથણ સહકારી મંડળી લી. ઝીંકડી, તા. ભુજ (ફડચામાં)ની નોંધણી રદ કરતો વંચાણે (૧)માં દર્શાવેલ હુકમ આથી રદ કરવામાં આવે છે.

ભુજ-કચ્છ, ૨૫/૨૯ નવેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. નં. જિઉકે-ભુજ-ફડચ-નોંધણીરદ-૧૪૮-૦૫. તા. ૨૯-૧૦-૦૫.

૨. સંયુક્ત નિયામકશ્રી (વહીવટ) કુટીર અને ગ્રામોદ્યોગ ગાંધીનગરના પત્ર નઃ સહકાર-અધગ-૦૧/૪-૭૮૧-૦૫ તા. ૧૬-૧૧-૨૦૦૫.

હુકમ

નં. જિઉકે-ભુજ-ફડચ-નોંધણી રદ-૧૭૫-૧૩૮૪૭-૦૫.- ઉપરોક્ત વંચાણે (૧)માં દર્શાવેલ હુકમથી શ્રી ઈંટ ઉત્પાદક સહકારી મંડળી લી. પલાસવા, તા. રાપર (ફડચામાં)ની નોંધણી રદ કરતો હુકમ કરવામાં આવેલ છે.

વંચાણે (૨)માં દર્શાવેલ સંયુક્ત નિયામકશ્રી (વહીવટ) કુટીર અને ગ્રામોદ્યોગ ગાંધીનગરના પત્રથી મળેલ સૂચના મુજબ, શ્રી ઈંટ ઉત્પાદક સહકારી મંડળી લી. પલાસવા, તા. રાપર (ફડચામાં)ની નોંધણી રદ કરતો વંચાણે (૧)માં દર્શાવેલ હુકમ આથી રદ કરવામાં આવે છે.

ભુજ-કચ્છ, ૨૫/૨૯ નવેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. નં. જિઉકે-ભુજ-ફડચ-નોંધણીરદ-૧૫૬-૦૫. તા. ૨૯-૧૦-૦૫.

૨. સંયુક્ત નિયામકશ્રી (વહીવટ) કુટીર અને ગ્રામોદ્યોગ ગાંધીનગરના પત્ર નઃ સહકાર-અધગ-૦૧/૪-૭૮૧-૦૫ તા. ૧૬-૧૧-૨૦૦૫.

હુકમ

નં. જિઉકે-ભુજ-ફડચ-નોંધણી રદ-૧૮૨-૧૩૮૫૪-૦૫.- ઉપરોક્ત વંચાણે (૧)માં દર્શાવેલ હુકમથી શ્રી આશાપર મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળી લી. રામપર, તા. અબડાસા (ફડચામાં)ની નોંધણી રદ કરતો હુકમ કરવામાં આવેલ છે.

વંચાણે (૨)માં દર્શાવેલ સંયુક્ત નિયામકશ્રી (વહીવટ) કુટીર અને ગ્રામોદ્યોગ ગાંધીનગરના પત્રથી મળેલ સૂચના મુજબ, શ્રી આશાપર મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળી લી. રામપર, તા. અબડાસા (ફડચામાં)ની નોંધણી રદ કરતો વંચાણે (૧)માં દર્શાવેલ હુકમ આથી રદ કરવામાં આવે છે.

ભુજ-કચ્છ, ૨૫/૨૯ નવેમ્બર, સને ૨૦૦૫.

વંચાણે લીધા :

૧. નં. જિઉકે-ભુજ-ફડચ-નોંધણીરદ-૧૫૫-૦૫. તા. ૨૯-૧૦-૦૫.

૨. સંયુક્ત નિયામકશ્રી (વહીવટ) કુટીર અને ગ્રામોદ્યોગ ગાંધીનગરના પત્ર નઃ સહકાર-અધગ-૦૧/૪-૭૮૧-૦૫ તા. ૧૬-૧૧-૨૦૦૫.

હુકમ

નં. જિઉકે-ભુજ-ફડચ-નોંધણી રદ-૧૮૯-૧૩૮૬૧-૦૫.- ઉપરોક્ત વંચાણે (૧)માં દર્શાવેલ હુકમથી શ્રી ભારાપર જુથ ચર્મોદ્યોગ સહકારી મંડળી લી. ભારાપર, તા. માંડવી (ફડચામાં)ની નોંધણી રદ કરતો હુકમ કરવામાં આવેલ છે.

વંચાણે (૨)માં દર્શાવેલ સંયુક્ત નિયામકશ્રી (વહીવટ) કુટીર અને ગ્રામોદ્યોગ ગાંધીનગરના પત્રથી મળેલ સૂચના મુજબ, શ્રી ભારાપર જુથ ચર્મોદ્યોગ સહકારી મંડળી લી. ભારાપર, તા. માંડવી (ફડચામાં)ની નોંધણી રદ કરતો વંચાણે (૧)માં દર્શાવેલ હુકમ આથી રદ કરવામાં આવે છે.

ભુજ-કચ્છ, ૨૫/૨૯ નવેમ્બર, સને ૨૦૦૫.

એમ. બી. પાંડવ,
જનરલ મેનેજર,
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
ભુજ-કચ્છ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XLVI] THURSDAY, 29th DECEMBER, 2005/PAUSHA 8, 1927 [No. 52

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appoint-ments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appoint-ments etc.,	857-866	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	846-853
		PART - II	
		Miscellaneous Notices, Advertis-ments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	983-988
PART - I - A		**PART - III**	
Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	NIL	Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	NIL

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

NOTIFICATION

MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

BY THE PRINCIPAL DISTRICT JUDGE

NOTIFICATION

No. U.HC/54/B.8(2)/5123/of 2005.-It is hereby notification general information of all concerned that the Court of additional District Judge and Fast Track Courts at Gandhidham will function at the newly constructed Fast Track Court Complex, Sector D. C.-5, Opp. Reliance Petrol Pump, Adipur-Gahchidham Road, Gandhidham-Kachchh, w.e.f. 28/11/2005.

Bhuj, 28 November, 2005.

NOTIFICATION

No. U.HC/52/B.8(2)/5121/of 2005.-It is hereby notified for general information of all concerned that the Court of Principal Civil Judge & J.M.F.C. at Bhachau will function at the newly constructed Court Building, Near Bhuj-Bhachau Bypass Road, Bhachau-Kachchh, w.e.f. 24/11/2005.

Bhuj, 24 November, 2005.

NOTIFICATION

No. U.HC/53/B.8(2)/5122/of 2005.-It is hereby notified for general information of all concerned that the Court of Principal Civil Judge & J.M.F.C. at Mundra will function at the newly constructed Court Building, Near Mamlatdar Office, Near Khodiyar Temple, Mundra-Kachchh, w.e.f. 24/11/2005.

Bhuj, 24 November, 2005.

R. D. KOTHARI,
Principal District Judge,
Kachchh at Bhuj.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

સંદર્ભ :

(૧) આ કચેરીના આદેશ નં. મેજી/૪૨૬ તા. ૧૧-૧૨-૭૦.

(૨) આ કચેરીના આદેશ નં. મકજ/૪૨૫/એ તા. ૩૦-૧-૭૧.

(૩) આ કચેરીના આદેશ નં. મેજી/૪૫૬૬ તા. ૮-૧૨-૭૦.

(૪) આ કચેરીના આદેશ નં. મકજ/૭૩-૧ તા. ૨૮-૬-૭૩.

(૫) લાઉડ સ્પીકર વગાડવા અંગેના નિયમો-૧૯૬૦.

આદેશ

નં. ડીએમ/ચુ./મનપા/૨૯૧૧/૦૫.-આ કચેરીના સંદર્ભ ૧ અને ૨માં દર્શાવેલ હુકમથી સરઘસો કાઢવા અને સભાઓ યોજવા અંગે પરવાનગી આપવાના અધિકારો પોલીસ અધિક્ષકશ્રીને આપવામાં આવેલ છે. તથા સંદર્ભ-૩,૪,૫થી લાઉડ સ્પીકર વગાડવાના અધિકારો

INDEX

અત્રે તથા પોલીસ અધિક્ષકશ્રીને આપવામાં આવેલ છે. જામનગર મહાનગરપાલીકાની સામાન્ય ચૂંટણી-૨૦૦૫ તથા દ્વારકા નગરપાલિકા અને નવાગામ ઘેડ નગરપાલીકાની પેટા ચૂંટણી દરમ્યાન ઉમેદવારો તરફથી સભાઓ યોજવા અને સરઘસો કાઢવા તથા લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગીઓ ઉતાવળે માંગવામાં આવે તે સમયે પોલીસ અધિકારીઓ કોઈ ગુનાની તપાસમાં રોકાયેલા હોય, અગર કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરીમાં રોકાયેલ હોય તેવા સમયે ઉમેદવારોને પરવાનગી મેળવવામાં સુગમતા રહે તેમજ આચાર સંહિતાનું યોગ્ય રીતે પાલન થાય તે હેતુથી માત્ર ચૂંટણીના હેતુ માટે માંગવામાં આવતી પરવાનગીઓના સંદર્ભમાં સરઘસ કાઢવા, સભા ભરવા તથા લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી આપવાના અધિકારો ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી સભા સરઘસ નિયમોના નિયમ ૧ અને ૮ હેઠળ તથા લાઉડસ્પીકર વગાડવા અંગેના નિયમોના નિયમ-૧થી ૭ હેઠળ નીચેના અધિકારીશ્રીઓને આપવામાં આવે છે.

વિગત	વિસ્તાર	અધિકારો આપેલ અધિકારીનો હોદ્દો
સરઘસ કાઢવા તથા સભા ભરવા,	જામનગર મહાનગરપાલિકા વિસ્તાર	સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર
	દ્વારકા નગરપાલિકા વિસ્તાર	સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ખંભાલીયા
	નવાગામ ઘેડ નગરપાલિકા વિસ્તાર	સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર
ચુંટણી પ્રચારમાં ફરતા વાહનમાં તથા ચૂંટણી સભા સરઘસમાં લાઉડસ્પીકર વગાડવાની મંજુરી	જામનગર મહાનગરપાલિકા વિસ્તાર	સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર
	દ્વારકા નગરપાલિકા વિસ્તાર	સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ખંભાલીયા
	નવાગામ ઘેડ નગરપાલિકા વિસ્તાર	સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર.

સભા, સરઘસની પરવાનગી ચૂંટણીપંચની વખતો-વખતની સૂચના આદેશ અને નિયત થયેલ આચાર સંહિતા લક્ષમાં લઈ આપવાની રહેશે, અપાયેલ પરવાનગીની નકલ અત્રેના ચૂંટણી અધિકારીશ્રીને મોકલવાની રહેશે.

જામનગર, ૨૯ માહે નવેમ્બર, સને ૨૦૦૫.

ટી. નટરાજન
જિલ્લા મેજિસ્ટ્રેટ,
જામનગર.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકાર ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૨૨/૯/૨૦૦૦ ના જાહેરનામા ક્રમાંક : જી. જી./૧૧૫/ સીઆરસી/૩૨૯૯/૪૯૪૪/મ.

(૨) સચિવશ્રી, રાજ્ય ચૂંટણીપંચ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ચટણ/અચર/૩(૩)/કલમ/૧૪૪/૧૧૨૦૦૫-ક., તા. ૧૮-૧૧-૨૦૦૫.

હુકમ

નં. ડીએમ/વશી/૧૯૯૩/૨૦૦૫.-રાજ્યના ચૂંટણીપંચ દ્વારા ભાવનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૦૫નું મતદાન તા. ૧૧-૧૨-૦૫ ના રોજ યોજવાનું નિયત કરેલ છે. આ ચૂંટણીના અનુસંધાને રાજ્ય ચૂંટણીપંચ દ્વારા ચુંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ તેમજ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા ઝોનલ અધિકારીઓ, ખાસ ઝોનલ અધિકારીઓ અને રિઝર્વ ઝોનલ અધિકારીઓની નિમણુંક કરવામાં આવેલ છે. આ ચૂંટણીની કામગીરી મુક્ત અને ન્યાયી રીતે કરી શકાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં રાખી શકાય તે માટે આવી નિમણુંક પામેલ વર્ગ-૨ના ચુંટણી અધિકારીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ અને રિઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓને ફોજદારી કાર્યરિતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે નિમવા અને કલમ-૧૪૪ મુજબના અધિકારી આપવાનું જરૂરી બનેલ છે. આથી આમુખ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ તમામ ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ તથા રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓને આ હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય

ત્યાં સુધીના કલમ-૨૧ મુજબ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકે નિમવાના અને તેમના મતદાર મંડળમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતા કલમ-૧૪૪ મુજબના અધિકાર એનાયત કરવા હુકમ કરવામાં આવે છે.

ભાવનગર, ૫ માહે ડીસેમ્બર, ૨૦૦૫.

એ. બી. પંચાલ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભાવનગર જિલ્લો,
ભાવનગર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નાં. મેજી/જાહેરનામું/૩૭(૧)૧૨/૨૦૦૫, તા. ૦૫/૧૨/૦૫.- જિલ્લામાં તા. ૧૧-૧૨-૨૦૦૫ ગ્રામ પંચાયત ચૂંટણીઓ, ત્થા તા. ૧૧-૧૨-૦૫ના રોજ ગીતા જયંતી, તા. ૧૫-૧૨-૦૫ના ગુરૂદત્ત ભગવાનની જન્મજયંતી, તા. ૨૫-૧૨-૦૫ના નાતાલ પર્વ વિગેરે ધાર્મિક તહેવારો નજરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જોખમાય નહી તેમજ સુલેહશાંતિ જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું એચ. એસ. મહેતા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૧૦-૧૨-૨૦૦૫થી તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધી નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર બાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) અપમાન કરવાના કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં. તેવી ચેષ્ટા કરવી નહીં તથા તેવા ચિત્રો, પ્લેકાર્ડો, પત્રિકાઓ અથવા બીજાકોઈ પદાર્થ, વસ્તુ તૈયાર કરવી નહીં. અગર અપમાન કરવાના ઈરાધાથી કોઈ નનામી બાળવી નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલેકે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ

"સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર"

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની સજા થશે અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત મુંબઈ પોલીસ અધિનિયમ ૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોટાડીને કરવી.

આજ રોજ તા. ૫-૧૨-૨૦૦૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૫ માહે ડીસેમ્બર, સને ૨૦૦૫.

એચ. એસ. મહેતા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ના આંક-૨૨ની કલમ-૩૭ (૧) અન્વયે.

જાહેરનામું

નાં, એમ.એજી/સી/૩૭(૧)/૨૦૦૫ :- જિલ્લામાં જમીનની પેશકદમી દુર કરવાની કાર્યવાહી ચાલુ હોય. વેરાવળ પ્ર.પાટણ સંવેદનશીલ હોય તથા ગીરનાર પર્વત પર ગુરુ દતાત્રેયની જગ્યામાં તથા ગોરખ ટુંક ખાતે વિવાદ ચાલુ હોય, વીજ પુરવઠાની અનિયમિતતાને કારણે આંદોલનાત્મક કાર્યક્રમો થવાની સંભાવના હોય ઉના તથા બાંટવા નગરપાલીકા અને ગ્રામપંચાયતોની ચૂંટણી કરવાની હોય, દલીતો દવારા જમીનના પ્રશ્ને આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવી રહેલ હોય, કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતી જાળવવા સારુ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હથીયારબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ ના તા. ૩/૧૨/૨૦૦૫નાં પત્રથી અત્રે દરખાસ્ત રજું થઈ છે.

(૨) ઉક્ત દરખાસ્ત વ્યાજબી જણાતાં સુલેહશાંતિ જાળવવા સારુ અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાય રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહી તે માટે હું, એ. સી. રાઠોડ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જુનાગઢ જિલ્લો જુનાગઢ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની આંક-૨૨ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ સમગ્ર જુનાગઢ જિલ્લા વિસ્તારમાં તારીખ. ૮/૧૨/૨૦૦૫ થી ૫/૧/૨૦૦૬ બન્ને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું કે, કોઈ પણ વ્યક્તિ

(ક) શસ્ત્ર,દંડ,તલવાર,ભાલા,ચપ્પુ, લાકડી,અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

(ખ) કોઈ પણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવા નહી.

(ઘ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા અકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સુત્રો પોકારવા નહી અસ્લીલ ગીતો ગાવા નહી.

(છ) જેનાથી સુરૂચીનો અને શાંતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવુ નહી, તેવા હાવ ભાવ કરવા નહી તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.

(૩) આ હુકમ નીચેતી વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેનાં ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિકાર લઈ જવાની તેમની ફરજ હોય

૨. જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ જે તે શારિરીક અશકિતને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યક્તિ.

૩. ખેડુતો પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય, તે અને રોજીદા કે તે કરી શકે તે આશયથી ખેડુતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય.

આ જાહેરનામાના કોઈ ખંડના ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યક્તિને મુંબઈ પોલીસ, અધિનિયમ કલમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ એક વર્ષની મુદત સુધીમાં કેદની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય દંડસંહિતાની કલમ-૧૮૮ મુજબ તે વ્યક્તિનો ગુનો સાબીત થવાથી એક માસની સાદી કેદ અગર રૂા.૨૦૦/- નો દંડ અગર બન્ને શિક્ષા થઈ શકશે અને આ હુકમની અવગણા માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતીને નુકશાન કરે, ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાય તો તેવી વ્યક્તિને ૬ માસ સુધીની પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- નો દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખ : ૫ મી ડીસેમ્બર-૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૫ માહે ડિસેમ્બર, સને ૨૦૦૫.

INDEX

સને-૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમ આંક-૨૨ની કલમ-૩૭ (૩) અન્વયે

જાહેરનામું

નાં. એમ. એજી/સી/૩૭(૩)/૦૫ :- હાલમાં ચાલતા દબાણ હટાવ ઝુંબેશ. ગીરનાર પર્વત પર ગુરૂ દતાત્રેતની જગ્યા તથા ગોરખ ટુંક ખાતે હિન્દુ જૈન ધર્મનાં લોકો વચ્ચે વિવાદ ચાલુ હોય, વીજ પુરવઠાની અનિયમિતતાને કારણે આંદોલનાત્મક કાર્યક્રમો થતા હોય વેરાવળ પ્રભાસ પાટણ ખાતે કોમી તનાવનાં બનતા બનાવો, દલિતો દવારા જમીનનાં પ્રશ્ને વિવિધ આંદોલનાત્મક કાર્યક્રમો થતા હોય તથા ઉના અને બાંટવા નગરપાલીકા તથા ગ્રામપંચાયતોની ચૂંટણી યોજાનાર હોય વિ. કારણે રાજકીય બીન રાજકીય પક્ષો દવારા સભાઓ, સરઘસો વિગેરે જુદા જુદા કાર્યક્રમો થવા સંભાવના હોય જુનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહશાંતિ જાળવવા સારૂ સભા સરઘસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાં તારીખ. ૩/૧૨/૨૦૦૫નાં પત્રથી અત્રે દરખાસ્ત રજુ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી જુનાગઢ તરફથી રજુ થયેલ ઉકત દરખાસ્ત વ્યાજબી જણાતા મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧નાં આંક-૨૨ની કલમ-૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ અધિકારની રૂઈએ હું એ. સી. રાઠોડ અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ જુનાગઢ જીલ્લો, જુનાગઢ આથી જુનાગઢ જીલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૯-૧૨-૨૦૦૫નાં રોજથી તા. ૨૨-૧૨-૨૦૦૫ (બંન્ને દિવસો સહીત) સુધીની મુદત માટે કોઈ પણ સભા કે સરઘસ માટે મનાઈ હુકમ ફરમાવુ છું. આદેશ કરૂ છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી,

૧. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીએ.

૨. સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યક્તિને.

૩. કોઈ લગ્નના વરઘોડાને

૪. સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યક્તિઓને

૫. સક્ષમ અધિકારીશ્રીઓની કાયદેસર પરવાનગી લઈને.

આ હુકમનુ પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવાઆં કોઈને મદદ કરનાર ને ગુનો સાબીત થયેથી, દંડની શિક્ષાને પાત્ર ઠરશે તથા ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ મુજબનો ગુનો સાબીત થયેથી જે તે વ્યકિતને એક માસની સાદી કેદ અથવા રૂા. ૨૦૦/- સુધીનો દંડ અગર બંન્ને શિક્ષા થઈ શકે અને આ હુકમની અવગણના માનવજીવનને કોઈ નુકશાન અથવા સ્વાસ્થયને અથવા સલામતીને કોઈ ભય ઉત્પન્ન થાય અથવા કોઈ હુલ્લડ બખેડો થાયતો તેવી વ્યક્તિને-૬-(છ) માસ પરિશ્રમ અથવા સાદી કેદ અથવા રૂા. ૧૦૦૦/- સુધીનો દંડ સહીત બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તારીખઃ ૫ મી ડીસેમ્બર સને-૨૦૦૫નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

જુનાગઢ, ૫ માહે ડીસેમ્બર, સને ૨૦૦૫.

એ. સી. રાઠોડ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જીલ્લો,
જુનાગઢ.

મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(એસ) નીચે

જાહેરનામું

નં. ડીએમ/૧/ફા. ૪૩૫૬/૨૦૦૫.-ભાવનગર જિલ્લાના શિહોર ગામની બાજુમાં આવેલ ટાણા રોડની દક્ષિણ દિશાએ સર્વે નં ૨૮૨ની જમીન જે પોલીસ ખાતાએ ફાયરીંગ બટ માટે પસંદ કરેલ છે. જેનો ઉપયોગ પોલીસ તંત્ર ફાયરીંગ બટ માટે કરે છે. આ ફાયરીંગ બટમાં આર.પી.એફ, ભાવનગર પરા, ભાવનગર વિભાગ દ્વારા વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ તા. ૧૭-૧૨-૨૦૦૫થી તા. ૨૪-૧૨-૨૦૦૫ સુધી દિન-૮(આઠ) માટે રાખેલ છે.

સબબ જાનમાલની સલામતી ખાતર મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(એસ)થી મળેલ અધિકારની રૂઈએ હું ડી. બી. વોરા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર આથી ફરમાવું છું કે શિહોર ગામના સર્વે નં. ૨૮૨ શિહોર-ટાણા રોડની દક્ષિણ દિશાએ અડધો માઈલના વિસ્તારમાં તા. ૧૭-૧૨-૨૦૦૫ થી તા. ૨૪-૧૨-૨૦૦૫ના રોજ કોઈપણ શખ્સે જવું નહી તેમજ ઢોરોને સદરહું વિસ્તારમાં ચરાવવા નહી. જાહેરનામાનો ભંગ બદલના પગલા લેવા કોઈપણ હેડ કોન્સ્ટેબલને તથા તેનેથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ જાહેરનામાનો ભંગ કર્યેથી આ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ સજા થશે.

મેં આજ તારીખ ૬-૧૨-૨૦૦૫ના રોજ મારી સહી તથા કચેરીનો સીકકો કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવ્યો.

ભાવનગર, ૬ માહે ડિસેમ્બર, સને ૨૦૦૫

ડી. બી. વોરા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ભાવનગર.

પોલીસ કમિશ્નર દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./મત ગણતરી/જાહેરનામું/૩૫૭૪/૨૦૦૫.- રાજકોટ મ્યુ. કોર્પો. ની સામાન્ય ચૂંટણીની મતગણતરી તા. ૧૩-૧૨-૦૫ના રોજ પી. ડી. માલવીયા કોમર્સ કોલેજ ગોંડલ રોડ તથા સેન્ટ મેરી સ્કુલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે થનાર છે.

આ મતગણતરી દરમ્યાન ઉમેદવારોના ટેકેદારો મોટી સંખ્યામાં ઉપરોકત સ્થળે એકત્ર થવા સંભવ છે.જેથી મતગણતરીની કામગીરીમાં અડચણ રૂપ બને નહી અને મતગણતરીની કામગીરી સરળતાથી અને શાંતિ પુર્વક થાય તે માટે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે મુજબનો મનાઈ હુકમ બહાર પાડવાનું મને ઈષ્ટ જણાય છે.

વાસ્તે હું કે. નિત્યાનંદમ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ:(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ અને સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેર ના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ) ને એકઝી. મેજિ. તરીકે જાહેર કરવામાં આવેલ તેમજ તેઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારના ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧૩-૧૨-૦૫ કલાક ૦૭-૦૦ વાગ્યાથી મતગણતરીની કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) રાજકોટ શહેર, પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ પી. ડી. માલવીયા કોમર્સ કોલેજ, ગોંડલ રોડ, તથા સેન્ટ મેરી સ્કુલ કાલાવાડ રોડના મતગણતરી મથકની ચારેય બાજુની ત્રિજ્યામાં ૨૦૦ મીટરના વિસ્તારમાં તા. ૧૩-૧૨-૦૫ ના કલાક ૭-૦૦ વાગ્યાથી મતગણતરીની કામગીરી પુરી થાય ત્યાં સુધી અનઅધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહી કે મતગણતરી મથકમાં પ્રવેશી શકશે નહી કે વાહનો લઈ જઈ શકશે નહી કે લાવશે નહી.

વિસ્તાર

(૨) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ પી. ડી. માલવીયા કોમર્સ કોલેજ, ગોંડલ રોડ તથા સેન્ટ મેરી સ્કુલ, કાલાવાડ રોડ, રાજકોટમાં થનાર મત ગણતરી મથકની ચારેય બાજુની ત્રિજ્યાનો ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

(૩) આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં હોય તેમજ પોલીસ કમિશ્નરશ્રી કે ચુંટણી અધિકારીશ્રીએ જેમને અધિકૃત કરેલા હોય તેઓને તથા ફરજ ઉપરના પોલીસ, એસ.આર.પી., હોમગાર્ડના અધિકારીઓ તથા જવાનો તથા મત ગણતરી મથક સ્થળની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં રહેતા પ્રજાજનો તથા ધાર્મિક અગર મરણોતર અથવા લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન ઉપરથી કરાવવી.

આજ તારીખ ૬ માહે ડીસેમ્બર, સને ૨૦૦૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૬ માહે ડિસેમ્બર, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે

જાહેરનામું

ક્રમાંક એસ.બી./ચુંટણી/જાહેરનામું/૩૫૭૨/૨૦૦૫.- રાજકોટ મ્યુ. કોર્પો. ની સામાન્ય ચુંટણી આગામી તા. ૧૧-૧૨-૦૫ના રોજ કલાક ૮-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે. તદ્અનુસાર ચુંટણી પ્રચાર અભ્યાનરૂપે રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારો તરફથી ચુંટણી પ્રચાર શરૂ કરવામાં આવશે. રાજકોટ શહેરમાં આ પ્રચાર અનુસંધાને ઉમેદવારો તેમજ તેમના કાર્યકરો દ્વારા મતદાનના દિવસે વાહનોના ઉપયોગ ઉપર દેખરેખ રાખવા મતદારો માટે વાહનોનો દુરૂપયોગ કરી મતદારોને અયોગ્ય રસ્તે રીઝવી ન શકાય તે હેતુથી અને જો આમ કરવામાં ન આવે તો આગામી ચુંટણીઓ કેટલી ન્યાયી, નીષ્પક્ષ રીતે યોજાય તેનું અનુમાન ન થાય તેની અસર સામાન્ય જનમાનસ ઉપર તેમજ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ઉપર પણ થાય જેના કારણે ઉમેદવારોના એકબીજા જુથો વચ્ચે મનદુઃખ થાય અને ઘર્ષણ ઉભું થવાની પુરી સંભવના રહે અને તે રીતે સુલેહશાંતિ ભંગ થવા સંભવઃ હોય તે અટકાવવા તેમજ ઉપરોકત ચુંટણીઓ દરમ્યાન વપરાતા વાહનોના દુરઉપયોગ પર નિયંત્રણ કરવાના હેતુ માટે સાવચેતીના પગલા લેવા જરૂરત જણાય છે.

વાસ્તે, હું કે. નિત્યાનંદમ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી. આર. સી./૧૦૮૨/૧૦૮૦/એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવે છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૭-૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમા રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ. પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એકઝી. મેજિ. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારના ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧૧-૧૨-૦૫ કલાક ૦૭-૦૦ થી કલાક ૧૮-૦૦ સુધી નિચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

કોઈપણ રાજયકીય પક્ષો કે બીન રાજકીય પક્ષો તેના ઉમેદવારો કે તેઓના ચુંટણી એજન્ટ દ્વારા અથવા તેઓની સહમતીથી બીજી કોઇ વ્યક્તિ દ્વારા મતદાનના દિવસે મતદારોને મતદાન મથક સુધી લાવવા અને મતદાન મથક ખાતેથી લઈ જવાની મફત સગવડ માટે વાહનો ભાડે રાકવા કે મેળવવા અથવા એ રીતે વાહનોનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહી.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

ચુંટણી લડતા દરેક ઉમેદવાર મતદાનના દિવસે પોતાના ઉપયોગ માટે સંબંધિત મતદાન વિભાગ પુરતુ એક વાહન ઉપરાંત તેમના ચુંટણી એજન્ટ અથવા કાર્યકરો અથવા તેના પક્ષના કાર્યકરોના ઉપયોગ માટે તે સબંધિત મતદાન વિભાગ દીઠ એક વાહન વાપરવા અને તે વાહન ચુંટણી અધિકારીશ્રી પાસે રજિસ્ટર કરાવેલ હોવા જોઈએ. તે વાહનની વિન્ડ સ્કીન પર પરમીટ ચોંટાડ્યા સિવાય તેનો ઉપયોગ કરી શકશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સિક્ષાને પાત્ર થશે.

હું, આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ ૬ માહે ડિસેમ્બર, સને ૨૦૦૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૬ માહે ડિસેમ્બર, સને ૨૦૦૫.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે

જાહેરનામું

ક્રમાંકઃ એસ.બી./ચુંટણી/જાહેરનામું/૩૫૭૩/૨૦૦૫.- રાજકોટ મ્યુ. કોર્પો.ની સામાન્ય ચુંટણી આગામી તા. ૧૧-૧૨-૦૫ના રોજ કલાક ૮-૦૦ થી ૧૭-૦૦ વાગ્યા સુધી યોજાનાર છે.

આ મતદાનની પ્રક્રિયા કોઈપણ જાતના ખલેલ વિના શાંત વાતાવરણમાં યોજાય તેમજ બહારના તોફાની તત્વો આ મતદાનની કાર્યવાહી દરમ્યાન મતદારોને ખલેલ પહોંચાડે નહી તથા અન્ય ગેરકાયદેસરની પ્રવૃત્તિ મતદાન દરમ્યાન આચરે નહી તે માટે નીચે મુજબનો મનાય હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ મતદાન મથકોમાં તા. ૧૧-૧૨-૦૫ના રોજ યોજનાર રાજકોટ મ્યુ. કોર્પો.ની ચુંટણી અન્વયે મતદાન મથકોની ચારેબાજુની ત્રિજ્યામાં ૨૦૦ મીટરના વિસ્તારમાં તા. ૧૧-૧૨-૦૫ના કલાક ૭-૦૦ થી ૧૮-૦૦ સુધી કોઈ અનઅધિકૃત વ્યક્તિઓને એકત્ર થવા પર કે મતદાન મથક બિલ્ડીંગમાં કે તેના કંપાઉન્ડમાં બીન અધિકૃત વ્યક્તિના પ્રવેશ કરવા પર કે વાહનો લઈ જવા-લાવવા પર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, કે. નિત્યાનંદમ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૮-૧૧-૮૨ના નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/ એમ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે. અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૭-૦૧-૧૯૮૯થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબર જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અને સુપ્રિ. ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ)ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ના અધિકારના ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧૧-૧૨-૦૫ કલાક ૦૭-૦૦ થી કલાક ૧૮-૦૦ સુધી નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો

(૧) રાજકોટ શહેર, પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ મતદાન મથકો કે તેની ચારે બાજુની ત્રિજીયાના ૨૦૦ મીટરના વિસ્તારમાં કોઈપણ અનઅધિકૃત વ્યક્તિઓ એકત્રિત થશે નહી કે મતદાન મથકમાં પ્રવેશી શકશે નહી કે વાહનો લઈ જઈ શકશે નહી કે લાવશે નહી.

વિસ્તાર

(૨) રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ મતદાન મથકોની ચારેય બાજુની ત્રિજીયાના ૨૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

અપવાદ

(૩) આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં હોય તેમજ પોલીસ કમિશ્નરશ્રી કે ચુંટણી અધિકારીશ્રીએ જેમને અધિકૃત કરેલા હોય તેઓને તથા ફરજ ઉપરના પોલીસ, એસ.આર.પી. હોમગાર્ડના અધિકારીઓ તથા જવાનો તથા મતદાન મથક સ્થળની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં રહેતા પ્રજાજનો તથા ધાર્મિક અગર મરણોત્તર અથવા લગ્ન અંગેના સરઘસ કે મતદાન કરવા આવનાર મતદારો, ચુંટણીમાં ઉભેલ ઉમેદવાર, ચુંટણીમાં ઉભેલ ઉમેદવારના એજન્ટોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું, આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખઃ ૬ માહે ડિસેમ્બર-૨૦૦૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૬ માહે ડિસેમ્બર, સને ૨૦૦૫.

જાહેરનામું

ક્રમાંક : રાજ/સીપી/એલબી-૨/ટ્રાફિક/જાના/૩૧૯૧/ ૨૦૦૫.-રાજકોટ શહેરમાં આવેલ રેસકોર્ષ ફરતેનો રીંગરોડએ શહેરની વચ્ચોવચ્ચ મધ્યભાગે આવેલ ફોરટ્રેક રોડ છે. આ રોડ વહેલી સવારના હજારોની સંખ્યામાં રાજકોટ શહેરના તમામ વર્ગના નાગરીકો ચાલવા (મોર્નીંગ વોક) માટે સવારના લગભગ કલાક ૫-૩૦ થી ૭-૩૦ વાગ્યાના સમયે નીકળે છે. સામાન્ય રીતે જોવામાં આવે તો આવી રીતે સવારના મોર્નીંગ વોક માટે

ચાલનારાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. જે સંજોગે આ પ્રકારે પગે ચાલનાર નાગરીકો સાથે વાહન ચાલકો દ્વારા અકસ્માત થવાની પુરેપુરી શક્યતાઓ રહેલી છે. વધુમાં જે નાગરીકો સવારના મોર્નીંગ વોક માટે નીકળે છે. તે વર્ગ શારિરીક કસરત અને માનસીક શાંતિ મેળવવા માટે સવારના ભાગે ચાલવા નીકળતા હોય છે જે સંજોગોમાં તે જ રોડ પર વાહન વ્યવહાર ટ્રાફિક ચાલુ હોય તો સ્વાભાવિક રીતે તેઓ નિશ્ચિતપણે સલામત રીતે ચાલી શકતા નથી. તેમજ આ રીંગ રોડ ઉપર વાહનોના ધુમાડા દ્વારા ફેલાતાં પ્રદુષણનો ભોગ બનતા હોય છે જેના કારણે આ નાગરીકો તરફથી આ બાબતે અકસ્માતની સંભાવનાઓ ઘટે તેમજ પ્રદુષણમાં પણ ઘટાડો થાય તે માટે યોગ્ય પગલા ભરવા અવાર-નવાર રજુઆત કરવામાં આવે છે.

૨/- રાજકોટ શહેરમાં રેસકોર્ષ ફરતે સવારના ભાગે પગે ચાલી મોર્નીંગ વોક માટે નીકળતા નાગરીકો સલામતિ અનુભવે અને પ્રદુષણનો ભોગ ન બને તે માટે રેસકોર્ષ ફરતેનો રીંગરોડ તમામ પ્રકારના વાહનો માટે એક માર્ગીય (વન-વે) જાહેર કરવાની આવશ્યકતા જણાય છે.

૩/- આથી હું, કે. નિત્યાનંદમ્, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) બી અને સી થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ રસ્તાઓને તેમાં જણાવેલ વિગતે તમામ પ્રકારના વાહનો માટે તા. ૧૧-૧૨-૦૫ થી તા. ૧૦-૧-૦૬ સુધી પ્રાયોગીક ધોરણે એક માર્ગીય (વન-વે) કરવા હુકમ કરૂ છું. આ હુકમ સવારના કલાક ૦૫-૩૦ થી કલાક ૦૭-૧૫ સુધી તમામ પ્રકારના વાહનો માટે લાગુ પડશે.

રેસકોર્ષ રીંગ રોડ :

રેસકોર્ષ રીંગરોડને એક માર્ગીય (વન-વે) કરવામાં આવે છે. જે મુજબ રેસકોર્ષ રીંગ રોડરોડનો ફક્ત બહારના ભાગે આવેલ રોડ એક તરફી "ક્લોક વાઈઝ" જાહેર કરવામાં આવે છે. એટલે કે જિલ્લા પંચાયત ચોકથી એ.જી.ઓફીસ, કીસાનપરા સર્કલ, મેયરશ્રીનો બંગલો, બીગબાઈટ આઈસ્ક્રિમ, જુની એન.સી.સી. ઓફીસ, પોલીસ હેડ ક્વાર્ટર સર્કલ, બહુમાળી ભવન, ગેલક્સી સિનેમાથી પોલીસ કમિશ્નર કચેરી થઈ જિલ્લા પંચાયત ચોકમાં થઈ તે રીતે તમામ પ્રકારના વાહનો માટે એક તરફી રસ્તો ચાલુ રહેશે.

આ ફોરટ્રેક રીંગરોડનો અંદરનો જે રસ્તો છે તે રોડ ઉપર સવારના કલાક ૦૫-૩૦થી કલાક ૦૭-૧૫ વાગ્યા સુધી તમામ પ્રકારના વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ રહે છે અને ફક્ત પગે ચાલી મોર્નીંગ વોક કરવા માટે નીકળેલ નાગરીકો માટે જ આ રસ્તો ચાલુ રહેશે.

૪/- અત્રેના જાહેરનામા ક્રમાંકઃ રાજ/સીપી/એલબી-૨/ટ્રાફીક/જાના/૨૭૪૪/૨૦૦૫ તા. ૧૧-૧૧-૦૫ અન્વયે એક માસ માટે પ્રાયોગિક ધોરણે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે અન્વયે જાહેરનામાને રાજકોટ શહેરના નાગરીકો તરફથી સારો પ્રતિસાદ મળેલ હોય જેથી તે જાહેરનામું વધુ લંબાવવાની જરૂરીયાત જણાતા પ્રાયોગિક ધોરણે એક માસ માટે વધુ લંબાવેલ છે.

૫/- આ જાહેરનામું ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રીગેડનાં વાહનોને આકસ્મિક સંજોગોમાં લાગુ પડશે નહી.

૬/- આ હુકમના ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમો-૧૯૫૧ની કલમ-૧૩૧ અને આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ પગલા લેવામાં આવશે.

આજરોજના તારીખ ૦૮-૧૨-૨૦૦૫ના રોજ મારી સહી સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કે. નિત્યાનંદમ,
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર,
રાજકોટ.

જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્ર. નધણ/ખ-૩/૧૧૭૨/૧૨૬૦૮/ઉ-૧૨૮૭૩/૦૫..- આથી જાહેર કરે છે કે શ્રી ઉના તા. ફળ અને શાકભાજી ઉ. સ. મં. લી., મર્યાદિત સ્થળ ઉના, તાલુકો ઉના, જિલ્લો જુનાગઢ. સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૬ માહે ડિસેમ્બર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્ર. નધણ/ખ-૩/૧૧૬૯/૧૨૬૦૭/ગ્રા. ભં.-૪૫૭૮/૦૫.- આથી જાહેર કરે છે કે શ્રી જય મોમાઈ ગ્રાહક સહકારી ભંડાર લી., મર્યાદિત સ્થળ કેશોદ, તાલુકો કેશોદ, જિલ્લો જુનાગઢ. સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૬ માહે ડિસેમ્બર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્ર. નધણ/ખ-૩/૧૧૭૫/૧૨૬૩૩/ઝ-૧૨૮૭૪/૦૫-નં. આથી જાહેર કરે છે કે શ્રી સંકલ્પ બાંધકામ મજુર સ. મં. લી., મર્યાદિત સ્થળ વેરાવળ, તાલુકો વેરાવળ, જિલ્લો જુનાગઢ. સને-

૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

જુનાગઢ, ૮ માહે ડિસેમ્બર, સને ૨૦૦૫.

વિ. એમ. મહેતા,
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જુનાગઢ.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તા. ૩૦-૩-૯૧નાં જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ-૨૪-૯૧-ડીડીસી-૧૧૬૮-૫૨૦૪-જે.

(૨) આ કચેરીનાં ફડચાના વચગાળાના આદેશ ક્રમાંક : ફડચ-ક-૪.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ક-૪/૧૬૬૦૦/૨૦૬૯/૭૯/૦૫.-આથી હું, એસ. એન. જોષી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર અમોને મળેલ અધિકારની રૂએ શ્રી કેતન એપાર્ટમેન્ટ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., મુ. જામનગર, તા. જિ. જામનગર જે નોંધણી નંબર ૨૩૭૮ તારીખ : ૯-૧૨-૧૯૭૫ થી નોંધાયેલ છે, ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ની કલમ-૧૦૭ની પેટા કલમ-૧ (અ) ક (૨) [illegible] તથા પેટા કલમ-૩ અન્વયે ફડામાં લઈ જતાં વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂં છું.

સદરહું અધિનિયમની કલમ-૧૦૮ (૧) અન્વયે મંડળીના ફડચા અધિકારી તરીકે શ્રી સહકારી અધિકારી ફ-૨, કચેરીમાં, ની નિમણુંક છે. તે ફડચાની કાર્યવાહી નિયત સમયમર્યાદામાં એટલે કે ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૯ માહે ડીસેમ્બર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

નાં. નધણ/ક-૩/૯૩૬-૪૧/૦૫.-જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ જામનગર આથી જાહેર કરે છે કે શ્રી શક્તિ મહિલા ગ્રાહક સહકારી ભંડાર લી., સ્થળ : ઓખા, તાલુકો : ઓખામંડળ, જિલ્લો : જામનગર. સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે. જેના નોંધણી નં. ભ-૫૩૧૦ છે.

જામનગર, ૭ માહે ડીસેમ્બર, સને ૨૦૦૫.

એસ. એન. જોષી,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના ખેતી સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચ/કેએચ/૧૬/૨૦૦૩/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/સી.એચ. તા. ૧૭-૪-૨૦૦૪.

(૨) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૧૦૦૧/૨૦૦૫. તા. ૨૧-૧૦-૨૦૦૫.

અંતિમ આદેશ

જા. નં. ફડચ/ગ-૨/૧૦૮૫/૧૧૬૧૨/૨૦૦૫.-શ્રી કિશાન સહકારી કોટન જીનીંગ એન્ડ પ્રેસીંગ સ. મં. લી., મુ. વડગામ, તા. દસાડા, જિલ્લો : સુરેન્દ્રનગર જે નોંધણી નંબર સે-૨૫૧૦૧ તા. ૨૭-૪-૧૯૯૫ ની સહકારી કાયદા હેઠળ નોંધણી હેઠળ નોંધાયેલી સહકારી સંસ્થા છે. જેને વંચાણે લીધા ક્રમાંક-૨ વાળા આદેશથી સહકારી કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ, અને તે આદેશ અન્વયે મંડળીએ કાંઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખથી માસ-૧માં યોગ્ય આધાર પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ. પરંતુ મંડળી તરફથી જણાવેલ સમય મર્યાદામાં કોઈ રજુઆત કરવામાં આવેલ ન હોય ઉપર્યુક્ત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭ (૩) અન્વયે કાયમી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૨૫/૨૮ માહે નવેમ્બર, સને ૨૦૦૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ક-૩/૧૭૪૦/૧૧૯૩૨/૦૫.-જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ સુરેન્દ્રનગર આથી જાહેર કરે છે કે શ્રી હળવદ તાલુકાના સહકારી મંડળીઓના કાર્મચારીની ક્રેડીટ કો. ઓપ. સો. લી., મુ. હળવદ, તા. હળવદ, જિ. સુરેન્દ્રનગરને સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે. જેનો નોંધણી નં. સે. ૭૯૨૧ તારીખ : ૯-૧૧-૨૦૦૫ છે.

સુરેન્દ્રનગર, ૯ માહે ડીસેમ્બર, સને ૨૦૦૫.

એ. કે. ભટ્ટ,
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
સુરેન્દ્રનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.